કેશવકૃતિ

અથવા

અનુભવનો ઉદ્ગાર.

રચનાર

કેશવલાલ હરિરામ ભટ્ટ

'આર્યધર્મ પ્રકાશ' ના માજી તંત્રી.

પ્રસિદ્ધ કર્તા.

વૈદ્ય ભગવાનલાલ ત્રિભુવન ભટ્ટ.

:o:

સંવત ૧૯૭૨.

આવૃત્તિ ચોથી

Printed and Published by Bhagvanlal Tribhuvan
at Subodhini Printing Press, 305 Bazar Gate,
Fort, Bombay.

काफी.

અમે તો આજ તમારા, બે દિનના મેમાન;
સફલ કરો આ સહજ સમાગમ, સુખનું એજ નિદાન: અમે૦
આવ્યા જેમ જશું તે રીતે, સર્વે એમ સમાન;
પાછા કોઇ દિને નહિ મળીએ, ક્યાં કરશો સન્માન ? અમે૦
સાચવજો સંબંધ પરસ્પર, પ્રેમેં રાખી ધ્યાન;
સંપી સદ્‌ગુણ લેજો દેજો, દૂર કરી અભિમાન: અમે૦
લેશ નથી અમને અંતરમાં માન અને અપમાન;
હોય કશી કડવાશ અમારી, તો પ્રિય કરજો પાન: અમે૦
કેશવ હરિએ કરૂણા કીધી, ન ભમો ભુલી ભાન;
તત્વ તાન રહે છે તેને થાય ન જરીએ જાન: અમે૦

અર્પણપત્રિકા.

નેકનામદાર સદાકૃપાળુ મહારાજાધિરાજ ભાવસિંહજી
બહાદુર, મહારાજાસાહેબ—ભાવનગર.

જે હૃદયની ઉદાર વત્સલતાનો હું હમેશાંને માટે ઋણી છું, જે ભકિતમાન હૃદયની આશિષને લીધે મને મારા જીવનમાં સુખ અને સંતોષનાં બીજો દેખાયાં છે, જે હૃદયની મનુષ્ય તરફની અમીદ્રષ્ટિમાં મીઠી શિક્ષાનો વાસ હતો. અને જેનું જીવન મારે માટે તો આદર્શરૂપ હતું, એવા હૃદયનું હૃદય-તેનું ભકિતમય સંગીત, તેનું અનુભવગાન-તેના અંશનો આલેખ, જે હાલ તેના સ્મરણને માટે અવશેષ છે. તેની પ્રસિધ્ધિ હું મારા કરતાં બીજા કોઇ યોગ્ય મનુષ્યના હાથથી થાય એ ઉચિત સમજુ છું. મને સહુજ ઇચ્છા થાય છે કે તેનો સ્વીકાર આપના સંગિતપ્રિય આત્માને પ્રિય હોય, અને તેથીજ તે ભકિતમય સંગિત તે અનુભવગાનના અંશનો આલેખ આપના હાથમાં મૂકી-યોગ્ય વસ્તુનો યોગ્ય સ્થાને વિન્યાસ કરી હું મારા કર્તવ્યની પૂર્તિ કરતાં સંતોષ પામું છું

લિ હું છું, આપનો
સદાનો આભારી આજ્ઞાંકિત,
પ્રભાશંકર દલપતરામ.

कर्त्तानुं जीवनचरित्र.

(श्रद्धांजलि.)

સંધ્યાકાળે મૃદુ નજરથી વિશ્વને જોતું જોતું,
ચાલ્યું જાયે દિનકરતણું બિમ્બ ક્ષિતિજમાંથી;
ચાલ્યું જાવું ! જગપતિતણી એવી ઇચ્છા હશે હા !
ઝાંખું તોએ જગત સઘળું શોક ધારી બને કાં ? ૧
સુખે દુઃખે ધિરજ ધરીને એક રૂપે રહેવું,
ને અન્તે તો સુખ દુઃખ કશી વસ્તુઓ છેજ નહિ, એ
બહુ વેળાએ મૃદુ નજરમાં બોધ રેલી રહેતો,
તે સૌ ભૂલી દિનપતિ જતાં વિશ્વ ઝાંખું બને કાં ? ૨
ભાસે જે આ જગત નજરે ઉગવું અસ્ત થાવું,
તે તો મિથ્યા દિનપતિ જુએ એક રૂપે રહેતાં;
કો વેળાએ ધુળ ધુમસ કે વાદળાંથી છવાયો,
ઝાંખો ભાસે મનુજ નજરે નેત્રનો દોષ એતો. ૩
હા, હા, તોએ પણ દૂર જતાં નેત્રને દોરનાર,
પેલું મીઠું મૃદુ નજરનું દિવ્ય સદ્બોધ તેજ;
ઝાંખું થાએ જગત્ સઉ આ શોક છાયા છવાયે;
જોતું સૌ એ મૃદુ નજરથી ભાનુનું બિમ્બ જાએ. ૪
જાયે અન્તે જગપતિ તણી એવી ઇચ્છા ગણીને,
જો ! જો ! તેનાં મૃદુલ કિરણો અભ્રમાં કંઇક થંભે;
થંભેછે આ કિરણ રવિનાં બોધ દેવા મનુને,
નિત્યે આજ્ઞા જગપતિ તણી લક્ષ્યમાં રાખવી એ. ૫
સુખે દુઃખે ધિરજ ધરીને એક રૂપે રહેવું,
ને અંતે તો સુખ દુઃખ કશી વસ્તુઓ છેજ નહિ એ

કહેતું કાંઇ મૃદુ નજરથી મૃદુ આશ્વાસ દેતું,
અન્તે આજ્ઞા પ્રભુની ગણીને ભાનુનું બિમ્બ ચાલ્યું. ૬
જો, જો, તેના ઉદધિ ઉછળી પાદ ધોવા મથેછે,
પુષ્પો વેરી તરુવર જતા ભાનુને આ વધાવે;
અર્પેછે આ મુનિવર સ્તવી અર્ધ્યની અંજલિ તો
હુંએ અર્પું મુજ હૃદયની પ્રેમ-શ્રદ્ધાંજલિઓ. ૭

* ઉપોદ્‌ઘાત.

કાળની અનંતતા તરફ મનુષ્ય જ્યારે દૃષ્ટિ ફેંકેછે, ત્યારે તેને પોતાનું જીવન અલ્પ અને ક્ષણિક જણાયછે. ઘણા લાંબા ફેરફારોથી બદલાતો જમાનો પળે પળે બદલાતો તેની નજરે પડેછે. મનુષ્ય જીવન અલબત આ પ્રમાણે એક પળનો ચમકારો માત્ર છે; પરંતુ તેટલા સમયમાં પણ સત્ય સમજાય તો તેનો ઉપયોગ જેવો તેવો નથી. સત્યની જીજ્ઞાસા ધરાવનારને આ એક પળ પણ યુગ જેવી છે; અને બેદરકાર અંધતમ મનુષ્યોને માટે તો અનંત યુગ પણ ખુટી પડે એમ છે. બેશક સત્યની જીજ્ઞાસા દુર્લભ છે અને એટલા માટેજ શ્રેષ્ઠ છે. સત્યજ્ઞાન અને તદનુસાર વર્તનપરથીજ મનુષ્ય જીવનની સફળતાનું માન થાયછે. આવા એક સફળ પવિત્ર જીવનનો આલેખ અમે કંઇક ખેદ અને સંતોષની સાથે અમારા સુજ્ઞ વાચકોની સમક્ષ મુકીએ છીએ. સત્પુરુષના જીવનમાંથી જે જોવાનું અને લેવાનું છે તે સઘળું જોઇ લેવાનો અમને અવકાશ મળ્યો તેથી આ આલેખ એ જીવનને અનુરૂપ થશે કે કેમ એ અમને શંકા રહે છે; તોપણ અમે જે થોડું પણ જોઇ શકયા છીએ, તે અમારા સુજ્ઞ વાચકની સમીપ આ આલેખના રૂપમાં મૂકતાં અમને કંઇક સંતોષ થાયછે.

* આ ટુંકા જીવનના આરંભે ટુંકો પણ ઉપોદ્‌ઘાત આપવાની અમને સહજ ઇચ્છા થાયછે. આશા છે કે સુજ્ઞ વાચક તેને અનુચિત નહિ ધારે.

જીવનચરિત્ર.

પોરબંદરમાં * પ્રશ્નોરાનાગરજ્ઞાતિના વ્યાસ જગજીવનને † જીવનરામ અને પુરૂષોત્તમ નામે બે પુત્ર હતા. પુરૂષોત્તમ વ્યાસને એક પુત્ર તથા એક પુત્રી થયાં. પુત્રનું નામ આદિત્યરામ અને પુત્રીનું નામ ઝવેર હતું. ઝવેરનું લગ્ન મોરબીમાં ભટ્ટ હરિરામ ઉર્ફે છોટાભટની સાથે થયું હતું; અને તેમને પેટે કેશવલાલભાઇનો જન્મ થયો. કેશવલાલભાઇની બાલ્યાવસ્થા બહુધા રમતમાં ગયેલી અને યજ્ઞોપવિત-સંસ્કાર સુધી કે ત્યાર પછી પણ એટલે કે, લગભગ અગીયાર વર્ષની વય સુધી તો તેમને બિલકુલ વાંચતાં કે લખતાં આવડતું ન હતું. મહોલ્લામાં કે ગામ બહાર પણ સમવયસ્ક બાળકોની સાથે તેઓ રમતમાં દાખલ થતા. પોતે દુઃખ સહન કરવા છતાં બીજાનું હૃદય લેશ પણ ન દુઃખવવું એવી એક હૃદયની શુધ્ધ સ્નેહની લાગણીથી તેઓ સર્વની સાથે વર્તતા; અને આથી રમતમાં જો કે તેઓ તેમની મૂળની થંડી પ્રકૃતિને લીધે આગળ પડી શકેલા નહિ, તોપણ તેમના હૃદયથી સર્વ પ્રત્યેની એક શ્રેષ્ટ સ્નેહની લાગણીને લીધે એકેએક બાળક તેમને ચાહતો હતો. કેમકે નિર્દોષ બાળક અંતઃકરણો શુદ્ધ સ્નેહની પરિક્ષા જલદી કરી શકે છે. જે રમતમાં કેશવલાલભાઇ હાજર ન હોય તેમાં તેઓ આનંદ જોઇ શકતા નહિં: અને તેથી કવચિત્ તેમની ઇચ્છા હોય કે ન હોય ત્યારે પણ આગ્રહથી તેઓ તેમને રમતમાં તેડી જતા અને પોતાને જોઇતો આનંદ મળે તેથી તે આનંદ જેની તરફથી મળે છે તેની તરફ માનની નજરથી જોતાં આ માનપૂર્વક મિત્રતાનો

---

* નાગરના ૭ વર્ગમાં પ્રશ્નોરા નાગરનું મંડળ બહુ ટુંકું છે; અને તેનો ઘણો ભાગ ગુજરાત અને ખરેખરી રીતે કહીએ તો કાઠિઆવાડ (સૌરાષ્ટ્ર) માં વસે છે. ઇંગ્રેજી રાજ્યના ઉદય પહેલાં આ જ્ઞાતિ ભરતખંડના કોઈ ઉત્તર ભાગમાંથી કાઠિઆવાડમાં આવી વસેલી જણાય છે. પ્રશ્નોરાનાગર મુખ્યત્વે સારા વિદ્વાન અને સુઘડ છે. અને બહુધા કથા તથા વેદોથી પોતાની ઉપજીવિકા ચલાવે છે.

‡ જીવનરામ વ્યાસને બે પુત્ર–એક બ્રહ્મનિષ્ટ પંડિતજી જયકૃષ્ણ તથા બીજા રા. વૈદ્યરાજ પ્રભુરામ તે બંને કુટુંબોનો નિવાસ હાલ કેટલાંક વરસ થયાં મુંબઇમાં છે. અને કેશવલાલભાઈની પાછલી બધી વચનો તેમની સાથેનો સંબંધ જે અમે અગાડી બતાવીશું, તે આ તેમના મોસાળના સબંધને લીધેજ થએલો.

સબંધ વય વધતાં ઓછો ન થતાં વધતો ગયો હતો; સન્મિત્રની મિત્રતાનું એજ લક્ષણ છે.

પણ જે ઉચ્ચ હૃદય આમ શાળા કે ગુરૂમુખની કેળવણીથી કેવળ દૂર રહે છે, તેને માટે પણ કેળવણીનાં સર્વ દ્વાર ઇશ્વરે બંધ કીધેલાં નથી. અક્ષરો ઓળખવા કે "મા બા છે" વગેરે વાંચતાં શીખવું એ કાંઇ કેળવણી નથી. બેશક ભાષાથી–પુસ્તકો વાંચવાથી–આપણને બીજાના વિચારોનો લાભ મળે છે, એટલુંજ નહિ પરંતુ બીજાના વિચારો જાણવાથી આપણા વિચારોના સત્યાષત્ય અંશનું પૃથક્કરણ યોગ્ય રીતે કરી શકીએ છીએ; તોપણ હૃદયનું સંવર્ધન ભાષાથી નહિ પણ વિચારથી થાય છે અને જે શબ્દોચ્ચાર કે વાકયાવલિથી કંઇ પણ વિચાર પ્રતીત થતો નથી, તે આ અર્થે કેવલ નિરૂપયોગી છે. જગત્કર્તાની વિચિત્ર સૃષ્ટિમાં બુદ્ધિમાન્ હૃદયને પળે પળે નવું નવું જોવાનું અને જાણવાનું મળી આવે છે; અને કેવલ હકિકતનું જ્ઞાન નહિ પણ આ સૃષ્ટિ રચનામાં મહાન્ સૃષ્ટિયંત્રને ચલાવનાર એક ગુપ્ત શકિત સ્રષ્ટા ઇશ્વરની છાપ જોઇ મનુષ્ય હૃદયમાં ધર્મની જીજ્ઞાસા પણ ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે કેશવલાલભાઇના જીવનમાં બનેલું છે એ પ્રથમ કહેવાની જરૂર છે. જ્યાં સુધી અંતઃકરણ બાળક હોય છે ત્યાં સુધી તેને સમગ્ર સૃષ્ટિનું અવલોકન કરવાની શકિત હોતી નથી; અને તેથી આજુ બાજુના સંસાર પરથી બાળકની પ્રકૃતિ ઘડાય છે એ હેતુથી રા. કેશવલાલભાઇની પ્રકૃતિના બંધારણમાં જે સાધનોએ સહાયતા કરી છે તે સંબધી વિચાર કરતાં, આ સૃષ્ટિજન્ય અસર ઉપરાંત તેમની કૌટુમ્બિક તેમજ જ્ઞાતિ સંબંધી સ્થિતિને લીધે, તેમના માનસીક જીવનમાં જે અસર થએલી છે તે તપાસવાની જરૂર છે.

પવિત્ર આત્મામાં ધર્મશ્રદ્ધાનો ઉદ્ભવ સહજ થાય છે; પરંતુ આ ધર્મ શ્રદ્ધાને પણ ઓછી વત્તી સ્થિતિની અસર લાગ્યા વિના રહેતી નથી. જ્યારે સં. ૧૯૦૭ માં કેશવલાલભાઇનો મોરબીમાં જન્મ થયો, ત્યારે ઇંગ્રેજી રાજ્યનો ઉદય થતો હતો; ઇંગ્રેજી કેળવણી તથા ઇંગ્રેજી સુધારાનો ઉદય હજી તેના ગર્ભમાં હતો; અને કાઠીયાવાડમાં તો તેનાં કિરણો જણાયાં પણ ન હતાં. જ્ઞાતિ બંધનની સખત રૂઢિયોમાં હિંદુ પ્રજાનાં

અંતઃકરણો એક હજાર વર્ષ થયાં કેળવાએલાં હતાં; અને જ્ઞાતિની શ્રેષ્ઠ ગણના આચારની શ્રેષ્ઠ ગણના પરથી નીર્ણિત થતી હતી; એટલું જ નહિ પણ બાહ્યાચારપરથી કોઇ અમુક માણુસની આંતર ધર્મશ્રદ્ધાનો નિર્ણય કરતાં, આચારવિમુખતા તે ધર્મવિમુખતા સમજવામાં આવતી. પ્રશ્નોરાનાગરજ્ઞાતિ આચારમાં સર્વથા શ્રેષ્ઠતાનું અભિમાન અદ્યાપિ ધરાવે છે; અને તે અભિમાન તે સમયે પણ હતું. પોરબંદરમાં વ્યાસજીનું ઘર આચારમાં શ્રેષ્ઠ ગણાતું હતું; અને તેમાં પણ પુરૂષવર્ગ કરતાં સ્ત્રીવર્ગ આચારને અંતઃકરણપૂર્વક ચાહતો હતો. કેશવલાલભાઈનાં માતુઃશ્રીમાં પોતાના પિયરની આ સર્વ રીતભાત ઉતરી આવી હતી. કેશવલાલભાઇના પિતા પણ સ્વધર્મનિષ્ઠ હોઇ આચારને માન આપતા હતા; કોઇ પણ શૂદ્ર કે મુસલમાનના સ્પર્શથી તેઓ પોતાનાં સર્વ વસ્ત્રો બોળતા અને સ્નાન કરતા. આથી આ નાના કુટુંબમાં ઇશ્વરભક્તિ અને આચારની રીતભાતનું એક ઉંચું બંધારણ જોવામાં આવતું હતું; અને તેની છાયા કેશવલાલભાઇના બાળક અંતઃકરણમાં જેવી ને તેવી પડી હતી.

બીજી રીતે હરિરામ ભટ્ટના કુટુંબની સ્થિતિ સાધારણ હતી અને જ્ઞાતિમાં તેમની પ્રતિષ્ઠા સારી હતી. ભટ્ટજી હરિરામ ધર્માચરણમાં કુશલ અને સંસ્કૃત સારૂં ભણેલા હતા, તેમની રીતભાત પ્રતિષ્ઠિત અને માયાળુ હતી, અને કથા વાંચીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. તેમની ઇચ્છા કેશવલાલભાઇને સંસ્કૃત ભણાવવાની હતી; અને પુત્ર જ્ઞાતિમાં પ્રતિષ્ઠિત અને બે અક્ષર ભણેલો ગણાય એ જોવાને તેમના આશા આતુર હતી. બેશક કેશવલાલભાઇના જીવનમાં તેમની આ આશા તો સર્વાંશે સફલ થએલી ગણાય; પરંતુ તે આપણે આગળ જોઇશું. અત્યારે તો હજી બાળપણ હતુ અને જીવનનો પ્રવાહ ભવિષ્યને માટે કયે રસ્તે પડશે તે નિર્ણિત ન હતું. હજી જીવનના ભૂતકાલને સંભારી રાખવાની કાંઇ દરકાર ન હતી; જે ગંભીર જીજ્ઞાસા આત્મામાં તનમનાટ મચાવી મૂકે છે, અને તેને કંઇ કંઇ કાર્યમાં પ્રેરે છે, તેણે હજી પોતાને માટે ભવિષ્યનો માર્ગ જોયો ન હતો અને આમ વર્તમાન રમતગમતના આનંદમાં તેમનું હૃદય દોરાતું હતું.

તો પણ આ આનંદ કરતાં બીજો કોઇ ઉચ્ચતર નિત્યનો આનંદ હોવો જોઇએ એવી કોઈ ન સમજી શકાય એવી શ્રદ્ધાથી તેમની જીજ્ઞાસા પ્રસંગોપાત્ત તેમને ગંભીર વિચારમાં નાંખતી. રમતના તુચ્છ અને ક્ષણિક આનંદ કરતાં બીજો કોઇ શ્રેષ્ઠ અને ચિરસ્થાયી આનંદ હોઇ શકે, અને તે મેળવવાની તેમના આત્માની કોઈ ગુપ્ત પ્રવૃતિમાં એકતાને લીધેજ, બાળપણની રમતોમાં પણ આપણે તેમના હૃદયનો ઉત્સાહ જોઇ શકતા નથી. અગર જો તેમના હૃદયની સરલતા અને સર્વની તરફ તેમની એક સરખી શુદ્ધસ્નેહની લાગણીને લીધે, તેઓ સર્વ પરિચિત બાળમિત્રોને ચાહતા હતા; અને તે બાળમિત્રોએ તેનો યથાશકિત પ્રતિધ્વનિ પણ કરેલો, તો પણ તેમની રમતમાં તેમણે અંતઃકરણના ઉત્સાહથી ભાગ લીધો હોય એવું કદાપિ બન્યું નથી. ક્વચિત અનિચ્છાપૂર્વક ભાગ લીધેલો પણ ઘણી વખત તો જ્યારે બીજા રમે ત્યારે પોતે દૂર ઉભા રહી માત્ર જોતા; અને બાળકોના સ્વભાવનું નિરીક્ષણ કરતા. મનુષ્યસ્વભાવના અવલોકનની શરૂઆત આ રીતે બાળપણથીજ થએલી, અને તેણે તેમની કવિત્વશકિતને એક સારો લાભ કરેલો છે; પરંતુ તે આપણે આગળ જોઈશું.

અગીઆર વર્ષની વયે આ મોરબીની બાળરમતોનો અંત આવ્યો; અને સં. ૧૯૧૮ માં તેઓ પોરબંદર આવ્યા, તથા મામાને ઘેર રહી સંસ્કૃત અભ્યાસ શરૂ કર્યો. પણ રમતીઆળ મિત્રોનો સહવાસ અહીં ન હતો એમ નહિ; તેઓ પણ તેમને તેવીજ રીતે ચાહતા હતા. પોરબંદરમાં કેશવલાલભાઈ ચાર વર્ષ રહ્યા અને તેનું પરિણામ માત્ર એ થયું કે સંસ્કૃત અભ્યાસમાં તેમનો પ્રવેશ થયો; અને ધીમે ધીમે આગળ ચાલુ રહ્યો, અને સં. ૧૯૨૨ માં તેઓ મોરબી આવ્યા ત્યારે હજી તેમનો સંસ્કૃત વ્યાકરણમાં પ્રવેશ માત્ર થયો હતો મોરબીમાં આવ્યા ત્યાર પછી પણ આ અભ્યાસ આગળ ચાલુ રહયો, અને સં. ૧૯૧૪ માં તેમના મામા બ્રહ્મનિષ્ઠ પંડિતજી જયકૃષ્ણ જીવનરામની સાથે જ્યારે તેઓ મુંબઇ આવ્યા ત્યારે, તેઓ શ્રીમદ્ ભાગવતનો અભ્યાસ કરતા હતા. તો પણ આ અભ્યાસ અખંડિત અને અંતઃકરણપૂર્વક ન હતો; અને એ પણ કહેવું જોઇએ કે કેશવલાલભાઇની

વિદ્વત્તા ઘણા મોટા પુરૂષોના જીવનમાં બને છે તેમ, ઘણે ભાગે પુસ્તકોના અભ્યાસની નહિ, પરંતુ તેમના આધ્યાત્મિક વિચારો અને મનુષ્ય સ્વભાવના સૂક્ષ્મ નિરીક્ષણની હતી.

સં. ૧૯૨૪ માં મુંબાઇ આવ્યા અને લગભગ એક વર્ષ ત્યાં રહ્યા. વિશાળ પ્રદેશના અવલોકનથી મનુષ્યના હૃદયનો વિકાસ થાય છે; અને આ હૃદય વિકાસનો આરંભ કેશવલાલભાઇના જીવનમાં અત્યારથી થયો. આ હૃદયવિકાસની સાથે તેમના જીવનના જે ઉમદા ગુણો આપણે પાછળના જીવનમાં સ્પષ્ટ જોઇ શકીએ છીએ, તેનો પણ વિકાસ થવા લાગ્યો. આ ગુણોનું બીજ આજુબાજુના સંસાર પરથી ઘડાયું હતું. કેશવલાલભાઇનો અત્યાર સુધીનો ઘણો ખરો પરિચય પોતાના જ્ઞાતિ મંડળમાંજ હતો. તેમની પ્રકૃતિના બંધારણમાં આ પરિચયે સારી અસર કરેલી છે. આ અસર તપાસતાં આપણે એ જ્ઞાતિ મંડળ વિષે બે બોલ બોલીએ તો કહેવું જોઇએ કે, પ્રશ્નોરા નાગર જ્ઞાતિએ, અગરજો, બીજી કેટલીક નાગર જ્ઞાતિની માફક, કાઠિયાવાડની રાજ્યખટપટોમાં કવચિતજ ભાગ લીધો છે; તો પણ નાગર જ્ઞાતિને યોગ્ય તેની સઘળી રીતભાત સુઘડ અને પ્રતિષ્ઠિત છે, તેમજ વિદ્વત્તા, ડાહપણ વિચાર અને કાર્યદક્ષતા ઇત્યાદિ મનુષ્ય જીવનના ઉજ્વલ અને શ્રેષ્ઠ ગુણોમાં તે સારી રીતે કુશલ છે. આ સર્વ ગુણોનું બીજ કેશવલાલભાઇના વિમલ અંતઃકરણમાં બાળપણથી રોપાયું હતું; અને ઇશ્વર કૃપાએ વધતી જતી ધર્મ શ્રદ્ધાથી પોષણ પામી ખીલતા જીવનમાં તેનો યોગ્ય વિકાસ થવા લાગ્યો હતો.

એક વર્ષ પછી મુંબઇ છોડી મોરબી આવ્યા. આ વખતે સંસ્કૃત અભ્યાસ સાધારણ રીતે સારો થએલો હતો; પણ મોરબીમાં આવ્યા પછી તેમને ગુજરાતી અભ્યાસ કરવાની ઇચ્છા થઇ, અને સં. ૧૯૨૫ માં લગભગ ૧૮ વર્ષની ઉમરે ગુજરાતી ત્રીજા ધોરણમાં દાખલ થયા. હિસાબ નામું વગેરે કેટલુંક વ્યવહારોપયોગી જ્ઞાન અહીં મળ્યું એટલુંજ નહિ, પણ જુની પદ્ધતિના સંસ્કૃત જ્ઞાનમાં અર્વાચીન પદ્ધતિનું ગુજરાતી જ્ઞાનમિશ્ર થતાં હૃદય સંસ્કારી થયું. પણ હવે મિત્રોની રમત ખશી ગઇ અને તેમના અંતઃકરણમાં ભવિષ્યના જીવનને માટે કોઇ

અમુક માર્ગ નિર્ણિત કરવાની ઇચ્છા થઇ ગુજરાતી અભ્યાસ કરી ટ્રેનિંગ કૉલેજમાં દાખલ થવાનો તેમને વિચાર થયો. અહીં પોતાના અંતઃકરણની ઇચ્છાથી અભ્યાસ કરતાં તેમણે પોતાની બુદ્ધિનો ખરો ચળકાટ બતાવ્યો; અને ચાર માસમાં ત્રીજા ધોરણથી આરંભી એકાદ બે ઇંગ્રેજી ધોરણની સાથે ટ્રેનિંગ કૉલેજનો પ્રવેશક સુધીનો અભ્યાસ તૈયાર કર્યો! પરંતુ ઇશ્વરેચ્છા બળવાન છે. તેમના પિતાશ્રીનો વિચાર તેમને ટ્રેનિંગ કૉલેજમાં મોકલવાનો નહતો. માતાપિતા તેમજ સંબંધીઓએ પણ ટ્રેનિંગ કૉલેજમાં દાખલ થવાને ના પાડી. માતાપિતા કે સંબંધીઓની ઇચ્છા વિરૂદ્ધ કામ કરવું મુશ્કેલ હતું અને આથી જવું ન જવું એવા સંશયમાં મન પડયું. દરમીઆનમાં તેમનાં લગ્ન થયાં અને ત્યાર પછી તુરતજ તેઓ માંદા પડયા આથી અભ્યાસ છોડવો પડયો; અને આ રીતે ટ્રેનિંગ કૉલેજમાં જવાને નિષ્ફળ થએલી ઇચ્છા માતાપિતા અને સંબંધીઓ વગેરેની અનિચ્છાથી, હમેશને માટે બંધ રહી એવામાં મોરબીના મહાલના કોઇ ગામડામાં સ્કૂલ ઉઘાડવાની હોવાથી મહેતાજી તરીકે એક માણસની માગણી થઇ, અને મોરબી તાલુકા સ્કૂલ માસ્તરે કેશવલાલભાઇને માટે ભલામણ કરી. કેશવલાલ ભાઇએ આ નોકરી સ્વીકારી; અને રૂપિઆ બાર કે તેરના પગારથી તેઓ મહેતાજી તરીકે નીમાયા. પરંતુ અહીઆં ગામડાના લોકો સાથે કેશવલાલભાઇનો આ પ્રથમજ પ્રસંગ હતો, લોકો સ્કૂલમાં છોકરાને મોકલતા નહિ; અને ભણતરની કિંમત ન સમજનાર ગામડીઆને નિશાળ શું છે તે જાણવાની પણ દરકાર ન હતી. આવા લોકોને શી રીતે સમજાવવા? લોકો મહેતાજીના સામું પણ જોતા નહિ. આવા પ્રપંગે અધિકારીની ઢબે કામ લેવું તે તેમના હૃદયની રુચિથી—તેમની પ્રકૃતિથીજ વિરૂદ્ધ હતું, બેશક મનુષ્ય જાતિ ઉપરના તેમના શુદ્ધ પ્રેમને લીધેજ તેમના હૃદયમાં આવી વૃત્તિ હમેશાં રહેલી, તોપણ તેથી અહીં તો તેમને ઘણી અડચણો ભોગવવી પડી, અજાણ્યા માણસોમાં પડતી અડચણોને લીધે તથા થોડી મુદતમાં તેમની તંદુરસ્તીમાં બિગાડ થવાને લીધે માત્ર એકજ માસ કામ કર્યા પછી તેમણે આ નોકરી છોડી દીધી.

આ પ્રત્યાઘાત —આ મંદવાડની અસર એ થઇ કે તેમણે સરકારી નોકરી કરવાનો વિચાર હમેશાને માટે માંડી વાળ્યો; અને મોરબીમાં

રહીને ફરીને સંસ્કૃત અભ્યાસ શરૂ કર્યો અત્રે જણાવવાની જરૂર છે કે હરિરામ ભટ્ટનું કુટુંબ જરા વિસ્તારવાળુ હતું; અને પૈસા સંબંધે તેમની સ્થિતિ સાધારણ હતી. કેશવલાલભાઈ તેમના ત્રીજા પુત્ર હતા, અને દલપતરામ તથા કાનજી એ નામે બે પુત્રો કેશવલાલભાઇનાથી મોટા હતા ત્રણે ભાઇઓ પરણેલા હતા, અને તેમનાં છોકરાં છૈયાં સાથેજ રહેતાં હતાં. આ સિવાય હરિરામ ભટ્ટને બે પુત્રીઓ પણ હતી. વૃદ્ધાવસ્થાને લીધે કુટુંબનું ભરણપોષણ કરવાની શક્તિ કેશવલાલભાઇના પિતામાં ઓછી થતી હતી, અને ઘણો ભાર મોટા ભાઇને માથે પડયો હતો. આ અવસ્થામાં જીવનમાર્ગ નિર્ણિત કરવાની આવશ્યકતા હતી. માબાપ બેઠાં છે ત્યાં સુધીમાં યોગ્યશક્તિ સંપાદન કરવાનો અવકાશ છે; અને આત્મશક્તિવિના આ દુસ્તર સંસારસાગરમાં તરવું મુશ્કેલ છે, એ લેખ ભવિષ્ય કાળના પડદાપર લખેલો તેનો અભ્યાસ આ કર્તવ્યવિઇ અંતઃકરણને થયો. તેથી ઉછરતું હૃદય જાગૃત થયું; અને ગંભીર જીજ્ઞાસાપ્રેરીત પ્રવૃતિએ પોતાને શું કામ કરવાનું છે તે શોધી કહાડયું જગતમાં પોતાની ફરજો શું છે? સંસારની ફરજો પાર પાડવનું કામ વેઠ જેવું નહિં પણ આનંદદાયક શાથી લાગે? જે સ્થિતીમાં આપણે મૂકાયા છીએ તે સ્થિતીમાં જે જે ફરજો આપણે બજાવવાની છે, તેને અનુરૂપ આત્મશકિત સંપાદન કરવી એથી દુસ્તર સંસારપણ સુખકર થઇ જાય છે; અને આવી ફરજો ઇશ્વરપ્રીત્યર્થે કરવામાં આવે તેજ આ વિકટ સંસારમાં ધર્મનું—સનાતન શ્રેય સંપાદન કરવાનું—બીજ છે. બેશક આ સર્વ વિચાર કેશવલાલભાઇના જીવનમાં કદાચ વધારે મોટી ઉમરે સ્પષ્ટ થયા હશે; તો પણ તેની આછી છાયા અત્યારથી તેમના જીવનમાં પડેલી અને તે વખત જતાં જોઇ શકાય એવી સ્પષ્ટ થએલી.

આ વખત પછી તેમના જીવનનો એક નિશ્ચિત માર્ગ આપણે જોઇ શકીએ છીએ. એક વર્ષ જામનગરમાં અને બે વર્ષ મોરબીમાં રહીને શાસ્ત્રીજી શંકરલાલના હાથ નીચે સંસ્કૃત અભ્યાસ શરૂ કર્યો બાલ્યકાળની રમતો ખશી ગઇ. સંસારમાં આગળ વધતાં અને વિશાળ પ્રદેશનું અવલોકન કરતાં હૃદય ગંભીર અને પ્રૌઢ બન્યું. સંસ્કૃતના વિશેષ અભ્યાસથી હૃદય સંસ્કારી થયું, અને કાવ્ય

સાહિત્ય વગેરેના અભ્યાસથી હૃદયની રસીકતાનો યોગ્ય વિકાસ થયો શાસ્ત્રીજી શંકરલાલ જેની શિઘ્ર કવિત્વશકિત ગુર્જર પ્રજામાં સુપ્રસિદ્ધ છે, અને જેનો ગુર્જર પ્રજા ઉપરનો ઉપકાર અનેકધા થએલો છે, તેમના સહવાસથી પરિચયજન્ય સંસ્કારોને બળે, તેમની કવિત્વ શકિત ઉત્તેજીત થઇ છે. અગર જો આ સંબંધી જે વિશેષ વિવેચનની જરૂર છે, તે હજી અમે અગાડી આપીશું, તો પણ અત્યારે એટલું કહી દેવાની જરૂર છે કે, સં. ૧૯૨૯ માં જ્યારે 'વેદ ધર્મ સભામાં કેશવલાલભાઇ નિમાયા ત્યારે ત્યારસુધીમાં તેનું સઘળું કામ ઉપાડી લેવાને તેઓ સર્વાંશે શકિતવાન થયા હતા એટલુજ નહિ પણ ' આર્યધર્મ પ્રકાશ ' યોગ્ય રૂપમાં ચલાવવા જેટલી યોગ્યતા પણ તેમનામાં આવેલી હતી. વાંચનાર આટલા શબ્દોથી કદાચ અતૃપ્ત રહેશે તો અમે તેને શબ્દથી અતૃપ્ત કરવા માગતા નથી. 'આર્ય ધર્મ પ્રકાશ ' લખવા જેટલી યોગ્યતાએ કદાચ તેને કાંઇ નહિ લાગે તો અમને આશ્ચર્ય નથી. માસિકપત્રોની કિંમત હાલ કોણ કરે છે ! સારા નરસાનો ભેદ હાલ કોણ જુવે છે ? જે હૃદયની ઉચ્ચતાને ખાતર જે વિદ્વતાને ખાતર અમે કેશલાલભાઇને પૂજ્ય ગણી અંતઃકરણપૂર્વક માન આપીએ છીએ, તે ઉચ્ચતાની તે વિદ્વતાની પ્રશંસા માટે અમે બીજા શબ્દો યોગ્ય ધારતા નથી. લખવું મૂર્ખ કરતાં વિદ્વાનને વધારે કઠિન છે.

મોરબીમાં અભ્યાસ કરતા હતા તે સમય કેશવલાલભાઇના પિતા મૃત્યુ પામ્યા: અને ત્યાર પછી થોડા વખતમાં તેમનાં માતુશ્રી પણ મરણ પામ્યાં. ગમે તેવી અવસ્થામાં બાપનું મરણ પુત્રને ખોટ રૂપ થઈ પડે છે. આ ખોટ કેશવલાલભાઇએ અનુભવી અને હવે કાંઇ નિશ્ચિત ધંધો શોધવા તરફ તેમનું ધ્યાન વળ્યું. એવામાં મુંબઇમાં તેમના મામા રા. વૈદરાજ પ્રભુરામ જીવનરામના હાથ નીચે સ્થપાએલી 'વેદધર્મ સભામાં' એક સારા પ્રમાણીક વિદ્વાન માણસની જરૂર પડવાને લીધે, તેમને એ કામ પર બોલાવ્યા. સં, ૧૯૨૯ માં તેઓ કામ પર દાખલ થયા; અને ત્યારથી આજ ૨૩ વર્ષ પર્યંત વેદધર્મ સભાની ઉન્નતિને ખાતર કાંઇ પણ યશની લાલસા વિના તેમણે એક નિ:સ્પૃહા અને પ્રમાણિકપણાથી કામ કર્યું. અમે તેને એક ખરેખરા

ઈશ્વરપરાયણ મનુષ્યનું સ્વધર્મના ઉદયને અર્થે કરેલું આત્માર્પણ સમજીએ છીએ ; અને તે અમારા વાંચકોના લક્ષમાં પણ બરાબર આવે માટે, જ્યારે કેશવલાલભાઇ આવ્યા ત્યારે સભાની કેવી સ્થિતી હતી તે બતાવતાં, હાલ સભાની કેવી સ્થિતિ છે, તથા કેશવલાલભાઈના તંત્રી પણા નીચે કામ કરતાં તેણે જન સમાજ ઉપર કેવી અસર કરેલી છે તે પણ બતલાવવાની જરૂર છે.

સંવત ૧૯૨૬ કે ૨૭ ની સાલમાં જ્યારે એક તરફ સુધારાનો ડંકો ગાજતો હતો, એ ડંકાના અવાજમાં જ્યારે ભરત ખંડની સર્વ પ્રજા મોહથી કાન માંડી લીન થતી હતી, અને મહારાજના લાઇબલ કેસ વગેરેનાં ઉદાહરણોથી ધર્મ પંથોથી થતી હાની સિદ્ધ કરી, આગળ વધી સુધારાનો પ્રવાહ, સમગ્ર પ્રાચીન વાતને નિંદ્ય ગણી તેનું ઉચ્છેદન કરવા મથતો હતો. તે પ્રસંગે કેટલાક સ્વદેશહિતેચ્છુ સ્વધર્માભિમાની મનુષ્યોએ સુધારાથી થતું પ્રાચીન ધર્મનું ખંડન અયોગ્ય સમજી, તે ઉપરથી લોકરૂચિ ઉઠી જાય એ અનિષ્ટ ધાર્યું; અને સુધારા વિરૂદ્ધ મંડળો ઉભાં થયાં. એક બાજુ દયાનંદ સરસ્વતી વેદને સંપૂર્ણ મહત્તા આપી પ્રાચીનતાનો પ્રકાશ પ્રજાની દૃષ્ટિ સમીપ મૂકવા લાગ્યા; મુંબઇ પણ આ પવનથી મુક્ત ન રહ્યું; અને આપણી વેદ ધર્મસભા તે તેનું પરિણામ છે. પ્રથમ થોડા સ્વધર્માભિમાની ગૃહસ્થોના હાથ નીચે એક 'વેદોક્ત શ્રવણ' નામે સભા સ્થપાઇ; અને તેમાં દર રવીવારે બ્રહ્મનિષ્ટ પંડીતજી શ્રીજયકૃષ્ણ જીવનરામ વેદાન્તનું શ્રવણ કરાવતા હતા. સભાનો ઉદ્દેશ લોકોમાં પ્રચલિત થાય અને પોતાના આર્ય બંધુઓ આર્ય ધર્મનું મહત્વ જોઇ શકે, એવા હેતુથી એ સભા તરફથી એક 'હૃદયચક્ષુ' નામે માસિક પત્ર નીકળતું હતું. થોડા વખત પછી સભાને મૂર્તિ પૂજા સંબંધે સ્વામી શ્રીદયાનંદની સાથે કાંઇ વિરોધ પડયો; અને તેનું પરીણામ એ આવ્યું કે ઘણા સારા ગૃહસ્થો સભા તરફથી ફરી ગયા. આ પ્રસંગે રા. વૈદરાજ પ્રભુરામ જીવનરામ વગેરે કેટલાક ઉદાર ગૃહસ્થોના આશ્રયથી આ સભા ટકી. પરંતુ હમેશાંને માટે સભાની દેખરેખ રાખી તેને નીભાવી આગળ ચલાવે એવા એક માણસની જરૂર હતી; અને તેથી આ જગ્યા ઉપર આપણે ઉપર કહ્યું તેમ રા. વૈદરાજની ભલામણ પરથી, કેશવલાલભાઇ નીમાયા. હવે પછી તેમનો નિવાસ ઘણે ભાગે મુંબઇમાં નિશ્ચિત થયો.

આર્ય ધર્મ પ્રકાશનું કામ માથે લઇ મૃત્યુપર્યંત તેજ કામ એક નિષ્ઠાથી બજાવ્યું છે. અહીઆં પ્રાચીન વેદધર્મના અને વેદધર્મ સભાના અભ્યુદયને અર્થે થએલા જે કાંઇ પ્રયત્ન, તેજ તેમના હવે પછીના જીવનનો ભાગ છે. મુંબઇ ઇલાકાનો ઘણો ભાગ આ વખતે નવીન રાજ્ય અને નવીન કેળવણીના આરંભમાં, પ્રાચીન સર્વ વાતને અસત્ય ગણી સુધારાની મોહજાળમાં અંજાયો હતો; અને બાકીમાંના થોડાનેજ ખરૂં શું છે તે તપાસવાની દરકાર હતી. + આ વખતે એકલા એજ પત્રે, પ્રાચીન ધર્મનું રહસ્ય સમજાવી તે તરફ લોકોની પ્રીતી ઉત્પન્ન કરવાને જે કંઇ જુજ પણ પ્રયત્ન આરંભેલો, તે સર્વથા પ્રશંસાને પાત્ર છે. આ કામ આદર કરવા યોગ્ય હતું અને તંત્રીએ પણ તેને તેવુંજ ગણેલું. પોતાના અંતઃકરણમાં જે વિચારો બાલ્યકાલથી ચાલતા હતા તેને પ્રસિદ્ધ કરી પ્રજાની સમીપ મુકવાનું આવું યોગ્ય–સાનુકૂલ સાધન જોઇ, તેમને અત્યંત આનંદ અને ઉત્સાહ થએલાં. નવીન રાજ્ય અને નવી કેલવણી તરફ પ્રજાનો મોહ, ખરું શું છે તે તપાસવાની અનાસ્થા, અનેક મતમતાંતર, ધર્મને નામે અધર્મ, આળસ અથવા પ્રમાદ, અને સર્વ પ્રકારે થતા ધર્મના અધઃપાતથી વ્યવહારનો પણ થતો અધઃપત નીહાળી, તેમનું અતઃકરણ કવચિત્ ખિન્ન, અને કવચિત્ સત્ય શું છે તેનો નિર્ણય કરી લોકોને ખરે રસ્તે વાળવાને ઉત્સુક રહેતું હતું. નવાનગરમાં હતા તે વખતમાં ત્યાંની સંસ્કૃત પાઠશાળાને અંગે, સ્ત્રી ધર્મબોધક સભા અને બાલાધ્યયન શાલા વગેરે, શાસ્ત્રીજી શ્રી શંકરલાલના હાથ નીચે કેશવલાલભાઇ તથા તેમના મિત્ર રા. વિશ્વનાથ વિઠ્ઠલજીએજ ઉભાં કરેલાં તે આવા વિચારોનુંજ ફળ હતું. અનસૂયાભ્યુદય અને ભોગવતી ભાગ્યોદયનું ભાષાન્તર તથા સ્ત્રી ધર્મબોધક ગરબાવળીની ઘણી ગરબીઓ આજ અરસામાં લખાએલી; અને સાવિત્રી ચરીત્રનું ભાષાન્તર તથા ચંદ્રપ્રભા ચરીત્રનું ભાષાન્તર પણ કંઇક આજ અરસામાં થએલું. પણ એટલાથીજ તેના ઉદ્ભાવક વિદ્યાર્થીને સંતોષ નહોતો. આ કામ બે વર્ષક ચાલ્યું તેજ સમયમાં કેશવલાલભાઇ આર્ય ધર્મ પ્રકાશમાં તંત્રી તરીકે નીમાયા

+ સત્યની આવી અનાસ્થા એજ હરકોઇ કાલે હરકોઇ પ્રજાની પડતીનું કારણ છે અને ભારત વર્ષમાં પણ તેમજ થએલું છે.

અહીં તેમને લાગ્યું કે સ્વધર્મના—સ્વદેશના (કેમકે સ્વધર્મના ઉદયથી જૂદો સ્વદેશનો ઉદય તેમને માન્યજ નહોતો) ઉદયને અર્થે હૃદયનું અર્પણ કરવાને યોગ્ય સ્થાન પોતાને મળ્યું; આજ વિચારથી મૃત્યુપર્યંત ગમે તેટલા જુજ પગારથી કામ કરતાં પણ તેમણે વેદ ધર્મ સભાને કે આર્યધર્મ પ્રકાશને છોડયાં નહીં.

જેટલા ઉત્સાહથી આ કામ માથે લીધેલું, તેટલેજ અંશે તેને નિભાવી યોગ્ય રૂપમાં ચલાવવાની ચિંતાઓ પણ સાથે જાગેલી દેખાય છે. અગરજો એ કર્તાને તો ઇષ્ટાપત્તિરૂપજ સમજાયું હોય એમ જણાય છે. અથવા એમ કહીએ તો પણ ચાલે કે સ્વધર્મ–સ્વદેશના ઉદય પ્રયત્નની ચિંતા એ એક તેમની પ્રકૃતિજ હતી. આપણને યોગ મળ્યો છે. તો શકિત પ્રમાણે હૃદયને સત્કાર્યમાં પ્રેરી જીવનનું સાફલ્ય સાધવું એ તેમની મુખ્ય ધારણા હતી અને તેથીજ આર્યધર્મપ્રકાશને ધીમે ધીમે પ્રતિષ્ટિત રૂપમાં મૂકી શકિત પ્રમાણે તેને પ્રજા મંડળની વચ્ચે લાવી મૃત્યુપર્યંત એ પત્રદ્વારા અને અન્યથા પણ એક સરખી ધારાએ પોતાના અંતઃકરણને જણાતા સત્યનો બોધ કર્યો છે. કોઇ સ્થળે હૃદયને ચોર્યું કે છેતર્યું નહોતું, શુધ્ધ અંતઃકરણથી નીકળતો આ બોધ કેટલે અંશે સફળ છે. તે ગુજરાતી વાચક વર્ગને છેક અજાણ્યું નથી

આરંભમાં પોતાના પત્રને શી રીતે પ્રતિષ્ટિત રૂપમાં લાવવું તેની ચિંતાઓ ચાલે છે. ક્ષુદ્ર લોકોને પોતાના માસિકમાં જગા ન આપવી, પોતે પોતાનું શું કામ કરવાનું તે નિરંતર લક્ષ્યમાં રાખવું, પ્રજા મંડળમાં નીતિ અને સધ્ધર્મના ઉદયને અર્થે કયા બોધની જરૂર છે તેનો વિચાર કર્યા કરવો, પોતાના વિચાર હજી ઠરેલા ન ગણાય માટે સારા લેખકોને પોતાના કાર્યમાં મદદને માટે આમંત્રણ કરવું, શાસ્ત્રી શ્રીશંકરલાલ અને મિત્રવર્ય રા. વિશ્વનાથ વિઠ્ઠલજી ઉપરના ખાનગી પત્રોમાં લેખને માટે ભલામણ છે, અને આજ અરસામાં પોતાની એક ખાનગી નોટ બુકમાં એક સ્થળે લખેલું છે કે છોકરાઓના ધર્મ, છોકરીઓના ધર્મ, પુરૂષોના ધર્મ, જ્ઞાતિ અને દેશાચારને અનુકૂલ ધર્મ તથા વર્ણાશ્રમના ધર્મ ઈત્યાદિ અનેક વિષયોનું લખાણ લખવાની મરજી ઘણા

રોજથી છે; પણ મારી ઉમ્મર હજી પીઢ ન ગણાય અને લખતાં વખતે અંતઃકરણના વલણથી ન્યુનાધિક થઇ જાય માટે તે વિચાર બંધ રાખ્યો છે. ઇશ્વર જો આગળ ઉપર યથેષ્ટ વખત આપશે તો મારા વિચાર દર્શાવીશ." આરંભમાંજ આવા વિચારો હતા એમ નથી. ત્યાર પછી પણ પ્રસંગોપાત આવાજ ઉદ્ગાર તેમની ખાનગી નોટબુકમાં લખેલા મળી આવે છે; એટલુંજ નહિં પરંતુ ઉમ્મર વધતાં તે વધારે સ્થિર અને દ્રઢ થતા જણાય છે. આર્યધર્મ પ્રકાશના લેખમાટે યોજના ઘડતાં એક સ્થલે લખેલું છે કે, જુદાં જુદા વ્યવહારિક વર્તનના વિષયો ઉપર સ્વદેશને અનુસરતુ સુબોધક લખાણુ અને પોતા કુલનાને માટે સદ્વર્તન દેખાડનારો બોધ" વળી બીજે એક સ્થલે સ્વતંત્ર લેખની નોંધ કરતાં 'રચનાની યાદી' એ મથાળા નીચે લખેલા છે કે, વિધવા ધર્મ, વિવાહનાં ગીતો, સીમંતના ગીતો, મરણના રાજીઆ દેશીઓનું (રાસડા તથા ગરબાનું પિંગળ" એમ કરી લખે છે કે "ઇશ્વર ઇચ્છાથી નિશ્ચિંતપણે નિવૃત્તિ મળશે ત્યારેજ નહિ મળે તો ઉત્કંઠાઓ અંતરમાજ સમાશે" અને વળી તેની નીચે નોંધો છે કે' અરે જીવ ! થયું તેજ થયું સમજજે. બાકી કરવાનું છે તેની નોંધ કાંઇ કામની નથી." પરંતુ વ્યવહારની ખામીના જે અવલોકનમાંથી આર્યધર્મપ્રકાશનાલેખોનું સ્વરૂપ બંધાતું તે તપાસતાં આપણે તેમની પ્રકૃતિને તેમજ તે લેખોના સ્વરૂપને વધારે સ્પષ્ટ રીતે સમજી શકીએ છીએ. ખાનગી નોટ બુકમાં એક સ્થલે આવું અવલોકન કરતાં લખે છે કે, સ્ત્રી પુરૂષોની અમર્યાદ, બાલકોની અમર્યાદ તેઓમાં ચાલતો અનાચાર ખોટી સ્વતંત્રતા, વિષયાદિકની અને તે પણ ઉઘાડી વાતોપર તેઓની પ્રીતિ, નાચ, તમાસામાં તેઓની તલ્લીનતા રસ વસ્તુને નહી જાણવાની તેઓની મૂર્ખાઇ અમર્યાદવાળા શૃંગાર રૂપ કાદવમાં ગુંચેલા કવિઓ—ચિત્રકારો—નાટકકારો—અને નાટક ભજવનારાઓની જાણી જોઇને કે પેટની ખાતર રસાંધતા, કુટુંબમાં કલહ ક્રૂરતાનો વધારો પોતાની સમજણજ ખરી માનવાનું અભિમાન લોકોની સ્પર્ધા, લુચાઇ નહિ આવડવાથી સુજનની હીનભાગ્યતા, ધર્મને ધકકો, સત્યને આંચ કાલની

કઠિનતા, ઇશ્વરની સૃષ્ટિની-ઈશ્વરના સ્વભાવની અને તેની વિચિત્રતાની અનંતતાનો વિચાર તથા પોતાની ધારણા પાર નહિ પાડવાથી થયેલી ઉદાસીથી મનમાં સદૈવ ઉદાસીન અને તેથી વિરાગી રહું છું. હું જેમ ધારૂં છું, તેમ લોકોને ગમતું નથી પસંદ પડતું નથી અને તેમ થવુ પણ સંભવનું નથી. ત્યારે આ પ્રમાણે વિચાર કેમ ઉઠે છે, એ વિચાર પણ વખતે વિચારમાં નાંખી દે છે જેમ થાય તેમ ઠીક! * વાંચનાર સહજ જોઇ શકશે કે આર્યધર્મ પ્રકાશના ઘણા ખરા લેખનું મૂલ આવ અવલોકન અને વિચારોમાંજ હતુ; એની સ્પષ્ટતા ખાતર લેખોના ઉતારાની શી જરૂર છે? અમે પણ તેમ કરી આ ટુંકા લેખને વ્યર્થ લંબાવવા થોભીશું નહિ.

આવા વિચારો કર્તાના હૃદયમાં નિરંતર ચાલતા અને તે ઉપરથી આર્યધર્મ પ્રકાશના લેખોનું સ્વરૂપ ઘડાતું, તે તથા જગતની વિચિત્રતા અને ક્ષણભંગુરતા, ધર્મ અને વ્યવહારનું અધઃપતન, મનુષ્ય સ્વભાવનુ અવલોકન અને તેને બોધ એ આર્યધર્મના પ્રકાશના લેખોનું મૂળ છે એ પણ આપણે જોયું. આવા લેખો ઉપરાંત સ્ત્રી પુરુષના જૂદી જૂદી સંસ્થિતિના ધર્મ, બાલકોના ધર્મ, વગેરે વિષય ઉપર જૂદાં પુસ્તક રચવાનો તેમનો ઇરાદો હતો; તથા બાલકો તેમજ બાલકીઓને માટે સરલ તથા સુબોધક કેળવણી આપવાને એક નવી વાંચનમાલા પ્રસિદ્ધ કરવાનો પણ તેમનો વિચાર હતો. કર્તાની ઉત્તરાવસ્થામાં તેમની સાથે પરિચયમાં આવતાં એક વખત વાતચીતના પ્રસંગમાં, તેમણે આ વાંચનમાલાની યોજના અને સંકલના વિષે અમને વાત કરી હતી અને તે પ્રસંગે તેમણે એક નોટ બતાવેલી જેમાં તેમના તે સંબંધ કાંઇ પ્રયત્નનો આરંભ હતો. હમણાં તે નોટ અમને મળી શકી નથી અને તેથી તે સંબંધે વિશેષ માહિતી આપી શકાય એમ રહ્યું નથી

* આવા કર્તાના પોતાના ઉદ્‌ગારોથી ચરિત્ર રેખા જેવી સ્પષ્ટ થાય તેવી અમે આ આખા લેખથી પણ દોરી શકીએ તેમ નથી. શકિત અને પરિચય ખામીને લીધે આ આલેખમાં જે ખામી જણાય તે તરફ વાંચકોએ ક્ષંતવ્ય દ્રષ્ટિથી જોવું એવી અમારી પ્રાર્થના છે.

અત્યારે માત્ર એટલુંજ કહી શકાય કે કર્તાના અંતઃકરણમાં એવો વિચાર હતો; અને દૈવેચ્છાએ તે અમલમાં મુકવાનો સમય આવ્યો નહીં. આપણે અગાડી કહ્યું છે તેમ આવા વિચારો હતા તો પ્રથમથીજ; અને તેનું ખાનગી નોટબુકોમાં ટાંચણ પણ પ્રસંગોપાત્ત થએલું; પરંતુ તેમને પોતાને, વિશેષ અનુભવથી વિચારો પરિપક્વ થાય ત્યાંસુધી રાહ જોવાની ઇચ્છા હતી, અને તેથી છેવટ દૈવેચ્છાએ તે બહાર પડી શક્યા નથી. આપણે માત્ર જેટલું લખાયું છે તેટલાથીજ સંતોષ માનીએ; અને કર્તાના જેવી ઇશ્વરપરાયણ દૃષ્ટિથી કહીએ કે 'અરે જીવ ! થયું તેજ થયું સમજજે ! બાકી કરવાનું છે તેની નોંધ કાંઇ કામની નથી."

પરંતુ આજ પ્રમાણે દરેક પ્રસંગે દરેક કાર્યના પરિણામમાં તેમની દૃષ્ટિ ઇશ્વરપરાયણ રહેતી હતી. વેદધર્મ સભાના અને વેદ ધર્મના ઉત્કર્ષને અર્થે તેમણે પોતાના આખા જીવનનો ભોગ આપ્યો છે; પરંતુ ઇશ્વર પ્રીત્યર્થે સત્કાર્ય એ તેમનું દૃષ્ટિબિંદુ હતું. આર્ય ધર્મ પ્રકાશનો એકેએક લેખ આ પ્રમાણે ઇશ્વર પ્રીત્યર્થે છે. કોઇ પણ જાતની મહેચ્છા કે ખ્યાતિ લોભ વિના અને તેથીજ કશાપણ પક્ષપાત સિવાય, કેવલ ઇશ્વર પરાયણ રહી છેવટ સુધી પોતાનું કામ એકનિષ્ટા અને પ્રમાણિક પણાથી ચલાવ્યું છે; અને વ્યવહારને પણ પરમાર્થથી ભિન્ન માન્યો નથી એવી ઇશ્વિરપરાયણ વૃત્તિથીજ તેમનું જીવન છેવટ સુધી એકજ માર્ગ પર રહી એકજ રંગે તેનાં પારમાર્થિક તેમજ વ્યવહારિક કાર્યોમાં વહ્યું છે. આ માર્ગ અને આ રંગ કયા હતા તે અમારા વાચકોને આટલાથી સહજ પણ સમજાયું હશે; તો પણ તે તેમની કવિતાના સંગ્રહમાંથી વધારે સ્પષ્ટ જોઇ શકાય તેમ છે.

સ્વાભાવિક રીતેજ કવિનું હૃદય તેની કવિતામાં વહેછે; અને સર્વાનુભવ રસિક કવિ કરતાં સ્વાનુભવ રસિક કવિની કવિતામાં તે વધારે સ્પષ્ટતાથી જોઇ શકાય એમ પરવરી રહે છે. કેશવલાલભાઇની કવિતાઓ સર્વ અનુભવનો–સ્વાનુભવનો ઉદ્દગાર–ભાવમય વાણીમાં વહેતો પ્રવાહ–માત્ર છે. કવિ પોતે પોતાની કવિતાને "અનુભવનો ઉદ્દગાર" એ નામ આપે છે તે આ પ્રમાણે સાર્થ છે. પરંતુ કેશવલાલભાઇની કવિતા તે ખરેખરી કવિતાજ છે કે કેમ, અને કેશવલાલ-

ભાઇને કવિ કહી શકાય કે નહિ, તે પ્રથમ વિચારવાનું છે. સ૦ ગોવર્ધનરામ લખે છે તેમ અવલોકન એ આ કવિતાનો આત્મા છે; અને બાહ્ય તેમજ આધ્યાત્મિક અવલોકન અને મનનથી સ્ફૂરતો અનુભવ તેમાં સત્યરૂપે વ્યક્ત થાય છે. અર્વાચીન કાવ્યપ્રદેશમાં જોવા જઇએ તો કેશવલાલભાઇ જાતે રા૦ દલપતરામભાઇની કવિતાને માન આપતા, અને તેની સરલ ભાષા માટે તેનાં વખાણ કરતા. તોપણ, દલપતકાવ્યની અમુક નીરસ કવિતાઓ બાદ કરવા પછી પણ, વાંચનાર વધારે ઉંચુ કવિત્વ અને વધારે ઉચ્ચ વિચારો આમાં સહજ જોઇ શકશે. ખરૂ કહીએ તો કેશવલાલભાઇને ગુજરાતી કરતાં સંસ્કૃત સાહિત્યનો સંસ્કાર વિશેષ હતો. બાલપણમાં થોડી ઘણી ગુજરાતી કવિતાઓ વાંચેલી, પરંતુ કવિત્વશકિતનો પ્રથમ વિકાસ, શાસ્ત્રીજી શ્રી શંકરલાલની સાથેના જામનગરના સહવાસપરથી થવા લાગેલો એમ તેમની નોટબૂકોપરથી જણાય છે. આર્યધર્મ પ્રકાશમાં લખવા માંડતાં આ સંસ્કાર કાયમ રહ્યો. પ્રાચીન સંસ્કૃત કાવ્યપ્રદેશમાં જોવા જઇએ તો ભર્તૃહરિ શતકની કવિતા સાથે કેશવકૃતિને સરખાવી શકાય. બન્નેમાં બાહ્ય તેમજ આધ્યાત્મિક અવલોકન એ આત્મારૂપે રહેછે, અને અવલોકનથી તેમજ શ્રદ્ધાપૂર્વક મનનથી સ્ફૂરતો અનુભવ બન્નેમાં સત્યરૂપે વ્યક્ત થાય છે. તફાવત એટલો કે કેશવકૃતિમાં જ્યારે સાધારણ મનુષ્ય પણ સમજી શકે એમ આ અનુભવ સરલરુપે જરા વિસ્તારપૂર્વક વિન્યાસમાં વ્યકત થાય છે, ત્યારે ભર્તૃહરિ શતકમાં, ટુંકામાં પણ તેજ અનુભવ વધારે સ્પષ્ટ અને વધારે હૃદયબલયુકત છે.

બીજી રીતે કહીએ તો કેશવલાલભાઇનું અંતઃકરણ ભકત છે. ભકત હૃદયનું ભકિતમય સંગીત તે તેની ઇશ્વર સ્તુતિની કવિતાઓ છે. સંસારની એકએક વસ્તુમાંથી વાસનામાત્રનો ત્યાગ કરી, કવિનું હૃદય ઇશ્વર ચરણમાંજ વિરામ પામવા ઇશ્વરી સ્નેહની યાચના કરે છે. ઇશ્વર એજ એનું સર્વસ્વ છે. વળી ઇશ્વરપરાયણ દૃષ્ટિએજ જગતનું બાહ્ય તેમજ આધ્યાત્મિક અવલોકન તે કરેછે; અને તેમાંથી મળતો અનુભવ અને બોધ કર્તા પોતાને તેમજ પોતાના મનુષ્ય બંધુને ઉદ્દેશીને ગાય છે; અને વ્યવહારમાં પણ પરમાર્થ જોઇ શકે એટલી વિશાળ ધર્મભાવના તેના હૃદયમાં છે. વૈભવથી તેની દૃષ્ટિ અંજાતી નથી, શુદ્ધ ધાર્મિક

હૃદયનેજ તે માન આપે છે, અને માને છે કે હરકોઇએક મનુષ્ય કે પ્રજાની ઉચ્ચતા; તેના વૈભવમાં કે તેના દંભમાં નહિ પરંતુ તેની ઇશ્વર-પરાયણતા તેની ધાર્મિક ભાવના અને તેની સરલતામાં છે. કેશવકૃતિના પહેલા ત્રીજા અને ચોથા વિભાગનો આ સાર છે.

પરંતુ આ પ્રમાણે બાહ્ય તેમજ આધ્યાત્મિક અવલોકન એ આ કવિતાનો આત્મા છે; અને તે પોતાના અવલોકન અને મનનથી વ્યક્ત થતા અનુભવને લઇને, સંસ્કારી તથા અનુભવી મનુષ્યના હૃદયને પણ, પોતાની પ્રતિભા કબુલ કરાવે એટલી સરલતા અને એટલું બલ તેમાં છે. જે દિવ્ય પ્રેરણાથી પ્રેરાઇ કવિ કવિતા લખવા બેસેછે, તે પ્રેરણાનાં કિરણોનું કર્તા પોતાની ખાનગી નોટબુકમાં એક સ્થલે અવલોકન કરે છે. તે લખે છે કે—" કેટલીક વખત કલ્પનાના તરંગો એક પછી એક—પ્રથમ એક વળી બીજો વળી ત્રીજો—એમ ઉપરા ઉપરી આવે છે, અને તે બધા ઉપર એક સાથે લક્ષ્ય આપી શકાતું નથી. કવચિત્ કવિતામાં મનના ભાવ બરોબર જણાવી શકાતા નથી, અને કવચિત્ આ તરંગો લક્ષ્ય બહાર જાયછે. મને લાગે છે કે, થોડી ઘણી કવિત્વ-શકિત મનુષ્યમાત્રમાં હોવી જોઇએ, પરંતુ જ્યારે શકિતનો વિકાસ થઇ તે માનસ જનસમાજમાં કવિ તરીકે પ્રસિદ્ધિમાં આવે ત્યારેજ તેને કવિ કહેવાય છે."

વાંચનારને આટલા ઉપરથી સહજ સમજાશે કે કેશવલાલભાઇને ખુશીથી કવિ કહી શકાય. તેની કવિતા તે કેટલે અંશે કવિતા છે તેનો નિર્ણય વાંચનારને સોંપી અમે માત્ર એટલુંજ કહીશું કે, તે કવિતા છે, અવલોકન એ એનો આત્મા છે, અને અવલોકન તથા મનનથી સ્ફુરતો અનુભવ તેમાં સત્યરૂપે વ્યક્ત થાય છે. સામાના મનમાં પેશી તેને અસર કરવા જેટલી સરલતા અને તન્મયતા પણ તેમાં છે.

ભાષાની સરલતા અને સંસ્કૃત સાહિત્ય મુજબ હ્રસ્વ દીર્ઘના પ્રયોગની કાળજી, બની શકે તેટલે અંશે રાખવા કેશવલાલભાઇનો આગ્રહ હતો. ભાષાની કઠિનતાથી વિચારોની ઉચ્ચતા આવેછે એમ માનનાર લેભાગુ કવિતા કરનારને, આ વાત પ્રથમ શીખવાની છે કે, ભાષા કઠિન મૂકવાથી કાંઇ વિચારો ઉંચા થઈ જતા નથી; અને સરલ ભાષામાં પણ સારા કવિને વિચારોની ઉચ્ચતા સહજ પ્રાપ્ત છે.

આ વિવેચન બંધ કરતાં પહેલાં કવિની ઇશ્વરપરાયણતા તરફ પણ લક્ષ આપવું જરૂરનું છે. કેશવલાલભાઇ પોતાની 'પામર કવિ' વિષેની કવિતામાં લખે છે કેઃ—

"હોઠે હરિ આવે નહિ, હૃદયવિષે નહિ રામ;
જૂઠાં જોડે જોડીઆં, એ કવિનું શું કામ?
પાપી પામર લોકનાં, વર્ણન કરે અપાર;
કવિત્વને કાળું કરે, એ કવિને ધિક્કાર.
નરનારીનાં અંગ કે, તેનો વિવિધ વિહાર;
એમાં મન જેનું રમે, તે કવિને ધિક્કાર.
ઇશ્વરને વિષયી કરે, જેવો પોતે હોય;
એવા પામર લોકનો, સંગ ન કરશો કોય."

કવિનું અંતઃકરણ વિકારમાત્રથી મુક્ત હોવું જોઇએ. તેના અંતઃકરણમાં તેના હૃદયમાં પણ 'રામ' જોઇએ. તે ન હોય તો તેવા મનુષ્યને 'કવિ' કહેવા કેશવલાલભાઈના કહે છે. અને તેની યથાર્થતા સહૃદય વાચકને સમજાવવી પડે એમ નથી. કોઇ મનુષ્યની કવિતા કરવાનું પણ કેશવલાલભાઇને પસંદ ન હતું. એ તેની ખરેખરી ઇશ્વર પરાયણ વૃત્તિ અને નિસ્પૃહતાનું લક્ષણ છે.

પરંતુ વેદ ધર્મ સભાને અંગે માસિક પત્ર આર્ય ધર્મ પ્રકાશ શિવાય બીજા ઘણાં પુસ્તકો એકજ ઉદ્દેશે રચવા રચાવવામાં આવ્યાં છે. અને એ સર્વ પ્રયત્નનું માન રા૦ કેશવલાભાઇને છે. પ્રથમતો નવાનગરની શાળાઓમાં અપાયેલાં વ્યાખ્યાનો—અનસુયાભ્યુદય અને ભાગવતીભાગ્યોદય તથા સ્ત્રી ધર્મ બોધક ગરબાવળી, સ્ત્રી વર્ગને સુબોધક ધારી જૂદાં છપાવ્યાં, અને સાવિત્રીચરિત્ર નાટકનું ભાષાંતર કરી તે તેજ ઇચ્છાથી છુટું છપાવી પ્રસિદ્ધ કર્યું ચંદ્રપ્રભાચરિત્ર નામે શાસ્ત્રીજી શંકરલાલની રસિક સુબોધક વાર્તાનું ભાષાંતર આર્યધર્મપ્રકાશ માસિકમાં આવતું હતું તે પણ ત્યાર પછી છુટું છપાવી પ્રસિદ્ધ કર્યું. લોકો પોતાના ધર્મ અને ધર્મશાસ્ત્રથી માહિતગાર થાય તેઓમાં સુબોધક વાંચન ફેલાય અને દંભી ધર્મગુરૂઓનો દંભ સ્વભાવિક રીતેજ ભાંગી પડે, એવા હેતુથી શ્રીમદ્ભાગવતનું, શ્રીમદ્ભગવતી ભાગવતનું

શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનું અને પાછળથી શ્રીમદ્‌યોગવાસિષ્ટનું ભાષાંતર પ્રથમ માસિક પત્રરૂપે અને પાછળથી છૂટા પુસ્તક રૂપે પ્રસિદ્ધ કર્યું. શ્રીમાન્ શંકરાચાર્ય પ્રણીત ચંર્પટપંજરિકા તથા મોહમુદ્‌ગર અને મણિરત્ન માલા ઉપર ગુજરાતીમાં ટીકા કરી પોતેજ જે પ્રથમ આર્યધર્મપ્રકાશમાં પ્રસિદ્ધ કરેલા તે પાછળથી છુટાં છપાવી બહાર પાડ્યાં. વળી બાળકોને માટે ચિત્રથી મૂળાક્ષરોનો બોધ થાય એવી પહેલી ચોપડીને નામે બાળચિત્ર પોથી રચી પ્રકટ કરી એ શિવાય બીજાં ઉપનિષદો શંકરવિજયસાર, ત્રિકંડિકા સતી શિક્ષાસૂત્ર અને સુરગુરૂસ્મૃતિ તથા અશૌચનિર્ણય વગેરે ઘણાં જુનાં સુબોધક પુસ્તકોનો સમુદ્ધાર કરી તેને પ્રજાની દ્રષ્ટિએ મૂકયાં.

પણ આપણે આટલી વાર તેમના સાહિત્ય પ્રયત્ન વિષે બોલતાં તેમના વ્યાવહારિક સંબંધમાં ઉતરવું વિસરી ગયા અગર જો તેમાં કહેવાનું બહું થોડું હોઇ જીવન ચરિત્રને ઉપયોગી ભાગ થોડોજ છે, કેમકે તેમનું હૃદય અત્યંત કુટુંબ વત્સલ છતાં પરિણામે વિરક્ત અને ઇશ્વરપરાયણજ હતું. તેમજ આર્યધર્મપ્રકાશનું કામ કરતાં કુટુંબમાં સર્વને સાથે રહેવાનો પ્રસંગ પણ નહતો; તોપણ તેમાં જે થોડુંપણ કહેવાનું છે તે કહ્યા શિવાય ચરિત્રરેખા અપૂર્ણ રહે એમ છે. અમે તે વિષે જે કહેવાનું તે કહી આ લેખ સમાપ્ત કરીશુ.

તેમનો વિવાહ હરિવ્યાસનાં પુત્રી મોંઘી કુંવર વેરે સં. ૧૯૨૬માં થયો હતો. તેમનાં પત્નીનો સ્વભાવ સુશીલ માયાળુ અને તેમની ઇચ્છાનુકૂલ ધર્મ પરાયણ હતો. ક્વચિત્ સાથે અને કવચિત્ કેશલાલભાઇના અભ્યાસ સમયમાં જુદાં રહેવાનું થતું, પરંતુ પતી પત્નીને પત્ર વ્યવહાર હતો અને સ્નેહદ્વારા પતિના વિચારો પત્નિમાં પણ સંક્રમિત થયા હતા. મુંબઇ આવ્યા પછી પણ હંમેશાંજ સાથે રહેવાનું બનેલું એમ નહિ, પરંતુ ઘણો ભાગ સંયોગમાંજ ગયેલો. સં. ૧૯૩૩માં તેમનાં પત્નીને શ્રીમંત આવ્યું. અને ૧૯૩૩ ના જેઠ માસમાં તેમણે એક પુત્રનેજન્મ આપ્યો. પ્રારબ્ધયોગે પુત્ર સંવત ૧૯૩૪ ના ભાદરવામાં મરણ પામ્યો ત્યાર પછી સં. ૧૯૩૯ માં તેમને પેટે એક પુત્રીનો પ્રસવ થયો પરંતુ આ સુવાવડમાંથી તેમને વાતવ્યાધિ થયો અને તે

ચાર વર્ષ રહયો. સંવત ૧૯૪૩ના પોષ શુદી ૭ ને રવિવારને દિવસે તેમણે દેહ ત્યાગ કર્યો. પત્નીના મરણુથી કેશવલાલભાઇના મનમાં જે શોક અને જે વિચારો થએલા તે પ્રસંગે લખાયેલા શોકના પદ્યમાંથી આપણે જોઈ શકીએ તેમ છે. અમે આ કવિતા વાંચવા જીવનચરિત્રના વાચકોને ભલામણુ કરીએ છીએ. જોઇ શકાય એમ છે કે, પત્નીપર પૂર્ણ સ્નેહ હોવા છતાં પત્ની તેં ધર્મની સહચારિણી અને ગૃહકાર્યમાં પોતાનું એક અંગ છે. એમ તેઓ માનતા; અને જાણુતા કે પત્નીથી પુરૂષના ધર્મ અર્થ તેમજ કામમાં કાંઈ મદદ ન થાય તો તેમાં પત્ની તરીકેનું વિશેષ લક્ષણુ કાંઇ નથી. આથી પત્નીના મરણુથી અત્યંત ખેદ થયા છતાં તેમના કર્તવ્યમાર્ગમાં લેશ પણુ પરિવર્તન થયું નથી.

પત્નીના મરણુ પછી ફરી વખત લગ્ન કરવાનો તેમનો બિલકુલ વિચાર નહતો. ખરેખરી રીતે કહીએ તો તેઓ એ રિવાજનેજ અંતઃકરણુ પૂર્વક ચાહતા નહિં પત્નીના મરણુ પછી તેમણે શોકપૂર્ણ હૃદયથી લખ્યું છે કે—

“ પાળ્યું જે મનમાંહિથી પરમ મેં જે એક પત્નીવ્રત,
જાયા જો હત જીવતી જગતમાં તો તો ખરૂં શોભત. ”

અને જયારે સંબંધીઓએ ફરી વખત વિવાહને માટે વીનવણી કરેલી ત્યારે કોઇ નિકટના સંબંધી ઉપર પત્ર લખતાં લખ્યું છે કે “ મારા મનમાં કશો વિકાર હતોજ નહિ, હું એમજ સમજી રહેલ કે જે સ્થિતિ આપણુને પરમેશ્વરે આપી તેજ સ્થિતિ આપણી અને તે ઠીક છે. પ્રભુએ એક જાતની યોગ્યતા દેખાડવાનો સારો સમય દીધો છે. આવા દૃઢ નિશ્ચયવાળા મનમાં ગૃહસ્થાશ્રમ ફરીને કરવાની વાતને જયારે આઘાત લાગ્યો, ત્યારે એક અપરાધીને મોટી શિક્ષા પમાડવાનો હુકમ સંભળાતાં જેની જેવી ગતી થાય તેવી મારી ગતિ થઇ જતાં, મને આશ્ચર્ય થયું કે આ હું શું સાંભળુ છું ! મરનારના મરણુ વખતે મને જરા પણુ દુઃખ થયું ન હતું; પણુ આ વખતે કોણુ જાણે કયાંથી મારા અંતરમાં અકથનીય દુઃખ થવા લાગ્યું. મને એક ખરાબ કામ કરવું અને ફરીને પાણી ગ્રહણુ કરવું એ બેય વાતમાં ઘણો અંતર લાગ્યો નહિ. પરંતુ પાછળથી તેમનો આગ્રહ સંબંધીઓની દુરાગ્રહમાં ડુબી ગયો;

અને કુંડલા નિવાસી મહેતા કાળીદાસ કહાનજીની પુત્રી મણિકુંવરની સાથે તેમનો વિવાહ થયો. સં. ૧૯૪૫ ના વઇશાક માસમાં તેમનાં લગ્ન થયાં. આ અને આજ સમયમાં ઉત્પન્ન થએલી કેટલીક જ્ઞાતિ સંબંધી ખટપટોને લીધે તેમનું મન ખરા જણાતા સંબંધીઓ ઉપ-રથી પણ ઉઠી ગયું; અને જગતમાં પોતાનું માનેલું પણ કેટલીક વખત ફરી બેસેછે તે, તથા **पंडितोऽपि वरंशत्रुर्न मूर्खो हितकारकः** ઇત્યાદિ અનુભવો પ્રત્યક્ષ થયા. સૌ૦ મણિકુંવરનો સ્વભાવ સરલ, માયાળુ અને સ્વાભાવિક રીતેજ ધર્મનિષ્ટ હતો. અગરજો એમ કહ્યું છે તેમ કેશવ-લાલભાઇનો સ્વભાવ અત્યંત મર્યાદશીલ હોવાને લીધે, અમે અમારા થોડા પણ સહવાસમાં થોડુંજ જોઇ શકયા છીએ; તો પણ કેટલાક પ્રસંગ પરથી અમને માલૂમ પડયું છે કે સૌ. મણિકુંવરને બાલપણમાં યોગ્ય કેળવણી મળી હતી. અને સાસરે આવ્યા પછી ગુરુજન તરફનો તેમનો વિનય, પતિભકિત અને ઇશ્વરપરાયણતા અપ્રતિમ હતાં. પતિના ઇશ્વરપરાયણ હૃદયને ઓળખી તેની સાથે મળવાને અને તેના હૃદયને લેશ પણ દુઃખ ન થાય એમ વર્તવાને તે સર્વદા તત્પર રહેતાં હતાં. કેશવલાલભાઇને પણ આ દાંપત્ય સંબંધી પહેલાંના જેટલોજ સંતોષ હતો.

પરંતુ આ સંબંધથી કેશવલાલભાઇને કાંઇ સંતતી થઇ નહિ. વિવાહ થયા પહેલાં પણ મણિકુંવરનું શરીર બહુ ભાગે અસ્વસ્થ રહેતું હતું; અને પછી પણ પ્રતિદીવસ શરીર વધારે ને વધારે બગડતું ગયું કેશ-વલાલભાઇનું શરીર પણ પહેલેથી અસ્વસ્થ તો ખરૂંજ; પરંતુ પ્રથમ પત્નીના મૃત્યુ પછી કંઇક ઉદ્વેગ અને કંઇક મનોનિગ્રહથી તે વધારે બગડયું અને અંતે તેનું પરીણામ એ આવ્યું કે તેમની પ્રકૃતિ વધારે બગડી અને સં. ૧૯૫૦ માં કેશવલાલભાઇ વેદ ધર્મની સભામાંથી રજા લઇ હવા પાણી ફેર કરવાને દેશમાં જઇ રહ્યા. અગરજો દેશમાં રહ્યે રહ્યે પણ પોતાથી બને તે આર્ય ધર્મપ્રકાશ માટે લખી મોકલતા પરંતુ શરીરની શિથિલતામાં તે લખવાનું કંવચિત્ બનતું. પરીણામે તેમની ગેરહાજરીમાં આર્ય ધર્મપ્રકાશનું કામ બરોબર ચલાવી શકે એવો કોઇ માણસ ન મલવાથી, વેદધર્મ સભાએ તેમને તે કામ પર સં. ૧૯૫૧ માં પાછા બોલાવ્યા. અહીં એક વર્ષ રહી સં. ૧૯૫૨

ના કાર્તિક માસમાં તેમની પુત્રીનાં લગ્ન કરવાની ખાતર તથા તેમનાં પત્નીનું શરીર દિવસે દિવસે વધારે બગડતું જતું હોવાથી, તેમણે ચાર માસની રજા લીધી. દેશમાં ગયા પછી તેમનાં પત્નીનું શરીર વધારે બગડયું; અને પોષ શુદી ૭ ને સોમવારે તેમણે દેહ ત્યાગ કર્યો. કેશવલાલાભાઇનું શરીર શિથિલતો હતુંજ તેમાં આ આઘાતથી વધારો થયો; અને સંબંધીવર્ગ સર્વને તેની ધાસ્તી લાગી, મણિકુંવરના મૃત્યુનો શોક હોવા છતાં કેશવલાલભાઇના સંતોષની ખાતર તેમની પુત્રી સૌ. મુક્તાકુંવરીના લગ્નની સંબંધીઓએ ઉતાવળ કરી અને માઘ વદી ૭ નાં લગ્ન લઇ તેનો વિવાહ આપણા પ્રસિદ્ધ વૈદ્યરાજ ઝંડું ઉર્ફે કરૂણાશંકર વિઠ્ઠલજીના પુત્ર શંકરપ્રસાદ વેરે કર્યો. લગ્નના દિવસથીજ કેશવલાલ ભાઈને તાવ ચડયો; અને તે દીવસે એવી સંસ્થિતિમાંજ કન્યાદાન દઇ ઉઠી જાણે દુનીયાના સર્વ કાર્યથી પરવાર્યા હોય એમ નીરાંતે સુતા ધીમે ધીમે સંસારમાં સહન કરેલા ઘા અને દુઃખ માત્રને વિસારી તેમની આંખો, એ ઘા અને એ દુઃખ સહન કરવાને જે જ્યોતિર્મય પ્રભુથી ધૈર્ય મળ્યું હતું તેનાં દર્શન કરવાને તેના અંતરાત્મામાં વળી. ધીમે ધીમે અશુદ્ધિ વધતી ગઇ; અને સં. ૧૯૫૨ ના ફાગણ શુદિ પડવો અને શુક્રવારના દિવસે રાત્રીના આઠ વાગતાને સુમારે તે ધર્મપરાયણ આત્મા આ ક્ષણિક દેહ તજી કોઇ દિવ્યજ્યોતિમાં મળવા ચાલ્યો ગયો. વાંચનાર ! આ ઇશ્વરપરાયણ હૃદયના અમૃતમય જીવનને અંતે અશ્રુ પાડીશ માં, ઈશ્વરપરાયણ દૃષ્ટિએ સત્કાર્ય એ જેના જીવનનો માર્ગ હતો, તે જીવનમાં ત્હારૂં હૃદય કાંઇ બલ પામે તો તેનું અનુકરણ કરવાનો યત્ન કરજે. આવા અનુકરણથી એ ઈશ્વરપરાયણ આત્માને સંતોષ આપવો એ આપણું આ સમયનું કર્તવ્ય છે. તથાસ્તુ !

शीघ्रकविशास्त्रिशंकरलालमाहेश्वरविरचितम्

प्रशस्तिकाव्यम्

वसंततिलका.

श्रेयः श्रियं दिशतु केशवलालशर्मन्
तुभ्यं दयामृतमयाशय इंदुमौलिः ।
कैलासवासिन उदारगुणांबुधे ते
कृत्यैतया सुपरितुष्ट उमासहायः ॥ १ ॥

प्राप्तः सुजन्म मुनिखांकधरा १९०७ मितेऽब्दे
भट्टावटंकहरिरामपितुर्निकेते ।
यो मातुरत्र जठराच्च झवेरबायाः
स त्वं चिरायुरसि केशवलाल कीर्त्या ॥ २ ॥

बाल्येऽपि यस्त्वमभवः प्रणयप्रणम्रो
भक्तः स्वमातरि च तातपदाब्जयुग्मे ।
आनंददश्च शिशुकेलिषु यः शिशूनाम्
स त्वं चिरायुरसि केशवलाल कीर्त्या ॥ ३ ॥

गत्वा सुदामपुरि मातुलवर्गवर्यान्
व्यासावटंकजयकृष्णगुरूनुपास्य ।
श्रीब्रह्मविद्वरतरानलभः सुविद्यां
स त्वं चिरायुरसि केशवलाल कीर्त्या ॥ ४ ॥

यंस्त्वं रसाक्षिनवचंद्र १९२६ मिते सुवर्षे
व्यासावटंकहरिरामसुतां सुशीलाम् ।

उद्वाह्य धर्ममभजो गृहिणां प्रमोदात्
स त्वं चिरायुरसि केशवलाल कीर्त्या ॥ ५ ॥
पुत्रे मृते पितरि चोपरते मृतायाम्
हे मित्र मातरि च धैर्यमिहार्यधार्यम् ।
धृत्वार्यधर्मविजयाभिमुखो य आसीः
स त्वं चिरायुरसि केशवलाल कीर्त्या ॥ ६ ॥
ज्येष्ठं स्वबंधुमिह यो दलपत्तरामम्
स्नेहामृतार्द्रमपि कानजिसंज्ञकं च ।
भक्त्याभिपूज्य परया पितृवत्प्रमोदी
स त्वं चिरायुरसि केशवलाल कीर्त्या ॥ ७ ॥
यस्त्वं प्रभादिपदशंकरनामधेयं
भ्रातृव्यमात्मजधिया परिपाल्य चित्ते ।
आनंदमन्वभव उत्तममुत्तमात्मा
स त्वं चिरायुरसि केशवलाल कीर्त्या ॥ ८ ॥
श्रीविश्वनाथशुभमित्रमणिप्रसंगा
यः सत्कवित्वकरणे निपुणोऽभवश्च ।
मैत्र्यं च निर्जरमपालय आंतकालं
स त्वं चिरायुरसि केशवलाल कीर्त्या ॥ ९ ॥
यो विश्वनाथशुभमित्रयुतोऽभ्युपास्य
श्रीसद्गुरुं त्विह तु शंकरलालसंज्ञम् ।
विद्यां शुभामधिगतो विनयातिहृद्याम्
स त्वं चिरायुरसि केशवलाल कीर्त्या ॥ १० ॥
मित्रेण तेन सह सद्गुरुनिर्मितानाम्
भाषांतराणि विरचय्य सुपुस्तकानाम् ।
आनृण्यमव्ययमकरोरिह यो गुरूणां

स त्वं चिरायुरसि केशवलाल कीर्त्या ॥ ११ ॥
पत्नीं निजामुपरतामवलोक्य मोंघी—
संज्ञामनन्यतुलितप्रणयस्तदीयम् ।
पारोक्ष्यसौहृदमिहातिमुदाकरोर्यः
स त्वं चिरायुरसि केशवलाल कीर्त्या ॥ १२ ॥
एकामतिप्रियतमां तनयां तदीयां
मुक्ताभिधां तनयवत्परिपाल्य शांतिम् ।
चित्तेऽकरोर्विमुखवृत्तिरतीव गेहे
स त्वं चिरायुरसि केशवलाल कीर्त्या ॥ १३ ॥
भ्रात्रोर्गुरोश्च सुहृदामपि चाग्रहेण
यः कालिदासतनयां निजधर्मपत्नीम् ।
प्रेम्णाकरोर्मणिनिभां मणिनामधेयां
स त्वं चिरायुरसि केशवलाल कीर्त्या ॥ १४ ॥
वर्षाणि सप्त गृहधर्ममुपास्य हर्षात्
पत्न्या तया सह शुभं मणिसंज्ञया स्वम् ।
आनंदमन्वभव ईश्वरसेवया यः
स त्वं चिरायुरसि केशवलाल कीर्त्या ॥ १५ ॥
दैवात्प्रणाशमुपयाति च सत्कलत्रे
रत्ने पवित्रचरिते मणिनामधेये ।
धैर्यं त्वधारय इहोत्तममार्यवर्यः
स त्वं चिरायुरसि केशवलाल कीर्त्या ॥ १६ ॥
मुक्ताभिधां च तनयामथ वैद्यवर्य—
श्रीझंडुभट्टतनयाय समर्प्य चित्ते

शांतिं परामभज ईश्वरलीनचित्तः
स त्वं चिरायुरसि केशवलाल कीर्त्या ॥ १७ ॥
पुत्राधिकप्रियतमं विनयामृताब्धिं
यस्त्वं प्रभादिपदशंकरनामधेयम् ।
वीक्ष्योदयान्वितमवाप्य इहातिशांतिं
स त्वं चिरायुरसि केशवलाल कीर्त्या ॥ १८ ॥
इत्थं समाप्य निजकृत्यमवाप्य कीर्तिं
संपाल्य सच्चरितमित्रवरैश्च मैत्रीम् ।
संतोष्य सर्वसुहृदोऽमरतां य आप्तः
स त्वं चिरं जयसि केशवलाल कीर्त्या ॥ १९ ॥

शार्दूलविक्रीडितम् ।

वर्षे नेत्रशरांकभू १९५२ परिमिते मासे तपस्यादिमे
पक्षे हा प्रतिपत्तिथौ भृगुदिने यामे निशस्त्वादिमे ।
सौजन्यामृतसागरः सरलता सौशील्यलीलालयो
वत्सः केशवलाल आप परमं शंभोः पदं शाश्वतम् ॥ २० ॥

वसंततिलका.

सा कापि ते सुजनता जनतापहर्त्री
याता लयं सरलतापि च सा प्रणष्टा ।
सा ते दया सदुदया च हताद्य हाहा
याते पदं त्वयि तु केशवलाल शैवम् ॥ २१ ॥
धैर्यं विलीनमगलच्च कुलीनतैक
निष्ठत्वमस्तमितमेव विवेकरत्नम् ।
सा च स्वधर्मपरतोपरताद्य हाहा
याते पदं त्वयि तु केशवलाल शैवम् ॥ २२

मृद्वीकया च सितया सुधया च तुल्या
कस्यापरस्य कवितां मृदुलां मनोज्ञाम् ।
श्रुत्वा प्रमोदमुपयास्यसि सुज्ञवर्गो
याते पदं त्वयि तु केशवलाल शैवम् ॥ २३ ॥
साचारनिष्ठजनताभियता प्रणष्टा
स्वाचारपालनपरायणताद्भुता च ।
सा सद्विवेकिवरतोपरताद्य हाहा
याते पदं त्वयि तु केशवलाल शैवम् ॥ २४ ॥
शांतिः क्षमा च गुणिता च गुणज्ञता च
स्वज्ञातिसौहृदपरायणता च सा सा ।
हा हा हताद्य बत दीनदयालुतापि
याते पदं त्वयि तु केशवलाल शैवम् ॥ २५ ॥
सौभ्रात्रमुत्तमतमं बत तत्प्रणष्टं
कौलीनधर्मपरतापि च सोपशांता ।
हाहा हता निरुपमा बत नम्रता सा
याते पदं त्वयि तु केशवलाल शैवम् ॥ २६ ॥
वैराग्यमुत्तमतमं सहजं त्वदीयं
तन्नष्टमद्य मृदुवाक्पटुता प्रशांता ।
लोकप्रियाचरणनिष्ठतया सहाहो
याते पदं त्वयि तु केशवलाल शैवम् ॥ २७ ॥
सा मित्रताप्युपरता विमला विशुद्धा
सापि स्वधर्मपरिपालन एकनिष्ठा ।
सा सोदरप्रणयितानुपमा प्रणष्टा
याते पदं त्वयि तु केशवलाल शैवम् ॥ २८ ॥

मंदाक्रांता ।

सत्सौजन्यं निरुपमतमं सोत्तमा धैर्यवत्ता
शांतिः सा काप्यनुपमतमा निस्तुलं तत्सुशीलम् ।
तन्मृद्वीकामृदुलकविताकोविदत्वं च नष्टम्
संप्राप्ते त्वय्यनुपमगुणे केशव श्रीशलोकम् ॥ २९ ॥

शार्दूलविक्रीडितम्.

भ्रातः केशवलाल कालवशतः कैलासशैलास्पदं
संप्राप्ते त्वयि ते तवोत्तमगुणा मन्ये महैवागताः ।
तैस्तैर्निष्प्रतिमैः सुशीलसरलत्वाद्यैरमंल्यैः सखे
संतुष्टः परमेश्वरो वितरतात्तुभ्यं विमुक्तिं पराम् ॥ ३० ॥

वसंततिलका.

कांस्कान् गुणांस्तु सहजांस्तव वर्णयामो
हे वत्स मित्रजनवत्सल सद्गुणाब्धे ।
संवर्णयिष्यति हि तानमृतोपमेया
सेयं कृतिस्तव चिरं सकलार्यगेया ॥ ३१ ॥

आर्या.

त्रिभिर्विशेषकम् ।

आभिस्ते कविताभिः सरलाभिश्चातिसरसाभिः ।
मृद्वीकामृदुलाभिः सद्बोधसुधाभिवर्षिणिभिश्च ॥ ३२ ॥
गुर्जरगीः कविभूषणगुर्जरभाषानिबद्धाभिः ।
संतुष्टः श्रीशंकरदेवस्तुभ्यं ददातु मुक्तिसुखम् ॥ ३३ ॥
इत्यर्थयामि सततं परमेश्वरमिंदुमौलिमहम् ।
प्रणतः प्रणतस्वजनप्रियंकरं शंकरं देवम्

પ્રસ્તાવના.

જીવનચરિત્રમાં કવિતાનું સ્વરૂપ અને તેના ઉદ્દેશવિષે બોલી ગયા પછી, પ્રસ્તાવનામાં આ પુસ્તકના વાચકોને બે બોલ માત્ર કહેવાના રહે છે; ગુજરાતી વાચકોનો ઘણો ભાગ હજી ઉંચી કવિતાના રસથી અજ્ઞાત છે. સંસ્કૃત કે અંગ્રેજી સાહિત્યની સાથે સરખાવતાં ગુજરાતી કવિતા હજી કેટલી અપૂર્ણ છે તે ગુજરાતના વિદ્વાન લેખકોને સુવિદિત છે. ગુજરાતમાં લેખકોની ખોટ છે અને જે છે, તેમાંના કોઇ છુટી છવાઇ સારી કવિતા લખતા હશે તો તેવી કવિતાના ભોગી-વાચકો હજી ગુજરાતમાં થોડા છે, એ વાતનો નકાર કરી શકાય એમ નથી. પરંતુ તેમાં હમેશાંજ વાચકોનો દોષ નથી; ક્વચિત્ લેખકની પંડિતતા તેમજ ભાષાની કઠિનતાથી પ્રાકૃત મનુષ્યનો પણ તત્ત્વભોગી આત્મા તત્ત્વથી વિમુખ રહે છે. અને એ અર્થે કવિતામાં સત્યનું નિરૂપણ સરલ રીતે અને સાદી ભાષામાં થવું આવશ્યક છે. કેશવકૃતિ આ અર્થે સંપૂર્ણ છે એમ કહેવાનું પ્રાગલ્ભ્ય નથી; પરંતુ ગુજરાતનો સામાન્ય વાચકવર્ગ પણ તેમાંથી કાંઇ લાભ મેળવી શકે એટલો અનુભવ અને એટલી સરલતા તેમાં છે એમ કહેવાનો આશય છે.

ગુજરાતનો જે વાચક વર્ગ આ કાવ્યનો ભોગી છે તેઓનો પ્રીતિપૂર્વક આગ્રહ, અને જે પારમાર્થિક ઉદ્દેશ લક્ષ્યમાં રાખી આ કવિતા રચાઇ લખાઇ છે તે ઉદ્દેશ, એ આ પુસ્તકની પ્રસિદ્ધિનાં કારણ છે. કર્ત્તાની ઇચ્છા હોવા છતાં, દૈવેચ્છાએ તેમની હયાતીમાં પુસ્તક બહાર પડી શકયું નહિ; પરંતુ આજ પણ કર્તાની ઇચ્છામુજબ પુસ્તકની પ્રસિદ્ધિ જોઇ અમને સંતોષ થાય છે કર્તાનો પ્રયાસ તેના વાંચકોને સંતોષ આપવાની સાથે અમુક અંશે ફળદાયી હો એમ અમારી વાંચ્છના છે. તથાસ્તુ.

વિદ્વાન વાચકોને છેવટ એટલી વિજ્ઞપ્તિ છે કે, કર્તાની ગેરહાજરીમાં સુધારો વધારો કરતાં, પુસ્તકમાં કાંઇ ભૂલ થએલી જણાય તો તે સુધારી લેવા કૃપા કરશો.

અનુક્રમણિકા.

વિભાગ ૧ લો.

વૈરાગ્યનાં પદો.

વિભાગ ૨ જો.

ઇશ્વર સ્તુતિ અને ભકિતનાં પદો.

---:o:---

વિભાગ ૩ જો.

આધ્યાત્મિક વિચારો.

વિભાગ ૪ થો.

વ્યાવહારિક નીતિરીતિ સંબંધી.

વિભાગ ૫ મો.

સ્ત્રીજનોપયોગી.

વિભાગ ૬ ઠો.

પરચુરણ કાવ્યસંગ્રહ.

केशवकृति.

ॐ तत्सत्.

केशवकृति.

વિભાગ ૧ લો.

વૈરાગ્યનાં પદો.

विषयना विकारने विदारवाविषे.

काफी.

મનવા વિષયના વિકારને વિદાર રે.

વિષયતણી વાસનાનું વિષમ વિષ, દારુણ દુઃખ આપનાર રે; મનવા૦

ભવસાગરના અંધકુવામાં, આખર ખરે ઉતારનાર રે; મનવા૦

જન્મ-મરણ જરા વ્યાધિ ઉપાધિ કેરું, કારણ એનેજ ઉરધાર રે; મનવા૦

યશ ટાળી અપયશ આપનારું, જગમાં ન અન્ય જડનાર રે; મનવા૦

લાખ ચોરાશી યોનિ આપે પલકમાં, પુણ્યના પુંજ પ્રજલનાર રે; મનવા૦

ચિત્ત તું ચહે ચતુર સુખ સહુ લેવા, સમજી સંસાર આ અસાર રે; મનવા૦

હાડચામનો રચેલ આ દેહદારૂ, છેવટ ખાખજ થનાર રે; મનવા૦

મોહિ રહે શું અરે મૂઢ એમાં, તું નિજ રૂપને વિચાર રે; મનવા૦

કેશવ પ્રભુપદપંકજ ભજવા, ન જવા નરક કેરે દ્વારરે; મનવા૦

भवसागरनी भटक मटवाविषे.

(નાથ કૈસે ગજકો બંધ છુડાયો) એ રાગ.

ભટક ભવસાગરની નર મટવા; લાગો નાથ નિરંજન રટવા. ભટક૦

દિવસ જતાં કાંઈ વાર ન લાગે, આયુષ્ય માંડયું છે ઘટવા;

માંકડા માફક નિત્ય નારીના, નાચો નહિ થઈ નટવા; ભટક૦

ઉત્તમ દેહ મળ્યો છે તમોને, જન્મ-મરણથી છટકવા;

હાથે કરી પાપના પંકમાંહિ, જાઓછો શીદ લપટવા; ભટક૦

શીલને સત્ય અને સંતોષનું, લાગજો દ્રવ્ય દપટવા;
ત્યમ જમના દૂતના પાશમાંથી, [illegible] કોઈ વટવા, ભટક૦
પુણ્યનો પંથ જોઈ નર લાગો, સતને દિવસ રપટવા;
કામ ક્રોધ મદ મોહ લોભને, મત્સર ચોર ચપટવા; ભટક૦
બંધનકારક જે તે પ્રપંચો, તનમનમાંથી ધપટવા;
કેશવ સુખકારક ગુણોને, મન મંદિરમાં ગપટવા; ભટક૦

सांचित प्रमाणे फल मळेछे माटे वृथा चिंता न करवाविषे.

સંચિત હોય તેવાં મળે છે ફળો; વૃથા શીદ ચિત્તે ચતુરો બળો. સંચિ૦
સુખ–દુઃખ છાયા સરખાં લેખી, વિષય વિષેના ગળો; સંચિત૦
સંસાર છે આ મૃગજલ સરખો, ઝીણી નજરથી કળો; સંચિત૦
કામ ક્રોધ મદ લોભ મોહને, મત્સર મોટા સળો; સંચિત૦
મમતાની જાલવિષે સપડાઈ, ધરણીવિષે કાં ઢળો; સંચિત૦
ઈર્ષ્યા ને દંભ અદેખાઇ મેલી, પુણ્યના પંથે પળો; સંચિત૦
સુખરૂપ આનંદ સત્ય બ્રહ્મમાં, ભાવ ધરીને ભળો; સંચિત૦
સત્સંગ સદ્ગુરૂનો કરી સાચો, અજ્ઞાન ઉરનું દળો; સંચિત૦
તત્પદ ત્વંપદ અસિપદ જાણો, જન્મ–મરણથી ટળો; સંચિત૦
કેશવ એજ અરજ છે મારી, સદ્ગુરૂ ચરણે લળો; સંચિત૦

परमेश्वर विना कोई सहाय नथी.

હોરી. (કાફી)

કોઈ સહાય નથી, વિના હરિ કોઇ સહાય નથી. ટેક.
બંધામાં બલમાં તું બાલક, મમતામાં મનથી; વિ૦
સુતો કેમ ધરીને ધીરજ, ધામ ધરા ધનથી; વિ૦
ભજ ભૂધરને ભાવ ધરીને, શમદમ સાધનથી; વિ૦
અવર તણી સેવા શામાટે, અરરૂ કરે અમથી; વિ૦
કાલ કરાલ તણો ભય ભારે, જો મનમાંહી નથી; વિ૦
કરશે તે થઈ શકશે **કેશવ**, આ ઉત્તમ તનથી; વિ૦

बुद्धिरूपी हठीली स्त्रीने शिखामण.

काफी.

* હઠીલી હઠ પરહર તું, માનિનિ માન ઉતાર;
જન્મ સફલ સુખરૂપ થાવાને, કર મુજપર ઉપકાર હ૦ ટેક.

ભૂલ કરે શું ભોળપણામાં, સમજણ રાખ લગાર;
આવો શુભ સંયોગ † રસીલી, થાય ન વારંવાર; × હઠી૦

પ્રૌઢ + થઈ છે પ્રાણસખી તું, ÷ બાલકમતિ પરવાર;
કર સંપાદન પ્રણયરસેથી, પ્રાણસખાનો પ્યાર; હઠી૦

શીદ વૃથા સંકોચ ગ્રહણ કર, ગૃહિણી અંગ સમાર;
સજ શૃંગાર વિકાર તજીને, ભામિનિ રાખ ન ભાર; હઠી૦

ધામ ધરા ધનને યોવનની, ચટક રહે દિન ચાર;
નિર્મલ થઈ નિર્મલ કર કોડે, એ સમજણનો સાર; હઠી૦

ધર્મ પળાય પરસ્પર પૂરો, એ નિર્ણય નિર્ધાર;
પતિપદમાં નહિ પ્રીતિ થઈ તો, આ સંસાર અસાર; હઠી૦

તું કોણ કોણ કાન્ત છે તારો, શું ઘરબાર વિચાર;
કેશવ હરિ આવ્યો છે હીરો, હાથ વિષે નહિ હાર; હઠી૦

---

* પરાણે વિષયોમાં જાય માટે હઠીલી એવી હે બુદ્ધિ! તું હઠ એટલે વિષયાદિકમાં જવાનો આગ્રહ છોડી દે. મરજીમાં આવે તો કહ્યું માને, અથવા જીવની સ્ત્રી માટે હે માનિનિ! હું કેમ સદ્વિચાર કરૂં એવું માન મેલી દે. જન્મ એટલે અંતઃકરણનો સંયોગ અથવા આ શરીરનો જન્મ સફલસાર્થક થવાને ઉપકાર કર, બુદ્ધિથી મનુષ્ય સદ્વિચાર કરે માટે એ બુદ્ધિનોજ ઉપકાર, નહિ તો સદ્વિચાર દૃઢ ન થવા દે. એમ સંગતિ બધેય મેળવી લેવી. લિ. કર્ત્તા.

† બુદ્ધિ અને શરીરનો સંયોગ—મનુષ્યનો અવતાર. × આ અવતાર ચોરાશી લાખ અવતારે એકવાર થાય. + સમજવાની શક્તિવાળી. ÷ મુર્ખતાના અથવા ખોટા વિચારો. લિ કર્તા.

નારાયણનું નામ જપી લેવાવિષે.

* (મોલે પધારો મ્હારાજ માણીગર મોલે પધારો.) એ રાગ.

નામ જપીલે તું પ્રાણ, 'નારાયણ' નામ જપી લે;
ઉત્તમ પદને પમાય, તેવું કામ કરથી કરી લે. નારા૦
ફરી ફરી આવે નહિ, આ માનવનો દેહ;
વાર ન લાગે વણસતાં, ભારે ભારે ન જાણે ભેદ; નારા૦
આયુષ્યને ઓછું કરે, કાલ કરાલ સદાય;
દેતાં દામ મળે નહિ એવું, દુર્લભ વય વહી જાય; નારા૦
ગળી જાશે ગાત્રો બધાં, સુકાઈ જાશે અંગ;
વળી પળી આવી જશે, નહિ રે'શે હૃદયનો રંગ; નારા૦
દાંત પડી જાશે બધા, બોલી નહિ શકાય;
થરથર કાયા કાંપશે, નહિ કામ કંઈએ કરાય; નારા૦
મન પણ વશ રે'શે નહિ, થયે શરીર અશક્ત;
આઘાં પાછાં થઈ જશે, જે જે અંતરથી અનુરક્ત; નારા૦
સ્વાર્થ રૂપ સંસાર છે, વિના સ્વાર્થ નહિ કાંઈ;
સ્વાર્થ તણાં સઘળાં સગાં, તારી સાથે નહિ સગાઈ; નારા૦
કારાગ્રહ માંહી પડયો, સડયા કરે તું કેમ ?
મમતાને મેલી પરી, નિશ્ચય રાખી હૃદયમાં નેમ; નારા૦
ગઈ પલ પાછી નહિ મળે, હોય વૃદ્ધ કે બાલ;
કોઈ ન જાણે લેશ પણ, કેવી આવશે આવતી કાલ; નારા૦
કાયા કાંઈ ન કામની, જો જાણ્યા નહિ ઈશ;
તે સઘળાં જલમાં ગયાં, કાઢયાં વર્ષ પચીસ કે ત્રીસ; નારા૦
સાર નથી સંસારમાં, સુખ તેમાં શું હોય;
દુઃખરૂપ આ સર્વ છે, દીઠો સુખીયો ન મેં તો કોય; નારા૦

---

* આમાં ત્રણ પદ દોહરાનાં અને ચોથું પદ કોઇ જુદી જાતનું હોય છે ત્યારે તાલમાં સરખું આવે છે; કદિ ચોથું પદ પણ દોહરા પ્રમાણેજ નાંખીએ તો પણ ગાઈ શકાય, પણ હાલમાં તેવી રૂઢિ હોવાથી ચોથું પદ વધારે માત્રાનુંજ નાખ્યું છે.

આપણને હાથે નથી, જન્મ-મરણની વાત;
સંચિતને વશ સર્વ છે, પશુ પક્ષી અને જન જાત; નારા૦
કામ ક્રોધ મદ મોહ એ, શત્રુ સહજ સદાય;
લોભ અને મત્સર મળી, નકી નરક વિષે લઈ જાય; નારા૦
તજ તૃષ્ણા તત્કાલ તું, આશા અળગી રાખ;
ધનને ધામ ધરા બધાં, ખરે લેખજે જેવી ખાખ; નારા૦
ભોગ રોગ સરખા ગણી, પામી પરમ વિરામ;
દ્વેષ રાગને પરહરી, કોડે કોરે કરીને કામ; નારા૦
પ્રવૃત્તિને પરહર હવે, દેખી તેમાં દોષ;
નિવૃત્તિની સાથે પછી, સાચે સાચો લઈ સંતોષ; નારા૦
રાચ્યો તું રતિ-રજ વિષે, ગર્દભ જેમ ગમાર;
અસાર આ સંસારનો, શોધી લીધો નહી શુભ સાર; નારા૦
પાપપંથને પરહરિ, કરી પુણ્યમાં પ્રીતિ;
સદાચરણમાં ચાલીને, શાણા સંધરી સારી રીતિ; નારા૦
ખાધું પીધું ખૂબ તેં, માણ્યો પણ બહુ મોજ;
સુખ સારાં તું સાંપડ્યો, હવે રાખી ખરેખરી ખોજ; નારા૦
ભણ્યો ગણ્યો તે ક્યાં ગયું, ભૂલ્યો ક્યાં તું ભાન ?
જ્ઞાનવાન કે'વાઇને, હવે હાથે ન થા હેવાન; નારા૦
વિવેક જઇને ક્યાં વસ્યો, ચાલી ક્યાં ચતુરાઈ?
ગંભીરતાપણું ક્યાં ગયું, ગયું કાળજું કેમ કટાઈ? નારા૦
શાસ્ત્રબોધ ક્યાં સંચર્યો, ક્યાં મતિ ગઈ સંતાઈ?
કેશવ પ્રભુના નામને, ભૂલે ભોળપણે કાં ભાઈ? નારા૦

परम सुख पुण्यविना मळतुं नथी.

* धन्याश्री.

પુણ્ય વિના ન પમાય, પરમ સુખ પુણ્ય વિના ન પમાય, ટેક.
પાપી પાપકર્મ કરનારા, કેવલ દુઃખ કમાય. પર૦

* ભૈરવ, પરજ આદિમાં, તથા ઓખાઇ કાફીમાં, અને બીજી પણ ઢબમાં ગવાય છે.

જેવું અન્ન રાંધીએ જમવા, તેવું જમણ જમાય; પ૨૦
કડવાં કેણ અન્યને કે'તાં, સુખકર કેમ સુણાય ? પ૨૦
શીતલ જલથી થવાય શીતલ, તડકે તન કરમાય; પ૨૦
બાવળ નિંબ બોરડી રોપી, કેમ ખજૂર ખવાય ? પ૨૦
આંબાની ગોટલીએ આંબો, ટેટે વટ જીવરાય; પ૨૦
બહુધા બીજ વાવીએ જેવાં, તરુવર તેવાં થાય; પ૨૦
ઝેર ખાય ખાંતેથી ખલ તો, જમને દ્વારે જાય; પ૨૦
પ્રીતે અમૃત પાન કર્યાથી, સત્વર અમર થવાય; પ૨૦
વાવ્યાં-જવાર બાજરી જોઈ, મુક્તાફલ ન લણાય; પ૨૦
કરતાં હરિહરની શુભ સેવા, સાધન સર્વ સજાય; પ૨૦

આ છેલ્લી મુસાફરીમાં પ્રભુનું ભજન કરી લેવાવિષે.

* પદ ધીરાના ઢાળનું,

આ મુસાફરી છેલ્લી રે, રટી લહો રામને;
મરી જવું મેલી રે, ધન જન ધામને. આ૦

માનવ જન્મ મળ્યો છે તમને, નહિ સમજો જો લેશ;
તો મિથ્યા મુંઝાઈ મરીને, પછી પામશો ક્લેશ;
ન મળે પાછો અરબુદ રે, દીઓ કદી દામને; આ૦

કરવાનું તે કોરે મેલી, ભટકો છો શું ભાઈ;
અણચેત્યાં મરતાં મનમાંહિ, મનની જાય સમાઈ;
શોધો ને પંથ સાચોરે, હૈયે રાખી હામને; આ૦

કાચા કુંભ સમાન શરીર આ, ક્ષણમાં નાશ થનાર;
જાણો જગત સર્વ છે જુઠું, જાયું તેજ જનાર;
સરખા સહુ લેખો રે, મજુરને જામને; આ૦

* આની ટેક વગેરેની કડીઓમાં માત્રાનું ઠેકાણું નથી જણાતું; મુખ્ય ગોઠવણ ઢાળ ઉપર છે.

કોનાં પુત્ર કલત્ર સહોદર, કોનાં ઘરને બાર;
કોનાં મિત્ર કુટુંબ કળાતાં, મિથ્યા બધો સંસાર;
૧ શાને અમથા ચુંથો રે, મૂર્ખ માના ચામને; આ૦

મનુષ્યજન્મનો વસંત સમય ન ચુકવાવિષે.

હોરી.

ખેલ ખેલો તો ખેલો વિચારી;
આવો સમય ન મેલો વિસારી. ખેલ૦

માનવજન્મ વસંત સમય છે, આજ સુઘડ નરનારી;
વીત્યો વૃથા તો ફરી નહિ આવે, એથી ખરી શી ખુવારી ?
રહે ભવનો ભય ભારીઃ— ખેલ૦

નીતિ સરોવર શીતલ જલનું, નાંખે મલિનતા નીવારી;
ફૂલ અને ફલરૂપ સુસાધન, અત્યંત આનંદકારી;
નિરંતર અતિ ગુણકારી;— ખેલ૦

સંતોષ મંદ સુગંધી સમીર છે, પ્રેરક તેના પુરારી;
તાપ ત્રણેય તરત તે ટાળે, તન મનને ઠીક ઠારી;
અનુમતિ એમ અમારી;— ખેલ૦

સત્સંગ કેસર રંગ કેસરી, પ્રીતિ પરમ પીચકારી;
સદ્ગુણરૂપ ગુલાલ લાલથી, વૃત્તિ રમાડો તમારી;
ઉડાડી વિનયરૂપ વારી;— ખેલ૦

રમતાં ને જમતાં રામરટણે, પ્રેમ પવિત્ર વધારી;
શમ-દમની શુભ સરલ રીતિએ, સંચરવું સુખકારી;
અવર રીતિ સર્વ નઠારી;— ખેલ૦

ઉત્તમ અત્તર તેમ અરગજા, ચંદન તો ચિત્તહારી;
શુદ્ધ સદાચાર સંપ સરલતા, તે સુખ સર્વની બારી;
હૈયે હોય જો હોંશીયારી;— ખેલ૦

૧ આ પદમાં 'કેશવ કોઈ ન ચુંથો રે' એમ પણ બોલી શકાય. લિ. કર્તા.

નારી નિવૃત્તિ કરી પ્રાણપ્યારી, મોહ મમત્વને મારી;
હરિ-હરનાં ચરણે ચિત્ત ચોંટે, જેમ હુકમ સરકારી;
ટહુકં કર એચ પસારીઃ— એલ૦

સંસારનો સંબંધ સત્ય ન માનવાવિષે.

હોરી.

સાચી સંસારમાં ન સગાઈ;
ભવમાં ભૂલ ખા નહિ ભાઈ. સાચી૦
આપણે તેમ મરણ વશ સહુ છે, એન અનેવીને આઈ;
કલ્યાણ તે શું કરી શકનારાં, કાલની જાલે વીંટાઈ;
પડયાં પરવશ પકડાઈ;— સાચી૦
પુત્ર કલત્ર પવિત્ર મિત્રને, જ્ઞાતિ જનેતા જમાઈ;
સોદર સર્વ સરલ શુભમતિના, મામાઈ કે માશીઆઈ;
કરી શકે તે નહિ કાંઈ:— સાચી૦
અંતે સહુ અળગાં થઈ રે'છે, ખંખેરી ને ખુબ ખાઈ;
'સ્વાર્થ સર્વે વૈદ વેરી' પ્રમાણે, અવગુણ અન્યના ગાઈ;
આનંદે રહે ઉભરાઈ:— સાચી૦
ધામ ધરા ધન હોય જ્યાંસુધી, ત્યાંસુધી સંપ જણાઈ;
સુખમય સંસાર લાગે સર્વને, છેવટ છેજ લડાઈ;
કેવી ભવ કેરી ભવાઈ ? સાચી૦
માનવજન્મ અમુલ્ય તથાપિ, તે પંચભૂતે રચાઈ;
નાશ થતાં ક્ષણ વાર ન લાગે, કાલના ચક્રે કપાઈ;
હરિ ! હાય ! જાય હણાઈ:— સાચી૦
આ ભવ સ્વપ્ન સમાન ખરેખર, તોપણ છે દુઃખદાઈ;
તેમાં તપે સહુ રાતદિવસ જન, તાપ ત્રિધાથી તવાઈ;
રહે નહિ કોઈની રાઈ:— સાચી૦
મેલો મમત્વ અને માન મનથી, પરહરી આશા પરાઈ;
સત્સંગ રાખો સહુ શુભ જનનો, લાગ્યે ભુવનમાં લાઈ;
વળે કૂપ ખોદે ન કાંઈ:— સાચી૦

સંપ સદાચારમાં ચિત્ત ચોડી, પરહરી આશા પરાઈ;
વિષય તણી લાખમાંકી લગારે, જાય ન જીવ જડાઈ;
ત્યારે આપણી સરસાઈ:— સાચી૦

जागीने जोवा विषे.

होरी,

ઉંઘે કેમ અરે ઓ અભાગી ?
જાય કાલ વહ્યા જો ન જાગી. ઉંઘે૦ ટેક૦
આવે જ્યારે અણચિંતવ્યું મૃત્યુ, ભાઈ જવાય ન ભાગી;
પુત્ર કલત્ર ન કામનાં કોઈ, દેશે મુવે સહુ દાગી;
અતિ આપણાં અનુરાગી;— ઉંઘે૦
કામ ક્રોધ મદ મોહ લોભને, મત્સર મેલને ત્યાગી;
પાપના સર્વ પ્રપંચ વિસારી, નાંખ ભરમ ભેદ ભાંગી;
નિકર જાણ† વાણીઓ વાગી:— ઉંઘે૦
મેલ મમત્વ અને માન મોટું, રે' રામરટણમાં લાગી;
આ ભવસાગર દુઃખ ભરેલો, ત્યારે શકાય જ તાગી;
સહજમાં થવાય સુભાગી:— ઉંઘે૦
આ કાયા કેવલ કાચની કોઠી ઠોકર લેશ જો લાગી;
કટક દઈ ફૂટતાં વાર છે નહિ, નથી મળવી ફરી માગી;
ભાવે ભજી લેને સુહાગી:— ઉંઘે૦

रामनाम नहि भुलवाविषे.

* दादरो.

રસના ભૂલ નહિ હરિનામ, ભૂલ નહિ હરિનામ;
હરિનું નામ સુધારસ શાણી, સેવન કર અભિરામ. રસ૦ ટેક૦

† ગુજરાત કે કાઠિઆવાડમાં કોઈ પરણે છે ત્યારે તેના તેડાને 'વાણીઓ' કહેછે.

* ભૈરવી, ખન્યાજી વગેરે. તિતાલમાં સારૂં છે, સારંગ રાગમાં પણ ગવાય છે. તાલ દીપચંદી.

પડ્રસમાં તું રુચિ રાખે પણ, સુખ નહિ સાંપડ આમ;
શું ધન ધામ તનય તન તરુણી, કામ અનેક નકામ. રસ૦
આગળથી પ્રિય લાગે તેનું, વિપરીત છે પરિણામ;
પરહર વાદવિવાદ વૃથા તું, ઓળખ રઘુપતિ રામ. રસ૦
હરિના નામ વગર મમતીલી, મલ ન કૂટી બદામ;
માન કહ્યું કેશવનું કુટિલા, પામ પવિત્ર વિરામ. રસ૦

विवेकद्दष्टिए विचारीने चालवा विषे.

× होरी.

વારંવાર વિવેક વિચારો;
આવે આવો ન એકેય વારો. વારંવાર ટેક.

ઉત્તમ જન્મ મળ્યો આજ તમને, કેમ કરોછો નકારો ?
હીરો ચડ્યો હાથ શાને ખુઓછો ? જીતી બાજી કેમ હારો ?
તજી ખાંડ ખાવો ન ખારો;- વારંવાર૦
કામ ક્રોધ મદ મોહ લોભ એ, દુર્ગુણ રૂપ છે ગારો;
ગુંચ્યા કદિ ગુણવાન થઈને, તો હાલ માઠો થનારો;
ઉગરવાનો એકે ન આરો;- વારંવાર૦
તૃષ્ણાનદીને તરંગે તણાયા, ડુબકાં દેતાં હજારો;
કાંઠો પછી ક્યાંહિ મળવો કઠણ છે, કાલમગરમચ્છ મારો;
તાણી જશે તે પરબારો;- વારંવાર૦
વિનય વિચાર અને શુભ-વિદ્યા, વૈરાગ્ય કેમ વિસારો ?
શમ-દમની સાંકળે મન બાંધો, એ એક મારગ સારો;
સદા સુખ સહુ કરનારો;- વારંવાર૦
નીતિની રીતિ વિષે પ્રીતિ રાખો, નરક પડવાનું નિવારો;
સત્ય સદાચાર ને સંપ રાખો, કલ્યાણ કોડે વધારો;
કાપી કલિયુગનો કુધારો;- વારંવાર૦

× ભૈરવી ધન્યાશ્રી વગેરે, ત્રિતાલમાં સારૂં છે, સારંગ રાગમાં પણ ગવાય છે. તાલ દીપચંદી.

આ કાયા કેવલ કાચનો કુંપો, ફટક દઈ ફૂટનારો;
પાણી પડયે કુંભ કાચો ટકે નહિ, તેમ તરત તૂટનારો;
પાણીમાં પતાસું બિચારોઃ— વારંવાર૦

અવસર જાય ફરી નહિ આવે, ફોકટ શું ફરતા રો';
થાય અહર્નિશ આયુષ્ય ઓછું, દુર્ગુણથી ડરતા રો';
ધરમ હૃદયે ધરતા રો':— વારંવાર૦

સ્વાર્થ વિષે સહુ લોક કુશલ છે, પણ પરમાર્થ વધારો;
દાન–દયાદિકમાં ધ્યાન રાખી, પુણ્યને પંથે પધારો;
શાણા સાચો એજ સુધારોઃ— વારંવાર૦

સત્સંગ શાસ્ત્ર અને શુભ જનનો, કોડે કરી કરતા રો;
દુઃસંગ દુષ્ટ દુરાચાર ચોંપે, હરદમ તે હરતા રો';
જેથી પાપમાં પડતા રો':— વારંવાર૦

આ ભવસાગર ભાવથી તરવા, સફલ થવા જન્મવારો;
અજર અમર નામ રાખવા નિત્યે, સાધન સહુ સજતા રો;
પ્રેમે પ્રભુને ભજતા રો':— વારંવાર૦

સમય છતાં સુખ લેશ ન પામો, શોધો નહિ પંથ સારો;
પાપને તાપથી નિત્ય પીડાઈ, ભવમાં સદા ભમતા રો':
એમાં વાંક એક તમારોઃ— વારંવાર૦

કાયા અને મન વાણીએ આપને, દેશો નહિ લેશ ડારો;
ચિત્ત ને વચન ક્રિયા એક રાખી, પુણ્યનો પામો પટારો;
ખોટો આ શરીર ખટારોઃ— વારંવાર૦

વ્યાપક ઈશ્વર ઓળખી અંતે, જન્મની જડતા વિદારો;
સુખદુઃખ અંતરમાંહિ ન લઈએ, આ ભવ દુઃખનો ભારો;
તરી તમે અન્યને તારોઃ— વારંવાર૦

દુષ્ટ દુરાચાર દુષ્ટના દેખી, અંધ થઈ શું અડયા રો;
માનવજાતિને સફલ કરો તો, આપને આપ ઉગારો;
અભિપ્રાય એવો અમારો;— વારંવાર૦

† નારાયણનું નામ જપી લેવા વિષે.

* ચોપાયા છંદ.

નારાયણનું નામ જપીલે, ભૂલ્યો ભટક ન ભાઈ;
સાર નહિ સંસારવિષે કંઈ, જૂઠી સર્વ સગાઈ. નારા૦
જાગીને તું જોને નયને, સુતો શું સુખ ખાઈ;
ઉચ્ચું સફલ કર્યું નહિ કાંઈ, ગુણ ઈશ્વરના ગાઈ; નારા૦
આ તારૂં આ મારૂં એવી, માયાની છત છાઈ;
એ કારણથી આજસુધી તેં, સુકૃત ન કર્યું કાંઈ; નારા૦
કામ ક્રોધ મદ મોહ લોભને, મત્સરમાં લપટાઈ;
તન-મન તેને અર્પણ કીધાં, હાડે ગયો હગાઈ; નારા૦
આશા-તૃષ્ણાની ફાંસીમાં, ફૂલી ગયો ફસાઈ;
સારૂં નરતું તેં નહિ જોયું, ચૂલે ચડી ચતુરાઈ; નારા૦
ધન ને ધામ અને ધંધામાં, અંધા રહ્યો ધરાઈ;
કાલચક્રની આગળ કે' તું, ક્યાં જાશે સંતાઈ; નારા૦
દીન જનોને પણ બહુ દૂભ્યા, પ્રતિદિન તેં હરખાઈ;
વિષય તણા વિષ સરખા રસમાં, લાગી તને નવાઈ; નારા૦
મમતાનો છે પાશ અતિશય, દેહીને દુઃખદાઈ;
કેશવ હરિને ભાવે ભજવા, એજ સદા સુખદાઈ; નારા૦

ભાવથી ભૂધરને ભજવાવિષે.

‡ રાગ રામગ્રી.

રે મન માન કહ્યું હવે, ભૂધરને ભજ ભાવે;
જેનાં સ્વરૂપને જાણતાં, જન્મ-મરણ ન આવે. રે મન૦

---

† આ કવિતા સારી અને રસિક નથી, પણ કાલક્ષેપ કર્યો માટે લખી લીધી છે. લિ. કર્તા.

* માત્રા ૧૬ + ૧૨=૨૮. પ્રભાતના અને બીજા રાગમાં ગવાય છે. "ધીર સમીરે યમુના તીરે" એ ઢબમાં પણ ગવાય છે. ગાવામાં ઠીક પડે માટે પહેલા પદને ટેકરૂપે અર્ધે અર્ધે છંદે મૂક્યું છે

‡ "પદોરે પેપટ રાજારામના" એ પ્રમાણે. "વ્રત રે રહિયે રે એકાદશી, જલ જમુનાનાં જઈએ." એવો રાગ પણ કરીએ તો બરોબર થાય છે.

ચોંપે થઈ ચંચલ અતિ, કેમ કુલને લજાવે ?
ટેક રાખી હોય તે બધી, તું તો સાવ તજાવે; રે મન૦
મૂઢ ન થાતું મૂરખા, કર કોડે વિચાર;
આજ સુધી સંસારમાં, શોધી લીધો શું સાર ? રે મન૦
છબ્યું સફલ તે શું કર્યું, દેયું ક્યાં શુભ કામે ?
ક્યારે કરી પ્રીતિ પ્રેમથી, રઘુકુલપતિ રામે ? રે મન૦
અંધ થઈ અથડાઈને, શાને સમય ખુવે છે ?
આયુષ્ય એળે જાયછે, વાટ કોની જુએછે ? રે મન૦
બાળપણું રમતાં ગયું, યુવતીમાં જુવાની;
ભોગ ભલા ભલા ભોગવ્યા, તેની ન મળે નિશાની; રે મન૦
આગળ વૃદ્ધપણું હવે, આવતાં નહિ વાર;
થાશે નકી એમ જાણજે, તારી પર તે સવાર; રે મન૦
કાળાં તે ધોળાં થઈ જશે, જશે તેજ તમામ;
થરથર પગ કર કંપશે, થાશે કાંઈ ન કામ; રે મન૦
શરીર સુકાઈ જશે બધું, વધૂ વેરી જણાશે;
છૈયાં અને વળી છોકરાં, વીંખી ખાંતશું ખાશે; રે મન૦
બોખું શરીર બોખું થયે, તૃષ્ણા તાજી થવાની;
લાળવાળાં મુખપર મળી, માખીઓ બેસવાની; રે મન૦
લાકડી એક સહાયમાં તુંને ટેકવા રહેશે,
મોત વિના સંભાળ તો, તારી કોઈ ન લેશે; રે મન૦
ક્યારે કહે તું ચેતીને, રામનું નામ લેશે ?
ક્યારે કોડે કરી કે' હવે હરિચરણમાં રે'શે ? રે મન૦
સાર નથી સંસારમાં, મોત થાતાં ન વાર;
પ્રેમ છતાં તે પડયો રહે, સઘળો પરિવાર; રે મન૦
તારાં નથી ઘરબાર ને, સગપણ નથી સાચું;
આ પંચભૂતનો દેહ તે, જેવું માટલું કાચું; રે મન૦
તારો નથી આ દેહ ને, નથી ઇંદ્રિય વર્ગ;
પુણ્યમાં પ્રીતિ કર્યા વિના, ક્યાંથી પામીશ સ્વર્ગ ? રે મન૦

ઇંદ્રિય સર્વ ઉઠી જશે, થશે હાલ બેહાલ
મનની રહી મનમાં જશે, આવી ઉભશે કાલ; રે મન૦
બુદબુદ સરખા દેહની, કેમ રાખ તું આશા;
પાર નહિ વ્હાણુ ઉતરે, ઉંડા નાંખ્યે નિશાસા; રે મન૦
કેશવ પ્રભુ ભજવા વિના, જન્મ જાય અલેખે;
ઉત્તમ પદને પામવા, તું લગાડ તે લેખે; રે મન૦

चित्तने विचारी चालवा विषे.

× शामकल्याण.

ચાલ તું વિચારી ચિત્ત, ચાલ તું વિચારી;
હોય તે હિતોપદેશ, અંતરે ઉતારી. ચાલ તું૦
પાપના પ્રપંચને, સદૈવ તું નિવારી;
ધર્મ કર્મ માંહિ ધ્યાન, શુદ્ધિ ધારી ધારી; ચાલ તું૦
દેહ તો મટુકી એક, ફટક ફુટનારી;
જીવનની દોરી તેમ તટક તૂટનારી; ચાલ તું૦
સદાચારતણી ચાલ, સાવ તું વિસારી;
જોરમાં ન વેર મૂર્ખ, ખાંતથી ખુવારી; ચાલ તું૦
છોડી દે છકેલ રાંડ, વૃત્તિને નઠારી;
નીતિ રીતિમાં સદૈવ, કરી પ્રીતિ સારી; ચાલ તું૦
કામ ક્રોધ લોભ મોહ, લોહની કટારી;
સર્વ પ્રાણીને સદૈવ, ઠાર મારનારી; ચાલ તું૦
પુણ્યના પ્રતાપથીજ, સદ્ગતિ થનારી;
પુણ્યના પ્રતાપથીજ, દુર્ગતિ જનારી; ચાલ તું૦
સત્કૃતિ સદાય કરી, કિર્તિને વધારી;
જેમ આ તરી જવાય, ભવસાગર ભારી; ચાલ તું૦

× શીઘ્ર ત્રિતાલમાં. મણીદીપ છંદની ઢબમાં પણ ગવાય છે.

વીતી વેળા નહિ મળે,

† (નારાયણનું નામ જપીલે. ગોવરધન ગિરિધારીરે) એ રાગ.

વીતી વેળા ન મળે પાછી, ભૂલે તે ભવ ભટકે રે:
પરમ પુરૂષ તો પુણ્યામૃતને, ઘટકે ઘટકે ઘટકે રે. વીતી વેળા૦
સદા શરીર કાચનો કુપો, તડક દઈને તટકે રે;
પાણીના પરપોટા સરખો, ફકટ દઈને ફટકે રે; વીતી વેળા૦
કામ ક્રોધને લોભ અહર્નિશ, પાપકૂપમાં પટકે રે;
ભવસાગરથી પાર ઉતરતાં, અધવચ જતાં અટકે રે: વીતી વેળા૦
મારા તારામાં શું મોહ્યો, મરી જવું છે મટકે રે;
લલચાયો શું વગર વિચારે, લલનાને તું લટકે રે; વીતી વેળા૦
ચૂંથ્યાં શું ચામડાં ચાતરી, ચતુરાં કેરે ચટકે રે;
ખરા લાભથી ખશી જશો એ, મૂરખ કેમ ન ખટકે રે; વીતી વેળા૦
સદ્ગુણ સિંહ સમાન મેલીને, અવળી વાતમાં વટકે રે;
માયાની આ ઈંદ્રજાલમાં, ફૂલી જઈ શું ફટકે રે; વીતી વેળા૦
કેશવ કામ કંઈ નહિ આવે, નામરૂપ તે ન ટકે રે;
સગાં કુટુંબી સહુ એ સાથી, છેલ્લી વખતે છટકે રે; વીતી વેળા૦

જીવિત સફલ થવા સદાચાર પાળવા વિષે,

* કાફી.

સદાચારમાં ચિત્ત રાખો, સફલ થવા અવતાર; ટેક.
સત્ય સદાચારથી કોઈ સારો સાર નહિ તલભાર; સદા૦
અનુભવ થાય વિચાર વિવેકે, સંસારનો એજ સાર; સદા૦
નિઃસાર સંસાર સહુએ કહેલો, એ થકી થાય સંસાર; સદા૦
સુખ સમજે સહુ એમાં રહેલાં, તે સમજુ નરનાર; સદા૦
એ વિણ ઉત્તમ હોય ભલે પણ, શા કામના શણગાર; સદા૦
જાય સમય થાય આયુષ્ય ઓછું, એ ખોટ જાણી અપાર; સદા૦
માનવ દેહનું મૂલ્ય નથી પણ, પડતાં ન લાગે વાર; સદા૦
ધાન ધરા ધન ભોગ ભલેરા, મેલી જવાં ઘરબાર; સદા૦
જાણે નહિ જન કોઈ પ્રકારે, શી રીતે પડશે સ્હવાર; સદા૦

† જંગલો, ભૈરવી, ઠુમરી વગેરેમાં ગવાય છે.

* બબ્બે કડીએ ટેક લેવાથી ઠીક ચાલેછે. નંદલાલના રાસડામાં પણ ચાલે.

સમય મળ્યો છે સરસ આજ જ્યારે, શાને લગાડવી વાર; સદા૦
મેલો મમત્વ અને મૂર્ખતાના, ફોકટ ફંદ હજાર; સદા૦
સુજાન અને શુભ શાસ્ત્રનો સારો, સત્સંગ સાંજ-સ્હવાર; સદા૦
દાન દયા ધ્યાન ઈશ્વરપૂજન, પ્રતિદિન કરવાં અપાર; સદા૦
પીડાય પર એ અતિ પાપ મોટું, પુણ્ય પરમ ઉપકાર; સદા૦
હીરો ચડ્યો હાથ તે નહિ ખોવો, ખાવો ન ખોટો માર; સદા૦
દાવ સમાન દુરાચાર દેખી, લેખી ખરાનો કટાર; સદા૦
ઝેર હલાહલ જાણીને લેજે, પરધન ને પરદાર; સદા૦
હેતે હરિહર હૈયે ધરીને, આનંદ પામી અપાર; સદા૦
કેશવ પ્રભુ ભજવા કોડ વાતે, વીનવું વારંવાર; સદા૦

ભવસાગરની ભટક વિષે.

(નાથ કૈસે ગજકો બંધ છુડાયો) એ રાગ.

×ભુલા ભવસાગરમાં કેમ ભટકો ? બ્રહ્માનંદ થકી કેમ છટકો ! ટેક.
મોહની ફાંસી વિષે કાં ફસાઈ, લોભની દોરીએ લટકો ?
સત્ય અને શુદ્ધ મારગે જાતાં, આરંભમાંથી શું અટકો ! ભ૦
વિશ્વ વિષે કેમ વગર વિચાર્યે, વસ્તુ વિચારથી વટકો ?
ભાવ થકી ભવસાગર તરવા, રાખો ખરો ખૂબ ખટકો; ભ૦
માન અને અભિમાનનો મેલો, તન-મનમાંહિથી મટકો;
કામ નહિ તમને કાંઈ આવે, લક્ષ્મી તણો લેશ લટકો; ભ૦
સાથ નહિ આવનાર કદાપિ, કાઇ તણો કોઈ કટકો;
દુઃખસ્વરૂપ સદા વિષયોના, ફંદ વિષે કેમ ફટકો ? ભ૦
આત્મ વિચારથી જન્મ મરણનાં સંકટથી સહુ સટકો;
શમ દમ યમ નિયમાદિક કેરો, ચિત્ત લગાડીએ ચટકો; ભ૦
હાથે ચડેલ હરી હરિહીરો, પૃથ્વી ઉપર કેમ પટકો ?
નિત્ય સદાચારથી ચાલવાને, સમજથી રાખવો સટકો; ભ૦
કેશવ કાયા કાચનો કૂપો ફૂટતાં થાય ન કટકો;
માટે અમરપણું પામવા, બ્રહ્માનંદ પીયૂષને ઘટકો; ભ૦

× 'ભુલી' પણ વપરાય.

મનને ઉપદેશ.

વ્હાલાજીના મહિનાનો રાગ.

આપું આ ઉપદેશ શ્રવણ કર કાનરે; મનમારા.
તેવું થાવામાં ધરજે તારૂં ધ્યાન. મૂરખ મનમારા.
કેમ કરે તું કલેશ સદાય વિશેષ રે ? મનમારા.
એથી ટળશે નહિ સંકટ કદિએ લેશ. મૂરખ મનમારા.
સરસ ઉપાય બતાવું તુજને એક રે: મનમારા.
શું અણસમજુ આડું આવેછે છેક ? મૂરખ મનમારા.
તું તારાં છો બંધનને કરનાર રે; મનમારા.
ત્યમ તું તારાં બંધનને છોડવનાર. મૂરખ મનમારા.
બીજાને શું દેછે ઠાલો દોષ રે; મનમારા.
રાખીને રાતદિવસ અંતરમાં શોક. મૂરખ મનમારા.
આંખ ઉઘાડી જો તો કંઈક લગાર રે; મનમારા.
છે તારામાં દુર્ગુણ ને દોષ અપાર. મૂરખ મનમારા.
કામ ક્રોધ મદ મોહ લોભ ને મત્સર રે; મનમારા.
તું તે તારા શત્રુને સત્વર વશ કર. મૂરખ મનમારા.
એ છે ઉત્તમ માર્ગ જવામાં વેરી રે; મનમારા.
તેણે તને લીધું છે ચોગમ ઘેરી. મૂરખ મનમારા.
સમજ સદા તું અહંકાર પણ એવો રે: મનમારા.
તે માટે દૂર તજી તેને તો દેવો. મૂરખ મનમારા.
ક્ષણભંગુર આ શરીર ન જતાં વાર રે; મનમારા.
ઓચીંતો આવી પડશે કાલ કરાલ. મૂરખ મનમારા.
શ્રીહરિહર ભજવામાં કાં રે' હીન રે ! મનમારા.
'કે' ને એવાં શાં છે તુજ કર્મ કઠીન ? મૂરખ મનમારા.
દિનદિન દીનપણું રાખી શું દાઝે રે ? મનમારા.
આ અવળે પંથ જતાં તું કેમ ન લાજે ? મૂરખ મનમારા.
કર સદ્ગુણની સાથ સદા સત્સંગ રે; મનમારા.
આણી અંતરમાં અદકો આજ ઉમંગ. મૂરખ મનમારા.
પરહર તું દુનિઆના સર્વ પ્રપંચ રે; મનમારા.
સત્વર કર તું સુખકારક સઘળા સંચ. મૂરખ મનમારા.

ફોકટ શોદ કરેછે ફેલી ફૂંદરે; મનમારા.
એમાં નહિ લેશ મળે તુને આનંદ. મૂરખ મનમારા.
કરને તું કલ્યાણ કરે તે કામ રે; મનમારા.
કરને તું કર્મ કરે કર તો નિષ્કામ. મૂરખ મનમારા,
હિંસા–સ્તેય અન્યથા કામ ન કર તું રે; મનમારા.
નીતિનો મારગ નિત્ય લઈ સંચર તું. મૂરખ મનમારા.
સંતોષ તણા અમૃતથી રે' શાંત રે; મનમારા.
મેલી દે કર્મતણા કોડો કલ્પાંત. મૂરખ મનમારા.
ચંચલતાથી સર્વે સદ્દગુણ લેવા રે; મનમારા.
શુભ શાસ્ત્રશ્રવણનો હમેશ કરવો હેવા. મૂરખ મનમારા.
પરધન આદિકમાં નહિ કરવી પ્રીતિ રે; મનમારા.
એ ઉત્તમમાં ઉત્તમ નીતિની રીતિ. મૂરખ મનમારા.
સ્થિર થઈને રે' ને તારે ઠામ રે; મનમારા.
લેને જઈ બ્રહ્માનંદવિષે વિશ્રામ. મૂરખ મનમારા.
માયાની જબરી છે જાલ જરૂર રે; મનમારા
બંધાય નહિ એનાં બંધનમાં શૂર. મૂરખ મનમારા.

मनुष्यदेह फरी फरी न मळे ते विषे.

सोरठ.

માનવ શરીર મળે ન ફરી ફરી. ટેક૦
નામ–રૂપનો નાશ અહર્નિશ, એ વાત છેક છે ખરી; માનવ૦
માયાને વશ થઈ શું રડોછો, આંસુડે આંખ ભરી, માનવ૦
હીરો ચડ્યો હાથ શાને ગુમાવો, અસદાચાર આચરી; માનવ૦
આધિ ઉપાધિ તજી તન મનની, ભજીએ શ્રીહરિ હરિ; માનવ૦
જન્મ ધર્યાનો લાવ લહોને, મમતાને કરી પરી; માનવ૦
ચેતો સદા ચિતમાંહી ચતુર નર, થશી રાખ જ્યારે ઠરી; માનવ૦
જન્મ-મરણની જાલ મટાડો, પ્રભુપદ ધ્યાન ધરી; માનવ૦
પુણ્ય અનેક કરી નિજ કરથી, સંસાર લો સુખે તરી; માનવ૦
ઉદય તણાં સાધન સંઘરવાં, ઉત્તમ કામ આદરી; માનવ૦
કેશવ હરિચરણે ચિત્ત રાખી પકડવી વાટ પાંસરી– માનવ૦
માનવ શરીર મળે ન ફરી ફરી, એ વાત છેક છે ખરી. માનવ૦

विवेक ग्रहण करवाविषे मनने उपदेश.

(મોલે પધારો મા'રાજ માણીગર મોલે પધારો) એ રાગ.

મનમાં ધરીને વિવેક, શાણા મન શાંત રહો ને;
ધીર ધરીને સદાય, દૈવે દીધું સર્વ સહો ને; ટેક૦
દુઃખરૂપી દુનિઆં બધી, તેમાં સુખ શું હોય ?
આખા આ સંસારમાં, દીઠો સુખીઓ ન મેં તો કોય; શાણા૦
સંચિત પાસે સર્વદા, પરવશ સઘળો લોક;
કર્યું હોય તે ભોગવે, શાને કરવો નકામો શોક ? શાણા૦
ચાલે અણું ન આપણું, થવું ઘટે તે થાય;
વ્હેલું મોડું તે નકી, લીધા જન્મ જરુર તે જાય; શાણા૦
આધિ વ્યાધિ ઉપાધિના, પાસવિષે ન પડેલ;
એવો નર આ લોકમાં, નિશ્ચે નારાયણે ન ઘડેલ; શાણા૦
અજર અમર કોઈ નથી, ક્ષણભંગુર શરીર;
માથે મોત ફર્યા કરે, તેને સરખા ગરીબ અમીર; શાણા૦
તડકા છાયા થાય છે, તેમ ઉદય ને અસ્ત;
હર્ષ–શોક કરિએ નહિ, ખેલ સંચિતનો છે સમસ્ત; શાણા૦

हरिचरणमां चित्त लगाडवा जीवने बोध.

* राग रामग्री.

રે'ન હવે તો હેતથી, હરિચરણે હરામી.
શું આવડો સંસારની, જાળમાં, જાય જામી ! રે૦
જ્યારે હતો તું ગર્ભમાં, ત્યારે જે હતું જ્ઞાન;
સંભાર ભાઈ હવે કંઈ, ભૂલે કેમ તું ભાન ? રે૦
કામે કોરાયાં કાળજાં ક્રોધ કાંધે ચડાવ્યો;
લોભે લગાડી લાલસા, પાપને પંથ પાડયો; રે૦
મોહે કર્યો મૂઢ મોરથી, ન કર્યાનું કરાવ્યું
મદના મદેથી માનમાં, ખોટું સાચું ઠરાવ્યું; રે૦

---

* રાગ રામગ્રી " પઢોરે પોપટ રાજા રામના " એ. અથવા " વ્રતરે રહીએ એકાદશી જળ જમુનાનાં જઈએ " એ રાસડા પ્રમાણે પણ ગવાય છે.

મત્સરની સરિતા વિષે, વે'તા વેને તણાયો;
આશા-તૃષ્ણાના ઓઘમાં, નરદમ તું દબાયો: રે૦
અંજાઈ અદષ્ટઅંજને, સારૂં નરતું ન જોયું;
સોનું મેલી ધુળ તેં ધમી, એવું ડાંપણ ડોયું; રે૦
સંહાર વાળ્યો શત્રુએ, મેસ્યા તોય ન તેને;
સંસારની ઈદ્રિજાલમાં, ચાતર્યો કેક ચેને; રે૦
રમતાં જમતાં અજ્ઞાનમાં, બાળપણ સાવ ખોયું;
યૌવન વધૂજનને વિષે, ખરી ખાંતશું ખોયું; રે૦
વેવલા ! વૃદ્ધ થયો વળી, આશા અદકી કરે છે;
પિંડ પથારીમાં પડયો, મોત માથે ફરે છે; રે૦
દામ દેતાં પણ દોયલું, એવું આયુષ્ય રત્ન;
એળે ગયું એ તો બધું, કર્યું કાંઈ ન યત્ન; રે૦
તારૂં નથી તલભાર આ. મેલી સઘળું જવાનું;
પાપ અને પુણ્ય જે હશે, સાથે તેજ થવાનું; રે૦
જીતી બાજી તું હાર કાં ? હજી કરને ઉપાય;
પાંજરામાં પ્રાણ જ્યાં લગી. કરિએ તેમ થાય; રે૦
કોને ખબર છે કાલની, ક્ષણભંગુર દેહ;
કામ નહિ કાંઈ આવશે, સહુ સાથને સ્નેહ: રે૦
ચેત હજી તું ચિત્તમાં, અવસર આજ સારો.
કેશવ પ્રભુ ભજવા તને, અન્ય આવે ન વારો, રે૦

ભાવથી હરિને ભજવા વિષે.

* काफी.

હવે તો હાશ કરીને, ભાવે હરિને ભજને; ટેક.
આ સંસાર અસાર શુન્ય છે, તેનું મમત્વ તજો; હવે૦
રાગાદિકને મેલી રખડતા, સમતા સદા રાખજો; હવે૦
શમ-દમની સરડક પર ચાલી, જાતે બ્રુઓને મજો; હવે૦
દંભાદિક દુર્ગુણ દર્ફ ત્યાગી, સદ્ગુણી સાવ થજો; હવે૦

* તાલ દીપચંદી.

સંગતિ સજ્જન જનની લઈને, પુણ્યને પંથે જજો; હવે૦
ઉત્તમ પદ પામવાને પ્રેમે, સાધન સર્વ સજો; હવે૦

સવર્હું તજી જવા વિષે.

.(નાથ કૈસે ગજકો બંધ છુડાયો) એ ઢાળમાં.

તજી ધન ધામ ધરા જન જાવું, નથી સમજ વિના સુખ થાવું; તજી૦
પુર પહેલાં નહિ પાળ કરો તો, પાછળી છે પસ્તાવું;
જન્મ–મરણની બેડી જડાતાં, લેશ ન કેમ લજાવું ? તજી૦
આ ઇંદ્રિજાલ અલૌકિક માયા, ભોળપણે ન ભમાવું;
મૃગજલ જેવાં સુખ મેળવવા, ભાલવિશે ન ભરાવું: તજી૦
અંતરનું અભિમાન રહે નહિ, શીદ મમત્વે મરાવું ?
આખર કાંઈ નહીં કામ આવે, સમજ સખા સમજાવું; તજી૦
હાર્યો જો હરિભજનવિના તું, ઉત્તમ નરતન આવું;
કેશવ કોટિ ઉપાય કર્યે, પણ કરણ પછી છે કમાવું; તજી૦

હાથ ચઢેલો હીરો ન હારવા વિષે.

† હોરી.

હાથ આવ્યો હીરો કેમ હારો ? લાભ લુટાઈ જાય તમારો:હાથ૦ ટેક
માનવ જન્મ મળે નહિ વ્હાલા વારંવાર વિચારો;
તેમાં વળી ક્ષણભંગુર તે છે, પલક વિષે પડનારો;
દાડી જમદૂતનો ડારો; હાથ૦
આ ભવસાગરને તરવાનો, આવ્યો અલૌકિક આરો;
મુંઝાઈ જાઓ ન મોહમાં મોટા, ભૂલનો વેરો ન ભારો:
તજી ખાંડ ખાઓ ન ખારો: હાથ૦
દેવાદિક પણ જે દેહ માગે, તેને કરો કાં નકારો ?
પશુઆદિકમાં પડયા પછી પીડા, હાય થવી છે હજારો;
સાચી વાત કેમ વિસારો ? હાથ૦
કલ્યાણનું શુભ સાધન સારું, શ્રેષ્ઠ સદા સજતા રો;
સંસારનું સુખ પામવા પૂરું, પુણ્યને પંથે પધારો:
સાચો સમજો એ સુધારો; હાથ૦

† તાલ ત્રિતાલ. આશાગોડી વગેરેમાં, અને દેશરાગમાં પણ ગવાય.

અંતે કશું કાંઈ કામ ન આવે, કાં કલેશ કોડે વધારો ?
ખબર પડે નહીં કાલગતિની, માથે ફરે મોત મારો.
નથી નાસવાનો કિનારો; હાથ૦
ભાવે ભજો ભગવાનને ભાઈ, કાઢો કુટિલતા કુધારો;
બુદ્ધિ દીધી બલવાન પ્રભુએ, સાચે વિચારે સુધારો;
આપે આપનેજ ઉગારો; હાથ૦

મમતા મૂકવા વિષે મનને બોધ.

ઢાળ ધરાના પદનો.

મેલીને મમતાને રે, મન તું માન કહ્યું;
શું મારા તારામાં રે, મૂરખ મોહિ રહ્યું ? ટેક.
બંધાવું મૂકાવું સઘળું, તે છે તારે હાથ;
સગાં કુટુંબી કેરો સથવારો, રહિ જાશે સંગાથ;
દુઃખ પડેછે દાડી રે, શાણા કેમ જાય સહ્યું ? મેલી૦
અખંડ સુખ લેવાને ઇચ્છા, થતી હોય જો આજ;
છોડ વિષયની દુષ્ટ વાસના, લાવે તું શું લાજ;
વિષયોમાં લલચાઈ રે, ગાંડા ગુંચી કેમ ગયું ? મેલી૦
સગાં કુટુંબી સઘળાં સાથી; પુત્ર અને પરિવાર;
બંધાઈ બંધનમાં નાંખે, એવો આ સંસાર;
ધન-જનમાં શું ધાર્યું રે, આ તે તુંને શું થયું ? મેલી૦
વીતી વેળા ન મળે પાછી, રટ તું એક રમેશ;
ભળ તું શ્રીભગવાનવિષે જઈ, વાર લગાડ ન લેશ;
કેશવ હાથ કરીલે રે, વય તો જાય વહ્યું; મેલી૦

ચાર દિવસના ચટકાની પેઠે આયુષ્ય ચાલ્યું જવા વિષે.

રાગ ઉપર પ્રમાણે.

ચાર દિવસનું ચટકું રે, ચડી ચોટ ચાલ્યું જશે;
પાછળથી પસ્તાએ રે, શાણા સુખ કેમ થશે ? ટેક.

ધન યૌવનને વૈભવ સઘળો, તે છે સ્વપ્નસમાન:
ખાતાં પીતાં રમતાં જમતાં, ભૂલ્યો તું ભગવાન;
સંસાર તણા તાપેરે, સઘળું ભાન જશે; ચાર૦
કાયા કાચો કુંભ સમજવો, ક્ષણભંગુર નિરધાર;
પાણીમાં પરપોટા જેવો, પલમાં તે પડનાર;
આશા તેની શાની રે, હયાત તો કેમ હશે? ચાર૦
સમય ગયો તે પાછો ન મળે, આયુષ્યનું પણ એમ,
હીરો હાથ ચડયો છે તમને, હરિ હરિ હારો કેમ?
હાથે હાનિ કરતાં રે, હૈયાફૂટા કેમ હસે? ચાર૦
પોતાના સુખમાટે કરતાં, કૂડ કપટ કંકાસ;
ક્ષણમાં હર્ષ હૃદયમાં આવે, ક્ષણમાં થાય ઉદાસ;
ધંધાથી ન ધરાઈ રે, ધન-જનમાંહિ ધસે; ચાર૦
માન અને મમતાને મેલી, સદાચરણમાં ચાલ;
કેશવ પ્રભુમાં કર તું પ્રીતિ, ટળશે સઘળાં સાલ;
તરવાની તક આ છે રે, ખોવી નહીં ખોટ મેશે; ચાર૦

ભાવથી ભગવાનને ભજવા વિષે.

† રાગ જંગલો

ભાવે ભજને ભગવાનને, ભાઈ ભૂલો ન ભાનજી.
મમતાવડે શું મચી રહો, અંતે સઘળું સમાનજી ભાવે૦
કોનાં ધરા ધન ધામ આ, મેલી જાવું મસાણજી;
પુત્ર કલત્ર કુટુંબીઓ, સાચી સમજો શરાણજી; ભાવે૦
ભોગવિલાસ ભલા નથી, બાંધે બંધનમાંહિજી;
વિષ સરખા વિષયોવિષે, કેમ અથડાય આંહિજી; ભાવે૦
સંસાર સ્વપ્નસમાન છે, સુખ મૃગજલ જેમ જી;
આધિ ઉપાધિને વ્યાધિથી, તાપ ઉપજે છે તેમજી; ભાવે૦

---

† આનો ઢાળ ગરબી જેવો થાય છે. 'જી' કાઢી નાંખવાથી રાસડામાં, રામગ્રીમાં અને હાલ માં નાટકમાં બોલાની રીતમાં એમ અનેક રીતે ગવાય છે.

સગપણ સ્વાર્થ થકી થયું, કહો કેટલો કાલજી;
જીવતાં સુધી સગાં બધાં, વૃદ્ધ તરુણ ને બાલજી; ભાવે॰
તન તરવા મળ્યું તુજને, તર ભવજલ બાહ્યજી;
અંતે રહે અળગાં બધાં, બ્હેન બાંધવ બાહ્યજી; ભાવે॰
તન મન વશ કર કોડથી, વૃથા જીવિત જાયજી;
લાઈ લાગ્યે કૂપ ખોદતાં શાણા શું ફલ થાયજી; ભાવે॰
અનુભવ હોય છે એમને, જેને પેટમાં પીડજી;
કેશવ પ્રભુ ભજવા વિના, ભાગે ભવની ન ભીડજી; ભાવે॰

देहाभिमान तजवा विषे.

राग जंगलो.

શું રે ભર્યું છે શરીરમાં, વેગે કર તું વિચારજી.
અનુભવ અંતરમાં થશે, ત્યારે સમજીશ સારજી, શું॰
કસ્તુરી કે કેસર નથી, નથી કુસુમ કપુરજી;
અત્તર કે અર્ગજા નથી, નથી ગંધ મધુરજી; શું॰
માંસ રુધિર રસ મેદ ને, મલ-મૂત્ર ભરેલજી.
મજ્જા અને નસ નાડિઓ, માથે ચર્મ મઢેલજી; શું॰
અપવિત્ર એવા પદાર્થનું, એ છે અદ્ભુત કામજી;
પેદા થયું અપવિત્રથી, લેતાં લાજીએ નામજી; શું॰
લાળને લીંટ પડયા કરે, ઘામે થાય છે ઘાણુજી;
દેખાય છે નિત્ય દૃષ્ટિએ, ખોટી વસ્તુની ખાણુજી; શું॰
દુર્ગંધે ગંધાય છે, રોગ દોષનું ધામજી;
પ્રાણ ગયા પછી કોઈને, કશું આવે ન કામજી; શું॰
ઉત્તમ અન્ન ને વસ્ત્રનો, દુષ્ટ વાળે છે દાટજી;
અંતરમાંહિ અપાર છે, ક્રોધ કામના કાટજી; શું॰
હાડકાંનું હાય પાંજરૂં, તેનું શું અભિમાનજી;
કેશવ તે કેમ 'તું' થશે, ભૂલીજા નહિ ભાનજી; શું॰

માયાનો મહિમા.

ઢાળ ધીરાના પદનો.

ભારે ને ભૂલાવે રે, માયા એનું નામ છે;
ચતુરાઈ ચૂકાવે રે, રુદયો જેને રામ છે. ટેક.
સાચું ખોટું કાંઈ ન સૂઝે, ભ્રમથી મન ભરમાય;
કરવાનું તે કોરે રહેતાં અવળે પંથે પડાય;
ભવાટવીમાં ભટકે રે, વિધિ જેનો વામ છે; ભારે૦
જલમાં સ્થલની થાય કલ્પના, સ્થલમાં જલ દેખાય;
કાચ કળાય કોહિનૂર રુડો, શુક્તિ રજત સમજાય;
સર્પ તણી શંકા રે, દેનારૂં તો દામ છે; ભારે૦
અઘટિત ઘટના આંખે આવે, અધિક અચંબો થાય;
વિષ અમૃત જેવું લાગે ને, અમૃત વિષ થઈ જાય;
બકરી વાઘ દબાવે રે, કહો કેવું કામ છે? ભારે૦
જલમાં મીન મરે છે તરસ્યું, વેલ ગળી ગઈ વાડ;
શીયાળે સાવજને માર્યો, ક્યાં જઈ કરિયે રાડ;
સંસાર તણી વાતો રે, અટપટી આમ છે; ભારે૦

સંસારમાંથી સુખી થવાને શું સાધન કર્યું.

(મન માને નહિ, સો ફેરા સમજાવું તોય શું થાયે.) એ રાગ.

હે માનવ મૂઢ, જન્મ ધરી શાશી તેં કરી કમાણી?
સંસારવિષે, સુખ થાવાની વાત નથી તેં જાણી. ટેક.
માતાને તાતતણી સેવા, નહિ તે સાથે લેવા દેવા;
કુલ સઘળાંને કંટક જેવા, હે માનવ મૂઢ૦
અંતરમાં વિનય રખાય નહીં, હળિલાઈ હયામાં માય નહીં;
શુભ કામ કરેથી થાય નહીં, હે માનવ મૂઢ૦
રડતાં રાખ્યાં ગુરુજન સઘળાં, ઉદ્યમમાં તન મન છે નબળાં;
બલવાળી તમ કરતાં અબલા, હે માનવ મૂઢ૦
સગપણ સ્વાર્થે સંબંધતણું, અંતરમાં એવું સાલ નડ્યું;
પત્નિનું સગપણ સત્ય ગણ્યું, હે માનવ મૂઢ૦

વર્ણાશ્રમ ધર્મ ન પાળ્યા તેં, દુર્ગુણમાં દિવસો ગાળ્યા તેં;
બહુ દીન જનોને બાળ્યા તેં, હે માનવ મૂઢ૦
આચારે ચિત્ત ન તેં દીધું, મન ગમતું તેં ખાધું પીધું;
અભિમાન તણું લગડું લીધું, હે માનવ મૂઢ૦
ધંધામાં ધ્યાન નથી તમને, બાળો છો મનમાંથી અમને;
સમજી ન શક્યા શમને દમને, હે માનવ મૂઢ૦
શી વસ્તુ સંપ હશે વારૂ? શું ભવજલ તરવાનું બારૂં?
સંસારવિષે છે શું સારૂં? હે માનવ મૂઢ૦
એ વાત વિચારી નહીં વ્હાલા, શું ઘેલા કે કહિએ કાલા;
કૈંઆં ખાધાં રખડી ઠાલાં, હે માનવ મૂઢ૦
એકલપેટા જે થઈ બેસે, તે સંસારે સુખ શું લેશે;
બીજાને પણ તે શું દેશે, હે માનવ મૂઢ૦
માટે નિજ ધર્મ વિચારીને, મનના સહુ મેલ વિસારીને;
ભજ રામ વિકાર વિદારીને, હે માનવ મૂઢ૦
હૈયામાં જે રે'નાર હરિ, એ **કેશવ** પ્રભુને દેખ ડરી;
આ માનવ જન્મ મળે ન ફરી, હે માનવ મૂઢ૦

વારસીદે સાંબેલું જવા વિષે.

* ઢાળ ધીરાના પદનો.

વારસીદે સાંબેલું રે, વ્હાલા ચાલ્યું જાય છે;
અંતરને અજ્ઞાનેરે, ફોકટ ફેરો થાય છે. વા૦
ક્યાંથી આવ્યા ક્યાં જાવું છે, કેવી જાત વિજાત;
ક્યાં છે ઈશ્વર કેમ મળે તે, ક્યાં માતા ને તાત;
કોણ સહાય કરે છે રે, ઠાઠે શું ઠગાય છે? વા૦
મરિચિકાને જલ તે માન્યું, મણિને માન્યો કાચ;
વિષને અમૃતરૂપ ગણ્યું તેં, ભૂલ્યો ભાઈ કદાચ;
ચિત્તે ચિંતા કર તું રે, લાજે શું લૂંટાય છે? વા૦
જાગ્યા ત્યાંથી સ્હવાર ગણવું, એમ કહે છે લોક;

* પૂર્વાર્ધના છેવટના ચરણમાં છેવટની બે માત્રા છે ત્યાં ત્રણ ત્રણ પણ નંખાય છે.

ભૂલ્યા ત્યાંથી પાછું ગણિએ, ત્યારે શો છે શોક;
સાચી તો શિખામણ રે, ડાહ્યા ને દેવાય છે; વા૦
અંતરમાં તું વસ્તુવિચારે, તનના તાપ નિવાર;
તરને તક આવી છે તુંને, લેશ લગાડ ન વાર;
ધનને ધામ ધરામાં રે, અંધા ક્યાં તું ધાય છે? વા૦
કાયા કાચ તણી આ કોઠી, ફટ દઈ ફૂટી જાય;
આયુની આશા પણ શાની, અધવચ તૂટી જાય;
અંતે આંખ વીંચાતાં રે, હરિ હાય હાય છે. વા૦

भरोंसानुं पद.

* राग भेरवी.

ભરોંસો શ્રીનટવરનો રાખ,
શ્રીનટવરનો રાખ—ભરોંસો૦

ધામ ધરા ધન કામ ન આવે, અંતે ફરતાં આંખ; ભરોંસો૦
નિત્ય નથી આ તન જન યૌવન ફૂટ ન ફોકટ કાખ. ભરોંસો૦
મિથ્યા સુખ સંબંધ બિચારાં, ભવભય ભૂંડા ભાખ; ભરોંસો૦
પરહર પાપરૂપ પથ્થરને, પુણ્ય તણી કર પાંખ; ભરોંસો૦
આ મારૂં આ તારૂં એવી, મમતા મસળી નાંખ; ભરોંસો૦
જો જાગી બહુ જન્મ ફર્યો તું, નર ચોરાશી લાખ; ભરોંસો૦
સેવા તન મન વચને કરતાં, અમૃતરસફલ ચાખ; ભરોંસો૦
કેશવ ભાવ હશે તો તુંને અંતર દેશે શાખ; ભરોંસો૦

मनने परमेश्वरने शरणे रहेवा विषे बोध.

† मराठी साखी. (કીર્લોસકરી).

રે મન મારા તું ! હરિહરને શરણે જા તું. ધૃતિ.
આ અસાર સંસાર અરેરે તન જન તે નહિ તારાં;
આખર કામ કશે નહિ આવે, ધન યૌવન સુત દારા. રે મન૦

* ધન્યાશ્રી, દેશ, સોહિણી વગેરેમાં ગવાય છે. તાલ ત્રિતાલ. સં. ૧૯૪૩.

† 'શાથાં સંબંધી રે સગપણ ક્યારે કરશો' એ ભજનમાં ઠીક ચાલે; રાગ જોગિયામાં પણ ગવાય છે, ટેકની બીજી કડી બાર માત્રાની પણ થાય છે, અને ટેકની કડી સિવાયની કડીઓ બરાબર છે.

મારાં તારાંમાં શું મોહ્યું ? ક્ષણુભંગુર તન તારૂં;
વિવિધ વિષયના ભોગવિષે તું, પરવરમાં પરબારૂં; રે મન૦
હર્ષ–શોક સુખ–દુઃખાદિકમાં, રાંક થયે શું વળશે ?
શાન્ત રહી ઈશ્વર સેવાશે, ત્યારે સંકટ ટળશે; રે મન૦
તું પોતે તારૂં છે બંધન, વિષયાસક્તપણાથી;
મુક્ત કરે પોતે પોતાને, તું નિર્વિષયપણાથી; રે મન૦
સારૂં નરતું તું સમજી લે, અવસર આ છે સારો;
વિનય વિવેક વિના શી રીતે, અહીંથી આવે આરો; રે મન૦
સર્વાત્મપણું સંપ સરલતા, સંપાદન કર શૂરા;
સુખ થાવાનાં સાધન સઘળાં, પ્રેમવડે કર પૂરાં; રે મન૦
અવળો માર્ગ અસલથી તારો, કર સવળો સુખ થાવા;
કેશવ પ્રભુને ભાવે ભજ તું, જન્મમરણુ–ભય જાવા; રે મન૦

સંસાર અસાર છે માટે પ્રભુને ભજવા વિષે.

* (આ તન ધનકી કોણ બડાઇ) એ પ્રમાણે.

આ અસાર સંસાર વિચારી;
મેલ મમત્વ ભજી લે મુરારીઃ આ૦ ધ્રુતિ.
'હું' કોણુ ? 'તું' કોણ ? કોણુ પિતાજી ?
ક્યાંથકી આવ્યો ? કહે કોણુ માજી ? આ૦
ધામ ધરા ધન ને સુત દારા,
ચાકર ઠાકર છે કોણુ તારા ? આ૦
મેલી જવું શું અહીં તું લયાવ્યો ?
કોણે બધો ઠાઠમાઠ મચાવ્યો ? આ૦
મૃગજલરૂપ જગતજાલ નિરખી,
હરણુ સમાન ન દોડ તું હરખી; આ૦
કેશવ સાર સમજ સુખ થાવા,
જન્મમરણુ ભય શોક શમાવા; આ૦

* રાગ આશાવરી, કલ્યાણ, બરવા પીલુ, દેશ વગેરેમાં તથા સવૈયાની ચાલમાં અને 'હમકો છોડ ચલે બન માધુ' એ ઢાળમાં પણ ગવાય તાલ દીપચંદી.

मनने उपदेश.

* राग भैरवी.

રે મન માન કહ્યું તું મારૂં.
માન કહ્યું તું મારૂં:— રે મન૦ ટેક૦
મિથ્યા ધામ ધરા ધન યૌવન, શું કર મારૂં તારૂં ? રે મન૦
સાથ કુટુંબ સખાવત કોનાં, આ તન પણ પરનારૂં; રે મન૦
જન્મ-મરણનું કાલ વગાડે, પ્રતિદિન પ્રકટ નગારૂં; રે મન૦
નરતન રત્ન સમજ તું શાણા, ભવસાગરનું આરૂં; રે મન૦
વિકટ વિષયના પંથ વિષે તું, પરવરમાં પરબારૂં; રે મન૦
વિનય વિવેકવડે સમજી લે, શું નરતું શું સારૂં; રે મન૦
શમદમ સાધન શ્રેષ્ઠ સજી લે, ઉત્તમ પદ દેનારૂં; રે મન૦
કેશવ પ્રભુનાં પદપંકજને, પ્રાણ થકી કર પ્યારૂં; રે મન૦

ममता तजवाविषे.

राग उपर प्रमाणे.

રે મન માં કર મારૂં મારૂં.
માં કર મારૂં મારૂં:— રે મન૦ ટેક૦
ધામ ધરા ધન જન યૌવનમાં, તલભાર નથી તારૂં; રે મન૦
તારે હાથ નથી આ તન પણ, મૂઢ મરે શા સારૂ ? રે મન૦
પુત્ર કલત્ર કુટુંબ કબીલો, આખર સર્વ ઉતારૂ; રે મન૦
અળગું કર અભિમાન અરે તું, બંધન બહુ કરનારૂં; રે મન૦
સંબંધે સુખ સ્વાર્થ તણું જે, અંતે તેપણ ન્યારૂં; રે મન૦
વિષયાસક્તપણાથી નિશદિન, અવર ન બંધન ધારૂં; રે મન૦
દેવાદિકને આ દુર્લભ તન, કરમાં કુટિલ નકારૂં; રે મન૦
કર **કેશવ** પ્રભુનું પદપંકજ, પ્રાણ થકી પણ પ્યારૂં; રે મન૦

---

*સોહિણી, દેશ વગેરે બીજા રાગોમાં તથા 'સીયા રામજીસે' વગેરે દેશી ભજનોમાં પણ ચાલે છે

* राम नामना रटण विषे.

† भैरवी.

રસિક રસના તું, રામનામ રટણથી ન અટક;
ધન–જન–તન–મદવડે ફુલાઈ કેમ ફટક? રસિક૦
વિનય નીતિને વિવેકથકી કેમ વટક?
ભુલથી ભમાઈ શીદ ભવમાંહિ ભટક? રસિક૦
ચક્રની સમાન ફરે ક્રુર કાલકટક;
આખરની વાતની ન રાખ કેમ ખટક? રસિક૦
જન્મમરણ અધિક કામને વિપત્તિ વિકટ;
નિરખતાં ચડે ન ચિત્તમાંહિ કેમ ચટક? રસિક૦
લોભ લાલચે લુંટાઈ અધવચે ન લટક;
પાપરૂપ સર્વ આ પ્રપંચ દૂર પટક; રસિક૦
આ અમુલ્ય દેહવડે અમૃતરસ ઘટક;
કેશવ સુખધામથી છકેલ કેમ છટક? રસિક૦

मळेला समयनो सदुपयोग करी लेवा विषे.

× काफी.

ગયું પલ પાછું ન આવે, સમય વૃથા વહીજાય. ટેક.
માન મમત્વ અને સુખ સાધન, આખર ફોકટ થાય; ગયું૦
આજ અમુલ્ય મળ્યું તન તેપણ, ઘડિપલમાંહિ ઘસાય: ગયું૦
ધામ ધરા ધન જન યૌવનથી, કેમ કશું ન કરાય? ગયું૦
વિનય વિવેક વિચાર બને તો, સર્વ સફલ છે સદાય; ગયું૦

---

* एतावतालमघनिर्हरणाय पुंसां संकीर्तनं भगवतो गुणकर्मनाम्नाम् ।
उद्घुष्यपुत्रमघवान्यदजामिलोपि, नारायणेति म्रियमाणमियायमुक्तिम् ॥

એ શ્લોક વાંચતાં થએલા વિચારોપરથી લખાએલી. લિ. કર્તા.

† રાગ કલ્યાણમાં પણ ગવાય છે. કંઈક ઈંગ્રેજી ટપમાં ચાલે છે. ટેકમાં એક કડી બેવડાય તોપણ ચાલે અને બીજી નાંખીએ તોપણ ચાલે. તાલ દાદરો.

× આ કાફી, પરજ વગેરેમાં પણ ચાલે: આવોને નંદલાલ રમવા આવોને રે" એ રોરાડામાં પણ ચાલી શકે છે. તાલ દીપચંદી.

ભાવે ભજાય ભવે જો ભૂધર, તો ભવસિંધુ તરાય; ગયું૦
જલ પ્હેલાં નહિ પાળ કરે જે, તે પાછળી પસ્તાય; ગયું૦
જાણી હવે નિજરૂપ તું કેશવ, રંક મટી થા રાય; ગયું૦

અભિમાન ન ધરવા વિષે.

* राग भैरवी.

મેલ તું અભિમાન આખર કોઈ દિન પણ જાવું છે.
જાવું છે મન જાવું છે મન કોઈ દિન પણ જાવું છે. મેલ૦
ભૂલથી ભરમા નહીં તું પૂણ્ય પૂર્ણ કમાવું છે;
ધર્મ કર્મ સહાય જો નહિ હોય તો ભમાવું છે; મેલ૦
આધિ ને ઉપાધિના બહુ દુઃખથી દબાવું છે;
મારા તારામાં મચી રહેવા થકી મરાવું છે; મેલ૦
ડાકમાકવડે વળી સંસારમાંહિ ઠગાવું છે;
હાય હાય કરી હજાર પ્રકારથી હણાવું છે; મેલ૦

હરિ ભજવા વિષે.

× राग कानडो.

હરિ નામ સુધારસ પીલે, મન શું બેઠું મુખ ઢીલે. હરિ૦
ધામ ધરા સુખ સંપત દારા, રૂપ ખરેખર ખીલે;
બંધાઈ તું દૃઢ બંધનમાં, ચાલ ન અવળે ચીલે; હરિ૦
નામ સુધારસની શીતલતા, તનના તાપ હરી લે;
શાન્તપણું આપે અંતરમાં, દુઃખ રહે નહિ ડીલે; હરિ૦
નૌતમ નાવ નકી તરવાનું, કરમાં એજ કરી લે;
ભયકારક ભવસાગર ભારિ, અંતર તરત તરી લે; હરિ૦

* રાગ ધન્યાશ્રી તથા ઝીલ્લામાં પણ ચાલેછે. તાલ ગજલ.

× ભૈરવ, સોહિણી, દેશ વગેરે અનેક રાગોમાં ગવાય છે. 'નારાયણનું નામ જપી લે' એ તથા 'નાથ કૈસે ગજકો બંધ છુડાયો' વગેરે ઢાળમાં પણ ગવાય છે. તાલ ત્રિતાલ.

નોટ ભજનના ચાબખામાં આવાં પદો ચાલે છે; પણ જો પહેલાથીજ ચાબખાના પ્રમાણમાં રચના થઇ હોય તો તે ચાબખા પછી પદોમાં બરાબર ચાલતા નથી. ટેકની કડી જેને જ્યાં લેવી ઘટે તેમ ત્યાં લેવી. લિ કર્તા.

કુંદનરૂપ સમજ તું કાયા, ઓપ ચડે શુભ શીલે,
હીરો હરિનું નામ નિરંતર, આજ જરૂર જડી લે; હરિ૦
કર જપ તપ કે યોગ સમાધિ, એશ જઇને બીલે;
કેશવ કોઈ ન એને તોલે, કહું હું તેજ કરી લે: હરિ૦

घर बेठां हरि भजवा विषे.

राग उपरप्रमाणे.

ભજ ઘર બેઠે હરિહરને; ભવસાગર સુખમાં તરને. ભજ૦ ટેક.
મુંડ મુંડાવી જટા રખાવી, વનમાં વનમાં ફરને;
ખા ફલ ફૂલ કંદ શું તેથી, મળશે તું નટવરને? ભજ૦
યોગ સમાધિ સાધવા મેલી, સુત દારાને ઘરને;
ભીખી પેટ ભર્યાથી ઘરઘર, શું મળશે ગિરધરને? ભજ૦
મન નિર્મલ નહિ હોય અને તું, કર તીર્થાટન મરને;
પુણ્યક્ષેત્રવિષે વસવાથી, શું મળશે શંકરને? ભજ૦
શાસ્ત્રપુરાણાદિકને પાઠે, પ્યારો થાવા પરને;
જપ જાપ કરી ઢોંગ મચાવે, શું મળશે ઈશ્વરને? ભજ૦
સાર સમજ સાચો અંતરમાં, ધ્યાન બરાબર ધરને;
તીર્થક્ષેત્ર અને દેવાદિક, ઘટમાં દરશન કરને; ભજ૦
ઘરમાં દેવ દેવતા તારા, સેવા શુભ આદરને;
અંતર આંખ ઉઘાડી જો તું, વર સુખના સાગરને. ભજ૦
વ્રત નિયમાદિકની ના કહેતું કોઈ નથી તું કરને;
પણ **કેશવ**ને પરખી લેવા, શુભ પંથે સંચરને; ભજ૦

१

विचारी चालवा विषे.

* काफी.

વિચારી ચાલ સખા તું, યૌવનના દિન ચાર; ટેક.
ચિત્ત વિષે નહિ ચેત ચતુર જો, તો દુઃખ થાશે અપાર. વિ૦

* રાગ મારૂમાં પણ સારૂ ચાલે છે. રાસડામાં ગાઇએ ત્યારે સખાને બદલે સખિ પણ વપરાય છે.

સમય મળ્યો આ સરસ આજ તું, લક્ષ લગાડ લગાર;
પલ વીત્યું પાછું નહિ આવે, એ નિશ્ચય નિરધાર; વિ૦
મન ઇન્દ્રિય નિજને વશ રાખી, પુણ્ય પવિત્ર વધાર;
વર્ણાશ્રમના ધર્મ અને શુભ, કર્મવિષે કર પ્યાર; વિ૦
શિથિલ નથા મન ઇન્દ્રિય તારાં, એ પ્રભુનો ઉપકાર;
ખબર નથી ક્ષણની પણ પડતી, અચલ નથી ઘરબાર; વિ૦
મેલ પ્રપંચ પાપને પડતાં, કર પરનો ઉપકાર;
કેશવ હરિનું શરણ કરીને, આ શુભ જન્મ સુધાર; વિ૦

૨

काफी.

વિચારી ચાલ સખા તું યૌવનના દિન ચાર;
આજ થયું તે થયું સમજજે, આગળ કેવી ઉધાર ? વિ૦
કામ ક્રોધ લોભને ભૂલી, મદ મત્સરને માર; વિ૦
સ્વપ્નસમાન તથા વિષસરખા, વિષયસુખોને વિસાર; વિ૦
નીતિનિયમથી ચાલ નિરંતર, જાગીએ ત્યાંથી સ્હવાર; વિ૦
ધન જન યૌવન શુભ સંપતનો, ગર્વ ન રાખ ગમાર; વિ૦
અચલ નથી અવનિપર કોઈ, વાત વિવેક વિચાર; વિ૦

मनने शिखामण.

१

मराठी चालनी साखी.

જો મન માને તો, આ માન શિખામણ મારી. ટેક.
શબ્દ–સ્પર્શ–રૂપ–રસ–ગંધે, શું સુખ સાચું જોયું ?
મૃગ–ગજ–શલભ–મત્સ્ય–ભમરાએ, આખર આયુષ ખોયું; જો મન૦
શમ દમ શ્રદ્ધા દાન તિતીક્ષા, જપ તપ સુભટ સહાયે;
કામાદિક–રિપુબલને વશ કર, મન વચન ને કાયે. જો મન૦
પરદાર પરદ્રવ્યવિષે લવ, લેશ કુદૃષ્ટિ ન કરવી;
પરદ્રોહને દૂર પછાડી, પરનિંદા પરહરવી, જો મન૦
ન્યાય નીતિથી પુણ્ય વધારી, ઉદય જગતમાં કરવો;
શીલ સદાચરણે શુભ રીતે, આ ભવસાગર તરવો. જો મન૦

કૂડ કપટ કોરે રહી જાશે, મરણ અચાનક થાતાં;
પાપ-પુણ્ય સઘળું પુછાશે, જમને દ્વારે જાતાં: જો મન૦
દુર્લભ જન્મ જતાં આ એળે, પાછળથી પસ્તાશે;
હાશ કરી શું સૂતા શાણા, હાલ ભયંકર થાશે; જો મન૦
થોડા સારૂ શીદ બગાડે, ખેલ બધો ખલતામાં?
સવળો પંથ વિસારી વ્હાલા, અવળે પંથે જામાં. જો મન૦
શ્રેષ્ઠ ઉપાય બતાવું તુંને, તાપ ત્રિવિધ ટળવાને;
મમતા મેલી સમદષ્ટિવડે, ગુણ ઇશ્વરના ગાને; જો મન૦
જપ તપ ઇશ્વરપૂજન આદિક, સંધ્યા સ્નાન સમાધિ;
દાન યજન કરતાં કુલવાને, શુભપદ લેવું સાધી, જો મન૦
સારાનું ફળ સારૂં મળશે, નરતાનું ફલ નરતું;
કેશવ વિનવે કર જોડીને, કાંઈ હવે તો કરતું. જો મન૦

૨

मराठी चालनी साखी.

જો મન માને તો, માન વચન તું મારૂં. ટેક.
વિષયતણા વિષયસરખા રસમાં, શું સુખ સાચું જોયું?
મારૂં તારૂં કરતાં મૂરખ, આખર આયુષ ખોયું; જો મન૦
ભવિષ્ય ભાવિ ભાગ્ય એ વચનો, પર વિશ્વાસ ન કરિએ;
પુરૂષાર્થે સુખથી સંચરતાં, આ ભવસાગર તરિએ. જો મન૦
સઘળું પ્રિય પોતાને માટે, સાર સમજ તું એનો;
સંસારતણા સગપણમાંહી, સંશય રહે છે શેનો? જો મન૦
મનની માનેલી આ માયા, અંતે મૃગજલ જેવી;
તેને અણુસમજેથી સાચી, શાને માની લેવી? જો મન૦
ભૂલવણી આ ભવસાગરની, ફરતાં ભૂલ ન ખાવી;
જન્મ-મરણ જાવાને માટે, તક આવી છે આવી; જો મન૦
સાંપડશે નહિ સમય ગયો તે, આયુષનું પણ એવું;
ધામ ધરા ધન યૌવન આદિક, સઘળું મૃગજલ જેવું. જો મન૦
ધર્મ કર્મમાં કર તું પ્રીતિ, નીતિ ન્યાય વિચારી;
કેશવ હરિની પરિચર્યાને, પ્રાણથકી કર પ્યારી, જો મન૦

૩

मराठी चालनी शार्वी.

જો મન માને તો, માન વચન તું મારૂં. ટેક.
હર્ષ–શોક સુખ–દુ:ખ અને ભય, છે કોને ક્યાં લાગે?
જન્મ–મરણ પણ ક્યાં કોને છે? ભટકાને શું ભાગે? જો મન૦
તરંગ જેમ જણાય જલધિમાં, ભિન્ન અભિન્ન તથાપિ;
અધિષ્ઠાનમાં તેમ જગતમાં, મન શકશે શું માપી? જો મન૦
ચિદાકાશમાં સર્વ વિલાસો, ભાસે વિવિધ પ્રકારે;
સ્વપ્નસમાન સમજ તું સર્વે, ટળશે વસ્તુવિચારે. જો મન૦
અધિષ્ઠાનમાં સર્વ જગત આ, વિવિધ વિવર્ત સમજવું.
સાચું રૂપ સમજવા કાજે, સુંદર સાધન સજવું. જો મન૦
કાંઇ નથી ને સર્વ જણાયું, એજ ઐશ્વરી માયા;
બ્રહ્મા ને ભવજેવા તે પણ, શોધ કરીને કાયા. જો મન૦
ઇંદ્રજાલ જબરી આ જોઈ, તે જન મોહ ન પામે;
જેની ઉપર કૃપા કરી છે, રઘુકુલપતિ રામે. જો મન૦
મન વાણી નહિ પ્હોંચે એવી, આ છે વાત વિચિત્ર;
કેશવ કઇ રીતથી પાડે, તુજ ચિતમાંહી ચિત્ર! જો મન૦
જેની સત્તાથી જે રીતે, જેવું આજ જણાયું;
એ ઇશ્વિર ભાવે ભજવાને, ઉત્તમ વ્હાણું વાયું. જો મન૦
જાવા જન્મ જરા સુખ થાવા, કર ઉદ્યોગ કલાથી;
માનવ જન્મ સરસ છે સાધન, અધિક કયું છે આથી? જો મન૦

आ असार संसारमां सार शुं?

राग भैरवी*

સાર શું અસારમાં વિચાર તું લગાર અહીં?
જાય કાલ હાય વોયથી મમત્વમાંહિ વહી. સાર૦
શું પડ્યા પલંગમાંહિ ખાઈ ખૂબ દૂધ દહીં;
આ અમૂલ્ય જન્મની ગમાર જાણુ વેળ ગઈ; સાર૦
ધન જન તન યૌવન વર કામ કર્મ ધામ મહીં;
કામનાં ન કાંઈ કાઇ નક્કટ વૃથા નાચ નાહીં; સાર૦

* ગઝલ દાદરો વગેર તાલમાં ગવાય છે.

આધિની અનેક વેદના ન જાય ક્યાંહિ કહી;
વ્યાધિને ઉપાધિ અધિક જાણ જાય જીવ લહી; સાર૦
સર્વભોગ સુખ સમગ્રના તરંગ જાય રહી;
કેશવ—કર પકડ એજ સાર સુખદ એક સાહી. સાર૦

मनने ठपको.

* राग धन्याश्री.

મન મારા શું મૂર્ખપણામાં, મોહ પમાડે મુને રે ?
શાન્તપણું રાખી તું સાંભળ, તો સુખ થાશે તુંને રે. ટેક.
સમજાવું તોપણ નહિ સમજે, આગળથી તું અવળું રે;
સુખ લેવું જો હોય સરસ તો, શાણા થઈ જા સવળું રે; મન૦
કાંઈ નથી પણ સર્વ કર્યું તેં, જાદુગરના જેવું રે;
ને તારી માયામાં તેં પણ, રૂપ કર્યું કહું તેવું રે; મન૦
ઈશ્વરનું આ જગત અમોને, લેશ ન બંધન આપે રે;
તારૂં કલ્પિત જગતજાલ આ, ખૂબ તપાવે તાપે રે; મન૦
તારૂં જગત ટળે જે સમયે, બંધન સઘળું તૂટે રે;
જન્મ–મરણના ફેરામાંથી, છલ ભેદ વિના છૂટે રે; મન૦
જપ તપ પૂજન ધ્યાન સમાધિ, કર તું કપટ વિસારી રે;
ધર તું ધ્યાન સદા હરિહરનું, તર ભવસાગર ભારી રે; મન૦
અનુભવથી ઓળખ ઇશ્વરને, વસ્તુવિવેક વિચારી રે;
સમય સફલ કર સહજ ઉપાયે, એજ વિનંતી મારી રે; મન૦
કેશવ પ્રભુએ કૃપા કરી છે, એમ સમજ તું શાણા રે;
હીરો હાર્યું હાથ ચડેલો, તો પાછળથી પ્હાણા રે; મન૦

विवेकथी विचार करी लेवा विषे.

काफी.

કરીલે કુશલપણાથી વિનય વિવેક વિચાર. ટેક.
ઉત્તમ જન્મ સમય બહુ સારો. વેવલા કેમ વિસાર ? કરી લે૦

* રાસડામાં, ઠુમરીમાં, પદમાં અને પ્રભાત વગેરેમાં ગવાય છે.

હું કોણ ક્યાંનો અહીં કેમ આવ્યો, કોણ પ્રકટ કરનાર; કરી લે૦
કોણ પિતા માત જન્મ મરણ શું, સંબંધમાં શો સાર; કરી લે૦
ધામ ધરા ધન યૌવન કોનાં, કોનાં આ ઘરબાર; કરી લે૦
ખબર નથી પલની પણ પડતી, આગળ કેવી ઉધાર; કરી લે૦
અંતરપટ અળગું થઈ જાતાં, આનંદ થાય અપાર; કરી લે૦
કેશવ પ્રભુ ભજવાનું સાધન, માનવ તન નિરધાર; કરી લે૦

मोहरूपी मदिरा न पीवाविषे.

माढ

પીઓ ન વારુણી, અહો પીઓ ન વારુણી;
વારુણી વશમું ઝેર રે, પીઓ ન વારુણી;
વાળે છે કાળો કેર રે, પીઓ ન વારુણી. ટેક.

વારુણીમાં દોષ વધારે, દિન દિન વધતાં દુઃખ;
ભારે ભારે ભય ઉપજાવે, આખર આવે ભૂખ;-
રે પીઓ ન વારુણી;

સારો ન એમાં સાર રે, પીઓ ન વારુણી;
વણસાવે વિનય વિચારરે, પીઓ ન વારુણી; વારુણી૦

આળસ ઉંઘ વધારે વેગે, તન મન અતિ અકળાય;
દેશતણો પણ દાટ વળેછે, રંક અને શું રાય:-
રે પીઓ ન વારુણી;

ભોળાયા છે ભડભૂપ રે, પીઓ ન વારુણી;
એ છે હલાહલરૂપ રે, પીઓ ન વારુણી; વારુણી૦

આભડછેટ અધિક અભડાવે, દે દુર્ગંધ અપાર;
નિર્ધનતાને નિત્ય વધારે, બલના વાગે બાર;-
રે પીઓ ન વારુણી;

ઉઘાડો વ્હાલા આંખ રે, પીઓ ન વારુણી;
ફુટોછો શેની કાખ રે, પીઓ ન વારુણી; વારુણી૦

જાત અને નિજ ભાત ભૂલાતાં, અપયશ પૂરો થાય;
પરવશતામાં પિંડ પડયાથી, પ્રાણ પરાણે જાય:-
રે પીઓ ન વારુણી;

એમાં છે પાપ અપાર રે, પીઓ ન વારુણી;
લૂટાવોમાં ઘરબાર રે, પીઓ ન વારુણી; વારુણી૦
કેશવ પ્રભુની હોય કૃપા તો, સમજો સાચી વાત:
નહિ તો ભુંડે હાલે પડતાં, લાખો ખાશો લાત;—
રે પીઓ ન વારુણી૦
વારુણી વશમાં બાણ રે, પીઓ ન વારુણી;
આપું છું મારી આણ રે, પીઓ ન વારુણી; વારુણી૦

मननो स्वभाव अने ठपको

* मराठी शार्खानी चाल.

મૂરખ મન મારા, શું કર્મ કઠણ છે તારાં? ટેક.
આગળ પાછળ આડું અવળું, તું ક્ષણક્ષણમાં દોડે;
અસલ થકી અવળું જાવાની, ટેવ છેકેક ન છોડે; મૂરખ૦
રામનામનું રટણ વિસારી, અન્ય વિષયમાં લાગે;
સદ્ગુણનો સંચાર થયો કે, ભડકીને તું ભાગે મૂરખ૦
ઇન્દ્રિયને આધીન રહીને, પરવશતા બહુ પામ્યું;
ભવસાગરમાં ભટકી મરવા, જગતવિષે બહુ જન્મ્યું: મૂરખ૦
રાગ–દ્વેષ–હર્ષ–ભય કરતાં, કેમ નથી તું કાતું?
કામ ક્રોધ લોભ લાલચથી, કેમ ન લેશ લજાતું? મૂરખ૦
પ્રાણીમાત્ર મરણને પામે, પણ તું અમર રહે છે;
અમર છતાં સંચિતને યોગે, અગણિત જન્મ ધરે છે: મૂરખ૦
બંધન વિષયાસક્તપણાથી, પામ્યું છે તું પ્હાણા;
મુક્તપણું નિર્વિષયપણામાં, સમજી લેને શાણા; મૂરખ૦
સુખ સંતોષવિષે નહિ સમજે, નીતિ ન્યાય ન જાણે;
તું તારું ધાર્યું કરવાને, કથળે સાવ કટાણે; મૂરખ૦
જપ તપ ઇશ્વરનું આરાધન, કર તું કુશલપણાથી;
માનવ જન્મ સરસ છે સાધન, અધિક કયું છે આથી? મૂરખ૦
પ્રબલ ઇંદ્રિયો છે ત્યાંસુધી, સંજ સાધન તો સારૂં;
ભજ તું શ્રીભગવાનચરણમાં, મેલી મારૂં તારૂં; મૂરખ૦

* રાસડામાં, પ્રભાતમાં, અને ઠુમરીમાં ગવાય.

વિનય વિવેક સંતતિ તારી, તે પર કર તું પ્રીતિ;
કેશવ કપટ ઝપટ કર કોરે. ઉત્તમ એ છે રીતિ; મૂરખ૦

स्वार्थी सगपणविषे.

छंद रुचिरानी चाल.*

સ્વાર્થતણું સગપણ સંસારે, મમતામાં મન લોભે રે;
ઈશ્વરની અલબેલી માયા, એમાં સઘળું શોભે રે. ટેક.
પુત્ર કલત્ર મિત્ર છે કોનાં? કયાં અભિમાન રહે છે રે?
કયાં ઘરબાર જનક ને જનની? શું સંતાપ સહે છે રે? સ્વા૦
બંધાયો સંબંધ જગતમાં, તે છેવટ છે ખોટો રે;
સમજી સાર શકાય ન સાચો, એવો ગડબડ ગોટો રે; સ્વા૦
સઘળું પ્રિય પોતાને માટે, તેથી સ્નેહ રહે છે રે;
સ્વાર્થે જન્મ મરણનાં મોટાં. સઘળાં દુઃખ સહે છે રે; સ્વા૦
ધન યૌવન અહીંઆં રે'વાનાં આખર જ્યારે આવે રે:
સ્નેહ અને સંબંધ બધાંનો, રગ રગ રુદન કરાવે રે; સ્વા૦
રંગ વિચિત્ર જગતમાં લાગે, તે કારજ પણ તનું રે;
કેશવ હરિના ભજન વિના તો. તેમાં સુખ તે શેનું રે? સ્વા૦

मनने ठपको.

राग केदारो.

રે મન કેવું અધમ અભાગી?
કેવું અધમ અભાગી–રે મન કેવું૦ ટેક.
ભવ ભવ ભટકયું તોપણ ભુંડા, ભવની ભુખ ન ભાગી; રે મન૦
વશ્ય છતાં સાધન સઘળું પણ, તન બલ બુદ્ધિ ત્યાગી;
હીરો હાથ ચડેલો હાર્યું, લાજ લગાર ન લાગી; રે મન૦
ભૂલ્યું તું ભગવાનભજનમાં, રામાદિકમાં રાગી;
ધન યૌવન માયાના મદમાં, જોયું કાંઈ ન જાગી; રે મન૦
આધિ વ્યાધિ ઉપાધિ વધારી, ઠગ ઠોકર બહુ વાગી;
કેશવ હરિની કૃપા પામીને, હાય થયું ન સુહાગી; રે મન૦

---

* ગીતમાં, રાસડામાં ભજનમાં અને બીજા ઘણા રાગમાં ચાલે છે. ત્રિતાલ.

मूर्ख न थवाविषे मनने बोध.

* महीदीपनी चाल.

માન કહ્યું મારૂં મન મૂર્ખ મૂર્ખ થામાં;
આ ભવાટવીની જાલમાં જડાઈ જામાં; ધ્રૃતિ.
સ્વપ્નની સમાન સર્વ ભૂલમાં ભમામાં;
મેલ માનને મમત્વ સમજ તું વિસામાં માન૦
ધન જન તન ધામ ધરા સાથ કે સગામાં;
આ વિચિત્ર ઠાઠમાઠને વિષે ઠગામાં; માન૦
હર્ષ શોક મોહના પ્રવાહમાં તણામાં;
પુણ્યથી પવિત્ર થવા લેશ તું લજામાં; માન૦
સમય સાંપડ્યો હવે ભમેલ ભૂલ ખામાં;
આ અમૂલ્ય જન્મ અફલ જાય હાય વામાં; માન૦
છોડ તું છકેલ છેલ અધિક અધિક ધામાં;
કુટિલ હવે કાન રાખ કૃષ્ણની કથામાં; માન૦
કર જપ તપ દાન ધર્મ પૂજા પ્રતિમામાં;
કેશવ હરિનામ વગર સાર નહિ કશામાં; માન૦

अवसर न आववाविषे.

‡ राग कानडो.

અવસર વીત્યો નહિ આવે:—અવ૦
પલની ખબર નથી પડતી આ, લોક સદા સમજાવે; અવ૦
બાલપણામાં રમત ગમતમાં, રહી રમખાણ મચાવે,
તરુણપણામાં તરુણી તુંને, નૈતમ નાચ નચાવે; અવ૦
વૃદ્ધપણે પરવશતા પીડે, ચિંતા ચિત્ત તપાવે;
કાલ અકાલે આવી પડતાં, ક્યાં બલ કોઇ બચાવે ? અવ૦

---

* ઝીંઝોટી, પ્રભાત, બિહાગ વગેરે રાગમાં ગવાય છે. તાલ દાદરો.

‡ ત્રિતાલ. આવી જાતનાં પદ કાફીની હોરીમાં ચાલે, પણ રચતી વખતે તેવી ગોઠવણ રાખવી જોઈએ; હોરીમાં પાંચ પદ હોય તેમાં પાંચમું ટેકમાંથી કાઢી લેવું લિ. કર્તા

કૂડ કપટ છલવાળાં કર્મો, કોને કાજ કરાવે ?
તન ધન જન બલ બુદ્ધિતણું તું, શું અભિમાન ધરાવે ? અવ૦
ચંચલ ચિત્ત ચપલ આ કાયા, દુઃખ અનેક દબાવે;
પંથ ગ્રહણ કર પુણ્ય થવાનો, દાન દયા કર દાવે; અવ૦
માનવ જન્મ અમૂલ્ય મળ્યો તે, શીદ વૃથા વણસાવે;
ભય હરનારા **કેશવ** હરિગુણ, કેમ ભમેલ ન ભાવે; અવ૦

*मनने शिखामण.

पंजाबी गत

સમજાવું સાચી વાત મન મારા રે;
સમજ સમજ સુખ પામ સરસ; સમ૦
વિષયાદિકના વિષમ નિશામાં, ચંચલ ચપલ ન રાખ ચરસ. સમ૦
શું ફલ મૃગજલરૂપ વિલાસે, મેલ છકેલ છચોક છ રસ. સમ૦
શાન્ત થવાય નહિ જો નિશ-દિન, અંતરની નહિ જાય તરસ. સમ૦
આથડમાં તું આડું અવળું, ઉત્તમ નરતન કર ન નરસ. સમ૦
વારંવાર વિચાર વિવેક, વળમાં કેમ વીતાડ વરસ. સમ૦
જૂઠી આ જંજાલ વિસારી, **કેશવ** હરિનાં ચરણ પરસ. સમ૦

दोषमां न दबाई जवाविषे.

धन्याश्री.

મન તું ગમાર થામાં, દોષમાં દબાઈ જામાં. મ૦
રાચ્યું કેમ રાગ રંગે, સુખ ભોગને પ્રસંગે;
સુત મિત્રને પ્રસંગે, મન તું ગમાર થામાં; દોષ૦
આ અમૂલ્ય જન્મ પામી, હારમાં હવે હરામી;
ચર્મ ચૂંથ કાં નકામાં, મન તું ગમાર થામાં; દોષ૦
સાર તું વિચાર વ્હાલા, કેવાં ખાય કેમ ઠાલાં;
ઠોઠ કાં ન રહે ઠામાં, મન તું ગમાર થામાં; દોષ૦
ભવજલ જાણ ભારે, તે થકી ન કોઈ તારે;
તોરમાં હવે તણામાં, મન તું ગમાર થામાં: દોષ૦

* સં. ૧૯૪૪. † ત્રિતાલ.

ક્રોધ કામ લોભ ચોર, ચોરે તારૂં ચારે કોર
મોહ મત્સરે મરામાં, મન તું ગમાર થામાં; દો૦
આધિઓ અનેક રાખી, વ્યાધિઓ વિશેષ સાંખી;
હાય વોયમાં હણામાં, મન તું ગમાર થામાં; દો૦
વિવિધ ઉપાધિઓમાં, સુખી હોય કોક સોમાં;
દીનતા ભરી દશામાં, મન તું ગમાર થામાં; દો૦
સુખ દુઃખ જોઈ જોઈ, દિન રાત રોઈ રોઈ;
ધન-જનકાજ ધામાં, મન તું ગમાર થામાં; દો૦
તન બલ બુદ્ધિશાળી, વિનય વિવેકવાળી;
સમજણ જાય વામાં, મન તું ગમાર થામાં; દો૦
કેશવ કૃપાલુ હરિ, શોધી લે વિચાર કરી;
માણ તું પછી મજામાં, મન તું ગમાર થામાં. દો૦

वनमाळीने न विसरवाविषे.

भैरवी.

* મન વીસરમાં † વનમાળી, મન વીસરમાં વનમાળી;
નટવરનાથવગરની વાતો, કરમાં કુટિલ નમાલી; મન૦
જેની સત્તા વગર જગતમાં, કોઇ ન વસ્તુ વહાલી;
ક્ષણ પણ જેના વગર લગારે, કોઇ ખૂણો નહિ ખાલી; મન૦
ધામ ધરા ધન જનને મેલી, ચતુર જનું છે ચાલી;
સ્વાર્થતણો સંબંધ બધાનો, તે આખર છે ખાલી; મન૦
વિષયભોગ સંભોગ વિષમ છે, તજ તે સાથે તાલી;
કેશવ હરિ ભજવાનું ભૂલી, શીદ ધુંચવણી ઘાલી ? મન૦

अभिमान तजवाविषे.

काफी.

હવે તો હે મન મારા, તજ અંતર અભિમાન;
નિત્ય અસંગ રહી નિર્મલ તું, ધર હરિચરણે ધ્યાન; હવે૦

* આરંભ અંતમાં "રે" નાખવો હોય તો ભલે, † વિશ્વરચનારૂપ વનનો-માળી-રક્ષક-પાળક-પરમેશ્વર. લિ. કર્તા.

વિવિધ વિષયનું વાત વિષ તું, કયાંહિ રખે કર કાન;
સાચવ શમ દમ શીલ સરલતા, મેળવ મોટપ માન; હવે૦
પરઉપકારવિષે કર પ્રીતિ, આપ દયાથી દાન;
જન્મ અફલ આ જાય અજાણે, ધૂળ ન કર તું ધાન; હવે૦
સાર નહિ સંબંધ બધામાં, ભૂલ અભાગી ન ભાન;
કયાંથી દીયે દૂધ દાબીએ તો પણ, બાંહથી બાપનું થાન; હવે૦
શાન્તપણું અમૃતરસ સાચો, પ્રેમ ધરી કર પાન;
કર **કેશવ** હરિચરણે ચોંપે, નિર્મલ એક નિશાન; હવે૦

આ ભવસાગર તરી લેવાવિષે.

આશા—ગોડી.

ચેત અચેત વિચાર કરી લે; આ ભવસાગર ભાઈ તરી લે.
મેલ મમત્વ વૃથા મરડામાં, અંધ બની અવળો અથડામાં; ચેત૦
કાલ કુટિલ આ જાય નકામો, પામ ન વાયલ કેમ વિસામો ? ચેત૦
કામ કશાં ધન ધામ ન આવે, ભોગ વિલાસ ભમેલ ભમાવે; ચેત૦
પ્રેમ પરસ્પર સંપ સગાઈ, ભુંગળાં વગર ભજેછે ભવાઈ; ચેત૦
કેમ લબાડ તને લત લાગી ? ઉંઘ ન આમ અબુદ્ધ અભાગી; ચેત૦
જન્મ સફલ કરવા કર પ્રીતિ, એજ સખા સુખકારક રીતિ; ચેત૦
કેશવલાલ કહે કર જોડી, વેશ ઘણાય રહી રાત થોડી; ચેત૦

હઠીલી બુદ્ધિને મોટપ મૂકવાવિષે બોધ.

કાફી.

હઠીલી હે મતિ મારી. સમજ સલુણી સાર;
મદમાતી મેલી દે મોટપ, વિનવું વારંવાર. હઠીલી૦
આ શેભ યોગ ફરીથી દુર્લભ, તેમ આધક અધિકાર;
કુટિલપણું તું કુટિલ તજી દે, ભૂલ ભરમ ને ભાર; હઠીલી૦
કાલ વૃથા વહિ જાય અજાણી, બલમાં વાગે બાર:
અવળા અલ્પ વિચાર તજી દે, આખર સર્વ અસાર; હઠીલી૦
અજર અમર કયાં કોઈ રહ્યું છે ? જો તન જનના તાર;
પણ તું અજર અમર થા મુજમાં, લેશ લગાડ ન વાર; હઠીલી૦

અવળામાં અવળું ફલ માટે, બોલ કહું બે ચાર;
સેવ્ય અને સેવક તો તું માં, ભૂલ ભમેલ સુધાર; હઠીલી૦
તું સુખવાળી તો હું સુખીઓ, સંશય નહિં નિર્ધાર;
ઓળખ તું તારા ઇશ્વરને, ભવભય સર્વ વિસાર; હઠીલી૦
શું દિઙ્મૂઢ બને તું બલમાં, એમ પમાય ન પાર;
તારામાં તલ્લીન થએલા, પ્રભુપર કર ઉપકાર. હઠીલી૦
તું તારૂં જો રૂપ તપાસી, આવ ન હિમ્મત હાર:
કેમ રહી રીસાઇ રસીલી, પ્રાણઉપર કર પ્યાર. હઠીલી૦
જન્મ ધર્યાનું સફલપણું છે, વિનય વિવેક વિચાર;
કેશવ હરિમાં પ્રેમ વધારી, આનંદ પામ અપાર. હઠીલી૦

जीभने शीखामण.

१

काफी.

*લખુડી લખ લખ કરમાં, ભજ ભાવે ભગવાન;
તર આવી છે તક આ તુંને, મેલ સલુણી માન. લખુડી૦
વિવિધ વિષયના વર્ણન વખતે, ભૂલ ન ભોળી ભાન;
નવ બોલ્યામાં નવ ગુણ એનું; કેમ ન સમજે સાન ? લખુડી૦
પડ્રસ ભોજન વિષમ વિસારી, કર હરિરસનું પાન;
અવસર જાય અરે આ અમથો, એજ ખરેખર જાન; લખુડી૦
પરનિંદા પિશુનાઈ પરી કર, લે તરવાનું તાન;
કૂડ કપટ છલ ભેદ ભમેલી, આખર નરક નિદાન; લખુડી૦
વિનય વિવેક ભરેલાં વચનો, છે પીયૂષસમાન;
ઇચ્છા હોય તને તો તેનું, દે લે પ્રતિદિન દાન; લખુડી૦
ગુણસાગર નટવરનું નિશદિન, ગુણિયલ કરને ગાન;
સારૂં નરસું સર્વ સુણે છે, **કેશવ** હરિના કાન; લખુડી૦

२

काफी.

લખુડી લખલખ કરમાં, ભજ ભાવે ભગવાન;
મર્યાદા મેલી મમતીલી, ધૂળ કરે શું ધ્યાન ? લખુડી૦

* લખુડી—વાંદરી એવી જીભ, વાંદરાના જેવી અટકચાળી.

ચપલપણું રાખી ચળવળમાં, કરમાં રાખ કમાન;
આ સંસાર અસાર વિચારી, થા સ્થિર તારે સ્થાન; લખુડી૦
બલમાં ને ખલમાં બંધાઈ, ઉધડક કેમ ઉધાન †?
તારે હાથ બધું છે તોપણ, મેળવ કાં ન વિમાન? લખુડી૦
આ તારૂં આ મારૂં કરમાં, છોડ અરે અભિમાન;
રાગ-દ્વેષવિષે વશ થામાં, ધર ગિરધરનું ધ્યાન; લખુડી૦
નિર્મલ તું નામસુધા પીવા, કેમેય કરી માન;
કેશવ હરિને રાજી કરવા, આદર એજ વિધાન; લખુડી૦

* संसारनी क्षणिकता.

काफी.

ક્ષણભંગુર સંસાર, નિરંતર ક્ષણભંગુર સંસાર.
આગળી અનુભવ થાય નયનથી, વાત ન લેશ ઉધાર; નિ૦
ધામ ધરા ધન આદિક વૈભવ, ધાટાં આ ઘરબાર;
પુત્ર કલત્ર મિત્રની મમતા, આખર સર્વ અસાર; નિ૦
કામ ન આવે કાંઈ કરેલો, વિષયાદિકપર પ્યાર;
માંડ મળેલું આ માનવ તન, પડતાં નહિ પલ વાર; નિ૦
સઘળું સ્વપ્ન અચલ નહિ કાંઇ, એ નિશ્ચય નિરધાર;
તે સારૂ સંકોચ વિસારી, અંતર રાખ ઉદાર; નિ૦
સાર્થક કર સમજણ તું તારી, તજ સંતાપ અપાર;
આત્મસમાન ગણી અંતરમાં, કર પરનો ઉપકાર; નિ૦
નીતિ ન્યાય ઉપર કર પ્રીતિ, વિનય વિવેક વધાર;
શમ-દમ સત્ય સહાયક સાથે, સજ સત્સંગ ગમાર; નિ૦
ધર્મ કર્મ ને દાન દયા કર, આદર વસ્તુવિચાર;
દોરી હાથથકી હાર્યો તો, વશમો છે વ્યવહાર; નિ૦
જન્મ-મરણનાં ભ્રમણતણો તું, ફેર ચડેલ ઉતાર;
કેશવ હરિને રાખ હૃદયમાં, એ સમજણનો સાર; નિ૦

---

† ઉધાન એટલે ત્રણ પાયાવાળી અર્થાત્ ઠેકાણાવગરની. લિ. કર્તા.

* સં. ૧૯૪૫, ફાગણ.

अंते कांई न होवाविषे.

मराठी चालनी शाखी.

આખર કાંઈ નથી, મન તું હાય મરે ન મથી. ટેક.
કામ કશાં ધન ધામ ન આવે, હાથી હય રથ હાંડી;
બાગ બગીચા મ્હેલ મજાના, ઘરની ઘોડાગાડી; આખર૦
પુત્ર કલત્ર મિત્ર માયાળુ, સગાં સહોદર શાણા;
ચાકર શેઠ રંક ને રાણા, તારાથી ઉભરાણા; આખર૦
કલ્પિત વિષય બનાવી તેમાં, પરવશ થઇ પરવરમાં;
ભવના ભાવવિષે શું ભટકે, મર તારા મંદિરમાં; આખર૦
સાચું જે સમજાય જગત આ, તે મૃગજલના જેવું;
સગપણ બગપણ શું સમજાવે, નવડે મીંડ નેવું; આખર૦
મૂલ વગર મોટી મમતાએ, આ સંસાર રચાયો;
શોધ્યા કર સો વરસો તોપણ, પ્રકટ જણાય ન પાયો; આખર૦
વાયુના બાચકા ભર્યાથી, કાંઈ ન કરમાં આવે;
મારા તારામાં મરડાઈ, શું ધમસાણ મચાવે ? આખર૦
શોક હર્ષને રોક હઠીલા, રાચ ન રાગતરંગે;
કેશવ હરિને ભજ ભાવેથી, સંચરતાં સત્સંગે; આખર૦

मनने सुधरवानो बोध.

समाच.

માંડ તું મન મારા સુધરવા—
સુધરવા સુધરવા સુધરવા સુધરવા, માંડ તું૦
ફોકટ જન્મ ગુમાવ શું કરવા ? માંડ તું મન મારા સુધરવા.
વિષયાદિકના વેગ વિસરવા, આ કારાગ્રહમાંહિ ઉગરવા; માંડ૦
નૌતમ તરણી ભવજલ તરવા, હાથ ચડી શી બીજી પરવા ? માંડ૦
મેલ છકેલ છેલ છોકરવા, ફાંફાં મારી ક્યાં જા ફરવા ? માંડ૦
બંધન ભવસાગરનું હરવા, **કેશવ** હરિના છે ગુણ ગરવા; માંડ૦

संसारमां सार विचारवाविषे.

माढ अथवा मेनाडो.

સંસારમાં શો સાર તે વિચાર તો કરો.
ફસાઈને આ ફંદમાં શું ફૂલતા ફરો? સં૦ ટેક.
ધન જન યૌવન કામ ન આવે આ ધરણી ને ધામ;
કરીએ કોટિ ઉપાય તથાપિ, કોય ન સુધરે કામ; રે વિ૦
સંબંધે સંતાપ અને સંકોચે મન મુંઝાય;
ધાર્યું થાય ન કાંઈ બરાબર, કાલ વૃથા વહિ જાય; રે વિ૦
જન્મ અમૂલ્ય મળ્યો તે જતે, ખાંતે અફલ કરાય;
તરણી તૂટે તો શી રીતે, ભવ સાગર ઉતરાય; રે વિ૦
મારૂં તારૂં એવી મમતા, બહુ મારેછે માર;
પ્રાણ પરોણા થાય ભલે પણ, કોઈ કરે નહિ વાર; રે વિ૦
ધસડાયા બહુ અંધ બનીને, વૃદ્ધ તરુણ ને બાલ;
નજરે જોતાં પણ નહિ સૂજે, કેવી થાશે કાલ; રે વિ૦
અજર અમર કો' કોણ રહ્યું છે? કોની રહી છે વાત?
ધામ ધરાદિક હોત અચલ તો, શોક શું કરવા થાત? રે વિ૦
સુખ-સંતોષ વધારો વ્હાલા, મેલી મનનું માન;
ધીરજ કેમ રેહેછે તમને, આ તન રાંધ્યું ધાન; રે વિ૦
ક્ષણભંગુર તન શું લઈ જાવું, સાચી એક સુવાસ;
તેમ છતાં નરકે જાશો તો, થાશે નરકનિવાસ; રે વિ૦
સારૂં માઠું સર્વ બતાવે, નજરે સઘળો લોક;
જે કરવું તે પોતે કરવું, શું કરી આપે કોક; રે વિ૦
શોધો શાણા **કેશવ** હરિને, દૂર કરીને દોષ;
સાર સમજશો તો અંતરમાં, થાશે સુખ સંતોષ; રે વિ૦

मरण पछी कांई न बने तेविषे.

माढ.

વીંચાતાં આખર આંખ રે, કાંઈ નહિ બને.
અંતે અરે શો સાર તે, વિચારજે મને. ટેક.

માંડ મળ્યું છે આ તન તમને, ચેતો ચતુર સુજાણ;
આગળ પાછળ એમજ રે' છે, પોઢી જાતાં પ્રાણ;— રે વિ૦
ધન જોબન અહીંઆં રે'વાનાં, આ તનનું પણ તેમ;
મ્હોબત સોબત સાર વિનાની, અવળું થાતાં એમ;— રે વિ૦
રંગ તરંગે શું રાચો છો, ધન જોબન છે ધૂળ;
પ્રેમ અને પરિચય પોતાનો, તે બંધનનું મૂલ;— રે વિ૦
સુત દારા સંપત છે કોનાં? કોનાં આ ઘરબાર?
સંબંધ સ્વાર્થે બંધાઈ, દે છે દુઃખ અપાર;— રે વિ૦
કરવાનું તે આજ કરી લ્યો, કોણે દીઠી કાલ;
જે દેખો બીજાના જાતે, તે આપણુના હાલ;— રે વિ૦
કોણ અને શા કાજે આવ્યા, કયાં જાવાનું એમ;
શું કીધું ને શું કરવાનું, ધન્ય થવાશે કેમ;— રે વિ૦
વારંવાર મળે નહિ વ્હાલા, આ માનવનો દેહ;
શુભ સંયોગ અવર પણ એમાં, કાંઈ નથી સંદેહ;— રે વિ૦
માંડો ઉદ્યમ કરવા એવો, સુખ સંતોષ પમાય;
આધિ વ્યાધિ વધારે એવાં, જન્મ–મરણ પણ જાય; રે વિ૦
શોધો **કેશવ** હરિને હેતે, તો થાશે કલ્યાણ;
નહિ તો શું સમજાવું ઝાઝું, બુડયાં બારે વ્હાણ:— રે વિ૦

જ્ઞાનવિના સુખ નથી.

* ઝીંઝોટી.

સમજ વિના કેમ સખા સુખ થાય? ટેક
આ મારૂં આ તારૂં કરતાં, તન બલ બુદ્ધિ હરાય;
પોતાને હાથે સહુ પોતે, બેલ બની બંધાય; સ૦
પ્રેમ અને પરિચય પોતાનો, ક્યાંહિ ન થાય સહાય;
ક્યાં સાચું વચમાંથી વશમું, સગપણ જ્યાં સંધાય; સ૦
તાપ ત્રિવિધથી તન મન તપતાં, રાત દિવસ રંધાય;
હાલ અલૌકિક ખેલ બન્યો છે, પાર કશો ન પમાય; સ૦

* માલકોષ વગેરેમાં પણ ગવાય છે. સં. ૧૯૪૫, અશાડ.

જાણી જોઈ જવાઈ તણાતા, માનવ હાય મરાય;
રંગ તરંગ બધા અંતરના, તે અમથા ઉભરાય; સ૦
રાગ-દ્વેષ હર્ષ ને શોકે, નયને નીર ભરાય;
મનમાંથી જો સર્વ મટે તો, શોક સમગ્ર સમાય; સ૦
વારંવાર મળે નહિ આવાં, આ તન જોબન કાય;
કેશવ હરિને હાથ કરી લે, કાલ વૃથા વહી જાય; સ૦

ક્ષણભંગુર સંસારમાંથી સાર શોધી લેવાવિષે.

સાર શોધી લે ક્ષણભંગુર આ સંસારમાં રે.
આ સંસારમાં રે, બહુ ઘરબારમાં રે;— સાર૦
ધન જન જોબન માંડ મળ્યાં છે, ભૂલ ન ભૂંડા ભારમાં રે; સાર૦
તન બલ બુદ્ધિ સહાય સરસ છે, વાર કરે શું વિચારમાં રે; સાર૦
અંતર આધિ વ્યાધિ ઉપાધિ, મરણ-જન્મના મારમાં રે; સાર૦
મારૂં તારૂં કાં કર મૂરખ, મરમાં કામવિકારમાં રે; સાર૦
વિષયાદિકના અધમ રસોમાં, તું સુખ સાચું ધારમાં રે; સાર૦
માનવજન્મ મણિ છે મોંઘો, હોડવડે તે હારમાં રે; સાર૦
પર ઉપકાર કરી લે પ્રીતે, નીતિની રીતિ વિસારમાં રે; સાર૦
જોડી દે મન મોહ વિસારી, **કેશવ** જગદાધારમાં રે; સાર૦

ઘર મેલીને બહાર ન દોડવાવિષે.

દેશી.

ઘર મેલીને, જોવાને શું દોડ બહાર વધારે;
જાણી જોઈ, કેમ અપાર વિવેકવિચાર વિસારે?
જે બહાર બધું તે છે ઘરમાં, પોતામાં તેજ રહ્યું પરમાં,
ફોકટ ફાંફાં મારી ફરમાં;—ઘર મેલીને૦
વ્યવહાર અને લેવું દેવું, ઘરમાં જે જે જોયા જેવું.
સમજી લે તું સઘળે તેવું;—ઘર મેલીને૦
ધારેછે ક્યાં તું ધાવાનું, ઘર પીટથી ઘર જવાનું,
બહુ દુઃખપરાયણ થાવાનું;—ઘર મેલીને૦

લેવાને બદલે બહુ ખોયું, એવું તેં બીજેથી જોયું.
અમૃત મેલીને વિષ ડોહ્યું;— ઘર મેલીને૦
ભણવા ગણવાનું છે ઘરમાં, ભ્રમમાં અવળાં પગલાં ભરમાં.
પરબારો બીજે પરવરમાં;— ઘર મેલીને૦
ઘર જાણે તે સઘળું જાણે, નહિ જાણે તે ન કશું જાણે,
ફરને તું તારે ઠેકાણે;— ઘર મેલીને૦
પરદેશવિષે પ્રેમી થાવા, દોડે છે દેશ તજી જાવા.
તે છે ભર દરિયામાં ઝાવાં;— ઘર મેલીને૦
બહુ શોધ વિરોધ બધો ઘરમાં ઘરમાં છે તે ક્યાં છે પરમાં,
પોતાનું પણ તું પરહરમાં;— ઘર મેલીને૦
પ્હેલાં ઘરઘાટ સુધારી લે, અનુભવથી વાત વિચારી લે.
ઘરમેળે ઘરને તારી લે;— ઘર મેલીને૦
કેશવ હરિ હાથ ચડે ઘરમાં, તું અન્ય વિચારવિષે પડમાં.
અમથો અણસમજુ આથડમાં;— ઘર મેલીને૦

पहली भूल न करवाविषे.

राग माड.

ભારે થઈ જે ભૂલ તે ટાળી નહિ ટળે.
હાથે થકી છૂટી બલા વાળી નહિ વળે:—ભા૦

ભૂલ સમજતાં ભૂલ કરે તે, શું સમજે દિનરાત;
મૂર્ખ અને વિદ્વાનજનોની, નોખી સઘળી વાત;— રે ટાળી૦
શું કહિએ સંચિતની વાતો, એતો આડો આંક;
કાયર થાય કુશલ પણ એમાં, તેમાં કોનો વાંક;— રે ટાળી૦
ભૂલ કરે વિદ્વાન ભલે પણ, મૂર્ખ ન કરશો કોય;
વિદ્વાનોના પંથ વિષમ છે, ભૂલ કરે છે તોય;— રે ટાળી૦
વિદ્વાનોની ભૂલ અવરને, થાય સુબોધક રૂપ;
એની ભૂલ અવર નહિ જાણે, અવર રહો ગૂપચૂપ;— રે ટાળી૦
ભૂલ બરાબર સમજે તે તો, ભૂલ કરે તો ઠીક;
ભૂલ ન સમજે તે ભૂલે તો, શી બીજી છે બીક?— રે ટાળી૦
ભૂલે ભૂલે ફેર જગતમાં, સમજે ચતુર સુજાણ;
નહિ સમજે તેવાને ભૂલો, દુઃખતણી છે ખાણ;— રે ટાળી૦

કેશવ હરિની હોય કૃપા તો, ભૂલ કદાપિ ન હોય;
ભૂલો તો તે ભૂલ સુધરવા, પાછલ ન રહો કોય;–રે ટાળી૦

ભૂલવિષે.

राग मारु.

ભૂલ્યા વિના ભૂલ્યા છિયે એવું ન માનીએ;
નિશ્ચે ન બાંધી બેસીએ, નામે નિશાનીએ: ભૂલ્યા૦
ભૂલતણું શું રૂપ અને તે, કોને કયારે થાય ?
એમ તપાસી જોતાં જાતે, સંશય સર્વે જાય,–રે નામે૦
અંતર નિર્મલ હોય નિરંતર, તો ભાગે છે ભૂલ;
દોષ હૃદયનો દીનજનોને, છે બંધનનું મૂલ;–રે નામે૦
ભૂલ સુધારો ભવસાગરમાં, છે અંતરનો ભેદ;
પોતાનું અંતર પોતાને, આમ કરે છે કેદ;–રે નામે૦
ભૂલવિષે જે ભૂલ સમજવી, કયાં છે તે વિપરિત ?
ભૂલ વિના પણ ભૂલ સુમજવી, એ ઉંધી છે રીત;–રે નામે૦
કયાં કોણે કયારે દીઠું છે, કો' આકાશે ફૂલ ?
વિનય–વિવેકવિના છે આખર, સમજણ સઘળી ધૂળ;–રે નામે૦
કેશવ હરિને ભાવે ન ભજ્યા, એજ ખરેખર ભૂલ;
વાત પડે મારી જો ખોટી, તો મસ્તક છે ડુલ–રે નામે૦

मतिने मनाववाविषे.

*काफी.

વશ થા મતિ વ્હેલી વ્હેલી રે,–જાવું છે ધન જન મેલી રે; વશ૦
ધામ ધરાદિક કામ ન આવે, બાગ બગીચા બેલી રે; વશ૦
પુત્ર કલત્ર કુટુંબ કબીલો, દે હાલાને ઠેલી રે; વશ૦
અહીં રે'શે અંતે આ તારી, રચના સર્વ રચેલી રે; વશ૦
વિષજેવા આ વિષમ વિષયમાં, ખેલ ઘણા તું ખેલી રે; વશ૦
શું આમાં તારૂં તું દેખે, હે પામરમાં પ્હેલી રે; વશ૦

* તાલ દીપચંદી. દેશ રાગમાં પણ ગવાય છે; અને ભોજાભગતનાં ચાબખામાં તથા રાસડામાં પણ ચાલે છે. સંવત ૧૯૪૬.

સ્વપ્ન અને મૃગજલના જેવા, રતિરંગે શું રેલી રે ? વશ૦
કેમ ચડી છે ફોકટ ફંદે, વાટે ઘાટે ઘેલી રે: વશ૦
જન્મ-મરણ મટવાની રીતિ, સમજાવું બહુ સ્હેલી રે; વશ૦
વિનય વિવેક વિચાર વિસારી, છડમાં છેક છકેલી રે; વશ૦
મારૂં તારૂં તું મેલીને, પ્રભુચરણે થા ચેલી રે; વશ૦
તોડી દે તું તત્ત્વવિચારે, હુંપદ રાશ રસેલી રે; વશ૦
શમ દમ સાધન હાથ કરી લે, ભૂલ ન ભૂલભરેલી રે; વશ૦
કેશવ હરિને ભજ ભાવેથી, છોડ ન આ તક છેલી રે; વશ૦

વિચારી જોવાથી સઘળું સમજાય.

* ભરથરીને રાગે.

વેગે વિચાર કરી જુઓ, સાચું તો સમજાયજી;
શોધક વૃત્તિથી સાનમાં, અંતે અનુભવ થાયજી. વેગે૦
ધામ ધરા ધન ધૂળ છે, મેલી જાવું મસાણજી;
બાગ બગીચા વૃથા બધા, ભોગ રોગની ખાણજી; વેગે૦
વગ સગ સંબંધ બાંધીએ, તે પણ આવે ન કામજી;
વેળા ગઈ તે વળે નહિ, દીધે અગણિત દામજી; વેગે૦
ક્ષણભંગુર સંસારમાં, તન પડતાં ન વારજી;
ખબર પડે નહિ કોઇને, કેવું પડશે સ્હવારજી; વેગે૦
ક્યાં કોણ કોઇનું કોઈ છે ? કોણ કોનું સહાયજી:
જાલ વૃથા કાઢવા વિના ક્યારે કો' શું કરાયજી; વેગે૦
આધિ ઉપાધિ વ્યાધિથી, તન જાય તવાઇજી;
માન મમત્વવિષે મુવા, ભારે નીચી ભવાઇજી; વેગે૦
જન્મ જરા ને મરણની, ધારી છે ઘટમાળજી;
આશા બધી અળગી રહે, કાલ પડતાં અકાલજી; વેગે૦
દાનવ માનવ દેવનાં, ક્યાં છે નામ નિશાનજી;
સૂતા ઘણા સોડ તાણીને, મૂકી માન ગુમાનજી; વેગે૦
જન્મ ગયો તે નહિ મળે, જીવિતનું પણ તેમજી;
અજર અમર કોઈ છે નહિ, થાય અનુભવ એમજી; વેગે૦

* 'જી' કાઢી નાંખીને રામગ્રી વગેરે ઘણા રાગમાં ગવાય છે. સં. ૧૯૪૬.

શમ-દમ શાસ્ત્રવિચારનું, ભૂલી જાવું ન ભાનજી;
શોક વિસારો સર્વદા, સુખનું એજ નિદાનજી; વેગં૦
પ્રભુ ભજવા શુભ ભાવથી, કરી વિનય વિચારજી;
માનવ તન મળવા તણો, એ છે ઉત્તમ સારજી; વેગં૦
જપ તપ વ્રત શુભ સાધને, રાખી હૃદય વિશાલજી;
કેશવ હરિને ઓળખો, વૃદ્ધ તરુણ ને બાલજી; વેગં૦

---

* तारछुं तूटछुं.

भजन.

તૂટયો મારો તંબુરાનો તાર—
ભજન અધુરું રે, રહ્યું ભગવાનનું. તૂટયો૦
એક તૂટતાં બીજા રે તાર અસાર છે,
જીવાળીમાં નહિ હવે જીવજી;
પારા પડયા પોચા રે, નખલીયું નામનું; તૂટયો૦
તરણુ પડી છે રે બાતલ તુંબડે,
લાગે નહિ ફૂટી જતાં વાર;
ખૂંટીનું ખેંચાવું રે, કાંઈ ન કામનું; તૂટયો૦
રંગ ચડેલો કાચો રે, કહો તે કેમ રહે?
ઘોડી ઘણી પોચી પડી જાય;
મેલ બગડતાં ખાસો રે, ભાન ન તાનનું; તૂટયો૦
સ્વર મેળવીએ શેમાં રે, તાલ બેતાલ છે;
ઢોલકમાં પણ કાંઈ ન ઢંગ;
બંધ થયું છે બારું રે, હરિરસપાનનું; તૂટયો૦
ખરચી હવે ખુટી રે ખુટી હવે બાજી નથી,
હરિ હવે ઝાલો તમે હાથ;
કહુંછું કામ ન મારે રે, ધનજન ધામનું; તૂટયો૦

---

* ૧૯૪૫ માં લખેલી તે આજે ઉતારી. સ. ૧૯૪૬ ના ફાગણ આમાં અક્ષરો ની વધઘટ બહુ રહેછે અને તે ચાલી પણ શકે છે. પ્હેલી કડી મને બહુ ગમે છે. લિ. કર્તા.

કેશવ હરિની કરણી રે કોઈ ન જાણી શકે;
વાણી મન પાછાં વળી જાય;
બલ ચાલે નહિ એમાં રે, મહા બલવાનનું; તૂટયો૦

માયા મુકવામાટે મનને શિખામણ.

હોરી.

મેલ મૂરખ હે મન માયા, માયામાંહિ મુવા દોડાયા; મેલ૦
આ ધન ધામ ધરા સુત સંપત, આ જનની જન જાયા;
ભાઇ જમાઇ સગાઈ સકલની, આ સુખકારક કાયા;
માની એમ કૈક મરાયાઃ— મેલ૦
કલેશ કુસંપ કરી મમતામાં, અહીં આડંબડ ધાયા;
વિનય વિવેક વિચાર વગરના, કેવલ બંધ કમાયા;
ભૂલી ભાઠમાંહી ભરાયા; મેલ૦
ધન યૌવનમાં ધૂળ ધાલતાં, જે શઠ નહિ શરમાયા;
પાપતણા પડતા અતિ તાપે, તે પામર કરમાયા;
સદા દીન દુઃખે દબાયા; મેલ૦
કામ ક્રોધ લોભ મદ મત્સર, તૃષ્ણાતરંગે તણાયા;
ભૂખ તરશ ભય આદિક ભાવો, એ પરધર્મ વરાયા
એથી કૈક અતિ અકળાયા; મેલ૦
મિથ્યા મૃગજલરૂપ જગતમાં, રાત દિવસ રઝવાયા;
રાગદ્વેષ હર્ષ ને શોકે, ઘાયલ કૈક ઘવાયા;
ત્રિવિધ તાપમાંહિ તવાયા; મેલ૦
સંપ–સરલતા–નીતિસરોવર, જે નિર્ગુણ થઈ નાહ્યા;
વિશ્વતણા વસમા વિષજેવા, જેને નથી વા વાયા;
તેઓ સુખમાંહિ સમાયા; મેલ૦
મેલ મમત્વ ફરી નહિ આવે, આ ધન યૌવન કાયા;
કલ્પલતા **કેશવ** હરિ શોધી, લે શીતલ સુખ છાયા;
તો તો દિન સર્વ સવાયા; મેલ૦

जीव पंखीने बोध.

*सारंगी छंदनी चाल.

ઓચીંતો ઉડી જવાનો, પંખી પિંજર મેલીરે;
સુતો શું સંભાર સમયને, વાત છતી છે છેલી રે ઓચીંતો૦
આવ્યો ક્યાંથી ક્યાં જાવાનો, ખબર પડે નહિ એવી રે;
એક તજી બીજે જવાનો, વાય વંડો છે વેની રે; ઓચીંતો૦
પંખાળું માન્યું પોતાનું, અણગમતું તે થાશે રે;
અધવચ રખડાવીને અંતે, ભટકી ક્યાંહી ભરાશે રે; ઓચીંતો૦
પિંજર પંખીહીન થવાથી, અડતાં સહું અભડાશે રે;
મોંઘામાં મોંઘુ માનેલું પણ, તરણાતુલ્ય ગણાશે રે; ઓચીંતો૦
રંગ રુપ ચંચલતા તેની, અન્તે મીથ્યા થાશે રે;
પાછળથી સંઘરતાં પલ પણ, દુર્ગંધે ગંધાશે રે; ઓચીંતો૦
રાખ કરી દેશે રખવાળાં, અન્તે એનાં પ્યારાં રે;
વિસરી જાશે હાય વિહગને, નિજને લેખી ન્યારાં રે; ઓચીંતો૦
જ્યાંસુધી પિંજર—પંખીનો, યોગ રહ્યો છે આવો રે;
ત્યાંસુધી અપશબ્દ તજાવી, પ્રભુનાં નામ પઢાવો રે; ઓચીંતો૦
શમ દમ દાડિમબીજ દયાથી, ખાંત કરી ખવરાવોરે;
નીતિન્યાય—સરોવરજલથી, જન નિશદિન ન્હવરાવો રે; ઓચીંતો૦
પુણ્ય ચણાની દાળ રસાળી, સદાચરણ છે ચોખા રે;
શીલ સત્ય કદલીફલ જેવા, મેવા નોખા નોખા રે; ઓચીંતો૦
કામ ક્રોધ લોભ ફલ ઝેરી, તેને તરત તજાવો રે;
ભય હરનારા **કેશવ** હરિને, ભાવે ભાઈ ભજાવો રે; ઓચીંતો૦

मोह विसारवानो बुद्धिने बोध

× धन्याश्री.

માન તું ગમાર, મતિ મોહ વિસાર.
મોહ વિસાર મતિ, મોહ વિસાર. ટેક.
ધન જન યૌવન તન જાયા પણ, આખર સર્વ અસાર; મતિ૦

---

* અનેક રાગમાં અને રાસડામાં ચાલે છે; 'નારાયણનું નામ જપી લે' એ રાગમાં પણ ગવાય છે.

× ત્રિતાલ કલ્યાણમાં પણ ગવાય છે.

ઘર વૈભવ વ્હાલાં સુત સેવક, તે ભામિની છે ભાર; મતિ૦
શું લાવી તું શું લઈ જાશે, વિનયે વાત વિચાર; મતિ૦
મારૂં તારૂં મેલ હઠીલી, **કેશવ** હરિ કર ધાર; મતિ૦

મોહ તજી સુખદુઃખ સહન કરવાવિષે.

× ધન્યાશ્રી.

સુખ–દુઃખ સાંખ, મન મોહ ન રાખ;
મોહ ન રાખ મન મોહ ન રાખ. ટેક.
આ માનવ તન રત્ન અજાણ્યે, ખડમાં ખોઈ ન નાંખ; મન૦
ધન જોબન ક્ષણમાં વહિ જાશે, નિરખ ઉઘાડી આંખ; મન૦
જન્મ–મરણ ભય–મોહવડે છે, શાસ્ત્ર દિએ છે શાખ; મન૦
કેશવ હરિની નિશદિન સેવા, અમૃતરસફલ ચાખ; મન૦

અજ્ઞાનના અંધારામાં સમય વૃથા જવાવિષે.

† (મારૂં આપ વગર કોઈ છે ન(જી) એ પ્રમાણે.

અંધારામાં આ અવસર, અમથો વહી જાય છે રે;
જોતાં જોતાં જાણો આયુષ, ઓછું થાય છે રે. ટેક.
ઉત્તમ જન્મ મળ્યો છે આવો, ગાફલ થઇને કેમ ગુમાવો,
સમજાવો મનને તો સૌ સમજાય છે રે;— અંધારા૦
મૂર્ખપણાથી મિથ્યા મરતાં, આ મારૂં આ તારૂં કરતાં
આશામાં આથડતાં અંત અણાય છે રે;— અંધારા૦
માણો છો મનગમતી રીતે, પરવશતા પામોછો પ્રીતે,
અવગુણવાળાં ગીતે ભૂત ભરાય છે રે;— અંધારા૦
પરનાં ધામ ધરા ધન જોતાં, દુઃખદબાણે નિશદિન રોતાં,
વંઠી વેશ વગોતાં પણ પરખાય છે રે;— અંધારા૦
તન ધન યૌવન નહિ રે'વાનાં, સંબંધી સઘળાં સેવાનાં,
દુઃખ બધાં દેવાનાં કોણ સહાય છે રે;— અંધારા૦
આછકડા થઈ અંગ મરોડો, પણ પાછળ ખાવો છો જોડા,
સમય રહ્યો છે થોડો ધૂળ ધમાય છે રે;— અંધારા૦

× દેશ અથવા સોરઠમાં પણ ગવાય છે. † ત્રિતાલ. સ, ૧૯૪૬.

મણું વાત ગણોછો વાંકી, પસ્તાશો પાછળથી થાકી,
ળ કરી નહિ પાકી, નરક પડાયછે રે;— અંધારા૦
મ–દમ સાધન સર્વ કરો તો, **કેશવ** હરિનો હાથ ધરો તો,
શ્વાધાર વરો તો તરત તરાય છે રે;— અંધારા૦

મમત્વ મેલવાવિષે.

× ચોપાઈની ચાલ

ા તન રંગ પતંગ નિશાની; મેલ મમત્વ અરે અભિમાની: આ૦
ધન ધામ ધરા જન જાયા, માનવ માન મનોહર માયા; આ૦
મત ભૂલવિષે ભ્રમ ખામાં, અંધ બની અવળો અથડામાં; આ૦
વ વિરોધ બધો તજ વ્હાલા, ઠાલા ચંચલ ચૂંથ ન ચાળા; આ૦
લઇ આવ્યો શું લઈ જાશે, શિવ હર આખર શી ગતિ થાશે; આ૦
લ કરાલ રહ્યો મુખ ફાડી, ઉંદરઉપર જેમ બિલાડી; આ૦
ન જન યૌવનવાન ગયા છે, દાનવ દેવ વિનાશ થયા છે; આ૦
ન દયા શમ–દમ શુભ રીતિ, આદર જાય સમય શુભ વીતી; આ૦
તમ પદ પ્રેમેથી લેવા, **કેશવ** હરિની તું કર સેવા; આ૦

મનરૂપ મૃગને સન્માર્ગે વાળવાવિષે.

* ચોપાઈની ચાલ.

ાંખ ઉઘાડ મનોમૃગ મારા, કર્મ કહેણુ કેવાં છે તારાં ? આં૦
ા ભવજંગલ અંત ન આવે, સુખ લેવા લાલચ લલચાવે; આં૦
ાંતાતાપતણો છે તડકો, કામાદિક તસ્કરનો ફડકો; આ૦
મ ધરા ધન જન કંટાળા, તેમાં પણ લાગે છે જ્વાલા; આ૦
ાછળ કાલ પડયો પારાધી, મરણસમય સાયકને સાધી; આ૦
મતા મૃગજલ કામ ન લાગે, ભૂરાયું થઈને કયાં ભાગે; આં૦
ાંહિ નથી શીતલ સુખ છાયા, આ સઘળી ઉભરાણી માયા; આં૦
ાહવિષે પડમાં પરબારું, શાન્ત કરે તે જલ છે ન્યારૂં; આં૦
ાડધડે તું અથડી મરશે, તોપણ કોઈ ભલું નહિ કરશે: આં૦

× બરવોપીલુ કે આશાગોડીમાં પણ ગવાય.

* તાલ ત્રિતાલ. રાગ આશા વગેરે અનેકમાં ગવાય છે. સં. ૧૯૪૭ માઘ.

આવ બતાવું સદ્ગુણ વાડી, શમ-દમ સુરતરુવાળી ઝાડી; આં૦
શાન્તિ સરોવર લે જઈ શોધી, ત્યાં નહિ આવે કોઈ વિરોધી; આં૦
સરલપણું સરડક છે સારી, વિનયપણું છાંટેલું વારી; આં૦
પરઉપકાર શિખરપર જાજે, પુણ્ય પવિત્ર પવન બહુ ખાજે; આં૦
દાન-દયા દ્રાખ્ખડને ચરજે, તાપ વિવેકવડે પરહરજે; આં૦
કેશવ વાર લગાડ ન લેવા, શ્રીહરિનામ અલૌકિક મેવા; આં૦

खरो परवानो.

कलिंग.

રે મનમાં આવે તો માનો,
પ્રભુનામ ખરો પરવાનો.-- રે મન૦ ટેક
શ્રીહરિવરની છાપ પડે તો, અંતે ઉદય થવાનો;-- રે મન૦
ભવસાગર ભારે ઉતરતાં, ન નડે તર તોફાનો;-- રે મન૦
હરિવરનું બ્હાનું છે તેને, કાલ નથી નડવાનો;-- રે મન૦
કેશવ હરિ કલ્પદ્રુમ સાચું, સંશય રે'છે શાનો ?-- રે મન૦

संसारे सार न जोयाविषे.

* कलिंग.

સંસારે સાર ન જોયો રે; સંસારે સાર ન જોયો.
મમતામાં કેવલ મોહ્યો રે, સંસારે સાર ન જોયો. ટેક.
આ ઉત્તમ માનવ તન પામી, રાંક થઈને રોયેઃ-- રે સંસારે૦
ભવસાગરમાં બહુ બહુ ભટક્યો, તોય થયો નહીં ભોંયોઃ-- રે સંસાર૦
પુણ્યામૃતરસ અંધ ન દીઠો, દુર્ગુણ કાદવ ડોહ્યોઃ-- રે સંસાર૦
પાસે રત્ન પડ્યું તું તો પણ, સાગર સર્વ વલોયોઃ--રે સંસારે૦
કામધેનુ કરથી જવા દઈ, બેલતણો પગ દોહ્યોઃ-- રે સંસારે૦
ગોત્યું નહિ ગંગાજલ ગાંડા, ગારે ગારો ધોયોઃ-- રે સંસારે૦
કેશવ કાલ સુખી થાવાનો, મુર્ખપણામાં ખોયોઃ-- રે સંસારે૦

* આશાગોડીમાં ગાવું હશે તો ગવાશે. ટેકના આરંભમાં 'કહિ' અથવા 'અરે' એવા અક્ષરો ઠીક પડે તો ઉમેરવા. રૂચિરા છંદની ચાલમાં પણ ગવાય છે.

ભેદભાવના દૂર કરવાવિષે.

† આશાગોડી.

કદિ કોઈ સાથે ઉદાસી ન કરીએ;
ભેદે ભૂલી નયન નહિ ભરીએ. કદિ•
આપણુ પાન્થ થયા અહિં ભેળા, હું તું પણું પરહરિએ;
આજ અને કોઈ કાલ જવાના, આખર એમ વીખરીએ; કદિ૦
ક્યાંથી આવ્યા ક્યાં જાવાનું, જાણી શકાય ન જરીએ;
શું લઈ આવ્યા શું લઈ જાવું, વેધ વિરોધ વીસરીએ; કદિ૦
કલેશ કરી નિર્મૂલ મમત્વે, કેમ પરસ્પર મરીએ;
સંપ કરી સુખ સર્વ જમાવી, અંતરથી અનુસરીએ; કદિ૦
નાવ–નદીસંયોગ બન્યો છે, તત્વવિચારથી તરીએ;
કેશવ સમય ગયો નહિ આવે, ઠીક રહીને ઠરીએ; કદિ૦

જીવને ઠપકો.

* ભજનના ઢાળનું પદ.

અંતરના કાચા કેમ રહ્યા છો ફૂટી ?
ઉત્તમ અવસર આ માનવતન, છડમાં જાય વછૂટી;–રે અંતરના
કાચા કેમ રહ્યા છો ફૂટી ? ટેક.
ખાતાં પીતાં ને વાવરતાં, ખરચી જાશે ખૂટી;
પુણ્ય કર્મને કાજે દમડી, છેડેથી નહિ છૂટી;—રે અંતર૦
કામ ક્રોધ લોભ લૂંટારા, ધીરજ ધન લે લૂંટી;
ભુંડા ભુંડે હાલે ભટકયો, તોય ન આશા તૂટી;—રે અંતર૦
કાચા કુંભસમાન કલેવર, ફૂલણુ જાશે ફૂટી;
શમ–દમ સાધન સંપ સરલતા, ચોંપવડે લે ચૂંટી;–રે અંતર૦

---

† તાલ દીપચંદી. ટેહેની કડી પહેલી કડીએ કે બીજી કડીએ લેવી તે ગાનારની અને રાગની ઉપર આધાર છે.

* શાખીમાં આ દેશી ઠીક ચાલેછે. અનુભવથી એમ સિદ્ધ થાય છે કે ગાયનો સર્વ એક બીજી ભાષામાં ભળી જવાથી કાંઇ કાંઇ તેમાં ભેદ થઇ જાય છે. પરંતુ તેનું મૂલબંધન જો વિદ્વાન તપાસે તો એક જણાઇ રહે છે.

બગડી બાજી બેશ બનાવા, બીજી ક્યાં છે બુટી ?
કેશવ હરિનામ સુધા સાચો, ઘેરો રસ લે ઘૂંટી;- રે અંતર૦

રામનું રટણ કરી લેવાવિષે.

રાસડો.

રામનું રામનું રામનું રે,
તું રટણ કરી લે રામનું— તું૦
અંતરના અભિરામ નિરંતર, હરવા લાયક કામનું રે;— તું૦
સુતદારા સેવકજન શાનાં ? સગપણ સૌનું નામનું રે; તું૦
કેમ વૃથા અભિમાન ધરે છે ? કામ ધરા ધન ધામનું રે; તું૦
કાલ કરાલ રહ્યો છે તાકી, જોર ન ચાલે જામનું રે; તું૦
વિદ્યા વિનય વિવેક વગેરે, સાધન કાંય ન કામનું રે; તું૦
શ્રીભગવાનભજનથી સુનું, આ તન ફૂટલ બદામનું રે; તું૦
આયુષ એળે જાય તજી દે, ચિંતન ચરમી ચામનું રે; તું૦
કેશવ હરિ હીરો કર હાથે, ઉત્તમ પદ આરામનું રે; તું૦

મમતીલી મતિને શીખામણ.

હોરી.

હઠ મેલ હવે તો હઠીલી:
મતિ ઝટ હરિરસ લે ઝીલી.—હઠ૦ ટેક.
ઢોંગ કર્યા ઢગ ઢંગવિનાની, ઢોર થઈ રહી ઢીલી;
વિષય નરકમાં તેં રસ માન્યો, મૂર્ખપણે મમતીલી;
ખશી નહિ હુંપદ ખીલી;— હઠ મેલ૦
વિનય વિવેક વિચાર હજી કર, ચિંતા મેલ ચડીલી;
આ તન માંડ મળ્યું છે તરવા, રાખ વિચાર રસીલી;
ટળી જાય તો શ્યામ ટીલી;— હઠ મેલ૦
શમ–દમ સાધન રંગ રસેથી, લક્ષ દઈ થા લીલી;
સમજણરૂપ સમય બહુ સારો, વાંદરી થા નહિ વીલી;
ઓળખ નિજરૂપ રઢીલી— હઠ મેલ૦
નીતિ ન્યાય અબીલ ગુલાલે, પુણ્ય પરમ રંગ પાલી;

કેશવ હરિ અંતરયામીને, ભીંજવ માન મદીલી;
ખુશી કર તું ખૂબ ખીલી;— ૯૬ મેલ૦

ઘર गयाविषे.

‡ काफी.

* રસોડા સોત રસીલા, ધાણુ વઝ્યો ઘર જાય;
આજસુધીની સર્વ કમાણી માનવ મિથ્યા થાય.— ટેક.
કામ ક્રોધ લોભ ને તૃષ્ણા, અંતરમાં ઉભરાય;
અંતે તારી દુષ્ટ દશા છે, રંક હશે કે રાય; રસોડા૦
પાણી પ્હેલાં પાળ નથી થઈ, શું મનમાં મરકાય?
હાથે હાનિ કરે છે તેને, કોઈ ન થાય સહાય; રસોડા૦
ધન યૌવનને ધૂળ કર્યાં તેં, તોય હજી હરખાય;
વિષને અમૃતરૂપ મનાયું, ઓધા કેમ બચાય;? રસોડા૦
સાચું સાધન આવ બતાવું, અમથી શું અથડાય?
કર પોતાના કેશવ હરિને, અન્ય ન કોઈ ઉપાય, રસોડા૦

खोटुं अभिमान न राखवाविषे.

† भजनना ढाळनुं पद.

હૈયાના હેડા કેમ રહ્યા હરખાઈ?
મારૂં તારૂં કરતાં મરશે, રાખ ન ખોટી રાઈ. રે હૈયા૦
ધન યૌવન વૈભવને ભાવે, જ્યાં ત્યાં જાય તણાઈ;
દુર્લભ માનવ તન પામીને, ધૂળ ધમી તેં ધાઈ; રે હૈયા૦
કામ ક્રોધ લોભને કાટે, અંતર જાય કટાઈ;
મોથ્રમ માર ઘણો તેં ખાધો, માનવડે મરડાઈ; રે હૈયા૦
અજર અમર પદ માની બેઠો, ભૂલવડે તું ભાઈ;
વિષયોના સેવનને સમજ્યો, શઠ સાચી સરસાઈ; રે હૈયા૦

‡ મારૂમાં તથા રાસડામાં પણ ગવાય. * 'નિહાળી કેમ રહયો છે' ? એમ પણ પ્રથમ પદમાં લેવાય.

† જો ટેકમાં અક્ષરો સંભાળથી નંખાય તો આશાગોડી અને બીજી જાતના ભજનમાં પણ ચાલે છે.

શમ દમ સંપ શીલ સરલાઈ, સાધન છે સુખદાઈ;
સોણે પણ તેને નહિ સાંધ્યાં, એજ નઠોર નવાઈ; રે હૈયા૦
માલ મલપતા માંડો વેર્યો પ્રેમવડે પથરાઈ;
ભવસાગરમાં ભૂલ કરે તે, ભાઠે જાય ભરાઈ; રે હૈયા૦
ફાધી ઠોઠ ઠગાઈ ન લીધી, લોકે લોહ વડાઈ;
ઉત્તમ આ તનરૂપ ભુવનમાં, લાગી જો ને લ્હાઈ; રે હૈયા૦
ધર્મ કર્મમાં પ્રીતિ વધારી, પીડા ટાળ પરાઈ;
સદાચરણમાં ચાલ વિચારી, એ સાચી ચતુરાઈ; રે હૈયા૦
કાલ કરાલ તણા તું કરમાં, કયાં જાશે સંતાઈ;
એ ભયથી ઉગરજે અંધા, **કેશવ** હરિગુણ ગાઈ; રે હૈયા૦

अभिमान न धरवाविषे.

† भैरवी.

અભિમાન ધરે શા માટે?
આવ્યા સૌ એકજ વાટેઃ— રે અભિમાન૦
ખર ખોટી મોટાઈ કરે તે, થાપ કરે છે તાટે;
ખોટા ખેલ ખેલ મેલી દે, આખર એમ ન ખાટે;— રે અભિ૦
આડધડે ધાયો શું અંધા, ધન યૌવનને કાટે;
અંતે સૌની એક દશા છે, દાહ કરે કે દાટે;— રે અભિ૦
સુત—દારાખારામાં ખૂતો, ગોથાં ખાય ગપાટે;
ધામ ધરાદિક વૈભવમાંથી, ઝડપે કાલ ઝપાટે;— રે અભિ૦
નીતિ ન્યાય પુણ્યમાં પ્રીતિ, શમ—દમ કર શિરસાટે;
ધર અંતરમાં **કેશવ** હરિને, જન્મ—મરણ ખત ફાટે;—રે અભિ૦

जरा छानी मानी आवे छे ते समजवाविषे.

* खमाच.

જોને જોને જરા આવે છાની માની રે;
જાય છે જુવાની અથડામાં અભિમાની, જોને૦

† દેશ, કાનડો, કાલીંગડો અને બીજી ઢપમાં ગાનારની મરજી પ્રમાણે ચાલું. ગાસડામાં પણ ગવાય છે.

* જંગલો, ઝીંઝોટ, કલ્યાણ વગેરે રાગમાં ગવાય છે.

પલપલ કરતાં જીવન વીતે, હરિ હરિ એથી કયી બીજી હવે હાનિ ? જો૦
વિષમ વિષયવિષને સેવે પણ, અરરર એથી અધમ ગતિ થવાની; જો૦
જપ તપ પૂજન અર્ચન આદિક, ઉદ્યમ છે ગુણરૂપ ગુમાની; જો૦
કેશવ હરિને કર હૈયામાં, દુર્લભ આ માનવ તન માની; જો૦

मनने मगरुरी मेलवाविषे बोध.

* भैरवी.

મન મેલ હવે મગરૂરી.
રહિ જાશે વાત અધૂરી.—રે મન૦ ટેક.
રખડાવી મારે છે મૃગને, જેમ કુટિલ કસ્તુરી;
તેજ દશા તારી થાવાની, સમજી રાખ સબુરી;— રે મન૦
સારૂં નરસું કેમ ન દેખે, ટેવ બળી એ બુરી;
કેશવ અંતે એ પંથેથી, પડશે પીડા પૂરી;— રે મન૦

कठोडे केम चडो छो ?

काफी.

કંડોડે કેમ ચડો છો, અંધ થઇને આમ ?
ભૂંડે હાલે ભૂપર પડશો, અંતે એ પરિણામ. ટેક.
મોંઘા માનવ તનને માન્યું, ઠગબાજીનું ઠામ;
મારા તારામાં મરડાયા, વિષયોમાં વિશ્રામ; કંડો૦
વર્ણ અને આશ્રમની રીતે, કોઈ કર્યું નહિ કામ;
અંતે ધુળ વળે છે ધંધો, સુત દારા ધન ધામ; કંડો૦
રાગ રંગ ભોગને ભાવે, દોઢા ખરચો દામ;
અજ્ઞપણે આડા અથડાઓ, એમ ન રીઝે રામ; કંડો૦
આજ કઠણ લાગે છે લેવું, **કેશવ** હરિનું નામ;
પાછળથી પસ્તાશો પૂરા, કર્મે કાળો ડામ; કંડો૦

* હોરીમાં અને રાસડામાં પણ ચાલે છે.

कालरूप कसाईनी पासे क्यां संताई जशे.?

† भैरवी.

નહિ છોડે કાલ કસાઈ, ક્યાં જાશે તું સંતાઈ?– રે નહિ૰ ટેક.
રાજા રંક દેવ દાનવને, ખૂબ ગયો છે ખાઈ;
એ નિર્દયની આગળ અંતે, ચાલે શું ચતુરાઈ,– રે નહિ૰
ધન યૌવનના માઠા મદમાં, કેમ રહ્યો મરડાઈ;
કોઈ સહાય કામ નહિ આવે, જુઠી સર્વ સગાઈ;– રે નહિ૰
ઉંધું જોઈ રહ્યો શું અંધા, ઘરમાં મૂઢ ઘલાઈ;
મેં મેં કરતાં માનવમેંઢા, પિંડ જશે પકડાઈ;– રે નહિ૰
બચવું હોય હવે જો બોધા, ભારે રાખ ભલાઈ;
કેશવ હરિનું શરણુ કરી લે, એ નિર્ભય પદ ભાઈ;– રે નહિ૰

जीवहंसने शिखामण.

आशागोडी.

હવે હંસ કર જૂદાં દૂધ પાણી:
નિજરૂપ બરાબર જાણી. ટેક.
ચાંચ કનકની પાંખ કનકની, વાહ મનોહર વાણી;
ઉજ્વલ વર્ણ વિશેષ વખાણું, પ્રાણ સરસ છે પ્રાણી; હવે૰
બક સારસનો સંગ તજી દે, અંતરમાં ભય આણી;
ઉત્તમ જન્મ જાતને કરમાં, ધર્મ તજી ધૂળધાણી; હવે૰
શોધ્યો સાર મરાલ કહે શું, તંતુ કમલના તાણી;
પરમેશ્વરનો પાડ ઘણો છે, તે જાતે લે જાણી; હવે૰
માન સરોવરમાં જન્મ્યો છે, ઉત્તમ કર્મ કમાણી;
કેશવ હરિમુક્તાફલ ચણતાં, મોજ ઘણી ઘણી માણી; હવે૰

† રાસડામાં અને ભોજા ભગતના ચાબખામાં પણ ચાલે. ટેકમાં આગલની કડીમાં 'અરર' અને પાછળનીમાં 'કહે' વધારીને ઝીંઝોટી તથા જંગલામાં પણ ગવાય છે.

કુકર્મ ન કરવાવિષે.

કલ્યાણ.

શાને તું કુકર્મ કરે જાવું છે મરી;
સગાં કુટુંબી સહુ સંપત્તિ સર્વ પરહરી. . ટેક.
ભાવથી ભજી લે એક શ્રીપતિ હરિ,
પુણ્ય પ્રેમ પુરે કર પાપથી ડરી; શાને૦
કૂડ કે કપટ નહિ કામનાં જરી,
માટે સુખ લે હૃદયે જ્ઞાનને ધરી; શાને૦
સત્યમાં છે સર્વ લાભ વાત એ ખરી,
મોહિ જા ન જોઇ ભવ માયા ઇશ્વરી; શાને૦
કામ ક્રોધ આદિ ચોર-વશ્ય લે કરી,
સદાચાર કેરે પંથ પ્રેમથી ડરી; શાને૦
આ ભવમાં બહુ દુઃખદ ભારે પીડ છે નરી,
કેશવ પ્રભુ ભજીને મન જા સુખે તરી; શાને૦

કાલને ભરોંસે ન રહેવાવિષે.

* **દેશ.**

ભરોંસે શું રહ્યા ભૂલી ? પલકમાં પ્રાણ જવાના;
જુવો છો અન્યના એવા, નકી નિજ હાલ થાવાના; ટેક૦
વળેલી મૂઠિયે આવ્યા, નથી સાથે કશું લાવ્યા;
ધરા ધન ધામને મેલી, સ્મશાને સૌ સમાવાના; ભ૦
સુખથી શું હજી સૂતા, ખરેખર ખાડમાં ખૂતા;
સમય વીત્યા પછી પ્યારા, કુશલ ક્યાંથી કમાવાના; ભ૦
રહોને સર્વદા સંપી, જગતજંજાલમાં જંપી;
મમત્વે મોહ થાવાથી વિના મોતે મરાવાના; ભ૦
તમારૂં શું તમે લેખો, કરી ઝીણી નજર દેખો;
ધરા ધન ધામને કામે, નથી નિશ્ચે ધરાવાના; ભ૦
ભમાઈ ભૂલ કીધાથી, વિષયની વાટ લીધાથી,
પરાણે પાપને યોગે, ભવે ભાઠે ભરાવાના;— ભ૦

* કલ્યાણ કે ભેરવી ગમે તેમાં ગવાય.

ખબર પલની નથી પડતી, નથી ગુણ દોષની ગણતી;
ચડીલા કાલની ડાઢે, ચડી ચોંપે ચવાવાના; ભ૦
સદા સત્સંગને સાધો, વિસારો વેધને વાંધો;
ઉપાયો આદરો અંતે, મહાસુખને જમાવાના; ભ૦
સદા સન્માર્ગના શોધે, સખા શુભ વાતના બોધે;
કૃપા હરિરામની થાતાં, નથી દુઃખે દબાવાના; ભ૦

तु वारंवार मनमां राख विचार सुखी थावाने.

रागं सारंग.

તું વારંવાર, મનમાં રાખ વિચાર સુખી થાવાને;
ચેત્યા ત્યાંથી, સમય સદા ઇશ્વરના ગુણ ગાવાને. ટેક૦
સાચી શીખામણ ઉર ધરવી, ગુરૂજનની સેવા શુભ કરવી,
પંડિતતા ખોટી પરહરવી;— તું વારંવાર૦
અભિમાન ન અંતરમાં કરિયે, મમતામાં શાકાજે મરિયે,
શુભપંથવિષે પગલું ભરિયે,— તું વારંવાર૦
કામ ક્રોધાદિકથી ડરિયે, મદ મત્સર આદિક પરહરિયે,
શમ દમને અંતરમાં ધરિયે; તું વારંવાર૦
કામ ક્રોધાદિક છે વેરી, વિષયોનું વિષ પણ છે ઝેરી,
ચારે કોરેથી લે ઘેરી;— તું વારંવાર૦
શુભ સરલ રીતિથી સંચરિયે, દુર્ગુણ કે દોષ થકી ડરિયે,
જ્યાં ત્યાંથી ગુણ લેતાં ફરિયે;— તું વારંવાર૦
વિદ્યા ભણવાનું ફલ એ કે, જેથી આપણનું કુલ લેખે,
છલભેદ ન એક પગ ટેકે;— તું વારંવાર૦
ઉત્તમ આ જન્મ મળ્યો મોટો, શો છે બાકી તુંને તોટો,
શા માટે શોક કરે ખોટો ?— તું વારંવાર૦
સંસાર અસાર ગણી લે તું, પુર પ્હેલાં પાળ ચણી લે તું,
ભૂધરનું નામ ભણી લે તું;— તું વારંવાર૦
નહિ કામ કશુ તુંને આવે, ભૂલે શું ભામાને ભાવે,
રે ચતુર હવે ખડ શું ચાવે ?— તું વારંવાર૦
વર્ણાશ્રમધર્મ પળે તેવો, પ્રેમેથી તે પાળી લેવો,
એથી અવળો પગ નહિ દેવો;— તું વારંવાર૦

પલની પણ ખબર નથી પડતી, ચડતી કે હોય કદી પડતી,
આશા તૃષ્ણા રે' રડવડતી;— તું વારંવાર૦
સ્ત્રીપુત્રાદિક ધન ધામ ધરા, ખાંતે તે વીંખી ખાય ખરાં,
અંતે તો તે પણ છે નકરાં:— તું વારંવાર૦
ક્ષણભંગુર આ તન શું કહિયે, વાતો કરતાં તલમાં રહિયે,
માથે મોટપ ખોટી વહિયે;— તું વારંવાર૦
વ્હાલા એ વાત વિચારીને, મમતા ને મનને મારીને,
ભજ ભાવ ધરી ગિરિધારીને:— તું વારંવાર૦
પરઉપકારે પગલું ભરિયે. કેશવવરને વેગે વરિયે.
તો ભવસાગર સુખથી તરિયે;— તું વારંવાર૦

शोक शमावी संप कराववाविषे.

भजन

ભોળા ભરમાઈ, ભૂલો કેમ ભલાઈ
મૂલવિનાનું કારણ માની, કોણ રહે કચવાઈ? ટેક.
પાણીકાંઠે પાંથસમાગમ, ભમતો જાય ભરાઇ;
આપણનો પણ એજ પ્રકારે, છે સંગમ સુખદાઈ ભો૦
દૈવેચ્છાએ દૂર દિશાથી, આવ્યા તાન તણાઈ;
સર્વે છે મેમાન પરસ્પર, બંધુ બનેવી બાઈ; ભો૦
વૃક્ષવિષે વસનારાં પ્યારાં, વિહંગ જાય વિંખાઈ;
કો'ને કોણ મળે છે પાછાં, આ ભુમીપર ભાઈ? ભો૦
શું મારા તારામાં મોહ્યા, લાલચથી લપટાઈ;
સાથે કાંઈ નથી લઇ જાવું, અમથી છે અતડાઈ; ભો૦
કોઈ નથી પર સહુ પોતાનાં, ધર્મિયે ધૂળ ન ધાઈ;
ભીંજાઈ રહી આત્મભાવથી, સંઘરીએ સરલાઈ; ભો૦
સંપીને સુખમાં દિન ગાળો, પ્રેમવટે પથરાઈ;
થાય નહિ કલ્યાણ કોઇનું, આડધટે અથડાઇ; ભો૦
વારંવાર નથી મળવાનું, આ તન યૌવન કાંઈ;
કીર્તિ કરો સુખ સર્વ જમાવો, સાધી સર્વ સગાઈ; ભો૦

અંતરમાં અજ્ઞાન ભરાયું, ચોરે તે ચતુરાઈ;
તત્ત્વવિચાર કરો તો **કેશવ**, જાશે દુઃખ દબાઈ; બો૦

वृथा शोक न करवाविषे

† बरवापीलु.

કેમ વૃથા અથડાઈ મરો છો? શીદ વૃથા સહુ શોક કરો છો? ટેક.
થાય બધું જન જેમ થવાનું, ભાવિ ભવિષ્ય નહીં મટવાનું. કેમ૦
કોઈ પ્રકારે સુખી નહીં કોઈ, દુઃખમાં જાય દિવસ રોઈ રોઈ; કેમ૦
કાલ કઠણ ગતિ કર્મની તેવી, કોણની પાસે જઈ વાત કે'વી? કેમ૦
વિનય-વિવેકવડે બોધ આવે, તો મનના સહુ તાપ સમાવે; કેમ૦
સંબંધ કે બંધ ક્યાં છે સગાઈ? અજ્ઞાનથી ઈંદ્રિજાલ રચાઈ; કેમ૦
ક્યાં સુખ દુઃખ રાગ ને પ્રીતિ, ક્યાં ભવસાગર શી હોય ભ્રાંતિ? કેમ૦
દેહના ધર્મ રહ્યા દેહમાંહિ, આપણને નહિ સંબંધ કાંઈ; કેમ૦
મેલો મમત્વ મહા મોહ મોટો, સંતોષવાનને શો હોય તોટો? કેમ૦
પ્રેમ કરો શુભ પુણ્ય કમાવા; જન્મ મરણ ભય શોક સમાવા; કેમ૦
કેશવ હરિચરણે ચિત્ત ચોંડો કામ ઘણાં ને રહ્યા દિન થોડા; કેમ૦

विषयनी वात विसारवाविषे.

होरी.

ચાલો ચાલ ચતુર નર સારી;
વેગે વિષયની વાત વિસારી.— ચાલો૦
આજ અમૂલ્ય મળ્યો છે અવસર, ભૂલ કરો કેમ ભારી?
હીરો ચડ્યો હાથ આજ તમારે, હરિ હરિ જાઓ ન હારી:
લઈ કર જ્ઞાન કટારી;— ચાલો૦
શોધો સુગમ પંથ પ્રેમ ધરીને, વિનય વિવેક વધારી;
શમ દમ સુભટ સહાય લઈને, ભાવે ભજો ત્રિપુરારિ;
અનુમતિ એમ અમારી;— ચાલો૦
એક અખંડ અરૂપ અજન્મા, એને અંતરમાં ઉતારી;

† આશા, સિંધુ વગેરેમાં ચાલે.

સંસારસાગર તરવા ત્વરાથી, વિવિધ પ્રકાર વિચારી;
વિષયવાસનાને વિદારી;— ચાલો૦
પશુ પણ ખાય પિયે સુખ માણે, એમાંહિ શું મોથ મારી ?
આ લોક ને પરલોક સુધારો, એમાંજ શોભા તમારી;
કેશવ પ્રભુ લેશે ઉગારી;— ચાલો૦

દોડમાં ગમાર દૂર ઈશ્વર છે આંહિ

*** મહીદીપ છંદની ચાલ.**

દોડમાં ગમાર દૂર, ઈશ્વર છે આંહી;
પૂર્ણ ને પ્રકાશમાન, માન સર્વ માંહી. દોડમાં૦
દૂર દૂર જાય તેમ, દૂર વિશ્વબંધુ,
સ્વપ્નમાં મળે ન એમ, કદી કૃપાસિંધુ; દોડ૦
અંતર છે એક ધામ, શ્રીનિવાસ કેરૂં;
બહિર્દષ્ટિ રૂપ પડયો, મધ્યમાંહિ મેરૂ; દોડ૦
જનનીને જેમ અંધ, બાલકો ન જાણે;
એમ જગત નાથ રહિ,-જાય છે અજાણે; દોડ૦
દેશ–કાલ–વસ્તુનો ન ભેદ ભાઈ તેને;
જાગ્રત કે સ્વપ્ન કે, સુષુપ્તિ હોય કેને ? દોડ૦
નામ રૂપ સર્વ એ વિના ન લેશ ભાસે;
જ્ઞાનરૂપ થઇ રહ્યા સદૈવ સર્વ પાસે; દોડ૦
જગત સર્વ છે વિવર્ત, શુદ્ધરૂપ પોતે;
એ અનાદિ દેવને, બહાર કેમ ગોતે ? દોડ૦
સાધન શુભ ધર્મ કર્મ, શુદ્ધ ભક્તિભાવે;
શમ દમ નિયમાદિવડે, સહજ હાથ આવે; દોડ૦
અંતર્મુખ ઈંદ્રિયો કરી, વિચાર વ્હાલા;
કેશવ હરિ આમ તેમ, મળે કેમ કાલા ? દોડ૦

---

* રાગ જંગલો, ઝીંઝોટ વગેરેમાં પણ ગવાય છે.

હંસ થઈને કાગડાનું કામ ન કરવાવિષે.

ઝુલણા છંદ.

કનકના રંગનાં કમલના કુંજમાં, હેતથી હંસણી સાથ સૂતો,
કનકની પાંખ ને કનકની ચાંચને, નિત્ય માણિકયની માંહિ લૂતો;
માનસરમાં થયો માનસરમાં રહ્યો, પ્રકટ છે પુષ્ટતા તાત ત્યાંની,
હંસ થઇને કરે કાગડાનું અરે, કામ નાદાન એ રીતિ કયાંની ?
કોણ છે તું અને કેમ આવ્યો અહિં, જાતિ તારી જરા જો વિચારી,
હાડકાં ચામડામાં રહ્યો શું મળી, માંસને મેદને દે વિસારી;
મૂત્ર વિષ્ટા તણા કુંડમાં કાં પડયો, એજ પીયૂષનું પાત્ર માની,
હંસ થઇને કરે કાગડાનું અરે, કામ નાદાન એ રીતિ કયાંની ?
રંગને રૂપને મેળવી જો જરા, ભ્રાંતિથી કેમ તું ભાન ભૂલ્યો ?
માનસરમાંહિથી ભાઈ ભૂલો પડયો, દુષ્ટના સંગમાં દેહ ડુલ્યો;
કાલ વીતી ગયો તે ન પાછો મળે, એ થકી અન્ય કાંઈ ન હાનિ;
હંસ થઇને કરે કાગડાનું અરે, કામ નાદાન એ રીતિ કયાંની ?
શુદ્ધ મુક્તાફ્લો પ્રથમ ચણતો હતો, તાણતો કમલનો તંતુ તાજા ?
દીનના સંગમાં રંગ ખોટો ચડયો, પાપ કયાંથી નડયું પક્ષીરાજા;
સાચવી રાખતાં શુદ્ધ પદ પિંડનું, મૂર્ખ માની મને ખોટ શાની ?
હંસ થઇને કરે કાગડાનું અરે, કામ નાદાન એ રીતિ કયાંની ?

દોહરો.

કેશવ હંસ બની અને, કરે કાગનું કામ;
એ ઉંધા આચારથી, કેમ રીઝશે રામ ?

ખોટા ખેલ મેલી દેવાવિષે.

ભૈરવી.

આ ખેલ તજી દે ખોટો, છટકીને થામાં છોટો:— રે આ૦
ચેતી લે ચંચલ છે કાયા, પાણીનો પરપોટો;
કોનાં ધામ ધરા ધન યૌવન, કાઢ અહંપદ કોટો:— રે આ૦
સંસાર–વ્યવહાર વિષે તું, ચાર પગે શું ચોટો ?
કાલ પરાધી ક્રૂર અચાનક, દાબી દે ગલગોટો;— રે આ૦

સહનપણામાં સુખ માનીને, મન મારી થા મોટો;
સાર્થક કરતું સર્વ પ્રકારે, જન્મ-મરણનો જોટો;- રે આ૦
વિનય વિવેક વિચાર સહાયક, શો સાધનનો તોટો ?
કેશવ આ બાજી છે છેલ્લી, વાળ ન ગડબડગોટો;- રે આ૦

चेतवणीरूप चाबखो.

भैरवी.

ભૂલ્યો શું ભોંય પથારી, પડતું છે પાય પસારી- રે ભૂ૦
ભારે ભુવન ચણાવ્યાં ઉંચાં, અગણિત ગોખ અટારી;
વાળાની તટીઓમાં છાંટયાં, સ્વચ્છ સુગંધી વારી;- રે ભૂ૦
ગાદી તકીઆ છત્રપલંગે, સૂઈ રહ્યો શણગારી;
પવન તણા ચાલેછે પંખા, પાય તળાંસે પ્યારી;- રે ભૂ૦
ચંદન પુષ્પ અરગજા અત્તર, શીતલ જલની ઝારી;
ખાસાં ખાનપાનની ખાંતે, રોજ કરે તૈયારી;- રે ભૂ૦
ભોગવિલાસવિષે સુખસીમા, ધન યૌવનથી ધારી;
બ્રુમ-બગીમાં પ્રમદા સાથે, ખાય હવા પરવારી;- રે ભૂ૦
બાગ બગીચામાં બહુ રીઝયો, નચવી નકટી નારી;
દયા ધર્મ કે દાન ન દીધાં, પુંજી ગઈ પરબારી;- રે ભૂ૦
પુત્ર-કલત્ર મિત્રમમતાએ, મારી મોહ કટારી;
દુઃખદ કામ-ક્રોધ-લોભને, તું સમજ્યો સુખકારી;- રે ભૂ૦
ઠાઠ બધો અહીંઆં રહી જાશે, સાથ ન આવે તારી;
અંતે સર્વ અરે મૃગજલ છે, ખોટી મેલ ખુમારી;- રે ભૂ૦
શમ-દમ સાધન સાધ વિવેકે, કર સંગતિ અતિ સારી;
કેશવ હરિગુરૂશરણ ગ્રહીલે, વશમી વાટ વિચારી;- રે ભૂ૦

देहपिंजरमां पडेला जीवरूप पोपटने चेतवणी.

आशागोडी.

પોપટ તનપિંજર છે નહિ તારૂં;
અંતે ઉડી જવું પરબારૂં:- પોપટ૦

છે પરનું પણ પરિચયથી તું, માની બેઠો 'મારૂં;'
ક્યાંનો તું ક્યાંનું એ પિંજર, તે સમજે તો સારૂં પોપટ૦
માંસ રુધિરમય ને દુર્ગંધિ, નરક સમાન નઠારૂં;
તું તેને કાંચનમય માને, અવળું શું અંધારૂં; પોપટ૦
બીજાં જોયાં એવું આ પણ, નામે કેવલ ન્યારૂં;
સર્વ પ્રકારે સાચવ તોપણ, પલમાં છે પડનારૂં; પોપટ૦
સારાસારવિચાર કરે તો, ભવસાગરનું બારૂં;
કેશવ હરિ કારીગર તેનો, વીસર માં સંભારૂં; પોપટ૦

ઉપયોગી શરીર.

આશાગોડી

આ ઉપયોગી તન છે તારૂં;
શુભ રીતે સાચવતો સારૂં:— આ૦
કોઇ ન માનવ તનને તોલે, નિગમાગમ એ રીતે બોલે; આ૦
કેમ અનાદર કર તું એનો, નિત્ય ખરેખર ખપ છે જેનો; આ૦
ધર્માદિક પુરુષાર્થો પ્યારા, તન છે તો સચવાશે સારા; આ૦
ભવસાગર તરવાની નૌકા, શાસ્ત્ર પુરાણ કરે છે ટૌકા; આ૦
કલ્પલતા કહીએ તો શોભે, દેવાદિકનું પણ મન લોભે; આ૦
સુખ સર્વે છે એને અંગે. ધામ ધરા ધન સજ્જન સંગે; આ૦
કામ ક્રોધ લોભ ને જીતી, નીતિન્યાયવિષે કર પ્રીતિ; આ૦
કેશવ હરિને ઓળખ આમાં, દૂર રહીને દુર્ભગ થામાં; આ૦

અહીં તારું કોઈ નથી

ધન્યાશ્રી.

કેશવ કોઈ નથી અહિં તારૂં.
આ ભૂતાવળમાં ભરમાઈ માં કર મારૂં મારૂં: ટેક.
ભાઈ ભરોંસે કોને બેઠો, મેલ બધું અધીઆરૂં;
સુત સેવક સંબંધી સ્વાર્થી, શું કરી આપે સારૂં? કેશવ૦
ધન યૌવન ને ધામ ધરાદિક, જોતાં સર્વ જનારૂં;
અનુભવ છે તોપણ ઉંઘે છે, એજ મહા અંધારૂં; કેશવ૦

જેની પર આધાર બધો છે, તે તન પણ પડનારૂં;
બલમાંથી બંધાઈ રહ્યો શું, ગાજે મોત નગારૂં; કેશવ૦
હાથ પસારી હાય જવાનું, સમજી જા સંભારૂં;
સાચું હરિપદ એક શરણ છે, પ્રાણથકી કર પ્યારૂં; કેશવ૦

हंसप्रत्ये हितनां वचन,

आशागोडी.

હવે હંસ દે હાડપિંજર છોડી;
હજી કેમ રહ્યો કર જોડી? હવે૦
પિંજરમાં પડવાથી પીડા, પ્રાણ નથી થઈ થોડી;
પાછું વાળી કેમ ન પેખે, દૂર ગયો બહુ દોડી; હવે૦
કેમ ગમે છે મલિન મઢીમાં, તે તારી નહિ જોડી;
માંસરુધિરમય અતિ દુર્ગંધી, આખર રાખ–મટોડી; હવે૦
સ્નેહવડે સાચવ તું તોપણ, જાય તને તરછોડી;
મોહ થયો તેમાં મોટો પણ, કિંમત થાય ન કોડી; હવે૦
માનસરોવર સ્થલની મમતા, ચૂકયો કેમ સચોડી?
કેશવ હરિગુરુ–કળ શોધી લે, ખબર પડી નથી મોડી; હવે૦

सहवाससंबंधी शोकशमन.

પંખીનો મેળો ભેળો રહે કેમ ભાઈ?
કોઈ કયાંહિથી કોઈ કયાંહિથી, આવે તેમ તણાઇ; પંખી૦
તૂટે સાથ સર્વનો જ્યારે, ખરચી જાય ખવાઈ;
કોણ સદૈવ રહે છે સાથે, ખ્યારામાં પથરાઈ? પંખી૦
દૂર રહીને દોરી ખેંચે, કૂડો કાલ કસાઈ;
જૂદું જૂદું સૌને જાવું, ઘાટવિના ઘસડાઈ; પંખી૦
કોનાં સુત દારા ને સેવક, કોનાં બાંધવ બાઈ;
જુઠી માયા જુઠી કાયા, જુઠી સર્વ સગાઈ; પંખી૦
સ્નેહ અને સંબંધ રડાવે, અંતરમાં અથડાઈ;
શોક તજો શાન્ત રહો શાણા, **કેશવ** હરિગુણ ગાઈ; પંખી૦

जागीजोवाविषे चेतवणी.

राग देश.

જોને જોને જાગી જીવન વીતી જાયછે રે.
મિથ્યા માયામાં શું ઠાલો ઠોઠ ઠગાય છે રે ! જોને૦
ધામ ધરા ધન ક્યાં છે તારાં, પીડા કરનારાં છે પ્યારાં.
અંતે તે છે ન્યારાં, કોણ સહાય છે રે ?— જોને૦
મારૂં મારૂં મિથ્યા કરતો, ફૂલણજી થઇને તું ફરતો,
સ્વાર્થ નથી લવ સરતો, ઉંધો ધાયછે રે ? જોને૦
અંધ થઇ અવળો આથડતો, જ્યાં ત્યાં ઠોકર ખાતો પડતો,
હર્ષ–શોકથી રડતો, બહુ રગડાય છે રે;— જોને૦
આ જંજાલ કરી દે અળગી, વ્હાલા કેમ રહ્યો છે વળગી ?
ઘર ઉઠયું છે સળગી શું મરડાય છે રે ?-- જોને૦
વિષયોમાં રમ શું રઘવાયા, એથી કોઇ નથીજ ધરાયા,
દોષદૃષ્ટિથી ડાહ્યા, શાન્ત થવાય છે રે;— જોને૦
અમૃત જે લાગેછે આગળ, તે વિષરૂપ ભમેછે પાછળ,
છટકેલા છલ–કપટ વડે, છંદાયછે રે; જોને૦
દુ:ખદ આ સંસાર ઠર્યો છે, વિનય વિવેક વિચાર કર્યો છે,
સમજે તેજ તર્યો છે, ઇતર તણાય છે રે;— જોને૦
શમ–દમ સાધન સુખનાં સજવાં, કામ–ક્રોધ લોભને તજવા,
કેશવ હરિને ભજવા, એજ ઉપાય છે રે;— જોને૦

प्राणपोपटप्रति उक्ति.

*** राग सारंग.**

હે પોપટપાંથ ! રાધાકૃષ્ણ વિના તું બીજું બોલમાં;
ઠરવાનું ઠામ, અમૃતફલ મેલીને ઠળીયા ઠોલમાં. ટેક.
આવીને આંબાની ડાળે, સુખરૂપ સરોવરની પાળે;
માયામય માની તે માળે;— હે પોપટપાંથ૦
ચતુરાઈ ચતુર અતિ તારામાં, સુકૃત કર ઉત્તમ વારામાં;
નથી સાર સુખદ સુત દારામાં;— હે પોપટપાંથ૦

---

* ત્રિતાલ.

અંતે આવાસ તજી જાશે, આડો અવળો અતિ અથડાશે,
તુંથી તે સમયે શું થાશે ?– હે પોપટપાંથ૦
વીસર વ્હાલા મિથ્યા વાણી. **કેશવ** હરિની કરતો કહાણી,
મનગમતી રીતે લે માણી; હે પોપટપાંથ૦

भवसागरनुं बारुं नहि भूलवाविषे स्मरण आपनारुं पद्य.

आशागोडी.

સમજો તો તમને સભારૂં, વચન મહા હિતકર છે મારૂં;
જો ભૂલ્યા ભવસાગર બારૂં, ક્યાંહિ નથી કલ્યાણ તમારૂં. ટેક.
માંડ મળી છે તરણી તરવા, કાયર થઈ બેસા શું કરવા ?
જીર્ણ નથી થઈ તે જ્યાંસુધી, તાત તરી શકશો ત્યાંસુધી; સમજો૦
શઢ સાજી છે સાવ તમારી, હાથ હલેસાં છે સુખકારી;
મંદ પવન મોજા છે ધીમા, શાન્ત તિમિંગલ ન તજે સીમા; સમજો૦
ઉઠ્યું નથી તોફાન લગારે, સાધન સહુ અનુકૂલ તમારે;
નાવિક ચંચલ શ્રેષ્ઠ સુખાણી, જાગો આજ સમય શુભ જાણી; સમજો૦
એક સખા આવ્યો છે સંગે, થાય સહાયક સર્વ પ્રસંગે;
માર્ગ બરાબર નજરે જોવો, આળસમાં અવસર નહિં ખોવો; સમજો૦
ડાંપણ રાખી ડામણ દેવું, સાવધ સર્વ વિચારે રે'વું;
ખાડ ખડકમાં નહિ અથડાવું, ચારે કોર નિરખતાં જાવું; સમજો૦
કેશવ હરિના શુભ ગુણ ગાતાં, અંતરમાં અતિશય ઉભરાતાં;
ખેપ સફલ કરવી શુભ રીતે, જો જો છેવટ છેક ન છીતે; સમજો૦

चेतवणी.

દુર્લભ દેહ ધરી દિન ગાળો; એનો છે આગળ સરવાળો. ટેક.
છલકપટે શું પેટ ભરોછો, કોને કાજ કુકર્મ કરો છો ?
વાવેતર વાવે જન જેવું, ફલ પામે છે અન્તે તેવું; દુર્લભ૦
ભૂલવણીમાં શું ભરમાયા, મોહ કરેછે તમને માયા;
સુખ માની રાચો શામાટે, વીર જવું છે વસમી વાટે; દુર્લભ૦
પરમાર્થે પ્રેરો શુભ પ્રીતિ અળગી રાખી સર્વ અનીતિ;
નીતિન્યાય હૃદયમાં રાખો, દુઃખ પડે તેમાં તે સાંખો; દુર્લભ૦

શું લઈ આવ્યો શું લઈ જાવું, સમજે તો ન પડે પસ્તાવું;
શમ–દમ દાન દયા આદરજે, શુભ વર્તનથી ગુણ સંઘરજે; દુર્લભ૦
ધારી ધામ ધરા ધન માટી, ભાઈ ફૂલાઈ જશોમાં ફાટી;
જીવ ચંચલ–દલ–જલ જાણી, મિથ્યા તંત ન બાંધો તાણી; દુર્લભ૦
વિનય વિવેક વિચાર વધારી, ધર્મ કર્મ અંતરમાં ધારી;
કેશવ હરિ પોતાના કરવા, ભાવે ભવસાગરને તરવા; દુર્લભ૦

संसारिक समागमविषे.

भजननो ढाळ.

પીયાવા કાંઈ પાંથ સમાગમ આતો;
મહાન ઈશ્વરની માયાનો ભેદ નથી સમજાતો. પી૦
કાંઈ થાય ક્યાંક એકઠો, જલઓવાળ તણાતો;
આ સંઘાત આપણો એવો, ખોટ રખે તું ખાતો; પી૦
પ્હેલું કોણ જશે પદ મેલી, નિશ્ચય તે નથી થાતો;
પ્રાણ વળી પાછું મળવાનો, નથી વિશ્વાસ રખાતો; પી૦
મૃગજલ જેવા વૈભવ માટે, ભાઈ રખે ભરમાતો;
આમ કરૂં ને તેમ કરૂં તે, માલ વિનાની વાતો; પી૦
કાંઈ નથી લઈ આવ્યો સાથે, કર્મવડે રગડાતો;
મારૂં તારૂં કરતાં કાલા, કેમ નથી શરમાતો; પી૦
શા સારૂ કડવાશ કરે છે, મૂર્ખપણે મરડાતો,
ચાર ઘડીના ચટકા જેવો, જન્મ રહેછે જાતો; પી૦
કામ ક્રોધ લોભને જીતી, નીતિનવાણે ન્હાતો;
ધીર થઈને ધર્મ સમજજે, પ્રેમવડે પથરાતો; પી૦
મિથ્યા ચિંતન મેલી મનમાં, આનંદે ઉભરાતો;
દયા દાન ને દીનપણામાં, નિત્ય રહે તું તાતો; પી૦
ખોટી વાતે ખેલ બગાડી, પ્રિય જોજે પસ્તાતો;
સંપી જંપી રે'જે શાણા, **કેશવ** હરિગુણ ગાતો; પી૦

ચિત્તચકોર.

(મન માને નહિ સો ફેરા સમજાવું તોય શું થાય.) એ રાગ.

હે ચિત્તચકોર, નિરખ પૂર્ણાનંદ પ્રકાશક ચંદ્રને.
શીતલ સાચા, સ્વાભાવિક સર્વોત્તમ સુખના કંદને. ટેક.
નથી કાલતણા કરમાં જાતો, નથી ક્યાંહિ કલંકિત તે થાતો,
ઉદયાસ્ત રહિત અંતે આ તો;— હે ચિત્તચકોર૦
એનાં વિશ્વે કિરણો વ્યાપી, જીવાડે છે જીવન આપી,
સચરાચરનાં સંકટ કાપીઃ— હે ચિત્તચકોર૦
ઉત્તમ તરુપર તું જઈ એઠું, પલ્લવમાં પ્રેમવડે પેઠું,
રહિ જોયા વગર હવે હેઠું;— હે ચિત્તચકોર૦
નહિ દૂર જવું પલ પણ તારે, અંજન માં મિથ્યા અંધારે,
ભય લેશ નથી ભટકણ ભારે;— હે ચિત્તચકોર૦
પ્રતિકૂલ પવન પલપલ વાતાં, વચમાં વાદળ આવી જાતાં
પ્રત્યક્ષ નથી દર્શન થાતાં;— હે ચિત્તચકોર૦
સન્મુખ આંખ ઉઘાડી જો, પ્રેમેથી પરિચય પાડી જો,
લાખેણા લક્ષ લગાડી જોઃ— હે ચિત્તચકોર૦
નિજ ધર્મ પરમ ધન ધારીને, ક્ષણભંગુર સંગ વિસારીને,
નિશ્ચલ પદ એક વિચારીનેઃ— હે ચિત્તચકોર૦
તન તાપ બધા તત્કાલ જશે, નિરવધિ અદ્ભુત સુખ સાંપડશે,
કેશવ કુલ–જન્મ કૃતાર્થ થશેઃ— હે ચિત્તચકોર૦

મત્તમયૂર.

† राग सारंग.

હે મત્તમયુર, ભજ ભજ પૂર્ણાનંદ પયોધર વૃન્દને.
નિર્મલ સુખરૂપ, શીતલ સર્વોત્તમ કરુણામૃતકંદને ટેક૦
બહુ શીતલતા પસરી રહી છે, આ લીલાલ્હેર થઈ રહી છે,
સમરસના ભાઈ ભરી રહી છે;- હે મત્તમયુર૦
પ્રેમે જીવનજલને પાતો, રહી છૂટ રહ્યો છે છવરાતો,
કરુણાકર ક્યાંહિ નથી જાતો;— હે મત્તમયુર૦

† ત્રિતાલ.

સીંચી એણે સુંદર વાડી, ફુલેલ ફળેલ ઘણી ઘાડી.
ઝૂકી રહી ઝાડ તણી ઝાડી;— હે મત્તમયૂર૦
ઉત્તમ તરુને તું સંભાળે, બેઠો છે અતિ ઉંચી ડાળે,
ડોકયા કરતો દિન કાં ગાળે ?— હે મત્તમયૂર૦
ભારે ભારે આવે એવા, મેળવતો અતિ ઉત્તમ મેવા,
હડ હડ થાવાના તજ હેવા;— હે મત્તમયૂર૦
તું અન્નપણે અંતે મરવા, આ જઠર અજર ભક્ષ્યે ભરવા,
જામાં જડબુદ્ધિ હવે ફરવા;— હે મત્તમયૂર૦
એ કામ મલિન ભય છે ભારે, રગડાવું છે અંતે તારે,
રણવગડે કોણ તને વારે ?— હે મત્તમયૂર૦
ગાંડા મન રાખે ગારામાં, એ મોટો દુર્ગુણ તારામાં,
સમજ્યો નહિ નરતા સારામાં— હે મત્તમયૂર૦
જેને તું પોતાનાં જાણે, માનીતા થઇને જે માણે,
તે નિત્ય તને નીચો તાણે;— હે મત્તમયૂર૦

ભોગી ભૃંગ.

* સારંગ.

હે ભોગી ભૃંગ મેળવ પરમાનંદકમલ—મકરન્દને.
એ દુર્લભ લાભ, મળવો દુર્લભ મધુકર અતિ મતિમંદને. ટેક.
ભરપૂર ભર્યો ચારે કોરે, જીવે છે તું તેને જોરે,
ચંચલ શા માટે તન ચોરે ?— હે ભોગી ભૃંગ૦
સુખ સર્વ જગત પામે જેથી, અલિ કેમ ઉદાસ રહે એથી,
ત્રણ તાપ ટળે તારા જેથી;— હે ભોગી ભૃંગ૦
ગાંડા બગડયો ગજમદગારે, ષટ્પદ શરમાવાનું તારે, .
શુભ ભાગ્યવિના ભૂલ્યો ભારે;— હે ભોગી ભૃંગ૦
છાણેથી નાસા છંદાઈ, દુર્ગંધ ભર્યો અંદર ભાઈ,
એથીજ રહ્યા છો અંજાઈ;— હે ભોગી ભૃંગ૦
જલથી નિર્મલ થાશે જ્યારે, પ્યારા પરિમલ મળશે ત્યારે,
સમજીશ પછી કપટી ક્યારે ?— હે ભોગી ભૃંગ૦
પચરંગી પરિમલને હરતો, જ્યાં ત્યાં વળગે ગણગણ કરતો,
શું ફૂલે ફૂલવિષે ફરતો,— હે ભોગી ભૃંગ૦

* ત્રિતાલ.

મંજરીઓના મુખપર જાતો, અવળી સવળી છાપટ ખાતો,
હજી કેમ નથી કાયર થાતો ?— હે ભોગી ભૃંગ૦
મમતા મેલી દે મુંઝાળા ચૂંથેછે શું ખોટા ચાળા ?
એમાં કસ કાંઈ નથી કાળા;— હે ભોગી ભૃંગ૦
તુજપર પક્ષી બેઠો ટાંપી, પકડી લેશે પલમાં પાપી,
ભુંડા ભય કોણ શંક કાપી ?— હે ભોગી ભૃંગ૦
જો જન્મ નથી આવો જડતો, પરિચય પરિવાર રહે પડતો,
અધવચ્ચ રહિ જાશે આથડતો;— હે ભોગી ભૃંગ૦
પંકજમાં અંધા અંધાશે, ગજરાજ તનેય ગળી જાશે;
શી રીતે જન્મ સફલ થાશે ?— હે ભોગી ભૃંગ૦
વ્હાલા વીસર સઘળી ક્રીડા, કર હરિપદકમલવિષે ક્રીડા,
કેશવ પરહર સર્વે પીડા; હે ભોગી ભૃંગ૦

प्रभु भजवाविषे.

कानडो.

હરિ ભજ હરિ ભજ હરિભજ ભાઈ રે;*
વિષમ વિષયોમાં વિસર વડાઈ રે
ધન જન ધામ ધરાદિક વૈભવ, જાય પવનમાં જેમ તણાઈ રે; હરિ૦
આ તન ચપલા જેવું ચંચલ જીવન જલસમ જાય તણાઈ રે; હરિ૦
મૃગજલ જેવી મિથ્યા મમતા, સ્વપ્નસમાન સમજજે સગાઈ રે; હરિ૦
કામ ન આવે કાંઈ અકાલે, ભોળપણે શું જા ભરમાઈ રે; હરિ૦
પુણ્યવડે માનવ તન પામી, ધૂળ ધમે અમથો અથડાઈ રે; હરિ૦
લવરી કરતાં લેશ ન થાકે, નામરટણમાં જાય લજાઇ રે; હરિ૦
ઠોઠ તજી દે ઠાઠ ઠગાઈ, કર સંપાદન શુભ સરલાઈ રે; હરિ૦
સાંગ સફલ કર **કેશવ** સારો, હેતવડે હરિના ગુણ ગાઈ રે; હરિ૦

* 'રે' ની જરૂર નથી પણ લટક માટે નાંખેલ છે. 'રે' મેલીને આધુઅનના મહિનાના રાગમાં ગાઇ શકાય છે. 'હરિ' ને ઠેકાણે 'પ્રભુ' પદ પણ ઠીક છે.

मेमानपणाविषे.

*काफी.

અમે તો આજ તમારા, બે દિનના મેમાન.
સફલ કરો આ સહજ સમાગમ, સુખનું એજ નિદાન. ટેક.
આવ્યા જેમ જશું તે રીતે, સર્વે એમ સમાન;
પાછા કોઇ દિને નહિ મળીએ, કયાં કરશો સન્માન ? અમે૦
સાચવજો સંબંધ પરસ્પર, ધર્મે રાખી ધ્યાન;
સંપી સદ્દગુણ લેજો દેજો, દૂર કરી અભિમાન; અમે૦
લેશ નથી અમને અંતરમાં, માન અને અપમાન;
હોય કશી કડવાશ અમારી, તો પ્રિય કરજો પાન; અમે૦
કેશવ હરિએ કરુણા કીધી, ન ભમો ભૂલી ભાન;
તત્ત્વે તાન રહે છે તેને, થાય ન જરીએ જાન; અમે૦

सद्गुरुनुं शरण.

राग देश.

સદ્દગુરુ–શરણવિના અજ્ઞાનતિમિર ટળશે નહિ રે;
જન્મ–મરણ દેનારૂં બીજ ખરૂં બળશે નહિ રે.— ટેક.
પ્રેમે વચનામૃત પાનવિના, સાચા ખોટાના ભાનવિના,
ગાંઠ હૃદયની જ્ઞાનવિના, ગળશે નહિ રે;— સદ્દગુરુ૦
શાસ્ત્ર પુરાણ સદા સંભારે, તન મન ઇંદ્રિય તત્પર તારે,
વગરવિચારે વળમાં, સુખ રળશે નહિ રે;— સદ્દગુરુ૦
તત્ત્વ નથી મારા તારામાં, સુજ્ઞ સમજ નરતા સારામાં,
સેવક સુત દારામાં, દિન વળશે નહિ રે;— સદ્દગુરુ૦
કેશવ હરિની કરતાં સેવા, પરમાનંદ બતાવે તેવા,
શોધવિના સજ્જન એવા, મળશે નહિ રે;— સદ્દગુરુ૦

प्रभुना भजनविना जन्म–मरणरूपी बंधन मटतुं नथी.

राग देश.

પ્રભુના ભજન વિના બંધન તારૂં ટળવું નથી રે;
માનવ તન ખોયું તો તે પાછું મળવું નથી રે.— ટેક.

† આ પદ મારૂ રાગમાં પણ સંભાળથી ગાઇ શકાય છે. તાલ દીપચંદી.

ધન જન યૌવન કેરા વળમાં, છટકી છંદાયો જો છલમાં,
તો બલમાં અજ્ઞાન કદી બળવું નથી રે; પ્રભુના૦
ધ્યાન સદા વિષયોનું ધરતાં, દાનપુણ્યનો પંથ વિસરતાં,
ખોટી ખટપટ કરતાં સુખ વળવું નથી રે; પ્રભુના૦
ભવસાગર તરવાનું બારૂં, હરિના શરણ થકી શું સારૂં ?
મારૂં તારૂં પ્રાણ કશું પળતું નથી રે; પ્રભુના૦
કાલ ફરે છે નિશદિન માથે, જાગીને જો હિત છે હાથે,
કેશવ હરિજન સાથે, શું હળવું નથી રે ? પ્રભુના૦

ખોટું મોટપણું મૂકી દેવાવિષે.

રાગ દેશ.

સાચી વાત સખા સમજાવું તુંને સાનમાં રે;
ખોટું મોટપણું મેલી દે મિથ્યા માનમાં રે. ટેક.
ધામ ધરા ધન સાથ ન આવે, સ્નેહ અને સંબંધ સતાવે,
સુતદારાદિક તને નચાવે તાનમાં રે; સાચી૦
પુણ્યવડે માનવ તન પામી, વામી થઈ બેઠો છે કામી,
ખલ નારી તે ખામી કહું છું કાનમાં રે; સાચી૦
નામરૂપ સર્વે છે નિષ્ફલ, બહુ કોને દેખાડેછે બલ,
જીવન ચલ જલબિંદુ પડેલું પાનમાં રે; સાચી૦
વિનય વિવેક વિચાર કરીને, તર ભવસાગર પુણ્ય કરીને,
ભાવ ધરીને **કેશવ** હરિ ભગવાનમાં રે; સાચી૦

જ્ઞાનનાં પદો.

રામગ્રી.

રે જીવ ! તું શિવરૂપ છે, ભૂલ્યો કેમ ભમેછે ?
આ સંસારની જાલમાં, શું ગુંથાવું ગમે છે ? રે જીવ૦
પંચમહાભૂતનો થયો; તું નથી જડ દેહ;
શાસ્ત્ર પુરાણો શાખ દે, પછી શો સંદેહ ? રે જીવ૦

જ્ઞાનેંદ્રિય તે તું નથી, નથી તું પંચપ્રાણ;
કર્મેન્દ્રિઓ પણ તું નથી, એમ નિશ્ચય જાણ; રે જીવ૦
પંચમહાભૂત તું નથી, તું નથી નામ રૂપ;
વર્ણ અને જાતિ તું નથી, કાં પડયો અંધકૂપ? રે જીવ૦
ત્રિગુણ અહંકાર તું નથી, નથી માંસ ને મેદ;
વસ્તુ–કાલ અને દેશનો, તુજમાં નથી ભેદ; રે જીવ૦
હાડ ચર્મ રસ લોહી ને, તું નથી મલમૂત્ર;
માતપિતા ભાઈ ભામિની, પુત્રિ કે નથી પુત્ર; રે જીવ૦
કર્તૃત્વપણ તુંમાં નથી, નથી ભોક્તૃત્વ ભાઇ;
સંસારનાં સંબંધની, નથી તારે સગાઈ; રે જીવ૦
નીચ ઉચ્ચ વર્ણ તું નથી, નથી નર તેમ નારી;
તારા નથી ધન ધામ આ, તે તું જોને વિચારી; રે જીવ૦
ખાવું પિવું હર્ષ શોક એ; દેહના સહુ ધર્મ;
વેદ વેદાંતની વાણીનો, કેમ જાણે ન મર્મ? રે જીવ૦
જન્મ–મરણ ને જરા નથી, એક રૂપ અનાદિ;
સચ્ચિતઆનંદરૂપ છો, નથી અંત ને આદિ; રે જીવ૦

(૨)

बरवापीलु.

આનંદ આનંદ આજ અમારે, વિનય વિવેકથી વસ્તુવિચારે, આ૦
હેય ઉપાદેય હોય હવે શું? આ આપણું પારકું તું લવે શું? આ૦
ધામ ધરા ધન દુઃખ ન આપે, એ નિજરૂપના પ્રૌઢપ્રતાપે; આ૦
પુત્ર કલત્ર કુટુંબ વગેરે, દુઃખદ દેખું નહિ કોઈ પેરે; આ૦
સાંભળું જોઉં જગતમાંહિ જે જે, હુંથી નહિ કાંઈ નોખું રહે તે; આ૦
હર્ષ અને શોક શેનો કરૂં હું? કયાં ભવસાગર શાને તરૂં હું? આ૦
બંધન મોક્ષ નહિ કાંઈ મારે, શું સાંભરે ને પડે શું વિસારે? આ૦
બ્રહ્મવિલાસ રમું હુંજ તેમાં, હોય અચંબો નહિ કાંઈ એમાં; આ૦
તાપ ત્રિષા તન કેમ તપાવે? કોણ કહો રાગ–રોષ કરાવે? આ૦
ભૂલવડે હાય વોય વધારી, જાણ થયું આજ જોતાં વિચારી આ૦
કેશવ અંતરયામીપ્રતાપે, વિશ્વવિલાસ સદા સુખ આપે; આ૦

(૩)
* रुचिराछंदनी चाल.

શાનો ભય ક્યાં છે ભવસાગર, શું મારે તે તરવું રે?
નિત્ય પરમ આનંદરૂપ હું, દુઃખવિના શું ડરવું રે? ટેક.
પાપ પુણ્યનો હું નહિ કર્તા, તે સાથે શું લાગ્યું રે?
મારે જન્મ–મરણ પણ ક્યાં છે? શાથી ભડકી ભાગું રે? શાનો૦
ક્યાં છે કુલ કોનો હું પોતે, કોણ કુટુંબી મારો રે?
ક્યાં છે સંપત ધામ ધરા ધન, ક્યાં સુખ ભોગ સુધારો રે? શાનો૦
તાપ ત્રિવિધ તન મનના ક્યાં છે, શા કારણથી તપવું રે?
ધર્મ કર્મ પણ ક્યાં કોને છે, શું તજવું શું જપવું રે? શાનો૦
ક્યાંથી આવ્યો ક્યાં જવાનું, ક્યાં આખર ક્યાં આદિ રે?
હર્ષ શોક સુખ દુઃખ મને ક્યાં, ક્યાં વાદી પ્રતિવાદી રે? શાનો૦
જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ અવસ્થા, ક્યાં છે આધિ ઉપાધિ રે?
ઝીણી નજરે નિરખી જોતાં, ક્યાં વળગે છે વ્યાધિ રે? શાનો૦
અહંકાર મન ઇંદ્રિય ક્યાં છે, ક્યાં છે વિષયવિચારો રે?
પંચભૂતનું તન પણ ક્યાં છે, ક્યાં બંધન ક્યાં આરો રે? શાનો૦
યમકિંકર નહિ દેખું નયને, નરક સ્વર્ગ તે શાનાં રે?
આ સ્થાવર આ જંગમ એ તો, છે બોલ્યાનાં બાનાં રે? શાનો૦
પૃથ્વી પાણી પર્વત તારા, ક્યાં પશુ–પક્ષી પ્રાણી રે?
દાનવ દેવ મનુષ્ય વગેરે, કહેવાની છે કાંણી રે; શાનો૦
લાભ હાનિનો સંભવ શાનો, ભેદ કશો નહિ ભાળું રે;
મિત્ર પવિત્ર પુત્ર પણ ક્યાં છે, ક્યાં કોને સંભાળું રે? શાનો૦
ક્યાં ઘરબાર જનક ને જનની, ક્યાં છે શ્યામા શાણી રે?
મારૂં તારૂં એવી માયા, મનમાંથી ઉભરાણી રે; શાનો૦
નામ રૂપ ને નાશ વગેરે, કલ્પું હું તે કોનું રે?
અધિષ્ઠાનથી કાંઈ ન અળગું, સઘળાં ભૂષણ સોનું રે; શાનો૦
ભેદકલ્પના ભય આપેછે, એ જો વાત ન જાણી રે;
મૃગજલમાં મૃગલાની પેઠે, બંધન પામે પ્રાણી રે; શાનો૦

* ટેકમાં જે ખુબી છે તે ખુબીના અંતરાઓ નથી, અને સંબંધવાળા પણ નથી; તો પણ બોલવા માટે ઉતારેલ છે. આ પદ ઘણા ઢાળમાં ગવાય છે.

ઈંદ્રજાલના જેવું લાગે, તે મનના સંકલ્પે રે;
ચિદાભાસના ચૈતન્યવડે, મનગમતું મન કલ્પે રે; શાનો૦
કેશવ હરિની હોય કૃપા તો, સારી સમજણ આવે રે;
પોતાના અંતરના અનુભવ, ઉત્તમ સુખ ઉપજાવે રે; શાનો૦

(૪)

ભુજંગી છંદ.

ભલે માન આપો ન આપો ગમે તો, રમો રંગમાં સંગીસાથે તમે તો.
નથી કામ કાંઈ તમારે અમારે, અમે મગ્ન બેઠા અમારે વિચારે. ૪
નથી જાણવાની તમારે જરૂર, અમારો અનિર્વાચ્ય છે પ્રેમ પૂર;
તમે મગ્ન રે'જો તમારા નિશામાં, અમે ચોડિએ ચિત્ત દૈવી દિશામાં. ૫
ખરે ખેલ આ દશ્યનો સર્વ ખોટો, અવિદ્યાવડે ચિત્તમાં નિત્ય ચોટો;
નથી સાર સંબંધ છે બંધરૂપ, સદા શ્રેષ્ઠ છે એક આત્મસ્વરૂપ. ૬

(૫)

કાફી

બતાવું હું કયી રીતે, આજ અહો આનંદ ?
અંતરમાં ઉગ્યો છે રસમય, અદ્‌ભુત સુખનો ચંદ્ર; બ૦
તાપ ગયા તનમનના મારા, છૂટયો સઘળો છંદ;
ભય તૂટયો આ ભવસાગરનો, ફેંદી નાખ્યો ફંદ; બ૦
દુર્ગુણ દોષ–તિમિરનો સત્વર, કાઢી નાંખ્યો કંદ;
કેશવ હરિની પૂર્ણકૃપાથી, વાધ્યો ગુણનો વૃંદ; બ૦

(૬)

મુલ્ય ભૈરવી.

સ્વપ્નસમ સંસારમાં શો શોક મોહ તમારે છે ?
બોધ થાતાં અંતરે આનંદ નિત્ય અમારે છે. સ્વ૦

માનને મમતાવડે કલ્પાંતમાં પોતે કરેલા;
સ્વાંતના સંકલ્પ તે તો સ્વાંતને સહુ સારે છે; સ્વ૦
છે બધું છે તો પછી કાંઈ નથી તો તેમ છે આ;
સાર જો સમજાય તો સુખ–દુઃખ સર્વ વિસારે છે; સ્વ૦
કાંઈ છે નહિ તોય જે દેખાય તે શાને નિહાળો:
માનવાના ભાવથી ભવસિંધુનો ભય ભારે છે; સ્વ૦
વશ્ય ને પરવશ્યતા તે આપણા આધીનમાં છે;
સ્વપ્નજાગ્રત એક એવો ભાવ ભેદ વિદારે છે; સ્વ૦
આ અલૌકિક ઇંદ્રિજાલે દ્વેષ–રાગ તરંગ મેલો;
મોક્ષ–બંધન આપણા તે આપણુનેજ પનારે છે; સ્વ૦
ટળતાં અજ્ઞાન **કેશવ** વાસનાનો નાશ થાતાં:
સત્ય તત્ત્વવિચાર તે સંસાર પાર ઉતારે છે; સ્વ૦

(૭)

मह़ीदीपनी चाल.

* હું અખંડ એક નિત્ય ચિદ્દ્ઘન અવિનાશી.
કલ્પિત જડ સકલ દશ્યજાલનો વિલાસી:— હું૦
પૂર્ણકામ હું સમાન ધર્મરૂપ ધાતા;
વિવિધ જગતજાલનો વિચારથી વિધાતા; હું૦
સકલ દશ્ય અવધિએ સદૈવ છે વિનાશી;
આદિ–અંત–મધ્યમાંહિ હું રહ્યો વિકાસી હું૦
નિર્વિકાર નિરાકાર છું સ્વયંપ્રકાશી;
વિશ્વમાં વસાવનાર મુક્તિપુરી કાશી હું૦
બ્રહ્મા ભવ ઇંદ્રિ દેવ કોઈ નથી ન્યારા;
લોક લોકપાલ સૂક્ષ્મ દૃષ્ટિવડે મારા;— હું૦
દેશ–કાલ વસ્તુનો ન ભેદ ભાઈ મારે;
જાગ્રત કે સ્વપ્ન કે સુષુપ્તિ હોય ક્યારે ? હું૦

* 'હું' શબ્દને બદલે 'તું' લેવો હશે તો લેવાશે. સહજ જોડાઈ, ન લખી લીધી. લી. કર્તા.

દ્વૈતભાસ ભ્રાંતિમાત્ર છે વિવર્તરૂપે;
શુદ્ધ બુદ્ધ મુક્ત સદા નિશ્ચલ સ્વરૂપે; હું૦
ધ્યાન અને ધ્યેય અને ધ્યાતા નહિ નોખો;
વાણી મનથી અતીત હું ચતુર્થ ચોખો; હું૦
કેશવ હરિરામ કૃષ્ણ નામથી ગવાઉં;
સ્થિર સદૈવ પરમધામ થાઉં કે ન જાઉં; હું૦

વિભાગ ૧ લો.
સમાપ્ત.

વિભાગ ૨ જો.

ઇશ્વરસ્તુતિ અને ભક્તિનાં પદો.

દોહરો.

જેવી વૃત્તિ હરામમાં, તેવી હરિમાં હોય;
વહ્યો જાય વૈકુંઠમાં, નહિ અટકાવે કોય.

ગણપતિની સ્તુતિ.

* ઝુલણાની ચાલ.

શ્રીગજાનન ગણાધીશ ગૌરીસુત, પ્રથમ કલ્યાણ કરજો અમારૂં;
આજ આરંભમાં વિઘ્ન સઘળાં હરી, કીજીએ પ્રેમથી નિત્ય સારૂં;
વિઘ્ન હરનાર સુખ સર્વ કરનાર છો, દુઃખ હરનાર સંસારમાંહી;
એમ સમજી અમે અરજ કરીએ સહુ, કામ નિર્વિઘ્ન થાવાજ આંહી.

ઉમાસ્તુતિ.

ઝુલણાની ચાલ.

સતિ શિરોમણ ઉમા માત જગદંબ તું, બાળકો પર સદા મ્હેર ધરજે;
વિઘ્ન પડતાં પહેલાં સદા માત તું, દિલવિષે ધરિ દયા દૂર કરજે;
આપની આશ મનમાં સદા રાખીએ, કામની સિદ્ધિને કાજ દાડી;
અલ્પ બુદ્ધિ થકી અરજ કરીએ અમે, માની લેજો તમે આજ માડી.

પ્રભુસ્તુતિ.

ઝુલણાની ચાલ.

એક ઇશ્વિર અનાદિ અખિલેશ તું, જગતનાયક સદા સુખકારી;
દીનબંધુ દયાસિંધુ સૃષ્ટિ સ્થિતિ, ને વળી આપ સંહારકારી;
સર્વનાં દુઃખ હરનાર ઇશ્વિર તમે, આજ વિઘ્નો અમારાં નસાડી;
હામને દામની સાથ સહુ કામમાં, શક્તિ આપો પ્રભુ દાડી દાડી.

---

* સોરઠ, પ્રભાતી, કેદાર વગેરે રાગમાં ગવાય છે. તાલ ચર્ચરી.

शिवस्तुतिनां पदो.

(૧)

કોને હવે કયાં હું જાઉં ? સાંબ ! શું કરૂં ?
આધાર ન અન્ય કોઈ કયાં જઈ ઠરૂં ? કોને૦
ચરણુ વિચારી સદાચારમાં ધરૂં, દૂર દોષને કર્યાનું જ્ઞાન પાધરૂં; કોને૦
આપનુંજ નામ એક હું ગણું ખરૂં, અન્ય વાતતણું ધ્યાન તો કરું પરૂં; કોને૦
તોય તાપ ત્રિધા મનમાં રહે શરૂ, સાચવી શકાય સ્હેલથી ન આબરૂ; કોને૦
જનક જણાવો નહિ કેમ આદરૂં ? કોણુની સમીપે જઈ આંખને ભરૂં ? કોને૦
કેમ દુઃખમાંથી છુટીને હરૂં ફરૂં ? મૂરખ ન મન મારૂં રે કહ્યાગરૂં; કોને૦
મોત જો મળે તો નાથ હું હવે મરૂં, અન્ય આ ઉપાધિઓના દુઃખમાં ડરૂં. કોને૦

(૨)

शार्दूलविक्रीडित.

કામ ક્રોધ મરે ભલે પણુ મને એ તે શકે શું કરી ?
લોભે ને મદ મત્સરે કયમ અરે હું જાઉં આજે ડરી ?
આધિ વ્યાધિ ઉપાધિનું પ્રબલ તે શું ચાલશે આ સમે ?
ભાવેથી ભજવા ઉમાપતિ હવે અત્યંત મુને ગમે.
તૃષ્ણાવાનવિષે રહે જઇ સદા તૃષ્ણા ભલે બાપડી,
ભોગીમાં જઇને વસે ભવતણા ભોગો ભલે આ ઘડી;
મારૂં માનસ નિત્ય વૈભવ તજી, વૈરાગ્યમાંહિ રમે,
ભાવેથી ભજવા ઉમાપતિ હવે અત્યંત મુને ગમે.
જે સંસારતણાં સુખો અખિલ તે સંસારીઓ મેળવો,
સ્ત્રીપુત્રાદિકમાં સદા હૃદયને ભાવે ભલે ભેળવો;
મારૂં માનસ તો સદૈવ પરમાનંદ પ્રભુમાં ભમે,
ભાવેથી ભજવા ઉમાપતિ હવે અત્યંત મુને ગમે.
નિંદે નિંદક તોય તે વિષયનું કાંઈ ન મારે મને,
ના પામું કદિ હર્ષ વર્ણન કરી ઉંચો ચડાવે મને;
દુષ્ટો આ દુનિઆ વિષે વળી ભલે દુઃખો દઇને દમે,
ભાવેથી ભજવા ઉમાપતિ હવે અત્યંત મુને ગમે.

ભુખે પ્રાણ ગયા તથાપિ મુજને શી ખોટ લાગી ગઈ?
મિષ્ટાન્નો મળવા થકી કદિ રહ્યા તોએ ન મારે કંઈ;
મારૂં અંતર ચંદ્રચૂડચરણે નિશ્ચિન્તતાથી નમે,
ભાવેથી ભજવા ઉમાપતિ હવે અત્યંત મુને ગમે,
પામું આ ભવમાં કદિ ઉદય હું તેથી કરી શું થયું ?
જામ્યો હું ધન ધામમાં નહિ કદિ તેથી કરી શું ગયું ?
મારૂં અંતર પુણ્યના પ્રબલથી સર્વ પ્રકારે શમે.
ભાવેથી ભજવા ઉમાપતિ હવે અત્યંત મુને ગમે.
માતા તાત કલત્ર સોદર અને મિત્રાદિ સર્વે સગાં !
મારે કાજ સદાય જે ભવતણાં દુઃખો ખમ્યાં છે બધાં;
ચિંતા ચિત્ત વિષે ન કાંઈ કરતાં દીર્ઘાયુ રે'જો તમે,
ભાવેથી ભજવા ઉમાપતિ હવે અત્યંત મુને ગમે.
વિદ્યાર્થી જન હોય તે સુખથકી વિદ્યા ભલે મેળવો;
અર્થી જે જન હોય તે સુખથકી અર્થો ભલે મેળવો;
વિશ્વાધાર થકી રહે વિમુખ જે તે ધુળ ઠાલી ધમે,
ભાવેથી ભજવા ઉમાપતિ હવે અત્યંત મુને ગમે.

આપ આવીને ઉગારો.

માઢ

ઉગારો આવી આપ, હે દીનબન્ધુ હે દયાળ !
દેખાડો પ્રૌઢ પ્રતાપ, હે દીનબન્ધુ હે દયાળ !
અકળ કળાવાળા અવિનાશી, શું વરણવીએ વીર ?
પાર ન પામું હું પ્રભુતાનો, ગુણગણથી ગંભીર;
હે દીનબન્ધુ હે દયાળ !

ડુબું છું હું દુઃખમાંહિ, હે દીનબન્ધુ હે દયાળ !
આવ્યો આધારે આંહિ, હે દીનબન્ધુ હે દયાળ !
પૂજન પાઠ કર્યાં નહિ કોડે, સોણે પણ સુખરૂપ;
ધૃતના દીપક પણ નહિ પ્રગટયા, ન ધર્યા રૂડા ધૂપ;
હે દીનબન્ધુ હે દયાળ !

બોલું શું બીજો બોલ, હે દીનબન્ધુ હે દયાળ !
અંતરમાં કરશો તોલ, હે દીનબન્ધુ હે દયાળ !

ન કર્યાં મેં નૈવેદ્ય નમીને, સ્તવન કર્યાં નહિ તેમ;
પુષ્પાંજલિ પણ ન ભરી કોડે, અવળો ચાલ્યો એમ;
હે દીનબન્ધુ હે દયાળ !

ભટકું ભવમાં ભૂતેશ, હે દીનબન્ધુ હે દયાળ !
સુખ દેખું નહિ લવલેશ; હે દીનબન્ધુ હે દયાળ !
વિનય વિવેક ન જાણું જાતે, ખાંતે રખડું ખૂબ;
નીતિ ન્યાય ન સમજ્યો સાચો, રસમાં ડુબાડુબ;
હે દીનબન્ધુ હે દયાળ !

તાપેથી હૃદય તપાય, હે દીનબન્ધુ હે દયાળ !
આયુષ્ય એળે જાય, હે દીનબન્ધુ હે દયાળ !
વાંક અનેક થયા છે અમથી, કરજો માફ મહેશ;
અંતર્યામી છો અલબેલા, શું વદવુંજ વિશેષ;
હે દીનબન્ધુ હે દયાળ !

સંતાણા ક્યાં શૂલપાણુ ? હે દીનબન્ધુ હે દયાળ !
મારે તો આપ પ્રમાણુ, હે દીનબન્ધુ હે દયાળ !
પીધું હર હાલાહલ હોંશે; કઠણુ કર્યું એ કામ;
સેવકને સુખિઓ કરવામાં, અટકો છો શું આમ ?
હે દીનબન્ધુ હે દયાળ !

ચરણે રાખું છું શિશ, હે દીનબન્ધુ હે દયાળ !
શોભે નહિ સ્વામી રીસ, હે દીનબન્ધુ હે દયાળ !
નિદ્રા નાથ નહિ કરતા હો, મારે કાજ રમેશ;
એવું હું અંતરમાં સમજી, ચિંતા ન કરૂં લેશ;
હે દીનબન્ધુ હે દયાળ !

રાખો ને સુખમાં ઇશ, હે દીનબન્ધુ હે દયાળ !
માગું છું એ દિનનિશ, હે દીનબન્ધુ હે દયાળ !
પોત પ્રભુ જો જોતા હો તો, બહુ જોયું જગદીશ;
અણુસમજુ અડબોથ અભાગી, શું હું શ્રેય કરીશ;
હે દીનબન્ધુ હે દયાળ !

તમ હાથે મારી લાજ, હે દીનબન્ધુ હે દયાળ !
જાશો ક્યાં નાશી આજ, હે દીનબન્ધુ હે દયાળ !

વસતા હો કૈલાસે સ્વામી ! તો ત્યાં આવું ઈશ;
ગિરિજાનાથ ગમે તે રીતે, આનંદ આપો ઈશ;
હે દીનબન્ધુ હે દયાળ !
ભીડભંજન ભાગો ભીડ, હે દીનબન્ધુ હે દયાળ !
ચૂકયો છું ત્યાં શી ચીડ, હે દીનબન્ધુ હે દયાળ !
બાળકના અપરાધ ન માતા, મનમાં લાવે લેશ;
તેમ તમે માતા છો મારાં, રાખો રે'મ રમેશ;
હે દીનબન્ધુ હે દયાળ !
જીવાડો તો જીવીશ, હે દીનબન્ધુ હે દયાળ !
તારો તો તરત તરીશ, હે દીનબન્ધુ હે દયાળ !
સમજું છું હું સઘળું કરવા, સાંબ સમર્થ સદૈવ;
કાલ તણા પણ કાલ કળું છું, દૈવતણા પણ દૈવ;
હે દીનબન્ધુ હે દયાળ !
ભય ભાંગો હે ભગવાન, હે દીનબન્ધુ હે દયાળ !
સેવકને આપો સાન, હે દીનબન્ધુ હે દયાળ !
આધિ વ્યાધિ ઉપાધિ કાપો, ટાળોને ત્રણ તાપ;
ભવસાગરને પાર ઉતારો; બાહે ઝાલી બાપ,
હે દીનબન્ધુ હે દયાળ !
જોશો જો ઈશ અવાણુ, હે દીનબન્ધુ હે દયાળ !
તો બાર બુડયાં વ્હાણુ, હે દીનબન્ધુ હે દયાળ !

(૨)

माड.

વીનવું છું વારંવાર, હે દીનબન્ધુ હે દયાળ !
વારે આવો આ વાર હે દીનબન્ધુ હે દયાળ
સચરાચર સેવે છે જેને, નારદ તુંબરૂ ગાય;
શેષ સહસ્ર મુખે વરણવતા, તોય ન પાર પમાય;
હે દીનબન્ધુ હે દયાળ !
હું તે બોલું શું બિચારો, મારો શો છે ભાર ?
કરગરતો બેઠો કર જોડી, આપો લક્ષ લગાર;
હે દીનબન્ધુ હે દયાળ!

આવ્યો આજે શરણે સ્વામી, ચરણે નામું શીશ;
માફ કરો અપરાધ હજારો, ઉગારો હે ઈશ;
હે દીનબન્ધુ હે દયાળ !
આશુતોષ ! અનેક પીડા, અંતર થાય ઉમેશ;
આધિ વ્યાધિ ઉપાધિ એકે, સુખ થાવા દે ન લેશ;
હે દીનબન્ધુ હે દયાળ !

ઇશ્વરસ્તુતિનાં પદો.

દોહરો.

રામ નામ સહુએ લહે, ઠગ ઠાકરને ચોર;
જેણે ધ્રુ પ્રહ્લાદજી, તર્યાં નામ તે ઓર.

આ ભવ પાર ઉતારવા વિષે.

હોરી.

પ્રભુ ભવપાર ઉતારો, ટેક.
કંઈક કિધાં હશે પાપ પ્રપંચો, અપરાધ એમાં ન મારો;
સંચિતને વશ વરતે સહુએ, એવો છે પંથ તમારો;
ત્યારે રીબાવી શીદ મારો ? પ્રભુ૦
સંસારમાં સઘળી છે ઉપાધિ, આવે ન એથી આરો;
દુર્જન લોક દમે મને દાડી, લાગું એને ખૂબ ખારો;
એવો આજ હું દુખિયારો; પ્રભુ૦
ફૂડું કર્યું કોઈનું ન કદી મેં, સહુને સુખે સુખીઆરો;
પુણ્યમાં રાજી રહું દિનરાત હું, તોય થયો છું નઠારો;
સદાચાર પાળતાં સારો; પ્રભુ૦
જાણુ થયું જ્યારથી જગજીવન, પંથ તજ્યો છે નઠારો;
દુર્ગુણથી દૂર રોજ રહું છું, સદ્ગુણ છે મુજ પ્યારો;
નહિ થાઉં એ થકી ન્યારો; પ્રભુ૦
અન્ય ન જાણું કંઈ અખિલેશ હું, તારણ કેમ ન તારો ?
હું છું અજાણ અજ્ઞાનના અંશે, જાતે કરો જાણનારો;
સંચિત સર્વ નાથ નિવારો; પ્રભુ૦

જાણ્યું જે મૃગજલ સમ સર્વે, ત્યારે હું છું અંશ તારો;
એવી રહે નહિ વૃત્તિ હમેશાં, જેથી ટળે જન્મવારો;
કેશવ કહું વાર હજારો; પ્રભુ૦

દુઃખમાં સહાય માગવાવિષે.

હોરી.

નાથ આવી હવે તો ઉગારો;
દાસ પીડા પામે છે તમારો. ટેક.

સંકટ સર્વ પડયાં મુજ માથે, તરત હવે હરિ તારો;
વાર થશે જો હવે કાંઈ વિઠ્ઠલ, તો જીવ જાણો જનારો;
માટે મેલી સર્વ વિચારો; નાથ૦
જો કદિ કાંઇ થશે કષ્ટ મુને, એથી નથી ડરનારો;
દેહ પડયાનો નથી ડર મારે, ટળશે તરત જન્મવારો;
એથી અન્ય લાભ શું સારો? નાથ૦
ઉત્તમ મેં આપનું પદ લીધું, ત્યારે પ્રભુ શું વિસારો?
કોણ કરે વાર આ વાર મારી, આપે કર્યો જો નકારો;
નથી કયાંહિ મારો કિનારો; નાથ૦
જગજીવન કયાં જઇને વસ્યા છો, અરજ જરા ઉર ધારો;
શરમ નથી શીદ લાવતા વ્હાલા, નામ હરિ ધરી હારો;
ત્યારે કેમ આવશે આરો; નાથ૦
કઈક પીડા એમ પામતા દેખું, આપના દાસ હજારો;
વ્યાપક નામ ખરૂં કરવાને, આ વાર આવ્યો છે વારો;
આપોઆપ આજ પધારો; નાથ૦
શરણાગત પ્રતિપાલ દયાલુ, સેવક હું છું તમારો;
શરણ રહું છું સદા આપને, **કેશવ** કોઈ ન મારો;
વિના આપ ભવ તારનારો; નાથ૦

विश्वनाथ विना कोई तारनार नथी.

वसंततिलका.

આદ્યંત જે અખિલ વિશ્વ વિષે સમાન,
વ્યાપી રહ્યા સતત અંબરની સમાન;

પામે કદિ ન શત કલ્પ વડે વિકાર,
એ વિશ્વનાથ વિણ કોઈ ન તારનાર.
કાષ્ઠે હુતાશન અદૃશ્ય સદૈવ રે'છે;
પ્રત્યક્ષ યત્ન થકી ભિન્ન જણાઈ રે'છે;
છે તેમ વિશ્વમય વિશ્વ થકી બહાર,
એ વિશ્વનાથ વિણ કોઇ ન તારનાર.
પોતે પ્રકાશક સદા સહુને પ્રકાશી,
દૃષ્ટા થઈ ઘટઘટે વસતા વિલાસી;
આનંદથી અખિલને સુખ આપનાર,
એ વિશ્વનાથ વિણ કોઈ ન તારનાર.
જેનો પ્રભાવ નહિ કુંઠિત લેશ થાય,
ને દેશકાલ વળી વસ્તુતણો જરાય;
જેના વિષે નહિજ ભેદ કદિ થનાર,
એ વિશ્વનાથ વિણ કોઈ ન તારનાર.
માયાવડે સગુણ સૌ જનને જણાય,
જે નિત્ય નિર્ગુણ અને નિરુપાધિ રાય.
જન્માદિ દુઃખ જનનાં સહુ કાપનાર,
એ વિશ્વનાથ વિણ કોઈ ન તારનાર.
જે સત્વ ને રજ અને તમના વિકારે,
ઉત્પત્તિ ને સ્થિતિ અને લય કાજ ધારે;
ઇચ્છાવડે ત્રિવિધરૂપ અનેક વાર,
એ વિશ્વનાથ વિણ કોઈ ન તારનાર.
અવ્યક્ત ઈશ ત્રિગુણાત્મક જે અનુપ,
નિત્યે નિરંજન નિરાકૃતિ વિશ્વરૂપ;
જે ભકતના સહુ મનોરથ પૂરનાર,
એ વિશ્વનાથ વિણ કોઇ ન તારનાર,

દુઃખ દરિઆમાંથી તારવાવિષે.

* भैरवी.

સહાય કરો કૃપાલુ રે, પીડાઉં છું હું તમારો;
દયા દીનબન્ધુ લાવી, દુઃખદરિએથી તારો. ટેક.
આપ વિણ કોઈની હું, આશ નહિં લેશ ધરું;
આપજ અનાદિ ઈશ, એક છો આધાર મારો. સહાય૦
શેષનાગ પણ પાર, વરણવતાં ન પામે;
નારદાદિ મુનિ મોટા, ગુણ ગાયછે હજારો. સહાય૦
જાણતો નથી હું કાંઈ, સેવવાની શુભ રીત;
સંસારવિષે સતાઉં, આવી હવે તો ઉગારો. સહાય૦
કેશવ કહું શું વધુ, આપ છો અંતરયામી;
મરણ પડયો છું આધિ–વ્યાધિ–ઉપાધિ નિવારો. સહાય૦

प्रार्थना.

शार्दूलविक्रीडितम्.

વિશ્વાધાર વિપદ્વિનાશક સદા આદ્યંત વિશ્વંભર,
જેની શક્તિ અને અપાર મહિમા જાણે ન કોઈ નર;
તે સાક્ષી સહુના સહાય અમને સન્માર્ગમાં સ્થાપજો,
સત્પ્રજ્ઞા સુવિચાર સત્સમયને સદ્ધર્મને આપજો.
આધિ વ્યાધિ ઉપાધિ આદિક સહુનાં સંકટો કાપજો,
દીનાનાથ દયાલ દેવ સહુને સારી મતિ આપજો;
આર્યોના અખિલેશ અંતરતણા અજ્ઞાનને ટાળજો,
સૌનાં શાન્ત કરી સદા હૃદયને સન્માર્ગમાં વાળજો.
આર્યોનાં અખિલેશ અંતર તમે સન્માર્ગમાં વાળજો.
દીનાનાથ કરી દયા પ્રતિદિને સૌને સુખે સ્થાપજો.
આર્યો ભારતભૂમિના ઉદયમાં આનંદ લેતા થજો,
અંતર્યામી અહો કહું અધિક શું લજ્જા તમે રાખજો.

* કાલીંગડામાં પણ ગવાય છે. તાલ દાદરો.

રે'જો આર્યજનો સદૈવ સુખમાં સર્વે રૂડી રીતિથી,
લેજો લાભ અનેક સદ્દગુણ અને નિત્યે રૂડી નીતિથી;
નિષ્ઠા શીલવિષે સદાચરણમાં સદ્ધર્મમાં રાખજો,
બ્રહ્માનંદતણા સદૈવ સુખને ચાતુર્યથી ચાખજો.
વર્ણોના શુભ જાતિના વળી વિશેષે દંપતીના રુડા,
પુત્રોના, પ્રભુના, સહોદરતણા પત્નિતણા જે ઘણા;
માતા તાતતણા અને ગુરુતણા ધર્મોધરામાં બહુ,
પાળો પ્રાણ જતાં લગી પણ સદા અત્યંત પ્રેમે સહુ.

परमेश्वरनो पाड मानवाविषे.

शार्दूलविक्रीडितम्.

જેના પ્રૌઢપ્રતાપથી પ્રથમ હું આવી રુડી જાતિમાં,
સૌથી શ્રેષ્ઠ ગણાય જે પ્રતિદિને તે ઉત્તમ જ્ઞાતિમાં;
માતા તાત તણા પવિત્ર કુલમાં જન્મી થયો આવડો,
એ વિશ્વંભર નાથના પ્રતિદિને હું પાડ માનું ઘણો.
આધિ વ્યાધિ ઉપાધિ આવી પણ હું તેમાંથીએ ઉગર્યો,
પીડા પિંડ વિષે પડી પણ વળી તેમાંથીએ હું તર્યો;
જીવું આજ સુધી શરીરસુખમાં જેના પ્રતાપે થકી,
તે વિશ્વંભર નાથનો પ્રતિદિને હું પાડ માનું નકી.
જેના પ્રૌઢપ્રતાપથી પ્રતિદિને માતા અને તાતની—
સેવા શુદ્ધ મને કરી, નહિ ગણી ખામી કશી વાતની;
જાણ્યો સાર સમગ્ર અંતરવિષે મેં સત્ય સંસારનો,
એ વિશ્વંભર નાથનો પ્રતિદિને હું પાડ માનું ઘણો.
જેના પ્રૌઢપ્રતાપથી પ્રતિદિને સન્માર્ગમાં હું રહ્યો,
જેના પ્રૌઢપ્રતાપથી સુજનની સાથે હળી હું ગયો;
એકાગ્રે મુજની સદાચરણમાં ચોટી રહી છે મતિ,
એ વિશ્વંભર નાથનો પ્રતિદિને હું પાડ માનું અતિ;
જેના પ્રૌઢપ્રતાપથી સરલતા ને શાન્તતા મેળવી,
જેના પ્રૌઢપ્રતાપથી સદુપદેશે બુદ્ધિને કેળવી;

પામ્યો સૌખ્ય વધારનાર ગુણનો ભંડાર નારી સતી,
એ વિશ્વંભર નાથનો પ્રતિદિને હું પાડ માનું અતિ.
જેના પ્રૌઢપ્રતાપથી શિયલને સારી રીતે સાચવ્યું,
જેના પ્રૌઢપ્રતાપથી નહિ પડયું ક્યાંહિ મને જાચવું;
ધારી ધૈર્ય સદાય આ જગતમાં સંતોષ માની લહું,
એ વિશ્વંભર નાથનો પ્રતિદિને હું પાડ માનું બહુ.
અંગે કાંઈ અપંગતા નહિ થઈ પામ્યો નિરોગીપણું,
જામ્યો હું ધન ધામમાં નહિ કદિ, તેનું ન લેશે ગણ્યું;
એ સર્વે સુખ–સાધનો પ્રબલ છે જેના પ્રતાપે કહું,
એ વિશ્વંભર નાથનો પ્રતિદિને હું પાડ માનું બહુ.
માતા તાતતણો અને ગુરુજનોનો શ્રેષ્ટ પુત્રોતણો,
પત્નિનો પતિનો સહોદરતણો ને દંપતીનો રુડો;
જાણ્યો ઉત્તમ ધર્મ મેં મનવિષે જેના પ્રતાપે સહુ,
એ વિશ્વંભર નાથનો પ્રતિદિને હું પાડ માનું બહુ.

अविनाशीप्रति अरज.

* भैरवी.

અરજ સુણો અવિનાશી, અમારી અરજ સુણો અવિનાશી;
આપ દયાળ અમે સૌ બાળક, એક તમારી આશ; અમારી૦
વાંક કરે બાળક તો બહુએ, થશો ન લેશ ઉદાસ; અમારી૦
ભણતર ભણવા ભેળાં થઈએ, કરશો નહિજ નિરાશ; અમારી૦
શુભ ગુણ લઈએ સહુએ સમજી, ન રહે લેશ કચાશ; અમારી૦
આપ શુભ મતિ સદ્‌ગુણ સાથે, સહુમાં થાય સમાસ; અમારી૦
નિર્મલ મનમાં નિશદિન રહીએ, પસરે જેમ સુવાસ; અમારી૦
મુખથી એવું માગી લહીએ, અંતર થાય ઉજાસ; અમારી૦
આપતણો આધાર મળ્યાથી, હૈયામાં છે હાશ; અમારી૦
ન રહે લેશ કુધારો કદિ પણ, સુખનો થાય ન નાશ; અમારી૦

* દેશરાગમાં પણ ગવાય. ત્રિતાલ. આ કવિતા પારસી સ્કૂલનાં બાળકો માટે લખાએલી છે. સં. ૧૯૪૨ લિ. કર્તા.

પ્રભુવિના કોણ તારે ?

મહીદીપ છંદની ચાલ.

આપના વિના અનાદિ ઇશ કોણ તારે ?
કોઈનું ન શરણ આપના વિના અમારે. આપના૦
ક્રોધ કામ લોભ મોહ હૃદયને વિદારે;
આંધળા બનાવી અંધ કૂપમાં ઉતારે; આપના૦
વ્યાધિ—આધિ ને ઉપાધિ મોત વગર મારે;
ત્રિવિધ તાપ તન તપાવનાર છે મુરારે ? આપના૦
છે ભવાટવીતણાં અનેક કષ્ટ ભારે;
આ ગુંચાઈ જાય દાસ વિષયરૂપ ગારે; આપના૦
ધ્યાન દાન જપ તપ નથી જાણતો લગારે;
ઠગ્યો ઠાઠમાઠરૂપ દુષ્ટ આ ઠગારે; આપના૦
હાથમાં ચડયો મણિ દબાઇ દાસ હારે;
જન્મ-મરણ હર્ષ-શોક વેદના વધારે; આપના૦
કેશવ હરિ ચૌદલોકનાથ ચડો વારે;
નટવર નહિ તો બુડી ગયાં વહાણ બારે; આપના૦

હે દયાનિધાન આપ આવીને ઉગારો.

મહીદીપ છંદની ચાલ.

હે દયાનિધાન આપ આવીને ઉગારો:
હું હણાઉં છું સદૈવ દાસ આ તમારો; હે દયા૦
વિષસમાન વિષયનો નિશો ચડે નઠારો;
વ્યાધિ આધિને ઉપાધિનો નથી કિનારો; હે દયા૦
ત્રિવિધ તાપ આવવા ન દે રુડા વિચારો;
આ ભવાબ્ધિનો પમાય કેમ આમ આરો ? હે દયા૦
માંડ માંડ આ મળ્યો મનુષ્ય-જન્મવારો;
આપની કૃપાવિના નકી ઠરે નઠારો. હે દયા૦
નીતિ રીતિને ન જાણું ધર્મનો ન ધારો;
ગ્રહણ મેં કર્યો કૃપાલુ આપનો પનારો; હે દયા૦

પ્રેમથી કરૂં પ્રણામ નરહરે ! હજારો;
દયાદષ્ટિ કરી નાથ ઠીક ઠીક ઠારો; હે દયા૦
આપથી અનાદિ ઈશ હું ન હોઉં ન્યારો;
પ્રણતપાલ નામ ધરી આમ શું વિસારો ? હે દયા૦

તે ઈશ્વરનાં દર્શન કેમ થાય.

હરિગીત.

ઘટઘટવિષે વ્યાપી રહ્યા પણ દૃષ્ટિએ પડતા નથી,
ગોતે ગમે તે યત્નથી યોગીજનો જડતા નથી;
યોગીજનો યત્ને કરે જેની નિરંતર સેવના,
કરિએ કહો કઈ રીતથી દર્શન અરે એ દેવનાં ?
સ્થાવર અને જંગમ તણાં પાત્રો બનાવે પ્રેમથી,
ખાસા કરે જે ખેલ નટવર નિત્યના શુભ નેમથી;
બહુએ કહે બહુરૂપ જેને, ગુણ ગણાય ન જેમના,
કરિએ કહો કઇ રીતથી દર્શન અરે એ દેવનાં ?
જે સર્વ પ્રાણીમાત્રને સુખ આપનારા દૈવ છે,
સાચા જગતની જાલના જે સૂત્રધાર સદૈવ છે;
જુગતે રમાડે જીવને જે કાંઈ યત્ન કર્યા વિના,
કરિએ કહો કઈ રીતથી દર્શન અરે એ દેવનાં ?
નહિ સૂર્યદેવ પ્રકાશ આપે ચંદ્ર પણ ચળકે નહિ,
બીજી બધી બહુ વસ્તુઓ આ જગતમાં ઝળકે નહિ;
વાયુ વહે નહિ વિશ્વમાં જેની જબર સત્તા વિના,
કરિએ કહો કઇ રીતથી દર્શન અરે એ દેવનાં ?
નિર્ગુણ અને નિર્દોષ નિર્મલ નિરાકાર નિરંજન,
જેને જરુર જનનાં ન પ્હોંચે વિવિધ વાણી ને મન;
ચૈતન્ય સર્વે વસ્તુઓ સંસારમાં જડ જે વિના,
કરિએ કહો કઈ રીતથી દર્શન અરે એ દેવનાં ?
જાણે જગતમાં થાય જે તે પ્રથમથી પલવારમાં,
પશુ-પક્ષીઓ જન જાતને જે સુખદ છે સંસારમાં;

પાલન અને પોષણ કરે છે ખચિત રાખી ખેવના,
કરિએ કહો કઈ રીતથી દર્શન અરે એ દેવનાં ?
' કરિએ કહો કઈ રીતથી દર્શન અરે એ દેવનાં ? "
એ બોલ છે અજ્ઞાનથી ખોટી પડેલી ટેવના;
અણુમાત્ર પણ અળગો નથી નિજપાસ નિત્ય મુકામ છે,
અનુભવ કરીને ઓળખ્યાનું એક કેવલ કામ છે.

* परमेश्वर अने पवनाविषे कठण कविता.

मंदाक्रांता

જાણી જોતાં ત્રિભુવનવિષે ઠામ ઠાલું ન કોય,
નાંનાં મોટાં ચર અચર તે તું વિનાનાં ન હોય;
સત્તા તારી અતિ સરસ છે તું બધાંને નિભાવે,
સર્વવ્યાપી અગમ ગતિથી જાડયતાને તજાવે.
આંખો દેખે સરસ રચના કામ હાથે કરાય,
વાણી બોલે વચન-રચના, કાનથી સંભળાય;
ટાઢું ઉનું તરત પરખે ચામડી સ્પર્શ થાતાં,
જિવ્હા જાણે સરસ રસને ખાંતથી જે ખવાતા,
હાલે ચાલે ચરણ સબળે, ગંધને ઘ્રાણ લે છે,
સારા માઠા અનુભવ બધા દેહ દાડી સહે છે;
આવાં કાર્યો જડ જગતમાં તું વિના કેમ થાય ?
તારી ભારે ગહન ગતિ તે વર્ણવી કેમ જાય ?
તું કોપે તો સકલ જનને દુઃખ અત્યંત આપે,
જો રીઝે તો સકલ જનના દેહનાં કષ્ટ કાપે;
સર્વે તુંને તન—મનવડે દૂરથી દેવ વંદે,
પીડા પામે કદિ તુજ થકી તો પછી નિત્ય નિંદે.
ચિત્તે તારી સકલ જનને પ્રીતિ નિત્યે ગમે છે,
સેવે તેને કઠણ થઇને કોકને તું દમે છે,

* પવન ઘણા પ્રકારના છે માટે જે ઠેકાણે જેમ અનુકૂલ પડે તેમ તે સ્થલે ગ્રહણ કરી લેવું. લિ. કર્તા.

જન્માવે છે જન જગતમાં તેમ સંહાર વાળે,
રાજી હો તો પ્રણય રસથી સર્વને નિત્ય પાળે.
સારી રીતે ન કદિ જન જો ચાલવા ચાંપ રાખે,
તો તેના તે અવગુણ બધા અંતરે તું ન સાંખે;
વિદ્વાનોએ પદ વિનયથી તૂર્ય તારૂં ગણાયું.
બીજું ત્રીજું પ્રથમ પદ તો માત્ર કાંકે ભણાયું,
તારી સત્તા વગર સઘળે અગ્નિ ઓલાઈ જાય,
તારી સત્તા વગર જલને કોણથી સુકવાય ?
તારી સત્તા વગર પૃથિવી ધારનારૂં ન કોઈ,
તારી સત્તા અનુભવવડે સાવ પ્રત્યક્ષ જોઈ.
તારી સત્તા વગર ન વદે વિશ્વમાં કોઇ વાણી,
તું સર્વેમાં સકલ તુજમાં એમ લીલા રચાણી;
તેં રાખી છે ચર અચરમાં એક આદ્યંત ટેક.
તારી સત્તા વગર ન હલે ઝાડનું પાન એક.
તું લાગે છે સમરસ બધે નિર્ગુણી નિર્વિકાર,
આવે આજે ગુણ અનુભવે તોય તારા અપાર;
સાચો સાક્ષી નિકટ સહુને તેમ પ્રાણસ્વરૂપ,
વિદ્વાનોએ અગણિત ગણ્યાં આપનાં નામરૂપ.
માને તુંને જન મનવિષે તાપનો આપનાર,
જાણે તુંને જન મનવિષે તાપનો ટાળનાર;
જેવો જેને અનુભવ થયો તેમ તે ઉચ્ચરે છે,
ગાંડા લોકો ગરજ પડતાં ધ્યાન તારૂં ધરે છે.

* मारे देह नथी धरवो.

शिखरिणी

ઘણા પાડા ઘોડા વૃષભ ખર ને વાનર વળી,
દુખી સર્વે દીઠા મૃગ કરભ ને ખચ્ચર મળી;
પડે પેટે પાટા પરવશપણે પિંડ ભરવો,
નથી એવો મારે નરહરિ હવે દેહ ધરવો.

* સં. ૧૯૩૯, જેઠ શુદિ ૧૫; બુધ.

સુખે પૂરૂં ખાવા ખડ કડબ કે ખાણુ ન જડે,
સદા ભૂખ્યાં તર્સ્યાં પરઘરવિષે રોજ રખડે;
પડે પીઠે પાછો ગરજુ નરનો માર ગરવો,
નથી એવો મારે નરહરિ હવે દેહ ધરવો.
ઘણા ઘાણી તાણે વળિ ઘણુખરા ખેડ કરતા,
ઘણા ગાડાં તાણે વળિ ઘણુખરા ભાર ભરતા;
દુખી થાતાં થાતાં શ્રમ જનમથી છેક કરવો,
નથી એવો મારે નરહરિ હવે દેહ ધરવો.
દયાહીણા દુષ્ટો કતલ તલવારે વળી કરે,
પછી પાપી પૂરા ઉદર નિજનાં એ થકી ભરે;
ન જાણે તે જાતે ભવજલધિ આ કેમ તરવો,
નથી એવો મારે નરહરિ હવે દેહ ધરવો.
સુગંધી ચીજો કે કનક રસથી આ નથી કર્યો,
મળે ને મુત્રે ને રુધિરરસ માંસેથકી ભર્યો;
મઢયો ચર્મે તેથી નહિ ઉપર તે માત્ર વરવો,
નથી એવો મારે નરહરિ હવે દેહ ધરવો.
અહો આધિ વ્યાધિ પ્રતિદીન ઉપાધિ પ્રભુ પડે,
હરિ હારી તેથી હરદમ હરામી હડબડે;
ફરી ફેરો એવો નરહરિ નથી હાય ફરવો,
નથી એવો મારે નરહરિ હવે દેહ ધરવો.
અહો આ સંસારે અવતરિ ઘણાં દુઃખ ખમવાં,
ભૂલીને પોતાને રમત ગમતે રોજ રમવાં;
રૂડી રીતે સાચો કઠણ નિજનો સ્વાર્થ સરવો,
નથી એવો મારે નરહરિ હવે દેહ ધરવો.
અરે પાપી આવું ઉદર ભરવા ભૂતલવિષે,
ફરે ચારે કોરે છલ-કપટ રાખી દસ દિશે;
અરે એ પીડામાં કઠણ પ્રભુમાં ભાવ કરવો,
નથી એવો મારે નરહરિ હવે દેહ ધરવો.
અહો છૂટું કયારે જનમ મરણેથી નરહરિ,
વિચારો એવા એ સુખદ, પણ તે સાવ વિસરી;

વધારે બંધાવા પરધન અને માલ હરવો;
નથી એવો મારે નરહરિ હવે દેહ ધરવો.

અહો હાડે ચર્મે રસ ચરબિ નાડી નસ થકી,
સદા દુર્ગંધી તે અપુનિતપણાનું ઘર નકી;
રુડો કે રૂપાળો નજર કરતાં માત્ર નરવો,
નથી એવો મારે નરહરિ હવે દેહ ધરવો.

પડ્યો છું પીડાતો અતિ દઢ મહાબંધનવતી,
નથી મારી બીજી તમવગર હે **કેશવ** ગતિ;
નથી મારે પાછો વિષયરસગારો કચરવો,
નથી પાછો મારે નરહરિ હવે દેહ ધરવો.

प्रेमे करुं ए प्रभुने प्रणाम.

(१)

उपजाति.

અનાદિ ને અંત વિહીન જે છે, આ વિશ્વમાં વ્યાપી સદા રહેછે;
આ વિશ્વનું તેમજ એક ધામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.
સદાય જે પૂર્ણ સ્વયંપ્રકાશ, જેને નથી જન્મ અને ન નાશ;
અકામ છે તો પણ પૂર્ણકામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.
પ્હોંચે ન જેને મન બુદ્ધિ વાણી, શકે ન પૂરા કવિઓ વખાણી;
જેના વિના હાલું ન કોઈ ઠામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.
સદૈવ આનંદતણા નિધાન, સદૈવ જે વ્યાપક વિદ્યમાન;
કે'વાય જે નિત્ય અનંત નામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.
અરૂપ છે તોય અનંતરૂપ, આનંદના કંદ અને અનૂપ;
જેને કરે આપણની લગામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.
અનેક સિધ્ધો મુનિઓ નરેન્દ્રો, અનેક યોગેશ્વર ને સુરેન્દ્રો;
જેના વિષે નિત્ય લહે વિરામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.

જે ઇન્દ્રિયાતીત સદૈવ સત્ય, જે જાણવાની જનને અગત્ય;
સમાન જેને મનુજો તમામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.

(૨)

इंद्रवज्रा अने उपजाति.

માયા તજો મોહ સુખે નિવારી, ધ્યાને કરી અંતરમાં ઉતારી;
જેને ભજે સત્પુરૂષો તમામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.
જે સર્વના અંતરમાં વિરાજે, જેના વડે વિશ્વ બધું વિરાજે;
જેને વિષે થાય વળી વિરામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ,
ખાસા રચે ખેલ અનેક એવા, રચી શકે કોઈ ન અન્ય તેવા;
દેખે જનો દૃષ્ટિવડે દમામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.
જે ઇંદ્રિયોથી નહિ ઓળખાય, પીયે ન પાણી નહિ અન્ન ખાય;
જે પામવા યોગ્ય પવિત્ર ધામ, પ્રેમે કરૂ એ પ્રભુને પ્રણામ.
જે સર્વના અંતરમાં રહે છે, જેને વિષે વિશ્વ બધું વસે છે;
વિચિત્ર જેનાં ગુણ રૂપ નામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.
જે સર્વનાં કામ સદૈવ દેખે, જે પાપને પુણ્ય પવિત્ર પેખે;
સદાય જે વ્યાપક શુદ્ધ ધામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.
પાણીવડે જે નહિ સોડવાય, જેનો ન વાયુથકી શોષ થાય;
ન દેવતાથી પણ થાય ડામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.
શસ્ત્રો ન છેદે ન અડી શકાય, ગુણો ન જેના ગણતાં ગણાય;
જે દેવના દેવ બધા ગુલામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.
જેના ભયે શીતલ વાયુ વાય, જેના ભયે અગ્નિ સતેજ થાય;
જેને કરે લોક તણી લગામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.
જેના ભયે કાલ ગતિ કરે છે, જેના ભયે વૃષ્ટિ પડયા કરે છે;
જેના ભયે અંબર નિત્ય શ્યામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.
સમુદ્ર મર્યાદ ન મેલનારો, આકાશથી કોઈ ખરે ન તારો;
જેનાં અતિ અદ્ભુત સર્વ કામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.
જેના ભયેથી દિનરાત થાય, આયુષ્ય આ લોક તણું હરાય;
ધરા ધરે સર્વ શહેર ગામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.

કરે બધું તોપણ જે અકર્તા, હરે બધું તો પણ જે ન હર્તા;
ન નિશ્ચયે એક કરે મુકામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.
જેને બધા લોક નમ્યા કરે છે, જેનાવડે સર્વ ગમ્યા કરે છે;
જેના વિના ઠાલું ન કોઈ ઠામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.
અનેકરૂપી પણ એકરૂપ, જેના વિના છે નહિ કોઈ રૂપ;
જે એક ને નિત્ય અનેક નામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.
વિચિત્ર જે સૃષ્ટિ બનાવનાર, પવિત્ર પ્રેમે પણ પાળનાર;
પછી પમાડે પણ જે સ્વધામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.
મરી ગયા સિદ્ધજનો મથીને, કવિ ગયા કૈંક કથી કથીને;
જેને ન પ્હોંચ્યા પણ કોઇ આમ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.
બહાર ને માંહિ ભર્યા રહેલા, શુદ્ધસ્વરૂપે સહુમાં ઠરેલા;
જાણે ન જેને કદિએ હરામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.
જે ઇન્દ્રજાળી જબરા જણાય, નવા નવા ખેલ ઘણા રચાય;
બેસે ન જેને કદિએ બદામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.
જેને ભજે કોઈ વ્રતે કરીને, જપે કરી કોઈ તપે કરીને;
તજી કદિ કોઈ ગરાસ ગામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.
યજ્ઞા અને યોગવડે ભજે છે, ને કોઈ સંસાર બધા તજે છે;
જેને ભજે કોઇ વળી સકામ, પ્રેમે કરૂં એ પ્રભુને પ્રણામ.

ચોરાશીનો ફેરો ન ફરવા વિષે પ્રાર્થના.

*(નાથ કૈસેં ગજકો બંધ છુડાયો) એ પ્રમાણે.

સદા અમે શરણ છીએ અવિનાશી;
નથી ફરવી અમારે ચોરાશી.— સદા૦
દીનદયાળ કૃપા–કરુણાકર, ઓ પૂર્ણબ્રહ્મ પ્રકાશી;
વિશ્વપાલક સુખદાયક સ્વામી, પાપના પુંજવિનાશી; સદા૦
બ્રહ્મ હરિહર નામ ધરો છો, ત્રિગુણવડે ગુણરાશી;
અંતે તમે એકના એક રો'છો, પોતાને રૂપે પ્રકાશી; સદા૦

* તાલ દીપચંદી. રાગ તિલકકામોદ. આશાગોડીમાં પણ ગવાય.

વિશ્વની જાલ અહો જગદીશ્વર, ખાંતે રચી ખૂબ ખાસી;
મોહી મરે મમતાથી જનો સૌ, કાંઈ રહે ન ક્યાશી; સદા૦
ઇશ્વર ! આ વિશ્વમાં કેક જોયા, નિર્ધન તેમ નિરાશી;
પુત્ર કલત્ર ને અન્ય કૃપણુની, ખાંતથી કરતા ખવાશી; સદા૦
સુકૃત શ્રેષ્ટ કરીને ન દીધાં, નરક તણાં દ્વાર વાશી;
કૂડાં કર્યાં કામ હામ ધરીને, સાંપડવાને સાબાશી; સદા૦
ભાવે ભજ્યા નહિ શ્રી ભગવાનને, કીધી હૈયાશુદ્ધ હાંસી;
કૂડ કપટ ને અનીતિભરેલી, વાત ભલેરીજ ભાસી; સદા૦
આશા તણા દાસ થઇને રહ્યા પણ, આશા કરી નહિ દાસી;
પાપના પુંજ પ્રલય કરવાને, બનિયા બહુ ઉપવાસી; સદા૦
કેશવ એવા થવાથી ઉગારો, હે ઘટઘટના નિવાસી;
આપના નિયમ પ્રમાણે ફરેછે, પ્રાણિઓ સઘળા પ્રવાસી; સદા૦

ईश्वरशरण.

* महीदीप छंदनी चाल

આપનું અનાદિ ઇશિ શરણ એક મારે;
આ ભવાબ્ધિથી સદૈવ તારવો તમારે. આપનું૦
શ્યામ સ્વપ્નરૂપ સુખદ સાર ન સંસારે;
અનુભવાય એમ ઇશિ વિનયને વિચારે. આપનું૦
વ્યાધિ ને ઉપાધિ આધિ ને મનોવિકારે;
પાપરૂપ આ પ્રપંચ હૃદયને વિદારે. આપનું૦
દુષ્ટ દુર્ગુણો તણા ગુંચાઇ કોઈ ગારે;
કોઇ તે થકી ન આપના વિના ઉગારે; આપનું૦
આ બધો પ્રપંચ અંધકૂપમાં ઉતારે;
કોણુ આપના વિના દયાનિધે નિવારે ? આપનું૦
અન્ય પાપના પ્રપંચમાં ભલે પડયારે';
દુઃખરૂપ દુરાચારમાં ભલે દડયારે'; આપનું૦

---

* આ છંદ ગાયનરૂપે ગવાય માટે અરધે અરધે છંદે પહેલી કડીનાપુર્વાર્ધની ટેક મુકી છે. રાગ ભૈરવી, કાફી, કલ્યાણ, ઝીંઝોટી ઈત્યાદિમાં ગવાય છે. તાલ દાદરે

કામ ક્રોધ લોભથી ભલે સદા ભર્યા રે';
મત્સર મદ મોહથી ભલે સદા ભમ્યારે'; આપનું૦
રાત દિવસ રોજ રાગમાં ભલે રમ્યારે';
ભલે અંધ વિષયરૂપ ધૂળને ધમ્યારે'; આપનું૦
દીનને અપાર દુઃખ આપવા અડયારે';
કલેશ આપનાર નિત્ય કર્મને કર્યા રે' આપનું૦
ધર્મ—કર્મની ન વાત ધ્યાનમાં ઉતારે;
પરધન પરધામ ધૂતવા સદૈવ ધારે; આપનું૦
દ્વેષ—રાગ દુઃખ શોકથી ભલે રડયારે';
આ ભવાટવીની જાલમાં ભલે જડયારે' આપનું૦
આપના અમૂલ્ય નામને નહિ ઉચ્ચારે;
મોહજાલમાં મમત્વથી ભલે મચ્યારે'; આપનું૦
લાભ—હાનિમાં સદૈવ તે ભલે લડયારે';
આજ કાલ એમ કાલને ભલે ગણ્યારે'; આપનું૦
કેશવ કૃપાનિધાન આપને પનારે
પ્રાણ જાય તોય તે કદિ નહિ વિસારે; આપનું૦

अमे तमारे शरण छीए.

× कल्याण.

શરણ છીએ તમારે—શ્રી નિવાસ શ્રીઃ ટેક.
આધિ વ્યાધિને ઉપાધિ કીજીએજી નાશ,
અવર ન આપવિણ કોઈ તણી આશ; શરણ૦
આપીએ અનાદિ ઈશ જ્ઞાનનો પ્રકાશ;
આશ આપની છે કરશો નહિ નિરાશ; શરણ૦
જગતગુરુ જોઈએ ન કદિ ગર્ભવાસ;
કેશવ પ્રભુ સદાય રાખો તમ પાસ; શરણ૦

अमारे शुं करवुं. !

वसंततिलका.

ધાર્યું ન થાય કંઈ માનવનું કશામાં,
આવી પડેલ અતિ દુર્બલ આ દશામાં;

× તાલ દાદરો.

સંસાર તાપ ઘડિએ ઘડીએ વિદારે,
હા હાય હાય હરિ શું કરવું અમારે !
જે જે પડે પરમ દુઃખદ મૂઢ માર,
મુંગે મુખે સહન તે કરવા અપાર;
કંવાય કોઇ જન પાસ ન તે લગારે,
હા હાય હાય હરિ શું કરવું અમારે !
આધિ ઉપાધિ અતિ અંતરમાં નડે છે;
વ્યાધિ પ્રકોપ કરતાં સુખ શું જડે છે;
ગુંચાય છે મન સદૈવ મમત્વ ગારે,
હા હાય હાય હરિ શું કરવું અમારે !
માન્યું મમત્વ પણ તે પણ થાય ખોટું,
આશ્ચર્ય એ મનવિષે ન સમાય મોટું;
આવે ન અંત પણ કોઈ કશા પ્રકારે,
હા હાય હાય હરિ શું કરવું અમારે.
આશા રહે અરર અંતરમાં અધૂરી,
છે હર્ષ—શોક પણ એક વિપત્તિ પૂરી;
કામાદિના કટકની પણ ભીતિ ભારે,
હા હાય હાય હરિ શું કરવું અમારે !
નાના અનેક વિષયો નિજ દેશરૂપ,
આ દેહ દુર્લભ ભલું રથનું સ્વરૂપ;
આ ઇન્દ્રિયો હય ન હાથ રહે વધારે,
હા હાય હાય હરિ શું કરવું અમારે !
આ છે શરીર રથ સારથી ચિત્ત એક,
તે તો નથી સુખદ સંધરતું વિવેક;
દેહી ન થાય ભયમુક્ત કશે પ્રકારે,
હા હાય હાય હરિ શું કરવું અમારે.
આશ્ચર્ય કાલ ગતિ કેમ કળી શકાય ?
સારૂં શરીર પલમાં પણ નાશ થાય;
શ્યામા સમગ્ર સુખભોગ પછી પડ્યારે',
હા હાય હાય હરિ શું કરવું અમારે !

વ્હાલા તથાપિ વિષયો વિષની સમાન,
ભૂલાવનાર જનનું ભવમાંહિ ભાન;
માયા અનાદિ પડી જન્મ થકી પનારે,
હા હાય હાય હરિ શું કરવું અમારે !
સાચું જણાય સઘળું પણ તે અસત્ય,
ભાસે અસત્ય પણ તે પણ સર્વ સત્ય;
અંતે વિચાર કરતાં બલબુદ્ધિ હારે,
હા હાય હાય હરિ શું કરવું અમારે !
ક્યાં છે સહાય સુત-મિત્ર કલત્ર કોય,
કોનાં ધરા ધન અને ઘરબાર હોય;
હું કોણ તે પણ પડે વચમાં વિસારે,
હા હાય હાય હરિ શું કરવું અમારે !
જાણ્યા છતાં પણ ન લાભ જણાય લેશ,
શી રીતથી સફલ થાય ધરેલ વેશ;
ઇચ્છાનુકૂલ કરતાં નહિ કોઈ વારે,
હા હાય હાય હરિ શું કરવું અમારે !
યત્નો કર્યા પણ નથી ફલ કાંઈ થાતું,
આયુષ્ય જાય ઘડિએ ઘડિએ ઘસાતું;
ઊંડે વિચાર કરતાં પણ વ્હાણુ બારે,
હા હાય હાય હરિ શું કરવું અમારે !
હે **કેશવ** પ્રભુ ઉદાસ રહો ન આપ,
દેખાડજો નરહરિ પ્રકટ પ્રતાપ;
આવો હવે અખિલનાયક નાથ વારે,
બીજું નથી શરણ કોઈ અહીં અમારે.

प्रभुप्रार्थना.

मनहर.

१

દીનના દયાળ હે કૃપાળુ કર જોડી કહું,
સંસારના તાપ આપ સકલ સમાવજો;

વ્યાધિ આધિ ને ઉપાધિ રાતદિન દુઃખ આપે,
પ્રભુ પીડા પામું અતિ વારે વ્હેલા આવજો;
હુંમાં નથી નીતિ ન્યાય રાગ રંગ લેશ નથી,
આપ આપતણી પ્રભુ પ્રભુતા નિભાવજો;
હિત કે અહિતની ન વાત જાણું જગન્નાથ,
માટે મારી પાસે શ્રેષ્ઠ સાધનો સજાવજો.

૨

માયારૂપ મોટી ઇન્દ્રજાલમાંહી મચી રહ્યો,
રચી રહ્યો મમતાથી ઘણું ઘરબારમાં;
ભટકું છું ભૂમિપર અથડાતો આમ તેમ,
પીડા પામું પ્રતિદિન પાપતણા ભારમાં;
ભારે ભવસાગરમાં ડુબું છું દયાનિધાન.
વિધિ કે નિષેધ હૈયે એકે ન હજારમાં;
વારંવાર વિનવું શું વૈકુંઠવિલાસી પ્રભુ,
વિશ્વપતિતણું નામ આવ્યું ન વિચારમાં.

૩

આપની અનુજ્ઞારૂપ સંસારના નાટકમાં,
લીધા મેં અનેક વેશ આપને રીઝાવવા;
સિંહ સુસવાટ ગાય ભેંશ ખર હાથી ઘોડા,
મોર શુક મેના હંસ આપ મન ભાવવા;
ભૂલ ચૂકવિના ભીડભંજન ભજાવ્યો વેશ,
નાચ્યો હું અનાદિ ઇશ શ્રેષ્ઠ સુખ આવવા;
રીઝયા હો તો હે કૃપાળ આપોને અનંત સુખ,
નહિ તો કહો કે હવે વેશજ ન લાવવા.

૪

દીનના દયાળ પ્રતિપાલ પ્રભુ આપ મારા,
મનોરથ પૂરો કે ન પૂરો આજ દાસના;
માગું છું તથાપિ આજ જોડી કર વિશ્વનાથ !
મનની નસાડો નાથ વિધવિધ વાસના;

વધારે જીવાડવો જો હોય આ જગતમાંહિ,
તો તો હે દેવાધિદેવ મુને ન વિસારજો;
દૈત્યને વિદાર્યા જેમ તેમ ઇશ આજ મારા.
ક્રોધ–કામ–લોભ–મોહ મત્સરને મારજો.

भवसागरमां पडेला दुःखी बालनी प्रार्थना.

शिखरिणी.

દશા મારી માઠી હરિ હરિ હવે કેમ કરવું,
રિબાઈ રીબાઈ વગરમરણે રોજ મરવું;
સગાં સંબંધી તે નથી સુખ કશું કાંઇ કરતાં,
હવે હું તો હાર્યો નરહરિ ! ભવાંભોધિ તરતાં.
ખરે ખાવું પીવું પ્રતિદિન નથી નાથ ગમતું,
વિલાસે વિશ્વાસે નરહરિ નથી ચિત્ત રમતું;
ધરા ધામે કામે ધનજનવિષે ધ્યાન ન રહે,
સદાના સંતાપો પલપલવિષે સ્વાંત ન સહે.
પડે પીડા પૂરી પરવશપણે પિંડ પડતાં,
ઉપાધિ વ્યાધિથી દિવસ–રજની જાય રડતાં;
અરે અંતર્યામી પ્રણતજનનું દુઃખ હરજો,
મહામાયામાંથી કર પકડીને પાર કરજો.
ઉદાસી રાખો જો પ્રણતજન બંધુ પ્રભુ તમે,
કહો ત્યારે કોને કુટિલજનનું મસ્તક નમે ?
તમે મારા ત્રાતા ત્રિભુવનવિધાતા વગર તો,
દયાસિંધુ કુણું દિનદિન રહી દીન રડતો.
હવે લેજે તારી નટવર મને આ ભવથકી;
નથી મારૂં કોઈ તમવગર હે **કેશવ** નકી;
સુવારી દે સ્વામી સુખ સરસ આપી પ્રણયથી,
ઉગારી લે આજે ભવજલધિના હાય ભયથી.

भवसागरमांथी बचवामाटे प्रार्थना.

* भैरवी.

ઓ પ્રભુ અખિલેશ આજે આંહિથી ઉગારી લે;
આંહિથી ઉગારી લે તું હાથ હરિ તારી લે. ઓ પ્રભુ૦
શોક મોહમાંહી નાંખી સ્વાંતને ન સારી લે;
તાપથી તપું છું તેને ઠીક ઠીક ઠારી લે; ઓ પ્રભુ૦
વ્યાધિ આધિ ઉપાધિ મારી ધ્યાનમાં તું ધારી લે;
દેહથી થએલા દોષ શ્યામ તું વિસારી લે; ઓ પ્રભુ૦
કામ ક્રોધ લોભ મોહ મત્સર નિવારી લે;
ભારે ભારે ભૂલચૂક ભૂધર સુધારી લે; ઓ પ્રભુ૦
દીનાનાથ દુઃખ બહુ હૃદયને વિદારી લે;
એથકી અધિક ઠીક મોતથી જો મારી લે; ઓ પ્રભુ૦
વ્હેલું વારે આવવાની વાત તું વિચારી લે;
હાથીની પેઠે તું હાથ પ્રેમથી પધારી લે. ઓ પ્રભુ૦

प्रभुप्रीतिविज्ञप्ति

कल्याण.

આજ લાજ રાખ નાથ અરજ કરૂં;
ત્રિધા તાપ દીનનાથ તેવડે ડરૂં.
આવ્યો તમારે પ્રાણ પનારે, શું કહું હું બહુ હે હરે હાથ લે;
ચરણ તમારૂં શરણ અમારૂં, ઇશ દિનનિશ તુજ ધ્યાન ધરૂં; આજ૦
પાપને હર તાપ તું, છે છબીલા મને આપનો આશરો;
આપ સુખ ભય કાપ તું, તારનાર તાર તો તરત તરૂં. આજ૦

आपनुं चरण एज शरण.

× भैरवी.

ચરણ તમારૂં એક શરણ અમારે. ચરણ૦
દીનદયાળ પ્રણતજન પાલક, તમ વિના કોઈ ન તારે; ચરણ૦
શરણ તમારૂં સુખકર સ્વામી, કપટી કોણ વિસારે ? ચરણ૦

* કલ્યાણમાં પણ ગવાય છે તાલ દાદરો. આ પદમાં તાલનું માપ છે, માત્રાનું નિયમિત માપ નથી. મનહર છંદ પણ આ ઢાળમાં ચાલે છે.

× તાલ લાવણી અથવા ત્રિતાલ.

નાથ કૃપાકણિકાથી **કેશવ**, ભાગે ભવભય ભારે; ચરણ૦
કેશવ પ્રભુ કલ્પાંત કરૂં શું, આવો અખિલેશ આજ વારે; ચરણ૦

ભવભય ભાગવાવિષે.

કલ્યાણ.

ભવભય ભાગો ભારે, જય જગદીશ. ભવ૦
જન્મ-મરણની જાલ જબ્બર છે, હું તે શું હવે ફરીશ ? ભવ૦
આધિ વ્યાધિ ઉપાધિ વધારે, સેવા હું શી રીતે કરીશ ? ભવ૦
તાપ ત્રિવિધ તન મનને તપાવે, એમાં હું શી રીતે ઠરીશ ? ભવ૦
કેશવ પ્રભુ કરજોડી કહું છું, ઉગારો હવે ઇશ; ભવ૦

એ દીનનાથ સહુને કરજો સહાય.

વસંતતિલકા.

જે નિર્વિકાર સુખસાગર પૂર્ણકામ,
જેના વિષે જગતનો જુગતે વિરામ;
જેના ગુણો ગુણિજને ન ગણ્યા ગણાય,
એ દીનનાથ સહુને કરજો સહાય.
જેનાં જણાય જનમાં બહુ નામ-રૂપ,
અંતે અહર્નિશ અનામ અને અરૂપ;
વાણી અને મનવડે ન કદિ પમાય,
એ દીનનાથ સહુને કરજો સહાય.
જેને સદૈવ સુખકારણ સિદ્ધ ગોતે,
પૂરા પવિત્ર ન કળાય પવિત્ર પોતે;
માયાતણું પ્રબલ જે પ્રભુથી જણાય,
એ દીનનાથ સહુને કરજો સહાય.
જે દેશકાલ સહુ વસ્તુવિષે વિહીન,
કોડે કરે જગતમાં રચના નવીન;
જે કોઇના ડરવડે ન જરા દબાય,
એ દીનનાથ સહુને કરજો સહાય.

જેને ન હાથ પગ કે મુખ અંગ કોય,
જેને ન ઇંદ્રિય તણો સમુદાય હોય;
સાક્ષી સ્થિતિ ત્રય વિષે રહિને મનાય,
એ દીનનાથ સહુને કરજો સહાય.
પાણી પહાડ તરૂ આદિક ઉપજાવે,
જાતે સમાન રસથી રહિને નિભાવે;
પોતે પિએ ન જલ કે શુભ અન્ન ખાય,
એ દીનનાથ સહુને કરજો સહાય.
જે સૂત્રધાર સચરાચરના અનાદિ,
જેને ન અંત નહિ ક્યાંહિ કળાય આદિ;
જેનો ન પાર પરમાર્થ વિના પમાય,
એ દીનનાથ સહુને કરજો સહાય.
ઉત્પત્તિ જે જગતની જબરી કરે છે;
પ્રેમે પછી પ્રણય પાલન આદરે છે;
સંહારનું પરમ કારણ જે જણાય.
એ દીનનાથ સહુને કરજો સહાય,
ખાસા કરે અખિલમાં બહુ ખેલ ખાંતે.
લેખી શકાય નહિ તે પણ કોઈ વાતે;
જેનું પવિત્ર પદ પુણ્યવડે પમાય.
એ દીનનાથ સહુને કરજો સહાય.
જેના સમાન ન દયાલુ લખાય કોય,
જેના પ્રસાદથકી હોય ન હાય વોય;
પાસે છતાં પણ ન પાણિવડે અડાય,
એ દીનનાથ સહુને કરજો સહાય.
વ્યાપી રહ્યા નભસમાન સદૈવ નાથ,
જેના વિના અખિલને ગણવું અનાથ;
જેના વિના પ્રણતપાલક કોણ થાય !
એ દીનનાથ સહુને કરજો સહાય.
દુઃખે સુખે સુજન જે પ્રભુને જપે છે,
જેના પ્રકાશથકિ સૂર્ય સદા તપે છે;

જેના પ્રતાપથકિ અગ્નિ પ્રદીપ્ત થાય,
એ દીનનાથ સહુને કરજો સહાય.
જે વિશ્વમાં જડ હુતાશનને તપાવે,
આકાશથી સુખદ જે વરસાદ લાવે;
જે ઈશના નિયમને વશ વાયુ વાય,
એ દીનનાથ સહુને કરજો સહાય.
જેના પ્રકાશથકિ શીતલ ચંદ્ર શોભે,
બીજી અનેક શુભ વસ્તુથી ચિત્ત લોભે;
સીમા સમુદ્ર જલથી ન કદિ તજાય,
એ દીનનાથ સહુને કરજો સહાય.
જે શુદ્ધ બુદ્ધ નિજ ઈંદ્રિયને ચલાવે,
જે જીવને ભવવિષે ભ્રમથી ભમાવે;
જેના વડે મનતણા સહુ ભાવ થાય,
એ દીનનાથ સહુને કરજો સહાય.
જે દૈવરૂપ થઈને બહુ દંડ દે છે,
જેના વિષે જગત સર્વ સમાઈ રે' છે;
જે પુણ્યના બહુલ પુંજવડે પમાય,
એ દીનનાથ સહુને કરજો સહાય.
ચૈતન્યરૂપ રહિ જે હૃદયે વસે છે,
જેને જરૂર અજરામર વેદ કે'છે;
જેને અખંડ સુખસાગર શાસ્ત્ર ગાય,
એ દીનનાથ સહુને કરજો સહાય.
જે નાથ છે પ્રણતપાલક દેવદેવ,
જે આપનાર સુખરૂપ સમગ્ર ટેવ;
આનંદકંદ નિગમાગમમાં ગવાય,
એ દીનનાથ સહુને કરજો સહાય.
સાચા સમઝ [illegible] જે બલબુદ્ધિ આપે,
સંતાપ સર્વ જનના મનના ઉથાપે;
જેને સમાન સઘળા જન રંક રાય,
એ દીનનાથ સહુને કરજો સહાય.

છેટે નથી નિજ સમીપ સદૈવ વાસ,
જેને વિષે જબર કાલ તણો સમાસ;
જેનું ભલું ભજન નિષ્ફલ તો ન જાય.
એ દીનનાથ સહુને કરજો સહાય.
જે **કેશવ** પ્રભુ ખરેખર ઓળખાતાં,
જાતાં રહે મરણ જન્મ જરૂર થાતાં;
સંસારનું જબર બંધન દૂર થાય,
એ દીનનાથ સહુને કરજો સહાય.

हुं तमारो छुं.

* भैरवी

હરિ હું ભલો ભુંડો પણ તારો; ભલો ભુંડો પણ તારો.
તું મારી માતા હું તારૂં બાલક, બહુ દુઃખ પામું બિચારો; હરિ૦
દીનદયાલ થઈ દીનબંધો, બંધન વિવિધ વિદારો; હરિ૦
માતાની માફક સેવકપર, ભૂધર ભાવ વધારો; હરિ૦
પૂજું આપતણાં પદ એવું, સ્વાંત સદૈવ સુધારો, હરિ૦
કેશવ પ્રભુ હું કાંઈ ન માગું, નરકનિવાસ નિવારો; હરિ૦

अमने अन्तर्यामी उगारो

भैरवीं त्रिताल

અમને અન્તર્યામી ઉગારો, અન્તર્યામી ઉગારો.
સેવાની શુભ રીતિ ન સુઝે, અંગ ઉમંગ ન સારો; અમને૦
પૂજા પાઠ ન અર્ચન કીધાં ન જપ્યાં નામ હજારો; અમને૦
ક્યાં કહિએ અણધાર્યો આવે, કાલ મગરમચ્છ મારો; અમને૦
આ ભવસાગર દુઃખ ભરેલો, આવ્યો ન એથકી આરો; અમને૦
આપ વિના નહિ કોઈ અમારૂં, વિઠ્ઠલ કેમ વિસારો ? અમને૦
જન્મ સફલ કરવાને સારો, નટવર ન મળ્યો વારો; અમને૦
જે કરીએ તે આપ કરાવો, શો અપરાધ અમારો; અમને૦
સકલ દેવના દેવ દયાળુ, સહુને ઓથ તમારો; અમને૦

* ત્રિતાલ.

જગતતણા હે જનક અજન્મા, ન કરો જન્મ નકારો; અમને૦
જેવા તેવા દાસ તમારા, નરહરિ લાજ વધારો; અમને૦
વીર તમારી વાટ નિહાળી, પ્રેમે આજ પધારો; અમને૦
માફ કરો અપરાધ અમારા, **કેશવ** પ્રભુ કર ધારો. અમને૦

हुं तमारे शरण छुं.

× कल्याण.

આ તન ધનનું નથી કામ મારે;
હું હરિ શરણ પડયો છું તમારે. આ તન૦
પુત્ર પવિત્ર કલત્ર અમારા, ઠાકર ચાકર ઠાઠ તમારા; આ તન૦
ધામ ધરા સુખ ભોગ સુધારો, એ અખિલેશ્વર છે ખેલ તારો; આ તન૦
આધિ ઉપાધિ અધિક ભય આપે, આપ વિના કોણ સંકટ કાપે ? આ તન૦
આ અવતાર વૃથા થાય મારો, આ ભવસાગર પાર ઉતારો; આ તન૦
દીનદયાળ દયા કર દાતા, દુઃખના દિવસ નથી આ ખમાતા; આ તન૦
વસ્તુવિચાર વિવેક વધારો, પ્રેમ કરી પ્રભુ પાસ પધારો; આ તન૦
બાંહ ધરો ધરણીધર મારી, આશ હવે હરિ એક તમારી; આ તન૦
કેશવ નાથ નથી કાંઈ કે'તો, રાખ તું લાજ હવે જો રે'તો; આ તન૦

ईश्वरप्रार्थना.

* मराठी चालनी शास्त्री.

રે દેવ મુરારે; હરિ શરણ તમારૂં મારે. ધ્રુતિ.
નારદ આદિક મુનિવર મોટા, પ્રભુ તુજ પાર ન પામે;
'**नेति नेति**' ઉપદેશ કરીને, અંતે વેદ વિરામે; રે દેવ૦
વિશ્વેશ્વર વર્ણન શું કરવું, પ્હોંચે નહિ મન વાણી;
બ્રહ્મા ને ભવજેવાથી પણ, તુજ પદવી ન પમાણી; રે દેવ૦
ધૂપ દીપ નૈવેદ્ય આરતી, જગદીશ્વર નહિ જાણું;
પૂજન પાઠ પવિત્ર ન સમજું, સ્તવન ન કોઈ કરાણું; રે દેવ૦

× બરવા પીલુ, દેશ વગેરે રાગોમાં ગાઇ શકાય છે. તાલ દીપચંદી.
* ટેક વિના બીજી કડીઓ 'નાથ કૈસે ગજકો બંધ છોડાયો' વગેરે બીજી ઢાળમાં પણ ગવાય છે.

હાર્યો હું નરહરિ ભવભયથી, ક્યાં સંતાણા સ્વામી ?
પાલક થઈ પરમેશ્વર પાછા, નાસોમાં બહુનામી; રે દેવ૦
શરણુગતના સ્વામી થઇને, દર્શન કેમ ન આપો ?
આધિ વ્યાધિ ઉપાધિ પ્રણુયે, કરુણાસાગર કાપો; રે દેવ૦
જેમ કરાવો તેમ કરૂં હું, વાંક કહો શો મારો ?
અન્તર્યામી એક મને છે, શુભ આધાર તમારો; રે દેવ૦
કેશવ હરિ સહુને તારો તો, વાર નથી પ્રભુ તરતાં;
નહિતો નટવર અંત ન આવે, આ ભવસાગર ફરતાં; રે દેવ૦

દર્શનમાટે પ્રભુસ્તુતિ.

* **ખંભાત.**

સંતાણા ક્યાં ઇશ્વર મારા ! સેવકને પ્રાણ થકી પ્યારા.
ભવમાં જે દુઃખ તણા ભારા, પ્રતિદિન દેછે મનને ડારા; સં૦
આવ્યો હું આપતણે ચરણે, સેવક જાણી રાખો શરણે;
સુખ આ સુખભોગવિષે ન જડે, થાકયો છુ જન્મ અને મરણે; સં૦
સંસાર મહાસાગર ભારે, તરવો કઈ રીતે તે મારે ?
તમવગર નહિ બીજો તારે, વિશ્વેશ્વર આવો ને વારે; સં૦
અતિ કામક્રોધાદિક જે વેરી, ગઢ લીધો છે તેણે ઘેરી;
વિષયોનું વિષ પણ છે ઝેરી, ચતુરાઈ ચિંતાએ ચેરી; સં૦
ત્રણ તાપવડે તન નિત્ય બળે, શીતલતા લેશ મને ન મળે;
શું કરવું ખબર પડે ન કળે, સુખદાયક સમય ન કોઈ મળે; સં૦
અભિમાન રહે નહિ અંતરનું, કરીએ પોતાનું કે પરનું;
ન મળે સુખ ઘડીએ પણ ઘરનું; જીવન ! જન જોબન કે જરનું; સં૦
ગુંચાણો મમતાને ગારે, શો સાર હશે આ સંસારે;
ગતિ કાલ તણી અકલિત ભારે, કલિયુગ પણ માર ઘણો મારે; સં૦
વળી કર્મ કઠણ વિપરીત થતાં, મતિ મોહવડે ભટકી મરતાં;
ફલ ભોગવતાં શુભ ને નરતાં, સુખ કાંઈ નથી અંતે કરતાં; સં૦

* રાગ દેશ; ઠુમરીમાં પણ ચાલે છે. બહુ રસિક નથી, ગજલમાં ગવાઇ શકે માટે વચમાં પ્રાસ નાંખેલ છે, પ્રાસ લાવતાં અર્થ ગાંભીર્ય અને સંબંધ જતાં રહે છે. તાલ દીપચંદી. સં. ૧૯૪૩, જેઠ વદ ૧૧. લિ. કર્તા.

મનની આશા અધવચ રે'છે, દુર્જન પણ દુઃખ ઘણું દેછે;
વચને પણુ કાલ ગણી લેછે, કેવું ઈશ્વર અદ્ભુત એ છે! સં૦
કરુણાકર કર જોડી નમને, વિનવે કેશવ વિનયે તમને;
જાણી શરણે નિજનાં જનને, દર્શન દેજો ઈશ્વર અમને; સં૦

तमेज अमारुं शरण छो.

×झींझोटी.

પ્રણુતપાલ આપ એક શરણુ છો અમારૂં;
ધરણીધર ધરતીપર અન્ય હું ન ધારૂં; પ્રણુત૦
ધન જન તન ધામ ધરા નોબત નગારૂં;
પુત્ર મિત્ર કે કલત્ર સર્વ છે તમારૂં; પ્રણુત૦
આ ભવાબ્ધિમાં અનાદિ ઈશ હું ઉતારૂં;
કર્ણધાર આપ એક કેમ હું વિસારૂં? પ્રણુત૦
સંકટ સહુ દૂર જાય થાય–સર્વ સારૂં;
ચપલાપતિ ચિત્તમાં ન એ વિનાં વિચારૂં; પ્રણુત૦
માનવતનરૂપ કોહિનૂર હું ન હારૂં;
કેશવ હરિ એક એજ છે અભીષ્ટ મારૂં; પ્રણુત૦

ईश्वरस्तुति.

*विंडी.

હૃદય કામાદિક કર્વતે કપાતાં, વિષમ કોઈ કઠણુ કર્મયોગ થાતાં;
નાથ ધર્મ કર્મ કાંઇ હું ન જાણું, નથી પૂજન પણ પૂર્ણ મેં કરાણું;
વાસના વિષયતણી વરી પરાણે, પાપ ક્યાંથકી નડયું અરે કટાણે?
આપની કૃપાવિના અરે અજાણે, નાથ ચડે દાસ દુઃખની શરાણે.
દુઃખ શોક આદિનો ભવાબ્ધિ ખારો, આપની કૃપાવિના નથી કિનારો;
દોષ હોય તોય અંતરે ન ધારો, ગમે તેમ તોય બાલ હું તમારો:
ધામ ધામ ધરા સર્વ ધૂળધાણી, અધિક આશ સર્વ અંતરે સમાણી;
કરું શી કહો કૃપાલુ હું કમાણી, દયા કરો દીનનાથ દીન જાણી.

× તાલ દાદરો. * રાગ અંજાવ વગેરેમાં. તાલ દાદરો,

નહિ જાણતા વિચાર કે વિવેક, તર્યા તે અભાગીઆ જનો અનેક;
રાખનાર સર્વની સમગ્ર ટેક, જગતમાં તમેંજ વિશ્વનાથ એક.
ભવે ભક્તિભાવથી ઘણા ભર્યા છે, કેકને તમેં સદા સુખી કર્યા છે,
કેક ઠીક ઠીક ધન-જને ઠર્યા છે, કેક અજર અમર ભાવને વર્યા છે;
દેવ દાનવો અને અનેક પ્રાણી, આપને સમાન સર્વ ચક્રપાણી;
નાથ આપથી ન વાત એ અજાણી, સર્વ શાસ્ત્ર ને પુરાણમાં લખાણી;
જુઓ વિશ્વનાથ અંતરે વિચારી, દુઃખશોકથી હણાઈ જાઉં હારી;
આપવગર નથી કોઈ ગતિ મારી, શરણ નથી કોઈ અન્યનું મુરારી.
દીનનાથ દીનબંધુ કષ્ટ કાપો, અખિલનાયક આપત્તિઓ ઉથાપો;
પરમ ભક્ત કરી પ્રણતપાલ થાપો, તાપ પાપ હરી **કેશવ** સુખ આપો;

૨

* હિંદી.

જંતુજીવનાં શરીર સર્વ પેક, આપની કૃપાવડે વધે વિવેક;
આપ રાયરંકની કૃપાલુ ટેક, સર્વના સહાય સુખદ આપ એક
જગતનાથ જીવજાન છો અમારા, વર્ણવ્યા ન જાય સદ્ગુણો તમારા;
ભૂલચૂક પડે કોઈ પ્રાણ પ્યારા, કરો માફ આપ આંખના સતારા.
ભણી ગણી ભાવથી સુખી થવાય, એ પ્રકારની કરો પ્રભુ સહાય;
બલે બુદ્ધિએ ઉદય દયાલુ થાય, શોક-મોહ દુઃખ સર્વ દુર જાય.
કરો કુશલ સર્વ રીતથી અમારૂં, શરણ સર્વને ખરેખરૂં તમારૂં;
દીનબંધુ બુદ્ધિ શુદ્ધ આપ આપો, પાપતાપ રોગદોષ સર્વ કાપો.

विश्वेश्वर अमारी वार करो.

भैरवी.

વિશ્વેશ્વર કર વાર; અમારી વિશ્વેશ્વર કર વાર. ટેક.
ભવસાગર આ ભય ઉપજાવે, આધિ વ્યાધિ અપાર; અમારી૦
કામ ક્રોધ લોભ મોહાદિક, પ્રતિદિન મારે માર; અમારી૦
ધામ ધરા ધન કામ ન આવે, ક્યાં કોનાં ઘરબાર ? અમારી૦
પુત્ર કલત્ર કુટુંબ કબીલો, ભૂપર કેવલ ભાર; અમારી૦

* આ કવિતા પારસીનાં બાળકોમાટે બનાવેલી છે. લિ. કર્તા.

તાપ ત્રિવિધ તનમનને બાળે, અન્ય ઉપાધિ અપાર; અમારી૦
ક્ષણભંગુર તન કાલ કુટિલ આ, વણસે વિનયવિચાર; અમારી૦
અખિલેશ્વર અડચણ આ સઘળી, કર પકડી કર પાર; અમારી૦
આપ સુબુદ્ધિ પુણ્યમાં પ્રીતિ, અંતર્યામી ઉગાર; અમારી૦
જન્મ વૃથા આ જાય અમારો, શોધી શકાય ન સાર; અમારી૦
ધર્મ–કર્મપર ધ્યાન રખાવા, કર કરુણા કિરતાર; અમારી૦
સ્મરણ થવા સમજણ તેં દીધી, એ તારો ઉપકાર; અમારી૦
કેશવ પ્રભુ કર જોડી માગું; નરકનિવાસ નિવાર; અમારી૦

* સંસારસાગરમાં તણાતી દેહહોડીવિષે.

૧

મીરાના પદનો ઢાળ.

શામળીઆ શઢ ત્રુટી રે, હોડી હવે હાલે નહિ;
આ ભવસાગર કેરા રે, ઝપાટા ઝાલે નહિ, શામળીઆ૦
ભવસાગરના ભરદરિયામાં, હાલક લોલક થાય;
નીરમ ન મળે નાથ વધારે, પવને પાછી જાય;
ડામણ કયાંથી દઇએ રે, કુવાથંભ કયાં છે અહીં ? શામળીઆ૦
ભાર ભર્યો છે નાથ વધારે, પાણી પેસે માંય;
હાય હલેસાં કામ ન લાગે, અન્ય ઉપાય ન કાંય;
હોકાની હુશિયારી રે, હરિ હરિ જાતી રહી ! શામળીઆ૦
નાવિક મૂર્ખ નમાલો માધવ, અધિક કરાવે કાશ;
સહાયકારક સખા હતો તે, પણ પામ્યો છે નાશ;
મારી કર્મકહાણી રે, હરિ નહિ જાય કહી; શામળીઆ૦
આ ઘમઘોર ઘટા ચડી આવી, તેમાં છે તોફાન;
ઉપર આભ તળે છે પાણી, ભૂલ્યો ભૂધર ભાન;
દામોદર ડુબું છું રે, સંકટ સર્વ સહી; શામળીઆ૦
વીજળીઓના થાય કડાકા, અતિ અંધારી રાત;
સુકાન કામ કરે નહિ કાંઇ, હરિ હવે ઝાલો હાથ;
વાર કર્યે શું વળશે રે, અધવચ આંમ અહીં શામળીઆ૦

* સંવત ૧૯૪૪. ફા. શુ. ૯.

શરણાગત–પાલક છો ત્યારે, ચિંતા શાને હોય ?
જગજીવન જાણું છું, સઘળું, ધિરજ ન રહે તોય;
કેશવ ક્યાં સંતાણા રે, અવસર જાય વહી; શામળીઆ૦

૨

* રુચિરા છંદનો ઢાળ.

શામળીઆ શઢ તૂટી જતાં, તરણી[1] જાય તણાતી રે;
ભવસાગરના ભર દરિઆમાં, હાલક લોલક થાતી રે; શામળીઆ૦
મેઘાડંબરવાળું અંબર, ચિત્ત ચપલ આ ચમકે રે;
વાદળ પવનસહિત પાણીને, વરસે ઠમકે ઠમકે રે; શામળીઆ૦
ગાજવીજ અંધારી રજની, દુર દિશા નહિ દેખું રે;
ઉપર આભ નીચે છે પાણી, લાભતણું શું લેખું રે; શામળીઆ૦
હાય હેલીયાં કરતાં હાર્યો, નિરખે લાખો લોકો રે;
ધોસતણી હોંશ ગઈ છે, કામ કરે નહિ હોકો રે; શામળીઆ૦
કુવાથંભને કાપી નાંખ્યો, સાવ સુકાન નકામું રે;
ડામણનું ક્યાં છે ઠેકાણું, સુખ શી રીતે પામું રે? શામળીઆ૦
હાથ ન લાગે લેશ હલેસાં પેસે અંદર પાણી રે;
દીનદયાળ દયાકર દાતા, દોર દઈ લે તાણી રે; શામળીઆ૦
નાથ નથી નીરમ પણ આમાં, ભાર વધારે માથે રે;
કોની પાસે વાત કરૂં હું, કોય ન બીજો સાથે રે; શામળીઆ૦
સખા સહાયક એક હતો તે, જાય પ્રથમથી પોતે રે;
નાવિક મૂર્ખ મળ્યો છે માધવ ગોલો માર્ગ ન ગોતે રે; શામળીઆ૦
ખાડ ખડક જો આવ્યું કોઈ, હાલ ભયંકર થાશે રે;
ઘણી ઘણી ઘુમરીઓ ખાતાં અંદર બેશી જાશે રે; શામળીઆ૦
જીવાડયો શાને જગજીવન, આ દિવસોને સારૂં રે;
વાર કરોમાં હે વિશ્વેશ્વર, શરણ તમેં છો મારૂં રે; શામળીઆ૦
સંતાણા શાને સુખદાતા? માતા તું છો મારી રે;
ત્રાતા થઇને કેમ ન તારે? ભૂલ થઈ શી ભારી રે? શામળીઆ૦

---

* જય નારાયણ જ[illegible]ુષોત્તમ એ ઢાળમાં લાવણી, ઠુમરી દેશી રાસડા, વગેરે અનેક રાગમાં [illegible]ી એટલે હોડી.

તેં ચલવ્યો તે રીતે ચાલ્યો, સ્વામી કેમ વિસારોરે ?
કર પકડો કરુણાકર મારો, મોત વગર શું મારો રે ? શામળીઆ૦
પાંચાલીનાં પૂર્યાં પટકૂલ, સત્યસંધ છો એવા રે;
શરણાગતપાલક થાવાનો, હરિહર તમને હેવા રે; શામળીઆ૦
નામ જપું છું નિત્ય તમારૂં, લાજ તમારે હાથે રે;
લાભ હાનિ જે થાય હવે તે, નાથ તમારે માથે રે; શામળીઆ૦
જેમ ગયા'તા ગજને માટે, તેમજ તરત પધારો રે;
કેશવ કર જોડીને માગું, અવર ન મારો આરો રે; શામળીઆ૦

अमारुं निर्धननुं धन.

भैरवी.

અમારે નિર્ધનને ધન રામ:
એ ધરણીધર ધામ-ધરા-ધન, એજ કુશલ શુભ કામ; અમારે૦
સુત દારા સંપત પણ એ છે, અખિલેશ્વર અભિરામ; અમારે૦
યૌવન-યશ-બલ-બુદ્ધિ-ધર્મ પણ, એ નટવર નિષ્કામ; અમારે૦
જરીયન કનક જવાહીર સુંદર, એ નરહરિનું નામ; અમારે૦
ધ્યાન-દાન-જપ-તપ શુભ સાધન, અનુપમ અમર વિરામ; અમારે૦
વિદ્યા-વિનય-વિચાર-ચતુરતા, સુખદાયક એ શ્યામ; અમારે૦
જન્મ અને જીવિત જગદીશ્વર, એ દૈવત એ દામ; અમારે૦
અવર કશાની ગરજ ન મારે, થાય ભલે વિધિ વામ; અમારો૦
શુભ સર્વસ્વ એક અંતરમાં, શ્રીનિવાસ સુખધામ; અમારે૦
સીતાકાંત કૃપાધન **કેશવ**, રઘુકુલતિલક લલામ; અમારે૦

प्रभुनी मायानुं अंधारुं !

रुचिरा छंदनी चाल.

વિશ્વેશ્વર તારી માયાનું, આ કેવું અંધારૂં રે;
દુખિયું દેખી સર્વ જગતને, હૃદય બળે છે મારૂં રે. વિશ્વે૦
કામ-ક્રોધ કુકર્મ કરાવે, લાલચ લોભ લગાડે રે;
મોહ અને મદ મત્સર માધવ, બહુધા બુદ્ધિ બગાડે રે; વિશ્વે૦

ષડ્રિપુ સાથે આશાતૃષ્ણા, બલથી બંધન આપે રે;
મારૂં તારૂં એવી મમતા, અરરરર અંતર કાપે રે; વિશ્વે૦
તાણે આમ તેમ ઇંદ્રિય પણ, વિવિધ વિષયમાં જાવા રે;
ઝાવાં નાંખે ઝાઝાં તોપણ, અન્ન મળે નહિ ખાવા રે; વિશ્વે૦
એક બીજાને સર્વ દબાવે, બળિયા જીતે બાજી રે,
કરતા હોડ અહર્નિશ હારે, રામ થવું કયાં રાજી રે; વિશ્વે૦
ચાડી ચુગલાઈ ચમકાવે, કૂડકપટ પણ તેવાં રે;
નિર્દયતાનાં કર્મ કહું શું, જોયાં જાય ન એવાં રે; વિશ્વે૦
રાગ–દ્વેષ વિશેષ થવાથી, હર્ષ–શોકને કરતા રે;
મૂંગે મોઢે માર ખમીને, માનવ દેખું મરતા રે; વિશ્વે૦
પરવશતા સઘળાં પ્રાણીને, તે પણ પીડે પાપે રે;
અણધાર્યાં આવે તે માથે, કોઈ ન સંકટ કાપે રે; વિશ્વે૦
જન્મ–મરણ ને તેની વચમાં, કયાંહિ ન સુખનું સોણું રે;
વાટેઘાટે ઘડિએ ઘડિએ, વારંવાર વગોણું રે; વિશ્વે૦
વશમી વિવિધ વિપત્તિ પડયાથી, રડતા પડતા લોકો રે;
ધનજનની હાનિથી હારી, પુષ્કલ મેલે પોકો રે; વિશ્વે૦
આધિ વ્યાધિ ઉપાધિ દયાથી ત્રિવિધ તાપ બહુ બાળે રે;
ભવાટવીમાં ભટકી ભટકી, આવે અંત અકાલે રે; વિશ્વે૦
દયા દાન શ્રદ્ધા રીસાણાં, શમ દમ ચાલ્યા સ્વર્ગે રે;
જપ તપ ધ્યાન સમાધિ સમાયાં, દુર્ગુણને સંસર્ગે રે; વિશ્વે૦
શાંતિ કરી **કેશવ** શું સૂતા ? આવો અંતર્યામી રે;
સુખ આપો સહુને સર્વેશ્વર, હે નટવર બહુ નામી રે; વિશ્વે૦

प्रभु अमारी सामुं केम जोता नथी ?

भैरवी.

પ્રભુ શું જોતા નથી, આ શી દશા થઇ છે અમારી ?
શી દશા થઈ છે અમારી, શી દશા થઇ છે અમારી ? પ્રભુ૦
કામનાં કાંઇ નથી, ધન ધામ જન સુત મિત્ર નારી;
બંધ છે સંબંધમાં, બહુ યુક્તિએ જોતાં વિચારી. પ્રભુ૦

વ્યાધિ આધિ ઉપાધિના, ત્રણુ તાપ આપ હવે નિવારી;
હર્ષ શોકવડે દબાયાં, દુઃખમાં લેજો ઉગારી; પ્રભુ૦
લોભ લાલચ કામને, પ્હોંચી શકાય ન મુરારી;
મોહ મત્સરથી ભરેલાં, સ્વાંતને દેજો સુધારી; પ્રભુ૦
આજ સુધી મળી નહિ, ભવસિંધુની સુખરૂપ બારી;
ડુબતાં આ દાસજન લક્ષ્મીરમણુ લેજો ઉગારી; પ્રભુ૦
કયાં ગયા કરુણાનિધે ! આ સંકટે અમને વિસારી;
મારવાં ન ઘટે, વિના મોતે રિબાવીને મુરારી; પ્રભુ૦
હાયવોયવડે અરેરે, નિત્ય હાય જવાય હારી;
એ બધું ગણિયે નહિ. જો હોય નાથ કૃપા તમારી; પ્રભુ૦
ધારજો કર કાલકારણુ, પ્રેમથી અહીંઆં પધારી;
કાન્ત કેશવના નિકર દેજો સદા સુખમાં સુવારી; પ્રભુ૦

ગઢ ઘેરાણો મારો રઘુવર વ્હેલા વારે વળજો રે.

*રુચિરા છંદની ચાલ.

ગઢ ઘેરાણો મારો રઘુવર, વ્હેલા વારે વળજો રે;
વિનવું વિનયવડે કર જોડી, પ્રાણુસખા સાંભળજો રે. ટેક.
કટક લઇને ક્રૂર હૃદયનો, કાલ કુટિલ ચડી આવ્યોરે;
અંદર પેશી સેવક સાથે, રણુસંગ્રામ મચાવ્યો રે; ગઢ૦
નવ દરવાજા આ નગરીના; બંધ કર્યા બહુ બલમાં રે;
નટવર માલ ન અંદર આવે, વાત ચડી છે વળમાં રે; ગઢ૦
દરવાણી નાઠા દિશ લઇને, ચોકીદાર દબાયા રે;
આ આખરના સમયે ઇશ્વર, શા કાજે સંતાયા રે ગઢ૦
જે નારીના હાવે-ભાવે હું લોભાયો વસવા રે;
તેણે પણુ માયા મેલીને, આખર માંડ્યું ખસવારે; ગઢ૦
પુત્ર-કલત્ર અને સેવકજન, પલ પણુ પાસ ન આવે રે;
બહુ રીતે બંધાયો માધવ, કોઈ ઉપાય ન ફાવે રે; ગઢ૦
સુખમાં સર્વ મળે છે આવી, સંકટમાં વિખરેછે રે;
એ અંતરમાં અનુભવ થાતાં, નયને નીર ખરેછે રે; ગઢ૦

---

* ઠુમરી, રાસડો, પ્રભાતી, ભજન વગેરે ઘણા પ્રકારમાં ગવાય.

સુખનું સાધન પ્રથમ દઇને, નિત્ય સહાયક રહીને રે;
દીનદયાળ દગો શું દીધો, નાથ નમેરા થઇને રે; ગદ૦
ભાગ્યો ગઢ અંતઃપુર તોડયું, કાંઈ રહ્યું નહિ કેવા રે;
પલમાં જીવ જશે પરમેશ્વર, હાલ ભયંકર એવા રે ! ગદ૦
એ માર્યો ! એ લીધો ! ઇશ્વર ! નટવર કેમ ન આવો રે ?
ક્યાં જાવું ! શું કરવું ! **કેશવ** ! બાંધવ આપ બચાવો રે; ગદ૦

परमेश्वर भक्तिथी वश थायछे.

कालींगडो.

ભક્તિવડે વશ થાય, રમાપતિ, ભક્તિવડે વશ થાય;
જો ઇશ્વર વશ થાય નહિ તો, જન્મ–મરણ નહિ જાય. રમા૦
ભક્તિ પરમ સુખનું શુભ સાધન, સફલ કરે છે કાય; રમા૦
ભક્તિવડે ભગવાન સદા વશ, નિગમાગમ પણ ગાય; રમા૦
બળિયાના બલરૂપ દયાધન, નિર્બલ થઈ બંધાય; રમા૦
સંકટ સેવકપર આવે તો, ત્યાં ધરણીધર ધાય; રમા૦
ભકતાધીન દયાનિધિ ભૂધર, ભકિતવિના ન પમાય; રમા૦
ભક્તિવિના વ્રત જપ–તપ આદિક, અફલ, અનેક ઉપાય; રમા૦
ધન યૌવન બલ બુદ્ધિ ચતુરતા, નિષ્ફલ તે સમુદાય; રમા૦
રંગ રૂપ કુલ જાતિ વિશેષે, ન કરે કોય સહાય; રમા૦
અજામીલ નારદમુનિ શબરી, કયાં ગણિકા ગજરાય ? રમા૦
કેશવ હરિની ભકિતતણા ગુણ, એક મુખે ન ગવાય; રમા૦

अमारूं साचुं धन घनश्याम.

खंमात.

અમારૂં સાચું ધન ઘનસ્યામ; ટેક૦
ધામ–ધરા–ધન–જન વૈભવનું, કલ્પે ન કશું કામ; અ૦
પુત્ર કલત્ર પવિત્ર મિત્રમાં, ક્યાંહિ મને ન વિરામ; અ૦
હીરા માણિક મોતી જવાહીર, જરિયન જૂઠી બદામ; અ૦

લીલમ લાલ મણિ રત્નાદિક, લીધે ન ગમે નામ; અ૦
શ્યામ સદા સુખધામવિનાનાં, કામ બધાંય નકામ; અ૦
લક્ષ્મીનાથ સહાયક સાચા, શું કરશે વિધિ વામ; અ૦
શરણાગતપાલક સુખદાતા, નામ અખિલ અભિરામ; અ૦
કમલાકાન્ત કૃપાઘન **કેશવ**, યદુકુલતિલક લલામ; અ૦

मारी अवगणना करशो मां !

भैरवी.

દીનનાથ દયાળ નટવર, હાથ મારો મૂકશોમાં;
હાથ મારો મૂકશો માં; હાથ મારો મૂકશો માં; દીનનાથ૦
આ મહાભવસાગરે, ભગવાન હું ભૂલો પડયો છું;
ચૌદલોકનિવાસ ચપલા-કાન્ત, આ તક ચૂકશો માં; દીનનાથ૦
ઓથ ઇશ્વર આપનો, સાધનવિષે સમજુ નહિ હું;
પ્રાણપાલક પોત જોઈ, શંખ આખર ફૂંકશો માં; દીનનાથ૦
માત તાત સગાં સહોદર, જે કહું તે આપ મારે;
હે કૃપામૃતના સરોવર, દાસસારૂ સુકશો માં; દીનનાથ૦
શરણ **કેશવલાલનું** છે, ચરણ હે હરિરામ તારૂં;
અખિલનાયક આ સમય, ખોટે મશે પણ ખૂટશો માં, દીનનાથ૦

प्रार्थना.

प्रभात.

દીનદયાળ દયા કરો, સુખ સાગર શ્યામ;
નાથ ઘટે નહિ આપને, દુઃખ આપવું આમ; દીન૦
જપ-તપ-વ્રત હરિ વેગળે, ધ્યાન દાન તમામ;
કાંઈ કૃપાલુ કર્યું નથી, હાય અધવચ આમ; દીન૦
સેવા ન નાથ કરી કશી, નહિ દર્શન દેવ;
દ્વેષ-કપટ કરવાવિષે, ટળી જાય ન ટેવ, દીન૦
કૃષ્ણ-કથામૃત પાનમાં, રોકયા કયાંહે ન કાન;
માન મમત્વ કરી મુવા, ભૂલ્યા ભેદથી ભાન; દીન૦

સંગતિ સંતતણી નહિ, ક્યાં છે ચિન્ત્યવિચાર ?
પુણ્ય પવિત્ર થવાવિષે, વાત નિત્ય ઉચાર; દીન૦
શાસ્ત્રશ્રવણુ નહિ સમજીએ, બહુ દુર્લભ બોધ;
ભાવ ભજન કરવાવિષે, વિશ્વનાથ વિરોધ; દીન૦
આધિ ઉપાધિ અનેક છે, તન તાપ તવાય;
આ ભવસાગર ભટકતાં, જન્મ નિષ્ફલ જાય; દીન૦
જગત–પિતા નહિ જાણીએ, જાતે પૂજન–પાઠ;
સાધન કોઇ ન સાંભરે, ઠાલા ભક્તિના ઠાઠ; દીન૦
આ ઇન્દ્રજાલના આપછો, સૂત્રધાર ધરાર;
પાત્ર બનાવી મને પ્રભુ, સોંપ્યા સોંગ અપાર; દીન૦
તે ભજવ્યા ભલીભાતથી, તોય રીઝયા ન કેમ ?
કેમ કરી સુખ પામશું, જ્યારે ઉંઘશો એમ ? દીન૦
માતા–પિતા–ભાઈ ભામિની, સાચા આપ સહાય;
ધન–જન–તન–મન આપછો, મૂકે શિરપર પાય; દીન૦
ચરણુ શરણુરૂપ આપનું, એક જાણીએ આજ;
કેશવ હરિ કરુણા કરી, રાખજે નિજ લાજ; દીન૦

હાથ આવેલ હોડી હારું છું.

मंदाक्रांता.

પૂજા–પાઠ પ્રણય ન કર્યો ભેદમાં ભૂલ ખાધી,
કર્તા ભોક્તા પ્રથમ થઇને કર્મની ગાંઠ બાંધી;
'હું મારૂં' એ અવસર છતાં નાથ ગ્રંથી ન તોડી,
હારૂં છું હું નરહરિ હવે હાથ આવેલ હોડી,
સાચા સ્નેહી ભવભયથકી તારનારા નરેશ,
તેને ત્યાગી અવર તરણે ક્લેશ વેઠયા વિશેષ;
સૂઝે ક્યાંથી પરમ સુખનાં સાધનો બુદ્ધિ થોડી,
હારૂં છું હું નરહરિ હવે હાથ આવેલ હોડી.
દંભી દૈવે કઠણુ થઇને કોપ કીધો કટાણે,
પાળ્યો છે મેં તદપિ નિજનો ધર્મ શક્તિ પ્રમાણે;

જાતે જોકે સમજણવડે ભક્તિમાં વૃત્તિ જોડી;
હારૂં છું હું નરહરિ હવે હાથ આવેલ હોડી.
આ સંસારે સગપણ કશું કામ કાંઈ ન આવે,
સર્વે શાણા સુજન જન તે સ્વાર્થસારૂ નચાવે;
રાગ–દ્વેષે નરકપદમાં ચિત્તની વૃત્તિ ચોડી,
હારૂં છું હું નરહરિ હવે હાથ આવેલ હોડી.
ન્હાણા પૃથ્વી અવર પશુઓ પક્ષિઓ ઝાડ પાણી,
આ આકાશે અકલિત અહો જે અવિદ્યા રચાણી;
શું જાણું કે મુજ નયનને કાજ એ છે મટોડી,
હારૂં છું હું નરહરિ હવે હાથ આવેલ હોડી.
સંબંધોનું સુખ સરસ તે અંતમાં દુઃખરૂપ,
અજ્ઞાનેથી નહિ હૃદયથી ઓળખ્યો અંધકૂપ;
માન્યો જેને સહચર સખા હોય તે જાય છોડી,
હારૂં છું હું નરહરિ હવે હાથ આવેલ હોડી.
વિદ્યા–વાણી–વશ કુશલતા સર્વ શું કામ લાગે ?
શ્રેષ્ઠાચારે પણ વિચરતાં મર્મમાં માર વાગે;
માયા મૂડી મરણ સમયે કામ લાગે ન કોડી,
હારૂં છું હું નરહરિ હવે હાથ આવેલ હોડી.
આવો વારે પરમસુખના ધામ હે વિશ્વનાથ !
આટાણે હું તમવગરનો એકલો છું અનાથ;
કાલે મારાં સકલ સુખના યોગની રેખ ખોડી,
હારૂં છું હું નરહરિ હવે હાથ આવેલ હોડી.

હાથ આવેલ રત્ન હારૂં છું.

મંદાક્રાંતા.

આધિ વ્યાધિ પ્રતિદિન પડે ક્રોધ સૂઝે ન કામ;
વિદ્યા વડે વિનય વિસરે છે દશા દુષ્ટ આમ;
કાલે માર્યાં કઠણ કુલનાં પીઠમાં તીવ્ર તીરો,
હારૂં છું હું નરહરિ હવે હાથ આવેલ હીરો,
અંતે ખોટાં વિષયસુખ છે તત્વ શું હોય તેમાં,
આશાતૃષ્ણા પરવશ કરે જાય આયુષ્ય એમાં;

ઝાઝાં થાવા ધન-જન ધરા આંધળો જે અધીરો,
હારું છું હું નરહરિ હવે હાથ આવેલ હીરો.
ધારી'તી મેં સફલ કરવા ધારણા ધર્મવાળી,
માની'તી આ સકલ રચના વિશ્વમાં મેં સુખાળી;
થાતા મિથ્યા તન-મન તણાં તે સમગ્ર પ્રયત્ન,
હારું છું હું નરહરિ હવે હાથ આવેલ રત્ન.
આવા ભારે ભવજલવિષે નાથ તોફાન થાતાં,
ઓચીંતાં આ ભય ઉપજતાં શુદ્ધિ-બુદ્ધિ હરાતાં;
વ્હાલા મારી નજર ન પડે આપજો આપ ગોતી,
હારું છું હું નરહરિ હવે હાથ આવેલ મોતી.

आज वधतुं शुं कहुं ? मारी लाज राखो.

भैरवी.

લાજ લક્ષ્મીકાન્ત રાખો, આજ શું વધતું કહું હું;
આજ શું વધતું કહું હું, આજ શું વધતું કહું હું; લાજ૦
લોભ લાલચ દોષ, દીનદયાળ શી રીતે દહું હું ?
રામ કામક્રોધથી, રૂંધાઇને વચમાં રહું હું; લાજ૦
જે પડે પીડા પ્રભો તે, શોક મોહવડે વહું હું;
દુઃખભાર ભવાટવીના, સ્યામ સર્વ શિરે સહું હું; લાજ૦
આથડ્યો ભવસાગરે, અજ્ઞાનમાં બેલી બહુ હું;
બુદ્ધિબલને ઇંદ્રિયોનો, લાભ શી રીતે લહું હું; લાજ૦
સર્વ સાધનરૂપ **કેશવ**,-ચરણ ચિત્તવિષે ચહું હું;
જન્મની જડ ગાંઠને, શુભ બોધથી જાતે જહું હું; લાજ૦

---

† दयाघन आप भुजाए लाज.

દયાઘન આપ ભુજાએ લાજ. ટેક.

વિનય વિવેક વિચાર ન સમજું, અણસમજુ છું આજ; દયા૦
ભવસાગર તરવાને ઉત્તમ, પુરુષોત્તમ છો પાજ; દયા૦

---

† ફારસી શબ્દ આવે એવી આ કૃતિ છે; ભાષાનું વર્ણસંકરપણું કરવું તે મને પસંદ નથી, તોપણ અહીં તેમ કર્યું છે; કેમકે રૂઢ શબ્દ પછી અડવા દેખાતા નથી. લિ. કર્તા.

સાધન કોઇ નથી સુખકારક, સંકટરૂપ સમાજ; દયા૦
રટણ કરૂં છું નિત્ય રમાપતિ, હૃદયવિષે હરિરાજ; દયા૦
યાચું છું યશવંતા ઇશ્વર, દીન જનોના જહાજ; દયા૦
કરથી કર પકડો કેશવનો, શરણાગત શિરતાજ; દયા૦

* मारी संभाळ ल्यो.

भैरवी.

સ્યામ લ્યો સંભાળ પાલક, દીનાનાથ દયાળ મારી.
દીનાનાથ દયાલ મારી; દીનાનાથ દયાળ મારી; સ્યામ૦
દોષથી દિઙમૂઢ હું, કાંઈ નહિ દેખું કૃપાલુ;
માર્ગ શુદ્ધ બતાવજો, મુને હવે મારા મુરારી; સ્યામ૦
શું કહું કરુણાનિધે, વિધિ કે નિષેધ ન કાંઈ જાણું;
રીત આ સંસારમાં, સમજું ન સારી કે નઠારી; સ્યામ૦
શરણ લીધું ચરણ ચિત્ત, કોઈની આશા ન રાખી;
ભાગજો ભવનો હવે ભય, ભૂતનાથ અત્રેય ભારી સ્યામ૦
દુઃખ દૂર કરી કૃપાવન, તાપ આપ હરી અમારા;
સર્વ જે સુખ ભોગ તે, દેજો સદા સાચા વિચારી; સ્યામ૦
રટણ કેશવ હૃદયમાંથી, નાથ હું રાખું નિરંતર;
વિશ્વનાથ કહો હવે, શાને મને દેશો વિસારી ? સ્યામ૦

नाथ ! बिसारो तो नहि चाले.

† सोरठ.

૧ વિસારો તો નહિ ચાલે નાથ !
૨ શરણાગત સેવકને કરજો, સાંબ સદૈવ સનાથઃ ટેક.
૩ ધામ-ધરા-ધન-જન સુત-દારા, એ સુખનો સહુ સાથ. વિસારો૦
૪ થાકયો હું ભવસાગર તરતાં, નરહરિ પકડો હાથ; વિસારો૦
૫ છૂટે નહિ નટવર હૃદયેથી, બળિયા લીધી બાથ; વિસારો૦
૬ કેમ ઘટે રહી જાવો કેશવ, અન્તર્યામી અનાથ, વિસારો૦

* સકામ માણસ માટે લખી છે. લિ. કર્તા.

† ભૈરવી વગેરે ગમે તે રાગમાં ગવાય છે. ત્રિતાલ. ૧ અસતાઇ, ૨ અંતરો. ૩ અભોગ. ૪ સંચાઇ. ૫ અભોગ. ૬ સંચાઇ.

હરિ ! હું એવો અધમ અનાડી.

† સોરઠ.

હરિ ! હું એવો અધમ અનાડી.
ચંચલવૃત્તિ ચપલ મન મારૂં, એ અડચણ છે આડી; ટેક.
શું સારૂં શું નરતું જોવા, ઈશ ન આંખ ઉઘાડી;
શું સમજું શરણાગતપાલક, મૂર્ખ અને મતિ જાડી; હરિ૦
આપ કૃપાધનના પૂજનમાં; વિઠ્ઠલ વાર લગાડી;
વિષયાદિકના વ્યસનવિષે મેં, તન–બલ–બુદ્ધિ બગાડી; હરિ૦
અગણિત પૂર્વજન્મનાં પાપે, દગડયો દાડી દાડી;
અથડાયો આડો અવળો પણ, આજ્ઞા મેં ન ઉપાડી; હરિ૦
પાલક પ્રભુ આગળ મેં કીધી, લાખ કરોડ લબાડી;
ભારે ભૂલ થઇ એ ભૂધર, નાથ છુપે ન છુપાડી; હરિ૦
મૃગજલ પીવા દોડયો દસ દિશ, કોઇએ ના નહિ પાડી;
તોપણ **કેશવ** હરિ સમજ્યો છું, હું બાલક તું માડી; હરિ૦

---

* ભવસાગરના ભયમાં કુશલપણું મેળવવાવિષે.

પ્રભુ ભવસાગરનો ભય અતિ ભારે રે;
કુશલપણું કમાઉં કૃપાધન કયારે રે ? ટેક.
સંસારનું સગપણ સરરર સારે રે;
ધીરજ અંતર ધરણીધર ન ધારે રે; પ્રભુ૦
મારાં તારાંથી મન નહિ પરવારે રે;
અધિક અધિક રાગ અમથો કરાવે રે; પ્રભુ૦
ક્રોધ કામ લોભ મોહ માર બહુ મારે રે;
વિષમ વિષયમાંહિ ઇન્દ્રિયો ઉતારે રે; પ્રભુ૦
પુત્ર કે કલત્ર મિત્ર આખર વિસારે રે;
ધામ કે ધરાનું કામ કાંઈ ન લાગે રે; પ્રભુ૦
પરમ દયાલુ પડયો આપને પનારે રે;
તોપણ ત્રિવિધ તાપ હૃદય વિદારે રે; પ્રભુ૦

---

† ચાલી શકે તેવા ગમે તે રાગમાં ગવાય. સં. ૧૯૪૪

* સારી નથી, માત્રાનું ઠેકાણું નથી, મનહરનો ઢાળ છેવટ જતાં ફરી જાયછે.

સંતાપ્યા શું કારણથી આવો ઇશ વારે રે;
દીનનાથ દુઃખ દેવું ન ઘટે તમારે રે; પ્રભુ૦
આપના વિના શરણુ કોઈ નહિ મારે રે;
કોણ આપના વિના અહિંથકી ઉગારે રે ? પ્રભુ૦
હરિ ! હરિભીરો હરિ–રામસુત હારે રે;
કેશવ કૃપાલુ તો તો બુડ્યાં વહાણુ બારે રે; પ્રભુ૦

अमारे जे कहीए ते आप.

झींझोटी.

અમારે જે કહીએ તે આપ; ટેક.
ધામ ધરા ધન જન યૌવન ને, તું બલ તેજ પ્રતાપ; અ૦
જ્ઞાનેન્દ્રિય કર્મેન્દ્રિય આદિક, તેપર તારી છાપ; અ૦
તું મન બુદ્ધિ વિચાર કલ્પના, ચિત્ત ચપલની ચાંપ; અ૦
શમ–દમ શીલ યાગ યોગાદિક, તું વ્રત જપ કે જાપ; અ૦
પુત્ર કલત્ર મિત્ર સગપણ સહુ, તું બાંધવ તું બાપ; અ૦
તું સંવત્સર ઋતુ દિન રજની, તું પુણ્ય અને પાપ; અ૦
શબ્દ સ્પર્શ રૂપ રસ આદિક, વિદ્યા કાવ્યકલાપ; અ૦
આ જંજાલતણા દર્શનની, તુંજ ખરેખર ખાપ; અ૦
પાણી પવન તેજ ચંદ્રાદિક, પર્વત પૃથિવી થાપ; અ૦
તું ગુણધામ વિરામ જગતનું મોહન થાય ન માપ; અ૦
આધિ વ્યાધિ ઉપાધિ વગેરે, કરુણાસાગર કાપ; અ૦
અંતર્યામી ટાળ નિરંતર, તન ધન મનના તાપ; અ૦
જન્મ–મરણુ આદિક ભય ભારે, અંતક ઇશિ ઉથાપ; અ૦
વિવિધ ભાવ જે જે લાગે તે, જેમ શીંદરી સાપ; અ૦
આપવિના હું કાંઈ ન ભાળું, શું સુખભોગ વિલાપ; અ૦
કેશવ હરિ સુખ એક અખંડિત, અંતવગરનું આપ; અ૦

लाज तमारे हाथ.

* काफी

દયાધન હે દીનબંધો, લાજ તમારે હાથ.
જગદીશ્વર હું કાંઈ ન જાણું, એકલો આજ અનાથ; દયા૦
સ્વપ્નસમાન જગત શું જોઉં, ક્યાં સુખદાયક સાથ;
કેશવ કરુણા લેશ કરો તો, નાથ સદૈવ સનાથ; દયા૦

नरहरि ! मारुं कुशल करो.

× नरकूटक वृत्त.

નર હરિ હે પ્રભો ! કુશલ કેમ નથી કરતા ?
કર કરુણાનિધે પરમ કેમ નથી ધરતા ?
શરણ પડયો હવે પ્રણતપાલ દયા કરજો,
અરજ કરું ધરાધર જરા મનમાં ધરજો.
હરિ હરિ છે નહિ અવર કોઈ સહાય મને;
જન-ધન-ધામમાં ન સુખ લેશ જણાય મને;
સમ સુખ-દુ:ખ છે ઘર અને વનમાં વસતાં,
તન બલ જાયછે અરર આખર તો ખસતાં.
વગર વિચારનો વિવિધ લાલચમાં લથડયો,
જન-ધન-ધામ-કામ કરતાં રગડાઈ રડયો;
નહિ શુભ ધર્મ-કર્મ પર કોઈ વિચાર થયો,
અવર વિચારમાં સમય નિષ્ફળ સાવ ગયો.
ન કરી શક્યો કશુંય પણ પૂજન પાઠ અરે,
મન વિષયાદિકમાં મફત ફાટલ રોજ ફરે;
કઠણ ભવાટવી ભટકતાં સહુ એમ મરે,
ત્રિભુવન નાથ સાથ નહિ કોઈ સહાય કરે.
કઠણ દશા અને કઠણ કર્મ બંધાય બહુ,
વિવિધ વિચારમાં વિકલ થાય વિશેષ સહુ;
નિરવધિ ઈંદ્રજાલ નહિ પાર પમાય અમે,
નટવર સૂત્રધાર બનિ દોર તણાય તમે.

---

* આવાં પદો ભોજા ભગતના ચાબખામાં અને સીંધી કાફીમાં ચાલેછે.

× ભાગવત દશમસ્કંધમાં વેદસ્તુતિ નરકૂટક વૃતમાં લખાએલી છે.

ભવભય ટાળનાર ભગવાન ભલું કરજો,
નૃહરિ સદૈવ હેત કરિ દુઃખ બધાં હરજો;
અતિ અડબોથ હું અવર ઓથ નથી જડતો,
શરણુ જડયું હવે દિવસ આજ થકી ચડતો;
પરમ દયાલુ દેવ પરમેશ્વર પાપ હરી,
જગતપિતા કૃપા અધિક આદર સાથ કરી;
કુશલ હવે સદૈવ હરિ કેશવનું કરજો,
નિજ સુખધામમાં પ્રણુતપાલક સંઘરજો.

मन मारुं हवे हरिचरणे

મન મારૂં હવે હરિચરણે;
હરિચરણે હું છું શરણે; મન૦
મૃગજલ જેવા વિષય વિસારી, ઝૂકયું છે હરિરસઝરણે; મન૦
સુખભોગ સુખ લેશ ન લાગે, સંપતને તોલું તરણે; મન૦
આધિ વ્યાધિ ઉપાધી રહી નહિ, મોહ ગયો જન્મે મરણે; મન૦
કર પકડયો કરુણાથી મારો, કેશવ હરિ ધરણીધરણે; મન૦

परमेश्वरने प्रणाम.

वसंततिलका.

આધાર જે જગતનો સુખરૂપ એક,
જેનાવડે જગતમાં પ્રસરે વિવેક;
જે સર્વ શકિત ધરનાર પવિત્રધામ,
તે પૂર્ણકામ પરમેશ્વરને પ્રણામ.
જે આપનાર સહુને બલ–બુદ્ધિઆદિ,
જે નિત્ય નિર્ગુણ અરૂપ અને અનાદિ;
જાતે ચરાચરતણો શુભ સૂત્રધાર,
તે નાથને નમન નિત્ય હજાર વાર.
પોતે થયો ભુવન–અંબરરૂપ એક,
જે ચૌદલોકમય માળ બન્યો અનેક;
જે સૂર્ય–ચંદ્ર–ચલદીપકરૂપ પોતે,

રાખો સદા કુશલ ચોડ બજાણીઓ તે,
પોતે અનેક ગુણ-કર્મ-પદાર્થ રૂપ,
પોતે ચરાચર બન્યો પણ જે અરૂપ;
જાણી શકે ન જરિએ મન બુદ્ધિ જેને,
પ્રેમે પ્રણામ કરિએ પ્રિયમિત્ર તેને.
જે દૃશ્ય દર્શનથકી અળગો અનંત.,
જેનો જણાય નહિ કલ્પજતાંય અંત;
ચૈતન્યરૂપ સુખસાગર પૂર્ણ કામ,
તે પ્રાણબંધુ પરમેશ્વરને પ્રણામ.

धरो कर नाथ मारो, दयाघन हुं तमारो.

*धन्याश्री.

ધરો કર નાથ મારો, દયાધન હું તમારો
વિધિ કે નિષેધ કાંઇ, જાણતો નથી હું આંહિ;
પુણ્યનો નથી વધારો, દયાધન હું તમારો: ધરો૦
નીતિ-ન્યાયમાં ન જાણું, ઠીકમાં નથી ઠરાણું;
માથે પાપરૂપ ભારો, દયાધન હું તમારો; ધરો૦
વિષયવિષે ઉમંગે, રાચ્યો રતિરાગ રંગે;
સૂઝે પંથ કેમ સારો, દયાધન હું તમારો; ધરો૦
ધન-જનકાજ ધાયો, મમતાવિષે મરાયો;
આવ્યો નહિ ઈશ આરો, દયાધન હું તમારો; ધરો૦
પુત્ર મિત્ર દેહ દારા, ઠાઠમાઠ તે તમારા;
શ્યામ શો વિચાર ધારો, દયાધન હું તમારો; ધરો૦
છચોકપણે છકેલો, ભૂલથી સદા ભરેલો;
સમજ્યો નથી સુધારો, દયાધન હું તમારો ધરો૦
આપે મતિ જેવી આપી, તેવો હું થયો પ્રતાપી;
નથી વાંક કાંઈ મારો, દયાધન હું તમારો; ધરો૦
કેશવ કૃપાલુ થાઓ, માધવ ત્વરાથી ધાઓ;
ભવભયથી ઉગારો, દયાધન હું તમારો; ધરો૦

* ત્રિતાલ.

પ્રાણબંધુ પરમેશ્વરને પ્રણામ.

वसंततिलका.

વાણી અને મન વિચાર કર્યે ન પામે,
જ્યાં '**नेति नेति**' કરતાં શ્રુતિઓ વિરામે:
જેને વદે વિવિધ શાસ્ત્ર પવિત્રધામ,
એ પ્રાણબંધુ પરમેશ્વરને પ્રણામ.
કાલ–સ્વભાવમય જે સહુથી સ્વતંત્ર,
જેણે રચ્યો જગતરૂપ વિચિત્ર યંત્ર;
જે શુદ્ધ બુદ્ધ સુખકારક પૂર્ણકામ,
એ પ્રાણબંધુ પરમેશ્વરને પ્રણામ.
જે બુદ્ધિઆદિ શુભ સાધન આપનાર,
જેની કલા કુશલતા પ્રકટી અપાર;
જેને ન દોષ ગુણ રૂપ અને ન નામ,
એ પ્રાણબંધુ પરમેશ્વરને પ્રણામ.
જેના ભયે પૃથિવિ ધારણધર્મ પાળે,
જેના ભયે નહિ હુતાશન સર્વ બાળે;
જેના ભયે પવન વાય ન થાય ધામ,
એ પ્રાણબંધુ પરમેશ્વરને પ્રણામ.
સીમા તજે નહિ સમુદ્ર સમર્થ તોય,
જેને કરે નહિ કદાપિ વિરોધ કોય;
આકાશથી ન અવકાશ તજાય આમ,
એ પ્રાણબંધુ પરમેશ્વરને પ્રણામ.
જે જીવ જીવન અને જગતસ્વરૂપ,
જે આ ચરાચરતણો અતિયુક્ત યૂપ;
જે સર્વનું અતિ અલૌકિક એક ઠામ,
એ પ્રાણબંધુ પરમેશ્વરને પ્રણામ.
પાસે છતાં પણ અદૃશ્ય અવશ્ય રે'છે,
છેટે છતાં હૃદયમાંહિ રમ્યા કરેછે;
જેને જરાય ન અડે જડ હાડ ચામ,
એ પ્રાણબંધુ પરમેશ્વરને પ્રણામ.

સત્તાવડે પરમ પોષણ જે કરેછે,
સત્વાદિથી ત્રિવિધ જે અવતાર લેછે;
જેને વિષે પ્રલયમાં સહુનો વિરામ,
એ પ્રાણબંધુ પરમેશ્વરને પ્રણામ.
જેને વિરંચિ હરિ ને હર નામ આપી,
ભાવે કરે ભજન પુણ્યવડે પ્રતાપી;
જીભે જપાય હર કેશવ કૃષ્ણ રામ,
એ પ્રાણબંધુ પરમેશ્વરને પ્રણામ.

माधव धाई धरो कर मारो.

*आशागोडी.

માધવ ધાઈ ધરો કર મારો, ઓથ અહર્નિશ એક તમારો. મા૦
દાન દયા કે ધ્યાન ન જાણું, પૂજન અર્ચન મેં ન કરાણું; મા૦
માન મમત્વ અને મદમાંહિ, સાધન નાથ થયું નહિ કાંઈ; મા૦
ભૂધર ભૂપર હુંજ અભાગી, રોજ રહ્યો વિષયોપર લાગી; મા૦
આ ભવસાગરમાં અથડાયો, પામર કેવલ પાપ કમાયો; મા૦
સાર અસાર વિચાર ન સૂઝે, કેમ થશે એમ અંતર ધ્રૂજે; મા૦
માફ કરો ચૂક મારી મુરારી, આપની આપ વડાઈ વિચારી; મા૦
શરણ કર્યું ચરણ તમારૂં, કેશવ હરિ નહિ ક્યાંહિ વિસારૂં. મા૦

×अधवच गाडुं गुंची गयुं.

ढाळ धीराना पदनो

જાવું છે દૂર ઝાઝું રે, ગાડું અહીં ગુંચી ગયું;
પરમેશ્વર પાર ઉતારો રે, અધવચ આ શું થયું? જાવું૦
હાંકનાર હરજૂડ બન્યો ને, બેલ રહ્યા નહિ હાથ;
ચૂકયા દિશ જવાની ચમકી, રઝળ્યો સઘળો સાથ;
કોણ કહો અટકાવે રે, આખર આવી રહ્યું; જાવું૦

---

* ચોપાઇ કે મનહરમાંથી થએલો વિકાર આ કવિત છે. તાલ દીપચંદી.
× સં. ૧૯૪૬, જેઠ.

હાય ભયાનક જંગલ મોટું, ભારે પંક ભરેલ;
વાઘ વરૂ ને વાનર ઝાઝા, એમાં કૈંક મરેલ;
ચોગમ ચોર ફરે છે રે, કાંઈ નહિ જાય કહ્યું; જાવું૦
રાત રહી અંધારી ભારે, કંટક ભાગે પાય;
વરસે મેઘ વીજળી ચમકે, થરથર કંપે કાય;
ભૂતાવળ ને ભડકે રે, હડબડ થાય × હયું; જાવું૦
ગારામાં ગુંચ્યાં એ પૈડાં, તૂટયાં જોતર રાશ;
બેલ કડેડી હેઠા બેઠા, કોટિ કરાવે કાશ;
આમાંથી ઉગરવા રે, કરવું કામ કયું ? જાવું૦
ગાડું ગુંચે હું ગુંચાયો, કોય સહાય ન પાસ;
વિશ્વેશ્વર વગદાં વીણીને, નટવર થાઉં નિરાશ;
કેશવ હરિ શું સતા રે, પ્રભુપદ જાય વહ્યું; જાવું૦

संसारसागरना तोफानमां पडेली नौका.

शार्दूलविक्रीडित.

*સોડે કેમ કરાય ડામણ નથી દેવાય તેવું રહ્યું,
શું થાશે શઠ જાય નાવિક કશું કાને ન ધારે કહ્યું;
આવે છે વરસાદ વાયુ વચમાં શું સુસવાટા કરે !
હોડી હાથ રહે ન હે હરિ હવે સંસારના સાગરે !
ડોલાં ખાય સુકાન કામ ન કરે કયાં કાંઇ દેખાય છે ?
ખુટયાં સાધન સર્વ ગર્વ ન રહ્યો હૈયું વલોવાય છે;
ચારે કોર ચડી તિમિંગલ ઘણા નૌકા નમાવે અરે,
હોડી હાથ રહે ન હે હરિ હવે સંસારના સાગરે !
અંધારે અથડાય ખાડ અડબાં દેખી ઘણો હું ડરૂં,
આ ટાણે કરુણાનિધાન કમળ્યા ત્યાં એકલો શું કરૂં ?
સાથે કોઇ સહાય હાય ન મળે શી રીતથી ઉગરે ?
હોડી હાથ રહે ન હે હરિ હવે સંસારના સાગરે !
પાણીમાં ધન જાય આખર ખરી આ ખેપ એળે ગઈ,
ભૂલ્યો માર્ગ ભલો ભવે ભટકતાં ભૂતેશ ભારે થઈ;

× પ્રાસને માટે બીજો શબ્દ ન મળવાથી હૈયું શબ્દને બદલે હયું નાખેલ છે.
* સોડે કિનારે લી. કર્તા.

દેજો હાથ દયા કરી પ્રથમથી છું આપને આશરે,
હોડી હાથ રહે ન હે હરિ હવે સંસારના સાગરે !

દોહરો.

કેશવ હરિ છે આપનાં, વ્હાણુ અને તોફાન;
સાચવજો સહુ રીતથી, આપ આપનું માન.

ગોવિંદના ગુણ ગાવાવિષે.

રાસડો.

ગાઇએ ગાઇએ ગાઇએ રે; ગોવિંદના ગુણને ગાઇએ;
ગુણસાગરના ગુણ ગાવામાં, ન કદિ લેશ લજાઇએ રે; ગોવિંદ૦
શમ-દમ સાધન હાથ કરીને, સ્થિર મનવાળા થાઇએ રે; ગોવિંદ૦
વિનય વિવેક વિચાર સરોવર, નિર્મલ થાવા ન્હાઇએ રે; ગોવિંદ૦
જલને મુલે જીવન વીતે, સમજીને શરમાઇએ રે; ગોવિંદ૦
તન-ધન-જન-યૌવન ક્ષણભંગુર, ઠાઠે કેમ ઠગાઇએ રે; ગોવિંદ૦
આ મારૂં આ તારૂં એવી, મમતામાં ન મરાઇએ રે; ગોવિંદ૦
મૃગજલ જેવા વિષયો જાણી, ભવમાં નહિ ભરમાઇએ રે; ગોવિંદ૦
જન્મ-મરણના ફેરા ફરતાં, કાંઇ હવે તો કાઇએ રે; ગોવિંદ૦
અનુભવ થાય નિરંતર તોપણ, ધમવા ધૂળ ન ધાઇએ રે; ગોવિંદ૦
હેતેથી હરિના ગુણ ગાતાં, ખોટો માર ન ખાઇએ રે ગોવિંદ૦
સમજણ દીધી દીનદયાળે, ફોકટ શીદ ફસાઇએ રે; ગોવિંદ૦
શીતલ નામસુધારસ પીને, પરને પણ તે પાઇએ રે; ગોવિંદ૦
કેશવ હરિ જો હોય વસીલો, શુભપદમાંહિ સમાઇ રે; ગોવિંદ૦

પરમેશ્વરના ભજનવિષે.

* **સોરઠ.**

મન ભજ ભાવે ગિરધારીને;—
ગિરધારી કુંજ વિહારીને; મન૦ ટેક.
આ તન ઉત્તમ માંડ મળ્યું છે, કર તું સફલ સુધારીને;
સમય ગયો પાછો નહિ આવે, અકલિત વાત વિચારીને; મન૦

* દેશ, ભૈરવ, રામગ્રી, કાનડો વગેરે રાગમાં ચાલે છે.

ભોગવિલાસ ભલા તેં કીધા, પ્રાણુ હવે પરવારીને;
વિષવલ્લી વિષયને તજ તું, વશ રાખું છું વારીને; મન૦
આશાતૃષ્ણાને કર અળગી, વિનય વિવેક વધારીને;
ધર્મ કર્મને પાળ નિરંતર, શુભ ગુણને સંભારીને; મન૦
ભૂલે જે ભગવાન ભજનમાં, હાથ ઘસે તે હારીને;
ધામ ધરા-ધનનો મદ મેલી, મોહ મમત્વ વિસારીને; મન૦
શમ-દમ સાધન સજ્જ કરી, કામાદિક અરિને મારીને;
ઘટ ઘટ વ્યાપક એક અખંડિત, અંતરમાંહી ઉતારીને; મન૦
અન્ય કલ્પના કામ ન આવે, ખોટી મેલ ખુમારીને;
ઓળખ તું આ સકલ જગતના, માયાકાર મદારીને; મન૦
ભય ભાગે ગોવિંદ ગદાધર, પાર ઉતારે તારીને;
કેશવ હરિ કલ્પલતા સાચી, માન સદૈવ મુરારીને; મન૦

અમારો રામ.

૧

માઢ.

આનંદકંદ અનંત રે, એવો અમારો રામ;
જેના વિના આ લોકમાં, ઠાલું ન કોઈ ઠામ. ટેક
પૃથ્વી પાણી તેજ વગેરે, સર્વે એનાં અંગ;
જૂદાં કેમ પડે તે કોને, જલમાં જેમ તરંગ;— રે એવો૦
જ્યાં જોશો ત્યાં પૂર્ણ ભરેલો, પણ તે સ્થૂલ ન હોય;
ઝીણામાં ઝીણો છે પોતે, નિરખી ન શકે કોય;— રે એવો૦
કેમે માપ ન થાય કશાથી, માયાતીત મહાન;
બ્રહ્મા ને ભવ જેવા જેનું, નિત્ય ધરે છે ધ્યાન;— રે એવો૦
આંખ વિના દેખે છે સૌને, શ્રવણ કરે નહિ કાન;
નામ રૂપ આ દૃશ્ય બધાનું, નિર્મલ એક નિધાન;— રે એવો૦
વિશ્વ અલૌકિક વૃક્ષ બન્યું છે, પોતે તેનું મૂલ;
આડંબર આરંભ્યો ભારે, પણ નોખો નિર્મૂલ; .. રે એવો૦
મન-વાણી નહિ પ્હોંચે પૂરાં, છે સૌનો આધાર;
સત્તાથી સંભાળી રાખે, બ્રહ્માંડોનો ભાર;— રે એવો૦
પશુ પક્ષી માણસ સર્વેમાં, પોતે જીવનરૂપ;
દેવોનો પણ દેવ દયાલુ, ભૂપોનો પણ ભૂપ;— રે એવો૦

ભાવ પ્રમાણે દર્શન દેછે, ભક્તજનોને જેમ;
રૂપ ધરે છે નાનાં મોટાં, ઇચ્છા આવે એમ;- રે એવો૦

૨
માઢ.

પંચભૂતના પિંજરમાં છે, પોતે પંખીરૂપ;
અજર અમર અવિનાશી અંતે, અળગો એક અરૂપ;- રે એવો૦
અવળા ચાલે એ લોકોને, દે છે દંડ પ્રચંડ;
જાડી રીતે ક્યાંહિ જડે નહિ, ખોળો સઘળા ખંડ;- રે એવો૦
દ્રષ્ટા દર્શન દશ્યપણાથી, લાગે છે બહુરૂપ;
તત્ત્વવિચારે ત્રિપુટી જોતાં, અંતે આપ અરૂપ;- રે એવો૦
ઉત્પત્તિ સ્થિતિ લય છે સર્વે, એની સ્ફૂરણારૂપ;
આ જંજાલ જમાવી બેઠો, પણ પોતે ગૂપચૂપ;- રે એવો૦
બાંધ્યે તે બંધાય ન બુઠો, છોડયો નહિ છોડાય;
વેદપુરાણો તત્વવિચારે, જેના ગુણને ગાય;- રે એવો૦
પાસે નિત્ય રહેછે પણ તે, બોધ વિના છે દૂર;
ભાવે તે રીતેથી ભાળો, ભાઈ બધે ભરપૂર;- રે એવો૦
મર્યાદાનું મૂલ દયાલુ, કાલતણા પણ કાલ;
કોટી કલ્પ જતાં પણ વીતી, વાંકો થાય ન વાળ;- રે એવો૦
કેશવ હરિ કે રામ કહો કે, સર્વે તેનાં નામ;
પોતાના લોકોને પ્રેમે, આપે ઉત્તમ ધામ;- રે એવો૦

પરમેશ્વર પાસે યાચના.
*મરાઠી શાકીની ચાલ.

સંપ જંપ સંબંધ સગાંમાં, સંતોષે દિન વીતે;
કામ કરાય કુશલતાવાળાં, સુખ ઉપજે જે રીતે;
ઇશ્વર એ માગું, હરિ હેતે ચરણે લાગું.

* ત્રીજી કડી છોડી દેવાથી રુચિરા છંદની રીતે ગમે તે કાળમાં બોલાય છે; અને ત્રીજી કડીની ટેક કરવાથી ભજનને કાળે બોલાય છે.

પ્રાણીમાત્ર નિહાળું સુખિયાં, કોઈ ન સંકટ પામે;
ધર્મ કર્મ શુભ આચરણેથી, આ જગતે યશ જામે; ઇશ્વર૦
કામ ક્રોધ લોભ લૂંટારા, ન લહે મુને લૂટી;
આડધડે અથડાવી અંતે, કાલ ન મારે કૂટી; ઇશ્વર૦
મૃગજલ જેવા દૃષ્ટ વિષયમાં, મન લલચાય ન મારૂં
અંધ કરે નહિ મુને માયા,-રૂપ અહો અંધારૂં; ઇશ્વર૦
નીચું મુખ રાખીને નિશદિન, હાટે વાટે ઘાટે;
ક્યાંહિ દીનતા કરવી ન પડે, પેટ પૂરવા માટે; ઇશ્વર૦
અનાયાસથી મોતે મરવું, કુશલ કુટુંબી મેલી;
મતિ મારી હરિચરણે ચોટે, પ્રાણ ગયાથી પ્હેલી; ઇશ્વર૦
ભેદ મટે મારા અંતરનો, વિનય-વિવેક-વિચારે;
એવી **કેશવ** હરિ હેતેથી, કરુણા કરશો ક્યારે ? ઇશ્વર૦

હરિરામ હવે હું હાર્યો.

*ભૈરવી.

હરિરામ હવે હું હાર્યો, કરુણાકર કેમ ન તાર્યો ?- રે હરિ૦
આધિ વ્યાધિ ઉપાધિ વધારી, બહુ સંસારે સાર્યો;
અજ્ઞપણે આશા તૃષ્ણામાં. મોહ મમત્વે માર્યો;- રે હરિ૦
અધવચ આમ મને અથડાવી, વિઠ્ઠલ સાવ વિસાર્યો-;
પણ **કેશવ** હરિ છો હૈયામાં, અન્ય ધણી નથી ધાર્યો;- રે હરિ૦

મને શામાટે ભૂલાવ્યો.

ઓધવજીના મહિનાનો ઢાળ ?

ભૂલાવ્યો ભગવાન મને શા કારણે ?
શું કીધું” તું મેં પૂર્વજન્મમાં પાપ જો;
મૂર્ખજનોના અવિવેકથી અંતરે,
આજ મને લાગે છે તીખો તાપ જો; ભૂલાવ્યો૦
ભૂલ કરી પ્હેલાં મેં પગલું માંડતાં,
તેપણ છે કરુણાકર તારો વાંક જો;

---

* સોરઠમાં પણ ગવાય છે.

નહિ તો ચેતી ચાલત હું ચપલાપતિ,
મન મારૂં થઈ જાત ન આવું રાંક જો; ભૂલાવ્યો૦
મેં જાણ્યું જે ઉજ્વલ સઘળું દૂધ છે,
હું જેવો આખો છે આ સંસાર જો;
પણ પોગળ વરતાણું અંતે એ બધું,
એથી લાગે મનમાં સર્વ અસાર જો; ભૂલાવ્યો૦
ભુંડાનો ભુંડો બદલો વળતો નથી,
સારૂં કરવાની છે ટેવ સદાય જો;
શાન્ત વિચાર વચ્ચે સંતાપ થયા કરે,
અંતર અદ્‌ભૂત રીતિથી ઉભરાય જો. ભૂલાવ્યો૦
દુષ્ટ જનોને કેમ નથી તું દાખતો?
સજ્જન જનને કેમ દિયે સંતાપ જો;
સર્વાંતર્યામીને એમ ઘટે નહિ,
વિપરીત વળી પડશે તારી છાપ જો; ભૂલાવ્યો૦
રોષ બધો અંતરમાં હાય સમાય છે,
વિનય વિવેક વિચાર વળી વિસરાય જો;
તોપણ કાલ જવાથી તે ત્રણ જીતશે,
ઝીણી નજરે જોતાં એમ જણાય જો; ભૂલાવ્યો૦
જાણું છું તોપણ આ ખેદ થયાં કરે,
યત્ન કરૂં પણ ચિંતા થાય ન દૂર જો;
શામાટે એવું અંતર મારૂં કર્યું?
કરવું તું સંયમ કરવામાં શૂર જો; ભૂલાવ્યો૦
ભુંડું કરનારાનું થાય ભલે ભલું,
તારી મરજી હોય કરે તું તેમ જો;
પણ ભૂલાવિશમાં પાછો પ્રેમે મને,
કર જોડી માગું છું કેશવ એમ જો; ભૂલાવ્યો૦

ઈશ્વરશરણ.

હિંદી.

નાથ! શરણ હું પડ્યો હવે તમારે, અન્ય ઓથ નથી ઈશ કોઇ મારે;
બુદ્ધિ આપશો સદૈવ દેવ! જેવી, ક્રિયા સર્વ હું કરી શકીશ તેવી;

ધર્મ-કર્મની ન વાત લેશ જાણું, માન મૂર્ખતાવડે મમત્વ તાણું;
પાઠ-પૂજનમાં પ્રીતિ મેં ન કીધી, કર્મ દોષવડે દુષ્ટ વાટ લીધી.
દયાસિંધુ છો ઉદાર ચિત્તવાળા, જાણતાં છતાં જપી ન નામમાલા;
બધું શું કહું ! થયા કરે બળાપો, દીનબંધુ કૃપાસિંધુ કષ્ટ કાપો.
દુઃખ દૂર થાય એજ ઇષ્ટ માગું, પ્રેમથી પસારી હાથ પાય લાગું;
પાપ-પુણ્યના વિચારને વિસારી, હાથ **કેશવ** હરિ ધરજો પધારી.

ईश्वरकृपानी सतृष्ण अंतःकरणथी याचना.

भैरवी चलती.

(કબ હોત ખુશી કબ હોત ખફા) એ ઢાળ.

કરુણાનિધિ કયાં સંતાઇ ગયા ? દામોદર નિર્દય કેમ થયા ! કરુણા૦
આપવિના આધાર ન મારે, કેમ દયાલુ કરો ન દયા ? કરુણા૦
શરણાગતપાલક છો સાચા; **કેશવ** કેમ રિસાઈ રહ્યા ? કરુણા૦

ए दीनानाथ दयाळ नटवर नाथने नमीए अमे.

हरिगीत.

જેથી સબલ પૃથ્વી પવન જલ તેજ ને આકાશ છે,
મન બુદ્ધિઆદિક વર્ગમાં જેનો વિશેષ વિકાસ છે;
ભમતાં બધાં બ્રહ્માંડનો આધાર ભાર ખરો ખમે,
એ દીનનાથ દયાળ નટવર નાથને નમિએ અમેં;
રચના બધી આ વિશ્વની જેનો વિચિત્ર વિલાસ છે,
એ વિશ્વની રચનાવિષે જેનો નિરંતર વાસ છે;
અંતર્વિષે આરૂઢ પણ નહિ દૃષ્ટિએ દેખો તમેં,
એ દીનનાથ દયાળ નટવર નાથને નમિએ અમે;
માયાવડે માનેલ જેનાં નામરૂપ અનેક છે,
વ્યાપક નિરંતર તોય જે નિર્લેપ નિર્ગુણ એક છે;
જપ-તપ અને આરાધને જેને જગત આખું નમે,
એ દીનનાથ દયાળ નટવર નાથને નમિએ અમેં.
પોતેજ દૃશ્ય વિવર્તરૂપે દૃષ્ટિએ દેખાય છે,
જે નિરંજન નિર્દોષમાં સર્વે પ્રપંચ સમાય છે:
સ્વાધીન સુખનો કંદ જે પોતાવિષે પોતે રમે,
એ દીનનાથ દયાળ નટવર નાથને નમિએ અમેં.

જેના બલે જીવાય વેદ પુરાણ જેને ગાય છે,
જેથી જગતમાં અસ્તિ–ભાતિ–પ્રિયપણું પરખાય છે;
જંજાળીઓ જેને વિસારી ધૂળ ધંધામાં ધમે,
એ દીનનાથ દયાળ નટવર નાથને નમિએ અમે.
ન કરે કશું કરનાર પણ સંહાર–પાલન સર્ગનો,
પોતે પ્રકાશક એક જે બીજા પ્રકાશક વર્ગનો;
યોગીજનો જેને સમજવા દેહ ઇંદ્રિયને દમે,
એ દીનનાથ દયાળ નટવર નાથને નમિએ અમે.
જેના બલે રચના રહી છે રંગમાં બ્રહ્માંડની,
મેલે ન મર્યાદા જરા પ્રાણી–પદાર્થો પિંડની;
જેનું સ્મરણ કીર્તન થતાં સંસારનાં સંકટ શમે,
એ દીનનાથ દયાળ નટવર નાથને નમિએ અમે.
સુખનાં સરસ સહુ સાધનો જેની કૃપાથી સાંપડે,
જેની કૃપાથી અજ્ઞજન પણ ઉચ્ચપદને આંપડે;
શુભભાવ નીતિન્યાય–સદ્ગુણવાન્ જન જેને ગમે,
એ દીનનાથ દયાળ નટવર નાથને નમિએ અમે.
ન જણાય વાણી–મનવડે પણ દૂર અનુભવથી નથી,
શાસ્ત્રો પુરાણો શોધતાં થાકયાં સમગ્ર મથીમથી;
જેની મહામાયાવિષે કેશવ સદા ભૂલ્યો ભમે,
એ દીનનાથ દયાળ નટવર નાથને નમિએ અમે.

હુંતો માળા જપું હરિરામની.

કેરવો.

હું તો માળા જપું હરિરામની;
અંતરના અભિરામની રેઃ—હું તો૦ ટેક.

આધિ ઉપાધિ વ્યાધિ વિસારી, ઠરવા લાયક ઠામની રે; હું તો૦
ધન યૌવન જીવિત છે ચંચલ, વાદળમાં જેમ દામની રે; હું તો૦
બંધન છે સંબંધ બધામાં, રાખી ગરજ ગુણધામની રે; હું તો૦
ભય જાવા ભવનો સુખ થાવા, પ્રીતિ પ્રભુમાં એક કામની રે; હું તો૦
ઉત્તમ એ સાધન કલિકાલે, અન્ય ઉપાધિ બધી નામની રે; હું તો૦

વાનર કેક તર્યા હરિનામે, ગોપી તરી વ્રજગામની રે; હું તો૦
ભોગ-વિલાસવિષે જે ભટકે, એનાં અફલ દિનયામિની રે; હું તો૦
કેશવ હરિનાં ભજનવિનાની, કાયા નકામી હાડચામની રે; હું તો૦

हवे मारीपर दया करो.

देश.

દીનાનાથ દયાળ, હવે હેતે કરજો દયા રે;
ત્રિગુણાતીત મને તરછોડી, દોડી ક્યાં ગયા રે ?—ટેક.
સમજ્યો નહિ હું સ્વાર્થ સર્યામાં, નાથચરણમાં ચિત્ત ધર્યામાં,
નથી ભર્યા મારામાં, દોષ કયા કયા રે ?— દીના૦
થાક્યો ભવાટવીમાં ભટકી, અંતે સાવ રહ્યો છું અટકી,
મારાથી છટકીને ક્યાં છાના રહ્યા રે ?— દીના૦
આપવિના આધાર ન મારો, પ્રભુ સંકટથી પાર ઉતારો,
સેવકને સંભારો, કપટી કાં થયા રે ?— દીના૦
કરુણાસાગર કેમ તપાવો, બહુ મૂંઝાણો માર્ગ બતાવો,
કેશવ હરિ આવો, સંતાપ ઘણા સહ્યા રે;— દીના૦

हवे तमने नहि जवा दउं.

देश.

અન્તર્યામી ક્યાં જાશો, નહિ જાવા દઉં હરિ રે;
હઠથી હું રાખીશ હવે, મન-મંદિરમાં ધરી રે.—ટેક.
મોહન તમને ઘણા મનાવું, +ઘર મેલીને ન ઘટે જાવું;
નિર્દય આમ ન થાવું, પ્રભુ પદ વિસરી રે;— અન્તર્યામી૦
રીઝવવાની રીતિ ન જાણું, મનગમતી રીતે વરતાણું;
મન ગભરાણું, બીજી ફાશ કરી કરી રે;— અન્તર્યામી૦
જેવો તેવો તોય તમારો, તજવાથી નહિ આવે આરો;
નાથ ઉગારો, રખડ્યો પેટ ભરી ભરીરે;— અન્તર્યામી૦

+ '**ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति**' ઈત્યાદિ ગીતાનાં વચનોથી અત્રે અંતઃકરણને ઈશ્વરના ઘર તરીકે માન્યું છે. લિ. કર્તા.

અંધ થયો હું અજ્ઞપણેથી, પાસે છો પણ ન જડયા તેથી,
કેશવ થાકયો એથી, ફોકટ ફરી ફરી રે;— અન્તર્યામી૦

आर्तपणामां ईश्वरप्रार्थना.

राग देश.

મારી નાડ તમારે હાથે, હરિ સંભાળજો રે.
પ્યારા પોતાનો જાણીને, પ્રભુપદ પાળજો રે.—ટેક.
પથ્યાપથ્ય નથી સમજાતું, દુઃખ સદૈવ રહે ઉભરાતું,
મને હશે શું થાતું, નાથ નિહાળજો રે;— મારી૦
અનાદિ વૈદ્ય આપછો સાચા, કોઈ ઉપાયવિષે નહિ કાચા,
દિવસ રહ્યા છે ટાંચા, વેળા વાળજો રે;— મારી૦
વિશ્વેશ્વર શું હજી વિસારો, બાજી હાથ છતાં કાં હારો ?
મહા મુંઝારો મારો, નટવર ટાળજો રે;— મારી૦
કેશવ હરિ મારૂં શું થાશે ? ધાણુ વળ્યો શું ગઢ ઘેરાશે,
લાજ તમારી જાશે, ભૂધર ભાળજો રે; મારી૦

हुं तमारे शरणे आव्यो छुं.

राग देश.

મારા હાથ પડયા છે, હેઠા હરિ હું શું કરૂં રે ?
શરણે આવ્યો છું, કરૂણાકર કરશો તે ખરૂં રે.
ક્યાં સંતાયા કુશલકરાણી, તરણી નટવર જાય તણાણી,
ભાઠે હાય ભરાણી, કઈ રીતે તરૂં રે ? મારા૦
થતું હશે શું સમજણ ન પડે, ગોતું પણ માર્ગ મને ન જડે
ભવસાગરનાં દુઃખવડે હૃદયે ડરૂં રે;— મારા૦
ધરણીધર શું ધાર્યું મારૂં, રટણ કરૂં છું નિત્ય તમારૂં,
અવડું શું અંધારૂં, મરણ વિના મરૂં રે; મારા૦
સાધન સર્વ ગયાં છે ખૂટી, કપટી કાલે માર્યો કૂટી,
બગડયાની નહિ બુટી, ઠાકર ક્યાં ઠરૂં રે ?
અતિ તાપેથી તપી રહ્યો છું બાળપણથી અંધ થયોછું,
ભૂલી ભાન ગયોછુ ધીરજ શું ધરૂં રે ? મારા૦

અદ્‌ભૂત માયા નાથ તમારી, મન–વાણી નહિ પ્હોંચે મારી,
કેશવ હરિ હારી, ફટકેલ થઈ ફરૂં રે;– મારા૦

મારી લાજ નિભાવજો.
રાગ દેશ.

મારી લાજ તમારે હાથે, નાથ નિભાવજો રે;
દીનાનાથ દયાળ દયા, અદ્‌ભૂત દર્શાવજોરે. ટેક૦
સંકટથી સોસાઉં મુરારિ, લેજો અન્તર્યામી ઉગારી,
હવે ગયોછું હારી, બાપ બચાવજો રે;— મારી૦
કર્મ કઠણ માઠા ગ્રહ બેઠા, હાથ પડયા છે હમણાં હેઠા,
પરમેશ્વર ક્યાં પેઠા, પણ પરખાવજો રે;— મારી૦
અહિત અને હિતમાં અણસમજુ, કૃત્યાકૃત્યવિષે શું સમજું ?
ભજું તજું શું ? માધવ માર્ગ બતાવજો રે;— મારી૦
કેશવ હરિ હેતે સંભારૂં, પ્રભુ ! પદ હોય હજી જો પ્યારૂં,
મંગલ કરવા મારૂં, અંગદ આવજો રે;— મારી૦

પ્રાર્થના
વૈતાલીય.

વિનવું વિભુ વિશ્વનાપતિ, કરજો નિર્મલ મૂર્ખની મતિ:
હરિ અંતરમાંહિ આવજો, શરણે સેવકને નિભાવજો.
નથિ પૂજન–પાઠ મેં કર્યાં, નથિ દુઃખો કદિ દીનનાં હર્યાં;
ધન ધર્મવિષે નથી વર્યું, કપટે કેવલ પેટ મેં ભર્યું.
સુખસાધકને ભજ્યા નહીં, વિષયોને મનથી તજ્યા નહીં;
બહુ દૂર રહ્યા દબાઇને, શઠ સંસારવિષે સમાઇને.
ચડતાં ચડતાં પડાય છે, ચલ સંકલ્પ ઘણાય થાય છે;
મમતા કરતાં મરી ગયો, નરનો જન્મ જડી જતો રહ્યા.
શમને દમ સાંભર્યાં નથી, સુખ માન્યું સુત–વિત્ત–દારથી;
પરમાર્થ વિચાર વિસર્યો, પગ પુણ્યે ભવમાં નથી ભર્યો.
પ્રભુ સુકૃત કાજ આવિઓ, રિપુઓએ ફરતો ફસાવિઓ;
અતિ આધિ ઉપાધિઓ નડે, જલ આવે પલમાંહિ પાંપણે.
મન મોહવડે મુંઝાય છે, ધરતાં ધૈર્ય બધું હરાય છે,

ધરણીધર ધૈર્ય આપજો, કરુણાસાગર કષ્ટ કાપજો.
ત્રિગુણાશ્રય તારનાર છો, અવળા પંથથિ વારનાર છો;
અખિલેશ્વરજી ઉગારજો, અપરાધો સઘળા વિસારજો.
ભટક્યો ભગવાન હું ભવે, નહિ ઇચ્છું અવતારને હવે;
કદિ જન્મ દિયો જગત્પતિ, નિજમાં નિત્ય રખાવજો મતિ.
સમજ્યો સઘળું દયાઘન, મળતાં મંગલ આપમાં મન;
નથી અન્ય કશોય આશરો, કર મારી પર ધર્મથી ધરો.
સુખસાગર એક આપને, હરનારા ગણી સર્વ તાપને;
ચરણે શરણે સુખી થવા, ધશી આવ્યો જડ દુઃખની જવા.
પરમેશ્વર પૂર્ણ કામ છો, પરમાનંદ અખંડધામ છો;
બહુરૂપ અનેકનામ છો, કલિમાં **કેશવ** કૃષ્ણરામ છો.

---

* दर्शन करवा शी रीते आवुं ?

× सारंग.

ક્યાંથી આવું, દર્શન કરવા શ્રીરણછોડ તમારાં !
અન્તર્યામી, આડાં આવે, માહાં કર્મ અમારાં ! ટેક.
નાંખે છે તાપ મને તાવી, ભગવાન હશે કેવું ભાવી ?
નથી શક્તિ શરીરવિષે આવી;— ક્યાંથી આવું૰
હરિ સર્વ હવે માની લેવું, નથી લેશ હવે લેવું દેવું,
ન હતું જાણ્યું બનશે એવું;— ક્યાંથી આવું૰
આપો હરિ જો આરોગ્યપણું, તો તો અગણિત ઉપકાર ગણું,
છે દુઃખ હજી ઘટમાંહિ ઘણું;— ક્યાંથી આવું૰
આવો જો આપ કૃપા કરવા, હું છું હાજર મસ્તક ધરવા,
કેશવ હરિ નથી પરની પરવા:— ક્યાંથી આવું૰

---

૧ ડાકોરજી ન જઈ શકવાથી લખી. આ કવિતામાં "હે શ્રીરણછોડ દર્શન કરવા આવું કેમ તમારાં" એમ પણ ટેક લેવાય. * તાલ દીપચંદી.

પ્રાર્થના
શાર્દૂલવિક્રીડિત.

વિશ્વાધાર વિશેષ શાન્તિ ન મળે શું વિનવું આપને,
પૂજું પ્રેમવડે પવિત્ર પણ હું પામ્યા કરૂં તાપને;
રીઝો કેમ કરી તમે તરત તે હું રીતિ જાણું નહી,
તેથી પાત્ર જ આપના પ્રણયનું કાં તો થવાયું નહીં;
આપીને અવતાર ઇશ્વર મને ઠાલો ન ઠેલી દિઓ,
પોતાના જનને જગત્પતિ હવે ભૂમાં ન ભેળી દિઓ;
મારે ક્યાં શરણે જવું સુખ થવા આધાર શો અન્ય છે
ધાતા ધ્યાન વિષે કશુંય ન ધરો એ ધર્મને ધન્ય છે!
ધાયા છો ધરવા ધણીપત કરી પ્રેમે મહા પાપને,
દીનાનાથ દયાળ શું વિષમતા ત્યારે ઘટે આપને?
એવાથી પણ શું અરે અધમ છું કે કાન દેતા નથી?
દુઃખે દીન થઈ ગયો પણ તમે સંભાળ લેતા નથી;
તાર્યો નામવડે અજામિલ મહા પાપી હતો જે ઘણો,
ઉગાર્યો ગજરાજને સહજમાં તેને ગમે તે ગણો;
એવા આજ અસંખ્ય આ અવનિમાં છે દાખલા દેવના,
ત્યારે નિષ્ફલ જાય કેમ કરવી સાચે મને સેવના?
દેખો છો સઘળું હજાર મુખ છે શાને નથી બોલતા?
ભારે ભૂધર ભેદ તોય પણ કાં ખાંતે નથી ખોલતા?
જ્યારે આ ભવસાગરે ભટકતાં મારે જવું છે મરી,
ત્યારે શું કરવા હવે ગરજ હું રાખું તમારી હરિ?
મારે કામ નથી તમે હઠ કરી નાશી જશો તો ભલે,
મારૂં ચિત્તચકોર આપચરણે રાખીશ બાંધી બલે;
તેમાં કાંઇ ન જોર થાય તમથી સ્વાધીન છું હું હરિ,
દેખી નિર્દય આપને પ્રથમથી મેં ભાગ્ય લીધું ભરી;
પ્હેલાં પૂર્ણ વિચાર કાંઈ ન કર્યો મેં હાય હૈયા વિષે,
કે મારી ભવસાગરે ભટકતાં અંતે દશા શી થશે;
કલ્પે કોઈ દિને ન થાય મનનું ધાર્યું અરે પાધરૂં,
ત્યારે હું કરુણાનિધાન સુખનાં તે સાધનો શું કરૂં?

સ્વાર્થેથી સુખના નિધાન તમમાં હું દોષદૃષ્ટિ કરૂં,
જેને આપતણી કૃપા કરવિષે તે કેમ માને ખરૂં ?
ભોળું પેટજણ્યો પિતા ન મનમાં લેશેય તે લાવશો,
કોડે કેશવ સર્વ સાર સમજી વારે હવે આવશો.

આ કલિકાલમાં આપવિના કોણ ઉગારે ?

इन्द्रविजय अने मनहर.

ધર્મ ગયો ધરણીતલમાંહિથી કર્મવિષે મતિ કોણ કરે છે ?
પ્રીતિ ગઈ નયનીતિ ગઈ કુલરીતિ વળી વળમાં વિસરે છે;
આશ્રમ વર્ણ થયા વિપરીત ભયાનક આ ભવ આખર ભારે,
આ કલિકાલવિષે કરુણાકર આપવિના અહિં કોણ ઉગારે ?
વેષધારી બ્રહ્મચારી સન્યાસી સંગ્રહકારી,
સંસારીઓ શોક ઉપજાવે એવા થાય છે;
વિદ્વાનો વિકલ અધિકારી અંધ ધૂતી ખાય,
કષ્ટ ન કહી શકાય પાપ ઉભરાય છે;
વિદ્યા કલા કુશલતા દૃષ્ટિએ દેખાય નહિ,
ચાડી ચુગલાઇ ચારે કોર ચમકાવે છે;
કામ–ક્રોધ–લોભ મોહપાશમાં પડેલા લોક,
દોષને દરિદ્રતાથી દુઃખ ઉપજાવે છે.
સેવકનો ગુરુભાવ ગયો વનિતા વિપરીત થઈ વિફરે છે,
વૃદ્ધ રહે વહી જાય જુવાન અબુદ્ધપણું બલ–બુદ્ધિ હરે છે;
અન્નવિના રખડે બહુ રાંક બધા સરખા શુભ કોણ વિચારે ?
આ કલિકાલવિષે કરુણાકર આપવિના અહિં કોણ ઉગારે ?
અનાવૃષ્ટિઆદિ ઉતપાત અકળાવે અતિ,
અન્નરસ ધરતી ધરાર ગળી જાય છે;
પૂરૂં અન્ન પાકે નહિ આપવા અનેક કરો,
તેમાં મહામારી જેવા રોગ પથરાય છે;
સત્ય તો સમાઈ ગયું દયા ન દેખાય ક્યાંહિ,
સંતોષ કે સુખ શાન્તું સોણેય ન સાંપડે;

ધન ધામ માન જાય બધે અપમાન હોય,
આમ તેમ દોડતાં અકાલે કાલ આપડે,
વર્ણ થયા વિપરીત બધા, અધિકાર ન કોઇ પવિત્ર નિહાળું,
દંભવડે બહુ ડોળ વધ્યો, સુખ શીલ અને સરલાઇ ન ભાળું;
નિર્બલને બલવાન હણે હરિ **કેશવ** કષ્ટ અનેક વિકારે;
આ કલિકાલવિષે કરુણાકર આપવિના અહિં કોણ ઉગારે ?

* प्रभु ! सत्प्रज्ञा सुविचार सत्समयने सद्धर्मने आपजो.

शार्दूलविक्रीडित.

દાખે દેવ અનેક દીન જનને હાડી દયાદષ્ટિએ.
જીવાડે સહુને સદા સુખવિષે જે મેઘની વૃષ્ટિએ;
લીલા અદ્દભુત જે કરે જગતમાં તે કષ્ટને કાપજો,
સત્પ્રજ્ઞા સુવિચાર સત્સમયને સદ્ધર્મને આપજો.
વાણી ઇંદ્રિય ને વળી મન કશી જાણે ન જેની ગતિ,
જેનાં અદ્દભુત કાર્ય જોઇ નજરે મુઝાય મારી મતિ;
એવા વ્યાપક એક ઇશ્વર સદા સંતાપને કાપજો,
સત્પ્રજ્ઞા સુવિચાર સત્સમયને સદ્ધર્મને આપજો.
આપે અંતરમાં પ્રકાશ સહુને જે નિર્વિકારી રહી,
જેની શક્તિ સદા ચરાચરવિષે સંકોચ પામે નહીં;
એ વિશ્વેશ્વર શોકરૂપ સહુના કંકાસને કાપજો,
સત્પ્રજ્ઞા સુવિચાર સત્સમયને સદ્ધર્મને આપજો.
દીનાનાથ દયાનિધાન સુખના સંપૂર્ણ હે સાગર !
ભક્તોના ભય ટાળનાર ભગવાન્ આ ઠાઠના ઠાકર;
હું છું દોષભરેલ તોય મનમાં હાડી દયા રાખજો,
સત્પ્રજ્ઞા સુવિચાર સત્સમયને સદ્ધર્મને આપજો.
જેના તેજવડે પ્રકાશ કરતા સૂર્યાદિ સર્વે ગ્રહો,
જે બાજીગર એક આ જગતમાં આશ્ચર્ય આપે અહો;

* આ કવિતાની એક એક કડી અનુક્રમે સં. ૧૯૪૦ થી સં. ૧૯૪૭ સુધીના આર્યધર્મ પ્રકાશના પ્રષ્ટપર લખવા માટે રચાએલી છે.

તે વિશ્વેશ્વર ચિત્તની ચપલ જે તે ચાંપને ચાંપજો,
સત્પ્રજ્ઞા સુવિચાર સત્સમયને સદ્ધર્મને આપજો.
જેને જન્મ જરા અને મરણ કે આદ્યંત આવે નહીં,
જેને નિશ્ચય કાલ કર્મ ગુણ કે કોઈ નચાવે નહીં;
એવા એક અખંડ દેવ અમને આનંદદાયી થજો,
સત્પ્રજ્ઞા સુવિચાર સત્સમયને સદ્ધર્મને આપજો.
જાતે જીવનરૂપ આ જગતમાં જે ભાવરૂપે ભર્યા,
જેને પ્રાપ્ત થઈ જરા મરણથી યોગીજનો ઉગર્યા;
પાણીમાંહિ તરંગ તેમ સઘળે જે વ્યાપ્ત દેખાય છે,
સારા આત્મવિચારવાન જનને પ્રત્યક્ષ તે થાયછે,

સંસારની જંજાળ અને પ્રભુસ્તુતિ.

પૃથ્વી છંદ.

શરીર પલમાં પડે પ્રથમ વાત એ આકરી,
પડી પરવશે પ્રભો! ચતુર તે કરે ચાકરી;
ભવાબ્ધિ તરવો તથા કઠણ કર્મનો યોગ છે,
વિનાશ કરનાર આ વિષયભોગનો રોગ છે.
મમત્વ કરવું વૃથા ધન ધરા નથી આપણાં;
કલત્ર સુત મિત્ર તે પણ સમગ્ર છે તાપણાં;
મમત્વ તનનું અહીં પણ પડયું રહે પાછળ,
કશા વિષયમાં ન કોઈ જનનું લગારે બલ.
ઉપાધિ અતિ આવતાં અધિક થાયછે આધિઓ,
શરીરસુખમાં રહે નહિ વળી વધે વ્યાધિયો.
સદૈવ મન મૂર્ખ આ ત્રિવિધતાપ આપ્યા કરે,
શિરે પ્રતિદિને પ્રભો! કુટિલકાલ ટાંપ્યા કરે.
વિચાર કરતાં મને મનવિષે વ્યથા થાયછે,
સુપુણ્ય કરવાવિના વય વૃથા વહી જાયછે;
ગમે મનવિષે ન તે પણ પડે કશું પાધરૂં.
અહો નરહરિ હવે સુખ થવા કહો શું કરૂં!
વિવેક મનમાં વસે સુખદ એક સદ્વસ્તુનો,
ટળે તરત ભાસતો અસલનો અસદ્વસ્તુનો;

પરંતુ અખિલેશ્વર પ્રણતપાલ વિશ્વંભર !
બને ન તુજની કૃપાવગર તે કશું શંકર !
અનંત હરિકેશવ પ્રભુ કરો કૃપા પ્રેમથી,
ધરૂં ચરણ તો પછી મરણ જન્મ મારે નથી;
સદૈવ સુખરૂપ છું નહિ કશું મને બંધન.
કલત્ર સુત સર્વદા સુખદ છે ધરા ને ધન.

हरि ! मने उत्तम मार्ग बतावो.

હરિ વારે આવો; ઉત્તમ માર્ગ બતાવો.
પ્રપંચ આ પ્રકટયો શામાટે, ખબર નથી તે પડતી;
અંતવિનાની અદ્દભુત રચના, છે ચડતી ને ચડતી; હરિ૦
ક્યાં કરિએ વિશ્વાસ જગતમાં, નિશ્ચય તે નથી થાતો;
શંકાશીલ દશામાં રખડી, જીવ રહે છે જાતો; હરિ૦
પરાધીનતા પલમાં લાગે, સ્વાધીનપણું પલમાં;
અભિમાન અને અધિક દીનતા, જાય બધું તે જલમાં; હરિ૦
સજ્જન દુર્જનતણી પરીક્ષા, શી રીતેથી કરવી;
ઓચિંતા ઉત્પાત નડે ત્યાં, ધીરજ ક્યાંથી ધરવી ? હરિ૦
ગુણ–સ્વભાવ સર્વના ન મળે, વર્તન તેવું તેવું;
ઇચ્છા પણ અંતરમાં તેવી, એ કૌતુક તે કેવું ? હરિ૦
પુણ્યવડે સુકૃત સૂઝે તો વિઘ્નો વિવિધ નડે છે;
અદ્દભુત રીતે ઉદયાસ્તવડે, સર્વે ચડે પડે છે; હરિ૦
એની મેળે આગળ આવે, આધિ ઉપાધિ વ્યાધિ;
આ સંસારે સાધન સુખનાં, કોણ શકેછે સાધી ? હરિ૦
કેશવ હરિપદ હાથ ન આવે, ફટકી ફોકટ કરવું;
નિશદિન ડરવું આખર મરવું, અંતે સર્વ વિસરવું; હરિ૦

हरि ! हुं हीरो हार्यो छुं.

माढ.

હીરો આવ્યો તો હાથમાં, હાર્યો છું હે હરિ !
કોટી ઉપાય કર્યા છતાં. મળશે ન તે ફરી. ટેક.

શું આ પૂર્વ જનમનાં પાપે, કીધો કાળે કેર ?
કે શું નિર્દય દૈવે આવી, વાળ્યું જુનું વેર ?— રે હાર્યો૦
ભૂલ થઇ શું કાંઇ ભજનમાં, કે કોપ્યા કિરતાર;
જપ તપ ધ્યાન સમાધી સાધન, સુખનાં સર્વ અપાર;—રે હાર્યો૦
આ સંસાર અસાર અરેરે, વંઠયા વિનય વિચાર;
શું છે કામ હવે સંપતનું, ધોળ્યાં આ ઘરબાર;— રે હાર્યો૦
સાંબ સહાય કરો તો સ્વામી, પામું પદ નિર્વાણ;
કરુણાકર નહિ તો **કેશવ**નાં, બુડયાં બારે વ્હાણ;— રે હાર્યો૦

જીવન નિષ્ફલ જાય છે માટે કરુણામૃતની યાચના.

દેશ.

હઠ લઇ બેઠા છો હરિરાય હવે હદ થાય છે રે;
જગદીશ્વરજી જન્મ જડેલો નિષ્ફલ જાય છે રે. ટેક.
શો અપરાધ થયો છે સ્વામી, પૂછુંછું પ્રણમે શિરનામી,
અંતરયામી, અતિ- અંતર ઉભરાય છે રે;— હઠ૦
છે ભગવાન મને ભય ભારે, આપવિના નહિ કોઇ ઉગારે,
આ સંસારે, અધવચ વ્હાણ તણાય છે રે;— હઠ૦
ઘણા ઘણાની વારે ધાયા, સેવકને ટાણે સંતાયા,
માધવ નકરો માયા, નયન ભરાય છે રે;— હઠ૦
કેશવ હરિ બહુ કઠણ ન થાશો, નિર્દય થઇને દૂર ન જાશો,
પ્રિય કરુણા—મૃત પાશો, જીવન જાય છે રે;— હઠ૦

આપવિના બીજા કોની પાસે જાઉં !

શાસ્ત્રી મરાઠી ચાલની.

હરિ ! હું કયાં જાઉં ! સુખિઓ શી રીતે થાઉં ?
તાપે તન— મન નિત્ય તપે છે, દેવ દિશા નહિ દેખું;
હાનિવડે હડબડતો હાર્યો, લાભતણું શું લેખું ? હરિ૦
કામ ન આવે કાંઇ કુશલતા, કઠણ કર્મને યોગે;
ભૂલીને આ ભવસાગરમાં, ભૂધર ભટકું ભોગે; હરિ૦

પૂજન-અર્ચનમાં પરમેશ્વર, પ્રીતિ ન રાખી પૂરી;
ધાયું થયું નથી ધરણીશ્વર, આશા જાય અધૂરી; હરિ૦
ક્ષમા કરો અપરાધ દયાનિધિ, હું છું ગાંડો ઘેલો;
ઓથ નથી બીજે આ સમયે, માધવ હાથ ન મેલો;
શરણાગતપાલક પરમેશ્વર, પદ લઈ બેઠા મોટું;
અખિલેશ્વર આ ખરા વખતમાં, ખશી જાઓ તે ખોટું; હરિ૦
રક્ષા કરી ગર્ભમાં મારી કહ્યાવિના પણ આપે;
વિનવતાં પણ હવે વિસારો, કયા કલ્પને પાપે; હરિ૦
ઘણા ઘણાની વારે ધાયા, પ્રભુતા ભલી ભજાવી;
ભારે શું હું એક પડયો કે, દયા નથી દર્શાવી; હરિ૦
કેશવ હરિ હદ થઈ ગઈ છે, પોત તપાસ્યું પૂરૂં;
નહિ રીઝો તો ઈશ્વર મારૂં, રે'શે બધું અધૂરૂં; હરિ૦

माधवमेघप्रति चातकनी प्रार्थना.

सारंग.

હે માધવમેઘ, કેમ હજી આ ચાતકને તરસાવો ?
અતિ તાપ પડે, કરુણાવારિ હવે હેતે વરસાવો.
ચોતરફ પવન ઉના ફૂંકે, આ તન મન કંઠસહિત સુકે,
અતિ કઠણ થયા છો કંઈ ચુકે ? હે માધવમેઘ૦,
વરસ્યાનો જાય સમય વીતી, એ નાથ નથી ઉત્તમ રીતિ,
ભલપણ કરવામાં શી બીતી, હે માધવમેઘ૦
બીજે બહુરૂપ બની ગાજો, આ લાયક ઠેકાણે લાજો,
નિજ ધર્મ વિચારો તો ધાજો;—હે માધવમેઘ૦
કેશવ હરિ ! ચિત્ત તમારામાં, તમવડિયે સુખ સુત-દારામાં,
નહિ બોધ કશોય બિચારામાં; હે માધવમેઘ૦

तमारा दीनदासने केम विसारो छो ?

होरी

હરિ હું દીનદાસ તમારો; કરૂણાકર કેમ વિસારો ? હરિ૦
સર્વાન્તર થઇ કયાં સંતાયા, આપવિના નથી આરો;

ભયકારક આ ભવસાગરમાં, બહુ અથડાઉં બિચારો;
કેમેય ન દેખું કિનારો;— હરિ૦
ઉત્તમ નૌકા નરતન આવ્યું, પણ નાવિક નહિ સારો;
શી રીતે પ્રભુ પાર પામશે, હરકત થાય હજારો;
એમાં અપરાધ ન મારો;— હરિ૦
તાર્યો જેમ તમે ગજપતિને, તેમ મને પણ તારો;
આશાતૃષ્ણા—મમતામગરે, પકડ્યો છે પરબારો;
પેખો પણ કાં ન પધારો ? હરિ૦
લાગ્યો છે વડવાનલ ચોગમ, હે વિઠ્ઠલ ઝટ ઠારો;
શરણાગત પાલક પણ રાખી, **કેશવ** હરિ કર ધારો;
મેલી વિપરીત વિચારો; હરિ૦

परमेश्वरप्रति पत्र.

સ્વસ્તિ ! શ્રીપરમાનંદધામ, નિગમનિવાસી રે;
ત્રિગુણાલય વિશ્વવિરામ, વિચિત્રવિલાસી રે;
પ્રિય પૂજન કરવા યોગ્ય, પરમસુખકારી રે;
મનમોહન નીતિનિકુંજ, હૃદયદુઃખહારી રે.
ઓગણીશસો બાવન સાલ, અખંડિત આજે રે.
મિતિ શુદ્ધ અષાઢી બીજ સોમની સાંજે રે.
લખું **કેશવ** કાગળ એક, અંતરીયાળ તમને રે.
વાંચો આગળ દીનદયાળ, નયન દઇ નમને રે;
લખવાની હશે શી રીત, ન જાણું જાતે રે;
સાર સમજી ન લેશો દોષ, વૃથા કોઈ વાતે રે;
અહિં કુશલ સમગ્ર કુટુંબ, તમારે પ્રતાપે રે;
માત—તાત સહોદર સર્વ, સદા સુખ આપે રે;
પચરંગી તમારૂં રૂપ, જગત આ જોઇ રે;
યશ નિર્મલ સુણતા વેંત, ગયું મન મોહી રે.
પૂર્વજન્મ તણો સંસ્કાર, ઉદય થઇ આવ્યો રે;
પ્રભુ પાલક એણે પ્રેમ, પરમ પ્રકટાવ્યો રે.

વિશ્વરૂપપરમ પ્રતિબિંબ, અલૌકિક આવું રે;
શુદ્ધરૂપવિષે સંદેહ, લગારે ન લાવું રે.
અતિ અદ્‌ભૂત ને બહુરૂપ, અનેક પુકારે રે;
કહે અવયવ, ઇંદ્રિય, રૂપ, ઘણાં છે તમારે રે.
લઘુ–ગુરુ નિર્ગુણ ગુણવાન, કહ્યા છે અનેક રે;
ઓચરે વળી કોઇ અપંગ, અવયવ નહિ એકે રે.
સ્થુલ સૂક્ષ્મ કહેછે કોઈ, શૂન્ય સમજાવે રે;
તેમ તેમ તમારા માંહિ, અધિક ભાવ આવે રે.
મન મળવા ઘણું અકળાય, મહારાજ મારૂં રે;
થાશે દર્શન કયારે દેવ ! મને તે તમારૂં રે.
આપવગર ગમે ન જરાય, જગત શૂન્ય જેવું રે;
થાય અંતરમાં પરિતાપ, અધિક શું કહેવું રે.
તમે કયાં ને પડયો હું આહિં, ઘણું છે છેટું રે;
કોય કર્મ કઠણ આ કાલ કહો કેમ ભેટું રે ?
વિદ્યા વિનય વિચાર વિહીન, વસું દૂર દેશે રે:
રહું વિહ્‌વલ વિકલ સમાન, વિરાગી વેશે રે;
પ્રાણદાયક પુણ્યપવિત્ર, નયનના તારા રે.
ક્ષેમકુશલ તમારે હાથ, મુકુટમણિ મારારે.
મન મળવા થયું તૈયાર, અનેક ઉચાટે રે;
માગી લીધી મનની વ્હેલ, ઘટિત બહુ ઘાટે રે;
પ્હોંચવાને તમારી પાસ, પરમપંથ લીધો રે;
સમજીને સદા સુખરૂપ, સરલ ને સીધો રે.
હાંકનાર મળ્યો હરજૂડ, બળદ બલવાળા રે;
આમ તેમ તણાવી જાય. મહાહઠવાળારે.
લખ્યું હોય લલાટે દુઃખ. મળે સુખ શાથી રે;
પ્રભુ ! ભાગ્યમાં હોય વિયોગ, મળાય તે કયાંથી રે ?
મારાં કઠણ કરમથી આજ, ઘણું કષ્ટ વેઠું રે;
આતો ભોકડું કાઢતાં જેમ, ઉંટીયું પેઠું રે,
થાકી બળદ થયા બલહીન, રહે છે અટકી રે;
વળી શિથિલ થઇ છે વ્હેલ, ભવે બહુ ભટકી રે,

તૂટી જાયછે જોતર રાશ, ખશી જાય ખીલા રે;
હરિ ! હાય હવે થઈ જાય, બધા બંધઢીલા રે;
ચડી આવ્યો વચ્ચે વરસાદ, કાલને યોગે રે;
ભય થાય ઘણો ભગવાન, ભાગ્યને ભોગે રે.
ચારે કોર ફરેછે ચોર, બીક બહુ મનમાં રે;
રખડાવે તમારો રાગ, વિકટ ભુવનમાં રે.
વાટ લાંબી જવાનું દૂર, કેમ પ્હોંચાશે રે ?
સ્યામસુંદર પૂર્ણ કૃપાલ, હવે શું થાશે રે ?
મારી દીનદશાની વાત, તમે કેમ જાણો રે;
નિજરૂપવિષે રળીઆત, મહાસુખ માણો રે;
નિજજન હિત કરવા કાજ, દયાવંત દોડો રે;
કયા કારણથી એ રીત, હવે હરિ તોડો રે.
કરૂં પ્હોંચવા કાજ પ્રયત્ન, વિવેક વિચારે રે;
પ્રાણાધાર ઉતરવું પાર, નથી હાથ મારે રે.
ભલે આપણ બેય સમાન, વદે લોક વાણી રે;
પણ આપ વડા હું અલ્પ, કહું શું વખાણી રે.
આપ પાથરી બેઠા પ્રપંચ, ન સાંભરૂં એથી રે;
રખે ભૂલી જતા ભગવાન, તપું છું તેથી રે.
રહ્યા હો જો તમે ઘરમાંહિ, રહો શીદ છાના રે;
એમ જાણી અજાણ્યો આમ. થયો તો રવાના રે.
રહી જાઉં દીનદયાળ, અંતરીયાળ આંહિ રે;
એમાં મારો નથી અપરાધ, અંતર્યામી કાંઇ રે.
પ્રેમપાત્ર રહ્યા છો આપ, હૃદયમાં મારા રે;
પ્રાણ જાય ભલે પણ પ્રાણ, નથી લેશ ન્યારા રે.
બીજા જન્મવિષે પણ નાથ ! મને છે મળવું રે;
સુખસાગર સોગન ખાઉં, પાછું નથી વળવું રે.
આપ છોડી દિઓ કદિ છેક, કેમ હું છોડું રે;
ચોંપે ચરણકમલમાં કાન્ત, ચપલ ચિત્ત ચોડું રે.
ગતિ આપ વિના નથી અન્ય, કદિ ક્યાંહિ મારી રે,
છબી અંતરમાંહિ સદાય, રમેછે તમારી રે.

હું તો માની લહું સુખ સર્વ, તમારે નામે રે;
બેઠા આપ રહો બલવંત, તમારે ધામે રે,
પણ એમ ન ચાલે ચિત્ત, અનાદર કરવાં રે;
પરમેશ્વર કેમ ન હોય, પ્રાણની પરવા રે?
ભૂલ્યો હોઉં કદિ ભગવાન, ક્ષમા કરી મળજો રે;
વિશ્વનાથ! હવે હદ થાય, વારે ઝટ વળજો રે.
કરૂં **કેશવ** કોટિ પ્રમાણ, તમારે ચરણે રે;
ટાળો સેવકના સંતાપ, સદા લઈ શરણે રે.

આવા પરમેશ્વરને ભજો.

લાવણી.

પરમેશ્વર પરમાનંદ સદા સુખકર્તા,
નિર્ગુણ નિર્લેપ પવિત્ર ભુવનના ભર્તા;
શરણાગતપાલક એક દીનના બંધુ,
ઘટઘટમાં વ્યાપક પૂર્ણ કૃપામૃતસિંધુ.
સમદૃષ્ટિવડે પ્રેમથી પ્રજાને પાળે,
સુખ-દુઃખવિષે સર્વને વળી સંભાળે;
નહિ દૃષ્ટિવડે દેખાય અગોચર એ છે.
અદ્‌ભૂત લીલા એમની વિચિત્ર દિસે છે.
વળિ વિવિધ ધરે અવતાર અકલ ગતિ એની.
આ અસ્તિ ભાતિ ને પ્રિય સત્તા છે તેની;
બહુરૂપ અનંત અપાર અખંડિત પોતે,
તેનેજ યોગીજન સદા હૃદયમાં ગોતે.
આ સર્વ તંત્ર ચાલેછે તેના બલમાં.
પ્રકટાવે રચના નવી નવી પલપલમાં;
સર્વે સુર મુનિ નર નાગ પગે લાગેછે,
શુભ અશુભ કર્મ જોનાર એજ જાગેછે.
આ પૃથ્વી પાણી તેજ પવન આકાશે,
દેખાતા વિવિધ પ્રકાર અને દેખાશે;

જે રાત દિવસ ઋતુ માસ સદૈવ રસીલા,
એ નટવરની છે બધી અલૌકિક લીલા
તન—મન—ઇન્દ્રિયને તેજ શક્તિ આપેછે,
આ સ્થાવર જંગમ જગતરૂપ પણ એ છે;
એ પરમધામ હરિરામ રહ્યા અંતરમાં;
સમજ્યાનો વીતે સમય વિવેક વિસરમાં.
શું દૂર દૂર જન જાય વૃથા દોડીને,
પાસે પરમેશ્વર રહ્યા છતાં છોડીને;
આ લોક અને પરલોકવિષે છે સાથી,
ખાલી નહિ ખૂણો કોઈ અરે એનાથી.
ત્રણ લોકવિષે નહિ કોઇ તેવિના ત્રાતા,
નહિ ઓથવિના નાથના થાય સુખશાતા;
શા માટે તું અભિમાન ઉપાડ માથે,
છે ક્ષેમકુશલ સહુનું હરિવરને હાથે;
અંતે ખમવી છે ખોટ રહ્યા જો ખેલી.
સજ શમ—દમ સાધન સર્વ ગર્વને મેલી;
એ અજરઅમર અવિનાશ ભજી લે ભાવે,
તો જન્મ—મરણ સંસાર ફ્રરી નહિ આવે.
દેવે દીધો આ દેહ સુકૃત કરવાને,
ભયકારક ભવસાગરે સુખે તરવાને;
કેશવ હરિચરણે રાખ ચિત્તને ચોડી,
બહુ લઇ બેઠા શું વેષ રાત છે થોડી.

વિભાગ બીજો સમાપ્ત.

વિભાગ ૩ જો.

સંસારનું વિરાગદૃષ્ટિએ અવલોકન; આધ્યાત્મિક વિચારો, અને બોધ.

सुख दुःखादिनुं कारण मन छे.

इन्द्राविजय.

કોઇ સમે મન શોક ઘણો નિત, કોઈ સમે મન હર્ષ અતીશે;
કોઇ સમે દુઃખદાવ બળે દિલ, કોઇ સમે સુખમાં મન દીસે,
કોઇ સમે સુખકારક તે જન, કોઈ સમે દુઃખકારક થાયે;
કોઇ સમે મન શાન્ત રહે બહુ, કોઇ સમે નવ જંપ જરાયે.
કોઇ સમે મળવા મન આતુર, થાય સુહૃજ્જન સાથ વિશેષે;
કોઈ સમે ધનવાન થવા બહુ, યત્નકર્યે ન જડે ફલ લેશે;
એનું ન કારણ કોઇ મળે કદિ, શોધ સહુ શતવર્ષ કરે તો;
કેશવ કારણ છે મુજ અંતર, આપસ્વભાવવશે સહુ એ તો.

आर्या.

શું સંસારે સારૂં, મારૂં મન તે કંઇ નહીં જાણે;
જે વખતે જે ગમતું, કે અણગમતું સહે સહુ ટાણે.
એજ અજબની રીતિ, આ દુનિઆની ખરેખરી લેખું;
કે રંક કોઇ રાણો, કે તેને નવ સુખી કદિ દેખું.
સજ્જન જને સદાયે, દુર્જન જનથી સદા ડરી રે'વું;
સુખ દુઃખ આ દુનિઆનું, પડતાં પિડે ધરી ધિરજ સ્હેવું.
અવર ન કોઈ આરો, આ દુનિઆમાં વિના ધિરજ ધારૂં;
સુખસંપત્તિ મળવા, એ સાધન છે ખરેખરૂં સારૂં.
ઉદ્યમની સાથે જે, નિર્મલ મનકું સદા કરી રે'છે;
તે આ ભવનું ભારે સુખ, સંપાદન કરે કરી લેછે.

મનને બોધ.

शार्दूलविक्रिडित.

વ્હાલા ચિત્ત ચતુર થૈ ભવવિષે કે' ભાટકી કાં મરે ?
શાને શોક અરણ્યમાં નિશદિને નિશ્વાસ ખાતું ફરે ?
શાને શાન્ત થઈ અતિ સરસ સાચા પંથને ના ચહે ?
શાને કર્મ અનેક નેક કરતાં દાડી નડીને દહે ?

वसंततिलका.

ચિત્ત વિચાર કયમ મુરખ ના જરાયે ?
કાં દુઃખકારક કુકર્મવિષે પલાયે ?
જો તું વિવેકથકિ આંખ જરા ઉઘાડી,
જો લાભ લોભ કરિ આ જગમાંહિ દાડી.

शार्दूलविक्रिडित.

રે'જે શાન્ત કરી સ્વભાવ સહુની સાથે સજી સંપને,
લેજે લાભ અનેક એક પલમાં લાવી જરા જંપને;
પીડા પિંડતણી બધી પરહરી આશા હરીની ધરી,
માયાની મદિરા તણા મદવિષે મોહી ન જા તું જરી.

नहि अस्त—उदय मटवानो

होरी.

નહિ અસ્ત–ઉદય મટવાનો, હર્ષ–શોક પછી હોય શાનો ?—નહિ૦
પુણ્યશ્લોક નલરાયજી જેવા, યશ જે નરોનો ગવાણો;
કલિએ કટાક્ષ કરી દુઃખ દીધું લીધી પછી ખુબ લાણો;
કુટિલ કળિયુગ તો હણાણો;— નહિ૦
શ્રીરામચન્દ્રે ચૌદ વરસનો, વેઠયો વિયોગ પ્રજાનો;
લંકેશને રણજંગમાં રોળ્યો, ઉત્તમ આવ્યો જમાનો;
ત્યારે મળ્યો સુખનો જમાનો;— નહિ૦
ધર્મધુરંધર ધર્મસરીખા, એને ન હાથ જમાનો;
તે પણ અસ્ત–ઉદયને પામ્યા, કટકો થઇને ખરાનો;
લીધો સ્વાદ સુખના ઝરાનો;— નહિ૦

સત્યનું રૂપ હરિશ્ચન્દ્ર રાજા, ભય નહિ જેને જરાનો;
તેણે અતિ દુઃખ વેઠ્યું જગતમાં, ઉદય થયો જો દશાનો;
પછી રહ્યો તોટો કશાનો ?— નહિ૦
બીક કશી નહિ રાખવી મનમાં; વિષય નથી ડરવાનો;
નિત્ય સદાચારમાં પ્રીત રાખી, મારગ લ્યો ઠરવાનો;
સદા યશ શુભ કરવાનો;— નહિ૦
દુઃખ પડે શિરપર ભલે ભારો, તોએ પ્રભુને ભજ્યાનો;
ભાવ ધરો ભવસાગર તરવા, સંગ વિષયવાસનાનો;
તજી સુખ પામો જુવાનો;— નહિ૦
નિત્ય પ્રયાસ કરો સહુ કોડે, પુણ્યને પંથે ગયાનો;
દીન અને દુઃખ પામતાં ઉપર, રાખવો ભાવ દયાનો;
કેશવ પ્રભુ રાજી થવાનો;— નહિ૦

---

५ कारणे धिक्कार छे निस्सार आ संसारने.

हरिगीत.

સુખ માનિએ જેને વિષે તે દુઃખદાયક થાયછે,
તેમજ જણાતાં દુઃખદાયકથી સદા સુખ થાયછે;
પણ છે નહીં સુખ લેશ પણ પશુ–પક્ષિ કે નરનારને,
એ કારણે ધિક્કાર છે નિસ્સાર આ સંસારને.
ગુણિજન ઘણા ગુંથાઇને ગોથાં ઘણાં ખાતા ગયા,
સુખિઆ જણાતા જે જનો તે દૈવથી દુઃખિઆ થયા;
મુનિવર મરીખૂટયા બધા પામ્યા નથી પણ પારને,
એ કારણે ધિક્કાર છે નિસ્સાર આ સંસારને.
સંબંધ સાચો હોય પણ પૈસાવિના કાચો અરે,
આ ઠાઠમાઠ નજરવડે દેખાય તે જુઠો ઠરે;
લૂંટે લફંગા લોક પરધન–ધામ ને પરદારને,
એ કારણે ધિક્કાર છે નિસ્સાર આ સંસારને.
ચાડી અને ચુગલાઈ ચારે કોરથી ચમકાવતી,
લુચ્ચાઈ ને લોંડાઈ ભાંડ ભવાઇ પણ ભડકાવતી;
સમજે નહિ જન કોઇ પણ નિજ કર્મ કે આચારને,

એ કારણે ધિક્કાર છે નિસ્સાર આ સંસારને.
આશા અને તૃષ્ણા નદીમાં લોક ગળકાં ખાયછે.
મદ મોહ કામ-ક્રોધ તેમજ લોભથી લૂંટાયછે,
સમજણવિના માથે વહે પંડિતપણાના ભારને,
એ કારણે ધિક્કાર છે નિસ્સાર આ સંસારને.
આ હું અને આ આપણું એવું મમત્વ ટળે નહીં,
આ જન્મની જડતાતણી પણ ગાંઠ લેશ ગળે નહીં;
છે દુઃખ સરખાં સર્વને નોકર અને સરદારને,
એ કારણે ધિક્કાર છે નિસ્સાર આ સંસારને.
પૂર્વે કરેલાં કર્મથી બહુ જંતુઓ જન્મે મરે,
આધિ ઉપાધિ વ્યાધિઓ આવી પડી પીડયા કરે.
મરવું અરે મેલી સગાં સંબંધિ ને ઘરબારને,
એ કારણે ધિક્કાર છે નિસ્સાર આ સંસારને.
સુખમાં સહાય કરે બધા પણ દૂર દુઃખે જાયછે,
પાશેરના પણ પેટ માટે કપટ કૂડાં થાયછે;
આવ્યો ન મેલે કાલ પણ દુખિયાં અને દરબારને,
એ કારણે ધિકકાર છે નિસ્સાર આ સંસારને.
ક્ષણમાં જનારો દેહ છે તેની ખબર પડતી નથી,
નાના અને મોટાતણી તે વાતમાં ગણતી નથી;
મનની બધી મનમાં રહેછે મોતથી મરનારને,
એ કારણે ધિકકાર છે નિસ્સાર આ સંસારને.
જૂઠી બધી જંજાલ તે સારી સદા સમજાયછે,
સંબંધિઓ ને સ્નેહિઓ તે સ્વાર્થથી વશ થાયછે;
ભૂલે ભટકતા ભાળિએ ભૂમાં ભલા ભણનારને,
એ કારણે ધિક્કાર છે નિસ્સાર આ સંસારને.
વર્ણો વિનાશ થતા ગયા જાતિ કશી નહિ જાણિએ,
મરજી પ્રમાણે મૂર્ખ ને પંડિત મજાથી માણિએ;
જુગતે નથી પણ જાણતાં આહાર કે વિહારને,
એ કારણે ધિક્કાર છે નિસ્સાર આ સંસારને.
આસ્થા નથી ઇશ્વરવિષે ભાવે ભજન કરતા નથી,

કરતાં નઠારાં કામ કરથી હૃદયમાં ડરતા નથી;
કરતા નથી ઉદ્યમ કશો મળવા જગતકર્તારને,
એ કારણે ધિક્કાર છે નિસ્સાર આ સંસારને.

मन जे बने ते मान तुं सुखरूप आ संसारमां.

हरिगीत.

ઇશ્વરતણી ને કાલની અકલિત કલા ન કળાય ને,
જાણે નહીં જન કોઇ પણ જન્માય તેમ મરાય તે;
જોડાઈ જા તું સકલ સુખના ધામ જગદાધારમાં,
મન જે બને તે માન તું સુખરૂપ આ સંસારમાં.
આવી પડેછે આધિઓ આ અંગમાં અત્યંત જે,
કાલે કરીને પામશે અવધિ થવાની અંત તે;
સરખા બધા છે પ્રાણિઓ ઇશ્વર તણા દરબારમાં,
મન જે બને તે માન તું સુખરૂપ આ સંસારમાં.
અગણિત ઉપાધિ વ્યાધિઓ પ્રારબ્ધથી આવી પડે,
કુડાં કપટ કરનાર નાદારો કદિ આવી નડે;
આનંદ કે કદિ શોકથી ડરવું નહીં ઘરબારમાં,
મન જે બને તે માન તું સુખરૂપ આ સંસારમાં.
લક્ષ્મીતણી બહુ લ્હેરમાં સુખ સર્વ સારાં સાંપડે,
કે કલેશ ને કંકાશ થાય ભરાય પાણી પાંપણે;
સુખ દુઃખની વાતો વિશેષે લાવવી ન વિચારમાં,
મન જે બને તે માન તું સુખરૂપ આ સંસારમાં.
તારૂં નથી તલભાર આ જૂઠો સકલ સંસાર છે,
ભાવે પ્રભુ ભજવા નિરંતર એજ કેવલ સાર છે;
શુભ શાસ્ત્રના સત્સંગથી પરમાર્થ કે વ્યવહારમાં,
મન જે બને તે માન તું સુખરૂપ આ સંસારમાં,
પ્રારબ્ધ સંચિત ક્રિયમાણ અનેક કર્મો જે હશે,
તેના પ્રમાણે સર્વ ફલ આ લોકમાં મળતાં જશે;
સઘળો તજીને શોક ધર તું ધ્યાન નિજ કરતારમાં,
મન જે બને તે માન તું સુખરૂપ આ સંસારમાં.

શું શોક કરવાથી થશે ફલ તે વિચારી જો જરા,
શાને વૃથા વીતાડ બાલકપણુ જુવાની ને જરા;
નિજ પોત નહિ પરખાય તેવું નિત્ય રે'વું ભારમાં,
મન જે બને તે માન તું સુખરૂપ આ સંસારમાં.
સંસાર સ્વપ્નારૂપ છે પલની ખબર પડતી નથી,
આ ઉંચ કે આ નીચ એવી કાલને ગણુતી નથી;
સંતોષ રાખીને રહે આહાર તેમ વિહારમાં,
મન જે બને તે માન તું સુખરૂપ આ સંસારમાં.
સુખદુઃખ તારા માનવાથી થાય છે તુજને ખરે,
એ વાત તું તત્ત્વે કરી અંતર વિચારી જો અરે;
સમભાવ રાખીને રહે તું જીતમાં ને હારમાં,
મન જે બને તે માન તું સુખરૂપ આ સંસારમાં.
ઇશ્વરતણા અવતાર પણુ ડૂલી ગયા છે દુઃખમાં,
યમ–નિયમના કરનાર પણુ ભટકયા કર્યા છે ભૂખમાં;
તે પણુ ગયા રમતા સદા જે અલખના દરબારમાં,
મન જે બને તે માન તું સુખરૂપ આ સંસારમાં.
તૃણુપણુ હલવવાનું કદિ પણુ આપણા કરમાં નથી,
ઇશ્વર કરે તે થાય છે મન મનવિષે જોજે મથી;
મિથ્યા અરે મુંઝાય શું સંતાપરૂપ વિચારમાં?
મન જે બને તે માન તું સુખરૂપ આ સંસારમાં.
મિષ્ટાન્ન પાન મળે ભલે અથવા ન પાણી પણુ જડે,
સૂવે શરીર પલંગમાં અથવા ભલે ભૂપર પડે;
સરખી નજરનું થા સદા ભૂરજ અને ભંડારમાં,
મન જે બને તે માન તું સુખરૂપ આ સંસારમાં.
રાજા પ્રજા આદિક બધાને કાલ ગલતો જાય છે,
મરતાં જતાં જોવાય તેમજ જન્મતાં પણુ જાયછે;
સમજી જવો સંસારને ઘટમાલના આકારમાં,
મન જે બને તે માન તું સુખરૂપ આ સંસારમાં.
એકેય વાતે વિશ્વમાં નિશ્ચય કશો થાતો નથી,
સંશય મહાવિદ્વાનનો સમજ્યાવિના જાતો નથી;

શુભ લાભ કે તોટો ગમે તે થાયછે વ્યાપારમાં,
મન જે બને તે માન તું સુખરૂપ આ સંસારમાં.
પ્હેર્યાં સુશોભિત વસ્ત્ર કે ધાલ્યાં ઘરેણાં ધાટથી,
માણ્યા મજા ગાદી અને તકિયા હીંદોળાખાટથી;
અથવા કદી આવી ગયા મર ખડગની ખર ધારમાં,
મન જે બને તે માન તું સુખરૂપ આ સંસારમાં.
કરવો પડે વનવાસ તેમાં ત્રાસ તનને ઉપજે,
વિનયે વિવેકે તે બધું કરવું સહન ગુપચૂપ ને;
મોઘું મહા માનવશરીર પડી જશે પલવારમાં,
મન જે બને તે માન તું સુખરૂપ આ સંસારમાં.

गइ पल न पाछी सांपडे ए कालनो निश्चय खरो.

हरिगीत.

નિદ્રા અને આળસ તજી જોતા નથી કાં જાગિને ?
સંતાઇ જાશો કયાં કહો યમદૂત આગળ ભાગિને ?
નિર્ભય થવા મન હોય તો કલ્યાણનું સાધન કરો,
ગઇ પલ ન પાછી સાંપડે એ કાલનો નિશ્ચય ખરો.
વ્હોળા બગીચા બંગલાના ઠાઠ કાંઇ ન કામના,
ઉપકારનાં કામો કરીને અચલ રાખો નામના;
સંસારના વિષયો વડા વિષધર ગણી તેથી ડરો,
ગઇ પલ ન પાછી સાંપડે એ કાલનો નિશ્ચય ખરો.
ધન ધામ ને ધરણીતણી મનમાં કરો છો કામના,
ગુણ કોઈ દી ગાયા ન અંતરમાં રહેલા રામના;
માયાતણાં મદથી મદી શું ફાંકડા થઇને ફરો ?
ગઈ પલ ન પાછી સાંપડે એ કાલનો નિશ્ચય ખરો.
કોને ખબર છે કાલની ક્ષણમાં જનારો દેહ છે.
એ સિદ્ધ વાતવિષે તમોને આજ શો સદેહ છે ?
માટે પરમ સુખ પામવાનાં કાર્ય કોડે આદરો,
ગઈ પલ ન પાછી સાંપડે એ કાલનો નિશ્ચય ખરો.

સંસારને તરવા શરીર અમૂલ્ય એકજ વ્હાણુ છે,
અધિકાર તેમાં આપણો ને મનની પાસ સુકાન છે;
શુભ વાટ લઇ એ વ્હાણથી સંસારનો સાગર તરો,
ગઈ પલ ન પાછી સાંપડે એ કાલનો નિશ્ચય ખરો;
કલ્યાણનાં ને ઉદયનાં સાધન સમગ્ર તયાર છે,
હાથે ચડયો હીરો ખુવે તે મૂર્ખના સરદાર છે;
અંધા થઈ અમૃત વિસારી ઝેર શાને સંઘરો ?
ગઈ પલ ન પાછી સાંપડે એ કાલનો નિશ્ચય ખરો.
બાલકપણું રમતે ગયું ને તરુણતા તરુણીવિષે,
વૃદ્ધત્વ આવ્યું આગળે આવે ન તે અંતરવિષે;
સારૂં થયું જીવ્યા હજી તો શ્રેષ્ઠપંથે સંચરો,
ગઈ પલ ન પાછી સાંપડે એ કાલનો નિશ્ચય ખરો.
વય જાયછે ઠાલું વહી અવતાર નિષ્ફળ થાય છે,
ભૂલે કરી સોનું તજીને સાવ ધૂળ ધમાય છે;
એ વાત અંતરમાં વિચારી દુષ્ટ દુર્ગુણથી ડરો,
ગઈ પલ ન પાછી સાંપડે એ એ કાલનો નિશ્ચય ખરો.
જાગ્રત થયા ત્યાંથી પ્રભાત સદૈવ એમ વિચારિએ,
ચૂકયા કદી ચૂકે કરી અવસર ન તે સંભારિએ;
શુભ જ્ઞાન સંપાદન કરીને ધ્યાનમાં પ્રભુપદ ધરો,
ગઇ પલ ન પાછી સાંપડે એ કાલનો નિશ્ચય ખરો.
સન્માર્ગના શત્રુ સદા મદ મોહ મત્સર કામ ને,
લેવા ન દે વળિ લોભ ક્રોધ પ્રભુપદે વિશ્રામને;
શમ–દમ અને નિયમે કરીને તરત તેનું બલ હરો,
ગઈ પલ ન પાછી સાંપડે એ કાલનો નિશ્ચય ખરો.
સાથે ન આવે કોઇપણ• એ વાત સાવ પ્રસિદ્ધ છે,
ખાધું અને દીધું કરેથી આપણું તે સિદ્ધ છે;
માટેજ ધન સન્માર્ગમાં વિનયે કરીને વાવરો,
ગઈ પલ ન પાછી સાંપડે એ કાલનો નિશ્ચય ખરો.
શું ખાનપાનવિષે ખુવાર થઈ રહ્યાછો ખેલમાં,
સુતાં રહી સુખિઆં થવાય પડયું નથી તે સ્હેલમાં;

નિજ દેશના કલ્યાણમાં જીવન ભલે અર્પી મરો!
ગઇ પલ ન પાછી સાંપડે એ કાલનો નિશ્ચય ખરો.
પરધન અને પરધામને નિન્દા પરાઈ પરહરો,
સુખદુઃખ સહુને થાય છે કાં દીનતા દિલમાં ભરો?
આશીષ લેવા અન્યની સર્વે વિભૂતિ વાપરો,
ગઈ પલ ન પાછી સાંપડે એ કાલનો નિશ્ચય ખરો.
હુન્નરકલામાં કુશલ થાતાં સંપ રાખી સર્વમાં.
અતિ ઉદયનાં કાર્યો કરી ન તણાઇ જાતાં ગર્વમાં;
નિજ નિકટનાં સંબંધિને નિજ દેશને ઠારી ઠરો,
ગઇ પલ સફલ શાણા કરો રાખી હૃદય નિશ્ચય ખરો.

जन जाण यौवन जाय छे धन जाय छे तन जाय छे.

हरिगीत.

દીધે કરોડો દામ માનવ દેહ આ મળતો નથી.
તે પણ વૃથા કંવાય જો હરિચરણમાં હળતો નથી;
રાજી રહે અંતરવિષે શું રામ રટતાં થાય છે?
જન જાણ યૌવન જાય છે ધન જાય છે તન જાય છે.
લલચાય શું વિષયોતણા સુખમાં સદા સમજુ થઈ?
વિદ્યા વિવેક વિનય ગયાં ક્યાં બુદ્ધિ સારી ક્યાં ગઈ?
જાણી કરીને કેમ તું આ માર ખોટા ખાય છે?
જન જાણ યૌવન જાય છે ધન જાય છે તન જાય છે.
કલ્યાણકારક કામ કરવા હોય તે લેને કરી,
સુખકર સમય આવો તને તે ક્યાં થકી મળશે ફરી?
ઉન્મત્ત થઇને શું ફરે તું શું જગતનો રાય છે?
જન જાણ યૌવન જાય છે ધન જાય છે તન જાય છે.
તારૂં નથી તલભાર આ સઘળું સદા જાનાર છે,
ઉપકાર કરવો અન્યનો સંસારનો એ સાર છે;
બહુ રાગરંગવિષે વિષયનાં ગીત શું તું ગાય છે?
જન જાણ યૌવન જાય છે ધન જાય છે તન જાય છે.
હીરો ચડ્યો છે હાથ તે અવિચારમાં તું હારમાં,
શોધી ગ્રહણ કર સાવ સાચો માર્ગ આ સંસારમાં;

સારૂં કર્યે સારૂં નઠારેથી નઠારૂં થાયછે,
જન જાણ યૌવન જાયછે ધન જાયછે તન જાયછે.
ભણવું કદી જો હોય તો ભાવે ભણી લે સર્વ તું,
ધન જન અને યૌવનતણો મિથ્યા તજીને ગર્વ તું;
આળસવડે શું ઉંઘતાં ખાલી બગાસાં ખાયછે?
જન જાણ યૌવન જાયછે ધન જાયછે તન જાયછે.
આ હું અને આ આપણું એવું મમત્વ ન રાખવું,
સંસારના સંબંધનું સહુને સરસ સુખ આપવું;
મન મત્ત છે તેને વળી પ્રિય વિષયવિષ શું પાયછે?
જન જાણ યૌવન જાયછે ધન જાયછે તન જાયછે.
સાચું સદા વદિએ દયા બહુ દીનજનપર રાખિએ.
અપરાધ અજ્ઞ જનો કરે તે સહનતાથી સાંખિએ;
વિપરીત વાયુ વાય તો મનની મને રહિ જાયછે,
જન જાણ યૌવન જાયછે ધન જાયછે તન જાયછે.
શમ–દમ તણી સાંકલવડે મન મત્ત હાથી બાંધવો,
વિશ્વેશની સાથે સદા સંબંધ સાચો સાંધવો;
કોનાં ધરા ધન ધામ ને આ અચલ કોની કાયછે?
જન જાણ યૌવન જાયછે ધન જાયછે તન જાયછે.
મન–વચન કે કર્મે કદી હિંસા ન કરવી કોઇની,
દેવું સદા દેવાય તે આશા ન કરવી સોઇની;
ધન–જન કરે શું ધૂળ? વયને કાલ ગળતો જાયછે,
જન જાણ યૌવન જાયછે ધન જાયછે તન જાયછે.
શાને ભમાઈ ભેદ રાખે ભૂતપ્રાણિ જાતમાં,
ઇશ્વિરતણી રચનાવિષે સરખા બધા સહુ વાતમાં;
નિજ ધર્મ કર્મ પળાય તેને પાળતાં શું થાયછે?
જન જાણ યૌવન જાયછે ધન જાયછે તન જાયછે.
આસ્થા ખરી અંતરથકી અળગી કદી કરવી નહીં.
પરધન અને પરધામમાં માઠી નજર ધરવી નહીં;
સંસારની ઘટમાલ નિત્ય ભરાયને ઠલવાય છે,
જન જાણ યૌવન જાયછે ધન જાયછે તન જાયછે.

સંસારના વ્યવહારથી પરમાર્થ પૂરો સાધવો;
હરિચરણમાં ને પુણ્યમાં તો પ્રેમ પૂરો રાખવો,
સારાં નઠારાં કર્મ છેવટમાં સદૈવ સહાય છે,
જન જાણ યૌવન જાયછે ધન જાયછે તન જાયછે.
તજ કૂડકપટ કહું તને મદમોહ મેલી દે પરા,
કોરે કરી દે ક્રોધ મત્સર કામ કપટી આકરા;
સોનું સરસ મેલી વૃથા શું ધૂળ ધમવા ધાયછે?
જન જાણ યૌવન જાયછે ધન જાયછે તન જાયછે.
કરવું કશું જે હોય તે આજે કરી લે કોડથી,
તું હારમાં હીરો ચડયો છે હાથ તેને હોડથી;
જલ જાન્હવીનું જતું મેલી નરકમાં શું ન્હાયછે?
જન જાણ યૌવન જાયછે ધન જાયછે તન જાયછે.
ગુરુજન અને અતિથિ પ્રથમ પૂજા ઘટેછે પામવા,
છલ કપટથી ભરપૂર પાખંડો વિશેષે વામવા;
સત્સંગ શ્રેષ્ઠ ન હોય તો આ જન્મ ફોકટ જાયછે,
જન જાણ યૌવન જાયછે ધન જાયછે તન જાયછે.

फल ए पापतणां प्रमाणीए.

उपजाति.

વશમાં દિનરાત જાયછે, ક્ષણમાં યોગ-વિયોગ થાયછે;
બહુ નેત્ર ભરાય પાણિએ ફલ એ પાપતણાં પ્રમાણિએ.
ન વિવેક વિચાર સાંભરે, અતિ અંતઃકરણે બળ્યા કરે;
અપશબ્દ વદાય વાણિએ, ફલ એ પાપતણાં પ્રમાણિએ.
અતિ આધિ ઉપાધિઓ પડે, ન ગમે કાંઈ વિપત્તિઓવડે;
સુખ થાય ન કોઈ કા'ણિએ, ફલ એ પાપતણાં પ્રમાણિએ,
રમવું જમવું ગમે અહીં, વળિ વિદ્યા ભણવી ગમે નહીં;
બહુ કાશ પડે કમાણિએ, ફલ એ પાપતણાં પ્રમાણિએ.
મન ઇન્દ્રિય વસ્ય રે' નહીં, મમતા મોહ જરા તજે નહીં;
ઘરની ધચડાય ધાણિએ, ફલ એ પાપતણાં પ્રમાણિએ.

समजी जजे मन पापना फलरूप ए परिणामने.

हरिगीत.

પશુ-પક્ષીના અવતાર આવે એ વિષે પીડા અતિ,
પ્રતિદિવસ પણુ પરવશપણાથી પિંડની માંહી ગતિ;
ન કરી શકાય જરાય પણુ કલ્યાણુકારક કામને,
સમજી જજે મન પાપના ફલરૂપ એ પરિણામને.
બહુ જાત હોય જનાવરોની જંતુઓ ઝીણા બહુ,
ગણતાં ગણાય ન મુખવડે સંખ્યા વધારે શું કહુ ?
વિણમોતથી મરતાં ન પામે લેશ પણ વિશ્રામને,
સમજી જજે મન પાપના ફલરૂપ એ પરિણામને.
નિર્બળ બિચારાં પ્રાણિઓના પ્રાણ બલવાળાં હરે,
તે પાપરૂપ કુકર્મ કરતાં પેટ પોતાનાં ભરે;
જાણે નહીં જડ જન્મમાં અંતર રહેલા રામને,
સમજી જજે મન પાપના ફલરૂપ એ પરિણામને.
ભરવા પડે બહુ ભાર કે બહુ માર પણ પીઠે પડે,
નહિ પેટ પૂરાં ખાણ કે ખડકડબ ખાવાને જડે;
માનવ શરીર મળ્યાવિના ન રટાય રઘુપતિ રામને,
સમજી જજે મન પાપના ફલરૂપ એ પરિણામને.
માનવ થતાં પણ સર્વ સુખ એ જન્મમાં સરખું નથી,
લેવો પડે છે જન્મ તેમજ મરણ પણ મટતું નથી;
લાવી શકાય ન લેશ પણ સંભારવામાં શ્યામને,
સમજી જજે મન પાપના ફલરૂપ એ પરિણામને.
વળી ગર્ભવાસે વેદના અગણિત સહન કરવી પડે,
જન્મ્યા પછી બાલક અને પરવશપણે પીડા પડે;
ભૂખે રડાતું હોય ત્યાં સહુએ મળી દે ડામને,
સમજી જજે મન પાપના ફલરૂપ એ પરિણામને.
માબાપ પામે મરણ કાં પોષણ પરાયા હાથમાં,
સુખ લેશ પણ ન મળે કદિ સંસારના આ સાથમાં;
રોગે શરીર રિબાય કાંતો જાય ચરણે રામને,
સમજી જજે મન પાપના ફલરૂપ એ પરિણામને.

આયુષ્ય લાંબું હોય તો નબળી દશામાં ગાળવું,
સારૂં નઠારૂં જે મળે તેથી વળી મન વાળવું;
અંગે અપંગપણાવડે ન પમાય પલ આરામને,
સમજી જજે મન પાપના ફલરૂપ એ પરિણામને.
વિદ્યા ભણ્યાનું ફલ નહીં ધનનાવડા વાંધા પડે,
ધન હોય તો વિદ્યા વિવેક વધારતાં વિઘ્નો નડે;
જશ જગતમાં જામે નહીં ન તજાય પરધન-ધામને,
સમજી જજે મન પાપના ફલરૂપ એ પરિણામને.
આયુષ્ય રોતાં જાય ફોકટ થાય આ વારો વળી,
તેમાં ત્રિવિધના તાપથી તન-મન સદૈવ રહે બળી;
દેખી નયનથી દીનને ન અપાય દમડી દામને,
સમજી જજે મન પાપના ફલરૂપ એ પરિણામને.
માતા પિતા પુત્રો અને પત્નિ કુસંપ કર્યા કરે,
મન તોયપણ સંસારના સંબંધમાં લપટયા કરે;
કજિઆ અને કંકાસથી કરવું ગમે નહીં કામને,
સમજી જજે મન પાપના ફલરૂપ એ પરિણામને.
ભારે ભર્યા ભંડાર તે ભડકી જતાં ભાવે નહીં;
ઇશ્વરતણું શુભ ભજન કરવું હૃદયમાં આવે નહીં;
સમજ્યાછતાં ન રટાય પણ રઘુવંશદીપક રામને.
સમજી જજે મન પાપના ફલરૂપ એ પરિણામને.
આશા અને તૃષ્ણા તપાવે, તે થકી મનમાં બળે,
સંસારને સંબંધના કલેશે કરી ન પડે કળે;
મદ મોહ મત્સર લોભને ન તજાય કુત્સિત કામને,
સમજી જજે મન પાપના ફલરૂપ એ પરિણામને.
ક્રોધે અને વળિ કૂડકપટે કામ માઠાં થાય છે,
લલચાવનારા વિષયમાં ઇન્દ્રિય તણાતાં જાયછે;
ગુંથાઇ ગૃહની જાલમાં ચૂંથાય કેવલ ચામને,
સમજી જજે મન પાપના ફલરૂપ એ પરિણામને.
પરવશ પરાણે પેટ ભરવું સુખ ન લેશે સાંપડે,
ભાવે રજોગુણુ ને તમોગુણનાં નગારાં ગડગડે;

નહિ ધર્મ-કર્મે પ્રીતિ થાય પમાય યમના ધામને,
સમજી જજે મન પાપના ફલરૂપ એ પરિણામને.
ભૂલાય સઘળું ભાન ચિંતા થાય ચિત્તે ચૂકમાં,
આશા ન પૂરી થાય જીવન જાય તૂટી ટુંકમાં;
આધિ ઉપાધિ વ્યાધિથી ન રટાય નટવર નામને,
સમજી જજે મન પાપના ફલરૂપ એ પરિણામને,

મોંઘો માનવ જન્મ આ જગતમાં ખાંતે કરી કાં ખુવો.

શાર્દૂલવિક્રીડિત.

ખોટો ખેલ રચેલ આ અખિલનો માયાવડે માધવે,
આપી દેવ અનેક જન્મ સહુને હેતે રમાડે હવે;
માથે કાલ ફરે સદૈવ સહુને શાન્તિ કરી કાં સુવો ?
મોંઘો માનવ જન્મ આ જગતમાં ખાંતે કરી કાં ખુવો ?
કોનાં પુત્ર કલત્ર મિત્રમણીઓ સ્વાર્થે સગાં સર્વ છે,
કોનાં ધામ ધરા અને ધન? ઘણો શા કારણે ગર્વ છે ?
ઉંઘોછો અભિમાનમાં જન અરે જાગી જરા તો જુવો,
મોંઘો માનવ જન્મ આ જગતમાં ખાંતે કરી કાં ખુવો ?
ખોયું બાલપણું જુવાનિ પણ તે જાણો વહી જાયછે,
ભોગોમાં વિષયોવિષે તરુણિમાં પ્રીતિ પરોવાયછે;
સૂંઘો તો સમજાય અત્તર હશે કે કાચલીનો ચુવો,
મોંઘો માનવ જન્મ આ જગતમાં ખાંતે કરી કાં ખુવો ?
આવા ઉત્તમ જન્મમાં અવતરી કર્તવ્ય કોરે કરી,
પીડા પિંડવિષે કરે પ્રતિદિને તે કામને આદરી;
કાળા કાદવમાં પડેલ પગને કાં કીચડેથી ધુવો ?
મોંઘો માનવ જન્મ આ જગતમાં ખાંતે કરી કાં ખુવો ?
રાજી રોજ રહો તમે હૃદયમાં વ્યાપારને વિત્તથી,
જૂઠી જાન જુવો તથાપિ સમજો સાચી સદા ચિત્તથી;
હર્ષે હર્ષ કરો વિપત્તિવખતે નાંખી નિશાસા રૂવો,
મોંઘો માનવ જન્મ આ જગતમાં ખાંતે કરી કાં ખુવો ?

નીતિ તો ન ગમે કદી પ્રભુપદે પ્રીતિ નથી રાખતા,
શાસ્ત્રોના ઉપદેશના શ્રવણનો સ્વાદે નથી ચાખતા;
શોધો દીપકને લઈ કરવિષે શા કારણે રે કુવો ?
મોંઘો માનવ જન્મ આ જગતમાં ખાંતે કરી કાં ખુવો ?
રાચો શું રતિરંગની રજવિષે ખાંતે બનીને ખર,
પુત્રોના પ્રિયમિત્રના પ્રિયતમાના નિત્યના નોકર;
જાશે સર્વ બધું રહી મનવિષે જો દેહ મોતે મુવો,
મોંઘો માનવ જન્મ આ જગતમાં ખાંતે કરી કાં ખુવો ?
જન્મીને જન જાતિમાં પ્રથમથી હું કોણ તે વીસર્યા;
મોહે ને મદ-મત્સરાદિકવડે આડે પંથે ઉતર્યા;
પેખો જે પ્રિયપુત્ર ને પ્રિયતમા ભાવે બનાવે ભુવો,
મોંઘો માનવ જન્મ આ જગતમાં ખાંતે કદી કાં ખુવો ?
લેવા સદ્‌ગુણ સર્વ દુર્ગુણ તજી દેવા વિવેકે કરી,
રોકી સર્વ વિકારરૂપ સઘળા વૈરી વિરાગે કરી;
આ સંસારતણાં પડે ન ખમવાં દુઃખો કશાં દેહથી,
કલેશ રહે નહીં સુખ થતાં તો જન્મ મિથ્યા નથી.

सुख छे नहि संसारमां शाने वृथा चिंता करो.

हरिगीत.

જનનીથકી જન્મ્યા પછી મરવા સુધીમાં માનવી,
સંચિતવડે જે સાંપડે તે દૈવની ગતિ માનવી;
હારી ગયે મળવો કઠણ છે પુણ્યનો પંથ પાધરો,
સુખ છે નહીં સંસારમાં શાને વૃથા ચિંતા કરો ?
સુખ હોય જો સંસારમાં તો કેમ સત્પુરુષો તજે ?
સુખ સત્ય જો સંસારનું તો કેમ ઇશ્વિરને ભજે ?
ઘરના ધણી સરખા અને સરખા સદા છે ચાકરો,
સુખ છે નહીં સંસારમાં શાને વૃથા ચિંતા કરો ?
લક્ષ્મીતણો આવાસ એવી રાજગાદીને તજી,
ભાવે થકી ભિક્ષુક થઈ ભાગી ગયા કાં ભરતજી ?

બહુ આધિ વ્યાધિ ઉપાધિનો તો તાપ લાગે આકરો,
સુખ છે નહીં સંસારમાં શાને વૃથા ચિંતા કરો ?
લાખો પ્રયત્ન કર્યા છતાં નહિ રાજ્યમાં પાછા ફર્યા,
ગુણધામ ગોપીચંદ જેવા રાજ્ય મેલી સંચર્યા;
ગાદી અને તકિયા તજી કાં સરસ લાગ્યો સાથરો ?
સુખ છે નહીં સંસારમાં શાને વૃથા ચિંતા કરો ?
મુનિવર મહાયોગીશ પણ સંસારથી છેટે ફરે,
જાણે રખે વળગી જશે એવીજ રીતિથી ડરે;
પ્રતિદિવસ દેખે દૃષ્ટિથી તે દુ:ખરૂપ ખરેખરો,
સુખ છે નહીં સંસારમાં શાને વૃથા ચિંતા કરો ?
ભારે ભલા વૈભવ તણા ભોગીજ માંધાતા સમા,
જેને જરા ખોંખારતાં બહુ વાર થાય ખમા ખમા;
પરદુ:ખભંજનનો ખરેખર ખુબ કાઢયો ખાખરો,
સુખ છે નહીં સંસારમાં શાને વૃથા ચિંતા કરો ?
સંસારની ઘટમાળ નિત્ય ભરાય ને ઠલવાય છે,
જન્મે જગતમાં જેટલાં તે મોતને વશ થાયછે;
આવે ન કામ કદાપિ જે પ્રેમે પથારી પાથરો;
સુખ છે નહીં સંસારમાં શાને વૃથા ચિંતા કરો ?
ક્ષણમાં જનાર શરીર છે પળની ખબર પડતી નથી,
એ વાતમાં તો રંકની કે રાયની ગણતી નથી;
સંસારના સંબંધમાં બળિઆતણો ન રહે બરો,
સુખ છે નહીં સંસારમાં શાને વૃથા ચિંતા કરો ?
મન મત્ત હાથી બાંધવો શમ-દમતણી સાંકળવડે,
બંધાય જો નહીં તો પછી આડેધડે તે આથડે;
તે બાંધવામાં મુખ્ય છે સત્સંગનો શુભ આશરો,
સુખ છે નહીં સંસારમાં શાને વૃથા ચિંતા કરો.
આ ઇન્દ્રિઓ છે અશ્વ ને રથ આ શરીર વિચિત્ર છે,
મન સારથિ ને જીવ તેમાં બેસનાર પવિત્ર છે;
જો સારથિ વશ હોય તો રથ ચાલવાનો પાંશરો,
સુખ છે નહીં સંસારમાં શાને વૃથા ચિંતા કરો ?

રોગી અને ભોગી ભવે ભાળ્યા ભટકતા ભૂખથી,
દીઠા ઘણા દુખિઆ દબાતા દેહનાં બહુ દુઃખથી;
અથડાઇને થાકી ગયે નહિ કાંઈ આવે આશરો,
સુખ છે નહી સંસારમાં શાને વૃથા ચિંતા કરો ?
સંબંધ સાચો છે નહીં સૌ સ્વાર્થને આધીન છે,
માતા પિતા ભ્રાતા પ્રિયા પુત્રો સહુ તલ્લીન છે;
જો સ્વાર્થ હોય નહીં કદી કાઢી લહે તો કાંકરો,
સુખ છે નહીં સંસારમાં શાને વૃથા ચિંતા કરો ?
કલ્યાણકારક કામ તે કલ્યાણકાજે આદરો,
દિલમાં દયા રાખી ખરી પરદુઃખ પ્રેમેથી હરો;
સંસારમાં લપટાવનારાં દુષ્ટ દુર્ગુણથી ડરો,
સુખ છે નહીં સંસારમાં શાને વૃથા ચિંતા કરો ?
વાણી અને મન નિત્ય નિર્મલ શુદ્ધ ભાવે રાખવા,
સદ્‌ગુણ અને શુભ સંપથી સંબંધીને સુખ આપવા;
આશા અને તૃષ્ણા અને ઈર્ષ્યા વળી અળગી કરો,
સુખ છે નહીં સંસારમાં શાને વૃથા ચિંતા કરો ?
પરનાં ધરા ધન ધામમાં પ્રીતિ કદી કરિએ નહીં,
દુર્જન અને સજ્જન હસે તેવું કદી વદિએ નહીં;
તન-મન અને ધન હોય તો શુભ રીત રાખી વાવરો,
સુખ છે નહીં સંસારમાં શાને વૃથા ચિંતા કરો ?
આવી પડે શિરપર વિપત્તિ તોય પણ ડરવું નહીં;
કારણવિના મૃત્યુ બને તેવું કંઇ કરવું નહીં;
નિજધર્મની શુભ ધોંસરી હિમ્મતવડે કાંઈ ધરો;
સુખ છે નહીં સંસારમાં શાને વૃથા ચિંતા કરો ?
મમતા મટાડી મોહની સંતોષ સારો રાખવો,
સંસારમાં રે'તાં છતાં વૈરાગ્યનો રસ ચાખવો;
શુભભાવથી હરિને ભજી સંસારનો સાગર તરો,
સુખ છે નહીં સંસારમાં શાને વૃથા ચિંતા કરો ?

શાને વૃથા શોક કરો સદાય?

ઉપજાતિ.

હું કાલના યોગથિ એમ માનું, ભાવી હશે તેમ થયું થવાનું;
ટાળ્યું ન તે કોઇથિકી ટળાય, શાને વૃથા શોક કરો સદાય?
નાનાં અને તેમજ સર્વ મોટાં, તે કાલની આગળ સર્વ ખોટાં;
જે જન્મ લે તે નકિ નાશ થાય, શાને વૃથા શોક કરો સદાય?
છે નામ ને રૂપતણોજ નાશ, શું અંતરે એનિ પમાય આશ;
ન ફેરવ્યું ફેરવી એ શકાય, શાને વૃથા શોક કરો સદાય?
શરીર છે બુદ્બુદની સમાન, ગયા પછીનું ન રહે નિશાન;
આવ્યાં ગયાં તે ન ગણી શકાય, શાને વૃથા શોક કરો સદાય?
ઓવાળની માફક સૌ મળેલાં, મા, બા, પછી એમ સગાં ઠરેલાં;
વિચાર ને શાસ્ત્રવડે જણાય, શાને વૃથા શોક કરો સદાય?
સગાં રહે સર્વ સદૈવ સાથે, વિપત્તિઓ આવિ પડે ન માથે;
સંસાર મિથ્યા ન પછી જણાય, શાને વૃથા શોક કરો સદાય?
પ્રારબ્ધને આધીન સર્વ રે'છે, વિવેકિઓ એમ સદા વદે છે;
ફૂટે ઘડો પાપથકી ભરાય, શાને વૃથા શોક કરો સદાય?
ચાલો સદાચારવિષે વિચારી, પ્રપંચ સંસારતણો વિસારી;
કર્યું કરે આ ભવ ભોગવાય, શાને વૃથા શોક કરો સદાય?
વિવેકથી અંતરમાં વિચારો, શરીરના સર્વ વિકાર મારો;
ખોટું ખરૂં ખાંતથિ પરખાય, ત્યારે વૃથા શોક સદા સમાય.

સુખ સંસારવિષે કશું નથી.

વૈતાલીય.

અજરામર કોઈ છે નહીં, અહિઆં કે પરલોકમાં કહીં;
નકિ નિશ્ચય એજ વાતથી, સુખ સંસારવિષે કશું નથી.
જનમ્યા જન સર્વ જાયછે, ક્ષણમાં યોગ–વિયોગ થાયછે;
ખમવું બહુ દુઃખ દેહથી, સુખ સંસારવિષે કશું નથી.
ઘરબાર બધાં ચણ્યાં રહે, તરૂણી ને તન તે પડયાં રહે;
અવલોકન થાય આંખથી, સુખ સંસારવિષે કશું નથી.
નરનાથ અને અનાથને, નહિ નિશ્ચિંત ગણાય સાથને;

દુખિઆ દિન-રાત દુ:ખથી, સુખ સંસારવિષે કશું નથી.
ધરતી ધન ને હવેલિને, મરવું મિત્ર ધરાર મેલીને;
મનમાંહિ જુવો મથી મથી, સુખ સંસારવિષે કશું નથી.
અતિ આધિ અને ઉપાધિઓ, વળગે તેમ વિશેષ વ્યાધિઓ;
તન જાય તવાઇ તાપથી, સુખ સંસારવિષે કશું નથી.
ભગિની ફૂઈ ભાઇ ભામિની, કંઇ એની ન સગાઇ કામની;
વળગે સહુ આપસ્વાર્થથી, સુખ સંસારવિષે કશું નથી.
દુખિઆ બહુ લોક દીન છે, ધન ને પુત્ર કલત્રહીન છે;
કરિ કાય અનેક કાશથી, સુખ સંસારવિષે કશું નથી.
કરવું કંઇ તે બધું વૃથા, અભિલાષા અતિ અંતરે તથા;
પણ તે ન પમાય પાપથી, સુખ સંસારવિષે કશું નથી.
પલ પાછિ ગઇ મળે નહીં, વય વીત્યું પણ તે વળે નહીં;
ડરવું મરવું નિમિત્તથી, સુખ સંસારવિષે કશું નથી.
સહુ બાલક ને જુવાનિઆ, વળિ વૃધ્ધો સઘળા વહ્યા રહ્યા;
યમના પકડાઈ પાશથી, સુખ સંસારવિષે કશું નથી.
સુખ સર્વવિષે જણાયછે, સુખ સંભોગવિષે ગણાય છે;
મનમાંહિ સદૈવ મૂર્ખથી, સુખ સંસારવિષે કશું નથી.
નહિ ગામગરાસ આપણાં; સહુએ સંકટરૂપ તાપણાં;
વ્યવહારતણી કુરીતિથી, સુખ સંસારવિષે કશું નથી.
સહુ સદ્‌ગુણ નિત્ય સંઘરો, અતિ અંતઃકરણે દયા ધરો;
ન વળે કંઇએ વિલાસથી, સુખ સંસારવિષે કશું નથી.
સુખસાધન શ્રેષ્ઠ પામવા, વિષયો વૃશ્ચિકરૂપ માનવા;
શુભ સદ્‌ગુણને વિવેકથી, સુખ સંસારવિષે કશું નથી.

समज्याविना शाणा करो शुं शोक ठालो अंतरे ?

हरिगीत.

સાચી સગાઈ ન કોઇની સંસાર સ્વપ્નારૂપ છે,
સુખ માનિએ તો સુખ નહિં તો નિત્ય તે દુખરૂપ છે;
જન્મે જગતમાં પ્રાણિઓ તે મોત આવ્યેથી મરે,
સમજ્યાવિના શાણા કરો શું શોક ઠાલો અંતરે ?

પાણી તણા જે પૂરમાં એવાળ ભેળો થાય છે,
સાથે રહે જૂદો પડે એમજ તણાતો જાય છે;
સંસારની રીતિ ફરે નહિ લેશ પણ કલ્પાન્તરે,
સમજ્યાવિના શાણા કરો શું શોક ઠાલો અંતરે ?
ધાર્યું ન સરખું ઉતરે ભાવી હશે તેવું થશે,
રહેવું હશે તે રહિજશે જાવું હશે તેતો જશે;
હિમ્મતવિનાનું હોય તે એ વાતથી બ્હીતું ફરે,
સમજ્યાવિના શાણા કરો શું શોક ઠાલો અંતરે ?
સંબંધ જેનો જેટલો સહવાસ રે'છે તેટલો,
આગળથકી સમજણ નથી પડતી હશે તે કેટલો ?
સંસારને માથે અહર્નિશ કાલચક્ર ફર્યાં કરે,
સમજ્યાવિના શાણા કરો શું શોક ઠાલો અંતરે ?
જીવ્યું સફલ કરવા સદા ઉદ્યમ કરો સંસારમાં,
કલ્યાણનાં સાધન બધાં શોધી લહો પલવારમાં;
ગુણવાન લોકો તો સદા સારા વિચાર કર્યાં કરે,
સમજ્યાવિના શાણા કરો શું શોક ઠાલો અંતરે ?
ચિંતા નકામી ચિત્તથી ચતુરાઇથી મેલી દઇ,
પરમેશને ભાવે ભજો તન મનવડે નિર્મલ થઇ;
ચાલો સદા શુભમાર્ગમાં ઇશ્વર ગમે તેવું કરે,
સમજ્યાવિના શાણા કરો શું શોક ઠાલો અંતરે ?
સારૂં કર્યે સારૂં નઠારેથી નઠારૂં થાય છે,
વાવ્યા પ્રમાણે પાકની પેદાશ પણ લેવાય છે;
મન મૂર્ખ જન જે હોય તેને નીર નયનેથી ખરે,
સમજ્યાવિના શાણા કરો શું શોક ઠાલો અંતરે ?
સંતોષ ને શાન્તિવિષે સુખ સર્વ આવી જાય છે,
પીડા અને પંચાત ને વળિ પાપ નાસી જાય છે;
મન જોડવું **કેશવ** પ્રભુમાં કામ તે રસ્તે સરે,
સમજ્યાવિના શાણા કરો શું શોક ઠાલો અંતરે ?

संसारनो सागर तरी जावा उपाय करे करो.

हरिगीत.

મદ મોહ મત્સર કામ ક્રોધ વિશેષ લોભ છ વૈરિઓ
કરવા પરાભવ તેમણે આ દેહનો ગઢ ઘેરિઓ;
શમ–દમ સુભટને સાથ રાખી તરત તેનું બલ હરો,
સંસારનો સાગર તરી જાવા ઉપાય કરે કરો,
આશા નથી પલ એકની ક્ષણમાં જનાર શરીર છે,
પલ પણ મરણને ખેસવે કો' કોણ એવો વીર છે?
આવ્યો સમય સુખ આપનારો મોહથી નહિ વીસરો,
સંસારનો સાગર તરી જાવા ઉપાય કર્યા કરો.
નાનાપ્રકારતણા વિષય લલચાવનાર ઘણાયછે,
સંઘાત સર્વે ઇન્દ્રિઓનો તેવિષે ભરમાય છે;
તે ઇન્દ્રિઓને વિષયથી ખેંચી લઈ મન વશ કરો,
સંસારનો સાગર તરી જાવા સદા ઉદ્યમ કરો.
નહિ દંભ કે નહિ દર્પ કે અભિમાન નહિ રાખો જરા,
નિર્દયપણું નિષ્ઠુરપણું એ સર્વ દોષ કરો પરા;
મન–વચન ને કાયાવડે દુખ આપતાં દા'ડી ડરો,
સંસારનો સાગર તરી જાવા પ્રયત્ન કર્યા કરો.
સંસારના સર્વે પ્રપંચો ગણો કેવલ નામના,
શાને વૃથા નિશદિન કરોછો કલેશકારક કામના?
આવે ન કામ કશાં વસ્યાં ધનધામ એ નિશ્ચય ખરો,
સંસારનો સાગર તરી જાવા પ્રયત્ન કરે કરો.
અજ્ઞાનનું અંધત્વ ટાળો જ્ઞાનરૂપી ચક્ષુથી,
નિજ ધર્મનો શુભ મર્મ સમજો માનવી સહુ મનનથી;
શુભશીલનો ચિન્તામણી ચોંપે ચતુર નર સંઘરો,
સંસારનો સાગર તરી જાવા ઉપાય કર્યા કરો.
નિંદા નકામી કોઈની કરવી ઘટે નહિ આપણે,
શું આપણો કો'ને કર્યો અપરાધ એવો બાપડે;
ભૂલી સફલ શુભ આમ્રને ખોળ્યા ફરો શું ખાખરો?
સંસારનો સાગર તરી જાવા ઉપાય કર્યા કરો.

ઇશ્વિરકૃપાથી છો તમેં મતિમાન માનવ જાતિમાં,
તેમજ તેમોને છે બધી સમજણ સરસ સહુ વાતમાં;
સહુ સકલ વિદ્યાભ્યાસ શાસ્ત્રવિચારમાં બુદ્ધિ ધરો,
સંસારનો સાગર તરી જવા પ્રયત્ન કર્યા કરો.

આ સંસાર અસારમાં અવતરી શું સાર લીધો તમે?

શાર્દૂલવિક્રીડિત.

ખોયું બાલપણું પરાધિનપણે ખાતાંપિતાં ખેલમાં,
ગુથાયા દિનરાત યૌવનવિષે ગોરીતણા ગેલમાં;
ભારે ભોગવિલાસની મનવિષે વાતો વિશેષે ગમે,
આ સંસાર અસારમાં અવતરી શું સાર લીધો તમેં ?
મારાં પુત્ર કલત્ર મિત્રમણિઓ માની સુખે માણુતા,
જુઠો વૈભવ જે ચડે નજરમાં તેને ખરો જાણુતા;
રાગ-દ્વેષ કલત્ર-પુત્ર કરતાં તૃષ્ણા ન લેશે શમે,
આ સંસાર અસારમાં અવતરી શું સાર લીધો તમેં ?
માયાથી મમતા વડે તરુણીના રાચ્યાં રતિરંગમાં;
વિદ્યા શક્તિ વિચાર આમ વિસર્યાં શામાતણા સંગમાં;
અંધાપે અભિમાનને નજર તો નીચી ન લેશે નમે,
આ સંસાર અસારમાં અવતરી શું સાર લીધો તમેં ?
આધિવ્યાધિવિષે તવાય તન તો માતાપિતા સાંભરે,
આવે અંગવિષે ઉપાધિ અદકી તો નીર આંખે ખરે;
સ્વાર્થે સર્વ અનર્થ રોજ કરવાની વાત ચિત્તે રમે,
આ સંસાર અસારમાં અવતરી શું સાર લીધો તમેં ?
ક્રામક્રોધવડે કટાય સઘળાનાં કાળજાં શું કહું ?
લોભે લાલચ લાગતાં ધન થવાને બાથ ભીડો બહુ;
મોહે ને મદ મત્સરે મન તમારાં ધૂળ ઢાલી ધમે,
આ સંસાર અસારમાં અવતરી શું સાર લીધો તમેં ?
શાસ્ત્રોના ઉપદેશ લેશ શ્રવણે સાચા નથી સાંભળ્યા,

ભૂતપ્રાણિતણું ભમાઇ ભવમાં ભુંડું કર્યામાં ભજ્યા;
આપ્તોનાં ચરણે ન મસ્તક તમારૂં નેહ લાવી નમે,
આ સંસાર અસારમાં અવતરી શું સાર લીધો તમે ?
ક્યાં છે ઇશ્વિર કોણ હું કુલ કયું ક્યાં છે જવું આખરે.
સંભારાય ન સ્વપ્નમાં પણ અને સુતાં સુધી સાથરે;
આવે અંતક તેડવા તરત તો શું થાય તેવે સમે,
આ સંસાર અસારમાં અવતરી શું સાર લીધો તમે ?
સાચો પ્રેમ નહીં સદાચરણમાં ત્યાં ધર્મનું શું કહું ?
અંતે અંતરમાં વિચાર કરતાં સંતાપ પામો સહુ;
વૃદ્ધત્વે ન કરાય કામ કરથી આ દેહ દુઃખે દમે,
આ સંસાર અસારમાં અવતરી શું સાર લીધો તમે ?

व्हालानो वशमो वियोग पडतां शुं शोक ठालो करे ?

शार्दूलविक्रीडित.

કોનાં ધામ ધરા અને ધનવળી સંબંધ શું સત્ય છે ?
ભૂતપ્રાણિ સમગ્ર આ જગતનાં તે ક્યાં કહો નિત્ય છે ?
જન્મ્યું જે જનનીથકી જગતમાં તે અંત આવ્યે મરે,
વ્હાલાનો વશમો વિયોગ પડતાં શું શોક ઠાલો કરે ?
સાયંકાલવિષે નિવાસ કરવા ખંતે જતાં પંખિઓ,
છાયાળા શુભવૃક્ષમાં સહજમાં સંયોગ તેનો થયો;
તે રીતે સહુનો સમાગમ સદા સંસારમાંહિ ઠરે,
વ્હાલાનો વશમો વિયોગ પડતાં શું શોક ઠાલો કરે ?
પંથીલોક પવિત્ર સર્વ દિશના વિશ્રામ લેવા મિશે,
આવી વાસ કરે અચાનક સુખાળી ધર્મશાલાવિષે;
તેવો છે સહુનો સમાગમ અને સંબંધ અંતે અરે,
વ્હાલાનો વશમો વિયોગ પડતાં શું શોક ઠાલો કરે ?
પ્રાતઃકાલ થતાં સમાગમ કશો રે'તો નથી તેમનો,
પોતાની દિશમાં પળે પલવિષે વિશ્વાસ શો એમનો ?
જાવું છે સહુનો સમાગમ તજી એ રીતથી આખરે,
વ્હાલાનો વશમો વિયોગ પડતાં શું શોક ઠાલો કરે ?

લ્હેણાદેવી લલાટમાં પ્રથમથી જેવી લખાણી હશે,
જે રીતે અથવા અરે કરમમાં રેખા રખાણી હશે;
એ રીતે સુખ-દુઃખ સર્વ જનને છે કર્મને આશરે,
વ્હાલાનો વશમો વિયોગ પડતાં શું શોક ઠાલો કરે ?
પાણીના પુરમાં પ્રવાહવચમાં વેગે તણાવો જતો,
તે ઓવાળ વીંખાય કે પલવિષે કાંઠે થતો એકઠો;
સંબંધી સઘળાં બધાં વિવિધ તે એ રીતથી વીખરે,
વ્હાલાનો વશમો વિયોગ પડતાં શું શોક ઠાલો કરે ?
કોનાં ધામ ધરા અને ધન કહો મેલી જવું એકલું,
આવે અન્તક તો અચાનક કહો ત્યાં કોણ થાશે ભલું ?
જોતાં સર્વ સમાજ એકનજરે સુવું પડે સાથરે,
વ્હાલાનો વશમો વિયોગ પડતાં શું શોક ઠાલો કરે ?
માતા તાત અને સહોદર સગાં જે સર્વ સંબંધિઓ,
સાસુ ને સસરા જમાઈ સહુનો સંબંધ શાથી થયો ?
પોતાના સુખકાજ સ્વાર્થમય છે સંસાર આખો ખરે,
વ્હાલાનો વશમો વિયોગ પડતાં શું શોક ઠાલો કરે ?
જન્મે જાય મરી જનો નજરથી જોયા બધા આપણે,
સંબંધે સુખદુઃખના સમયમાં પાણી ભર્યાં પાંપણે;
રોતાં રાંક થતાં અને રખડતાં શું સ્વાર્થ લેશે સરે,
વ્હાલાનો વશમો વિયોગ પડતાં શું શોક ઠાલો કરે ?
ભાવેથી ભગવાનને ભજો ભલા દુઃખો બધાં ભાંગવા,
રાખીને મનમાં વિવેક સઘળો આનંદને પામવા;
મેલી દે મમતા વિચાર કર તું શાને નિસાસા ભરે ?
વ્હાલાનો વશમો વિયોગ પડતાં શું શોક ઠાલો કરે ?
થાવાનું મટતું નથી મનવિષે એવો કરી નિશ્ચય,
આધિ વ્યાધિ ઉપાધિનો વિનયથી અંતે પમાડી લય,
જોડી દે જગદીશમાં મન સદા તેથી સુખે તું તરે,
વ્હાલાનો વશમો વિયોગ પડતાં શું શોક ઠાલો કરે ?

प्राणने प्रयाण माटे सूचना.

शार्दूलविक्रीडित.

પ્યારા પ્રાણુ કરો પ્રયાણુ પલમાં આશા તજો અંગની,
રાખોમાં લવ લાલસા મનવિષે સંસારના રંગની;
દૈવાધીન દયાવિષે વિચરતાં જે ભોગવ્યું આ ભવે,
તે માની સુખરૂપ સજ્જન જનો સંતોષને મેળવે.
આ જંજાલવિષે વિનોદ કરવો તેમાં કહો સાર શો ?
હૈયે હાશ કરી રહ્યા ધર કરી તો તો હવે હારશો;
ઠાલુ શું ભવમાં ભમી ભટકવું ભારે ખમીને ભય ?
અંતે આખર આવતાં અખિલનો છે લાખવાતે લય;
જોયા જન્મ ધરી અરે જગતમાં જે જીવતાં માણુતા,
સંસાર વ્હવહારનાં સુખ થવા જે સીંદરાં તાણુતા;
તેનાથી સુખમાં વસે જન બધા જે સ્વર્ગમાં સંચર્યા,
કાં તો આ અવનિવિષે વિષયમાં વૈરાગ્યથી વીચર્યા.
જો આયુષ્ય વિશેષ હોય તમને તો તે નથી કામનું,
તેનું કારણુ એજ સેવન નથી થાતું કશું રામનું;
રાચોમાં રતિરંગ ભાગ સુખમાં તે દુઃખનું ઠામ છે,
સાચું તો સુખરૂપ આ અખિલના આધારનું ધામ છે.

अरररर साव असार आ संसारमां सुख शुं हशे ?

हरिगीत.

જનજાતિમાં જન્માય પણુ પિંડે ઘણી પીડા પડે,
બાલકપણે પરવશપણું યૌવનવિષે યુવતી નડે;
જાતે દિને જબરી જરામાં આ શરીર જળી જશે,
અરરરર સાવ અસાર આ સંસારમાં સુખ શું હશે ?
દિનરાત પડતાં દુઃખથી નિશ્વાસ ઉંઅ નાંખિએ,

સાવધ છતાં સંકોચથી સંતાપ સઘળા સાંખિએ;
સંબંધ સઘળો બંધમાં આખર ખરેખર નાંખશે,
અરરરર સાવ અસાર આ સંસારમાં સુખ શું હશે ?
વિદ્વાન દક્ષિણવર્ગ જે વિખ્યાત વિનયનિધાન છે,
ભમતા ફરે ભવસાગરે તેને કહો કયાં ભાન છે ?
પાશેરના પણ પેટ માટે કપટ કૂડાં ઝટ થશે,
અરરરર સાવ અસાર આ સંસારમાં સુખ શું હશે ?
રોગે શરીર રિબાય કાંતો જાય યમને બારણે,
ચરચર બળે છે ચિત્તમાં કંકાસ કરતાં કારણે;
આધિ ઉપાધિ વ્યાધિથી જંગલવિષે જઇને વસે,
અરરરર સાવ અસાર આ સંસારમાં સુખ શું હશે ?
રોતાં રખડતાં દિવસ પુત્ર-કલત્ર કરતાં જાય છે,
ધન-ધામનો ધોખો કરીને અશુભ કામ કરાય છે;
આવી જતાં સંકટ સમય નિજ મોત મુખથી માગશે,
અરરરર સાવ અસાર આ સંસારમાં સુખ શું હશે ?
ધાર્યું ન મનનું થાય જીવન જાય ટૂટી ટેકમાં,
પોતે કરેલાં કર્મથી અથડાયછે અવિવેકમાં;
મન-ઇન્દ્રિઓ વલખ્યા કરે પણ નિયમથી ન રહે વશે,
અરરરર સાવ અસાર આ સંસારમાં સુખ શું હશે ?
જે વિષયરસ અમૃત ગણ્યો તે ઝેર જેવો થાય છે,
ચૂંથી નકામાં ચામડાં નર ધૂળ લેવા ધાયછે;
નાંખી નજર પ્હોંચે નહીં અંતે અરેરે શું થશે ?
અરરરર સાવ અસાર આ સંસારમાં સુખ શું હશે ?
રાજાધિરાજા રાંક લોક અને વડા વેરાગીઓ,
ભિક્ષુક અભાગી દીન ને ભોગી વિયોગી રોગિઓ;
કરતા બિચારા શોક મેલી પોક માથું કૂટશે.
અરરરર સાવ અસાર આ સંસારમાં સુખ શું હશે ?
કરવી મજુરી મોતથી વશમી પરાણે કોકની,
એવી દશા લાલચવડે દેખાય લાખો લોકની;
જમદૂત જયારે આવશે તેના ભયે કયાં ભાગશે ?

અરરર સાવ અસાર આ સંસારમાં સુખ શું હશે ?
તનમન બળેછે ત્રિવિધ તાપે શોક હર્ષ થયા કરે.
સંસારનો વ્યવહાર કરતાં વગરમોતવડે મરે;
નિજ કર્મને આધીન સંકટ આવશે તે સાંખશે,
અરરરર સાવ અસાર આ સંસારમાં સુખ શું હશે ?
કપટી કઠણુ છે કાલ કાઢી લે બધાંનાં કાળજાં.
હું કોણુ ને આ શું કરૂં છું તે નથી સંભાળ જ્યાં;
ક્રોધે અને લોભે કરાયાં કામ અપયશ આપશે,
અરરરર સાવ અસાર આ સંસારમાં સુખ શું હશે ?
મદ મોહ મત્સરનો અરેરે માર પણુ છે આકરો,
એના અરે આ વિશ્વમાં છે ચતુરનર પણુ ચાકરો;
આશા અને તૃષ્ણાવડે દોડે દબાઇ દસ દિશે,
અરરરર સાવ અસાર આ સંસારમાં સુખ શું હશે ?
ઉડી જશે આ પ્રાણુપોપટ હાડપિંજરમાંહિથી,
સંબંધ ને સુખ તૂટશે અન્તે અરેરે આંહિથી;
ધન ધામ ધરતી પુત્ર મિત્ર કલત્ર હાય રહી જશે,
અરરરર સાવ અસાર આ સંસારમાં સુખ શું હશે ?
મારે પરસ્પર એક બીજા સ્વાર્થકાજે ક્રોધથી,
આવે સદૈવ વિરાગ મનમાં વિવિધ દુષ્ટ વિરોધથી;
આનંદની પણુ વાત ઝાળ સમાન અંગે લાગશે.
અરરરર સાવ અસાર આ સંસારમાં સુખ શું હશે ?
જલજન્તુ કે પશુ-પક્ષિના અવતાર આવે છે બહુ,
ભય શોક મોહ વડે સદા સંકટ સહે સમયે સહુ;
બલવાન દુર્બલને દમે મરવું અરે ખોટે મશે,
અરરરર સાવ અસાર આ સંસારમાં સુખ શું હશે ?
આવાગમનમાં દુઃખ અગણિત તે બધાં ખમવાં પડે;
કરથી કરેલાં પાપથી નર નરકમાં પોતે પડે;
ધન જન સહાય ન થાય જ્યારે ફંદમાં આવી ફસે,
અરરરર સાવ અસાર આ સંસારમાં સુખ શું હશે ?
દિનરાત સાંજસ્હવાર પલપલ દુઃખરૂપ જણાયછે,

ઉંડે કુવે પડનારના જેવી દશા દેખાય છે;
ખાવો ખરે ખોટો અરે આ માર જમ જે મારશે,
અરરરર સાવ અસાર આ સંસારમાં સુખ શું હશે ?
સારૂં કરાય ન કામ રામ ભજાય નહિ ભાવે કરી,
ભવજલતણા મોજાવડે ભૂલાય ભાન અને હરિ;
પ્રેમે સુપંથ પળાવનાર મળે ન નર ખોટે મશે,
અરરરર સાવ અસાર આ સંસારમાં સુખ શું હશે ?
વર્ણાશ્રમોના ધર્મ કર્મ સદાચરણ નહિ સાંભરે,
બાલ્યા યુવાવૃદ્ધા અવસ્થા તેમ વય વીત્યા કરે;
સદ્‌ગુણભરેલા સંતને સંસાર સારી નાંખશે,
અરરરર સાવ અસાર આ સંસારમાં સુખ શું હશે ?
લુચ્ચાઈ ભાંડ ભવાઈ ને દોંગાઈ ચારે કેર છે,
જૂઠાઈ ને જબરાઇનો ચોમેર શોર બકોર છે;
બલ બુદ્ધિ જાય દબાઈ રાઈ સુકાઈ સર્વેની જશે,
અરરરર સાવ અસાર આ સંસારમાં સુખ શું હશે ?
આ પુણ્યના પુંજે મળેલા દેહની આશા નહીં,
પલની ખબર પડતી નથી મુંઝાય છે મોટા અહીં;
આ કાળની અકલિત કલાથી બાલવૃદ્ધ વહી જશે,
અરરરર સાવ અસાર આ સંસારમાં શું હશે ?

બોધ.

હરિગીત.

ભ્રમતા ફરોમાં ભૂલમાં ભોળાજનો ભેળા થઇ,
ટકટક કરો શા કારણે મળશે ન જે વેળા ગઈ;
કેવલ નકામાં કામમાં આયુષ્ય વીતી જાયછે,
શમદમતણા સાધનવિના આ જન્મ મિથ્યા થાયછે;
વદવું વધારે શું હવે સમજુ તમે સહુ વાતમાં,
લાખો ઉપાયે લક્ષ આપી ભાત પાડો જાતમાં
લક્ષ્મીરમણનું નામ લેતાં લાજ શાને લાવિએ,
હરિભક્તિને શુભ યુક્તિથી નિજ બુદ્ધિને શોભાવિએ;

રીએ બધાને વ્યાધિ આધિ ઉપાધિઓ અતિ અંગમાં,
રાતે પ્રભાતે દુ:ખથી ક્ષણ જાયછે દુ:સંગમાં;
મરવાથકી ડરતા નથી ગુંચી રહી ઘરબારમાં,
નાના અને મોટા બધા ફરતા ફરે સંસારમાં.
પ્રતિદિવસ એવી વેદનાથી નિત્ય રે'વું વેગળે,
ભુવને રહીને ભજન કરતાં પ્રેમથી ઇશ્વર મળે;
સચવાય સઘળા નિયમ તો આ દેહ સુખનું ધામ છે,
દારા ધરા ધન ધામનું અંતે કહો શું કામ છે?
સાચા સગા છે નાથ નટવર એવિના મિથ્યા બધું,
રુડે પ્રકારે રામને રટવાવિના શું છે વધુ?
કરવા ઉપાયો જન્મ-મૃત્યુ ટળાય તેવા ટેકથી,
રે'વાય સુખમાં ચિત્ત જો વશ થાય એક વિવેકથી.

* मित्रउपर पत्र संसारपर विरक्ति.

शार्दूलविक्रीडित.

આ સંસાર અસારમાં સુખ નથી ત્યારે કહો શું કરૂં?
દેખી દુ:ખ સદૈવ દીનજનનાં હે પ્રાણબંધો ડરૂં;
શી રીતે સુખમાં ગળાય દિવસો તે હું નથી જાણતો,
શ્વાસોચ્છ્વાસ લહે સદા પ્રિયસખા! પ્રારબ્ધથી પ્રાણ તો.
છે સંસાર અસાર એમ સમજ્યા તેનો ખરો ખેદ છે,
સારૂં ને નરતું સખા સમજતાં ભારે ભવે ભેદ છે;
વીસારી સહુ વાત આ વિષયની રાજી થવું શું કદી?
આધિ વ્યાધિ ઉપાધિ લેશ ન નડે એ વાત છે આકરી.
માને જો સુખરૂપ સર્વ મન તો આ દુ:ખનો છે લય,
દેખે જો મન દુ:ખરૂપ સઘળું તો આ ભવેછે ભય;
માનું બંધન મોક્ષ સર્વ મનથી આ જીવને થાયછે,
તે સ્વાધીન કરાય તો ઉભયની બાધા ટળી જાયછે.
જાણું લાભ ન હાનિ લેશ હમણાં જે હોય તે ઠીક છે,
'આ હું શું અવળું કરૂં' મનવિષે એ બાધની બીક છે;

* આ કવિતા, રા૦ મિત્ર વિશ્વનાથ વિઠ્ઠલજીના પત્રમાં આશ્વાસન માટે લખાઈ આવેલી કવિતાનો પ્રત્યુત્તર છે.

જાણ્યાનું ફલ શું હશે જગતમાં તેનો નહિ નિશ્ચય,
ભુંડા આ ભવસાગરે પ્રભુવિના ભાગે ન ભારે ભય.
ધર્માચાર પળાય જાય સુખમાં આયુષ્ય આ કાલમાં,
જામી જીવ ન જાય આ જગતની જંજાલની જાલમાં;
સાચો પ્રેમ કરાય સાર સુખથી શોધાય સાચે મશે,
એવું સાધન શુદ્ધ હે પ્રિય સખા સંસારમાં શું હશે?

मनरूपी पोपटने बोध.

वसंततिलका.

વેગે વિચાર કર માનસકીર વીર,
શાણા તને સુખદ શ્રેષ્ઠ મળ્યું શરીર;
આશા તજી અવર એક લગાડ લક્ષ,
આ આર્યધર્મ ધરતીપર કલ્પવૃક્ષ.
ગા તો સદૈવ જગદીશ્વર નામ ગાજે,
જા તો સુધર્મવનમાંહિ સદૈવ જાજે;
તું જાણજે વિષયને વિષવૃક્ષજેવા,
તેને તજ્યા નહિ તો પછી હાલ તેવા.

हवे तो हेतेथी हरिहरतणुं ध्यान धर तुं.

शिखरिणी.

બધી બાલ્યાવસ્થા અણુસમજમાં ખોઈ રડતાં,
યુવાવસ્થા વીતી યુવતિજનુને પાય પડતાં;
પિશાચી ચિંતાએ નિશદિન રહે ચિત્ત ફરતું,
હવે તો હેતેથી હરિહરતણું ધ્યાન ધર તું.
સુખે ખાધું પીધું ખરચ પણ ખાંતે બહુ કર્યું,
પ્રયત્ને પ્રેમેથી પ્રિયજનતણું પેટજ ભર્યું;
ત્રિધા તાપે તારૂં તનમન રહેછે ઉતરતું,
હવે તો હેતેથી હરિહરતણું ધ્યાન ધર તું.
કર્યાં કર્મો કૂડાં કૃપણ પણ તે પેટ ભરવા,
ન શીખ્યો ખાંતેથી ભવજલધિને ભાઈ તરવા;

નકામાં કામોમાં નરતન કર્યું સાવ નરતું,
હવે તો હેતેથી હરિહરતણું ધ્યાન ધર તું.
વિચારી જો વ્હાલા વિષયવિષથી શું સુખ થયું ?
અરે અંધારામાં નરતન નકી નિષ્ફલ ગયું;
નથી સૂતાં સૂતાં શ્રમવગર તો કામ સરતું,
હવે તો હેતેથી હરિહરતણું ધ્યાન ધર તું.
ફરીને આ આવું નરતન ગયું તે નહિ મળે,
વળે શું આ વિશ્વે તન–જનબલે કે ધનબલે;
સગું કે સંબંધી નથિ સુખ કશું કોઇ કરતું,
હવે તો હેતેથી હરિહરતણું ધ્યાન ધર તું.
વિવેકે વૈરાગ્યે સકલ મનનો દોષ વિસરી,
સદાચારે ચાલી સુખ સરસ સંપાદન કરી;
અહંતા ત્યાગીને તરત મનને રાખ તરતું,
હવે તો હેતેથી હરિહરતણું ધ્યાન ધર તું.
અરે આ માયાના મૃગજલવિષે મોહ કરમાં,
મહાઅજ્ઞાનેથી વગરમરણે મૂર્ખ મરમાં;
નથી જન્મ્યું કોઈ નથિ સમજણે કોઇ મરતું,
હવે તો હેતેથી હરિહરતણું ધ્યાન ધર તું.

દોહરો.

કેશવ પ્રભુના ધ્યાનથી, સફલ કરીલે કાય;
સમજ સખા સમજણવિના, કાલ વૃથા વહિ જાય.

ભાવે ભાઇ ભજાય જો હરિ હવે તો તો ઘણું સુંદર.

શાર્દુલવિક્રિડિત.

કીધાં કર્મ અનેક નિંદિત નહીં રાખી જરા લાજને,
ઈર્ષ્યા ને અવિવેક દંભથકી તેં પીડા કરી લાખને;
દીનોને દુઃખ આપવું પ્રતિદિને તે તો ગણ્યું તેં વર,
ભાવે ભાઇ ભજાય જો હરિ હવે તો તો ઘણું સુંદર.
નીતિને ન ગણી સદાચરણમાં તેં પ્રીતિ રાખી નહીં,
સ[illegible] ન ઓળખ્યું સુખદ તેં ન જ્ઞાન લીધું કંઈ:

આપ્તોનાં વચનોવિષે પ્રણયથી આપ્યો નહીં આદર,
ભાવે ભાઈ ભજાય જો હરિ હવે તો તો ઘણું સુંદર;
સંપેથી સુખ થાય તે નહિ ગમ્યું કલેશો વિશેષે કર્યા,
દુ:સંગે દુ:ખ ભોગવ્યાં અધમ તેં પાપોજ પિંડે ભર્યાં;
શી થાશે ગતિ આ ભવે પરભવે તેનો ન રાખ્યો ડર,
ભાવે ભાઈ ભજાય જો હરિ હવે તો તો ઘણું સુંદર;
શાસ્ત્રોનો ઉપદેશ તેં શ્રવણથી લેશે નહીં સાંભળ્યો,
જીભેથી ન જપ્યો હરિહર કદી કાન્તાકટાક્ષે ગળ્યો;
જાણેછે જગદીશ સર્વ ઠગ તેં નિત્યે ઠગ્યા ઠાકર,
ભાવે ભાઈ ભજાય જો હરિ હવે તો તો ઘણું સુંદર;
પુછ્યો પ્રેમથકી નહીં પરમ તેં રે પુણ્યના પંથને,
ખોટા ખાંતથકી ખરા પણ કર્યા તેં ધર્મના ગ્રંથને;
રાચ્યો તું રતિરંગની રજવડે ખાંતે થઈને ખર,
ભાવે ભાઈ ભજાય જો હરિ હવે તો તો ઘણું સુંદર;
તૃષ્ણાનો તરસ્યો સદા સુખ થવા આ લોકમાં આથડ્યો,
આંખે અંધ થઈ કુવે કુટિલ તું પાણીવિનાને પડ્યો;
છાયા આમ્રતણી ગમી નહી તને ખોળ્યો ખરે ખાખર,
ભાવે ભાઈ ભજાય જો હરિ હવે તો તો ઘણું સુંદર;
ગાયા રાગ ગળાથકી રીઝવવા લ્હેકાં કરી લાખ તેં,
ચાલ્યો ચાલ ચટાંમટાં ચરણથી દુર્દષ્ટિથી દાખતે;
ઉન્મત્તાઈથિકી ન તે અવસરે સંભારચા શ્રીધર,
ભાવે ભાઈ ભજાય જો હરિ હવે તો તો ઘણું સુંદર.
પ્હેર્યાં વસ્ત્ર વિશેષ સુંદર સદા લેવા અરે લ્હાણુ તેં,
કીધાં ભોજન ભાવતાં પણ ન આપી પુણ્યમાં પાણુને;
માતા તાત પ્રિયા વળી ગુરુજનો અના ન આપ્યો કર,
ભાવે ભાઈ ભજાય જો હરિ હવે તો તો ઘણું સુંદર;
ખોયું બાલપણું બધું રમતમાં તે અજ્ઞતામાં રહ્યું,
ભોગોમાં વિષયોવિષે તરુણિમાં તારુણ્ય તે તો ગયું;
સ્ત્રી–પુત્રાદિકને ગણ્યાં સરસ તેં સંસારની અંદર,
ભાવે ભાઈ ભજાય જો હરિ હવે તો તો ઘણું સુંદર.

થાતી હોંશ વિશેષ અંતરવિષે ઠાલુંભુલું ઠેકતાં,
આજે તો લઇ લાકડી કરવિષે ચાલ્યું જવું ટેકતાં;
કીધો કાંઈ નહીં ઉપાય તરવા સંસારનો સાગર,
ભાવે ભાઈ ભજાય જો હરિ હવે તો તો ઘણું સુંદર.
આવ્યાં અંગવિષે વળી પળિ વળી જ્યાં ત્યાં પથારી પડી,
લાંબી લાળ પડે મુખે મણમણે છે માખીઓ તો ઘણી;
કંપે કાય વદાય બાલ સરખું એવા થયા વાસર,
ભાવે ભાઈ ભજાય જો હરિ હવે તો તો ઘણું સુંદર.
શક્તિ શાન્ત થઈ ગઇ સહજમાં આ ઇન્દ્રિઓની અતિ,
નિત્યે માત્ર કરે હવે સુખતણા ખોટા વિકલ્પો મતિ;
મૃત્યુને મળવા તણું નહિ હવે લેશે રહ્યું. અંતર,
ભાવે ભાઇ ભજાય જો હરિ હવે તો તો ઘણું સુંદર.

दुःख धरता अंतःकरणने सांत्वना.

शार्दूलविक्रीडित.

મારા પ્રાણ કહે હવે કયમ કરી હું શાન્ત પાડું તને ?
શું કીધાથકિ તાપ આ સમયના સ્હેલા ઉપાયે શમે ?
જાણી જોઈ વિચારવાન થઇને શું શોક ઠાલો કરે ?
શાને શોણિતશોષકારક કહે નિશ્વાસ ઉંડા ભરે ?
પ્રારબ્ધાધિન છે ધરાપર સહૂ શું ખેદ ખોટા કરે ?
જેણે જન્મ ધર્યો ધરાપર સહુ તે કાલયોગે મરે;
સારાં કર્મતણું સદાય ફલ તો સારૂંજ દેખાય છે,
માઠાં કર્મતણું સદાય ફલ તો માઠું મળ્યે જાય છે.

प्रभु शी रीते भजाय !

शिखरिणी.

કુમારાવસ્થામાં વિવિધ રમતે તો મતિ રહી,
યુવાવસ્થા તે તો વિષયમય વાતોમહી વહી;
તથા વૃદ્ધાવસ્થા તનુશિથિલકારી દુખકરી,
વિકલ્પોમાં નાંખે કયમ કરી ભજાએ નરહરિ !

निवृत्तिने भजो.

उपेन्द्रवज्रा.

નહીં કંઇ સાર વિશેષ સારો,
અસાર સંસાર વિષે વિચારો;
તજી તમે સર્વ પ્રપંચ તેથી,
ભજો નિવૃત્તિ સુખ થાય જેથી.

मन सर्वनुं कारण छे.

वैतालीय.

મન કારણ દુઃખનું ખરે,
સુખનું કારણ તેમ તે ઠરે;
મન બંધન આપનાર છે,
મનથી મોક્ષગતિ થનાર છે.

हवे प्रभु भजाय तो सारुं.

वसंततिलका.

વૃદ્ધત્વમાં મન વિકલ્પ થકી ભમાય,
ચિંતા સદા દુખદ ચિત્તવિષે સમાય;
સૂઝે ન કાંઇ કરવું નહિ કાંઈ થાય,
સારૂં હવે નર હરિહર જો ભજાય.

काल जाय छे तेम जन्म अफळ थाय छे ते विषे.

मराठी चालमां.

આજ કાલ પરમ એમ દિવસ જાયછે;
દિવસ જાય તેમ જન્મ અફલ થાય છે. આજ૦ ટેક.
વિવિધ વિષયનાં સુખો સરસ મનાય છે,
પલ પલ રતિરંગમાં સુખે રમાય છે; આજ૦

* અનેક રાગમાં અને નાટકની રાહમાં ગવાય છે; બિહાગમાં ચાલે છે. તાલ દાદરો આરંભમાં "હરિ" એમ બે માત્રા વધારે પણ બોલાય છે.

ભોજન મન ભાવતાં સુખે જમાય છે,
જન્મ-મરણુ હર્ષ-શોક પણુ પમાય છે; આજ૦
મન ભવાટવીનિ જાલમાં જડાય છે,
કૂડ-કપટભાવ અંતરે ઘણાય છે; આજ૦
ક્રોધ કામ લોભ મોહ લૂંટિ જાય છે,
શીલ સદ્વિચારરત્ન ખૂટી જાય છે; આજ૦
મેલ માન ને મમત્વ શું મરાય છે ?
હાથમાંહિ કોહીનૂર હા હરાય છે; આજ૦
આંહિ ઉભય લોક કાજ શું કમાય છે ?
કનક તજી ધૂળ મૂળથી ધમાય છે; આજ૦
ધામ ધરા કુટિલ ક્યાં વિચાર કાય છે ?
ભવજલ તર તરત કેમ ભૂલ ખાય છે; આજ૦
પુત્ર મિત્ર કે કલત્ર શું સહાય છે ?
આંખ આ વિંચાય પછી હાયહાય છે; આજ૦
સાધન સુખ સારૂં શું કર્યું જરાય છે ?
ધ્યાન ધર્મ જપ તપ કર કેમ ધાય છે ? આજ૦
વિનય ને વિવેકથી સુખી થવાય છે;
કેશવ હરિનામ રામ કોણુ ગાય છે ? આજ૦

भविष्य मटे नहि ते विषे.

*भरथरीनो ढाळ.

ભાઇ ભવિષ્ય મટે નહિ, એવો અદ્દભુત ખેલજી;
હાથ નથી વાત કોઇને, લાખ વાતે લખેલજી. ભાઇ૦
દાનવ દેવ મનુષ્યનું, બલ આવે ન કામજી;
બુદ્ધિ છતાં બેસી રહે, હોય રઘુકુલરામજી. ભાઇ૦
મિથ્યા અભિમાન લોકને, મોહ રાખતાં થાયજી;
આખર હાથ હેઠા પડે, ત્યારે સહુ સમજાયજી, ભાઇ૦
દશરથસુત દૈવયોગથી, રઘુકુલપતિ રામજી;
ચૌદ વરસ વનમાં વસ્યા, તજી જન ધન ધામજી; ભાઇ૦

---

* આની માત્રાઓ વધારે ઓછી હોય છે; નિયમ બાંધીએ તો સરખી થાય.

મોટા મોટા મહારાજના, નામઠામનો નાશજી;
સાંભળતાં ઇતિહાસ તે, મન થાય નિરાશજી; ભાઈ૦
ઇચ્છાવિના આવી પડે, આધિ વ્યાધિ અપારજી;
એનો અચંબો ન આણીએ, અંતે વાત અસારજી; ભાઈ૦
વિદ્યા કલા વૈભવ બધા, દૈવયોગનો ભોગજી; .
અંતરમાં ઉભરાય છે, રંગ રાગને રોગજી; ભાઇ૦
સારા અને નરતા નરો, ભૂખે દુઃખે દબાયજી;
સદ્‌ગુણસંપત સર્વની, નિશ્ચે નિષ્ફલ જાયજી; ભાઈ૦
જન્મ–મરણ વિધિ હાથ છે, હર્ષ–શોક વિસારજી;
કેશવ હરિ કર હાથમાં, હૈયાફૂટા ન હારજી; ભાઈ૦

ज्ञान.

अनुष्टुप्.

અસત્ય તેજ છે સત્ય, સત્ય છે અસત્ય છે;
એ અપૂર્વ વિચારોની, સદ્‌ગુણીને અગત્ય છે.
અનર્થ તેજ છે અર્થ, અર્થ છે તે અનર્થ છે;
વ્યર્થ વાતો કરે તેને, અતિ ગંભીર અર્થ છે.
અનાત્મ આત્મનું રૂપ, આત્મ તેજ અનાત્મ છે;
ન જાણે તત્વ તેને તો, મહાઅદ્‌ભુત વાત છે.
રાગનું રૂપ તે દ્વેષ, દ્વેષ તે રાગરૂપ છે;
ન જાણ્યું જ્યાંસુધી તત્ત્વ, ત્યાંસુધી અંધકૂપ છે.
જે શોક તેજ છે હર્ષ, હર્ષ તે પણ શોક છે;
સાર જો સત્ય સૂઝે તો, કોણ હું કોણ કોક છે ?
દુઃખ છે તેજ છે સુખ, સુખ છે તેજ દુઃખ છે;
જ્યાંસુધી ન મળે અન્ન, ભાઈ ત્યાંસુધી ભૂખ છે.
સ્વપ્ન જાગ્રત જેવું છે, જાગ્રત સ્વપ્નસમાન છે;
ત્રીજી સુષુપ્તિથી ન્યારો, તે ભલો ભગવાન છે.
જ્ઞાન અજ્ઞાનનું રૂપ, અજ્ઞાન જ્ઞાનરૂપ છે;
અલક્ષ આપણું રૂપ, જ્યાં વાણી–મન ચૂપ છે.
પરમેશ્વર તે વિશ્વ, વિશ્વ તે પરમેશ્વર;
અહો અલૌકિકી જાલ, સમજી સુખથી તર.

બોધ.

(૧)

इन्द्रविजय.

ઇંદ્રિય સર્વ અખંડિત છે તન સાવ નિરોગિ અને બલ પૂરૂં,
બુદ્ધિ વિચાર વિવેક સહાયક સાધન અન્ય ન કોય અધૂરૂં;
ઇશ્વરનો ઉપકાર ગયો વિસરી વળમાં સુખ સાંપડ શાનું ?
કેશવ આળસ આજ કરે પણ પાછળથી નહિ કાંઈ થવાનું.
ઊઠ અરે અભિમાન તજી કર ઉદ્યમ કેમ રહ્યો કરજોડી ?
વેશ ઘણા ધરવા તુજને પણ પાછળી રાત રહી બહુ થોડી;
સુંદર આ તન તે ક્ષણભંગુર ભાઇ અચાનક છે પડવાનું,
કેશવ આળસ આજ કરે પણ પાછળથી નહિ કાંઇ થવાનું.
અંતરમાંહિ નિરંતર રાખ વિચાર સદાય ખરૂં સુખ લેવા,
ઓળખ યત્નવડે નિજરૂપ અને કર કાયર સજ્જન સેવા;
માનવ ઉત્તમ આ તનનો પણ ડાટ વળે બહુ કાયર કયાંનું ?
કેશવ આળસ આજ કરે પણ પાછળથી નહિ કાંઇ થવાનું.
કયા ભવનું પ્રિય પાપ નડયું ન કરી શકે કોય વિચાર વિવેકે.
બાલપણું રમતે ગમતે વહિજાય જુવાનપણું અવિવેકે;
આંહીજ શું અટકયો વટકયો પણ આગળ છે અતિ દૂર જવાનું,
કેશવ આળસ આજ કરે પણ પાછળથી નથિ કાંઈ થવાનું.

---

(૨)

चोपाई.

શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ, એમાં શું અથડાયો અંધ ?
એ કયાં છે માનવનો ધર્મ, મૂર્ખપણામાં ભૂલ્યા મર્મ.
બાલકપણું જુવાની ગઈ, વૃદ્ધઅવસ્થા આવી રહી;
તો પણ ન મગી ભાઈ નિરાંત, દિવસ ગયો ને રહિ છે રાત.
ઉત્તમ આ અવસર છે આજ, પશુલક્ષણથી લાવી લાજ;
કામ કરો સાચાં સુખસારૂં, અંતે આપણુ સર્વ ઉતારુ.
કેવી થાશે વળતી કાલ, તેની ખબર પડે નહિ હાલ;
સહુને ઉપજાવી સંતોષ, રાગ તજી મેલી દે રોષ.

ધર્મ કર્મમાં રાખી ધ્યાન, મદદકારક મેલી દે માન;
પરઉપકાર ઉપર કર પ્રીતિ, એજ સદા ઉત્તમ છે રીતિ.
ષડ્રિપુને સંહારી નાંખ, શું સૂતો વીંચીને આંખ ?
મન જીતે તે સાચો શૂર, તેને ક્યાં છે ઇશ્વર દૂર ?
આશાતૃષ્ણા ઓછી રાખ, આખર સર્વ થવાનું રાખ;
મમતામાં તું મરમાં ભાઈ, સાચી ક્યાં છે સર્વ સગાઇ ?
મારૂં તારૂં મૂરખ મેલ, છે માયાનો સઘળો ખેલ;
પોતાને સારૂ સહુ રુવે, કેમ પડયો છે ઉંડે કુવે ?
મનના તું મેલી દે મેલ વિષય બધા છે વિષની વેલ;
સમજીને ચંચલ તું ચાલ, ગળતો જાય સઉને કાલ.
સદાચરણમાં ચોડી ચિત્ત, વિવેકરૂપી મેળવ વિત્ત;
ધન યૌવન ચંચલ છે કાય, અણસમજણમાં આયુષ જાય.
આંહિ ગમે તે કરશે ભાઈ, ઉપર ક્યાં છે પોપાંબાઈ ?
ન્યાય થશે ત્યાં તારો તેમ, નહિ સમજે તું અહિયાં એમ.
હીરો હાથ ચડેલો હાર, એથી મૂઢ ન બીજો માર:
સર્વાંતર્યામી છે પાસ, એનાથી શામાટે નાશ?
જે કર તે તે દેખે સર્વ, મેલી દે મનમાંથી ગર્વ;
પાખંડી આ વિશ્વે ઘણા, તેણે પણ રાખી નહિ મણા.
જોઇ વિચારી કરજે સંગ, સાચું સુખ આપે સત્સંગ;
દયા–દાનપર પૂરો ભાવ, શુભ સંપતનો એ છે લાવ.
ખાય ન દે તે અંતે રુવે, સર્વે એકબિજાનું જુવે;
સાર નથી ચિંતા કર પરી, અંતરમાં અનુભવને ભરી.
તારી મેળે તું તર ભાઇ, ચારે કોરે લાગી લાઈ;
પાણી પ્હેલાં બાંધી પાળ, રાખીને સાચી સંભાળ.
હર્ષ–શોકમાં રહી સમાન, ભાવેથી ભજ તું ભગવાન;
કેશવ હરિને ઓળખ મૂઢ, છે છતરાયો તોપણ ગૂઢ.

आध्यात्मिकविचार.

माढ.

મન મારૂં હાય મુઝાય રે, હું ક્યાં જઇ કહું ? ટેક૦
ચિંતા વધારે થાયરે, હું ક્યાં જઇ કહું ?

આધિ વ્યાધિ ને ઉપાધિ, આપે ખેદ અપાર;
પૂર્વે કીધાં કર્મ કઠણ તે, મારે ભારે માર;
રે હું કયાં જઈ કહું ?
બહુ તાપેથી આ તન ઉકળે, વંકે વિનય વિચાર;
નીતિન્યાય કશું નહિ સૂજે, આ સંસાર અસાર;
રે હું કયાં જઇ કહું ?
અકલિત કાલકલા શું કહેવું, ક્ષણભંગુર તન તેમ;
"જન્મ સફલ કરવો શી રીતે", આંસુ આવે એમ;
રે હું કયાં જઈ કહું ?
સ્વાર્થે જે સંબંધ બધાનો, અંતે મૃગજલરૂપ;
ધન ને ધામ ધરાને ત્યારે, શું દેવો છે ધૂપ ?
રે હું કયાં જઈ કહું ?
પ્યારાં પુત્ર કલત્ર કયાં છે, કયાં છે મિત્ર પવિત્ર ?
અંતે સઘળાં અળગાં રે'શે, એની વાત વિચિત્ર ?
રે હું કયાં જઈ કહું ?
હેતકરી હરિહરની સાથે, ભજન કરાય ન લેશ;
આવે છે અત્યંત નઠારા અંતરમાં આવેશ;
રે હું કયાં જઇ કહું ?
કેશવ હરિની થાય કૃપા તો, જાય બધા સંતાપ;
તન બલ બુદ્ધિ સફલતા પામી, આનંદ આપે અમાપ;
રે હું કયાં જઇ કહું ?

खरेखर खेद करावे आ संसार असार.

काफी.

ખરેખર ખેદ કરાવે, આ સંસાર અસાર;
ધન જન યૌવન મૃગજલ જેવાં, સાંપડે લેશ ન સાર; ખરે૦
જન્મ–મરણ ભય શોક હર્ષનો, માથે પડેછે માર; ખરે૦
ક્ષણભંગુર તન જાય ઘસાતું, ધાર્યું ન થાય ધરાર; ખરે૦
તાપ ત્રિવિધ તન નિત્ય તપાવે, લક્ષ રહેજ લગાર; ખરે૦
સ્વપ્ને પણ સુખની નહિ આશા, આધિ ઉપાધિ અપાર; ખરે૦
પલપલમાં પગલે પગલે પણ, હાનિઓ થાય હજાર; ખરે૦
કાલ કઠણ વિષયો પણ વૈરિ, કોઈ કરે નહિ વાર; ખરે૦

દેખાય કાંઇ અને હોય કાંઇ, તેનો પમાય ન પાર; ખરે૦
કેશવ ઓસડ એ દુઃખમાટે, વિનય વિવેક વિચાર; ખરે૦

कर्मतणी गति न्यारी.

सोहणी.

કર્મતણી ગતિ ન્યારી, **કેશવ** કર્મતણી ગતિ ન્યારી; ટેક૦
અઘટિત ઘટના જેવી રચના, દર્શન દે અણધારી; કે૦
દુઃખ શોક ભય જન્મ–મરણમાં, પરવશ સહુ સંસારી; કે૦
આધિ વ્યાધિ ઉપાધિ વધારી, નિત્ય રડે નરનારી; કે૦
કોઈ હસે તો કોઈ રડે છે, કોઈ કુશલ અધિકારી; કે૦
કોઈ વશે વશમાં વગડામાં, કોઈ સુખી ઘરબારી; કે૦
ભાવ્યાં ભોજન કોઈ જમેછે, કોઈ કનેરી ખારી; કે૦
કોઈ ધરે જરિયન હીરાગલ, કોઇક કંથાધારી; કે૦
કોઈ વિભુતિ ધરે નિજ અંગે, કોઈ ભૂષણભારી; કે૦
સુજનતણી ગતિ નિત્ય નઠારી, દુર્જનની ગતિ સારી; કે૦
વિદ્યાવાન વસે વનમાંહિ, મૂર્ખ બને દરબારી; કે૦
નિત્ય અજન્મા નિર્વિકાર હરિ, થાય વિચિત્ર વિકારી; કે૦
પશુ–આદિકમાં પોતે જન્મે, સહુ જનને સુખકારી; કે૦
કેશવ ઇન્દ્રજાલ આ જોઈ, મન–વાણી હરિ હારી; કે૦
પાર ન પામે કોઇ કળેથી, એ તારી બલિહારી. કે૦

ऐश्वरी मायाना वानो प्रभाव.

* भैरवी.

જો અરે અદ્‌ભૂત કેવી ઐશ્વરી આ માયા છે?
ઐશ્વરી આ માયાના, સર્વને વા વાયા છે; જો૦
આ મહાભવસાગરે, ભૂલે ઘણા ભરમાયા છે;
નિત્ય સ્વપ્નસમાન આ, ધન-ધામમાંહિ ઘરાયા છે; જો૦

* પહેલી કડીમાં ઉર્દૂ પ્રમાણે પ્રાસ ન જોઈએ, પણ ગુજરાતી ઢબમાં સારૂં લાગે માટે રાખેલ છે, છેવટની માત્રામાં કેટલેક ઠેકાણે ફેર આવેછે. તે તેવીજ જાતના બીજા પદથી જણાશે.

ભોગ રોગ તણા ભયાનક, દુઃખથીજ દબાયા છે;
રોષ રાગવડે બિચારા રોજ રોજ રિબાયા છે; જો૦
ઇન્દ્રજાલવિષે છલભેદ, માંહિ છવાયા છે;
વિષયવિષના તેલમાં, ત્રણ તાપથીજ તળાયા છે; જો૦
શોક હર્ષ મમત્વ કરતાં, કૈક નરપણ કાયા છે;
હાય પુત્ર કલત્ર ક્યાં જનની, જનકને જાયા છે; જો૦
મૂર્ખ ને વિદ્વાન સર્વે પ્રાણીના, ત્રણ પાયા છે;
ક્યાં રહે અભિમાન અન્તે, કારમી આ કાયા છે; જો૦
જન્મ-વધ-ઘટ-મરણ કામ, ક્રોધ દોષ વરાયા છે;
સૂક્ષ્મ દ્રષ્ટિવડે જુઓ તો, ધર્મ સર્વ પરાયા છે; જો૦
જ્ઞાનજલ-ગંગાવિષે જે, નિર્ગુણી થઈ ન્હાયા છે;
તે ખરા ભવસાગરે, સર્વસ્વ સાર કમાયા છે; જો૦
હાથમાં હીરો છતાં ઠાઠે, બધા ઠગાયા છે,
ભાગ્ય **કેશવલાલ**ના જેણે, જગદ્‌ગુરૂ ગાયા છે; જો૦

मनना ने माटीना सघळा, समज विचारो शाणा रे.

रुचिराछंदनी चाल.

મનના ને માટીના સઘળા, સમજ વિચારો શાણા રે;
સાર ન સમજ્યા તે તે લોકો, પાછળથી પસ્તાણા રે; મન૦
ભૂત પ્રેત પિશાચ મનુષ્યો, રાય રંક કે રાણા રે;
સગાં સહોદર બાંધવ બેલી, પ્રિય અપ્રિય પંકાણા રે; મન૦
ઝાડ પાન પથ્થર પશુ-પક્ષી, ભાવ ઘણા ઉભરાણા રે,
કાબર મોર ચકોર ચકલિઓ, જે જે જંતુ જણાણા રે; મન૦
પુત્ર કલત્ર મિત્ર સુત સેવક, બંધ વિવિધ બંધાણારે;
લાભ હાનિ યશ અપયશ અથવા, ઓથ અને ઉપરાણા રે; મન૦
જવાહીર જરિયન હીરાગલ, જનરે નગદી નાણાં રે;
ધન યૌવન જન વૈભવ વિધવિધ, શું ભોજન કે ભાણાં રે, મન૦
હોજ હવેલી બાગ બગીચા, કોશ અનેક કરાણા રે;
આભૂષણ ને વસ્ત્ર અનુપમ, ઘાટ અનેક ઘડાણા રે; મન૦
ઘોડાગાડી ખેતર ખાડી, દોલત દમડી દાણા રે;
ભાષા ભૂષણ રંગ રૂપ રસ, ભૂખ્યા તેમ ધરાણા રે; મન૦

યોગ વિયોગ હાર્યા કે જીત્યા, રુદન રાગ કે ગાણા રે.
રાગ દ્વેષ હર્ષ ભય ભારે, મમતામાંહિ મરાણા રે; મન૦
પામ્યા પદ અતિ ઉત્તમ અથવા, વિષયવિષે લપટાણા રે;
પૂત અપૂત ભૂત કે ભડકા, ઉત્તમ કે અભડાણા રે; મન૦
આશાતૃષ્ણા સુખભોગ ભલા, ગુણદોષ ગવાણા રે;
મૂર્ખ મનાણા માનવમાં કે, પંડિત થઈ પંકાણા રે; મન૦
કર્તા ભોકતા માન ધરીને, અમથા અતિ અથડાણા રે;
મૂલવગર આ ઝાડ બનાવ્યું, આખર એજ કમાણા રે; મન૦
ભવસાગરને પાર ગયા કે, તરણી સહિત તણાણા રે;
પાપ પુણ્ય કે સ્વર્ગ નરકના, સંબંધે સંધાણા રે; મન૦
જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ વગેરે, અંગતરંગ રચાણા રે;
બુદ્ધિ અને બલ હાથ છતાં પણ, શા સારૂ સપડાણા રે; મન૦
પૂજન અર્ચન પુસ્તક પાનાં, ભાવ અભાવ ભણાણા રે;
કેવલ કલ્પિત એ વરઝોળા, માયામાંહિ સમાણા રે; મન૦
કેશવ હરિ તો એક અચલ છે, કયાંહિ નથી સંતાણારે;
એક કપાસતણા આ સત્રળા, તાણા છે કંતાણા રે; મન૦

મન:કલ્પનાથી જગત રચાયું છે.

ઇંદ્રાવિજય.

જો મન દેશ વિદેશ જુવે કદિ તો મન દેશ વિદેશ થવાનું.
જો મન કલેશ વિશેષ જુવે કદિ તો મન કલેશ વિશેષ થવાનું;
જો મન નેક નરેશ જુવે કદિ તો મન નેક નરેશ થવાનું,
કેશવ જે શુભ ભાવ રચે મન તે શુભ ભાવ અશેષ થવાનું.
જો મન મિત્ર કલત્ર જુવે કદિ તો મન મિત્ર કલત્ર બને છે,
જો મન પુણ્ય પવિત્ર જુવે કદિ તો મન પુણ્ય પવિત્ર બને છે;
જો મન ચિત્ર વિચિત્ર જુવે કદિ તો મન ચિત્ર વિચિત્ર બને છે,
કેશવ ચારુ ચરિત્ર જુવે કદિ તો મન ચારુ ચરિત્ર બને છે.
જો મન જાય પ્રિયા-પતિમાં કદિ તો મન થાય પ્રિયા પતિરૂપે,
જો મન જાય સખા સુતમાં કદિ તો મન થાય સખા સુતરૂપે;
જો મન જાય ધરા ધનમાં કદિ તો મન થાય ધરા ધનરૂપે,
કેશવ જાય મહાવનમાં મન તો વળિ થાય મહાવન રૂપે.

જો મન ભાઈ ભળે ભવમાં કદિ તો મન થાય ભવે ભવરૂપે,
જો મન જાય સુલોકવિષે કદિ તો મન થાય સુલોક સ્વરૂપે;
જો મન જાય વિરાગવિષે કદિ તો મન થાય વિરાગ સુરૂપે,
કેશવ બંધન મોક્ષ છયોક ન કોઇ પ્રકારવડે પણ છૂપે.
જો વિષયાદિકમાંહિ ગયું મન તો વિષયાદિક રૂપ ધરે છે,
જો સુખભોગવિષે પસર્યું મન તો સુખભોગ થઈ વિચરે છે;
જો મમતે મસળાઇ ગયું મન તો મમતે મસળાઈ મરે છે,
જો ભવસાગરમાં ન ભળ્યું મન તો ભવસાગર પાર કરે છે.
ચંચલ ચિત્ત અચેતન ચેતનરૂપ થઇ બહુ ઘાટ ઘડે છે,
ચિત્તવડે ચડતી પડતી પણ ચિત્ર વિચિત્રપણે રખડે છે;
ચિત્ત ધરે અવતાર ધરાપર સ્વર્ગવિષે પણ ચિત્ત ચડેછે,
કેશવ ચિત્તવિના ન કશું પણ સર્વ ચરાચર ચિત્તવડે છે.
દશ્ય અને સઘળું પ્રિયદર્શન આ મનમાંહિ થકી ઉભરાણું,
ભાવ અભાવ વિકલ્પ વિકાસ મમત્વ વળી મનમાંથી કરાણું;
ચંચલ આપ છતાં જડ તે મન પામર ચાર દશે પથરાણું,
કેશવ આ મન વશ્ય થયે ભવસાગર પાર સુખે ઉતરાણું.

મનુષ્યજીવનનું અવલોકન અને બોધ.

મંદાક્રાંતા અને વસંતતિલકા.

આ સંસારે અણસમજણે દુઃખ જે જે પડેછે,
તેના તાપે હૃદય તપતું રાંક થાતું રડે છે;
પામે સાચી સમજણ કદિ તો વળી વૃત્તિ નાના,
તેના ભાવો ક્ષણ ક્ષણ થતા છે નહીં કયાંહિ છાના.
જે આ વિચિત્ર પરમેશ્વરનો પ્રપંચ,
તે સર્વ છે સમજણે સુખરૂપ સંચ;
માયા અવસ્તુ પણ કામ કરે અનેક,
દેવાદિને કઠણ તે વિષયે વિવેક.
જ્યાંસુધી આ તન મન બધાં જીવતાં હોય આંહી,
સારી માઠી સમજણ વળી હોય આ વૃત્તિમાંહી;
ત્યાંસુધીમાં શમ-દમવિષે રાખવી શ્રેષ્ઠ પ્રીતિ.
ધર્મો સર્વે સહન કરવા એજ ઉત્કૃષ્ટ રીતિ.

છે આ મમત્વમય સર્વવિના ન કાંઇ,
બાંધે મમત્વ મન કારણ મોક્ષમાંહી;
ઉંડો વિચાર કરતાં ન પમાય પાર,
એવો અપાર અતિ અદ્ભૂત સૂક્ષ્મ સાર.
જેવો આપે જનક સહુને વેશ આ વિશ્વમાંહી,
તેવો પ્રેમે પ્રણયરસથી જો ભજાવાય આંહી;
તો આ વિશ્વે સફલ સમજો જન્મ જાંતે ધરેલો,
એ છે વારો સકલ સુખને પામવા છેક છેલો.
જેને વિવેક સુવિચાર વિશેષ આવે,
જેને મને ભજન પૂજન ભક્તિ ભાવે;
જે ધર્મ કર્મ કુલવાન થઇ કરે છે,
સંસાર સાગર થકી જન તે તરે છે.
કેવો આપ્યો સમય શુભ આ શ્રીનિવાસે કૃપાથી,
સાધી લેવો સુખ સહજ ને સાધનો સર્વ આથી;
જે જાણે છે જન મન દઇ તત્ત્વને સત્યરૂપે,
ગાળે છે તે દિવસ રજનિ નિત્ય આનંદરૂપે.
પ્રેમે ગૃહસ્થ શુભ આશ્રમ પૂર્ણ પાળી,
જેણે સ્વબુદ્ધિ બહુ સદ્ગુણમાંહિ વાળી;
જેણે સ્વધર્મ નિજ કર્મ કર્યો વિવેક,
તેને પછી ન કદિ પાછળ કામ એક.
આવે જે જે ચર અચર આ દૃષ્ટિએ સર્વ દશ્ય,
દૈવેચ્છા કે નિયતિ સહુને વશ્ય રાખે અવશ્ય;
ત્યાં વાણી કે હૃદય ન કદી પ્હોંચવાને સમર્થ,
ત્યારે તેનો નિયમ કરવાનો નકી વ્યર્થ અર્થ
જાણ્યાવિના જગતને નહિ સાર કાંઇ,
દેખાય છે નરક–નાક સમગ્ર આંહી;
ચાલી સદાચરણના શુભ પંથ માથે,
હીરો ન હાર હરિ હાય ચડેલ હાથે.
જે તે રીતે સુકૃત કરીને દૂર દુષ્કર્મ મેલી,
ધર્માચારે સરસ સુખના રંગમાં ખૂબ રેલી;

અન્તર્યામી અખિલ જગદાધારમાં વૃત્તિ જોડે,
તે સંસારી સહજ સમયે જન્મની ગાંઠ તોડે.
આ ઈન્દ્રજાલ અતિ અદ્ભૂત ઇશ્વરી છે,
તેમાં વિચિત્ર રચના પ્રભુએ કરી છે;
એના વિચારપર પાત્ર સમગ્ર નાચે,
તે તે શુભાશુભ જગત્પતિ જોઇ રાચે.

વારંવાર વિચાર થાય મનમાં શો સાર સંસારમાં.

શાર્દૂલવિક્રીડિત.

આપે તાપ અમાપ અંતરવિષે આવી પડી આધિઓ,
દે છે દુઃખ અનેક નિર્દયપણે અંગ વધી વ્યાધીઓ;
આવે અન્ય ઉપાધીઓ પ્રતિદિને દાબી દિએ દ્વારમાં,
વારંવાર વિચાર થાય મનમાં શો સાર સંસારમાં?
ખોટી કર્મ—થરે થએલ કહું શું કાયા નથી કામની,
જાતાં વાર નથી જરાય મર તે જાતે હશે જામની;
મોહે થાય મમત્વ તત્ત્વ ન મળે માર્યાં જવું મારમાં,
વારંવાર વિચાર થાય મનમાં શો સાર સંસારમાં?
આખું ઉત્તમ આ શરીર પણ તે છે હાડકાં ચામડાં,
લોહી લાળ પુરીષ મુત્ર મલનાં ખોટાં બધાં ખાબડાં;
"મારૂં" માત્ર મમત્વથી મનવિષે માન્યું સદાકારમાં,
વારંવાર વિચાર થાય મનમાં શો સાર સંસારમાં?
ધાયા જે ધન ધામ યૌવનવિષે માયાવડે માણવા,
કાયા તે બહુ કષ્ટથી અવનિમાં એવા ઘણા ધાવણા,
જાયા જાતિ પવિત્ર મિત્ર પણ છે પીડા ઘણી પ્યારમાં,
વારંવાર વિચાર થાય મનમાં શો સાર સંસારમાં?
ધાર્યું થાય નહીં ધરાર સુખ તો સોણે નહીં સાંપડે,
ચારેકોર કુસંપ ને કલહમાં પાણી પડે પાંપણે;
પ્યારાં પુત્ર કલત્ર આખર અરે ન્યારાં ઘડીવારમાં,
વારંવાર વિચાર થાય મનમાં શો સાર સંસારમાં?
જાવું જન્મ જરા વિપત્તિ વચમાં અંતે અરે એકલાં,
અજ્ઞાને સઘળાં જનો રડવડી શેકયા કરે શેકલાં;

ભૂતોનો ઉપકાર ભૂતલવિષે ભારી દિએ ભારમાં,
વારંવાર વિચાર થાય મનમાં શો સાર સંસારમાં ?
નીતિન્યાય રહે બધે રખડતાં રીતો રહે વેગળી,
પ્રીતિ પ્રાણસમાન કામ ન કરે વીતી વદું શું વળી;
જીતી કોઈ ન જાય આ જગતમાં તેપાર વેપારમાં,
વારંવાર વિચાર થાય મનમાં શો સાર સંસારમાં ?
કામ–ક્રોધ વિશેષ રોજ મનને સંતાપ આપ્યા કરે,
આશા અંતરમાં અનેક સુખની તે મોત સાથે મરે;
સારૂં કે નરતું જણાય ન કશું આધેય આધારમાં.
વારંવાર વિચાર થાય મનમાં શો સાર સંસારમાં ?
દાબે નિર્બલને સદૈવ બલવાન્ સ્વાર્થી ન સામું જુવે,
લોકો નિર્ધનને ગરીબ ડરતાં રે દીન શબ્દે રૂવે;
સારૂં કોઇ સહાય હાય ન મળે હીરો ગયો હારમાં,
વારંવાર વિચાર થાય મનમાં શો સાર સંસારમાં ?
સાયંકાલવિષે મળે સહજમાં જેવાં બધાં પંખિઓ,
તેવાં કર્મબલે મળ્યાં સહજમાં સર્વત્ર સંબંધિઓ;
આ જાયા જનની અને જનક તે જાણ્યાં અહંકારમાં,
વારંવાર વિચાર થાય મનમાં શો સાર સંસારમાં ?
ઇશોના અવતાર તેપણ સદા બંધાય છે એવડા,
અજ્ઞાની અડબોથ ઠોઠ સઘળા ત્યાં આપણે કેવડા ?
કોને કોણ કહે અથાગ પસર્યું અંધેર આચારમાં,
વારંવાર વિચાર થાય મનમાં શો સાર સંસારમાં ?
જે જે ભાવ જણાય આ જગતના તે તે નથી આપણા,
અજ્ઞાને સઘળાં બને મનવિષે સંતાપનાં તાપણાં,
લેવાને યમદૂત જીવ જનના બેઠા રહે બારમાં,
વારંવાર વિચાર થાય મનમાં શો સાર સંસારમાં ?

દોહરો.

વારંવાર વિચારતાં, વાર ન લાગ્યો લેશ;
એથી કેશવ અંતરે, આવ્યો છે આવેશ.

ए सार संसारमां.

शार्दूलविक्रीडित.

પ્રેમે થાય પરોપકાર પરનો સદ્ધર્મને પાળતાં,
લાગે આત્મસમાન સર્વ મનમાં સંભાળથી ભાળતાં;
કીર્તિ પ્રાપ્ત કરાય જાય સુખમાં આયુષ્ય આ પારમાં,
વારંવાર વિચાર થાય મનમાં એ સાર સંસારમાં.
વારંવાર ન જન્મ કે મરણને લેવાં પડે લોકમાં,
નિઃશ્વાસો ન ભરાય અંતરવિષે સંતાપ કે શોકમાં;
પોતે ઇશ્વરમાં મળી મન રહે જે શાન્ત આકારમાં,
વારંવાર વિચાર થાય મનમાં એ સાર સંસારમાં.
ભૂતપ્રાણિવિષે દયા પ્રતિદિને ને વશ્ય વાણી–મન,
રાગ દ્વેષ તજાય થાય સહુમાં પૂરૂં પ્રતાપી તન;
દીનોને ધન ધામ દાન કરવા સંભાર ભંડારમાં,
વારંવાર વિચાર થાય મનમાં એ સાર સંસારમાં.

परिचित स्वार्थ.

स्रग्धरा.

કાકા મામા કહ્યાના પરિચય પણ તે કામ કાંઈ ન લાગે,
સ્નેહી સંબંધિઓનાં વિનયવચનથી ભૂખ ભાઇ ન ભાગે;
વિદ્યા–વાણીવિનોદે ઘડિક રસ રહે સ્વાર્થમાં સર્વ શૂરા,
મોટા મોટા વિચારો અતિ પરવશતાથી રહે છે અધૂરા;
પ્રેમી મિત્રો પવિત્રો ધન જન બલ જો હોય તો સર્વ થાય,
આવે આપત્તિ કોઇ સકલ સમવચી દેખતાં દૂર જાય;
અંતે છે કોણ કોનું તન પણ તજતાં લાજ લેશે ન રાખે,
આ સંસારે અસારે અનુભવ સઘળો થાય છે એક આંખે.

केम कमल गयुं करमाई ?

होरी.

કેમ કમલ ગયું કરમાઈ? કેવું કૌતુક કેવી નવાઈ? કેમ૦
જેને જોઈ નયન નિત્ય ઠરતાં, હૃદય રહી હરખાઈ;
આનંદ આનંદ તન મન થાતાં, અંતરમાં ઉભરાઈ;
ધમકમાંહિ રે'તા ધરાઇ;— કેમ૦

પૂર્ણ સરોવર શીતલ શોભે, સંભાળ ભારે રખાઈ;
આદિત્ય–ઉદયસમય સુખકારક પીડા ન લેશ પરાઈ;
કારણ અન્ય તેવું ન કાંઈ:— કેમ૦
મૂલ તળે અતિશય છે ઉંડાં, તાણ્યાં ન જાય તણાઇ;
નાલ નિરોગી વિશાલ વધેલાં, પાન રહ્યાં પથરાઇ;
શોભે રોજનાથી સવાઇ;— કેમ૦
જલહલ તેજ તમામ હતું તે, હાય ગયું છે હરાઇ;
ભ્રમર ભમી ગુંજાર કરે છે, ભોળપણે ભરમાઇ;
કેશવ મન જાય મુંઝાઈ;— કેમ૦

આ સંસારવિષે અરે અવતરી જાણ્યા ન માણ્યા જરા.

શાર્દૂલવિક્રીડિત.

આવે રોજ વિરોધ કારણવિના સંકોચ સંબંધમાં,
આશાપાશ અપાર લાલચ વડે બાંધે બધે બંધમાં;
ખોટા વૈભવ ભોગ આખર સુધી ખાંતે મનાયા ખરા,
આ સંસારવિષે અરે અવતરી જાણ્યા ન માણ્યા જરા.
વિદ્યાભ્યાસ ન થાય જીવન વૃથા તે જાય જંજાલમાં,
આસ્થા અંતરમાં રખાય અદકી આ આળપંપાળમાં;
પુણ્યે પ્રીતિ ન થાય ને ન સુધરે ધર્મો બધા પાધરા,
આ સંસારવિષે અરે અવતરી જાણ્યા ન માણ્યા જરા.
કામ ક્રોધ વિરોધ રોજ રગડે લોભે ટળે લક્ષણો,
સંસાર વ્યવહારમાં પલ પલે સંતાપ લાગે ઘણો;
આધ્યાત્માદિક તાપ અંતરવિષે લાગ્યા કરે આકરા,
આ સંસારવિષે અરે અવતરી જાણ્યા ન માણ્યા જરા.
પોતાના પુરૂષાર્થ પાર ન પડે વિઘ્નો નડે તેવડે,
આધિ વ્યાધિ ઉપાધિઓ અધવચે અત્યંત આવી પડે;
ભૂંડા ભોગવિલાસને વલખતાં સત્કીર્તિના કાંકરા,
આ સંસારવિષે અરે અવતરી જાણ્યા ન માણ્યા જરા.
ધાટાળાં ઘરબાર દાર સુત કો સારાં નહીં સાંપડે,
કાયા આ કરમાય ભૂખ–તરસે પાણી પડે પાંપણે;

પાળી પિંડ સદૈવ પેટવડિએ રે વીસરે શ્રીહરિ.
આ સંસારવિષે અરે અવતરી જાણ્યા ન માણ્યા જરી.
ખોયું બાલપણું બધું રમતમાં અજ્ઞાનથી આથડી,
વીતાડી વિષયોવિષે તરૂણતા સ્ત્રીસંગને સાંપડી;
કાલક્ષેપ વૃથા કરાય પરની કીધા કરી ચાકરી.
આ સંસારવિષે અરે અવતરી જાણ્યા ન માણ્યા જરી.
પ્રેમે થાય પરોપકાર ન કશો નિષ્ઠા નહીં નીતિએ,
ચિંતાએ વિફરેલ ચિત્ત ન રહે રાજી કશી રીતિએ;
નૌકા નૌતમ પામતાં ન પરને તારાય પોતે તરી,
આ સંસારવિષે અરે અવતરી જાણ્યા ન માણ્યા જરી.

कौतुक कयां कहीए ? मनमांहि विचारी रहीए.

मराठी चालनी साखी.

કોતુક કયાં કહિએ, મનમાંહિ વિચારી રહિએ.
ભવાટવીમાં ભટકી ભટકી, કેવલ પાપ કમાયા;
ઉપર તાપ તળાં અણવાણાં, ક્યાંહિ ન શીતલ છાયા; કો૦
સ્વાર્થતણી સાંકળ સઘળાને, બલથી બાંધે બવળા,
અનુભવ થાય વળી તેમાંથી, આખર અવળા સવળા; કો૦
સાચાં કયાં સંબંધ સગાઈ, ભૂંગળવગર ભવાઇ,
યત્નવડે રક્ષણ કરતાં પણ, જાય વચ્ચે વણસાઈ; કો૦
વિપત્તિઓ આવી પડવાથી, અથવા અડચણ નડતાં,
પ્રૌઢ પ્રેમ અને પરિચય પણ, પેખો પાંખાં પડતાં; કો૦
ક્ષણભંગુર સંસારવિષે છે ક્ષણભંગુર આ કાયા,
તોપણ મારૂં તારૂં કરતાં, માનવ જાય મરાયા; કો૦
પરિણામે વિષ જેવા વિષયો, મન અમૃત સમ માને,
બોધ વિરોધ શોધ્ય પણ સઘળા, કોણ ધરેછે કાને ? કો૦
સ્વપ્નસમાન નિરખિએ સઘળું, પણ મેલાય ન માયા,
અજ્ઞાને અંજાઈ જઇને, મૃગજલ લેવા ધાયા; કો૦
સદ્‌ગુણ દુર્ગુણ કાંઈ ન સૂઝે, ધર્મ કર્મનું તેવું,
કૂડ કપટ કંકાસ ભરેલું, સઘળું લેવું દેવું; કો૦

રાગ દ્વેષ હર્ષને શોકે, નયને પડતાં પાણી;
સુખ સંતોષ ભરેલી ભારે, ક્યાંહિ ન સુણિએ વાણી; કે૦
મન ખોટું માયા પણ ખોટી. નામરૂપ પણ ખોટાં;
આ ખોટામાં, સઘળાં ખોટાં, કો નાનાં કો મોટાં; કો૦
શોધ્યા **કેશવ** હરિને હેતે, પણ લાગ્યા નહિ હાથે;
જાવું અંતે જગત્ તજીને, કોઇ ન આવે સાથે; કો૦

ભોળાપણાના ભાવમાં આ ભૂલ શી થઈ ?

માઢ.

ભોળાપણાના ભાવમાં આ ભૂલ શી થઈ?
વાંસે વિશેષ વિચારવાની વાત કયાં રહી ?

મન ભૂલ્યું ઇન્દ્રિય પણ ભૂલી મતિ ભૂલી મરડાઈ;
કામ ન આવી કાંઈ કુશલતા, સમજણ ક્યાંહિ સમાઇ—રે આ૦
વિદ્યા વિનય થયાં પણ તેનાં, ત્યાં બીજી શી વાત ?
સુજન શિરોમણી હું કહેવાયો, પામરમાં પ્રખ્યાતઃ— રે આ૦
આ તે શી ઈશ્વરની માયા ડાહ્યા ને દુઃખ દેણ ?
મોહ કરી ભૂલાવે ભવમાં, કોને કહેવું કે'ણ ?— રે આ૦
ચતુર ભલે ઘોડાચડ પણ તે, ચૂકે તો લત ખાય;
આ સંસારતણા વિષયોમાં એમ બધાને થાય; રે આ૦
એક પગથિઉં ચૂકી જાતાં, બીજું પણ ચૂકાય;
આ વશમા વ્યવહારવિષે પણ, અનુભવ એવો થાય;— રે આ૦
દેવ અને દાનવ પણ ભૂલે ભૂલે સંત સુજાણ;
શું કરવું આ જગત્ પ્રથમથી, ભૂલતણી છે ખાણ;— રે આ૦
શો સંકોચ ધરે મન મારા તારાં તેવાં પાપ;
અનુભવ તે તું કર્મબલેથી, પામ ભલે પરિતાપ;— રે આ૦
જેમ થયું તેમ ગણી સારૂં, સમજુ શોક સમાવ;
કેશવ હરિના નામરટણથી, સુખ સંતોષ જમાવ;— રે આ૦

कोटि उपाय करो पण भविष्य फरतुं नथी.

इंद्रविजय.

જે કરિએ સુખરૂપ ઉપાય ન તે સુખરૂપ થઇ સુખ આપે,
સંકટના હરનાર નિરંતર તે પણ સંકટ કોઇ ન કાપે;
લાભ અને યશ હાથ રહે નહિ ફોકટ યત્ન સમગ્ર જવાનું,
કોટિ ઉપાય કરો પણ **કેશવ** ભાવિ ભવિષ્ય નહીં મટવાનું.
કોઇ કરે ઉપવાસ અને શુભ ભોજન કોઈ અનેક જમે છે,
કોઈ વને રખડે રઝળે વળિ કોઈ સદા સુખમાંહિ રમે છે;
કોઈ કરે સુખપાલ સવારી સહાયક પ્યાદલ કોઇ થવાનું,
કોટિ ઉપાય કરો પણ **કેશવ** ભાવિ ભવિષ્ય નહીં મટવાનું.
કોઈ સુવે સરદાર બની શુભ છત્રપલંગવિષે પરવારી,
કોઈ કરે ધરતીપર ફાટલ માંકડ ચાંચડમાંહી પથારી;
કોઈ હસે સુખસંપતથી બહુ દુઃખ રૂવે વળિ કોઈ દશાનું,
કોટિ ઉપાય કરો પણ **કેશવ** ભાવિ ભવિષ્ય નહીં મટવાનું,
કોઇની પાસ બદામ ન હોય અને કદિ કોઈ બને ધનવાળો,
કોઈ બને ગુણથી અતિ ઉજ્જવલ પાપથિ કોઇ પડે બહુ કાળો;
ચિત્રવિચિત્ર બધી રચના છતરાઈ રહી નહિ તે પણ છાનું,
કોટિ ઉપાય કરો પણ **કેશવ** ભાવિ ભવિષ્ય નહીં મટવાનું.
કોઈ દયાળુ કરે ઉપકાર અને વળિ કોઈ બને અપકારી,
કોઇ બને નરનાયક લાયક કોઈ બને વળિ ભક્ત ભિખારી;
કોઈ લહે અપમાન અપાર અચાનક કોઈ સુમાન મજાનું,
કોટિ ઉપાય કરો પણ **કેશવ** ભાવિ ભવિષ્ય નહીં મટવાનું.
અંતર કોમલ હોય નિરંતર રોજ રિબાઇ રિબાઈ રડે છે,
આધિ ઉપાધિ અનેક વિવેક છતાં છડ ઉપર આવી નડે છે;
કયાં ધન યૌવન પુત્ર કલત્ર પવિત્ર અને સુખ માતપિતાનું,
કોટિ ઉપાય કરો પણ **કેશવ** ભાવિ ભવિષ્ય નહીં મટવાનું.
આથડવું પડવું રડવું મરવું ડરવું સહુને શિર આવે,
સદ્‌ગુણ દુર્ગુણ ભાવ અભાવ વિવેક વિચાર ન કોઈ બતાવે;
ડાંપણુ બાપણુ ખાંપણુ લાયક હોય ન ઓસડ કોઈ કવાનું,
કોટિ ઉપાય કરો પણ **કેશવ** ભાવિ ભવિષ્ય નહીં મટવાનું.

અંતરમાંહિ રખાય નિરંતર જે સુખની અતિ અદ્ભુત આશા,
તે સુખ સ્વપ્નવિષે પણ દુર્લભ આખર સાર ઘણાય તપાસ્યા;
કાલ અરે વિકરાલ ધરે કર ફોકટ ત્યાં બલ દેવ દવાનું,
કોટિ ઉપાય કરો પણ **કેશવ** ભાવિ ભવિષ્ય નહીં મટવાનું.

મનઃકલ્પિત સૃષ્ટિ અને આત્મબોધ.

ઈશ્વરવિવાહનો ઢાળ.

*સાર જાણવાતણો વિચાર કોકમાં રે,
હોય છે હજારમાંહિ માત્ર કોકમાં રે. સાર૦
જુવો જે જે તમે રચના બધી રે,
તે મનના સંકલ્પથી થઈ બધી રે.— સાર૦
જગતજાલ આ વિશાલ સર્વ તેવડે રે,
પુત્ર ને કલત્ર મિત્ર સર્વ એ ધડે રે. સાર૦
જન્મ–મરણ છે નહીં તથાપિ તે કરે રે,
વાસનાવડે વિચિત્ર વેશને ધરે રે. સાર૦
સ્વપ્નરૂપ સર્વ શું વધૂ વખાણિએ રે,
સત્યમાની લીધું બધુંય પ્રાણિએ રે. સાર૦
કોઇ કોઇને નથી જ કામ લાગતું રે,
તે જણાય છે બધેય ઢોલ વાગતું રે. સાર૦
ધામ ધરા સર્વ ધૂળરૂપ થાય છે રે,
માન ને મમત્વ કોણ લઇ જાય છે રે. સાર૦
ધરે ભાવ નિત્ય ચિત્ત મન ભાવતો રે,
પાર પ્રાણ જાય તોય નથી આવતો રે. સાર૦
ઇંદ્રિજાલ એક આ અહો વિચિત્ર છે રે,
અધિષ્ઠાનમાંહિ ભીંતપર ચિત્ર છે રે. સાર૦
દ્વંદ્વ ધર્મ કર્મ ચિત્ત કલ્પના કરે રે,
કાંઇ છે નહીં કદાપિ ચિત્ત જો મરે રે. સાર૦

---

* "मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये" એ ગીતાના શ્લોકાર્ધ ઉપરથી. ૧૯૪૫, અશાડ. લિ૦ કર્તા.

ઇન્દ્રજાલ આ વિશાલ તો અપાર છે રે,
તત્ત્વ શોધવું સદૈવ એજ સાર છે રે; સાર૦
માનિએ મને સદૈવ તેમ થાય છે રે,
દ્વૈતભાવ રાખવા થકી ડરાય છે રે; સાર૦
નિત્યશુદ્ધ બ્રહ્મ સ્વપ્રકાશ એક છે રે,
ઓળખાય એમ તોજ તે વિવેક છે રે; સાર૦
અધિષ્ઠાનમાં વિવર્તભાવ થાયછે રે,
બોધથી વિરોધ સર્વ ટળી જાયછે રે; સાર૦
ઉર્મિઓ સમુદ્રમાંહિ જેમ ઉઠશે રે,
તેમ ચલન એક અધિષ્ઠાનમાં થશે રે; સાર૦
કાંઇ હોય તે બધુંય બ્રહ્મ જાણિએ રે,
તર્ક કે વિતર્ક અંતરે ન આણિએ રે; સાર૦
ધર્મ-કર્મ નિત્યનાં પવિત્ર પાળિએ રે,
નીતિરીતિમાં વિચાર નિત્ય વાળિએ રે; સાર૦
સમય જાય તે ફરી ફરી નહીં વળે રે,
માન ને મમત્વમાંહિ સાર શું વળે રે; સાર૦
જાય બંધ-મોક્ષ તે ઉપાય આદરો રે,
શોક શાન્ત થાય તેજ પંથ પાધરો રે; સાર૦
છિએ **કેશવ** હરિ એક નિત્ય આપણે રે,
બંધ મોક્ષ દૂર થાય એક ડાંપણે રે. સાર૦

આ સંસારે અણસમજણે ક્લેશ વિશ્લેષ થાય.

મંદાક્રાંતા.

સારાં સારાં સકલ કુલ તે નાશ પામી ગયાં છે,
ભારે ભારે ભુવન સઘળાં ધૂળધાણી થયાં છે;
પૂરે પાપે પરમ સુખનાં સાધનો સંકડાય,
આ સંસારે અણસમજણે કલેશ વિશ્લેષ થાય.
વિદ્યા વંઠે વિનય વિસરે બોધમાં રોધ આવે,
આધિવ્યાધિ પ્રતિદિન વધે અન્ન ભાવે ન ભાવે;

શ્રીમંતાઈ સુખ કુશલતા થાય જોતાં વિદાય,
આ સંસારે અણસમજણે કલેશ વિશ્લેષ થાય.
સંભારો ને યદુકુલ અને કૌરવો પાંડવોને,
એની સત્તા ધન જનવિષે હોય સંદેહ કોને ?
નાના મોટા કુશલ નર તે ભ્રાંતિભૂતે ભમાય,
આ સંસારે અણસમજણે કલેશ વિશ્લેષ થાય.
કામ-ક્રોધે કપટ કરતાં લોભ-મોહે લદાય,
શાણા રાણા સુભગ નરની હાય તૂટે સહાય;
કાયામાંથી કનકવરણી કાન્તિ ને શાન્તિ જાય,
આ સંસારે અણસમજણે કલેશ વિશ્લેષ થાય.
કોનાં છે આ ધન જન ધરા સ્વપ્નના ખેલ જેવાં,
વાડી ગાડી સરસ ભુવનો સર્વ સંબંધી તેવાં;
'હું' 'મારૂં' એ પરમ મમતામાંહિ મિથ્યા મરાય,
આ સંસારે અણસમજણે કલેશ વિશ્લેષ થાય.

બોધ.

अनुष्टुप्.

પશુ પક્ષી મનુષ્યોમાં, અવતાર ઘણા થયા;
વસંત ગ્રીષ્મ શિશિર, વીતી કાલ ઘણા ગયા.
ભોગવ્યા ભાવથી ભોગ, તોય ભૂખ ટળી નહીં;
લાખો જન્મ વળી લીધા, તોય લાજ વળી નહીં.
બહાર વિષયો મેલી, અંતરે શાંન્તિ જો થશે;
વિદ્યા વિનયને યોગે, અવિવેક ટળી જશે.
આશાતૃષ્ણા કરી દૂર, હવે તો હરિને ભજો;
માયાને તરવા માટે, મમત્વ મનનું તજો.

मृत्युविषे विचार.

चोपाइनी चाल.

કાલ કોઈ પ્રકારે ન છોડે, સુખ સબંધ આખર તોડે;
કોઈ જન્મ થતાં વેંત જાય, કોઈ ગર્ભમાંહીથી મરાય.

કોઈ પાંચ અને પચવીશે, કોઈ કાલ ગળે છે મીશે;
કોઈ ચાળીશ કોઈ પચાશે, એમ રે'તું નથી કોઈ વાંસે,
કુલજાતિ નહિ કાલ જાણે, તાણી જાય બધાંને પરાણે;
શોક થાય અરે કેમ કરિએ ? આંસુ ખેરતાં આખર મરિએ.

जन्मगांठना उत्सवविषे.

दोहरो.

જન્મગાંઠના હર્ષમાં, ખાય બજાવે ગાય,
પણ પામર સમજે નહિ, દિવસ ગાંઠનો જાય.
દિવસ માસ વર્ષો જતાં, વયમાં નિત્ય વધાય;
સૂક્ષ્મરીતિથી નિરખતાં, આયુષ ઓછું થાય.

अज्ञानना आवरणमां खोया बधा दिनखेलमां.

हारिगीत.

જન્મ્યા પછી માતાપિતાના અંગપર આળોટતાં,
નાના પ્રકારતણી રમતમાં એક ચિત્તે ચોંટતાં;
રમતા અને ભમતા સદા ગમતા બધાને ગેલમાં,
અજ્ઞાનના આવરણમાં ખોયા બધા દિન ખેલમાં.
ગેંડીદડા ભારે ભમરડા ચોર આંખમિંચામણી,
નાગેરિયા ગોફણ તની મલકુસ્તિની ક્રીડા ઘણી;
કજિયા અને કંકાસ કીધા મૂર્ખતાના મ્હેલમાં,
અજ્ઞાનના આવરણમાં ખોયા બધા દિન ખેલમાં.
વયમાં વધ્યા વ્યવહાર ને વ્યાપારમાં પ્રેમે પડ્યા,
શીખ્યા ન શીખ્યા કામ કરતાં ચિત્તમાં વિષયો ચડ્યા;
માણી ગમે તે મોજમાં છેલી ગયા બહુ છેલમાં,
અજ્ઞાનના આવરણમાં ખોયા બધા દિન ખેલમાં.
વનખેલ માટે ખૂબ રઝળ્યા ઝાડના બહુ ઝુંડમાં,
નાળા નદીમાં વાવમાં ને કમલવાળા કુંડમાં;
ડાંપણ ઘણું દીઠું સદા બહુ દોષથી બગડેલમાં,
અજ્ઞાનના આવરણમાં ખોયા બધા દિન ખેલમાં.

પુત્ર પ્રિયાના પ્રેમમાં ને પેટની પંચાતમાં,
નવરાસનું નામે ન લાધે વિવિધ વશમી વાતમાં;
લુચ્ચાઇને ચતુરાઇમાં ફેલી ગયા બહુ ફેલમાં,
અજ્ઞાનના આવરણુમાં ખોયા બધા દિન ખેલમાં.
વિદ્યા ભણ્યાથી વાદ ધન મળવાથકી મદ થાયછે,
અધિકારની સત્તા વળી વિપરીત તાણી જાયછે;
માનું ન ફેર મનુષ્યમાં ને બુદ્ધિહીણા બેલમાં,
અજ્ઞાનના આવરણુમાં ખોયા બધા દિન ખેલમાં.
સુખ ભોગના બહુ શોધમાં આયુષ્ય એળે જાય છે,
સુખના ઉપાયોમાંહિથી પણ દુઃખ વધતાં જાય છે;
સમજણવિના જન સર્વ ઠેબાં ખાય ઠેલાઠેલમાં,
અજ્ઞાનના આવરણુમાં ખોયા બધા દિન ખેલમાં.
બાલક અવસ્થા બાલપણની બુદ્ધિમાં વીતી ગઇ,
યૌવન ગયું યુવતીવિષે છલભેદમાં છીતી રહી;
વૃદ્ધા–અવસ્થામાંહિ તો જન હોય જાણે જેલમાં,
અજ્ઞાનના આવરણુમાં ખોયા બધા દિન ખેલમાં.
હીરો ચડેલો હાથમાં ભૂલી ગયા બેભાનમાં,
શુભ ધર્મ કર્મ વિચાર કે નહિ ભાવ પણ ભગવાનમાં;
સમજી ન લીધો ઓથ શુભ સત્સંગ શીતલ વેલમાં,
અજ્ઞાનના આવરણુમાં ખોયા બધા દિન ખેલમાં.
શમ–દમ સરલતા સાચવો શુભ રીત સમજી સાનમાં,
પુણ્યે પ્રણુય ને પ્રૌઢતા દઢભાવ નીતિનિદાનમાં;
દેખાય **કેશવ** એક હરિ આનંદસાગર સ્હેલમાં,
તો તો અરે સંસારમાં ખોયા નથી દિન ખેલમાં.

જીવને બોધ

શિખરિણી.

હજી શું તું સૂતો સમજણુ વિના આ સમયમાં ?
થશે સારૂં શાથી સ્મરણુ કર શાણા હૃદયમાં.

પછીથી પસ્તાશે પરવશ દશામાંહિ પડતાં,
મહાપાપે તાપે લવ પણ ન વિશ્રામ જડતાં.
ઘણો શું ગુંચાયો સુત–સહચરીરૂપ ઘરમાં,
ભમાઇને ભાઇ ઉદય કરવાનું વિસરમાં;
છકી છંદાયો છો છલ–કપટમાં કામ કરતો,
જશે ક્યાં તું નાશી ? મરણભયથી દુષ્ટ ડરતો.
જરા જોને જાગી અવસર મળ્યો છે ઉદયનો,
ભરોંસો શો સાચો ધન જન ધરા ધામ વયનો;
વિલાસે વિશ્વાસે સુખ સરસ માની ભટકમાં,
અહંતાના તારે કુશલ કરવાથી અટકમાં.
તજી મારૂં તારૂં ભવભય જવા ભાવ ધરતાં,
સદા પૂરે પ્રેમે જપ તપ સદાચાર કરતાં;
વિચારીને ચિત્તે વિષમ વિષયાસ્વાદ વિસરી,
વિવેકે વૈરાગ્યે કર શરણ તું **કેશવ** હરિ.

प्रभुविना कोईथी कशुं दुःख कपाय ?

उपजाति.

અંગે અતિ આધિ ઉપાધિ આવે, કે દૈવનો કોપ કદી રિબાવે;
પીડા જુવે પાસ રહી બધાય, ન કોઇથી દુઃખ કશું કપાય.
અનેક ઇષ્ટ પ્રિયને વિયોગે, વઢાયછે અંતર ભાગ્યભોગે;
દુઃખે કદી દૂર રહી રડાય, ન કોઇથી દુઃખ કશું કપાય.
માતા પિતા પુત્ર કલત્ર મિત્ર, પતિ પ્રિયા પ્રાણસખી પવિત્ર;
ટોળે મળી સર્વ ભલે ભરાય, ન કોઇથી દુઃખ કશું કપાય.
ભલા ભલા હોય ઘણાય ભાઈ, સ્નેહી સગાં બેન બનેવિ બાઇ;
અન્તે નકામો શ્રમ સર્વ જાય, ન કોઈથી દુઃખ કશું કપાય.
કૃપા કરે **કેશવરામ** જેને, તૈયાર છે સર્વ સહાય તેને;
જો પૂર્વના પુણ્ય પ્રકાશ થાય, તો સર્વથી દુઃખ બધાં કપાય.

मींदडुं काढतां उंट पेठुं.

झुलणा.

દુઃખથી છૂટવા દેહ છેલ્લો ધર્યો વાત ભૂલાય તે અજ્ઞભાવે,
કામ ને ક્રોધ ને લોભના પાશમાં દુઃખ છે તોય આનંદ આવે;
પાપનાં કર્મ બંધાયછે એવડાં હાય હૈયું વધું જાય હેઠું,
ઉદયને ઇચ્છતાં અસ્ત આવી ગયો મીંદડું કાઢતાં ઉંટ પેઠું.
ધર્મ ને કર્મને કોઇ સમજે નહીં નીતિની રીતિથી અજ્ઞ જેવા,
દેશ બદલી ગયો વેશ બદલી ગયો કોઇ કરતા નથી દેવસેવા;
સુધરવા જાય પણ બગડતા જાય છે એક બીજાતણું ખાય એઠું,
હાય માડી દશા દેશની થાય છે મીંદડું કાઢતાં ઉંટ પેઠું.
શાસ્ત્રની વાતને સાંભળે કોણ છે કોણ અભ્યાસનો ભેદ જાણે,
શું સદાચાર તે વાત સમજે નહીં રાગને રંગમાં ખૂબ માણે;
ઉપર શુભ દેખિએ માંહિ દુસ્સંગ છે છંદમાં છાબડું છેક એઠું,
ડુંગળી ખાસડાં બેય ખમવાં પડે મીંદડું કાઢતાં ઉંટ પેઠું.

कनक अने कामिनीनो महिमा.

(નાથ કૈસે ગજકા બંધ છુડાયો.) એ રાગ.

કનક કામિનીથી નથી કોણ મોહ્યા ?
દેવ દાનવ માનવ જોયા;— કનક૦

વિદ્યા વિનય વિવેક ભરેલા, ભવસાગરના ભોંયા;
કાંચનને કામિનીને કાજે, રણવગડે જઇ રોયા; કનક૦

રાતદિવસ જપતપથી જેણે, અંતરના મલ ધોયા;
એવાએ અંજાઇ જઇને, લોક અલૌકિક ખોયા; કનક૦

રાગી વિરાગીને એણે, ઠોકર મારી ઠોયા;
દર્શનથી લલચાવી બહુને, પાપપંથમાં પ્રોયા; કનક૦

કેશવ હરિની કેવી માયા, બળિયાને પણ બોયા;
ગુણવાનોના ઉત્તમ ગુણને, પલમાં પ્રાણ વગોયા: કનક૦

विचारी चालवाविषे.

(જગત હૈ રેનકા સુપના) એ રાગ.

કઠણ છે કાલની કરણી, વિષમ સંસારની સરણી,
તણાણી જાયછે તરણી, વિચારી ચાલજે વ્હાલા.
ન ભરવા ભૂલના ભારા, સમજવા ધર્મના ધારા;
ખરૂં હિત હાથમાં તારા, વિચારી ચાલજે વ્હાલા.
અખિલમાં શું રહ્યો ખેલી ? મરી જાવું બધું મેલી;
છતી એ વાત છે છેલી, વિચારી ચાલજે વ્હાલા.
ઠગાઇ આ વૃથા ઠાઠે, ભરાઇ જઇશમાં ભાઠે;
સુકર્મેથી ચડયો કાંઠે, વિચારી ચાલજે વ્હાલા.
બધું ખાવું ખપી જાશે, પથિક તું શું પછી ખાશે ?
વિપદમાં પ્રાણ પસ્તાશે, વિચારી ચાલજે વ્હાલા.
રહેછે શત્રુઓ સંગે, રમેછે શું હજી રંગે ?
ભલા ભય રાખતો ભંગે, વિચારી ચાલજે વ્હાલા,
ખરીદીને ખરૂં ખંતે, જવું નિજ દેશમાં અંતે;
તણાતો તું રખે તંતે, વિચારી ચાલજે વ્હાલા.
બરાબર ખેલજે બાજી, થશે **હરિરામ** તો રાજી;
ન પાકે ભાટકયે ભાજી, વિચારી ચાલજે વ્હાલા.

मनुष्यने बोध.

भुजंगी.

હઠીલાઇમાં હોંશ ઝાઝી ધરોછો,
સદા સ્વાર્થથી કર્મ કૂડાં કરોછો;
તમારી દશા શી પછીથી થવાની ?
હવામાં દિવાની જુવાની જવાની.
ખરૂં ખોળવામાં રહો નિત્ય ખંતે,
રહો સદ્ગુણે સર્વદા સર્વ સંપે;
નથી કોઇના કોડ પૂરા થએલા,
બધા બુદ્ધિમંતોય બેશી રહેલા;

ન વીત્યાવિના દુઃખનું ભાન થાય,
ન જાણ્યાવિના ભ્રાંતિનું ભૂત જાય.
અમારાં અરે દૂરથી ગાત્ર કંપે,
નથી સાર જોતા જરાએ કુસંપે.

अन्ते कांई अचल नथी.

शिखरिणी.

દયાવાળા દેવો મુનિવર અને માનવ ગયા,
કયા રાજા રાણા બહુ બલવડે નિશ્ચલ રહ્યા?
તજી ચાલ્યા સર્વે વિવિધ વિભવો ભવ્ય ભુવન,
ભરોંસે શું ભૂલે નહિ અચલ અન્તે ત્રિભુવન.
યશસ્વી માંધાતા નૃપ નલ હરિશ્ચન્દ્ર સગર,
સિધાવ્યા મેલીને સહજ સુખ સંપત્તિ નગર,
કર્યું કૂડે કાલે ખબર ન પડે એમ અદન,
ભરોંસે શું ભૂલે નહિ અચલ અન્તે ત્રિભુવન.
શિબી શર્યાતિ ક્યાં ગયા પૃથુ અને રામસરખા,
હવે તું શું જોઈ જગત જનને હાલ હરખા?
અરે આ છે મિથ્યા કર મનવિષે કાંઈ મનન,
ભરોંસે શું ભૂલે નહિ અચલ અન્તે ત્રિભુવન.
સતી સીતા તારા દ્રુપદતનયા આજ ન મળે,
થયું ને થાવાનું જગત સઘળું ઉપર તળે;
શમાવાનાં સર્વે અવનિ જલ ને તેજ પવન,
ભરોંસે શું ભૂલે નહિ અચલ અન્તે ત્રિભુવન.
વિનાશી છે વ્હાલા ક્ષણિક વિષયોનાં સુખ ખરે,
નિહાળે જાતે તે પ્રણયવશ પ્રત્યક્ષ નજરે;
કરે કોની સાથે ધન જન ધરા ધામ ગમન?
ભરોંસે શું ભૂલે નહિ અચલ અન્તે ત્રિભુવન.
સ્ત્રી પુત્રો મિત્રો તે સકલ સુખ દેનાર ચપલ,
ફૂલાવાથી ફંદે લવ પણ નથી કેશવ ફલ;

સદા જોડી દે તું હરિચરણમાં ચંચલ મન,
ભરોંસે શું ભૂલે નહિ અચલ અન્તે ત્રિભુવન.

विषयोमां वैराग्य कठण छे.

हरिगीत.

જોયા ઘણા આ જગતમાં યોગી વિયોગી ભોગિઓ,
નિર્ધન દરિદ્રી દીનજન રડતા રખડતા રોગિઓ;
ઝીણી નજરથી નિરખતાં ધન ધામની તકરાર છે,
વિષયોવિષે વૈરાગ્ય તો તરવારની ખર ધાર છે,
સંસારસુખ સઘળું તજી વનવાસ કરવા જાય છે,
સઘળું ક્ષણિક જાણ્યાછતાં બલવાન પણ બંધાય છે;
શમ દમ અને શ્રદ્ધા તિતિક્ષા કામ શું કરનાર છે?
વિષયોવિષે વૈરાગ્ય તો તરવારની ખર ધાર છે.
તાણે ત્વરાથી ઇન્દ્રીઓ મનને મથી નિજ દેશમાં,
સાચું સ્મરણ વિસરાય છે અજ્ઞાનના આવેશમાં;
સાથે થયા ઉત્પન્ન કામ ક્રોધ ક્યાં જાનાર છે,
વિષયોવિષે વૈરાગ્ય તો તરવારની ખર ધાર છે.
મૃગજલસમાન સમગ્ર પણ આસક્તિ અન્તે છે ખરી,
બહુ થાય હૈયે હર્ષ શોક સદાય સુખ–દુ:ખે કરી;
મોહાંધ મનમાતંગને નર કોણ વશ કરનાર છે?
વિષયો વિષે વૈરાગ્ય તો તરવારની ખર ધાર છે;
સંસારના વ્યવહારમાં સુખ હોય સોમાં કોકને,
તો પણ વૃથા તૃષ્ણા વડે અતિલોભ લાગે લોકને;
વર કોણ કષ્ટવિના અનાથ વિરક્તિને વરનાર છે?
વિષયોવિષે વૈરાગ્ય તો તરવારની ખર ધાર છે.
શાસ્ત્રો પુરાણો વાંચનારા નીતિવંત ગણાય છે,
આ લોકમાં નહિ તો નક્કી પરલોકમાંહિ ગણાય છે;
સમુદાયમાં સિદ્ધાઇની વાતો ઘણા વદનાર છે,
વિષયોવિષે વૈરાગ્ય તો તરવારની ખર ધાર છે.

છે કોણ એવો કુશલ **કેશવ** કઠણ આવા કામમાં,
શંકા ન કરવી કોઇએ હરિભક્ત આત્મારામમાં;
શરા સદાચરણી મહા અભ્યાસથી ધરનાર છે,
વિષયોવિષે વૈરાગ્ય તો તરવારની ખર ધાર છે.

निःसार संसारमां एक सांधिए त्यां तेर तूटे.

झुलणा.

કાલના યોગની ખબર પડતી નથી કર્મના ખેલને કોણ જાણે?
બુદ્ધિબલઆદિ શુભ સાધનો સામટાં કામ આવે નહીં કોઈ ટાણે;
પાપની રાશિનો દોષ વધવાથકી પૂર્વનાં પુણ્યની ખાણ ખૂટે,
સાવ નિઃસાર આ હાય સંસારમાં સાંધિએ એક ત્યાં તેર તૂટે.
દુબળી ગાયને હોય ઝાઝી બગા દૂખતા અંગપર ઠેસ વાગે,
ભૂત ભાગી ગયું હોય નહિ ને વળી ઉલટું અંગમાં પલિત જાગે;
એકપર એક છે આધિઓ વ્યાધિઓ બંધનો એવડાં કેમ છૂટે?
સાવ નિઃસાર આ હાય સંસારમાં સાંધિએ એક ત્યાં તેર તૂટે.
અનુભવી હોય તે જાય સમજી બધું અજ્ઞને થાય સંદેહ મોટો,
હોય અભિમાનનો હેતુ કદિ હાથમાં તોય તે માર્ગ છે છેક ખોટો.
કામ ને ક્રોધ ને લોભ ને મોહ તે વીરતા ધીરતા ધર્મ લૂંટે,
સાવ નિઃસાર આ હાય સંસારમાં સાંધિએ એક ત્યાં તેર તૂટે.
હોય આશા ઘણી અંતરે તોયપણ થાયછે હાય તે ધૂળધાણી,
સૂલટું સાંધતાં ઉલટું થાય છે સર્વ પરતંત્રતા જાય તાણી,
શોક કરવાથકી શોક બાકી રહે કાલના યોગથી કર્મ ફૂટે,
સાવ નિઃસાર આ હાય સંસારમાં સાંધિએ એક ત્યાં તેર તૂટે.

आ सुना संसारमां मारुं कोई नथी.

ઓધવજીના મહિનાનો રાગ.

કોઈ નથી મારૂં સૂના સંસારમાં,
વૈરાગી થઇને મેં લીધો વેશજો;
ભાગ્યવિના ભાવેથી આજ ભજાવતાં,
તાણી બાંધ્યામાં નહિ સાર વિશેષજો. કો૦

સુખ આપી ન શકું તુંને સંસારનું,
પ્રેમ વડે અંતરમાં ઉપજે તાપ જો;
અંતર્યામી ઇશ્વર તે જાણે બધું.
પૂરાં પાકયાં પૂર્વજન્મનાં પાપ જો; કો૦
ચાલ્યા જાવામાં પણ બાધ ગણાય છે,
જ્યાં જાવું ત્યાં સાથે હોય શરીર જો;
મન મારી સુખ માનીને બેઠો રહું,
ભાવ ભર્યો અંતરમાં બહુ ગંભીર જો કો૦
શુદ્ધ હશે તે સાચા સુખનું ધામ છે,
નહિ તો નરકવિષે થાવાનો વાસ જો;
અહીં પણ રખડી રખડીને થાકી જશે,
તન–મનને થાવાનો અંતે ત્રાસ જો; કો૦
સંબંધી સ્નેહીનું ઝાઝું શું કહું ?
સંતોષ દઈ ન શકે તું પણ તેમ જો;
એથી અંતરમાં ઉત્પાત થયા કરે,
તુંજ કહે કે ત્યારે કરવું કેમ જો; કો૦
જેવો હું તેવો દેખું આ લોકને,
તે મુને લાગે છે મારો દોષ જો;
સ્નેહ અને સંબંધ પ્રમાણે ચાલતાં,
અવળું ફલ આપે અંતરમાં રોષ જો; કો૦
વિશ્વાસે વ્યવહાર બધો ચાલ્યા કરે,
હર્ષ–શોક પણ વિશ્વાસેજ પમાય જો;
એ વાતો સમજાવું કોને એકલો,
મનની વાતો મનમાં સર્વ સમાય જો; કો૦
સંપ અને સુખ મનમાંથી મુને ગળે,
વિદ્યા વિનય વિચારવિષે છે પ્રીત જો;
પણ સર્વે એવાં શી રીતે સાંપડે,
ગુણ–પ્રકૃતિની જુદી જુદી રીત જો; કો૦
શું કરવાથી અંતે ફલ સારૂં થશે,
ખબર પ્રથમથી ન પડે તે તલભાર જો;

નહિ તો સંકટ અણુધાર્યાં આવે નહિ,
સુગમ પડે છે શોધી લેવો સાર જો; કે૦
પ્રાણીમાત્ર વિચિત્ર રંગનાં સોગઠાં,
આ પૃથ્વી પરમેશ્વરની ચોપાટ જો;
કેશવ હરિ ખંતે ખેલે છે એકલો,
અંતરમાં શું કરિયે આજ ઉચાટ જો, કે૦

સંસારનો સાર.

ભૈરવી.

સાર મેં જાણ્યો હવે સંસારનો હે મિત્ર મારા.
ઇંદ્રિજાલ વિશાલ મોહ કરે અરે અજ્ઞાનિઓને,
ભાવ જે ઉભરાય તે તે છે બધા મનના ગબારા. સા૦
સ્વપ્ન અદ્દભુત આ બન્યું સાચું અને ખોટું નહીં તે;
દેખિએ તે ક્યાં રહે ધન ધામ સુત મિત્ર દારા. સા૦
જેમ જેવું માનીએ તેવી દશા દેખાય આંખે;
ભેદ શામાટે ધરૂં મૂર્ખાઇમાં સારા નઠારા? સા૦
હર્ષ ને ભય શોક શેનાં? માન ને મમતા ન મારે;
છે વૃથા વ્યવહાર ને પરમાર્થના સર્વે સુધારા. સા૦
કેમ આમ ન થાય હું કરનાર છું એવા વિચારો;
જે કરે મનમાંહિ તે દુઃખે દબાયા છે બિચારા. સા૦
વશ્ય ને પરવશ્યતામાં, ખેલ નાટકનો નિહાળું,
છે સદા આનંદ **કેશવ** પાદપદ્મે પ્રાણપ્યારા. સા૦

વિભાગ ત્રીજો

સમાપ્ત.

વિભાગ ૪ થો.

વ્યાવહારિક નીતિ—રીતિસંબંધો,

* પણ કોઈ શું સંસારમાં જીવન જરા આપી શકે?

હરિગીત.

છે કાલને આધીન સર્વે તે કશું નહિ જાણતા,
લક્ષ્મીતણા વૈભવવડે અત્યંત સુખને માણતા;
એ તે બિચારા શું કરે ચમચાવડે ચ્હા પી શકે,
પણ કોઇ શું સંસારમાં જીવન જરા આપી શકે !
તન મન અને વાણીવડે પીડે અહર્નિશ પ્રાણિને,
સંતોષ માને સર્વદા સંસારનાં સુખ માણિને;
ઝાઝું કરે તો સર્પની ફણ પગવતે દાબી શકે,
પણ કોઇ શું સંસારમાં જીવન જરા આપી શકે ?
પરમાર્થ કાજે પિંડ પોતાનો ખુવે પલવારમાં,
એવા મહાશુરા જનો દીઠા ઘણા સંસારમાં;
સાહસ કરે તો હેતથી હાથે હલાહલ પી શકે.
પણ કોઈ શું સંસારમાં જીવન જરા આપી શકે ?
આજે બનાવે આગગાડી ઇંજિનોથી ઓપતી,
બહુએ બનાવે આગબોટો બુદ્ધિશાલી જે અતિ;
કદિ અંતરીક્ષવિષે વિમાનો વેગથી ચલવી શકે,
પણ કોઈ શું સંસારમાં જીવન જરા આપી શકે
બહુ વીજળીના તાર ટેલીફોનને બાંધી શકે,
છેટે રહેલા દેશના સંબંધને સાંધી શકે;
ઉદ્યોગ કરતાં કોઈ દિન વરસાદ અટકાવી શકે,
પણ કોઈ શું સંસારમાં જીવન જરા આપી શકે ?
જલ અગ્નિને આધીન રાખે વાયુને વશ લે કરી,
તેનાવડે યંત્રો ચલાવે સ્થિર ન બેસે, ક્ષણ ઠરી;
પ્રેમે પ્રથકરણો કરી બહુ શોધ દર્શાવી શકે.

---

* બહુ રસિક છે અનુક્રમ પ્રમાણે નથી, તોપણ ઉતારી છે. લિ. કર્તા.

પણ કોઇ શું સંસારમાં જીવન જરા આપી શકે ?
પશુપક્ષિઓ ફૂલફૂલ ને વૃક્ષો વળી સુંદર કરે,
જેની ક્રિયા ને રૂપ જોતાં આપણું અંતર ઠરે;
પશુ–પક્ષિઓને કળ કરી અતિશય ચલાવી તો શકે,
પણ કોઈ શું સંસારમાં જીવન જરા આપી શકે ?
સ્થલ હોય ત્યાં તો જલ કરે જલ હોય ત્યાં તો સ્થલ કરે,
હિકમત કરી બળિઆ બને વનરાજ જેથી થરથરે;
નલિકાવિષે સર્વે ગ્રહો ગણુના ગણુના કરી લાવી શકે,
પણ કોઇ શું સંસારમાં જીવન જરા આપી શકે ?
ભારે ભયાનક જંગલોમાં ભટકતા ભૂખ્યા ફરે,
આહાર ઇચ્છા થાય તો તે ફૂલ કે ફલનો કરે;
તપ ઉગ્ર આરંભે કદી તો ધૂળ પણ ફાકી શકે,
પણ કોઇ શું સંસારમાં જીવન જરા આપી શકે ?
ઘરબારને મેલી દઇ વૈરાગ્યથી વનમાં રહે,
તપ તપી તડકાટાઢનાં દુ:ખો શરીરે સૌ સહે;
કદિ ખાઈ વનફલ–ફૂલ પણ પંચાગ્નિને તાપી શકે,
પણ કોઇ શું સંસારમાં જીવન જરા આપી શકે ?
ધનબલ અને જનબલ અને વળિ બુદ્ધિબલના યોગથી,
જીતી જનોને મેળવે જય કર્મના સંયોગથી;
કદિ ધર્મના પંથો અને સંસ્થાનને સ્થાપી શકે,
પણ કોઇ શું સંસારમાં જીવન જરા આપી શકે ?
જલ અગ્નિના સંયોગથી યંત્રો બને બહુ કામનાં,
લોકોપયોગી કામથી રહિ જાય રૂડી નામના;
ઔષધ અને રવિતેજથી પ્રતિબિંબને છાપી શકે,
પણ કોઇ શું સંસારમાં જીવન જરા આપી શકે ?
ભાવે ભણે વિદ્યા ભલી લક્ષ્મી કદી લાવે ઘણી,
શુરાતનેથી યત્ન કરતાં થાય ધરતીના ધણી;
કદિ દુ:ખ સઘળાં દીનનાં કરૂણા કરી કાપી શકે,
પણ કોઈ શું સંસારમાં જીવન જરા આપી શકે ?
નક્ષત્ર ગ્રહ તારા બધાં આકાશમાં ઓપે અતિ,
ત્યાં પણ કદિ પ્હોંચી શકે મતિમાનની મોટી મતિ;

વરસાદનાં બિંદુ પડે તે પણ કદી માપી શકે,
પણ કોઇ શું સંસારમાં જીવન જરા આપી શકે?
જનજાત પશુ–પક્ષીસહિત જે જમીનપર જગવાય છે,
વિસ્તાર તેનો જાણવામાં બુદ્ધિમંત ગણાય છે;
જલનિધિવિષે જલ કેટલું તેપણ કદી માપી શકે,
પણ કોઇ શું સંસારમાં જીવન જરા આપી શકે?

आ संसार असार करनारां काम शा कामनां?

शार्दूलविक्रीडित.

આંખે આંસુ પડે નડે હરઘડી ચિંતા કરાવે ઘણી,
શ્વાસે હોઠ સુકાય નિત્ય ન મળે વિશ્રામ લેશે ઘડી;
વર્ગોળા વશમા વળી નિરખવા લોકો મળે ગામનાં,
આ સંસાર અસાર સાવ કરનારાં કામ શાં કામનાં?
ચારે કોર સગાં કુટુંબ સઘળાં તાકે તિરસ્કારથી,
જીવ્યાથી મરવું ગમે પ્રતિદિને નિઃસાર સંસારથી;
નિંદે દુર્જન લોક સજ્જન હસે દુઃખો પડે દામનાં,
આ સંસાર અસાર સાવ કરનારાં કામ શા કામનાં?
માતા તાત સગાં સહોદર અને નારી ન રાજી રહે,
પુત્રો પ્રેમ તજે વધે વિકલતા લોકો કુવેણો કહે;
શ્વાસે લોહિ સુકાય હાય કરતાં કોડો કુડી કામના,
આ સંસાર અસાર સાવ કરનારાં કામ શા કામનાં?
આધિ–વ્યાધિ–ઉપાધિઓ મનવિષે સંતાપ આપ્યા કરે,
ભૂલી ભાન જતાં ખરે જગતમાં મૂર્ખાઇ ખાંતે વરે;
રાગ–દ્વેષથકી ન કીર્તન બને શ્રીરામનાં નામનાં,
આ સંસાર અસાર સાવ કરનારાં કામ શા કામનાં?
વારંવાર મરી જવું જનમવું સંસારના સાગરે,
જન્મીને પણ જાય આયુષ વૃથા તે આખરે ખર્ખરે;
સંભારાય ન સદ્‌ગુણો સુખ કરે એવા સુખે સ્યામનાં,
આ સંસાર અપાર સાવ કરનારાં કામ શા કામનાં?

પોતાને પરને પડે પ્રતિદિને પીડા ઘણી પાપથી,
સત્કર્મો ન બને બળે મન સદા સંસારના તાપથી;
લેશે પ્રેમ રહે નહિ જપ તપ સ્વાધ્યાય કે ધ્યાનમાં,
આ સંસાર અસાર સાવ કરનારાં કામ શા કામનાં?
આ લોકે બગડે બધું નરપણું ખોવાય ખાંતે કરી,
બીજો લોક બગાડનાર બનવું સંપૂર્ણ પાપે કરી;
નામો ન શ્રવણે પડે સુખતણાં કે લેશ આરામનાં,
આ સંસાર અસાર સાવ કરનારાં કામ શા કામનાં?

આ રીતથી ઉદય શું ન કરી શકાય ?

વસંતતિલકા.

ભાવે સદૈવ ભણવી શુભ શુદ્ધ ભાષા,
ચિત્તે સદૈવ ધરવી શુભ સર્વ આશા;
વાતોવિષે ન કદિ કાલ વૃથા કઢાય,
આ રીતથી ઉદય શું ન કરી શકાય?
ગાવાં નહિ વિષયનાં વિષરૂપ ગીત,
સારી સદાચરણની તજવી ન રીત;
બોલાય તેમ ક્રમથી સઘળું કરાય,
આ રીતથી ઉદય શું ન કરી શકાય?
નિદ્રા કરાય ધરતીપર કે પલંગે,
રાચે નહીં હૃદય નિત્ય નવીન રંગે;
કલ્યાણનાં કુશલ કામ કરે કરાય,
આ રીતથી ઉદય શું ન કરી શકાય?
પાસે ન હોય ઘડિઆળ પચીશ વાળી.
તેમાંહિ સાંકળ ન પીતળની રૂપાળી;
લાકીટ પાકિટ રૂમાલ નહિ રખાય,
આ રીતથી ઉદય શું ન કરી શકાય?
હાથે પગે ન ધરવાં પણ બૂટ-મોજાં,
લાગે ન કાલગતિના મનમાંહિ મોજાં;
પીઠાઇથી પરમ પંથવિષે ચલાય,

આ રીતથી ઉદય શું ન કરી શકાય ?
સાબુ સુગંધિ જલ તેલ તરે' તરે'નાં,
આંખેય દર્શન કદી ન કરાય એનાં;
શાન્ત સ્વભાવ કરિ ઉદ્યમ સર્વ થાય,
આ રીતથી ઉદય શું ન કરી શકાય ?
' ગુડમોર્નિંગ ' બદલે કરવા પ્રણામ,
ભૂલી જવાય નહિ ધર્મ અને સ્વધામ;
દેશી પદાર્થ પણ પ્રીતિથી વાપરાય,
આ રીતથી ઉદય શું ન કરી શકાય ?
ટાંગ્યાં નહીં કદી ગલાસ અને અરીસા,
ખાંતે કરી ખરચ ખાલિ કર્યાં ન ખીસા;
ધૈર્યે મળેલ ધનથી પરમાર્થ થાય,
આ રીતથી ઉદય શું ન કરી શકાય ?
છત્રી છડી છરિ અને ઘડિઆળ નાનાં,
ગાડી અને વિવિધ સાધન આ સમાનાં;
અંતે ઉપાધિમય અંતરમાં મનાય,
આ રીતથી ઉદય શું ન કરી શકાય ?
સંપત્તિ હોય પણ તે ઘટતે પ્રકારે,
યોગ્ય સ્થલે વિનયથી ઘટતે વિચારે;
પેદાશથી ન વધતી પણ વાપરાય,
આ રીતથી ઉદય શું ન કરી શકાય ?
સાદાઇ હોય તનમાં મનમાં વિશેષ,
ભારે ન હોય ભભકો ભ્રમરૂપ લેશ;
આસ્થા ન અંતરથકી અળગી કરાય,
આ રીતથી ઉદય શું ન કરી શકાય ?
સારી મનાય સઘળી શુભ નાતજાત,
ગોઠે ન લેશ પણ નૌતમ રીતભાત;
છાની ન કોઈ દિન છેલ છબી છપાય,
આ રીતથી ઉદય શું ન કરી શકાય ?
જોવા જવાય નહિ નાટકખેલ ખાસા,

નારીસમેત ન કદિ નિરખ્યા તમાસા;
ધર્માર્થકામપર આદર નિત્ય થાય,
આ રીતથી ઉદય શું ન કરી શકાય ?
ઇર્ષ્યા અસત્ય અવિવેક તજાય દૂર.
સૌજન્ય સત્ય સરલાઈતણી જરૂર;
વિદ્યાવિનોદ કરતાં દિનરાત જાય
આ રીતથી ઉદય શું ન કરી શકાય ?

શું આનું નામજ સુધરેલા ?

સુજનો સહુ કરો વિચાર. એ શું સુધરેલા ?
એથી વિપરીત જે હોય, કો' શું કુધરેલા ?
દેશ ફેરવે વેશ ફેરવે, કેશ ફેરવે કાડે રે;
સુજનપણું જાણે જલફામાં, કે વાકે અંબોડે;— એ શું૦
શિરપર શિખા ન રાખે ખાંતે, બહુએ ઓડે માથે રે;
હાલ ઘડી ન હજામ જડે તો, કરે હજામત હાથે;— એ શું૦
તનમાં તેલ ફૂલેલ લગાવે, ચીકટ ચળકે બાળ રે;
અથવા અત્તર અંગે રાખે, એશ બનાવે વેશ;— એ શું૦
નિત્ય સુગંધી સાબુ ચોળી, શિતલ જલથી ન્હાતા રે;
ચડી ખાટપર ખટપટ કરતા, ગીત વિષયના ગાતા;— એ શું૦
પિત્તાંબર સોનેરી પ્હેરી, લૂતા ડીલ દુશાલે રે;
જરનું જોર જણાવા કાજે, ઘણાં ઘરેણાં ઘાલે;— એ શું૦
વાંકી બ્હાંના કોટ કરાવે, કબજા પણ કસકસતા રે:
રીતભાત વ્યવહારથકી પણ, જાય ખરેખર ખસતા;— એ શું૦
પાટલૂન પણ પ્રીતે પ્હેરે, ભરતભરેલી ટોપી રે;
વીંટે ગળે ગળપટ્ટા ગાંડા, લાજ શરમને લોપી— એ શું૦
અંગરખાં અંગે અતિ અક્કડ ફુક્કડ ફેંટા માથે રે;
ધોએલાં ધોતિયાં પ્હેરતાં, કરે કડચલી હાથે;— એ શું૦
આંખ ભમરને મુખ ચઢાવી દર્પણમાં મુખ દેખે રે;
વિદ્વાનો ને વૃદ્ધજનોનું, લાયકપણું ન લેખે;— એ શું૦
છત્રી છડીઓ છચોક કરમાં, ચસમાં ચળકે આંખે રે;

માતપિતાઆદિગુરૂજનની, લગાર શરમ ન રાખે;— એ શું૦
પીતળની સાંકળીએ રાખે, ધુંજામાં ઘડિઆળ રે;
શોખવિષે સરખા સહુ દેખો, વૃદ્ધ તરૂણને બાલ;— એ શું૦
બુતાનવાળાં બદન બરાબર, તેપર ટાંકે ફીટ રે;
સાંકળીએ લાકીટ લટકતાં, વળી પાસે પાકીટ— એ શું૦
ટીલાં ટપકાં કરે કપાળે, આંખે આંજણ આંજે રે;
બગી બ્રુમમાં બેશી ફરવા, જાય સ્હવારે સાંજે;— એ શું૦
બેશ બૂટ પરદેશી પગમાં, મોજાં ધરી મજાનાં રે;
ચમચમ ચોપાટીપર ચાલે, છલમાં ન રહે છાના;— એ શું૦
નમન કર્યાની વાત ન સમજે, એક બીજાને મળતાં રે;
ઉચરે 'માઈ ડીઅર' મુખમાંથી, કરમેળવણી કરતાં,—એ શું૦
પેટે કર ફેરવી પલંગે, પોઢે પ્હોરે પ્હોરે રે;
વિષયતણી વાતે વળગેલા, ઘણાય ઉંઘે ઘોરે;— એ શું૦
ખાટ પલંગ ખુરશીએ બેસે, પાન પચીશક ચાવે રે;
પરદેશી ભાષાનું પ્રેમે, પ્રૌઢપણું પ્રકટાવે;— એ શું૦
ચ્હાપાણીના પ્યાલા પ્રેમે, પિએ મળી સહુ સાથે રે;
રૂમાલ હરદમ હાથ લુવાને, હોય અહર્નિશ હાથે;— એ શું૦
માલ બધા પરદેશી વોરે, ચોરે પરચતુરાઈ રે;
સંસારવિષે સાસરીઆની, સમજે સત્ય સગાઇ;— એ શું૦
પ્રિયાતણો કર પકડી પ્રેમે, નાચતમાસા નિરખે રે;
સારા નરતા શબ્દ સુણાવી, હરદમ હૈયે હરખે; એ શું૦
ઉપજથકી અદકું ખરચીને, માથે કરજ કરે છે રે;
ભૂતભરમની વાતે ભડકી, દિવસે જતાં ડરે છે; એ શું૦
પ્રિયાપ્રેમને પરવશ થઇને, ઘરમાં રહે ઘલાયા રે;
આ મારૂં આ તારૂં કરતાં, મેલી ન શકે માયા; એ શું૦
પિતાતણું ધન હોય ગાંઠમાં, તેથી કરતા તાનાં રે;
પ્રિયાસહિત પરવશતા પામી, છબી પડાવે છાનાં; એ શું૦
ગરમીના દિવસોને ગાળે, મહાબલેશ્વર જઇને રે;
દીનજનોપર ધ્યાન ન રાખે, ભણેલ ભારે થઇને; એ શું૦
ટેબલ ઉપર તકતા શોભે, ચળકે કાચ કબાટ રે;
હારો હાર હીંચકવા માટે, હોય હીંદોળાખાટ; એ શું૦

દીવા હવા વીજળી કેરા, દામ દઇને બાળે રે;
રમે રમત ચોપાટ કાંકરી એ ઉત્તમ અજવાળે; એ શું૦
ચીનાઈ વાસણુ ચીમનીઓને, પ્રતિદિન વોરે પ્યારે રે;
બહારથકી બોલાવે અંદર, અનુચરને અણુસારે; એ શું૦
માન વધે માનિનીઓ કેરાં, સગપણુ થાય સુધારે રે;
પુનર્વિવાહ જગતમાં પસરે, એવી વાત વધારે; એ શું૦
સભાવિષે ભાષણુ કરવાને, ઉભે ભારે થઇને રે;
કરતા હોય કરે તે ઘરમાં, પંડિત પાછા જઇને; એ શું૦
જૂની રમતગમત ને રીતિ, જૂના ચાલ વિચાર રે;
જૂની નાતજાતની ભાતો, તજવાને તૈયાર; એ શું૦
પવિત્રતામાં પ્રીતિ ન રાખે, રીતિ ન રાખે ઘરની રે;
સ્વાર્થ સાધવા તત્પર પૂરા, ન ગણે પીડા પરની; એ શું૦
ધર્મ–કર્મપર ધ્યાન ન રાખે, કુસંપનાં બી રોપે રે;
અહંકાર આણી અંતરમાં, કુટુંબીઓ પર કોપે; એ શું૦
જાતિભેદ ટાળવા જાતાં, ઉલટો એક વધારે;
ઉદય થવાની ખરી વાતને, અંતરમાં ન ઉતારે; એ શું૦
પંડિતનું અભિમાન પિંડમાં, મનમાં મોટપ મોટી રે;
જન્મ ધરી આ જગતવિષે કંઈ, કાઢી નહિ કસોટી; એ શું૦
સરલપણાને લેશ ન સમજે, શીલ સદા અણુગમતું રે;
રાતદિવસ વિષયોમાં વેગે, હૃદય રહે છે રમતું; એ શું૦
અહંકાર ઇર્ષ્યા અંતરમાં ગુણુ, કે દોષ ન જાણે રે;
જેમ ગમે અંતરમાં નિજને, વરતે તેજ પ્રમાણે; એ શું૦
મર્યાદાનું મૂલ ન જાણે, લાજ લગાર ન લાવે રે;
સમજાવા જાતાં કંઈ સામું, મોંઘા થાય મલાવે; એ શું૦
નાચતમાસા નાતવરામાં, ખાંતે ખરચે નાણાં રે;
ભીખારી ભીખે જો આવી, ચપટી ન દીએ દાણા; એ શું૦
દયા દાન કે ધ્યાન ન મનમાં, તનમાં રહેછે તાતા રે;
અલખ મલકની મશ્કરીઓને, કરતાં નથી લજવાતા; એ શું૦
કુડ કપટથી ક્રુર હૃદયના, કૂડ કરેછે છાના રે;
અવળે પંથે પડી પછીથી, બહુએ આપે બ્હાનાં; એ શું૦

કામ ક્રોધ મોહ લોભને, જુગતે કરી ન જીતે રે;
કલ્યાણ કરે એવા કેશવ,- પ્રભુને ન ભજે પ્રીતે; એ શું૦

केवा पुरुषने आ संसार सुखद छे ?
हरिगीत.

કાને કુશબ્દ ન સાંભળે નરતું ન દેખે નયનથી,
ટાઢું અને ઉનું સદા સરખું ગણ્યામાં ભય નથી;
જેને મને સરખાં સદૈવ કદન્ન ને કંસાર છે;
એવા સદાચરણી પુરૂષને સુખદ આ સંસાર છે.
જે જગતની જંજાલમાં રતિમાત્ર પણ રીઝે નહિ,
જે ભામિનીની ભમરથી ભૂલાઇને ભીંજે નહિ;
સુખરૂપ સર્વ સુગંધ જેને સર્વદા નિઃસાર છે,
એવા સદાચરણી પુરૂષને સુખદ આ સંસાર છે.
આ હું અને આ આપણું એવું મમત્વ મળે નહિ,
જે લોભને લાલચ તણા પાણીવડે પલળે નહિ;
જે મોહ મત્સર મૂર્ખતા ને મદનના પણ માર છે,
એવા સદાચરણી પુરૂષને સુખદ આ સંસાર છે.
વિદ્યાવડે વિનયે વિવેક વિશ્વમાં વખણાય છે,
સહુને સુખે દેખી હૃદયમાં રોજ રાજી થાય છે;
જેને ધરા ધન ધામના વૈભવવિષે ધિક્કાર છે,
એવા સદાચરણી પુરૂષને સુખદ આ સંસાર છે.
આશા અને તૃષ્ણા તજી સંતોષ રાખીને રહે,
નિજ ધર્મની શુભ ધોંસરી જે કોડથી કાંધે વહે;
ઉપકાર કરવા અન્યને જેનો વડો વેપાર છે,
એવા સદાચરણી પુરૂષને સુખદ આ સંસાર છે.
સત્સંગ સાચો સંત ને ગુણવંતનો જેને ગમે,
ખળ લોક ખાર કદી કરે અપરાધ ખાંતે તે ખમે;
જેને જગતમાં જન્મથી ઈશ્વરતણો આધાર છે,
એવા સદાચરણી પુરૂષને સુખદ આ સંસાર છે.
આ જગતમાં જેને વડે અનુકૂલ સુંદર કામિની

પ્રિય પુત્રના સંતોષથી સેવા કરે જે રામની;
ધન–જનતણો સમુદાય સારો સંપ ને ઘરબાર છે,
એવા સદાચરણી પુરુષને સુખદ આ સંસાર છે.
ચિંતાચિતામાં ચિત્ત જેનું લેશ પણ તપતું નથી,
પરધન અને પરધામ જેને જન્મથી ખપતું નથી;
અતિદુષ્ટ દુર્ગુણ દોષથી જે હૃદયમાં ડરનાર છે,
એવા સદાચરણી પુરુષને સુખદ આ સંસાર છે.
ભય હોય ભારે તોય પણ જીભે ન જુઠ્ઠું ભાખતા,
ચંચલ થતાં પણ ચિત્તને વૈરાગ્યથી વશ રાખતા;
કલ્યાણકારક કામને જે કરવડે કરનાર છે,
એવા સદાચરણી પુરુષને સુખદ આ સંસાર છે.
જેનાં કટાય ન કાળજાં કંદર્પના કાટે કરી,
ચતુરાતણા ચાળાવડે જે ચતુર જાય ન ચાતરી;
જે દુઃખ દેખી દીનનાં હૃદયે દયા ધરનાર છે.
એવા સદાચરણી પુરુષને સુખદ આ સંસાર છે.
રાખે ન રોષ હૃદયવિષે વિનયે સદા વર્ત્યા કરે.
સંસારનાં સુખ ભોગવી જે પૂર્ણ વય પામી મરે;
જેને પવિત્રપણાવિષે ને પુણ્યમાથે પ્યાર છે,
એવા સદાચરણી પુરુષને સુખદ આ સંસાર છે.
આશા અને તૃષ્ણાતણા જે પાશમાં પડતા નથી,
જે દુઃખ દેખી દષ્ટિએ હૃદયે કદી રડતા નથી;
જેને મને અખિલેશરૂપે જગતનો આકાર છે,
એવા સદાચરણી પુરુષને સુખદ આ સંસાર છે.
મદ–મોહથી કે મત્સરે મદમાં નથી આવી જતા,
વિષયોતણી વાતો સુણી શ્રવણે નથી વ્યાકુલ થતા;
જપ–તપ કરી જગદીશનું જે ધ્યાન શુભ ધરનાર છે,
એવા સદાચરણી પુરુષને સુખદ આ સંસાર છે.
ધન–ધામ ને ધરતીવિષે જેને જરા મમતા નથી,
સંસારના ગુણદોષ જેને લેશ પણ ગમતા નથી,
રસનાવડે રતિ રાખતાં જે રામને રટનાર છે,

એવા સદાચરણી પુરુષને સુખદ આ સંસાર છે.
દર્શન કરે જે દેવનાં શાસ્ત્રો પુરાણો સાંભળે,
સત્પુરુષની સેવા બને તેવો સમય જેને મળે;
શક્તિપ્રમાણે દીનને ધન આપવા દાતાર છે,
એવા સદાચરણી પુરુષને સુખદ આ સંસાર છે.
વર્ણાશ્રમોના ધર્મ ને શુભ કર્મ પાળે પ્રીતિથી,
વ્યવહારને પરમાર્થમાં ચૂકે નહિ જે નીતિથી,
જેને શરીરે સર્વદા સદ્ગુણતણા શણગાર છે;
એવા સદાચરણી પુરુષને સુખદ આ સંસાર છે.
જેને સદા સુખ પામવાને સર્વ રીતે લાગ છે,
જેને ઉપર આસક્તિ પણ અંતરવિષે વૈરાગ્ય છે;
તન મન અને વાણીતણો જે વેગ વશ કરનાર છે,
એવા સદાચરણી પુરુષને સુખદ આ સંસાર છે.
રસનાતણો રસ જીતવા જે જગતમાં બલવાન છે,
જેને જગતમાં સર્વદા મોટાઇવાળું માન છે;
ગૌતમ નિવૃત્તિવડે સદા સંસાર જે તરનાર છે,
એવા સદાચરણી પુરુષને સુખદ આ સંસાર છે.

स्वभाव टळतो नथी तेविषे.

दोहरा.

કડવો કેવલ લીમડો, સીંચે સાકર તોય;
દૂધ પાય દિનરાત પણ મીઠો કદી ન હોય.
કાળો કેવલ કોયલો, બહુ દૂધે ધોવાય;
કેસરમાં રસબસ રહે, તોપણ શ્વેત ન થાય.
કસ્તૂરીને કપુરના, ઢગલા કરી દટાય;
પણ દુર્ગંધી ડુંગળી, તણો ન ગંધ હરાય.
સાબુ સોમણથી ધુવે, વીતે વખત અપાર;
ગળી ન ધોળા રંગની, કદી કોઇ કરનાર.
ઉછેરિએ અમૃતવડે, મોટો મણિધર નાગ;
પણ કરડે જો લેશ પણ, પ્રાણ કરાવે ત્યાગ.

બંધ હજારો બાંધિએ, કરિએ યુક્તિ અપાર,
પ્રવાહવાળું પાણિ પણ, નીચું નિત્ય જનાર.
રાજાના મંદિરવિષે, સુખે સુખડિઓ ખાય;
તોપણ સ્વપ્ને શ્વાનથી, વિષ્ટા નહિ તજાય.
સોનાને શુભ પાંજરે, મનહર મેવો ખાય;
તોપણ પામર કાગડો, માંસ જોઈ લલચાય.
સો સો વરસો સૂકવે, વિશેષ તાપ અપાય;
રસ જેવું થઈ જાય પણ; માંખણ કઠણ ન થાય.
મુશલધારના મેઘથી, રાતદિવસ ભીંજાય;
કાળો પ્હાણો કોઇ દિન, તોપણ નરમ ન થાય.
સ્વભાવનું ઓસડ નથી; કરો ઉપાય અપાર;
બળી જાય પણ સીંદરી, વળ મેલે ન લગાર.
ભણે શાસ્ત્ર મોટાં ભલે, બહુ સાંભળે બોધ;
સ્વભાવ ટળવો કઠણ છે, કરી રાખવી નોંધ.

આ સંસારમાં કોણ સ્વાર્થી નથી ?

શાર્દૂલવિક્રીડિત.

જાતે જંગલમાં વસે જનમથી કાંતો કરે નોકરી,
દોડે દેશ વિદેશ લાભ મળવા કોટિ ઉપાયો કરી;
ઉંધું ને સવળું કરી ધન લઇ પાછો વળે પ્રેમથી,
આ સંસાર અસારમાં અરર રે કોણ સ્વાર્થી નથી ?
સ્વાર્થે કોઈ મરાય જાય યમને દ્વારે વિનાકારણે,
મારે કોઇ મમત્વથી અવરને શરાતનેથી રણે,
કોટિ યત્ન કર્યે મળે ન તન તે ખાંતે ખુવે હાથથી,
આ સંસાર અસારમાં અરર રે કો' કોણ સ્વાર્થી નથી ?
સ્વાર્થે કોઈ કરે અરે કૃપણની નાનાથકી નોકરી,
સ્વાર્થે સદ્ગુણના નિધાન પણ તે દે દુષ્ટને દીકરી;
સ્વાર્થે સંગ કરે સદાય સમજુ જાતે જઈ નીચથી.
આ સંસાર અસારમાં અરર રે કો' કોણ સ્વાર્થી નથી ?
મીઠાં મ્હોં મલકાવતાં વચનને વેગે વળી ઉચરે,

દેતાં દામ ન થાય કામ પણ તે કાકા કહીને કરે;
સ્વાર્થેથી ગુણહીન દીનજનને મોટા ગણે રામથી,
આ સંસાર આસારમાં અરર રે કો' કોણ સ્વાર્થી નથી ?
પ્યારાં પુત્ર કલત્ર મિત્રમણિઓ મામા અને મામિઓ,
શાણા સોદર સાસરાં ભતરિજ્ન ભાયાત ને ભાભિઓ;
કાકા કાકી કુટુંબ સર્વ પણ તે સાચાં સગાં સ્વાર્થથી,
આ સંસાર અસારમાં અરર રે કો' કોણ સ્વાર્થી નથી ?
ફાંકો ફક્કડ લોકનો ગરજમાં પૂરો ગળી જાય છે,
સ્વાર્થે સજ્જન લોક દુષ્ટજનને દ્વારે ડરી જાય છે;
સંતોષે સહુ ને અનેક વચનેથી દાનથી માનથી,
આ સંસાર અસારમાં અવતરી, કો' કોણ સ્વાર્થી નથી ?
કાને વેણ કઠોર દુષ્ટજનનાં સ્વાર્થે સહેવાં પડે,
સાચો સંપ તજી સદૈવ સુગુણી સંબંધી સાથે લડે;
આવે દૂરથકી મનાય પણ તે નારી પ્રિયા પ્રાણથી,
આ સંસાર અસારમાં અરર રે કો' કોણ સ્વાર્થિ નથી ?
થોડા ઉત્તમ કોઈ મધ્યમ હશે આ લોકના અર્થિઓ,
બાકી સર્વ કનિષ્ઠ અર્થપર છે સંસારમાં સ્વાર્થિઓ,
બીજું સ્વાર્થ સિવાય કાંઈ ન જડયું થાકયો મથી ને મથી,
આ સંસાર અસારમાં અરર રે કો' કોણ સ્વાર્થી નથી ?

कर्तव्यविमुख दुराचरणी मनुष्यविषे.

दोहरा.

ઉની ઉની રોટલી, શાક દાળ ને ભાત;
ખાતાં પીતાં ખેલતાં, જાય દિવસ ને રાત.
પહેરે ઓઢે અંગપર, ભાતભાતનાં વસ્ત્ર;
પૈસા માટે પ્રેમથી, કરે પ્રયત્ન સહસ્ર.
સરલપણું સમજે નહીં, આડા અવળા જાય;
દુર્ગુણના સરદાર પણ, ગુણ પોતાના ગાય.
ઘણાં ઘરેણાં ઘાલવાં, ઘટિત ગણે તે રીત;

ગાય ગળાં પકતાં કરી, અવગુણકારક ગીત;
કામ ક્રોધ મદ મોહ ને, મત્સર લોભ લગાર;
અળગા કદિ કરે નહિ, કપટીના સરદાર;
ભાત ભાતની શોભતી, અચરજકારક ચીજ;
લેવા ભોગવવા ભલી, થાય સદા તજવીજ;
ધર્મ ન જાણે લેશ પણ, કલેશ કરે દિનરાત;
પંડિતતા પરખાવવા, વળી વગોવે જાત;
ન સંબંધને ઓળખે, આપે નહિ સંતોષ;
રાતદિવસ સહુ સાથ પણ, રાખે હૃદયે રોષ;
દોષ ન દેખે દેહના, પણ અભિમાન અપાર;
અંહકારમાં સત્યને, સમજે નહિ લગાર;
સંપાદન પુરુષાર્થનું, કરી શકે નહિ લેશ;
કરે ન સંગત સુજ્ઞની, પરોપકારે દ્વેષ;
શ્રવણ કરે નહિ શાસ્ત્રનું, એવા આડા લોક;
સુખ પામે શી રીતથી, તજે કેમ તે શોક?
એવા નરનું જન્મવું, નિષ્ફલ કેમ ન જાય?
કેમ ન ભવસાગરવિષે, અગણિત ગોથાં ખાય?

शुं देशनो उदय एम करी शकाय ?

वसंततिलका.

ખાધાં કદી સરસ સાકર દુધ ચોખા,
મિષ્ટાન્ન પાક પણ તેમજ નિત્ય નોખા;
પીધાં પવિત્ર જલ પાન પછી ચવાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?
રે' વા મહેલ બહુ બાગ અને બગીચા;
સુવા પલંગ વળિ પાથરવા ગલીચા;
શોભા સદા સરસ સ્વર્ગસમાન થાય;
શું દેશનો ઉદય એમ કરી શકાય?
સારાં સફેદ સહુ વસ્ત્ર ધરાય અંગે;
રાચે સદા હૃદય નિત્ય નવીન રંગે;
પ્રેમે કરી વિષયના રસમાં રમાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?

બેઠા બનીઠનિ બરાબર બેઠકોમાં,
લીધાં લપાઈ પણુ પાન ગુલાબ તેમાં;
'ગુડમોરનિંગ' કર મેળવતાં કરાય;
શું દેશનો ઉદય એમ કરી શકાય ?
સિંહાસનો ખુરશિઓ કદિ કોચ સારા,
માંડયાં કબાટ બહુ ટેબલ્સ કે પટારા;
ખાટે ચડી 'ખટક' 'ચડ્ડક' હીંચકાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય ?
બ્હેં કે ગુલાબજલ અત્તર ખૂબ અંગે,
રેડયાં લવંડર શરીરવિષે ઉમંગે;
પ્હેરાય હાર કરમાં ગજરા રખાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય ?
ચોકી કરે ચતુર વીશપચીશ પાળા,
ઓઢયા શરીરપર શાલ અને દુશાલા;
પ્હેરી પીતાંબરજ પંકિતવિષે ફરાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય ?
વાડી દુકાન ઘરમાં બહુ 'ગ્યાસ' બાળે,
આનંદ થાય અતિ અદ્ભુત અંજવાળે;
મોટા વરા કરિ વળી ધન વાવરાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય ?
સીગ્રામ ગ્રૂમ બગિ ફ્રૈટનમાં બિરાજી,
લીધી હવા હરઘડી પણુ ખૂબ તાજી;
સાંજે પછી ઘરભણી રખડી ફરાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય ?
એકાન્તમાં પ્રતિદિને કરવો નિવાસ,
બોલાવવું કદિક હોય મનુષ્ય પાસ;
તો ઘંટનો 'ટણુણ' એમ અવાજ થાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય ?
શાહી અને કલમ કાગળ અન્યદેશી,
એ સાધને પ્રણુયપત્ર લખાય બેશી;
થુંકે કરી કવર તે પછિ બંધ થાય,

શું દેશનો ઉદય એમ કરી શકાય?
પાકીટ સુંદર વિલાયતી ચામડાંનાં.
રોગાનદાર અતિ ઓપવડે મજાનાં;
ટાંગી ખભે ભર મુસાફરિએ જવાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?
પ્હેર્યાં અતિ પ્રણયથી પણ પાયજામા,
ને પાટલૂનપર કોટ અનેક જામા;
કુબ્જા અને બદન પ્હેરણ વાપરાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?
માણિક્ય મૌક્તિક સુવર્ણતણા અપાર,
હીરા ઝવેરમય હાર હજારવાર;
વીંટી વિચિત્ર વળિ હાથવિષે ધલાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?
મોજાં વિલાયતી વિલાયતિ બૂટ ઘાલે,
ચશ્માં ચડાવિ ચડિયોંટથિ ચાલ ચાલે;
છત્રી અને છડિવિના ન રહી શકાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?
કોડે કરે કહણુ કલ્પિત શુષ્કવાદ,
જાણે નહીં કંઈજ શાસ્ત્રતણો સવાદ;
ભાષા વળી અવર ભાવવડે ભણાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?
મેલે કદી ધરતિએ પગ તો ઘસાય,
ચાલે કદાપિ નહિ ચાંખડિઓ સિવાય;
શીતોષ્ણતા પણ નહીંજ સહી શકાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?
છુટે પવિત્ર જલના બહુ જ્યાં ફુવારા,
આપે સુગંધ જુઇ જાઇ અને લવારા;
એમે સમે દિવસ ગ્રીષ્મતણા ગળાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?

પાકીટ કે કવર ઉપર સીલ મારે,
તેમાં વળી નિજનું નામજ કોતરાવે;
જેથી અતિ ભભકદાર જને જણાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?
ધુંઝે ઘણાં ઘણુખરા ઘડિયાળ ઘાલે,
લાકીટ પાકિટવિના ઘડિએ ન ચાલે;
યંત્રને પણ ધરાર ધરી ધરાય.
શું દેશનો ઉદય એમ કરી શકાય?
લાવે દયા ન કદિ દીન અનાથમાથે,
આવ્યું ખુવે પરમ રત્ન અમૂલ્ય હાથે;
આપે ન પાણુ પણ પુણ્ય નહીં કરાય.
શું દેશનો ઉદય એમ કરી શકાય?
'હું' 'હું' કરે ન મમતા પણ મૂર્ખ છાંડે.
કંકાસ કલેશ અતિ અન્યનિ સાથ માંડે;
અદ્ભુત કાલગતિને નહિ પારખાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?
ઓળાય વાળ વખતે વળિ દાંતિઆથી,
જાણે ન તે શરીર હોય ભરેલ શાથી;
આ દેહથી ન પરમાર્થ કશો કરાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?
સ્થાપી સભા ભભકથી અથવા મિટિંગ
તેનો રહે નહિ બરાબર શુદ્ધ રંગ;
બોલ્યું ન લેશ પણ કોઇથિકી પળાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?
આરંભનું ન પરિણામ કશું વિચારે,
મોટાઇના મદવિષે બહુ બોથ મારે;
વાણી-ક્રિયા મન કદી નહિ એક થાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?
શોધે ન કોઇ સુખકારક માર્ગ સારો

આપે અસત્ય વળિ અદ્ભુત એ વિચારો;
ઇચ્છાનુકૂલ વળિ આડઘડે પડાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?
સારંગિ સુંદરિ સતાર અને પિઆના,
વાજાં વિલાયતિ મૃદંગ ઘણાં મજાનાં;
શીખાય કે શ્રવણથી બહુ સંભળાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?
જોઈ ભવાઇ કદિ નાચ અને તમાસા,
જોયા જરૂર જઇ નાટકખેલ ખાસા;
એ માર્ગમાં મમતથી ધન વાપરાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?
રૂપા અને કનકનાં પણ પાત્ર કીધાં,
પ્યાલા અડાળી ચમચામય સર્વ લીધાં;
તે હર્ષના સમયમાં બહુ વાપરાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?
ગાંજા ગડાકુ તપખીર વળિ તણાય,
લેવાય કાં અમલ કાં વિજયા વટાય;
એ વાત આજ અતિ ઉત્તમમાં ગણાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?
આદર્શને કરવિષે લઇને નિહાળે,
થોભાં ભવાં નયન મૂછમરોડ ભાળે;
ખૂંટી કઢાય વળિ વાળ વધૂ રખાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?
પ્યારીસમેત અથવા પ્રિય મિત્રસાથે,
છાની છપાય છબિઓ ધન હોય હાથે;
છાપાંવિષે કદિક નામ વળી છપાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?
સંસારનો સુખદ સાર ન કાંઇ જાણે,
માને ન વાત સુખરૂપ દશાપ્રમાણે;
મોટાઇના મદવિષેજ તણાઈ જાય,

શું દેશનો ઉદય એમ કરી શકાય ?
દેખે કદી તિમિર તો બહુ બીક લાગે,
ને ભૂત–પ્રેતતણી વાતથી દૂર ભાગે,
વાગે છરી કદિક તો પડદે પડાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય ?
રાખે ન લાજ સઘળા નર તેમ નારી,
તોડે કદી અદબની પણ પાજ સારી;
આસ્થાજ અંતર થકી અળગી કરાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય ?
ચાલી શકે ન ચરણે કદિ ચાર કોશ,
રાખે સદા હૃદયમાં સહુ સાથ રોષ;
સૌશિલ્ય સદ્‌ગુણવિષે નહિ હેત થાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય ?
બાવા બની રખડવું બહુ રાખ ચોળી,
બાંધી જટા બગલમાં પણ એક ઝોળી;
માળા ધરી કરવિષે જપને જપાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય ?
સત્સંગ સત્પુરુષનો ન કદી કરાય,
વિદ્યા–કલાવિષયમાં નહિ શોધ થાય;
ધર્માર્થ કામપર પ્રીતિ નહીં રખાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય ?
સૂઝે વિચાર કરતાં વિધવાવિવાહ,
આપે વળી પરિજનો પણ 'વાહવાહ'
શીખ્યા ન હંસગતિ કાગતણી ભુલાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય ?
બુરાં ન જાય પણ બેહદ બાલલગ્ન,
એ વાતમાં સગુણ નિર્ગુણ સર્વ મગ્ન;
બુઢ્ઢા બને તદપિ બાળકિઓ વરાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય ?
મામ્મેશ્વરે પરમ માહિમ બંગલામાં,

બાલાચડી દમણ સુંદર સીમલામાં;
સૂતા સમુદ્રતટ થંડક ખૂબ થાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?
ટીલાં અને ટપકિઓ કરતા કપાળે,
પામે પ્રસાદ મરજાદ પવિત્ર પાળે;
નારી અને પુરુષ દર્શનકાજ જાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?
ટેટા હવાઈ વળી ફૂલખરણી વછૂટે,
ભંભોટિઆ વળિ છછૂંદર ખૂબ છૂટે;
દીવાળિ હોય પણ હોળી થઈ જણાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?
તાકી મરાયજ પરસ્પર પીચકારી,
ભીંજાય રંગથકિ અંગ ખરી ખુવારી;
ઉડે ગુલાલ અપશબ્દ બહુ બકાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?
સૂકયું શરીર નહિ કાંઇ પછી કરાશે,
સંતાપરૂપ ફલ કેવલ એક થાશે;
જાણ્યું ન બે વય વહી પણ સર્વ જાય,
શું દેશનો ઉદય એમ કરી શકાય?

नाहिम्मत मनुष्यविषे.

छप्पय.

હારણ જે નર હોય. કોઈ દિન સુખ નહિં પામે;
હારણ જે નર હોય, કોઈ દિન તે નહિ જામે;
હારણ જે નર હોય, શરીરે ન રહે સારો;
હારણ જે નર હોય, કોઇનો ન ખમે ડારો;
જે નર હારણ હોયછે, તે સુખ સંપતને ખુવે;
દુઃખ પડે જો દેહને, તો પોકે પોકે રુવે.
હારણ નરથી રાજ,–કાજમાં નહીં પડાયે;

હારણ નરથી નહીં ધૈર્ય પણ કદી રખાયે;
હારણ નરથી નહીં, કામરૂડું કંઈ થાયે;
હારણ નરથી નહીં, વળી પરદેશ જવાયે;
હારણ નરની હોંશ પણ. અધવચથી તૂટી પડે;
આધિ વ્યાધિ ઉપાધિ પણ, તેમાથે આવી પડે.
હારણ નરનો કોઇ, કરે વિશ્વાસ ન કોડે;
હારણ નરને કોઇ, ન રાખે પોતા જોડે;
હારણ નરનાં હાડ, જાયછે સાવ સુકાઈ;
હારણ નરના હૃદય,–વિષે સળગેછે લાઇ;
કામકાજ કરવાવિષે, હારણ નર હારી જશે;
વિચારવાળાં કામમાં, સ્ત્રીજન જેવો થઈ જશે.
હારણ નરથી હોય, હજામો હિમ્મતવાળા;
હારણ નરથી હોય, શુરાતનવાળી બાલા;
હારણ નરથી હોય, સ્ત્રીઓ પણ હિમ્મતવાળી;
હારણ નરથી હોય, નિરંતર કીર્તિ કાળી;
હારણ નર જે હોય છે, તે પીડા પામે અતિ;
ઉદય કરે એ કામમાં, ચાલે નહિ તેની મતિ.
હારણ નર જે હોય, મૂર્ખમાં તેજ ગણાયે,
હારણ નર જે હોય, ઉદય તેનો નહિ થાયે;
હારણ નર જે હોય, સર્વમાં તે નિંદાએ;
હારણ નર જે હોય, પાંચમાં નહિ પંકાએ;
વળિ હારણ નર હોય તે, સંબંધીને સાલ છે;
અણસમજૂ વયથી વધ્યો, પણ તે નાનો બાલ છે.
હારણ નરમાં નહીં, અહંતામમતા આવે:
હારણ નરમાં નહી, શુરાતન આખું આવે:
હારણ નરમાં નહીં, બુદ્ધિનું બલ પણ સારૂં;
હારણ નરથિ ન થાય, કોઇનું કદી નઠારૂં;
વળિ હારણ નર જે હોય છે, તે બાલકથી એજ છે;
હૈયાને હિમ્મત વિના, સાવ સદા નિસ્તેજ છે.
હારણ નર જે હોય, ન તે તરવાર ચલાવે;

હારણ નર જે હોય, ભીતિથી ભાગી આવે;
હારણ નર જે હોય, દેશ ને તેજ ડુબાવે;
હારણ નર જે હોય, લાજ કુલની લૂટાવે;
વળિ હારણ નર જે હોય તે ઇશ્વરને ભાવે ભજે,
સત્વગુણી જો હોય તો, કપટ ઝપટમાંથી તજે.
હારણ નર જે હોય, રહે છે નિર્મલ મનમાં,
હારણ નર જે હોય, રહે નિર્મલ તન મનમાં;
હારણ નર જે હોય, ન લક્ષ્મી તેને આવે,
હારણ નર જે હોય, અન્ન તેને નહિ ભાવે;
વળિ હારણ નર જે હોય છે, તે સુખમાં સૂતા નથી;
દુનિઆની તે રીતને, નજર કરી જોતા નથી.
હારણ નહિ વખણાય, તણાય બીજાને જોરે;
હારણ શુભ કરિ કામ નહીં યશ કદી વધારે;
હારણ માને મોત, જીવવા કરતાં સારૂં;
હારણ લેખે ખરૂં, સર્વ સુખ સદૈવ ખારૂં;
વળિ હારણ નર જે હોય તે, બીજાને પૂછી કરે;
સારૂં નરતું થાય તો, કાયા તેની થરથરે.
હારણને સુખ નહીં, સ્ત્રીઓનું લાગે સારૂં;
પુત્ર સગાં પરિવાર, બધું લાગેજ નઠારૂં;
લક્ષ્મીની તે લ્હેર, ઝેર જેવી તે જાણે;
વૈભવ હોય વિશેષ, ન તેથી પણ તે માણે;
દાઝે દિલમાં સર્વદા, બીજાનું સુખ જોઇને;
અભાગિયા હારણ નરો, શાન્ત રહે મન રોઇને.
હારણ હોય હજાર, એક શૂરાથી હારે;
હારણ હોય હજાર, વીર તેને સંહારે;
હારણ હોય હજાર, કરે નહિ છડે છકીને;
હારણ હોય હજાર. ન બોલે વેણ બકીને;
વળિ હારણ નર જે હોય તે, રાંડ પાસ જઇને રુવે;
મન ઝાઝું મુંઝાય તો, પડે જઇ ઉંડે કુવે.
હારણ નર જે હોય, પડે નહિ આગળ પોતે;

રાતદિવસ જાય છે સદાએ રોતે રોતે;
હારણુ મનના નરો, કોઇનું કહ્યું ન જાણે;
હારણુ મનના નરો, આપઆપનું પ્રમાણે;
વળિ હારણુ મનના હોય તે, વિચાર ઝાઝા બહુ કરે;
પણ શું કરવું તેવિષે, નિશ્ચય લેશ નહીં ઠરે.

दुष्ट स्त्रीना दुर्गुणोनुं चित्र.

१

अनुष्टुप्.

પગોપર પગો મેલી, કરે વાત વડીવડી;
ગુંથે ચોવટ બીજાની, જો બેસે નવરી ઘડી.
આપના ગુણ ગાવામાં, રહે તત્પર એવડી;
અન્યને નિંદવા ટાણે, જીભ બે વામ જેવડી.
પાનીએ મતિ નારીની, સાચી એ વાતતો કથી;
સાક્ષાત્ દુર્જનનું રૂપ, એથી અન્ય કંઇ નથી.
ડરે ન સત્યને જાતાં, ફરે ન હઠ મેલવા;
ટકાવા વાત પોતાની, જીભડી ગજની સવા.
રીસમાં ક્રોધનું રૂપ, ખરેખર જણાયછે;
જરા ન ગમતું થાએ, પ્રકૃતિ તુર્ત જાયછે.
ડરે ન દેવથી લેશ, જાણે કો રાક્ષસી વડી;
એનસીબ ખરે તે તો, કોપરે દૃષ્ટિ જો પડી.
પરાઇ પીડ ના જાણે, કટાણે કથળી પડે;
જાણે અન્ન પચાવાને, બીજાની સામને લડે.
બોલે નહિ બિચારી કો, તો મોંમાં આંગળી કરે;
તથાપિ નહિ બોલે તો, મેણાં મારી હદે ઠરે.
બીજાની સરસાઇને, જોઇને હૃદયે બળે;
તેની નરસાઈ થાવા, કરે યત્ન પલે પલે.
સમોવડ મળે તો તો, બાકી કાંઇ રહે નહીં;
એયનાં રૂપ તો જાણે, જોગણી પ્રકટી અહીં.

સોગનો પુત્ર–પુત્રીના, સાચાઈ કાજ ખાયછે;
ધણીના સમ તો જેમ, આટામાં લૂણ જાયછે.
સ્વામીના હિતની વાત, મને તો લાવતી નથી;
સાચું ન સમજે કાંઈ મરે કોઇ મથી મથી.
માજાયા દુર્ગુણો જાણી, રાખેછે માન તેમનું;
મળેછે કોઇને આવી, ફુટેલું ભાગ્ય જેમનું.
ડા'પણો ડોળવા ડાહી, હમેશાં હોયછે અતિ;
પોતાના પગની લાઈ જોતી તે કદિએ નથી.
પેટમાં જબરી કાતી, મીઠું મીઠું મુખે વદે;
સંપની જો કથા કાને, આવે તો તે નહીં સહે.
અન્યની રીસ ઉતારે, પોતાનાં બાલકોપરે;
કલ્યાણકાજ ના લેશ, વિચારો મનમાં ધરે.

૨

સારંગ.

કહું કોની પાસ હું કા'ણી રે ? મને બધી મનની સમાણી;
જાણી જેને મારી પ્રાણપ્રિયા તે, વિપરીત વર્તે હમેશ;
વાત કહું કંઇ ઉપદેશની તો, ધ્યાને ધરે નહિ લેશ; કહું૦
રાજી હોયે ત્યારે રાજી થાવાની, વાતો કરેછે અનેક;
પાંડિત્ય પોતાનું સઘળું જણવતાં, રાખે જીભેજ વિવેક; કહું૦
શાન્ત થાવાનું ઠામ પ્રિયા નિજ, ધારતો હું મનમાંહિ;
પાપતણા કોઈ પુંજથી મારા, ધાર્યું થયું નહીં કાંઈ; કહું૦
લાજની વાત કંઇ નવ જાણે, આણે ન અદકો વિચાર;
ધાડમધાડ ચડે રીસ ઝાઝી, કાંઇક કહેતાં વાર; કહું૦
ઝેર પીવાની બીક દેખાડી, હૃદય બાળે બહુ વાર;
વાત કહું કાંઈ શિખામણોની જાણે નહીં તે લગાર; કહું૦
બુદ્ધિનું બારદાન ઉંઘે બહુ. બોલે નહીં કાંઇ મુખ;
સુખનાં કારણ સુઝે નહીં ને ગાય પોતાનાં દુઃખ; કહું૦
એનો ને મારો સ્વભાવ મળે નહીં, તેથી ટળે નહીં તાપ;
પડતાળે પોતાનાં બાલક કોમલ. વળગ્યું ક્યાંથી એ પાપ ? કહું૦
સ્વામીને ગમશે કેમ ન એ કંઈ, મનમાં વિચારે જરાય;

પ્રથમ પોતાનું સુખ વિચારે, સ્વાર્થમાં રહિને સદાય; કહું૦
આળસનો નહીં પાર જરાએ. ગુણ ગોત્યા ન જણાય;
દુર્ગુણને ટાળવા કદિ જાઉં તો, તરત મીજાજ જાય; કહું૦
મારૂં કરે કામ મુખેથી કહું ત્યારે એવી છે ટેવ ખરાબ;
પુછું કદી કાંઇ પ્રશ્ન પીડામાં જાણે ન દેતાં જવાબ; કહું૦
મમતા કરીને સુધારવા જાતાં, અવળો થયો પરિણામ;
તેથી લેવાની આશ રહી નહીં, સુખ થાવાનું નામ: કહું૦

नीतिबोध.

द्रुतविलंबित.

૧

સરસ કામ કરે કરવા ચહો, જગતમાં સહુ લાવ સુખે લહો;
સુખદ સંપ સદા જનમાં કરો, સુજનમાંહિ સદાચરણી ઠરો.
તનતણા સહુ તાપ તમેં તજો, પ્રણતપાલ હરિહરને ભજો;
મનતણા સહુ મેલ હઠે હરો, દુખદ આ ભવસાગરને તરો.
સરલ શાન્ત થઈ ગુણને ગ્રહો, વિપદ આવી પડે પણ તે સહો;
નવ કદાપિ કુવાક્ય કશું કહો, સતત સંગતિ દુર્જનની જહો.

૨

બહુજ દુ:ખદ આ ભવ ભાળવો, સકલ સદ્ગુણને સહુ જાળવો;
અવરના ઉપકાર કર્યા કરો, પરમ પુણ્યતણાં પગલાં ભરો.
ભરમ કાંઇ નથી ભવમાં ભલા, અકલ છે કલિકાલતણી કલા;
અકલ ઇશતણી ગણવી ગતિ, અવર માર્ગ જતી હણવી મતિ.
ભણતરો ભણવાં બહુ ભાવથી, અધિક લાભ લહો શુભ દાવથી,
શરમ શીલ જતાં ગણવી ખરી, નકલ દુર્ગુણની કરવી પરી.
પરમ ઇશ્વિરમાં મન રાખજો, સુખદ સત્ય સદા મુખ ભાખજો;
નર ઉદાસી ન અંતરમાં ભરો, નિરદનિ સમ નિર્મલતા ધરો.
સફલ જન્મ ધર્યો કરવો ખરો, શમદમાદિક અમૃતનો ઝરો;
પ્રણયથી કરિ પાન પ્રભુ ભજો. વિનયનું શુભ સાધન તો સજો.

સદા શીલચિંતામણિ સર્વ રાખો.

ભુજંગી.

ભણી ભાવથી ને ઘણા ભેદ જાણી,
મુખે બોલતા ના કદી કિલષ્ટ વાણી;
સહુ સંપનો સ્વાદ સંપૂર્ણ ચાખો,
સદા શીલચિંતામણિ સર્વ રાખો.
કરો કામ જે હોય કલ્યાણકારી,
વધે કીર્તિ તેમાં અતીશે તમારી;
દયાદૃષ્ટિથી સર્વદા દીન દાખો,
સદા શીલચિંતામણી સર્વ રાખો.
અહો સદ્‌ગુણો એકથી એક ભારી,
સુખે ચાલવું પંથ સારો વિચારી;
નહીં અન્યના લાભમાં વિઘ્ન નાંખો,
સદા શીલચિંતામણી સર્વ રાખો.
દહો દુર્ગુણો દેહથી દુષ્ટ સર્વ,
મને લેશ રાખો નહીં કોઈ ગર્વ;
લહો પ્રેમના લાવ સૌ કોઇ લાખો,
સદા શીલચિંતામણી સર્વ રાખો.
હજારો કુપંથો પડયા છે નઠારા,
રખેને ચડે જીવ તેમાં તમારા;
ઉઘાડી કરી ચાલવું નિત્ય આંખો,
સદા શીલચિંતામણી સર્વ રાખો.
ધરો ધર્મના મર્મનું સર્વ ધ્યાન,
કરો પ્રેમથી જ્ઞાનપીયૂષ પાન;
તરો તેથકી આપ સંસાર આખો,
સદા શીલચિંતામણી સર્વ રાખો.
દુખાઓ દિલે અન્યનું દુઃખ દેખ્યે,
ન દેશો જવા જન્મ લીધો અલેખે;
વળી સૂક્ષ્મદૃષ્ટિ કરી સત્ય ભાખો,
સદા શીલચિંતામણી સર્વ રાખો.

गुरुना उपकार.
मराठी साखीनी पेठे.

બાલકમતિ શું વર્ણન કરિએ, ગુરુજનના ઉપકાર ?
ભાવે ભણતાં શુભ ગુણ આવે સુખ પણ થાય અપાર; બાલક૦
મૂર્ખ મટીને ડાહ્યાં થઇએ, સુધરે સકલ વિચાર;
માન મળે માનવમાં મોટું, વિનય વધે નિરધાર; બાલક૦
થાય હર્ષ મનમાં બહુ મોટો, લાભ ન જાય લગાર;
ભાર વધે ભવમાં ભણતરથી ન ગણે કોઇ ગમાર; બાલક૦
દુર્ગુણ સઘળા જાય દબાઈ, સમજી જઇએ સાર;
ભેદ ભરમ ભવમાં સહુ ભાગે, લાભ પમાય હજાર; બાલક૦
અંધાપો અળગો થઇ સહુને, નયનો નિર્મલ થાય;
હૃદ્કમલ પણ ખીલે ખાસું, સહુ સુધરે સંસાર;
પરમેશ્વરને પણ ઓળખીએ, એ ગુરુના ઉપકાર. બાલક૦

* शियळनो महिमा.
जंगलो राग ठुमरी.

વાત એક સહુએ શિયળની, સ્મરણ કરો દિનરાત. ટેક૦
શિયળ ગળ્યે વ્રત સર્વ ગળે છે, જાગે પાપોની જમાત રે; વાત૦
શિયળવાન નર હોય જગતમાં, તેવિણ સર્વ કજાત રે; વાત૦
શાન્ત શિયળમાં રહી જન સર્વે ભાવે ભજો જગન્નાથરે; વાત૦
અન્ય સાધન સહુ અળગાં રહેશે, અંતે થશે એજ સાથ રે; વાત૦
શિયળ પુણ્યનું પાત્ર પરમ છે, એથી ટળે તન તાપ રે; વાત૦
સુખસંપત મળવાનો કિનારો, એ સમજો ખરેખાત રે; વાત૦
કંઇક ગયા નર અનુપમ સુખ લઇ, પુણ્ય પરમ કરી હાથ રે; વાત૦
એ ગુણનો શણગાર સરસ છે, બાળે બધા નિજ તાપ રે; વાત૦
રૂપ રંગ ભભકા બહુ ભારે, એવિણ સઘળી ખાખ રે; વાત૦
એ ઉત્તમ પદનું શુભ સાધન, પૂરે વેદાદિક શાખ રે. વાત૦

ते पामर परिणामे खत्ता खाय छे.
मनहर.

શીલને સંભાળવામાં બાપેમાર્યાં વેર જાણે,
સદાચારની તો વાત સમજે ન સાનમાં;

* આષાઢ વદિ ૭ ઉમર વર્ષ ૨૭.

સત્યની અગત્ય શી તે તેવાં જન જાણે કેમ ?
ચોટયાં ચિત્ત જેનાં પરધન પરધામમાં;
નીતિમાં ન પ્રીતિ પ્રાણ જાય તોય કાંઈ કરે,
દીનને દુખાવી દુષ્ટ રાજી અતિ થાય છે;
પ્રથમ ન સણજે પામર પરિણામે પછી;
ખરેખર ખાંતે કરી ખત્તા ખૂબ ખાય છે.
પોતાનું તે પાધરૂં ઘડી બેસારે જેમ તેમ,
પ્રૌઢપણું પરૂં મેલે પાપને પંથે ચડી,
યમ ને નિયમની તો વાત પણ સુણે નહીં,
જરા સમજાવીએ તો જાયછે ઉંચા ચડી;
કેમ બોલવું ને કેમ ચાલવું તે જાણે નહીં.
સોનું મેલી સ્હેજે ધૂળ ધમવાને ધાય છે;
પ્રથમ ન સમજે પામર પરિણામે પછી,
ખરેખર ખાંતે કરી ખત્તા ખૂબ ખાય છે.

परवशपणुं.

गीति.

પરવશપણે રહેવું, એ કરતાં તો મરણ બહુ સારૂં;
પિંડે પીડ પડયાથી, માને એવું સદાય મન મારૂં.
પરતંત્રતા પીડા છે, સ્વતંત્રતાને સતત સુખદ જાણું;
પરવશ પેટ ભર્યાના કરતાં ઉત્તમ મરણ મન પ્રમાણું.
પૂર્વજન્મનાં કેવાં હશે પાપ કંઇ સમજ નથી પડતી;
પરતંત્રતા મટીને, કયારે થાશે નશીબમાં ચડતી ?

લંપટવિષે

आर्या.

સ્ત્રી સ્વાધીન છતાં પણ, લંપટ પરનારીમાં નીચ થાએ;
ભર્યું તળાવ ભલે પણ, કાક કુંભનું પાણી પીએ.

रूढिविषे..

वसंततिलका.

રૂઢિ પડે કદિક સૌ જનમાંહિ સારી,
કાં તો પડે કદિક કાલવશે નઠારી;
તેવી પ્રથાપર સહુ જન નિત્ય જાએ,
ખોટા ખરાનિ પણ બુજ નહીં જરાએ.

शार्दूलविक्रीडित

સારાસાર ન કોઈ આ જગતમાં જાણી સુધારો કરે,
જેને જેમ ગમે સ્વભાવથકિ તે તે રીતિમાં સંચરે;
રૂઢિમાં રખડે ભલે પણ મને કોઈ વિચારે નહીં,
માયાના મદનો ખરોજ મહિમા જોતાં જણાયે અહીં.

वसंततिलका.

રૂઢિતણા જબર પંથવિષે પડેલાં,
લોકો તમામ ઘરબારવિષે અડેલાં;
જોતાં કરે નવ તપાસ જરાય કોયે,
આશ્ચર્ય એજ મુજને મન આજ હોયે

हास्यविषे.

दोहरो.

સુજ્ઞ જનોએ સર્વદા, નહિ કંઇ કરવું હાસ્ય;
નહિ તો એથી ઉપજશે, અણુસરજ્યું ઔદાસ્ય.

* टेव पडी टळती नथी तेविषे.

भरथरीने ढाळे.

ટેવ પડી ટળતી નથી કોટિ કરિએ ઉપાયજી.
બોધ વિરોધ વૃથા બધા, એથી શું ફલ થાયજી ?— ટેવ૦
વાત વિચાર કદી ફરે, દેશે વેશે ફરાયજી;
દેહ દશા પણ પાલટે. આખું આયુષ્ય જાયજી;— ટેવ૦

* સારી નથી પણ રાખી છે,

વિદ્યા કલા ને કુશલતા, કોને આવે છે કામજી ?
બીજ જેવાં ફલ નીપજે, પેખો એ પરિણામજી;— ટેવ૦
બાલક વૃદ્ધ યુવાન કે, ઉંચ નીચનો ભેદજી;
એમાં નથી કાંઈ કામનો ખોટો થાય છે ખેદજી;— ટેવ૦
દાખલા દઇએ કેટલા, એનો આવે ન પારજી;
તત્ત્વથકી જો તપાસએ, તો તો નીકળે તારજી;— ટેવ૦
પારસમણિના સંગથી, સોનું થાય કટારજી;
તોપણ કયાં ટળી જાય છે ? ધાર આકાર મારજી;— ટેવ૦
રબ્બર તાણી રાખિએ, ટુંકું તે થઈ જાયજી;
પાળ કરી જલ રોકવા, પાણીસાથે તણાયજી;— ટેવ૦
દુધે ધુવો તોય કોયલો, મેલે કાળપ કેમજી ?
કાજલ શ્વેત થતું નથી, આવે અનુભવ એમજી;— ટેવ૦
ડુંગળીનો ગંધ દુષ્ટ છે, કેમ દુર કરાયજી ?
હિંગનો ગંધ હઠાડવા, કયાં છે કોઇ ઉપાયજી ? ટેવ૦
જલ શીતલ અગ્નિ ઉષ્ણ છે, નાગ ઝેરનું ઝાડજી;
ઓસડ એનું મળે નહિં, પાડી નાંખો પહાડજી;— ટેવ૦
શ્વાનનું પુચ્છ સુધારવા, બાંધો બંધ અનેકજી;
પાશરૂં તોય થતું નથી, તુટી જાયછે ટેકજી;— ટેવ૦
શોક તજી સહુ અંતરે, ભજો શ્રીભગવાનજી;
કેશવ હરિ કરૂણા કરે, એવું ધારવું ધ્યાનજી: ટેવ૦

सुख कोने छे ?

उपजाति.

જે દેવનો વ્યાપક છે પ્રતાપ, તેને સુવા કાજ સદૈવ સાપ;
સદાય ભક્તાધીન છે મુરારિ, સુખે સુવે કોણ જુઓ વિચારી.
પીવું પડયું ઝેર પ્રભુ થઇને, ભીખે ભમે નગ્નપણે રહીને;
પડયા રહે પર્વતમાં પુરારિ, સુખે વસે કોણ જુઓ વિચારી.
જેના પ્રકાશે વ્યવહાર થાય, સદૈવ તેનો ઉદયાસ્ત થાય;
ફર્યા કરે અંબરના વિહારી, સુખે વસે કોણ જુઓ વિચારી.
નિશાપતિ અમૃતપાત્ર ચાંદો, કલંકિને તેમ સદૈવ માંદો;

પામે નહીં કોઈ દિને પથારી, સુખે વસે કોણ જુઓ વિચારી.
ઘડયા કરે ઘાટ ફરી ફરીને, બેસે નહીં એક ઘડી ઠરીને;
બ્રહ્મા થયા તોપણ ભાંડકારી, સુખે વસે કોણ જુઓ વિચારી.
શ્રીરામચંદ્રાદિક પુણ્યધામ, ઠરી ન બેઠા પણ કોઇ ઠામ;
દુઃખી બલિરાજ સમા સુરારિ, સુખે વસે કોણ જુઓ વિચારી.
સ્વરૂપનું જ્ઞાન ન થાય લેશ, ઉપાધિને આધિ નડે વિશેષ;
સંન્યાસિઓ તેમજ બ્રહ્મચારી, સુખે વસે કોણ જુઓ વિચારી.
તપે ત્રિધા તાપ વડે ગૃહસ્થો, મુવાસુધી અન્ય ન કોઈ રસ્તો;
છે વેશ્મનો ભાર સદૈવ ભારી, સુખે વસે કોણ જુઓ વિચારી.
સંસારનાં સંકટથી સતાઇ, દેખી બધું દૃષ્ટિથિ દુઃખદાઈ;
બને સહુ બાકરિઓ બિચારી, સુખે વસે કોણ જુઓ વિચારી.
રાજા અને રંક સમર્થ લોક, પડયા રહે શોકવિષે અથોક;
પ્રધાન ને કાબિલ કારભારી, સુખે વસે કોણ જુઓ વિચારી.
અનાદિ આ વિશ્વવિષે થયા જે, દુઃખેસુખે સર્વ વહી ગયા તે;
જંજાલ જેણે વિગતે વિસારી સુખે સુએ તેજ જુઓ વિચારી.
જે કામને ક્રોધ સદૈવ જીતે, વૈરાગ્યમાં પ્રીતિ કરે સુરીતે;
હૈયાવિષે હિમ્મત હોય ભારી, સુખે સુએ તેજ જુઓ વિચારી.
સારે નઠારે સમદૃષ્ટિ રાખી, પીડા પડે તોપણ સર્વ સાંખી;
ચાલે સદાચારવિષે વિચારી, સુખે વસે તેજ જુઓ વિચારી.

जाण्या न जो जगदीश तो मानव थया पण शुं थयुं ?

हरिगीत.

દેખી અવરના ઉદયને આવી ગઇ ઇર્ષા અતિ,
શાસ્ત્રો પુરાણો નિરખવા આનંદ પામી નહિ મતિ;
દર્શન કર્યાં નહિ દેવનાં નયનો મળ્યાં તો શું થયું ?
જાણ્યા ન જો જગદીશ તો માનવ થયા પણ શું થયું ?
સારૂં શ્રવણ કીધું નહીં શિક્ષા ન સારી સાંભળી,
ચાડી અને ચુગલાઇની વાતો વળી લાગી ગળી;
નહિ દાદ દીનતણી સુણી કર્ણો મળ્યા તો શું થયું ?
જાણ્યા ન જો જગદીશ તો માનવ થયા પણ શું થયું ?
કાઢયાં અતિ કડવાં કલેજાં કાપનારાં કે'ણને,
ન કહ્યાં કદી સદ્બોધકારક વિનયવાળાં વેણને;

નહિ નામ લીધું રામનું જીવ્હા જડી તો શું થયું ?
જાણ્યા ન જો જગદીશ તો માનવ થયા પણ શું થયું ?
સેવા ન સંતતણી કરી સદ્બોધ લેશ લખ્યા નહિં,
કલ્યાણકારક અવર કોઈ ક્રિયા કદાપિ થઇ નહિ;
નહિ દીનને દીધું કંઈ હાથો મળ્યા તો શું થયું ?
જાણ્યા ન જો જગદીશ તો માનવ થયા પણ શું થયું ?
સત્પુરૂષનાં દર્શન નહિ કરવા ગયા કોડે કદી;
આપ્યું ન માન અનેકને મોટાઈના મદમાં મદી;
ન કર્યાં કદી તીર્થાટનો પગ પામવાથી શું થયું ?
જાણ્યા ન જો જગદીશ તો માનવ થયા પણ શું થયું ?
સારૂં અને શું છે નઠારૂં ગ્રહણ કરવું શું ઘટે ?
સંસારનાં સુખ-દુઃખની કઇ રીતથી પીડા મટે ?
એવો વિચાર ન થાય તો વિનયે કરીને શું થયું ?
જાણ્યા ન જો જગદીશ તો માનવ થયા પણ શું થયું ?
ન નમન કર્યું ગુરુજનતણાં ચરણારવિંદવિષે પડી,
ઉપકારથી બાંધી નહિ જય શબ્દની પણ પાઘડી;
ઋણ એક પણ નહિ ઉતર્યું, માથું મળ્યું તો શું થયું ?
જાણ્યા ન જો જગદીશ તો માનવ થયા પણ શું થયું ?
પલની ખબર પડતી નથી એ વાતને જાણી નહીં,
ભવ સફલ કરવાની કદી ચિંતા મને આણી નહીં;
બાલ્યા યુવા વૃદ્ધા અવસ્થા એમ વય વીતી ગયું,
જાણ્યા ન જો જગદીશ તો માનવ થયા પણ શું થયું ?
સંતોષ કોઇ પ્રકારનો આપ્યો ન લેશે કોઇને.
લીધું ખરૂં દીધું નહીં શુભ દાન પાત્રે જોઇને;
ખાધું અને પીધું નહીં સંપત્તિએ પણ શું થયું ?
જાણ્યા ન જો જગદીશ તો માનવ થયા પણ શું થયું ?

कल्याण समजाय नहि तो वैभव निष्फल छे.

हरिगीत.

ભાવે કરીને ભોગવ્યા ભારે ભભકથી ભોગને,
રતિમાત્ર પણ જાણ્યો નહીં નિજને રૂંવાડે રોગને;

કાયા કદિ સુંદર મળી સુખ સ્વરસ રીતે સાંપડ્યું,
જાણ્યું ન જો કલ્યાણ તો તે સર્વથા નિષ્ફલ ગયું.
એઠા બગીચા બંગલામાં મોજશોખ સદા કરી,
ભાષણ કર્યાં ભરજોરથી ભારે સભામંડલ ભરી;
મોટા જનોમાં માનને કદિ કોઇ રીતે મેળવ્યું,
જાણ્યું ન જો કલ્યાણ તો તે સર્વથા નિષ્ફલ ગયું.
ધન ધામને ધરણી મળ્યાં દ્રવ્યે ભર્યા ભંડાર છે,
હે કોઈ હાજર એમ કે' ત્યાં એક બે તૈયાર છે;
રાગે અને રંગે હૃદય આનંદમાંજ રચી રહ્યું,
જાણ્યું ન જો કલ્યાણ તો તે સર્વથા નિષ્ફલ ગયું.
પામ્યા પ્રવીણ કલત્ર તેમ સુપુત્ર આ સંસારમાં,
આવી નહિ અડચણ જરાય વિહાર કે આહારમાં;
વિદ્યા ભણ્યા વાંચ્યું બહુ વિજ્ઞાન સઘળું વાવર્યું,
જાણ્યું ન જો કલ્યાણ તો તે સર્વથા નિષ્ફલ ગયું.
પોઢ્યા પલંગે પેટપર કર ફેરવી આનંદમાં,
આવી ન આધિ વ્યાધિ તેમ ઉપાધિઓ આ અંગમાં;
નિજના વિચારે જન્મવું સંતોષકારક માનિયું,
જાણ્યું ન જો કલ્યાણ તો તે સર્વથા નિષ્ફલ ગયું.
ભોજન કરાવ્યાં ભાવથી જ્ઞાતિ અને જાતિવિષે,
પ્હેરી પિતાંબર પ્રેમથી ફૂલી ફર્યા પંગતવિષે;
વિનયે કરીને વદનથી વળિ, વાહવાહ વદાવિયું,
જાણ્યું ન જો કલ્યાણ તો તે સર્વથા નિષ્ફલ ગયું.
દેશાટને દીઠા નજરથી દૂરના દેશો ઘણા,
હુન્નર હજારગણા કર્યા રાખી નહીં કાંઇ મણા;
બળિયા બની કદિ શૌર્યથી પણ સિંહનું વાહન કર્યું,
જાણ્યું ન જો કલ્યાણ તો તે સર્વથા નિષ્ફલ ગયું.
ખોયું બધું બાલકપણું રમવા અને જમવાવિષે.
જાતી રહી જલદી જુવાની જાણતાં જુવતીવિષે;
આવ્યું ઘરડપણ પ્રાણ લેવા જોર સાવ જતું રહ્યું,
જાણ્યું ન જો કલ્યાણ તો તે સર્વથા નિષ્ફલ ગયું.

प्रास्ताविक विचारो.

अनुष्टुप्.

મુરબ્બીઓ મરે તેમ, જુવાનો જાણતા હશે;
વિચાર જો કરે તો તો, કલ્યાણ એ થકી થશે.
નથી જુવાનીના જેવું, ઘેન ઘોર ઘણાં હશે;
ન થવાનું હશે કર્મ, તે તેના ઘેનમાં થશે.
માયાનો મોહ છે મોટો, કોણ મોહી ગયા નથી;
કોણ માનવ તે માત્ર, જુઓ મનવિષે મથી.
ભણ્યાનો સાર તો એજ, વિપત્તિ ન નડે કશી;
જુવાનીનું થતાં જોર, તે વાત જાય છે ખશી.
થાય છે જેમ સંસારે, તે બધું સંભવેજ છે;
આશ્ચર્ય તે વિષે શું છે ? તેનો સ્વભાવ તેજ છે.
સ્વભાવ સહુથી મોટો બલવાન જણાય છે;
સારૂં માઠું સદા કર્મ, એ પ્રમાણેજ થાય છે.
સ્વભાવ કર્મને વશ્ય, અવશ્ય એમ જાણવું;
થાય જે કર્મથી તેમાં, શું આશ્ચર્યજ આણવું ?
મને તો મૂર્ખતા એક, જણાય દુઃખકારણ;
મોટું મોતવિનાનું એ, મૂર્ખનું એક મારણ.
આખો સંસાર આધીન, કર્મને એમ સૌ કહે;
જેને જેમ ગમે તેમ, માની અંતરમાં લહે.
બુદ્ધિનું બલ તે જ્ઞાન, વધારે છે મનુષ્યમાં;
કરે સાર્થક ત્યારેજ, ગણાય તે મનુષ્યમાં.

एमां जन्मसाफल्य शुं हशे ?

अनुष्टुप्.

રમવા જમવા ખાવા, પીવા ને પ્હેરવાવિષે;
રચ્યાપચ્યાં રહે એમાં જન્મસાફલ્ય શું હશે ?
વાંકાંચૂકાં વદી વેણ, બીજાને બાળવાવિષે;
દીનને દુઃખ દેવામાં જન્મસાફલ્ય શું હશે ?

સદાચાર તજી સર્વ. દુરાચારવિષે વસે;
અકલ્યાણ કરે એમાં, જન્મસાફલ્ય શું હશે ?
બને ઉપરથી આછા, અસત્ય અંતરે વસે;
કુસંપ કરવો એમાં, જન્મસાફલ્ય શું હશે ?
ન ધર્મ-કર્મને જાણે, રચ્યા રે' રાગને રસે;
ચૂંથવાં ચામડાં એમાં, જન્મસાફલ્ય શું હશે ?
પરદાર પરદ્રવ્ય, પરના ધામમાં ધસે;
પછી ખાય ખતા એમાં, જન્મસાફલ્ય શું હશે ?
વિનાવિવેકથી વંઠી, રખડે છે દિશા દશે;
ગણે ગુણીપણુ એમાં, જન્મસાફલ્ય શું હશે ?
પડી પ્રપંચમાં નિત્ય, પોતે પંડિતના મિશે;
ધમવી ધૂળ એમાં તે, જન્મસાફલ્ય શું હશે ?
નરતાં કર્મને યોગે, અખિલેશ્વરથી ખસે,
વિનામોતે મરે એમાં, જન્મસાફલ્ય શું હશે ?
ચિંતવે સર્વદા એમ, જન્મસાફલ્ય શું હશે ?
સદા સફલ છે તેનો, જન્મ આ અવનીવિષે.

નવા અંગ્રેજી ભણતા તરુણોનાં અવિનયવિષે.

અનુષ્ટુપ.

નવી વયવિષે આવે, નવી વિદ્યા ભણે વળી;
બુદ્ધિના બારદાનોનું, ચિત્તડું જાય છે ચળી.
સુખ ને દુઃખ છે નિત્ય, મનના વિષયો વળી;
સદ્‌વિચાર ન રાખે તો, ચિત્તડું જાયછે ચળી.
ભણે ભાષા ભલે ભારે, ભલે વિદ્વાનમાં ભળે;
અવસ્થાથી થતું જ્ઞાન, ન અવસ્થાવિના મળે.
નમીએ સાત જો વેંત, તો કોઇ તસુએ નમે;
બુદ્ધિના બારદાનોને, નહિ તે કરવું ગમે.
સ્વતંત્રતા હશે સારી, પણ તે ફલ બે કરે;
ચડાવે કે પછાડે છે, એમ અંતરમાં ઠરે.

નવા પણે લા રાખે છે, દયા માબાપની હજી;
જુવાનીનું થતાં જોર. દેછે તે સર્વદા તજી.
દિવસો લાડ લેવાના, ગયા છે તેમના ગયા;
પુણ્યવાન હશે તેતો, હજી આજ સુધી રહ્યા.

सांसारिक स्थितिसंबंधे मित्रने पत्र.

उपजाति.

ઉદાસ એથી પ્રિયમિત્ર મારા, પૂરા થયા કોડ નહીં અમારા;
સ્વતંત્રતાનું સુખ મેં ન જોયું, એથી ન બીજું પ્રિય કાંઇ ખોયું.
ન ચિત્ત મારૂં સ્થિર થાય લેશ, સંકલ્પમાં મગ્ન રહે હમેશ;
અરે હરિ ઉન્નતિ થાય કેમ? સદાય નિઃશ્વાસ ખવાય એમ,
ફળે નહિ હેતુવિષે સ્વભાવે, ઇર્ષ્યા મને અંતરમાંહિ આવે;
નથી કંઇ સાધન શ્રેષ્ઠ થાવા, કહો હવે કેમ જવું કમાવા.
કર્તવ્ય જે જન્મ લઇ જનોનું. થયું ન સંપાદન કાંઇ તેનું;
પાશેરનું પેટ પડ્યું પનારે, આવિ સ્થિતિ થાય સદાય ત્યારે.
સંસાર આ સર્વ ઉપાધિરૂપ, આધિ અને વ્યાધિ પડે અનુપ;
રહે વળી સ્વાર્થવિષે વિલીન, વિદ્વાન રાજા ગુણહીન દીન.
વિચારવાથી ન પમાય પાર, દેખું બહુ દુષ્ટજનો અપાર;
હશે ભલે જેમ થવાનું થાય, તથાપિ મારૂં મન તો તણાય.
સંતોષથી શાન્ત સદા રહુંછું, સંતાપ સર્વે સુખથી સહુંછું:
ચિંતા ન મારી કરવી તમારે, એ માગવાનું પ્રિયમિત્ર મારે.
છે કર્મને આધીન સર્વ લોક, એવાં પ્રમાણો મળશે અથોક,
આંખેય એ વાત અનુભવાય, તોએ ઉરે નિશ્ચય એ ન થાય.

भजो तमे भाव धरी हरिने.

उपजाति.

અમુલ્ય આ દેહ સદા ગણાય, ક્ષણેકમાં તેપણ નાશ થાય;
બેઠા વૃથા કેમ સુખે ઠરીને, ભજો તમે ભાવ ધરી હરિને.
આપે કદી કોઇ ગરાસ ગામ, મળે કદી ઉત્તમ ક્યાંહિ માન;
આવે ન આ જન્મ ફરી ફરીને, ભજો તમે ભાવ ધરી હરિને.

આવે ન પાછું વય જે ગયું તે, હશે હવે ઠીકજ જે થયું તે;
ચાલી સદા દુર્ગુણથી ડરીને, ભજો તમે ભાવ ધરી હરિને.
આવે ન પાછી પલ જે ગઈ તે, લાખો પ્રયત્ને પણ કોઇ રીતે;
કાર્યો કરે ઉત્તમ આદરીને, ભાવે ભજો ભાઇ હવે હરિને.
દીધા પ્રભુએ દિન સર્વ રૂડા, હવે ન પ્હેરાય કદાપિ ચૂડા:
રે'વા રુડે ઠામ સદા ઠરીને, ભાવે ભજો ભાઈ હવે હરિને.
સંસારમાં સાર કશો ન લેખો, પ્રપંચ આ દુઃખદ સર્વ દેખો;
શમાદિથી વશ્ય કરી અરિને, ભાવે ભજો ભાઇ પછી હરિને.
આશા ન તૃષ્ણા કરવી લગાર, એ દુઃખ આપે મનને અપાર;
વિવેકને બુદ્ધિવિષે ધરીને, ભાવે ભજો ભાઇ હવે હરિને.
સદા સદાચારવિષે રહીને દુષ્કર્મને દૂરથકી દહીને;
વિચારની વાત ન વીસરીને ભાવે ભજો ભાઇ હવે હરિને.

દૃઢતા અને દેશનો ઉદય.

दोहरा.

દૃઢતા દેવી દેશને, ઉદય સદા કરનાર;
દૃઢતા દેવી દેશમાં, દ્રવ્ય ઘણું ભરનાર.
સઘળી પણ સંપત્તિઓ, દૃઢતાને વશ થાય;
નિશ્ચય રહે ન મનવિષે, તો સઘળી વહી જાય.
સત્તા એની સર્વદા, કામકાજમાં હોય;
આરંભ્યું સંસારમાં, અપૂર્ણ ન રહે કોય.
આપણના આર્યો હતા, દૃઢ નિશ્ચયથી પૂર્ણ;
તો તેણે તે વખતમાં, લીધાં સુખ સંપૂર્ણ.
સર્વ દેશના ઉદયનો, દૃઢતાથી આરંભ,
એમ દેખીએ આપણે, છતાં નહીં વિશ્રંભ.
જો ઈચ્છા મનમાં કરો, ઉદય થવાની આપ;
તો અંતરમાં કોતરો, દૃઢ નિશ્ચયની છાપ.
આરંભ્યા ઉત્તમ તમે, કરો પુર્ણ સહુ કામ;
તેના શુભ પરિણામમાં, સદા લહો વિશ્રામ,

તેનું વૃથા જીવિત સર્વ જાય.

ઉપજાતિ.

ન ઉન્નતિની મન વાત આવે, વિવેકની વાત મને ન લાવે;
કલ્યાણ માટે ન કરે ઉપાય, તેનું વૃથા જીવિત સર્વ જાય.
સદા સદાચાર ન કાંઈ જાણે, કુમાર્ગને માર્ગ ખરો પ્રમાણે;
ભવાટવીના ભ્રમમાં ભમાય, તેનું વૃથા જીવિત સર્વ જાય.
વિવેકથી જે મનને ન મારે, દયાદિની વાત નહીં વિચારે;
સંતોષના અમૃતથી ન ન્હાય, તેનું વૃથા જીવિત સર્વ જાય.
સંસારની જાલવિષે પડેછે, જે આમ ને તેમજ આથડે છે;
જરૂર જાવું નહિ તે જણાય, તેનું વૃથા જીવિત સર્વ જાય.
પાખંડીઓ સાવ સગા કરેછે, આશાતૃષામાં રખડી મરેછે;
વાતો સદા સ્ત્રી જનનીજ ગાય, તેનું વૃથા જીવિત સર્વ જાય.
ન સાંભળે શાસ્ત્રની વાત લેશ, પડયો પડયો પાપ કરે વિશેષ;
જેને નઠારીજ સદા સહાય, તેનું વૃથા જીવત સર્વ જાય.
ન સાધુની સંગત કયાંહિ થાય, સદા દુરાચારવિષે હણાય;
દંભી અને દુર્ગુણિમાં ગણાય, તેનું વૃથા જીવિત સર્વ જાય.
વિહાર આહાર ન યોગ્ય થાય, શરીરમાં રોગ રહે સદાય;
જેને રહે કેવલ હાયહાય, તેનું વૃથા જીવિત સર્વ જાય.
જે દીનના અંતરને દુખાવે, જે કોકનો કલેશ શિરે લયાવે;
જેના સગા બાંધવમાં સમાય, તેનું વૃથા જીવિત સર્વ જાય.
જે કામ ને ક્રોમ ન લોભ મારે, ન મોહને મત્સરને વિદારે;
ન જેમનાથી મદને તજાય, તેનું વૃથા જીવિત સર્વ જાય.
જે ભીખથી પેટ ભરે પરાણે, સુખે ન જે ભોજન ખાય ભાણે;
જે દુર્ગુણિના ગણમાં ગણાય, તેનું વૃથા જીવિત સર્વ જાય.
ચાડી અને ચોરીવિષે ચતુર, નારીજનોમાંહિ જણાય શૂર;
પાંડિત્ય જેમાં ન મળે જરાય, તેનું વૃથા જીવિત સર્વ જાય.
કાળી કરી કીર્તિ સદૈવ લોકે, બળ્યા કરે બહુજ અથોક શોકે;
જેણે ન ઠામે સુખથી ઠરાય, તેનું વૃથા જીવિત સર્વ જાય.
:ણા કરે રોજ ઉપાધિ આધિ, વિશેષ જેને વળગેલ વ્યાધિ;
જેનાં ન તે નાશ ત્રણેય થાય, તેનું વૃથા જીવિત સર્વ જાય.

ન પૂર્વનાં સંચિત કાંઈ સારાં, કરે વળી કર્મ અહીં નઠારાં;
ન સત્યને જેથી અનુસરાય, તેનું વૃથા જીવિત સર્વ જાય.
અસાર સંસાર ન જૂઠ જાણ્યો, જે જન્મિને ભોગ ભલા ન માણ્યો,
જેનું બધું અન્યની પાસ જાય, તેનું વૃથા જીવિત સર્વ જાય.
કરે કરી ક્યાંહિ ન કાંઈ આપ્યું, મળેલ તે કોકતણુંજ કાપ્યું;
ન શુદ્ધ જેનાં મન વાક કાય; તેનું વૃથા જીવિત સર્વ જાય.
દેશાટને જે દિનરાત ગાળે, આવી પડે મોત કદી અકાળે;
જેથી ન ભાવે પ્રભુને ભજાય, તેનું વૃથા જીવિત સર્વ જાય.
વ્યાપી રહ્યા અંબરની પ્રમાણે એવા પ્રભુ પ્રેમથકી ન જાણે;
પાખંડની ફાંસિવિષે ફસાય તેનું વૃથા જીવિત સર્વ જાય.
જેના પ્રકાશેકરિ સૌ પ્રકાશે, જેના પ્રતાપેકરિ સર્વ ભાસે;
તે ઇશના સદ્ગુણને ન ગાય, તેનું વૃથા જીવિત સર્વ જાય.
હીરો ચડ્યો હાથ ન ખોઇ દેતાં, સંસારનો સાર સમગ્ર લેતાં;
વિવેકથી તેમ કરો સદાય, સાફલ્ય જે જીવિતનું જણાય.
કહ્યા અમે ઉપર દોષ જેજે, તમે તજો સર્વ સદાય તેતે;
પશુ મટી માણસ જો થવાય, સાફલ્ય તે જીવિતનું ગણાય.

शुं आपणो उदय एम कदापि थाय ?

वसंततिलका.

પોઢે પલંગપર પ્રેમથિ સાત વાગે,
ઉંઘે અતિશય સ્હવાર થતાં ન જાગે;
વાતોવિષે વિષયની દિનરાત જાય,
શું આપણો ઉદય એમ કદાપિ થાય ?
અત્યંત સૂક્ષ્મ વળિ વસ્ત્ર ઘણાં ગમે છે,
સ્ટૉકિંગ બૂટ મનમાંહિ રહ્યા રમે છે;
ફૂલેલ તેલ બહુ કેશવિષે ઘલાય,
શું આપણો ઉદય એમ કદાપિ થાય ?
એકાંતરા પણ હજામતને કરાવે,
અસ્ત્રી કરેલ વળી અંગરખાં ધરાવે;
હાથે વિલાયતિ છડી લઇને ચલાય,
શું આપણો ઉદય એમ કદાપિ થાય ?

હાથે લગામ લઇ ગાડિ ચલાવવામાં,
મોટી મિટિંગ કરી નામ ઘલાવવામાં;
મોટાઇ માન મનમાં બહુ તે મનાય,
શું આપણો ઉદય એમ કદાપિ થાય ?
પૂરા અનેકવિધ પાક પકાવવામાં;
રાજી અતીશ વળિ નાચ નચાવવામાં;
હેતેથકી હરઘડિ ધન વાવરાય,
શું આપણો ઉદય એમ કદાપિ થાય ?
કોચે પડે કડ ખડી ગઇ હોય જેમ,
આવે ન કોઈ દિન દીનપરે ન રે'મ;
કોડે કરી કદિ કંઇજ નહીં અપાય,
શું આપણો ઉદય એમ કદાપિ થાય ?
સાથે મળેલ નિજ મંડળિના સમાજે,
શૃંગાર સર્વ સજિ ખુરશિએ વિરાજે;
અત્યંત મૂછપર ત્યાં કર ફેરવાય,
શું આપણો ઉદય એમ કદાપિ થાય ?
છેલાઇથીજ પ્રતિબિંબ છપાવવામાં.
પોતાતણી પ્રવીણતાજ ખપાવવામાં;
ખાંતિકરી ખરચ ખાલિ થઈ જવાય,
શું આપણો ઉદય એમ કદાપિ થાય ?
નાચે નકામ નર નાટકીઓ થઇને,
બેસે બરાબર બની હનિ ત્યાં જઇને;
આંખો ઉઘાડી કદિ એ વખતેજ ગાય,
શું આપણો ઉદય એમ કદાપિ થાય ?
શીશી લવંડરતણી લઈ ખૂબ છાંટે,
ઘૂમે ઘરેઘર અને વળી વાટઘાટે;
વિદ્વાન કે વકિલને ન જરા નમાય,
શું આપણો ઉદય એમ કદાપિ થાય ?
'ગુડ્મોરનિંગ સર' એમ બહુજ બોલે,
પાછા પછાડિથિ છચોકજ તેજ છોલે;

જ્યાં ગોળ ખોળ સરખાંજ સદા ગણાય,
શું આપણો ઉદય એમ કદાપિ થાય ?
ભાવે ભણે અવર જે છળભેદ ભાષા,
રાખે સદાય પરના ધનમાંહિ આશા;
પ્રીતે ન પુણ્ય પણ કાંઇ કદી કરાય,
શું આપણો ઉદય એમ કદાપિ થાય ?
વીંટે ગળે ગલપટા સુગુણી ગણાવા,
છત્રી વિલાયતિ લહે સુધરેલ થાવા;
લાકીટને ન પલ પાકિટ વીસરાય,
શું આપણો ઉદય એમ કદાપિ થાય ?
સાબૂ સુગંધિ લઇ ચોળિ શરીર ન્હાય,
લૂવે ટુવાલથિ શરીર ઘશી સદાય;
ચાલે કદાપિ નહિ ચાંખડિઓ સિવાય,
શું આપણો ઉદય એમ કદાપિ થાય ?
હાંડી ગલાસ વળિ ઝુમ્મર ખૂબ ટાંગે,
વાજાં વિલાયતિ વગીજ વિશેષ વાગે;
મૂકે જમીનપર જો પગ તો ઘસાય,
શું આપણો ઉદય એમ કદાપિ થાય ?
રાખે વિલાયતિ ચિનાઈ વળી અપાર,
પ્યાલા રકાબિ પણ કોઇ નમૂનદાર;
પીએ ચિનાઇ ચમચે ચમચેથી ચ્હાય,
શું આપણો ઉદય એમ કદાપિ થાય ?
છે પાટલૂન વળિ કોર ભરેલ ટોપી,
ભાષા ભણે ભભકમાંથિ વળી યુરોપી;
કાડે ક્રિકેટ રમવા સહુ સજ્જ થાય,
શું આપણો ઉદય એમ કદાપિ થાય ?
ચાલે અનેક ઘડિઆળ પચીશવાળી,
ને માંહિ સાંકળીજ પીતળની રૂપાળી;
ચશ્માંવિના ન ઘડિ એક રહી શકાય,
શું આપણો ઉદય એમ કદાપિ થાય ?

માને ન ધર્મ વળિ કર્મ કંઇ ન જાણે,
તૈયાર તેમ કથળી પડવે કટાણે;
કાને ન હોય હિત તેપણ સંભળાય,
શું આપણો ઉદય એમ કદાપિ થાય ?
સ્વપ્ને સદાચરણની નહિ વાત જાણે,
કલ્યાણની ન મનમાં કંઇ વાત આણે;
આવે મને ત્યમ સદૈવ સુખે ભણાય,
શું આપણો ઉદય એમ કદાપિ થાય ?
આ આપણો સફલ જન્મ કરાય જેમ,
છે યોગ્ય યત્ન કરવા સહુએજ તેમ;
એ વાત ખાંત કરીને ન કદી ખણાય,
શું આપણો ઉદય એમ કદાપિ થાય ?
વિસ્તાર થાય બહુ શું કહિએ હવે તો,
સત્સંગ તે પણ કરે મનમાં ગમે તો,
ભાવે ન **કેશવ** જગત્પતિ જો ભજાય,
શું આપણો ઉદય એમ કદાપિ થાય ?

---

૫ બહાને કોઈ ઉદય કરી શક્યા નહિ.

પુષ્પિતાગ્રા.

નથિ બલ નથિ દામ હામ છે ના, જન પણ કોઈ સહાય હોયરે' નાં;
નથિ અવસર એમ નિત્ય રોઈ, ઉદય કરી ન શકયા જરાય કોઇ.
નથિ વય નથિ વ્હાર સાર છે ના નજર અમારિ કશાયમાં પડે ના;
નથિ શુભ યુગ એમ નિત્ય રોઇ, ઉદય કરી ન શકયા જરાય કોઈ.
નહિ કરમ કશાં કરેલ સારાં, નથિ ઘરબાર અને અપૂર્વ દારા;
નથિ હરિ અનુકૂલ એમ રોઇ, ઉદય કરી ન શકયા જરાય કોઈ.
નથિ વણજ વટાવ દાવ છે ના, નિશદિન એકજ હાવભાવ રે'ના;
નથિ મદદ મળેલ એમ રોઈ, ઉદય કરી ન શકયા જરાય કોઇ.
ભણતર ભણવા થકી ન સાર, અરર સદાય ઉપાધિયો અપાર;
અડચણ બહુ નિત્ય એમ રોઇ, ઉદય કરી ન શકયા જરાય કોઇ.

મગજ અતિ તપે અરે અમારૂં, શરીરવિષે નહિ કાંઈ હાલ સારૂં;
અરરરર રામ એમ રોઈ, ઉદય કરી ન શકયા જરાય કોઈ.
નથિ શુભ નૃપને ન કારભારી, નથિ વળિ શ્રેષ્ઠ દશા અરે અમારી;
કરમ કઠણુ આજ એમ રોઈ, ઉદય કરી ન શકયા જરાય કોઇ.
નથિ વગ વશ દેશ કોઇ છે ના, વિવિધ વિચારવડે કશું સુઝે ના;
અરસપરસ એમ નિત્ય રોઈ, ઉદય કરી ન શકયા જરાય કોઇ.
સરસ શયન આજ ઉંઘ આવે, મનહર મોદક ભાઈ ખૂબ ભાવે;
વય વહિ ગયું એમ ધૂળ ધોઈ, ઉદય કરી ન શકયા જરાય કોઇ.
નથિ કળ સર વાતનો ન બેસે, નિજ કુલની કયમ લાજ આજ રે'શે;
મરણવિણ ન માર્ગ એમ રોઇ, ઉદય કરી ન શકયા જરાય કોઈ.
ધરમસમય ધ્યાન તો ન આપ્યું, નિજ કરથી કંઈ દીનને ન આપ્યું
વય વહિ ગઇ એમ ધૂળ ધોઈ, ઉદય કરી ન શકયા જરાય કોઇ.
નથિ ધન નથિ ધામ રામ છે ના, કરમ વિના કરમી થવું ઘટે ના;
સુખ સરસ મળ્યું ન એમ રોઈ, ઉદય કરી ન શકયા જરાય કોઇ.

પછી મરવું ભલું.

સોરઠા.

દાઝયા ઉપર ડામ, સહન ન થાય શરીરથી;
હુકમ ઉપાડી કામ, કરવાથી મરવું ભલું.
આરાધ્યા નહિ રામ, કોઈ દિવસ કોડે કરી;
વાંકા વળી સલામ, કરવાથી મરવું ભલું.
મારી નાંખે ઠામ, ભલે વિધાતા વીફરે;
ડગલે ડગલે આમ, ડરવાથી મરવું ભલું.
ચિત્તે આવે ચીડ, આધિ વ્યાધિ ઉપાધિથી;
ભવસાગરની ભીડ, તરવાથી મરવું ભલું.
નરોતણા થઇ નાથ, પછી ધનિકની આગળે;
આપો કહીને હાથ, ધરવાથી મરવું ભલું.
સદાય કલેશ વિશેષ, સુખસંપત્ સોણે નહિ;
દુખિઓ જોવો દેશ, નરવાથી મરવું ભલું.

આપી પાકા કોલ, સજ્જનો પાસે પછી;
મોઢે બોલી બોલ, ફરવાથી મરવું ભલું.
ભલે મળે બહુ ભેટ, રાજ્યાસનનું સુખ ભલે;
પરઘર રહીને પેટ, ભરવાથી મરવું ભલું.
આપે મુંબઇબેટ, ઇનામમાં તોપણ ભલે;
પરઘર રહિને પેટ, ભરવાથી મરવું ભલું.
મનગમતી બહુ મોજ, ભલે મળે ભાવે કરી;
પરઘર રહિને રોજ, જીવ્યાથી મરવું ભલું.
કાલ બધો વહી જાય, વ્યસન અને આળસવિષે;
ન જડે શ્રેય ઉપાય, તે કરતાં મરવું ભલું.
જો આયુષ વહિ જાય, વિદ્યા વિનય વિનોદવિણ;
શ્રેય નહિ સમજાય, તે કરતાં મરવું ભલું.
નિશદિન રહિને રાંક, એવાં દુઃખ અનેકનો;
આડો રહે ન આંક; તે કરતાં મરવું ભલું,

प्रस्ताविक.

सोरठा.

નિશદિન આઠે યામ, પાપરૂપ પરદારને;
પરધન ને પરધામ, હરનારા નરકે જશે.
બુઢ્ઢા થાતા, બેલ બાર વર્ષની બાલકી;
ખોટા કરતા ખેલ વરનારા નરકે જશે.
કરી સુકર્મ અપાર, શ્રેય કરી કીર્તિ કરી;
સદ્‌ગુણિઓ સંસાર,—તરનારા સ્વર્ગે જજો.

दुःखी संस्थितिना मनुष्यनो पश्चात्ताप.

गरबी.

કહું કોની પાસ હું કા'ણી રે, મને બધી મનની સમાણી. ટેક૦
ઉત્તમ ઉદ્યમ આજ સુધીમાં, આવડયો નહીં લગાર;
વિદ્યાનું જ્ઞાન વિશેષ મળ્યું નહીં, એળે ગયો અવતાર; કહું૦
દ્રવ્યનાં દર્શન દુર્લભ દૈવે, કીધાં કહું શું કેર;
હેતુ જનો પણ જે હતાં મારાં, બાંધી બેઠાં બહુ વેર; કહું૦

આશ્રય સારો મળ્યો નહિ મુનેં, આધારકારક કોઇ;
લાચારી ભોગવી હારી ગયો હું, સિદ્ધિ નજર ન જોઈ; કહું૦
પરવશ રહિને પેટ ભર્યા કર્યું, શોણિત જાય સુકાઈ;
મેણાં મારે કોઈ ત્યારે બેશી રહું, ઉંડા નિશાસા ખાઇ; કહું૦
દૈવયોગે કાંઇ લાભ થયો હતો, તેમાં પડયું ભંગાણ;
કર્કશા કોઈ મળી તેણે કીધી, લાભને બદલે હાણ; કહું૦
પુષ્પસમાન મેં પુત્રને ખોયો, તેથી ન તાપ જરાય;
દુર્જન જેમ બને તેમ બોલે, એથીજ મન ઉભરાય; કહું૦
મિત્ર મળ્યા પણ તે હું સરખા, એવું અદૃષ્ટનું જોર;
તન-મનમાં બળે તાપ તેથી ગણું, કર્મ કર્યાં હશે ઘોર; કહું૦
ખાન ને પાનમાં નિત્ય ગુંથાયો, ભૂલી બધું હું ભાન;
આનંદકારક પાર ઉતારે, એવું ન મેળવ્યું જ્ઞાન; કહું૦
ભાવે ભજ્યા નહિ શ્રીભગવાનને, પુણ્ય કર્યું નહિ લેશ;
કેશવનાથ કહું કયમ રીઝે, કેમ ભજાવાય વેશ ? કહું૦

को' तेवा नर विश्वमां अवतरी शुं काम सारां करे ?

शार्दूलविक्रीडित

આજ્ઞા અંતરમાં ન ધારણ કરે માતા અને તાતની,
આશા શું કરવી પછી પ્રતિદિને સેવાતણી વાતની;
કે' તેના કરતાં અપાર અવળે પંથે સદા સંચરે,
કો' તેવા નર વિશ્વમાં અવતરી શું કામ સારાં કરે ?
જાતિનું અભિમાન લેશ ન જડે કલેશો વિશેષે સહે,
કાયાથી મનથી અને વચનથી જે દીનને દુઃખ દે;
શક્તિ સર્વ પ્રકારની અવરને આડા થવા વાપરે,
કો' તેવા નર વિશ્વમાં અવતરી શું કામ સારાં કરે ?
સારૂં ખાય પિએ સદા સુખ સહુ સંસારનાં ભોગવે,
જાણેછે નિજનું સમગ્ર સુખ તે જે ભોગવ્યું આ ભવે;
જીભેથી જબરા સદૈવ પણ તે વાંદાવડે બ્હી મરે,
કો' તેવા નર વિશ્વમાં અવતરી શું કામ સારાં કરે ?

કામ—ક્રોધતણા અતિપ્રબળથી ને લોભ—મોહેથકી,
લુચ્ચાઓ મદ મત્સરે કુમતિમાં સર્વસ્વ માને નકી;
અંધા જે અદકાં દુરાચરણને પંથે ચડીને મરે,
કો' તેવા નર વિશ્વમાં અવતરી શું કામ સારાં કરે ?
જે દુષ્ટો યમને અને નિયમને વેરી ગણીને તજે,
વંઠેલા વલખાંવડે વિષયને એકાગ્ર ચિત્તે ભજે;
જન્મીને શમથી અને દમથકી હાથે કરી હીન રે'
કો' તેવા નર વિશ્વમાં અવતરી શું કામ સારાં કરે ?
વિદ્યા—ઉદ્યમઆદિ સર્વ સુખનાં હેતુ તજે હર્ષમાં;
આ દેહે અગણિત આદરવડે આવે ન ઉત્કર્ષમાં;
શાસ્ત્રોના ઉપદેશ લેશ મનમાં જેને નહિ સાંભરે,
કો' તેવા નર વિશ્વમાં અવતરી શું કામ સારાં કરે ?
નીતિને ન ગણે સદાચરણમાં જે પ્રીતિ રાખે નહીં,
બ્રહ્માનંદતણા સમગ્ર સુખનો જે સ્વાદ ચાખે નહીં;
બીજાનાં ધન ધામને ધરણીને હેતે કરીને હરે,
કો' તેવા નર વિશ્વમાં અવતરી શું કામ સારાં કરે ?
ધારે ધર્મ ન ધ્યાનમાં પ્રતિદિને જે શુષ્કવાદે વદે,
આર્યોના ઉપદેશને નહિ કદી કર્મી વદી કાન દે;
આધિ વ્યાધિ ઉપાધિની યુવતીને જે જન્મ થાતાં વરે,
કો' તેવા નર વિશ્વમાં અવતારી શું કામ સારાં કરે.

---

*માત—પિતાની સેવાવિષે.

ગરબા પીલુ.

માતપિતાને નમન નિત્ય કરિએ;
કેમ કહો ઉપકાર વિસરિએ ?

પાલણ પોષણ પ્રેમે કરેછે, બાલકને ઠીક દેખી ડરે છે; ટેક.
વેઠે વિપત્તિ પડે તે અપાર, થાવા ન દે પણ દુઃખ લગાર; મા૦
સંકટ આપણનાં સહુ કાપે, આનંદ લાખ ઉપાયથી આપે; મા૦
સાચી શિખામણ ખાંતથી કરતાં, આપણનાં દુઃખ દેખતાં ડરતાં મા૦
ભણતર ભાવ ધરીને ભણાવે, જોર જુલમ તજવાનું જણાવે; મા૦
અકલ વધારે બધે લાભકારી. બોલિએ ચાલિએ વાત વિચારી; મા૦
વિનય વિવેક વધેછે વધારે એ માતતાતને સઘળે સુધારે; મા૦

* બાલકોને માટે લખાએલી છે.

ચિંતા કરે ચિતમાં જે અમારી, એ માતતાતતણી બલિહારી; મા૦
હુકમ કરે તે કરો કર જોડી, એના વિના આપણું મૂલ કોડી; મા૦
માતપિતાનું કહ્યું જે ન માને, નરકવિષે તે પડે અભિમાને; મા૦

वींचाय आंख पछि कांई न हाय हाय.

वसंततिलका.

મોટા મહેલ બહુ બાગ અને બગીચા,
ઉંચા ઉલેચ વળી પાથરવાં ગલીચા;
શોભા વિશેષ સુખ સ્વર્ગ સમાન થાય,
વીંચાય આંખ પછિ કાંઈ ન હાય હાય.
હૈયે કરે હરખ હોજ અને ફુવારા,
વાગે વિચિત્ર વળી નોબત ને નગારા;
ચોંપે ઢળે ચમર છત્ર શિરે ધરાય,
વીંચાય આંખ પછિ કાંઈ ન હાય હાય.
સિંહાસનો સુખડનાં કદિ કોચ સારા,
માંડયાં કબાટ બહુ ટેબલ કે પટારા;
પેટે ધરી કર પલંગવિષે પડાય,
વીંચાય આંખ પછિ કાંઈ ન ાય હાય.
હાથી હજાર હય હોય અનેક ઘેર,
ઓપે અસંખ્ય મણિ મોતિ અને ઝવેર;
આશા વિશેષ વધતી વધતાં વધાય,
વીંચાય આંખ પછિ કાંઈ ન હાય હાય.
હું છું સુખી નૃપતિ રાજ્ય ચલાવનાર,
મારા અનેક સુખનો ન પમાય પાર;
એવું અનેક સમયે અભિમાન થાય,
વીંચાય આંખ પછિ કાંઈ ન હાય હાય.
મારી પ્રિયા પરમ પુત્ર પવિત્ર મારા,
આ તો બધાંય ધન ધામ ધરા અમારાં;
એવા વિચાર કરતાં દિનરાત જાય,

વીંચાય આંખ પછિ કાંઈ ન હાય હાય.
જોવા ગમે સરસ નિત્ય નવા તમાસા,
ભૂલી જવાય નહિ ભોગ વિલાસ ખાસા;
રામાતણા સુભગ સંગવિષે રમાય,
વીંચાય આંખ પછી કાંઈ ન હાય હાય,
ઘી દૂધ સાકર અને શુભ અન્ન ખાવા,
ફૂલેલ તેલ જલ શીતલ હોય ન્હાવા;
સારૂં શરીર ધન યૌવન સાચવાય,
વીંચાય આંખ પછી કાંઈ ન હાય હાય.
આજ્ઞા અનેક જન આનંદથી ઉપાડે,
પુત્ર પ્રિયા પરમ માનવડે રમાડે;
આચાર્યનું પદ કદી પ્રણુયે પમાય,
વીંચાય આંખ પછિ કાંઈ ન હાય હાય.
સાથે સહોદર વસે વિનયે વિવેકે,
સંસારનું સુખ ન પાછળ હોય એકે;
સંપે સગાઇ બહુ સુંદર સાચવાય.
વીંચાય આંખ પછિ કાંઇ ન હાય હાય.
સાથે જમાય શુભ ભોજન ભાવ લાવી;
જોતી બધી જણસ હર્ષવડે મગાવી;
ચોંપે ધરી ચરણુ ચાંખડિએ ચલાય,
વીંચાય આંખ પછી કાંઇ ન હાય હાય.
વિદ્યા—કલાકુશલતા બહુ હોય સારી,
શૂરાતને સરસ કીર્તિ કદી વધારી;
દેશાભિમાન ભરપૂર ભલે રખાય,
વીંચાય આંખ પછિ કાંઈ ન હાય હાય.
આ છે શરીર કહું કાચતણી કટોરી,
આયુષ્ય કાલ પણુ જાય સદૈવ ચોરી;
સામાન્ય અંતસમયે સહુ રંક રાય,
વીંચાય આંખ પછિ કાંઈ ન હાય હાય.
પુત્રો કલત્ર ધન ધામ ધરા હવેલી,

જાવું જરૂર જશ જોબન જોર મેલી;
વિશ્વાસ કેમ ક્ષણભંગુરનો રખાય?
વીંચાય આંખ પછિ કાંઈ ન હાય હાય.
ચાલો સદાચરણમાં પ્રિયમિત્ર મારા,
પૂરા થશે શુભ મનોરથ તો તમારા;
આ દેહ તો સફલ જો પ્રભુને ભજાય,
વીંચાય આંખ પછિ કાંઈ ન હાય હાય.
તારો તરી અવરને ભવસિંધુ ભારે,
થાશે પ્રસન્ન અખિલેશ્વર એ સુધારે;
વીતી જતો સમય તે ન ફરી પમાય,
વીંચાય આંખ પછિ કાંઈ ન હાય હાય.
મેલો મમત્વ અભિમાન સમગ્ર ખોટું,
શ્રી કેશવ પ્રભુથકી નહિ કોઈ મોટું;
સારૂં સમગ્ર જનને સુખ જો અપાય,
વીંચાય આંખ પછિ કાંઈ ન હાય હાય.

आपे ताप अमाप अंतरविषे ए संप शा कामनो?

शार्दूलविक्रीडित.

આંખે આંસુ પડે નડે હરઘડી ચિંતા કરાવે ઘણી,
શ્વાસે હોઠ સુકાય હાય ન મળે વિશ્રામ લેશે ઘડી;
વારંવાર ઘડાય ધર્મ વિસરી વાંધો ધરા ધામનો,
આપે તાપ અમાપ અંતરવિષે એ સંપ શા કામનો?
વિદ્યાભ્યાસ ન થાય જાય જનનું આયુષ્ય એળે બધું,
સુઝે અંતરમાં ન ઉદ્યમ કશો વ્હાલી ન લાગે વધુ;
મ્હોળા બંધનરૂપ કૂપ સરખો જે કામ છે કામનો,
આપે તાપ અમાપ અંતરવિષે એ સંપ શા કામનો?
શાણા શાલક સાસરા સગપણે પ્યારા બને પ્રીતિથી,
માતા તાત ભણેલ ભાઈ ભગિની ભાંડ ભલી રીતિથી,
મિથ્યા મોહવડે અનાદર કરાવે સ્વાર્થથી આમનો,

આપે તાપ અમાપ અંતરવિષે એ સંપ શા કામનો ?
આધિ વ્યાધિ વધારનાર ધનને દે ધૂળધાણી કરી,
પિંડે પ્રેમ અપૂર્વ હોય પણ તે લે હાયવોયે હરી;
સૂકાવે સઘળું શરીર સહુનું અંતે રહી નામનો,
આપે તાપ અમાપ અંતરવિષે એ સંપ શા કામનો ?
સંસારે સ્વપરત્વભેદ ન ટળે એ છે અચંબો અરે,
એવાં કારણથી કુસંપ સહુની સાથે કરાવ્યા કરે;
દેનારો હૃદયે સદૈવ સહુને જે દુ:ખના ડામનો,
આપે તાપ અમાપ અંતરવિષે એ સંપ શા કામનો ?
પોતાનું જન જે મનાય મનથી તેમાં કરાવે મતિ,
માતા તાત અને સહોદરવિષે વિક્ષેપ પાડે અતિ;
વાદે વેર કરાવિ અંતરવિષે ગોલો બને ગામનો,
આપે તાપ અમાપ અંતરવિષે એ સંપ શા કામનો ?
રાખે રોતલ ધૈર્યખોતલ અને જંજાલનો જોતલ,
જેનું છેવટ છે વિચાર કરતાં સંતાપરૂપી ફલ;
લૂંટી લે જબરો બની જગતનો જે સ્વાદ આરામનો,
આપે તાપ અમાપ અંતરવિષે એ સંપ શા કામનો ?

ए संपने शुं करवो अमारे ?

उपजाति.

નિશ્ચિંતતા ચિત્તવિષે ન થાય, દબાણથી ડાંપણ દૂર જાય;
વાંધો વૃથા વાદ કરી વધારે, એ સંપને શું કરવો અમારે ?
સદા રખાવે સ્વપરત્વભેદ, કળાય જે સંકટરૂપી કેદ;
પડે ન સંતાપ કશો વિસારે, એ સંપને શું કરવો અમારે ?
સંકોચ સંબંધવિષે કરાવે, સંસારના દોષવડે ઠરાવે;
અસહ્ય જે અંતર માર મારે, એ સંપને શું કરવો અમારે ?
પ્રિયતણું વિપ્રિય કેમ થાય, પુત્રોતણું કેમ મમત્વ જાય;
આસક્તિ બંધાય વિનાવિચારે, એ સંપને શું કરવો અમારે ?
શરીરનું લોહિ સુકાઇ જાય, ચાતુર્ય ચારે ગમથી ચુકાય;
બુડે સમુદ્રે વળિ વ્હાણ વ્હારે, એ સંપને શું કરવો અમારે ?

ए प्रेमने शुं करवो अमारे ?

उपजाति.

જાતે ન દે દેશ વિદેશ જાવા, કોડે ન દે કોઇ દિને કમાવા;
સંસારના તાપવડે વિદારે, એ પ્રેમને શું કરવો અમારે ?
આપે સદા બંધન સર્વ રીતે, વિપત્તિમાં જીવન નિત્ય વીતે;
કુસંપનાં મૂલ વળી વધારે, એ પ્રેમને શું કરવો અમારે ?
સદા રખાવે સ્વપરત્વભાવ, બાંધી બગાડે સહુનો સ્વભાવ;
સંસારમાં દુઃખદ માર મારે, એ પ્રેમને શું કરવો અમારે ?
સદા કરે ઉદ્યમમાં ઉદાસ, ગમે ન સંબંધવિષે નિવાસ;
નેત્રે પડે નીર અખંડ ધારે, એ પ્રેમને શું કરવો અમારે ?
અમૂલ્ય આ દેહ પડાવનાર, વિપત્તિને વેર વધારનાર;
બોળે સમુદ્રે વળિ વ્હાણ જ્યારે, એ પ્રેમને શું કરવો અમારે ?
વિચાર આચાર રહે અધૂરા, મનોરથો કોઇ ન થાય પૂરા;
વૃથા બધું છેવટે થાય ત્યારે, એ પ્રેમને શું કરવો અમારે ?
ભવાટવીમાં ભટકાવનાર, સ્વર્ગ જવાનું અટકાવનાર;
જેને પ્રતાપે નરક પધારે, એ પ્રેમને શું કરવો અમારે ?
આવે ન જે આખર કાંઇ કામ, ન થાય જેથી મનને વિરામ;
શ્રીરામનું નામ સદા વિસારે, એ પ્રેમને શું કરવો અમારે ?
સ્વાર્થેથકી સત્ય સદા જણાય, સંબંધથી માત્ર વડો ગણાય;
છે સ્વાર્થનું રૂપ જરૂર જ્યારે, એ પ્રેમને શું કરવો અમારે ?
રીબાય છે રોગવિષે શરીર, ત્યારે બને અંતર આ અધીર;
વ્હાલો ન લાગે મનમાં લગારે, એ પ્રેમને શું કરવો અમારે ?
મીંચાય છે આખર આંખ જ્યારે પડે ચિતામાં તન તેમ ત્યારે;
જે કામ લાગે ન કશે પ્રકારે, એ પ્રેમને શું કરવો અમારે ?
સંસાર સંબંધ સમગ્ર ખોટું, ન કેશવાધીશથિ કાંઇ મોટું;
પાડે સદા એ પ્રભુને પનારે, એ પ્રેમનું કામ સદા અમારે.

પ્રેમનું પરિણામ.

દોહરા.

મરે માછલી જલવિના, જરા ન લાગે વાર;
પ્રેમતણા પરિણામમાં, આખર એ છે સાર.
પતંગ અગ્નિવિષે પડી, પલમાં સળગી જાય;
પ્રેમતણા પરિણામમાં; આખર એ ફલ થાય.
એક જતાં બીજું મરે, સારસ પક્ષિવિશેષ;
પ્રેમતણા પરિણામને, દૂરથકી આદેશ.
જાતિભેદ જતો રહે, વિપરીત વૃત્તિ જણાય;
પ્રેમતણા પરિણામમાં, તન-મન પરવશ થાય.
લાભ સર્વ લુંટાય છે, હાનિ થાય હજાર;
પ્રેમતણા પરિણામમાં, વંઠે વિનય-વિચાર.
વિદ્યાભ્યાસ પડ્યો રહે ઉદ્યમ કશો ન થાય;
પ્રેમતણા પરિણામમાં, ઉદય ન લેશ કરાય.
આ સંસારવિષે સદા ચિત્ત ઉચક થઈ જાય;
પ્રેમતણા પરિણામમાં, જીવન મિથ્યા જાય.
આંખે આંસુ પડ્યા કરે, શરીર સાવ સુકાય;
પ્રેમતણા પરિણામમાં, કારણ નહીં કળાય.
તન-મન ભાન તજે બધું, ભૂખ તરશ ભૂલાય;
પ્રેમતણા પરિણામમાં, વિવેક વણુશી જાય.
સત્યાસત્ય ન સાંભરે, અનિષ્ટનો ભય થાય;
પ્રેમતણા પરિણામમાં, અગણિત ગોથાં ખાય.
વ્હાલાંને વેરી કરે, વેરી વ્હાલાં થાય;
પ્રેમતણાં પરિણામમાં, ઘરચીટે ઘર જાય.
માતા તાત સખા અને, પ્રિયા રુવે બહુ ગેર;
પ્રેમતણા પરિણામમાં, અવરપણામાં વેર.
મર્મવચન ખમવાં પડે, આશા અધવચ જાય;
પ્રેમતણા પરિણામમાં, શી રીતે સુખ થાય?
તાપ ત્રિધા તન-મનવિશે, બાળે છે દિનરાત;

પ્રેમતણા પરિણામમાં, કાંઈ ન કરવી વાત.
કુકર્મ કરવાં પણ પડે, કરથી વારંવાર;
પ્રેમતણાં પરિણામમાં, ઈશ્વર લે અવતાર.
પ્રથક્કરણ નહિ પ્રેમનું. કળથી કરી શકાય;
પ્રેમતણાં પરિણામમાં, પ્રાણ પરોણા થાય.
આધિ વ્યાધિ ઉપાધિઓ, પ્રેમતણું પરિણામ;
પ્રેમતણાં બંધન બહુ, બાંધે ઠામોઠામ.
સ્વાર્થવિના કાંઇ નથી, પ્રેમ અર્થનું રૂપ;
સ્વાર્થપણા પરિણામને, શું દેવો છે ધૂપ.
પ્રેમ અજાણપણાતણો, અંશ ગણે વિદ્વાન;
પ્રેમતણાં પરિણામમાં, હાય થવું હેરાન.
ભાવભજન થાતાં નથી, સેવા શુભ ન કરાય;
પ્રેમતણાં પરિણામમાં, ગુણિજન ગોથાં ખાય.
ધર્મ કર્મ સૂઝે નહીં, મૃગજલ લેવા ધાય;
પ્રેમતણાં પરિણામમાં, ઈશ્વર આઘો જાય.
વિષસમ વિષયોમાં રહી, ભ્રમર પડે બંધાય;
પ્રેમ એમ આ પિંડને, બંધનકારક થાય.
જન્મ–મરણ ધરવાં પડે, અગણિત પીડા થાય;
પ્રેમતણા પરિણામમાં, જમને દ્વારે જાય.
પ્રેમ હોય ઈશ્વરવિષે, તો જીત્યા સંસાર;
નહિ તો હાર્યા હાથથી, આ અમૂલ્ય અવતાર.
પ્રેમ શબ્દના અર્થનો, નિશ્ચય કશો ન થાય;
પ્રસંગને વશ સર્વદા, અનેક અર્થ કરાય.

વિદ્યાવિષે.

દોહરા

તન મનની પીડા ટળે, ભયનું થાય ન ભાન;
સુખ ઉપજાવે સર્વને, વિદ્યાદાનવિધાન.
સુખદ કરે સંસારને, શ્રેષ્ઠ રખાવે સાન;

સાચું આપે સર્વને, સદ્‌ગુણ સાથે જ્ઞાન.
વિનય–વિવેક–વિચારનું, વિદ્યા નયન નિધાન;
અસાર આ સંસારમાં, એ અમૃતનું પાન.
કીર્તિ કરીને લોકમાં, પવિત્ર પુણ્ય પમાય;
વિદ્યાદાન સુધારસે, અજર અમર સહુ થાય.
જપ તપ ધ્યાન સમાધિ એ, એને છે આધીન;
સત્કર્મો સઘળાં ખરે, તે વિદ્યામાં લીન.
સર્વે સુખ સંપત્તિનું, વિદ્યાદાન નિદાન;
એ કારણથી આપવું એ વિદ્યાનું દાન.
અભયદાન પણ એજ છે, એજ અન્નનું દાન;
વિવિધ દાનનું ધામ છે, વિદ્યાદાનવિધાન.

કુટિલ સ્ત્રી કેમ સુધરે ?

દ્રુતવિલંબિત.

ન સુધરે સુધરેલ સખીથકી, ન સુધરે સુધરેલ પતિથકી;
ન સુધરે સુધરેલ મતિથકી, કુટિલ જે વનિતા નકટી નકી.
ન સુધરે કદિ અદ્‌ભુત ભૂષણે, ન સુધરે કરતાં બહુ દૂષણે;
ન સુધરે રસમાં મસ ડા'પણે, ન સુધરે પડતાં જલ પાંપણે.
ન સુધરે ધન–યૌવન દેખતાં, ન સુધરે નિજ દૈવત લેખતાં;
ન સુધરે બહુ હેત બતાવતાં, ન સુધરે સઘળું સમજાવતાં.
ન સુધરે બહુ કાલ બચાવતાં, ન સુધરે કરમાંહિ નચાવતાં;
ન સુધરે મર ભોજન ભાવતાં, ન સુધરે શુભયોગ લયાવતાં.
ન સુધરે પગમાં પડવાવડે, ન સુધરે છલમાં છડવાવડે;
ન સુધરે શુભ જોડ જડયાવડે, ન સુધરે મમતે મરવાવડે;
ન સુધરે બહુ લોભ લગાડતાં, ન સુધરે રતિરંગ રમાડતાં;
ન સુધરે કુલજાત બતાડતાં, ન સુધરે કદિ માન ઘટાડતાં.
ન સુધરે બહુ માર પછાડથી, ન સુધરે ઘરમાં ધડમારથી;
ન સુધરે ઘરબાર વહી જતાં, ન સુધરે અતિદીન થયા છતાં.
ન સુધરી શુભ સંતતિ પામતાં, ન સુધરે સઘળાં સુખ જામતાં;
પ્રિયસખા સુધરે નિજબોધથી, મનવિષે સુખકારક શોધથી.

શું થાય ?

ઉપજાતિ.

શું થાય ? ચુંથાય સદૈવ ચર્મ, કરાય શું ! કેવલ દુષ્ટ કર્મ;
શું સાંભરે ? પુત્ર–કલત્રઆદિ, જુવો અરે ! વર્તન આ અનાદિ,
તજાય શું ? ધર્મ અને વિચારો, ભરાય શું ? પેટ અને પટારો;
વદાય શું ? વેણુ કઠોર ભારે, કલ્યાણની વાત કરાય ક્યારે !

एवा सकल जनने मळो सन्मित्र आ संसारमां.

हरिगीत.

કારણવિના સંબંધ બાંધી પ્રેમ પૂર્ણ વધારતા,
આ લોક ને પરલોકની સુખરૂપ વાત વિચારતા;
ઉપદેશ આપે સદ્ગુણોનો નિત્ય શુભ આકારમાં,
એવા સકલ જનને મળો સન્મિત્ર આ સંસારમાં.
નિજ નાત કે કુલજાતિમાં સંબંધમાં જે એવડા,
ગુણ વય અને વિદ્યાવિષે જે તરત લાગે તેવડા;
જેનાં સદા મન–બુદ્ધિ–બલ વધતાં રહે વિસ્તારમાં,
એવા સકલ જનને મળો સન્મિત્ર આ સંસારમાં.
પ્રિય પિંડનાં જે પાપ તે નરમાશમાંજ નિવારતા,
મન જાય જો મર્યાદ મેલી વિનયથી તો વારતા.
કોટિ કરે ઉપકાર પણ ભારે ન ભારે ભારમાં,
એવા સકલ જનને મળો સન્મિત્ર આ સંસારમાં.
જે દુર્ગુણો કે દોષ દિનદિન મિત્રમાં દેખાયછે,
તેને તજાવી યુક્તિથી ગુણમાં ગણીને ગાયછે;
ભ્રમ ભેદ આળસ ઇંધને ખોદી કઢાવે ખારમાં,
એવા સકલ જનને મળો સન્મિત્ર આ સંસારમાં.
સુખ–દુઃખમાં સાથે રહે નિજ હર્ષ–શોક શમાવતા,
અપમાન કરિએ તોય પણ મનમાં ન લેશે લાવતા;
હિત હોય તે હૈયે ધરી પ્રીતે કરે પલવારમાં,
એવા સકલ જનને મળો સન્મિત્ર આ સંસારમાં.

વિદ્યા–વિનયથી યુક્ત સદ્‌ગુણમાં સદા જે લીન છે,
પૂરા પરાક્રમવાન પણ જે પ્રેમમાં આધીન છે;
ભાવે ભણાવે ભેદ જે ધાટે કરી ઘરબારમાં,
એવા સકલ જનને મળો સન્મિત્ર આ સંસારમાં.
તન–મનતણા જે તાપને ટાળે વળી ક્ષણ એકમાં,
હારી ગયા જો હોંશ તો ટાંકી રખાવે ટેકમાં;
પાસે રહે પોતે વળી વશમા બધા વ્યવહારમાં,
એવા સકલ જનને મળો સન્મિત્ર આ સંસારમાં
સાચા સહોદરરૂપ શુભ નારીસમાન થઇ રહે,
કડવાં કઠોરાં વેણને સાકરસમાન કરી કહે;
પ્રિય હોય તે પ્રેમે કરે પલળી રહે જે પ્યારમાં,
એવા સકલ જનને મળો સન્મિત્ર આ સંસારમાં.
જેને નિહાળી નયનમાંથી હર્ષનાં અશ્રુ ખરે,
જેને મળીને હૃદય શાન્ત થઈ સદા સુખમાં ઠરે;
અધિકાર રૂડા મેળવે સરકાર કે દરબારમાં,
એવા સકલ જનને મળો સન્મિત્ર આ સંસારમાં.
કીર્તિ પ્રકાશે લોકમાં જેના પ્રકાશે આપણી,
જેના પ્રતાપે સાંપડે સદ્‌બોધરૂપ મહામણી;
મનને વળાવે વિનય રાખી અખિલજગદાધારમાં,
એવા સકલ જનને મળો સન્મિત્ર આ સંસારમાં.
શ્રીકૃષ્ણ અર્જુનને અને હનુમાન સીતાકાન્તને,
વસુદેવના સુત સાંપડયા કેશવ સુદામા શાન્તને;
ઉપકાર કરવામાં અને પાછળ નહીં પરમાર્થમાં,
એવા સકલ જનને મળો સન્મિુત્ર આ સંસારમાં.

* સુજનતાવિષે.

શાર્દૂલ–વસંત.

સાચું જે સુખ આપનાર ગુણનો ભંડાર ભારે અતિ,
પૂરાં પુણ્યવડે પવિત્ર જનને જેથી મળે સન્મતિ;

---

* એક શાર્દૂલવિક્રિડિત અને બીજો વસંતતિલકા એમ નવી રીતિ માટે રાખ્યા છે. પણ જાતેજાત જુદી ગોઠવતાં પણ ઠીક રસ આપે છે.

સન્માર્ગે સુખરૂપ સત્પુરુષને જે વશ્ય ને વલ્લભ,
યત્નેથી પણ તે અરે સુજનતા સંસારમાં દુર્લભ.
વિદ્યા બહુ શ્રમવડે કદિ લભ્ય થાય,
યત્નો કર્યે રજકણો પણ તે ગણાય;
સાચી અરે સુજનતા ન મળે શ્રમેથી,
સંસારમાં ન પણ દુર્લભ કાંઈ એથી.
સોનાને શુભ પાંજરે પકડિને રાખ્યો કદી કાગડો,
સંભાળી શુભ ખાનપાન દઇને પ્રેમે પઢાવ્યો ઘણો;
ક્યાંથી તે શુકના સમાન પદવી પામે અરે પાપિઓ,
આવે દુર્જનમાં નહીં સુજનતા સિદ્ધાંત એવો થયો.
શ્રીરામ નામ દઈ પોપટને પઢાવે,
તો તે પઢે પણ ન અર્થવિચાર આવે;
સંપત્તિને શ્રમવડે કદિ મેળવાય,
સૌજન્ય શું શ્રમવડે પણ પ્રાપ્ત થાય ?
રંગી રંગવડે કર્યું કરવડે કારીગરે કૂકડું,
રૂપે સુંદર તેમ શબ્દ કરતું ઉડી પડે હૂંકડું;
શું તે થાય સજીવ કોઇ દિવસે ચીંચીં કરે ચાંચથી,
વિદ્યા યત્નવડે મળે,સુજનતા ક્યાંથી મળે યત્નથી ?
સંસારમાં સુલભ છે ધન યત્ન થાતાં,
દીઠી નથી સુજનતા શ્રમથી પમાતાં,
તાણ્યું નરે નરમ રબ્બર દીર્ઘ થાય,
શું કાષ્ઠ કોઇ પણ રીતવડે તણાય ?
આ સંસારવિષે મહા કઠણ છે સૌજન્યતા આવવી,
પ્યારા તે મળવા તથાપિ મનમાં ઉત્કંઠતા લાવવી;
નીતિ ન્યાય વિવેક બુદ્ધિબલથી શું શું નહીં સાંપડે,
સાચા ઉદ્યમને અને અકલને ઈશે નહીં આંપડે.
પ્રેમે તમે પરમ મિત્ર સુયત્ન રાખો,
સૌજન્યનો સરસ તો રસ આપ ચાખો;
આ લોકમાં પરમ કીર્તિ વધારનાર,
સંસારસાગરતણો શુભ કર્ણધાર.

આ સંસારવિષે સદા સુકુલમાં તે જન્મ પામે ભલે,
વિદ્યા ધામ ધરા અને ધનવિષે તે જીવ જામે ભલે;
પામે ભોગવિલાસ રાજ્યસુખનો લાવો લહે લ્હાણથી,
જેણે જન્મ ધરી કરી સુજનતા પ્યારી સદા પ્રાણથી.

સોરઠા.

શ્રેષ્ઠ સુજનતા નાવ, આ ભવજલ તરવાવિષે?
કેમ વિસારો સાવ, જન બલ બુદ્ધિ મળ્યા છતાં.
સાધનરૂપ શરીર, ઇંદ્રિય સબલ વળી બધી;
વાહ વિચારો વીર, ત્યાં સુધી સઘળું થશે.
જીવ-દેહસંયોગ, જો અવસર પૂરો થયો;
કયાં છે બીજો યોગ, શાણા તે સંભાળજો.

વિનાશકાલ.

૧

ઉપજાતિ.

સુબોધમાં સાર કશો ન લાગે, સંબંધમાં રોજ વિરોધ જાગે;
વધે દુરાચાર ઘટે સમૃદ્ધિ, વિનાશકાલે વિપરીત બુદ્ધિ.
થયા કરે પાપવિષે પ્રવૃત્તિ, પ્રપંચમાંથી ન મળે નિવૃત્તિ;
વિકારની થાય વિશેષ વૃદ્ધિ, વિનાશકાલે વિપરીત બુદ્ધિ.
કુસંપને કલેશ ગમે વધારે, વિપત્તિમાં ધૈર્ય ન ચિત્ત ધારે;
કુકર્મથી હાય હરાય ઋદ્ધિ, વિનાશકાલે વિપરીત વૃત્તિ.
પોતે કરેલું સવળું નિહાળે, આપ્તોતણાં અંતરને ઉકાળે;
કયાંથી અરે સાંપડશે સુબુદ્ધિ, વિનાશકાલે વિપરીત વૃત્તિ.
ચડે સદા ચિત્ત વિચિત્ર ચાલે, સુખી થવાના નિયમો ન પાળે;
વિદ્યા કલા ને વણસે વિશુદ્ધિ. વિનાશકાલે વિપરીત બુદ્ધિ.
મોટાઇને માન મમત્વ નાસે, ભલાઇ ભુંડાઇ સમાન ભાસે;
આવે અનાચાર અને અશુદ્ધિ, વિનાશકાલે વિપરીત બુદ્ધિ.
વિદ્યા કલા કાંઇ કરે ન કામ, ન સાંભરે સદ્ગુણધામ રામ;
ચડે કઠોડે ચલચિત્ત-શુદ્ધિ, વિનાશકાલે વિપરીત બુદ્ધિ.
સદા ભરેલો વિનયે વિચારે, ભલે ભણેલો નર હોય ભારે;
કરે કટાણે કથળી કુબુદ્ધિ, વિનાશકાલે વિપરીત બુદ્ધિ.

૨

કૈકયી માતા વરદાન લેતાં, શ્રીરામને ત્યાં વનવાસ દેતાં;
પામ્યાં પછી અંતરમાં વિરામ, વિનાશકાલે વિધિ હોય વામ,
મારીચ માયામૃગ મારવાને, જાણ્યા છતાં શ્રીરઘુવંશરામે;
કરી પ્રિયાધીન થઈ પ્રવૃત્તિ, વિનોશકાલે વિપરીત વૃત્તિ.
હરી જશે પાછળ કોઈ નારી, માયાવડે વાત ન તે વિચારી;
હાર્યા પ્રિયાનો હઠ જોઈ રામ, વિનાશકાલે વિધિ હોય વામ.
વીંધ્યું શરે તે મૃગનું શરીર, ત્યાં તો ગયા લક્ષ્મણ ધીર વીર—
સૌમિત્રિ આવો' સુણી વાક્ય આમ, વિનાશકાલે વિધિ હોય વામ.
સીતા મહાપુણ્ય પવિત્ર આપ, હરી ગયો રાવણ દુષ્ટ પાપ;
ચેત્યા પછી અંતર પૂર્ણકામ, વિનાશકાલે વિધિ હોય વામ.
લંકા બળી આખર અગ્નિતાપે, રણે પડ્યો રાવણ તેજ પાપે;
ટળી ગયાં સર્વ ગરાસ ગામ, વિનાશકાલે વિધિ હોય વામ.
શ્રીસાબનું સેવન ઇચ્છનારાં, સતી નહીં જે ક્ષણ એક ન્યારાં;
તેણે તજ્યા ચંદ્રકલાલલામ વિનાશકાલે વિધિ હોય વામ.
સેવા તજે જે નહિ કોઈ ટાણે, તે બાપને ઘેર ગયાં પરાણે;
યજ્ઞાગ્નિમાં દેહ દહ્યો સકામ, વિનાશકાલે વિધિ હોય વામ.

व्यवस्थाविना काम एके न थाय.

भुजंगी.

સદુદ્યોગની વાત શાને વિસારો ?
વળે શું કરે સાવ ખોટા વિચારો;
સુવિદ્યાવિના ભૂત ઝાઝાં ભરાય,
વ્યવસ્થાવિના કામ એકે ન થાય.
ભણે કોણ ક્યાં એક વિદ્યા વિવેકે ?
રેહે કોણ સત્કર્મમાં એક ટેકે ?
કુછંદે કડાકૂટમાં કાલ જાય.
વ્યવસ્થાવિના કામ એકે ન થાય.
જમે ને રમે કે ભમે વાટઘાટે,
થશે શું ન તેનો લગારે ઉચાટે;

ગયો કાલ જો તો પછી શું કરાય ?
વ્યવસ્થાવિના કામ એકે ન થાય.
વ્યવસ્થાવડે સૃષ્ટિ આવી રચાઇ,
વ્યવસ્થાવડે બાઈ ભોજાઇ ભાઈ;
ખરા લાભનું પાત્ર એથી થવાય,
વ્યવસ્થાવિના કામ એકે ન થાય.
વ્યવસ્થાવડે પક્ષિઓ માળ બાંધે,
વ્યવસ્થાવડે ઇશ સંબંધ સાંધે;
વ્યવસ્થાવડે સર્વનો જન્મ થાય,
વ્યવસ્થાવિના કામ એકે ન થાય.
ભણ્યાં ભાષણો ભાર રાખી સભામાં,
ઉડી જાયછે ભાઈ તે સર્વ વામાં:
ભલે લોકનાં ચિત્ત ચોંપે હરાય,
વ્યવસ્થાવિના કામ એકે ન થાય.
ભલે હોય પાસે વધારે રૂપૈયા,
ભલે બારણે બેસતા હોય ભૈયા;
ભલે બુદ્ધિએ યુક્તિએ પૂર્ણ કાય,
વ્યવસ્થાવિના કામ એકે ન થાય.
ભણાવાય ભાવે ભલે સ્ત્રીજનોને,
ગણાવાય જ્ઞાનીજનોમાં ગુણોને;
ભલે ધર્મની વાત ધારી ઘડાય,
વ્યવસ્થાવિના કામ એકે ન થાય.
ભલે કાલ કે દેશ સારા તમારા,
ભલે બાંધિએ બાલકો કાજ ધારા;
ઘણા ઘાટ સારા નઠારા ઘડાય.
વ્યવસ્થાવિના કામ એકે ન થાય.
સુધારો કરો સંચરો કાં વિદેશે,
રિઝાવો ભલે લોકને કૈક વેશે;
ભલે સીંદરાં રાતદા'ડા તણાય,
વ્યવસ્થાવિના કામ એકે ન થાય.

અહો પૃથ્વી પાણી અને આભ એવાં,
જુઓ વસ્તુઓ ચંદ્ર–સૂર્યાદિ જેવાં;
વ્યવસ્થાવડે લોક સર્વે સચાય,
વ્યવસ્થાવિના કામ એકે ન થાય.
ભણો કે ગણો કે ઘણો ડોળ ઘાલો,
બની કે ઠની માર્ગમાં મોજ મ્હાલો;
નથી કામનું કંઇ સાચું સહાય,
વ્યવસ્થાવિના કામ એકે ન થાય.
ભુખે જાય છે પ્રાણ ને દુઃખ દાડી,
નથી બુદ્ધિને કામમાંહિ લગાડી;
અરે હાયરે નીર આંખે ભરાય,
વ્યવસ્થાવિના કામ એકે ન થાય.
જુઓ યંત્ર તંત્રો વ્યવસ્થા સ્વરૂપે,
વ્યવસ્થાવિના કાં પડો અંધકૂપે ?
વ્યવસ્થા કરો તો સુખેથી તરાય,
વ્યવસ્થાવિના કામ એકે ન થાય.
ગયાં રાજ ને પાટ ક્યાં દાડ એવા,
થયા આપણે કાષ્ટની નાર જેવા;
રહો શું હવે રોષમાં રંક-રાય,
વ્યવસ્થાવિના કામ એકે ન થાય.
અરે દેશની દાઝ તો બેશ લાવો,
તમારૂં તમે માન મોટું નિભાવો;
સુવો કાં હવે સોડ તાણી સદાય,
વ્યવસ્થાવિના કામ એકે ન થાય.
કરો સર્વ તે પથ્થરે જેમ પાણી,
વ્યવસ્થાવિના સર્વ છે ધૂળધાણી;
પગે કેશવાધીશને જો પડાય.
વ્યવસ્થાવિના કામ તો સર્વ થાય.

શી રીતથી સુજન અંતર ઓળખાય ?

वसंततिलका

વાણી–ક્રિયા અધરથી પ્રકટે અનેક,
વેગે વિચાર કરતાં વિસરે વિવેક;
અત્યંત સૂક્ષ્મ અતિ ચંચલ છે સદાય,
શી રીતથી સુજન અંતર ઓળખાય ?
હાથે અડાય નહિ આકૃતિનો અભાવ,
આકાશની સદૃશ નિર્મલ છે સ્વભાવ;
આંખે અદૃશ્ય નહિ કાનવડે સુણાય,
શી રીતથી સુજનઅંતર ઓળખાય ?
જો હોય ગંધ ગુણ નાકવડે સુંઘાય,
જો સ્વાદ હોય રસ તો મુખથી ચખાય;
ક્યાં રૂપ રંગ ગુણજાતિ વળી જણાય;
શી રીતથી સુજનઅંતર ઓળખાય ?
ઝૂરે ચકોર પણ ચંદ્ર કશું ન જાણે,
જ્યાં પ્રેમપાત્ર જન ત્યાં પણ એ પ્રમાણે;
દીઠી વિચિત્ર રચના ન ગણી ગણાય.
શી રીતથી સુજનઅંતર ઓળખાય ?
વિશ્વાસ હોય વળિ તો અનુકૂલ આવે,
લાગે સદેવ પ્રતિકૂલ અહો અભાવે;
સર્વે વિચાર સહુના મનમાં સમાય,
શી રીતથી સુજનઅંતર ઓળખાય ?
જાણે ક્રિયા ઉપરથી નિજ ચિત્ત જેવું,
માની લહે ઉપરથી જન સર્વ એવું;
ખોટું ખરૂં અરર તે પરથી વદાય,
શી રીતથી સુજનઅંતર ઓળખાય ?
મોટા જનો અરર કૈંક ગયા મરાઇ,
જામ્યાં પરસ્પર કુસંપ અને લડાઈ;
અત્યંત બુદ્ધિબલ તોપણ ભૂલ થાય,
શી રીતથી સુજનઅંતર ઓળખાય ?

પ્રેમી જણાય પણ અંતર હોય વેર.
માંહી મિઠાશ પણ ઉપર હોય ઝેર;
આ ઇન્દ્રજાલ અતિ અદ્ભુત હાય હાય,
શી રીતથી સુજનઅંતર ઓળખાય ?
છે એમ તોય ગુણ-દુર્ગુણના પ્રભાવે,
વાણી સદાચરણ ભાવ અને વિભાવે;
અભ્યાસ રોજ વધતો વધતો કરાય,
એ રીતથી સુજન અંતર ઓળખાય.

દોહરો.

કઠણ વાત છે તોય પણ, પરિચય પૂરો થાય;
કેશવ અનુભવ અન્યથી; અંતર સહજ જણાય.

वगे सगे काम समग्र थाय.

उपजाति.

વિદ્યા કલા કામ ન લેશ લાગે, ધને જને ભીડ ન ભાઇ ભાગે
શું કામ આવે બલ બુદ્ધિકાય ? વગે સગે કામ સમગ્ર થાય.
શા કામનાં ન્યાય અને સુનીતિ, પડી રહે છે શુભ સર્વ રીતિ;
સંબંધથી કાંઈ નહીં સધાય, વગે સગે કામ સમગ્ર થાય.
ન રૂપ-રંગે પણ લાભ ભાઇ, બેડાં રહે બેન બનેવિ બાઇ;
સદૈવ શૂરાતન દૂર જાય, વગે સગે કામ સમગ્ર થાય.
સુતું રહે સૌહૃદ સર્વ વાતે, પોઢી રહે પ્રીતિ વળી નિરાંતે;
લાવી રૂપૈયા મર લાંચ ખાય, વગે સગે કામ સમગ્ર થાય.
ન નાસિકાએ સ્વર સંભળાય, ન કાનથી કામ કશું કરાય;
આંખે કરી અન્ન નહીં ખવાય, વગે સગે કામ સમગ્ર થાય.
હાથેથકી થાય ન હાલચાલ; મુખે ન દેખાય જગત્ વિશાલ;
પગે કરી ગંધ નહીં પમાય, વગે સગે કામ સમગ્ર થાય.
બ્હીતો રહે સોદર બ્હાર બેશી, નવેણમાં શ્યાલક જાય પેશી;
શંકાવિના સાંકડમાં ફરાય, વગે સગે કામ સમગ્ર થાય.

વિના હલેસે નહિ હોડી હાલે, ચક્રોવિના યંત્ર કદી ન ચાલે;
ગરેડિએ ભાર વધૂ તણાય, વગે સગે કામ સમગ્ર થાય.
ઉતાવળે આમ્રફલો ન પાકે, ચડે નહીં ખીચડિ સૂર્ય તાપે;
સીડી વીના ઉપર શું ચડાય ? વગે સગે કામ સમગ્ર થાય.

દોહરો.

કેશવ હરિની હોય જો, દયાદષ્ટિ સુખરૂપ;
તો વગસગ સંબંધને, શું દેવો છે ધૂપ ?

अशक्तनो एमज काल जाय.

उपजाति.

અમૂલ્ય આવું તન ખોઇ નાંખે, ધોળે દિએ ઉંઘ ભરાય આંખે;
મોઢે બગાસાં બરકી ખવાય; અશકતનો એમજ કાલ જાય,
હિતોપદેશે નહિ હેત રાખે ચાતુર્યતાના રસને ન ચાખે;
ભંભેરતાં ભ્રાંતિવડે ભમાય, અશકતનો એમજ કાલ જાય.
વિવેક–વિદ્યા–બલથી વિહીન, તને મને રોજ રહે મલીન;
ઓછે બલે રીસ કરી તણાય, અશકતનો એમજ કાલ જાય.
વિદ્યા કલા કામ ગમે ન લેશ, વાતો કરેછે સુખની વિશેષ;
ગુણો સદા આળસનાજ ગાય, અશકતનો એમજ કાલ જાય.
હળીમળી ક્યાંહિ શકે ન હેતે, સાંખી શકે વેણ ન કોય કે' તે;
મોહે અને મત્સરથી મરાય, અશકતનો એમજ કાલ જાય.
લજાય જો જાય જરા બહાર, વ્હાલો ગણેછે વશમો વિહાર;
પરાન્નથી પેટ ભરી ધરાય, અશકતનો એમજ કાલ જાય.
ગુંચ્યો રહેછે ઘરમાં ઘલાઇ, પીડા ન જાણે પણ તે પરાઇ;
ઉપાધિના દુઃખવડે ડરાય, અશકતનો એમજ કાલ જાય.
રહે નહિ ઈંદ્રિયવર્ગ વશ્ય, ઘેરાય છે વ્યાધિવડે અવશ્ય;
ન પુણ્યમાં પ્રાણ કદી અપાય, અશકતનો એમજ કાલ જાય.
વિદ્વાનનું યોગ્યપણું ન જાણે, સંતોષ માને મનમાં પરાણે;
સંબંધ તે બંધનરૂપ થાય, અશકતનો એમજ કાલ જાય.
ડરે બધે બીકણ કાંઈ થાતાં, રોઈ કરે કાયર નેત્ર રાતાં;

નદી તળાવે જઈ રોજ ન્હાય, અશક્તનો એમજ કાલ જાય.
દુઃખ્યો અરે દેશ કરો ઉપાય, આ આપણું સર્વ તણાઇ જાય;
પડયાં પડયાં એમ મુખે વદાય, અશક્તનો એમજ કાલ જાય.
ચલાય બે ચાર ઘડી ન તેથી, જવાય થાકી શ્રમ થાય તેથી;
ન પેટ પૂરૂં પણ તે કમાય, અશક્તનો એમજ કાલ જાય.
કરે નહિં પોષણ કોઈનું તે, સુખીપણું નિત્ય મનાય સૂતે;
વિચાર મોટા મનમાં સમાય, અશક્તનો એમજ કાલ જાય.
જ્યાં ત્યાં થકી તે અપમાન પામે, ધને જને કોઇ દિને ન જામે;
રહે પરાધીનપણે સદાય, અશક્તનો એમજ કાલ જાય.
દુર્ભાગ્યથી લોક સદા ડરાવે, વિપત્તિમાં કોઇ ન પાસ આવે;
વિનાપરાધે પણ માર ખાય, અશક્તનો એમજ કાલ જાય.
વ્યાપી રહેલા હરિને ન શોધે, બંધાય છે તે બમણો અબોધે;
નહીં સદાચારવિષે ચલાય, અશક્તનો એમજ કાલ જાય.
સ્વાધ્યાય પૂજા જપ પાઠ માલા, સૂઝે નહિ માર્ગ સુધર્મવાળા;
પરાર્થ સોણે પણ શું સધાય? અશકતનો એમજ કાલ જાય.

દોહરો.

એ રીતે આ લોકમાં, કાઢે કાલ અશકત;
સહજ સફલ તે થાય જો, **કેશવ** હરિ અનુરકત.

प्रस्ताविक

अनुष्टुप्.

પોતાના પેટને માટે, કોક પાસે જઇ કશું;
માગે તે મૂર્ખમાં મૂર્ખ, બને બે પગનો પશુ.
હોય આપી શકે એવો, ન આપે અર્થિને અરે;
ન જાણે પરપીડા તે, શામાટે જીવતા ફરે?
ધનહીન અને દીન, તે સામે સૂમને ધર;
વિવેકદૃષ્ટિની રીતે, શો એ બેમાંહિ અંતર.
ન સારૂં નરતું દેખે, અરે આડધડે ચડે;
અંધને અવિવેકીમાં વિચારો ફેર શો પડે?

મહાસંપત્તિનો સ્વામી, અત્યંત સુખમાં વસે;
બીજો નિર્ધન સંતોષી એ એમાં ફેર શો હશે ?
મોટાને માનહાનિ કે, અથવા મોત આંપડે,
વિદ્વાનો એમ કે' છે કે, એમાં તે ભેદ શો પડે ?
મહાદેવ ઉમાનાથ, કે કેશવ હરિ પ્રતિ;
કરીએ ભાવથી ભકિત, મુંઝાય નહિ તો મતિ.

ઉદયના સાધનોવિષે.

અનુષ્ટુપ્.

જન્મતાંવેંત વિદ્વાન, સમર્થ કોણ થાય છે;
અભ્યાસે ને અનુભવે, જતાં કાલ વધાય છે.
ભણ્યાગણ્યા ભલે ભાઈ, તે વૃથા સર્વ જાય છે;
વિના ઉત્સાહથી કયાંહિ, કોઇથી કયાં વધાય છે ?
અભ્યાસે ને અનુભવે, કરે ઉદ્યમ આદરે;
બલ-બુદ્ધિવિનાનાથી; વધાય નહિ આખરે.
ભણેગણે ભલે ઝાઝું, બલ બુદ્ધિવિષે બહુ;
સહાય હોય જો સાથે, તો વધે વેગમાં સહુ.
વિદ્યા વગ વળી કાલ, બલ બુદ્ધિ બધાંય છે;
કૃપા કેશવની હોય, તો મનુષ્યે વધાય છે.
અભ્યાસે ને અનુભવે, ઘણાય અથડાય છે;
કૃપા કેશવની હોય, તો આગળ વધાય છે;
રહે ઘલાયો ઘરમાં, કામનો હોય કાયર;
અહો ઉદયને પામે, ધારે જો કર ઇશ્વર.
વધવું ઘટવું એવી, કલ્પના કરવી નહિ;
કાલ ને વયની સાથે, દશાઓ જાય છે વહી.

प्रस्ताविक.

अनुष्टुप्

ભણ્યો ન ભાવથી વિદ્યા, જન્મ્યો તે જન એમજ;
ભણ્યો છતાં ગયો ભૂલી, તેનોય જન્મ તેમજ.
અશક્ત હોય જે અંગે, નહિ તે કંઈ કામનો;
બીજાને શક્તિ પામીને, પીડે તે નર નામનો.
વિદ્યાવાન ન જે હોય, તેને મૂર્ખ પ્રમાણવો;
વિદ્યા ભણી કરે વાદ, તેનેય તેમ જાણવો.
હોય નિર્ધન જે સાવ, તે સદા જીવતે મુવો;
ધન પામી મદી જાય, તેને તે રીતથી જુઓ.
ન પામે સુખ સંસારે, તેને કોણ કહે નર;
સુખી છતાં રહે રોતો, તે તો કેવલ પામર.
ન પામે સુખ સંસારે, શું તેના નામને રૂવો ?
ન આપે સુખ બીજાને, તે સુખી જીવતે મુવો.
સહજપ્રાપ્ત જે હોય, તેનો ત્યાગ કરે અરે;
સર્વથા સુખ ને ભોગ, તેનાથી નાસતા ફરે.
સહજપ્રાપ્તને પામી, ન જાણી યોગ્યતા જરા;
આનંદ સુખના સર્વ, પિંડથી થાયછે પરા.
સર્વ સંયોગને માટે, જેને દુર્લભતા અરે;
જીવે તોય મરેલો તે, બીજાનું શું ભલું કરે ?
નીચમાં નીચને ઘેર, જન્મી નીચ જે રહે;
એવા અકર્મીને કોણ, જાણીને જીવતો કહે ?
ન કરે અન્યને ઉંચા, જે ઉંચી જાતનો થઈ;
ઠુંઠના સરખો તેને, જીવતો કોઈ કે' નહી..

विवेकीनुं जीवन एम वीते.

उपजाति.

સંસારનો સાર લહે વિચારી, રહે સદા ચંચલ ચિત્ત મારી;
ન થાય તે કાયર કોઈ રીતે, વિવેકીનું જીવન એમ વીતે.

કામાદિથી ક્લેશ કદી ન પામે, વિનાશના સર્વ વિચાર વામે;
કુછંદમાં ક્યાંહિ કદી ન છીતે વિવેકિનું જીવન એમ વીતે.
ન રાગ કે દ્વેષવડે દબાય, ન હર્ષ–શોકાદિકમાં મરાય;
સૌજન્યથી આખર જન્મ જીતે, વિવેકિનું જીવન એમ વીતે.
વાણી ક્રિયા ને મન એક રાખે, કાલાદિના ધર્મ સમગ્ર સાંખે;
પડે નહીં દુઃખદ પાપપિત્તે, વિવેકિનું જીવન એમ વીતે.
સ્વધર્મ–કર્માચરણે ચકાર, બધેય ધારે સરખા બપોર;
વૈરાગ્યમાં પ્રીતિ કરે નકી તે, વિવેકિનું જીવન એમ વીતે.
પરાર્થને સ્વાર્થ સમાન માને, બને નહીં બાલક કોઇ ન્હાને;
ભર્યા રહે આત્મવિચાર ચિત્તે, વિવેકિનું જીવન એમ વીતે.
આનંદમાં મંગલ રોજ થાય, ભાવો બધા અંતરમાં સમાય;
રહે હરાયા હરિનામ ગીતે, વિવેકીનું જીવન એમ વીતે.
સદા દયા પૂજન ધર્મ દાન, કર્યા કરે સર્વવિષે સમાન;
ધારી રહે કેશવ કૃષ્ણ ચિત્તે, વિવેકિનું જીવન એમ વીતે.

महाजनो जीवन एम गाळे.

उपजाति.

સદૈવ આચાર વિચાર રાખે, પિંડે પડેલાં સુખ–દુખ સાંખે;
ન થાય તે કાયર કોઇ કાલે, મહાજનો જીવન એમ ગાળે.
સંપત્તિ ને સંપ સદા વધારે, અધીરતા ચિત્તવિષે ન ધારે;
ન થાય તે ચંચલ દુષ્ટ ચાળે, મહાજનો જીવન એમ ગાળે.
ભણેગણે ભાવ ધરે વિવેકે, ન વીસરે પ્રત્યુપકાર એકે;
ઔદાર્યમાં અંતરને પલાળે, મહાજનો જીવન એમ ગાળે.
નાના પ્રકારે નય નીતિપૂર્ણ, ન ધર્મ–કર્મે કદિએ અપૂર્ણ;
સંતોષથી ચિત્ત સદૈવ વાળે, મહાજનો જીવન એમ ગાળે.
જુવે સદા આત્મસમાન આંખે, ન કોઇથી વેધ વિરોધ રાખે;
કુવાક્ય બોલી મનને ન બાળે, મહાજનો જીવન એમ ગાળે.

રમ્યા કરે ઇશ્વરમાંહિ ચિત્ત, સેવ્યા કરે સદ્ગુણરૂપ વિત્ત;
પવિત્રતા પ્રાણસમાન પાળે, મહાજનો જીવન એમ ગાળે.
આસકતતા ઉપરથી ધરાવે, ન બોધમાં તો પણ રોધ આવે;
અંતે અનાસકતપણે નિહાળે, મહાજનો જીવન એમ ગાળે.
તૃષ્ણાતરંગે ન તણાય તે તો, બળે નહીં માંહિ બહાર એ તો;
કામાદિ હાલાહલ અગ્નિઝાળે, મહાજનો જીવન એમ ગાળે,
શમે દમે સંકટમાંહિ શૂરા, સમાનની પાસ સદા અધૂરા;
સુજન્મને શીલવડે ઉજાળે, મહાજનો જીવન એમ ગાળે.
સુખે સદુઉદ્યોગ સદૈવ સાધે, સુમાર્ગની ઉપર લક્ષ બાંધે;
પોતે ન બંધાય મમત્વમાળે, મહાજનો જીવન એમ ગાળે.
ન પારકું કોઇ જણાય તેને, આખું જગત્ આત્મસમાન જેને;
ભવાટવીના ભયને ન ભાળે, મહાજનો જીવન એમ ગાળે.
કુટુંબમાં કે વનમાં રમે છે, જપે તપે ઇન્દ્રિયને દમે છે;
આનંદમાં આખર આંખ ઢાળે, મહાજનો જીવન એમ ગાળે.
કલ્યાણ સર્વે જન જેમ પામે, જે રીતથી દુઃખથકી વિરામે;
તેવે પ્રકારે વચને વળાવે, મહાજનો જીવન એમ ગાળે.
શોધે નિરાંતે હરિને સુખેથી, ન લાભ લેખે પર કોઇ એથી;
નાખ્યા રહે **કેશવ** ઇન્દ્રજાલે, મહાજનો જીવન એમ ગાળે.

प्रास्ताविक.

[१]

सोरठा.

ઉદ્યમ કરો અપાર, કર્મ કઠણ જો હોય તો;
ન મળે લાભ લગાર, અનુભવ અંતે આવશે.
ભાગ્ય ભલું પરખાય, પાણી અંત પ્રજાવડે;
અનુભવ અન્તે થાય, માન કશું કરિએ નહિ.
જન્મે તે સહુ જાય, મેલી ધન જન ધામને;
તોપણ બોધ ન થાય, એ પગવાળા બેલને.
જાતા યમને દ્વાર, જોયા કૈક જુવાનને;

તોય વિવેક વિચાર, ક્યાં આવે છે કોઇને ?
ઉત્તમ લઈ અવતાર, ન ભજ્યો જે ભગવાનને;
હારી ગયો ગમાર, જીતી બાજી જોરમાં.

(૨)

ઉપરથી વૈરાગ્ય, અંતરમાં આશા ઘણી;
ત્યાગ નહીં તે રાગ, કરનારા રખડયા કરે.
સંયમ કરવા શૂર, પ્રાણ સદા પરમાર્થમાં;
કેશવ ક્યાં છે દૂર, ઇશ્વરનું પદ પામવું ?
સુખિયો નહિ સંયોગ, પરિણામે પીડા ઘણી;
ભોગ નહિં તે રોગ, ભોગ હોય તે ભોગવે.
કરી કામના દૂર, ક્રોધ લોભ ભુંશી દિએ;
શાન્ત અને તે શૂર, સ્વર્ગવિષે સુખ ભોગવે.

(૩)

દયા ધર્મ ને દાન, માન નહીં મોટાઇનું;
તેને મળે વિમાન, સદાચરણમાં ચાલતાં.
મન મોટું વરતાય, વચન કર્મ આચારથી;
જીવ્યું મિથ્યા જાય, ટુંકા મનના લોકનું.
ગુણ બીજાના ગાય, દોષ ન દેખે કોઇમાં;
ભાડે નહીં ભરાય, તે ધરતીના દેવતા.
સદા મને સંતોષ, પણ આળસ આવે નહીં;
નિશદિન તે નિર્દોષ, સુખ પામે સંસારનું.
પ્રથમ શાન્ત જે થાય, તેજ શાન્ત કહેવાય છે;
વૃદ્ધપણામાં હાય, કોણ શાન્ત થાતું નથી ?
શકિતવાનને હોય, તેજ સહનતા સત્ય છે;
અશકતને તો એય, સહજ સહનતા સાંપડે.
વિનય વિવેકે થાય, તેજ વૃદ્ધ કહેવાય છે;
હાય ઘસાતાં કાય, કોણ વૃદ્ધ થાતું નથી ?
દયા દાન દેવાય, ભોગવાય સુખભોગને;
પૂર્ણ મનોરથ થાય, પુણ્યતણાં ફલ એ બધાં.

કેશવ હરિની થાય, દયાદ્રષ્ટિ સુખરૂપ જો;
તો સહુ હોય સહાય, સ્વાર્થ અને પરમાર્થમાં.

(૪)

લાખ કરોડ કમાય, ખાય પિએ ખરચે ઘણું;
પણ પૈસો ન અપાય, તો સંપત શા કામની ?
ન કરે અર્થીકાજ, પાંચ આંગળાં એકઠાં;
લાખ દામની લાજ, રાખ બરાબર લેખવી.
કરમાં પ્હેરે કડાં, પણ કોડી કાઢે નહીં;
માનવ નહિ તે મડાં, કામ ન આવે કોઇને.
પૂજાવે નિજ કાય, પણ પૂજી જાણે નહીં;
નીચી ડોક ન થાય, તે પથ્થરનાં પૂતળાં.
ષડ્રસ ખાંતે ખાય, ખવરાવી જાણે નહીં;
દીઠે સિંહ ધરાય, તે અંતકને કામના.
પ્હેરે પોતે હીર, દોરો દઇ શકતા નથી;
કે'શે કોણ અમીર, તે ટેડા તાબૂતના.
ઉપરથી શણગાર, અધિક કરે છે ઓપતા;
દારાના દરબાર, ડોલા જેવા જાણવા.
પ્હેરે પોતે ચીર, લીર ન આપે અન્યને;
શોભે ભલે શરીર, તે ડોલા દેખાવના.
ઉંચાં રાખે અંગ, જોબન ધનના જોરથી;
સાધે નહિ સત્સંગ, સારાં તે કરતાં શરૂ.
આગળ વધવા ધાય, ધન જોબન અધિકારમાં;
કેવલ સ્વાર્થ સધાય, ઝાડ ગણો તે તાડનાં.

(૫)

જુવે સાંભળે તોય, નહીં બોલેચાલે કશું;
તે માનવ નહિ હોય, ચબૂતરાના ચાડિયા.
કલેશ કરે નિર્મૂલ, વિનય-વિચારે વેગળા;
તેના કુલપર ધૂળ, અતુલ્ય આપે આપદા.
ભાવે ન ભજે રામ, માનવ તન મળવા છતાં;
તેજ મૂર્ખનો જામ, જન્મે મરવા કારણે.

કેશવ હરિની હાય જે સેવા કરતા નથી;
સુખિઆ કયાંથી થાય, આંહિ અને પરલોકમાં.

(૬)

ઉચ્છૃંખલ થઇ જાય, સેવા ન કરે સ્નેહથી;
અહીં પાણી નહિ પાય, તે દુર્જન કે દીકરા ?
નખરાં કરે અપાર, સેવાનું સમજે નહીં;
નારી નહિ તે ન્હાર, કાઢી લેછે કાળજાં.
મરે ચાકરો તોય,–પણ સામું જોતા નથી;
મનમાં દયા ન હોય, તે શઠ કે તે શેઠિઆ ?
પુરૂં ન કરે કામ, સંતાપે છે શેઠને;
દોઢે માગે દામ, તે ચાકર કે ચોરટા ?
કરથી કાઢી જાય, પ્રજાતણાં ધન–ધામને;
ચોંપે ચૂંથી ખાય, તે રાજા કે રાક્ષસો ?
બને ઠને છે એશ, પ્રજાતણા પૈસાવડે;
રાખે દુખિઓ દેશ, તે રાજા કે રાજિઆ.

જેને વીતી હોય તે જાણે.

(કાચબા કાચબીના ભજનનો ઢાળ.)

જેને વીતી હોય તે જાણે, અજાણ્યો કાંઈ ન જાણે. ટેક૦.
કાંટો બરાબર બોરડી કેરો, હાથમાં વાગ્યો હોય;
વાગ્યાવિનાનો વેદના તેની, જાણી શકે શું કોય ?
અનુભવ હોય ન જેને શેણે સમજાવીએ તેને ? જેને૦
અગ્નિએ અંગ બળ્યું હોય તેથી બળતર જે બહુ થાય;
ઉનું પાણિ નહિ ઓળખે એથી, કેમ કરી સમજાય ?
હૈયાની વેદના એવી, નથી સમજાય તેવી;— જેને૦
વેદના થાય સુવાવડમાં તે, જાણે શું વાંઝણી બાઇ ?
પાસે રહી હોય તોય સુયાણી, જાણી શકે નહિ કાંઈ;
કેવું છે દુઃખ શરાણે, હીરો હોય તે પ્રમાણે;

વેદના લેશ ન જાણે શૂળીની, પાસે ઉભેલા લોક;
હાથ ધર્યામાં વેદના કેવી, કેમ જાણે તે કોક ?
વખાની વાત છે એવી, નથી સમજાય તેવી; જેને૦
કેમ કમાવાય ? કેમ શમાવાય. ચિત્તતણા પરિતાપ ?
કેમ ભજાવાય વેશ વિશેષે ? કેમ છપાવાય છાપ ?
હઠીલા જાય છે હારી, જુઓ તે વાત વિચારી; જેને૦
ડંખ્યાવિના ન જણાય કદાપિ, વીંછીની વેદના જેમ;
મરણપથારી ઉપર પીડા; જીવતો જાણે કેમ ?
ખરેખર એક છે ખામી, નથી કોઇ અંતર્યામી; જેને૦
ચાકરી કેવી આકરી છે તે, જાણી શકે શું શેઠ ?
દુઃખદબાણ સદા સમજે છે, હોય દબાણો હેઠ;
ભૂખ્યાનું દુઃખ શું જાણે, જમ્યો હોય ભાવતું ભાણે ? જેને૦
કાનમાં વેણુ કઠોર પડયાથી, ઉપજે તાપ અમાપ,
બાણ ખુંચ્યું હોય હાય હૈયામાં, કેવો કરેછે કાપ;
થયો હોય મ્હાવરો જેને, પૂછો જઈ પ્રેમથી તેને; જેને૦
શંખણી સાંપડી હોય તે નારી, કેવો કરાવે કલેશ;
કર્મતણા કોઈ કારમે યોગે, વંઠી વગોવે વેશ;
દિએ દાગ દેહમાં દારા, એથી વનવાસીઓ સારા; જેને૦
મૂર્ખ પ્રજાથી માતપિતાનું, અંતર જે અકળાય;
લાજ પ્રતિષ્ઠા જાય લૂંટાતાં, ધૂળધાણી ધન થાય;
દિવાના દિકરા જેના, ભવે ભાઈ ભોગ છે તેના; જેને૦
મૂર્ખ પ્રજા હોય હાય પનારે, પૂર્વનાં પૂરાં પાપ;
સારી પ્રજા હોય સાંપડી તેવા, તેનો ન જાણે તાપ;
બળેછે બહુ બિચારા, એવાથી વાંઝિયા સારા; જેને૦
નાથ તજી પરલોક જવાથી બાલપણે રંડાય,
હડહડ થાય બધેય બિચારી, કેમ કરી ભવ જાય ?
સુવાસણ હોય જે નારી, શકે કેમ તે વિચારી ? જેને૦
આંખ ફરે કોઇ રાયની ત્યારે. રાંક બિચારા લોક;
હાનિ હજારગણીથકી હારી, કેવો કરે છે શોક:
આવે જલ હેઠળ જ્યારે, સાચું સમજાય ત્યારે; જેને૦

બાલક રોતું હોય તો તેનાં, અવળાં ઓસડ થાય;
ભૂખમાં ડામ દિએ છે દાબી, પીડ થતાં દૂધ પાય;
એને થાય દુઃખ આ ટાણે, કહો કોણ જઇ મટાડે ? જેને૦
વ્હાણુ ભાગે ભરસાગરે ત્યારે, ઉપજે જે ગભરાટ;
બાલ બચ્ચાંના થાય વિલાપો, હાય રે હૈયાફાટ;
એને જે અંતરે થાશે, બીજાથી કેમ કળાશે ? જેને૦
નિર્ધનનો તો કયાંહિ ધડો નહિ, કોઈ સુણે નહિ વાત;
એક સાંધે ત્યાં તેર તૂટેછે, દોડે ભલે દિનરાત;
ધનિકને હોય શું પીડા ? કરે કલ્લોલમાં ક્રીડા: જેને૦
ટાઢ અને તડકાનાં દુઃખો, દુર્બલ જનને થાય;
આધિ વ્યાધિ ઉપાધિ પડયાથી, જીવ ઘણાના જાય;
વાણી નથી પ્હોંચતી એને, કહી સમજાવિએ કેને; જેને૦
પુત્ર કલત્ર સંબંધી વિયોગે, અંતર જે અકળાય;
ધાયું ન ઉતરે પાધરું પ્યારાં, ધામ ધરા ધન જાય;
જુઓ જીવતાં વરઝોળા, વાગેછે ગેબી ગોળા; જેને૦
હોંશવડે હથિઆર સજીને, રણમાં મેલે કાય;
અંતરની બહુકાલની આશા, અંતરમાંહિ સમાય;
કહો તે કેમ કળાશે, બીજાને દુ;ખ જે થાશે ? જેને૦
સુખ નથી સંસારમાં સાચું, સંબંધનું પણ તેમ;
ધામ ધરા ધન કામ ન આવે, આંખ નિહાળે એમ;
ભારે યશ વૈભવવાળા, રૂએ છે કૈક રેજાળા; જેને૦
પિંજરપંખી વિયોગ થવાથી, ધન જોબન છે ધૂળ;
પ્રેમ અને પરિચય પોતાનો, છે બંધનનું મૂલ;
ભલે મોજ **કેશવ** માણે, મુવા પછી સૌ મસાણે; જેને૦

---

* દાન આપવાવિષે.

કાલિંગડો.

રે આપોરે કોઈ આપો; આપી પરનાં સંકટ કાપો રે;
જે આપે તે પામે પાછું, મનમાં તે મત માપો;— રે આ૦

---

* ગરીબને કરગરતાં જોઈ ધનવાન પ્રત્યેનો ઉદ્ગાર, જાણે કે કોઈ ટેલીઓ ટેલ નાંખે છે એવી ઢબથી લખાએલી છે. લિ૦ કર્ત્તા.

જે કરવું તે છે નિજ કરમાં, સ્થિર યશને સહુ થાપો;—રે આ૦
વાપરતાં વૈભવ નહિ ખૂટે, પરહરજો પરિતાપો;— રે આ૦
નહિ દેવાય ખવાય ન ખાંતે, તે સંપત છે સાપો;— રે આ૦
દાન દયા **કેશવ** હરિસેવા, બનતાં જાય બળાપો;— રે આ૦

न मळे ते मोंघुं, मळे ते सोंघुं.

अनुष्टुप्.

ન મળે વસ્તુ તે મોંઘી, જેમાં યત્ન ઘણું પડે;
મળે તે સાવ છે સોંઘી, જોતાંવેંત બધે જડે.
જીવાડે સર્વ જીવોને, સોંઘું છે સાવ તે જલ;
મોંઘા છે ન મળે તેથી, પાદો મુખતણો મલ.
મોતી માંડ શકે ગોતી, તો તેનું મૂલ્ય છે બહુ;
પાણીનાં પાનમાં મોતી, નમાલાં માનશે સહુ.
ઉત્પત્તિ સ્થાન કે રૂપ, ગુણને કોણ ગાય છે ?
ન મળે વસ્તુ તે મિત્ર, મૂલ્યવાળી મનાય છે.

सर्वने पोतपोतानुं प्रारब्ध छे.

उपजाति-अनुष्टुप्.

થવો ઘટે તે પ્રિય લાભ થાય, ન દૈવથી નિશ્ચય ફેરવાય,
ન શોક કે વિસ્મય હોય કાંય, જે આપણું તે પરનું ન હોય.
પાળ્યો તો ગર્ભમાં કોણે, વિચાર કર તે મને;
જન્માવીને હવે નાથ, શું ભૂખ્યો રાખશે તને ?
માતાના દેહમાં દૂધ, દેછે અદ્ભુત રીતિથી;
તેજ વિશ્વેશ જન્માવી, નિભાવે નિત્ય નીતિથી.
મયૂરને ચિત્ર વિચિત્ર પાંખો, સારંગની અંજનયુકત આંખો;
સુગંધ જે પુષ્પવિષે કરેછે, તે સર્વનું પેટ સુખે ભરેછે.
ચાવવા દાંત દીધા છે, કામને કાજ બે કર;
ચાલવા ચરણો દીધા, ચિંતા શા કારણે કર ?
અનાદિ કાલથી પાળે, આખા જગતને અરે;
તે વિશ્વંભર શું તારૂં, પેટ પૂરૂં નહીં ભરે ?

જે સૂર્યના મંડલને તપાવે, જે ચંદ્રને શિતલતા અપાવે;
જે પૃથ્વીને ધારણ ધર્મ આપે, તે સર્વનાં કષ્ટ સમગ્ર કાપે.
કોણ જીવાડનારો છે, વિચાર કર આદરે;
પાશેર અન્ન સારૂ શું, નકામાં નયનો ભરે ?
ઇચ્છવું સહુનું સારૂં, મમતા કરવી પરી;
દુઃખના દિવસો દેખી, સંભારો હેતથી હરિ.
યત્નો કરો ઉદ્યમથી અનેક, રાખો કદિ અંતરમાંહિ ટેક;
પરંતુ આવે પરિણામ એવું, વિધાતૃને ઇચ્છિત હોય જેવું.
દૈવના ચક્રના જેવાં, પડે તે દુઃખ જેરવે;
થવાનું હોય તે થાય, ભાવિને કોણ ફેરવે ?
મળે જે મળવું હોય, દૈવનું ચાલતું નથી;
થાય સંતાપ તે મિથ્યા, જુવોને મનથી મથી.
જેવું થવું હોય થવાય તેવું, કહે વિશેષે સહુ લોક એવું;
ક્યાં છે કહો નિશ્ચય એ પ્રમાણે, યત્નો કરે તે જન સર્વ જાણે.
ન થાય અન્યનું જોજે, આપણું હોય તે નક્કી;
આવ્યું કે આવશે હાથ, આનંદ રાખ એ થકી.
વિશ્વાસ વિશ્વંભરનો કરીને, વિવેકથી ધૈર્ય મને ધરીને;
કરો ઉપાયો સુખરૂપ એવા, જેથી મળે છે સુખરૂપ મેવા.
ઝાડને રસ સીંચેછે, જીવાડે જીવ જંતુને;
પાશેર જેટલું અન્ન, શું નહિ આપશે તને ?
આનંદ માને ધનવાન લોક, ગરીબને હોય સદૈવ શોક;
આશ્ચર્ય પામું પણ એજ હુંતો, ભૂખ્યો હજી ભાઇ ન કોઇ સૂતો.

चित्तने अनुकूल न थवाविषे

उपजाति.

દોડ્યો જતો હોય દડો દડાણો, રોક્યો ન રોકાય કદી પરાણે;
તેને વળી ઠોકર ઠીક મારો, તો કેમ તે બંધ પડે બિચારો ?

એ રીતથી નીચ પથે જનારૂં, સદાય છે અંતર આ તમારૂં;
તેને કદી જો અનુકુલ થાશો, તો ખેલમાં આખર ખોટ ખાશો.

मनहरमाला.

१

पेटविषे.

પેટમાટે થાકી કોઈ સાધુ કે સન્યાસી થાય,
કોઇ કોઇ કલમ કડછી કરે ધરે છે;
સારી સારી સરતો કે ઇંદ્રજાલતણા ખેલ,
કોઇ પેટમાટે ચોરી ચાડી પણ કરેછે;
છાપાઓ છપાય ભારે ભાષણ કરાય ભાઇ.
પુસ્તકો રચાય તે તે પેટમાટે ઠરે છે;
જપ–તપ પૂજા પાઠ તે પણ તેમાં તણાય,
કેશવ કહું શું સહુ પેટમાટે મરે છે,

૨

પેટમાટે પંડિતો વસેછે પરદેશ જઇ,
પેટમાટે પરઘેર નોકરી કરાય છે;
પેટમાટે ઉપરથી પ્રીતિ પરલોક કરે,
પેટમાટે રાયરંક રોજ અથડાય છે;
વેદ પેટ માટે કરે વેશ પેટમાટે ધરે,
પેટમાટે સાચા ખોટા પ્રપંચ રચાય છે;
પેટમાટે વિદ્યાકલા કુશલતા શીખે સહુ,
કેશવ કહું શું બધું પેટમાટે થાય છે.

૩

મોટા મોટા યંત્ર તંત્ર પેટના પાપળારૂપ,
કથા કા'ણી કીમીઆ અનેક લોક કરેછે;
વાઘ વરુ વાનરને પેટમાટે પાળે ઘણા,
કાલના મોઢામાં હાથ દેતાં કોણ ડરેછે ?

જનમથી માંડી જીવ જતાં સુધી જુઓ તમે,
પેટનો પ્રપંચ ભરપૂર ચરાચરે છે;
આકાશમાં ઉડે કે પાતાલમાંહિ પેશી જાય;
કેશવ સુઝે તેવડે સહુ પેટ ભરેછે.

૪

રાંધવું સીંધવું ઠામ વાસણુ વગેરે બધી,
પેટ જો ન હોય તો પંચાત કોને નડેછે ?
પેટવિના ભૂખ કે તરસ ક્યાંથી લાગે ભાઈ,
પેટ જો ન હોય તો કમાવું કોને પડેછે ?
લાંચ ચાડી કે લબાડી પેટના પાપેથી થાય,
પેટ જો ન હોય તો ચાકડે કોણુ ચડે છે ?
ગમે કે ન ગમે એવી અતિ કડાકૂટવાળી,
કેશવ ઉપાધિ બધી એક પેટવડે છે.

૫

ભારે ભારે ભંડારો ભરાતાં વાર લાગે નહિ,
મોટાં મોટાં સરોવર જલે છલકાયછે,
હારો ખાંડી કળશીની કોઠીઓ કરેલી હોય,
તેટલું નાંખ્યાથી અન્ન તરત ભરાયછે;
ભૂમિમાં ખોદેલી ખાણુ તે પણુ ભરાઈ ભાળી,
ઇશની કલાથી અતિ કૌતુક પમાયછે;
કેશવ કહું શું એક પાંશેરનું પેટ પણુ,
હાંસી હાંસી ભરો તોય ઠાલું થઈ જાયછે,

૬

દેવને જોવામાં અતિ આંખ ઉપયોગી થાય,
કાન પ્રભુ ભજનને સુણુવા સહાય છે;
સુગંધ સુંઘાડે નાક હાથ હરિ પૂજા કરે,
રસના રસાલ હરિનામગુણુ ગાય છે;
પગવડે પુણ્ય ક્ષેત્રમાંહિ પ્રેમથી ફરાય.
નાથને મસ્તકવડે નમન કરાયછે;
પણુ તેં **કેશવ** હરિ કેવલ ઉપાધિરૂપ,
પાપમય પેટ વૃથા દીધું સમજાયછે ?

ચાકર વિષે.

વાંકાંચુકાં વેણુ વદી વાંસેથી વગોવ્યા કરે,
કામકાજ કરવામાં કાયર અપાર છે;
અન્ન–જલ ખાય તેનું ખાંતેથી ખોદેછે ખલ,
ખરી વાત કરે તેને માથે ખૂબ ખાર છે;
આળસથી ઉંઘવડે દિવસ ગમાવે દુષ્ટ,
કામ ચડી જાય તેની દૂર દરકાર છે;
દુનિઆને ડાહ્યા હોય ડા'પણુ દેખાડે એમ,
નફ્ટ નોકરતણો કેવો ઉપકાર છે ?

૨

વેતન વધારવાની વિનતી કરાવ્યા કરે,
દામની પ્રમાણે કામ કરી કોણુ જાણેછે ?
શેઠની સમીપ પૂરી પ્રવૃત્તિ બતાવવાને,
કાગળ કલમ લઈ લાંબા લીંટા તાણેછે;
અમે છીએ કામકાજ કરનાર કુશલ તો,
શેઠ ગાદીતકીઆ હીંદોળાખાટ માણેછે;
એવું અભિમાન ધરનાર અનુચર ચોર;
બીજે ભવે બલદ થઇને ભાર તાણેછે.

૩

પૂછિએ ધીરેથી વાત તોય તે રીસાઇ જાય,
વળમાં આવીને વાંક માથેથી ઉતારે છે;
અકલ ન હોય તોય આડી આડી વાત કરે,
સવારનું કામ છેક સાંજનું સંભારે છે;
વિપત્તિની વેળાએ વીંખાઇ જાય આમતેમ,
સંપત્તિમાં સામા રહી પ્રેમને પસારે છે,
ક્રોધ લોભ કામથી કટાઇ રહે ચિત્ત જેનાં,
એવા અનુચરવડે કોણુ સુખ ધારે છે ?

परतंत्रपणाविषे.

તન મન બુદ્ધિ બલ હલકાં કે ભારે હોય,
વિત્ત આપનાર તે વેચાથી લઈ લહે છે;
ઉદય લખેલ હોય કદાચ કપાલમાંહિ,
તોપણ તે ધણીને આધીન થઇ રહે છે;
એક પેટમાટે પોતાનાંને કરી દઈ પરાં,
વિત્ત આપનારતણું વ્હાલાપણું વહે છે;
સ્વતંત્રપણાનું સુખ જાયછે તણાઇ ભાઇ,
અનુચર થાય તે અપાર દુઃખ સહે છે.

शेठाईविषे.

નાનું મોટું કામકાજ ચાકર કરે તો થાય,
ચાકર જવાથી હાથપગ બંધ પડે છે.
અપરાધ હોય તોય વાંક ન કહાય કશો,
રીસાઈ રહે તો વળી દોહ્યું દુઃખ નડે છે;
ધણીતણો ધોખો કરી ધુંધવાતો રહે રોજ,
સામાન સંભાળવિના પડયો પડયો સડે છે;
પરાધીનપણું શેની શેઠાઈ મનાય ભાઈ ?
શૂલીની સમાન તેને ગુણીજન ગણેછે.

चाकरीविषे.

હાકલ મારે ત્યાં હાથ જોડી ઉભું થાવું પડે,
વાંકાંચૂંકાં વેણતણો માથે મૂઢ માર છે;
કામકાજ કરાવીને કાઢી લે કાયાનો કસ,
હુકમ કરે તે જાણે કાળજે કટાર છે;
નીતિવડે પ્રીતિવડે વળી શુભ રીતિવડે,
શેઠને રીઝાવવા તે કઠણ કુઠાર છે;

ઉંચું ન જોવાય નહિ ઉત્તર અપાય પૂરો,
ચાકરી આકરી ખરી ખાંડાકેરી ધાર છે.

सुजननी रीतिविषे.

નીતિવિષે પ્રીતિ અને રીતિ સારી રાખ્યે જાય,
શિતિકંઠસેવા સાથે પરઉપકાર છે;
વિનય વિવેક તન–મનમાંથી જાય નહિ.
પરદુઃખ કાપવામાં અંતર ઉદાર છે;
પરને અપરમાંહિ અંતર ન માને કશો,
પુણ્યરૂપ પૂરેપૂરો આચારવિચાર છે;
કેશવ કહે છે કોઈ પાસે કશું માગે નહિ.
સુજનની રીતિ ખરી ખાંડાકેરી ધાર છે.

पाणी—स्वमहिमाविषे.

પાણીવિના મોતી કોઈ હાથમાં ધરે ન જોઇ,
પાણીવિના સારી તરવાર એ બદામની;
પાણીવિના અશ્વને ખરીદે નહિ સોદાગર,
પાણીવિના કામિની સેવા ન કરે સ્યામની;
પાણીવિના સાગર સમાન સરોવર સૂનાં,
પાણીવિના નયનોની ઉપમા ન વામની;
કેશવકહેછે રામકાણી હોય પાણીવિના,
પાણી ગયા પછી કાયા કારમી શું કામની ?

(૨)

પાણીવિના કોહિનૂર કોડીની સમાન હોય.
પાણીવિના જાતી રહે જામસાઇ જામની;
પાણીવિના હાથમાં હુકમ કેમ રહી શકે ?
પાણીવિના શોભા શાની હોય ધન ધામની ?
પાણીવિના પગરણ પૂરૂં નહિ થાય કોઈ,

પાણીવિના સહાય કરે શું રાજા રામની;
કેશવ કહેછે પાણી સાચવ સુજાણ નર,
પાણી જાય પછી પ્રભુતાઈ ભાઈ નામની.

૩

પાણી હોય તોજ મુલ્ય મોતીનું ઘણું થાય,
પાણીની પ્રમાણે તરવાર કામ કરે છે;
પાણી હોય તોજ તેજી તરત ખરીદે કોઈ,
પાણીની પ્રમાણે આંખ દેખી અરિ ડરેછે;
પાણી હોય તોજ પ્રેમી માણસો પ્રસન્ન થાય,
પાણીની પ્રમાણે સરોવર નામ સરે છે;
કેશવ તું પાણીમાટે પ્રેમથી પ્રયત્ન કર,
પાણી હોય તોજ ઠાઠમાઠ ઠીક ઠરેછે.

उद्यमविषे.

૧

ઉદ્યમથી એકલો હજારને હઠાવી દિએ,
ઉદ્યમથી ધન ધામ ધરામાં વધાય છે;
ઉદ્યમથી રાજ્ય અધિકાર કાંઈ દૂર નથી,
ઉદ્યમથી વશ્ય દેવ દાનવ કરાય છે;
ઉદ્યમથી વિપત્તિઓ તરત વીંખાઈ જાય,
ઉદ્યમથી ધૂળમાંથી સોનું સરજાય છે;
ઉદ્યમથી સફલ કરાય નિજ જન્મ જાત,
કેશવ કહું શું સહુ વાતે સુખ થાયછે.

૨

ઉદ્યમથી આગગાડી આગબોટઆદિ યંત્ર,
ઉદ્યમથી વાટવિના દીવા પ્રકટાય છે;
ઉદ્યમથી વીજળીને વશ કરી રાખે લોક,
ઉદ્યમથી જલ તેજ પવન સહાય છે;
ઉદ્યમથી આકાશમાં ઉડવાનું બની શકે,

ઉદ્યમથી સરસ સરસ શોધ થાયછે;
ઉદ્યમથી સૂર્ય ચંદ્ર લોકમાં ચડાઈ શકે,
ઉદ્યમથી આકાશનું અંતર મપાય છે.

૩

દૈવની ઉપર તમે શીદ દોષ દિઓ ભાઇ,
માથે હાથ મેલીને શામાટે મિથ્યા રડોછો;
ઓઠા જેવા અતિ મૂઢ રાગરંગ માંહિ રૂઢ,
બીજાઓને આડા આડા આવી બહુ રડો છો;
આંખ છતાં અંધ થઇ ઉદ્યમ વિનાના રહી,
ઘરમાં ઘલયા રહિ પડયા પડયા સડો છો;
ઉદ્યમ કરો તો પડે ખબર **કેશવ** ખરી,
કેવી રીતે ઉંચે ઉંચે ચોંપવડે ચડો છો.

૪

ઉદરની ચિંતા કશી ઉદ્યમીને હોય નહિ,
ઉદ્યમીની આગળ ધનિક ધક્કા ખાય છે;
ઉદ્યમી આકાશને પાતાલ એક કરી શકે,
ઉદ્યમી ઉભય લોકમાંહિ વખણાય છે;
ઉદ્યમીને ઇશ્વરનું પદ પણ દૂર નથી,
ઉદ્યમી સહજ વાતમાંહિ વધી જાયછે;
કેશવ કહું શું કલ્પવૃક્ષ કે તે કામધેનુ,
ચિંતવ્યા પ્રમાણે લાભ અપાર પમાયરે.

पात्रता अथवा योग्यताविषे.

પાત્રવિના બોધ કે વિરોધપર પાણી વળે,
પાત્રવિના મંત્ર યંત્ર વિકલ બનાવે છે;
પાત્રવિના વિદ્યાકલા કયાંહિ ન સમાઇ શકે,
પાત્રવિના પ્રેમ રાય–રંકને રડાવે છે;
પાત્રવિના પેટમાંહિ વાત ન સમાઇ શકે,

પાત્રવિના કુવામાંથી પાણી કોણ લાવેછે ?
પાત્રવિના સુખ-દુઃખ સહન કરેછે કોણ ?
કેશવ દિએ તે દાન ઉખરમાં વાવેછે.

૨

પાત્રતાપ્રમાણે યમ-નિયમ પળાઈ શકે,
પાત્રતાપ્રમાણે પુણ્યમાંહિ પ્રીતિ થાયછે;
પાત્રતાપ્રમાણે નિત્ય દેવાય લેવાય બધું,
પાત્રતાપ્રમાણે અધિકારમાં વધાયછે;
પાત્રતાપ્રમાણે હર્ષ-શોક હૈયામાંહિ હોય,
પાત્રતાપ્રમાણે યશ લોકમાં ગવાય છે;
કેશવ કહું શું પાત્રતાની વળી વાત વધુ,
પાત્રતાપ્રમાણે બધો યોગ બની જાયછે.

૩

સોનાના વાસણમાંહિ સિંહણનું દૂધ રહે
સોમવલ્લીરસ શુદ્ધ બ્રાહ્મણે પીવાય છે;
શુકદેવ જેવા શુદ્ધ બ્રહ્મવિદ્યારસ પીએ
ઝેરમાંહિ ઝેરતણા કીડાથી જીવાય છે;
રાજહંસ મોતી ચરે દૂધ-પાણી જૂદાં કરે,
સારસ વિયોગ થતાં વેંત મરી જાય છે;
કેશવ કહું શું મોતી છીપવિના પાકે નહિ,
બલ-બુદ્ધિ-સત્તા યોગ્યપણામાં સમાય છે.

૪

યોગ્યતાપ્રમાણે લોક દાબથી દબાઈ શકે
યોગ્યતાપ્રમાણે હથિયાર કામ કરે છે;
યોગ્યતાપ્રમાણે રાજપાટ સચવાઇ શકે,
યોગ્યતાપ્રમાણે પ્રાણીમાત્ર પેટ ભરેછે;
યોગ્યતાપ્રમાણે અરે ઉદ્યમનું મળે ફલ,
યોગ્યતાપ્રમાણે મૂલ્ય માનવનું ઠરે છે;

કેશવ કહું શું કુલ જાતિ કે કલાની વાત,
યોગ્યતા પ્રમાણે ભવસાગરને તરેછે.

૫

અધિકારવિના કામ કશુંય કરાય નહિ,
અધિકારવિના માન મોત ઉપજાવે છે;
અધિકારવિના ખાનપાન ઝેરરૂપ થાય,
અધિકારવિના સુખ—સંપત ડરાવે છે;
અધિકારવિના અધિકાર સચવાય નહિ,
અધિકારવિના કોણ જંગલ વસાવે છે;
કેશવ કહેછે દૃષ્ટિ આગળ દેખાય બધું,
અધિકારવિના કોણ દેશને બચાવે છે.

૬

શિયાળથી સિંહતણો વેશ સચવાય નહિ,
સુતરના તાંતણાથી હાથી કોણ બાંધે છે!
પાષાણનું પૂતળું પાણીમાં કેમ તરી શકે,
કથીરની કુલડી કરીને કોણ રાંધે છે?
સાકરના માટલાને મંકોડો શું તાણી શકે?
કાળજું ફાટે તો શીંદરીએ કોણ સાંધે છે?
કાગળની હોડીવડે **કેશવ** તરેછે કોણ?
અધિકારવિના એમ વાત બધી વાંધે છે.

૭

કાગળની કોથળીમાં રૂપીઆ ન રહી શકે,
કાણા ઘડામાંથી પાણી નીચું ઝવી જાય છે;
કાગડાને હંસની કલાનું જ્ઞાન થાય નહિ,
લૂગડામાં દેવતા લહો તો તાપ થાયછે;
છોકરાંથી છાસ ન પીવાય એમ કહે લોક,
અનુભવ કરી જુએ તેને સમજાય છે,
ઉંચેથી આંબાનું ફૂલ વામન ન લઈ શકે,
કેશવ છતી છે વાત કેમ છેતરાય છે,

૮

વજ્રમાટે દેહ દેવતાને દીધો દધિચિએ,
મહાદેવ હાલાહલ પીવામાં પંકાયા છે;
પતિની સમક્ષ પેઠાં પાવકમાં જાનકીજી,
રાવણને રોળવામાં રામ વખણાયા છે;
દાવાનલપાન એક નંદના કુમારે કર્યું,
મોહિની સ્વરૂપવડે દૈત્ય છેતરાયા છે;
કેશવ કહું શું અધિકારની વિશેષ વાત,
દ્રૌપદીનાં ચીર પૂરવાને પ્રભુ ધાયા છે;

૯

પારસના સંગવડે લોઢાનું કનક થાય,
ચિંતામણી ચિંતવ્યા પ્રમાણે ફલ આપે છે;
ચંદ્રના કિરણવડે ચંદ્રકાન્ત ગળી જાય,
સાગરમાં વધઘટ એનેજ પ્રતાપે છે;
લોહ–ચુંબકને જોઇ પોલાદ તણાઇ જાય,
કામની પ્રમાણે કાચ હીરાકણી કાપેછે;
કેશવ આ લોકમાંહિ એવો છે કુશલ કોણ ?
ઇશ્વિરે આપેલ અધિકારને ઉથાપે છે.

૧૦

રૂપને જોવાનું કામ આંખનું અચૂક એક,
સાંભળવો શબ્દ તે તો કામ એક કાનનું,
ખાટા ખારા રસ ચાખવા ને રસનાનું કામ;
ગંધ સુંઘવાનું કામ નાસિકાના સ્થાનનું,
ટાઢું ઉનું ઓળખવા ચામડી ચતુર એક.
વાણીતણું કામ એક હરિગુણ ગાનનું;
કેશવ કહું શું વધૂ જેનું જે કરે તે કામ,
બંધારણ એવું બધું ભલા ભગવાનનું.

૧૧

રાજાઓની ગાડીઓમાં ઘોડાઓ જોડાઈ શકે,

ભાર ભરવાને માટે ગધેડા ઘણાય છે;
રાજદરબારમાંહિ હાથીઓ મલીદા ખાય,
સવારીમાં શોભા એથી બહુ સચવાય છે;
રૂપાળા બળદ તે તો રથમાં જોડાઇ શકે,
રણ ઉતરવા ઉંટ ઉપયોગી થાય છે;
કેશવ કહેછે સહુ ગાયનું પૂજન કરે,
અધિકારતણી વાત વિચિત્ર ગણાય છે.

બલવિષે.

બલવિના કામકાજ કોઇ ન કરાઇ શકે,
બલવિના આળસ અપાર આવી નડેછે;
બલવિના ભરણપોષણમાટે ભય રહે,
બલવિના ચારેકોરથકી ચીડ ચડે છે;
બલવિના બોલતણો તોલ કોઈ કરે નહિ,
બલવિના ખરી વેળા હોય તોય ખડે છે;
બલવિના હથિયાર હાથમાં ન કામ કરે,
કેશવ કહેછે બધું સુખ બલવડે છે.

૨

બલવાનતણી બહુ લોકને ગરજ પડે,
બલવાન હોય તેને આદર અપાય છે;
બલવાન બોલે તેને બધા લોક ઝીલી લહે,
બલવાનતણું કામ કુશલ મનાય છે;
બલવાન હોય તોજ બુદ્ધિ ધન આવે કામ,
બલવાન હોય તોજ વિપત્તિ તરાય છે;
કેશવ કહેછે બલવાનને સહાય સહુ,
બલવાન હોય તેને હરિવશ થાયછે.

૩

બલ હોય તોજ જપ તપ ધ્યાન જ્ઞાન થાય,
બલ હોય તોજ બહુ સંતોષ મનાય છે;
બલ હોય તોજ ટાઢ તડકો સહન થાય,

બલ હોય તોજ રાજ પાટ સચવાય છે;
બલ હોય તોજ હારી બાજી હાથ આવી જાય,
બલ હોય તોજ ગુણીજન ગુણ ગાય છે;
કેશવ કહેછે ઘરબારતણો ઘાટ રહે,
એક બલવિના બધું ધૂળધાણી થાયછે.

૪

બલવડે વિદ્યા–કલાતણા સહુ શોધ થાય,
બલવડે પાતાલમાં પ્રવેશ કરાય છે;
બલવડે જલને ઠેકાણે સ્થલ થઈ શકે,
બલવડે સ્થલને ઠેકાણે જલ થાય છે;
બલવડે પંચભૂત હસ્તામલ જેવાં હોય,
બલવડે અઘટિત ઘટના ઘડાયછે;
કેશવ કહેછે ભૂતપ્રેત બલવડે ડરે,
બલવડે સૂર્ય-ચંદ્રલોકમાં ચડાય છે.

બુદ્ધિવિષે.

બુદ્ધિવિના વિવેક વિચાર રહી શકે નહિ,
બુદ્ધિવિના ધન–ધામતણો ડાટ વળે છે;
બુદ્ધિવિના રૂપ બલ શલ્યની સમાન થાય,
બુદ્ધિવિના ઉદ્યમનું ફલ કોને મળેછે ?
બુદ્ધિવિના દુઃખ કોઇ દૂર ન કરી શકાય,
બુદ્ધિવિના મોટા હોય તોય પણ તળે છે;
બુદ્ધિવિના બેલ બેય લોકને બગાડવાને,
કેશવ કહેછે હીન લોક સાથે હળેછે.

૨

બુદ્ધિમાન પાસે ધન ધામ કામ દૂર નથી,
બુદ્ધિમાન બલવાન લોકને દબાવે છે;
બુદ્ધિમાન બાલ હોય વૃદ્ધની સમાન તોય,

બુદ્ધિમાન વિદ્યા કલા કુશલતા લાવે છે;
બુદ્ધિમાન સમય વિચારી સુખ શોધી શકે,
બુદ્ધિમાન લોક નિજ દેશને બચાવે છે;
કેશવ કહેછે દેહ મન ને વાણીનાં દુઃખ,
વિવેક વિચારવડે બુદ્ધિ વીસરાવે છે.

નારી વિષે.

નારીનાં નયન જાણે હૃદય રમાડનાર;
નારીનાં વચન વેદનાને વીસરાવેછે;
નારીનાં વદન જેવું વ્હાલું કોઇ લાગે નહિ,
નારી પ્યારી થઈ બધે પ્રાણ પથરાવે છે;
નારી ધન ધામ કામ નારી ઠરવાનું ઠામ,
નારી પરમ વિરામ અંતરમાં આવે છે;
નારીને દીઠાથી રોપ-દોષ દૂર નાશી જાય,
પ્રેમને પસારી નારી પ્રાણને નિભાવે છે.

૨

નારી માટે નાના મોટા માથું નીચું કરી જાય,
નારીકાજે કોઈ કોઇ કંઠને કપાવે છે;
નારી બુદ્ધિશાલી નર હોય તોય તેને પણ;
સુખદ વદીને માટે સીંદરાં તણાવે છે;
નારીવશ થાય તેનો બગડે છે બધો ભવ,
મુંડાના વાંદરાપેઠે પરાણે નચાવે છે;
નારી જો ન હોત બલબુદ્ધિ તો ન ખોત કોઇ,
નારી ભારે ભવાટવીમાંહિ ભટકાવે છે,

ધન અને ધનવાન વિષે.

નાણું હોય તોજ દુઃખ દીનનાં કપાઈ શકે,
નાણું સોય તોજ તેવી આપત્તિ તરાય છે;
નાણું હોય તોજ લાભ લાખ કે કરોડ થાય,

નાણું હોય તોજ અધિકારમાં વધાય છે;
નાણું હોય તોજ રૂપ—રંગ અંગમાંહિ આવે,
નાણું હોય તોજ દેવદાનવ સહાય છે;
કેશવ કહું શું માણસાઇને સગાઈ નાણું,
ભારે ભારે બીડટાણે બંધુરૂપ થાય છે.

૨

નાણાંવિના નાત—જાતમાંહિ નામ રહે નહિ.
નાણાંવિના ભલાં ભાગ્ય ભોંયમાં દટાણાં છે.
નાણાંવિના વાહવાહ આવીને કરેછે કોણ ?
નાણાંવિના ખાવા ટાણે ખડખડ ભાણાં છે;
નાણાંવિના સારા ગુણ સઘળા સમાઇ જાય,
નાણાંવિના આંખ કાન નાક બધાં કાણાં છે,
કેશવ કહેછે નાણાંવિના નર વાનર છે,
નાણાં નહિ હોય તેનાં કયાંહિ કયાં ઠેકાણાં છે ?

૩

નાણાંવિના વનિતાનાં વેણ સચવાય નહિ,
નાણાંવિના મોટાં મોટાં ખોટાં પરિઆણાં છે;
નાણાંવિના વ્હાલી વ્હાલી વાત કોઈ કરે નહિ,
નાણાંવિના ટાપટીપ ટાણાં તે કટાણાં છે;
નાણાંવિના નાનામાંથી મોટું કોઈ થાતું નથી,
નાણાંવિના નાનાં મોટાં દુ:ખમાં દબાણાં છે;
કેશવ કહેછે નાણાં ચારે કોરે ઉભરાણાં,
ઠાઠમાઠમાંહિ બધે નાણાં પથરાણાં છે.

૪

નાણાંવડે નાચ રંગ નાટક તમાસા નવા,
નાણાંવડે નારીનાં ચરિત્ર ચીતરાણાં છે;
નાણાંવડે વાડી ગાડી લાડી પણ પામી શકે,
નાણાંવડે નામઠામ છાપામાં છપાણાં છે;
નાણાંવડે શરીરમાં સારા શણગાર હોય,

નાણાંવડે ખાનપાન અખૂટ અથાણાં છે.
કેશવ કહેછે ગાદીતકીઆ હીંદોળા ખાટ,
બારીઓ અટારીઓમાં નાણાં છવરાણાં છે.

૫

ધનવાનમાંહિ દોષ હોય તે ગણાય ગુણ,
ધનવાનથકી લોક સઘળા દબાયા છે;
ધનવાન ઉંધું કરે તોય તે મનાય સારૂં,
ધનવાન ઘાલે ધૂળ લીલા તે લેખાય છે;
ધનવાન વદે નેતો વેદના વચનરૂપ,
ધનવાનતણું કૂલ ઉત્તમ મનાય છે;
સારા ગુણ હોય તોય ધન જો ન હોય ભાઈ,
કેશવ કહું શું બધું ધૂળધાણી થાય છે.

૬

ધર્મનો નિધાન હોય સાવ સાવધાન હોય,
બોલમાં સમાન હોય ભાવ ભગવાને છે;
અંતર ઉદાર હોય પૂરો પરિવાર હોય,
સુંદર વિચાર હોય સુંદરતા કાને છે;
શાન્ત શૂરવીર હોય ધાંધલમાં ધીર હોય,
ગુણમાં ગંભીર હોય રાગી રસ પાને છે;
જ્ઞાન હોય માન હોય નામી કુલવાન હોય,
નાણું નહિ હોય તેમાં માલ કોણ માને છે?

૭

વિનય વિવેક હોય વાણી મન એક હોય,
નીતિ વળી નેક હોય પુણ્ય પારાવાર છે;
બાહુ બલવાન હોય સ્વદેશાભિમાન હોય,
વિદ્યા–કલાવાન હોય ઉદ્યમી અપાર છે;
સ્વભાવે સુંવાળો હોય રંગમાં રૂપાળો હોય,
સારા શીલવાળો હોય ઉંચો અવતાર છે;

શાન્ત હોય દાન્ત હોય મુનિનો મહાન્ત હોય,
નાણું નહિ હોય તેની કોને દરકાર છે ?

૮

રાજનીતિ જાણુ હોય, સુગુણની ખાણુ હોય,
ભુવનનો ભાણુ હોય પરદુઃખ હરેછે;
સદાચારવાન હોય, મોટો મતિમાન હોય,
ભલે ભગવાન હોય ધીરે પગ ધરે છે:
પરમ પવિત્ર હોય મોટાઓનો મિત્ર હોય,
વાતમાં વિચિત્ર હોય દોષ દેખી ડરેછે;
રાગી કે વિરાગી હોય સુંદર સુહાગી હોય,
નાણું નહિ હોય તેનું કામ કોણ કરેછે ?

૯

દેશ કે વિદેશ જાય બહુ દુઃખ વેઠે કાય,
નયન ભરાય તેમ રાંક થઈ રડેછે;
આશામાટે અથડાય ધનિકના ધક્કા ખાય,
પેટ ન ભરાય તેથી પરવશ પડેછે,
લાજમર્યાદ જાય હિમ્મત બધી હરાય,
હરિ ! હરિ ! હાય હાય નાત જાત નડે છે;
કેશવ કહું શું સહુ સંપતમાં સગું હોય,
નાણું નહિ હોય તેને કોણ વારે ચડેછે.

૧૦

શાહી જેવો કાળો હોય માખીઓનો માળો હોય,
ગલોફામાં ગાળો હોય નીતિનું તો નામ છે;
હૃદય કઠોર હોય ચાડીઓ કે ચોર હોય,
ગુણીકાનો ગોર હોય વ્હાલો પંથ વામ છે;
લંપટ લબાડ હોય પાપનો પહાડ હોય,
ઝેરતણું ઝાડ હોય જુલમીનો જામ છે,
કેશવ અધિર કે બધીર હોય તોય પણ,
તેને લોક માને જેની પાસે ધન ધામ છે.

૧૧

બોલવામાં બાંગો હોય, સમજમાં સાંગો હોય,
ગાફલ કે ફાંગો હોય, હાડમાં હરામ છે;
અતિ અનાચારી હોય, વિવિધ વિકારી હોય,
જંગલી જુગારી હોય કાળાં ઘોળાં કામ છે;
આળસ અપાર હોય સુમસરદાર હોય,
વેવલા વિચાર હોય ઠગાઇનું ઠામ છે;
કેશવ કબાડી કે અનાડી હોય તોય પણ,
તેને લોક માને જેનીપાસે ધન ધામ છે.

ધનમદ વિષે.

ધનમદમાંહિ બહુ વ્હાલામાં વિરોધ થાય,
ધનમદ વિવેકને વેગે વિસરાવે છે;
ધનમદ આંખ હોય તે છતાં અંધાપો આપે,
ધનમદ લોભ મોહ કામને કરાવે છે;
ધનમદ માન ને મોટાઇનો વાળે છે દાટ,
ધનમદ વિનય ને વિદ્યાને વળાવે છે;
ધનમદમાંહિ દુરાચાર સમજાય નહિ,
ધનમદ નરકનાં બાર ઉઘડાવે છે.

૨

ધનમદમાંહિ બહુ ધાંધલ કરેછે લોક,
ધનમદ બીક રાખવાનાં બીજ વાવેછે;
ધનમદમાંહિ કાન હોય તોય કાણાં જેવા,
ધનમદ કુડાં કામ કુશલ ઠરાવે છે;
ધનમદ સારૂં માઠું સમજવા દેતો નથી,
ધનમદ ઉંડી ખાડમાંહિ ધબકાવે છે;
કેશવ મળે જો ધન ધાંધલ કરો ન કોઈ,
ધનમદ કોઇ ટાણે કંઠને કપાવેછે.

काल–बलविषे.

ટાણાવિના બોધ કે વિરોધ કાંઇ થાય નહિ,
ટાણાવિના ફૂલ જેવાં વચનો ફટાણાં છે;
ટાણાવિના હેતપ્રીત હર્ષ—શોક હોય નહિ,
ટાણાવિના વાવરવાં નાણાં તે નકામાં છે;
ટાણાવિના વીરનાં કટાણાં હથિયાર હોય,
ટાણાવિના ચારેકોર સરકારી થાણાં છે;
કેશવ કહું શું થવું હોય તે તે ટાણે થાય,
ટાણાવિના પાણી કોની આંખનાં સૂકાણાં છે ?

૨

કાલેકરી મૂલ્યવાળાં મોતી છીપમાંહિ થાય,
કાલેકરી તરૂવર ફૂલ–ફલ લાવે છે;
કાલેકરી આકાશથી વરસાદ વરસે છે,
કાલેકરી ટાઢ અને તડકો તપાવે છે;
કાલેકરી સાગરમાં ભરતી ને ઓટ આવે,
કાલે આવે ત્યારે માતા બાલ ધવરાવે છે;
કેશવ કહે છે કાલ કરે તે ન કોઇ કરે,
કાલ આવે ત્યારે હારી બાજી હાથ આવે છે.

वाणीविषे.

વાણીવડે બોધ થાય વાણીથી વિરોધ જાય,
વિદ્યા કલા કુશલતા વાણીમાં સમાણી છે;
વાણીવડે હેતપ્રીત હર્ષ–શોક સમજાય,
વાણી બધા વ્યવહારતણી મહારાણી છે;
વાણીવડે ગાનતાન માન અભિમાન પણ,
વાણીવડે પંડિતપણાનું ખરૂં પાણી છે;
કેશવ કહેછે વાણી એક જો ન હોય ભાઈ,
અંતર સમજવાની પૂરી રામકાણી છે;

વાણીવિના કોઇ વ્યવહાર સિદ્ધ થાય નહિ,
વાણીવિના અંતરના ભાવપર પાણી છે;
વાણીવિના વાત કે વિનોદ ન કરાય કશો,
વાણીવિના શરીરની શોભા ધૂળધાણી છે;
વાણીવિના નામ ઠામ આજ બધાં કયાંથી હોય,
વાણી વશ હોય તેને કરોડો કમાણી છે,
કેશવ કહોને વાણીવિના કેમ ચાલે ભાઇ,
વાટેઘાટે વાહ વાહ વાણી ઉભરાણી છે.

धीरजविषे.

ધીરજ ધરા ને ધામ ધીરજથી થાય કામ,
ધીરજથી મોટા મોટા અધિકાર મળેછે;
ધીરજથી જપ તપ ધ્યાન ને સમાધિ ફૂલે,
ધીરજથી સિંહ જેવાં જનાવર હળે છે;
ધીરજ બધાંય દુઃખ ઝીલવાની ખરી ઢાલ,
ધીરજથી અંતરમાં અતિ સુખ વળે છે;
કેશવ કહું શું ધાર્યું હોય તે ધીરજ કરે,
ધીરજ ન હોય તેનો બધો ભવ બળેછે.

૨

ધીરજથી શૂરવીર શસ્ત્રના પ્રહાર ખમે,
ધીરજથી પતિનો વિયોગ સતી સહે છે;
ધીરજથી દુઃખ દેહ–હૃદયનાં દૂર જાય,
ધીરજથી ઉદ્યમમાં લોક લાભ લહે છે:
ધીરજથી ઉદયનો અવસર આવ્યો નથી,
ધીરજથી જીવતર સુખમાંહિ વહે છે;
કેશવ કમાણો હોય ધીરજનું ધન કોઈ,
દુ;ખી થાય તોય તેને દીન કોણ કહેછે ?

ચિત્તવિષે.

ચિત્ત વિના કામકાજ સાચ્યું ન મનાય કોઇ,
ચિત્ત વિના લેખપત્ર પીપળાનું પાન છે;
ચિત્ત વિના આરંભ અધૂરા રહી જાય બધા,
ચિત્ત વિના કોનું માન કોનું અપમાન છે ?
ચિત્ત વિના સુખ દુઃખ દેહને જણાય નહિ,
ચિત્ત વિના ધૂળધાણી જપ તપ ધ્યાન છે;
કેશવ કહે છે ચિત્ત વિના ચતુરાઇ કેવી ?
એક ચિત્ત વિના તન લાકડા સમાન છે.

પોતાના આનંદવિષે.

પોતાના આનંદમાટે વિદ્યા કલા વ્હાલી હોય,
પોતાના આનંદમાટે પુત્ર મિત્ર પ્યારાં છે;
પોતાના આનંદમાટે પ્રિય ધન ધામ ધરા,
પોતાના આનંદમાટે કામકાજ સારાં છે,
પોતાના આનંદમાટે પ્રિય રાગરંગ હોય,
પોતાના આનંદમાટે નોબત નગારાં છે;
કેશવ કહેછે એજ આનંદ ઓલખ અરે,
પોતાના આનંદ વિના એ બધાં અકારાં છે.

૨

પોતાને આનંદ આપે તેજ નારી પ્યારી હોય,
પોતાને આનંદ આપે તેજ ફૂલ ફૂલ છે;
પોતાને આનંદ આપે તેજ પુત્ર મિત્ર પ્યારાં,
પોતાને આનંદ આપે તેજ અનુકૂલ છે;
પોતાને આનંદ આપે તેજ ઠાઠમાઠ ઠીક,
પોતાને આનંદ આપે તેજ પટકૂલ છે;
કેશવ કહેછે બધું પ્યારૂં છે પોતાને માટે,
પોતાના આનંદમાટે માથું પણ ફુલ છે.

લાજવિષે.

લાજવિના રૂપ રંગ હોય તોય રાખ રૂપ,
લાજવિના ધૂળ જેવાં રથ તાવદાન છે;
લાજવિના વિનય વિચાર રહી શકે નહિ,
લાજવિના મોટાઈનું ખોટું અભિમાન છે;
લાજવિના નામ ઠામ લોકમાં રહે ન ભાઈ,
લાજવિના જગતમાં જ્યાં જુવો જાન છે;
કેશવ કહેછે સાચી લાજ એજ મોટી વાત,
એક લાજવિના નર પશુની સમાન છે.

પ્રાણવિષે.

પ્રાણવિના પુત્ર મિત્ર પ્યારાં દૂર પડયાં રહે,
પ્રાણવિના પાસે નહિ આવે ભલી ભામની;
પ્રાણવિના કામકાજ કરથી કશું ન થાય,
પ્રાણવિના સંપત્તિ કશીય નથી કામની,
પ્રાણવિના રાજપાટ પ્રીતિ ઉપજાવે નહિ,
પ્રાણવિના ચંદ્રવિના જોઈ લેવી જામની;
કેશવ મળ્યા છે પ્રાણ પરઉપકાર કર.
પ્રાણવિના પિંડની છે કિંમત બદામની.

લેણાદેવીવિષે.

લેણાદેવી ઉદ્યમ અપારમાંહિ ઉભી રહે,
લેણાદેવી મમતાનાં બીજ વવરાવે છે;
લેણાદેવીવડે પુત્ર કે કલત્ર કામ કરે,
લેણાદેવીવડે ધન જન ધામ આવેછે,
લેણાદેવીવડે સારી કાયા સન્માન સહુ,
લેણાદેવીવડે લોકો ફુલથી વધાવેછે;
કેશવ લખું શું લેણાદેવીની લીલાની વાત,
લેણાદેવી પ્રતિદિન સુખ ઉપજાવે છે,

૨

લેણાદેવીવડે રાજપાટ પણ આવી મળે,
લેણાદેવી પલમાં હૃદય રોવરાવે છે;
લેણાદેવીવડે સહુ સંયોગ-વિયોગ થાય,
લેણાદેવીવડે હેતપ્રીત અતિ આવેછે;
લેણાદેવી પિંડ અને પ્રાણનો સંબંધ રાખે,
લેણાદેવીવડે કોઇ કોઇને નભાવે છે;
કેશવ કહેછે સારી માઠી એમ બેય રીતે,
લેણાદેવી ભારે ભારે વેશને ભજવે છે.

૩

લેણાદેવી તૂટે ત્યારે નામ ઠામ નાશ થાય,
લેણાદેવી તૂટે ત્યારે ફોકટ સહાય છે;
લેણાદેવી તૂટે ત્યારે સારાં સગાં-શત્રુ બને,
લેણાદેવી તૂટે ત્યારે રાજપાટ જાય છે;
લેણાદેવી તૂટે ત્યારે પુત્ર મિત્ર માને નહિ.
લેણાદેવી તૂટે ત્યારે તનને તજાય છે;
કેશવ કહે છે કોણ ભાવિને મટાડે ભાઇ,
લેણાદેવી તૂટે ત્યારે ભુંડા હાલ થાય છે.

ગરજવિષે.

ગરજથી ઝેર જેવાં વચન સહન થાય,
ગરજથી ભૂખ દુઃખ ભૂલાઇ જવાય છે;
ગરજથી દેશ પરદેશ સહુ દોડયા જાય,
ગરજથી જાણી જોઇ જીવન તજાય છે;
ગરજથી સંપ સરલાઇ લોક સાથે રહે,
ગરજથી ટાઢ તાપ સહન કરાય છે;
કેશવ કહું શું ગોળ કરતાં ગરજ ગળી,
ગરજ સરે તો પછી કોણ કોનું થાય છે ?

કામ-ક્રોધવિષે.

કામ ક્રોધ આંખ છતાં અંતરે અંધાપો આપે,
કામ-ક્રોધ કાન છતાં બધીર બનાવે છે;
કામ-ક્રોધ રૂડી રીતિ નીતિને રખાવે દુર,
કામ-ક્રોધ ભારે ભારે લાભને ભુલાવે છે;
કામ-ક્રોધ વિનય વિવેક વિસરાવી દિએ,
કામ-ક્રોધ દુષ્ટ દુરાચારમાં દટાવે છે;
કેશવ કહુ શું કામ-ક્રોધતણું દુષ્ટપણું,
ભવાટવીમાંહિ ભુંડે હાલે ભટકાવે છે;

લોભવિષે.

જોયા ઘણા યોગી ને વિયોગી જન જોયા ઘણા,
જપ તપ કરી કરી કાયા કોડે કસે છે;
કોઇ જટાજુટ રાખે મુંડન કરાવે કોઇ,
વિજન વનમાં જઇ ઘણા વળી વસે છે;
ભભુત લગાવે કોઇ મંદિર મસાણ હાય.
સાથરાઉપર સોય હેત હરિરસે છે,
સંપતનું સુખ હોય દેહે ઘણું દુઃખ હોય
કેશવ એવાને પણ લોભ સાપ ડસે છે.

આશાવિષે.

આશાનો અંકુર અતિ ઉંચો ઉંચો ચાલ્યો જાય,
તંતુ તેના આમતેમ આડા પથરાય છે;
ફ્લ ફૂલ આવે કે ન આવે તેનો મેળ નહિ,
અંતર કયારામાં અતિ મૂલ જામી જાય છે;
આકાશની પેલી કોર ભૂવનને ભેદી જાય,
પાપરૂપ પાણીથી પોષણ તેનું થાય છે;
કેશવ કહે છે દેવ માનવ દાનવ સહુ,
વડવાનરાની પેઠે એમાં અથડાય છે.

મનવિષે.

મનવિના હાથપગ હોય તે ન કામ કરે,
મનવિના કાણાજેવાં આંખ કાન નાક છે;
મનવિના મીઠા મેવા પણ ખાણ જેવા લાગે,
મનવિના મિથ્યા બધું જપ તપ દાન છે;
મનવિના હેતપ્રીત પણ પરખાય નહિ,
મનવિના ભણતર ભારની સમાન છે;
કેશવ કહેછે એક મનની રમત બધી,
મનવાળાં માણસને માણસોમાં માન છે.

૨

શરીર સુંદર રથ ઇન્દ્રિયો છે અશ્વરૂપ,
મનસારથિથી દૂર દૂર દોડયો જાય છે;
મન જેમ લઇ જાય તેમના ઘોડા તણાય,
મહારાજ જીવ બેસનાર મલકાય છે;
કામકાજ કરવાનાં મનને આધીન બધાં,
મન તારનાર ને બુડાડનાર થાય છે;
કેશવ કહેછે એજ મન વશ રાખવાથી,
ભારે ભવસાગરને પાર ઉતરાય છે;

૩

મનને સુખેથી સુખ મનને દુઃખેથી દુઃખ,
મનને મનાવવાથી સંતોષ મનાય છે;
મન મિત્ર મન પુત્ર મન છે કલત્રરૂપ,
મનવડે મમતામાં ચડાય પડાય છે;
મનવિના વ્યવહાર સિદ્ધ કોઇ થાતો નથી.
મનવિનાનો માનવ પશુમાં મનાય છે;
કેશવ કહેછે તન–મનનો સુયોગ છતાં
ભાન ભૂલી જાય તેના ભૂંડા હાલ થાયછે.

બોધ.

ખાનપાનમાંહિ ખુબ રચી પચી રહ્યો ભાઈ,
પથારીએ પડયો પડયો પાન બહુ ચાવેછે;
ભારે ભારે ભોગના વિલાસમાંહિ લાગી રહ્યો,
વધૂ વધૂ લેવામાટે લાલચ લગાવે છે;
પાપ-પુણ્યનો કશોય ચિત્તમાં વિચાર નથી,
મોજશોખમાંહિ અભિમાન શું ધરાવે છે;
કેશવ કહેછે અરે આંખ તો ઉઘાડ જરા,
સાંજ પડી જાય તોય ઉંઘ કેમ આવેછે ?

૨

મારૂં મારૂં માનીને મોટાઇ લઈ બેઠો મૂઢ,
દીનજન જોઇ તેને દાબથી દબાવે છે;
ધામ ધરા સંપત સગાઈ તે સમાઇ જાય,
ચંચલ આ કાયા તેને અચલ ઠરાવે છે;
આવ્યો છે અહીં તું કેમ ? આગળ થશે શું તારૂં ?
વિનય વિવેક લોભ મોહ વિસરાવે છે,
નરતનહીરો હાથમાંહિથી હરાઈ જાય,
કેશવ ઉઘાડ આંખ ઉંઘ કેમ આવેછે.

૩

ધામ-ધરામાટે મોટી ધાંધલ મચાવી રહ્યો,
આશામાંહિ આમતેમ બહુ અથડાય છે;
પારકી પીડા ને તારા પિંડસાથે મેળવી જો,
ખબર પડે તો તેમાં દુઃખ કેવું થાય છે;
પેટમાટે પ્રાણ જતાંસુધી તુ પ્રપંચ કરે,
નાનાં મોટાં દુખમાંહિ નયન ભરાય છે;
ભૂલથી ભવાટવીમાં ભટકવું પડે ભાઇ,
કેશવ તથાપિ આડે પંથે કેમ ધાય છે ?

૪

ધર્મ-કર્મમાંહિ ધ્યાન રાખ તું વધારે ધીર,
શમ-દમ દયા દાન દોષને દબાવે છે;

નદીનાવ જેવો આ સંયોગ થયો સહજમાં,
સંપ સરલાઈ હોય તેજ સાથે આવેછે;
ભાઇ ભૂલ કરે કેમ વિનય વિચાર કર,
માનવ શરીર ગયું પાછું કોણ લાવેછે ?
કેશવ કહેછે હવે થોડી ઘણી રાત રહી,
વેશ છે વિશેષ તોય ઉંઘ કેમ આવેછે ?

अशक्तिविषे.

उपजाति.

ચિંતા ઘણી ચિત્તવિષે રહેછે, નેત્રોવિષે નીર ખર્યા કરેછે;
લોકો મહામૂર્ખ કહી બનાવે, અશક્તિમાં એ પરિણામ આવે;
કમાણીમાં સાર કશો ન ભાસે, રહ્યા કરે ઉદ્યમ સર્વ વાંસે;
વિપત્તિઓ દુઃખવડે દબાવે, અશક્તિમાં એ પરિણામ આવે;
દેખે બધામાં બહુરૂપ દોષ, રહ્યા કરે અંતરમાંહિ રોષ;
આનંદ આરામવિષે ન આવે, અશક્તિનું એ પરિણામ આવે;
મળે નહિ પોષણ કાંઈ પૂરૂં, આરંભતાં કામ રહે અધુરૂં;
ભાણે ભર્યું ભોજન તે ન ભાવે, અશક્તિમાં એ પરિણામ આવે;
વિદ્યા–કલામાં ન વધી શકાય, વ્યાપારમાં પાર ન ઉતરાય;
ભૂંડાજનો ભૂત ઘણાં ભરાવે, અશક્તિનું એ પરિણામ આવે;
ખોટું ખરૂં તે ન જણાય જાતે, ચડે કહોડે મન કૈંક વાતે;
સંબંધીને સહુ રહી સતાવે, અશક્તિનું એ પરિણામ આવે;
ઘુસી રહેછે ઘરમાં ઘલાઈ, બિહે બધાથી બહુ જેમ બાઇ;
કુસંપ કંકાસ વૃથા કરાવે, અશક્તિનું એ પરિણામ આવે;
લક્ષ્મી અને લાજ લૂંટાઈ જાય, મિત્રો મમત્વી પણ શત્રુ થાય;
ઉપાધિઓ અંતરને તપાવે, અશક્તિનું એ પરિણામ આવે;
આવે ન હાથે અધિકાર મોટો, વળે બધાં ગામગરાસ ગોટો;
ભોગો ભલા દૂર રહી રગાવે, અશક્તિનું એ પરિણામ આવે;
પાશેરનું પેટ નથી ભરાતું, સંસારને તેમ નથી તરાતું;
વિરોધ સર્વે મનમાં સમાવે, અશક્તિમાં એ પરિણામ આવે;

દોહરો.

કેશવ સઘળાં દુઃખનું અશક્તિ કેવલ મૂલ;
સઘળી સુખ સંપતિને, એજ કરે નિર્મૂલ.

એકાન્ત મનનો મહિમા.

દોહરો.

ભણે ગણે કવિતા કરે, શોધે શુભ સિદ્ધાંત;
ધામ ધરા ધન મેળવે, જેનું મન એકાન્ત.
બુદ્ધિ અને બલમાં વધે, બને કુશલને તે કાંન્ત;
વધે વળી યશ વિશ્વમાં, જેનું મન એકાન્ત.
કાયરતા કલ્પે નથી, સદા રહે વિશ્રાંત;
સંપ અને સંતોષ છે, જેનું મન એકાન્ત,
આધિ વ્યાધિ ઉપાધિઓ કુટુંબનો કલ્પાન્ત;
દુઃખ ન દે તે કોઈ દિન, જેનું મન એકાન્ત.
રાગ-દ્વેષ દબાણને, ભૂખ તરશ ને ભ્રાંત;
કલેશ કશો આપે નહિં, જેનું મન એકાન્ત.
પ્રયત્ન પૂરાં તે કરે, પામે તેજ પદાન્ત,
પુણ્યવાન પણ તેજ છે, જેનું મન એકાન્ત.
હર્ષ શોક તેને નથી, તે સમજુ તે શાન્ત;
ધીર વીર ગંભીર તે, જેનું મન એકાન્ત.
ભક્તિ-જ્ઞાન-વિરાગથી, રીઝે લક્ષ્મીકાન્ત;
નડેજ નહિ ગડબડ બધી, જેનું મન એકાન્ત.
તે વનવાસી તે ઋષિ, તે દુર્લભ તે દાન્ત;
બ્રહ્માનંદવિષે વસે, જેનું મન એકાન્ત.
સિદ્ધ બુદ્ધ પણ તેજ છે, નિર્મલ તેજ મહાન્ત;
કેશવ હરિ તેને મળે, જેનું મન એકાન્ત.

પરમદશાને પ્રાપ્ત થયેલાને પ્રણામ.

વસંતતિલકા.

જે શાન્ત દાન્ત સુસમાહિત વીતરાગ;
જેને નથી જગતમાં રતિમાત્ર રાગ;

જેને સદા પરમબોધ પવિત્ર ધામ,
એને અમે પ્રણયથી કરિએ પ્રણામ.
જેનો થયો સફલ જન્મ નૃજાતિરૂપ,
જેને સદા સુખદ એક નિજસ્વરૂપ;
જેનો સુખાશ્રમવિષે સમયે વિરામ,
એને અમે પ્રણયથી કરિએ પ્રણામ.
દેખાય તોય પણ અંતરમાંહિ ગૂઢ,
જેને વિવેક–વિનયાદિ વિચાર રૂઢ;
જે આત્મલાભથકી કેવલ પૂર્ણકામ,
એને અમે પ્રણયથી કરિએ પ્રણામ.
જે ત્યાગવાન પણ છેવટ એકરાગી,
રાગી જણાય પણ અંતરમાં વિરાગી;
જેનું સદા રટણ **કેશવ** રામનામ,
એને અમે પ્રણયથી કરિએ પ્રણામ.

वर्तमान कालना विपरीतपणाथी आवेलो उभरो.

* ललितछंदनी चाल.

ધર્મ–કર્મનો નાશ થાયછે, જન્મ જાતિનું નીર જાય છે;
દેશ વેશની વાત શું કહું ? બલ રહ્યું બધે બોલમાં બહુ.
સેળભેળ છે વર્ણભેદમાં, દિવસ જાયછે હાય ખેદમાં
કુટિલતા બધા વેશમાં વસી, ગરજ છે નહીં કોઇને કશી.
આર્યજાતિની યોગ્યતા ગઈ, વેદ–શાસ્ત્રની દુર્દશા થઈ;
પરવશે પડયા સર્વ આપણે, દાટ આ વળ્યો દુષ્ટ ડાંપણે.
ભરતખંડનાં ભાગ્ય ફૂટતાં, ધન ધરા કલા જાય ખૂટતાં;
કઠણ શું થયા હે હરિ તમે ! જગતને તજી કયાં જશું અમે ?

---

* લલિતછંદમાં પ્રત્યેક પદમાં પહેલા ત્રણ હ્રસ્વ રખાય છે, એમ સર્વ ઠેકાણે દેખાય છે; પણ માત્રામેળ છંદ ગણીને પહેલો દીર્ઘ અને બીજો હ્રસ્વ કરિએ તો તાલ નથી તૂટતો, એ જોવામાટે આ છંદમાં ઘણેભાગે તેવી રચના કરી છે. આવી રીતે કરતાં નવી જાતના કટાવમાં પણ તે ઠીક ચાલી શકે છે.

पामर कवि.

દોહરો.

હોઠે હરિ આવે નહીં, હૃદયવિષે નહિ રામ;
જૂઠાં જોડે જોડિઆં, એ કવિનું શું કામ ?
પાપી પામર લોકના, વર્ણન કરે અપાર;
કવિત્વને કાળું કરે, એ કવિને ધિક્કાર.
નરનારીનાં અંગ કે, તેનો વિવિધ વિહાર;
એમાં મન જેનું રમે, એ કવિને ધિક્કાર.
ઈશ્વરને વિષયી કરે, જેવો પોતે હોય;
એવા અંધા લોકનો, સંગ ન કરશો કોય.
હીરો હરિનું નામ છે, કવિતા કુંદનરૂપ;
આ જન્મે જોડાય તો, રહે બેયનું રૂપ.

मूर्खोनो संग.

शार्दूल–अनुष्टुप्.

આ સંસાર તણાં સમગ્ર સુખને હું તો નથી માગતો,
આધ–વ્યાધિ– ઉપાધિ તાપ તનમાં તીખો નથી લાગતો;
સર્વે દુઃખ સહીશ ઇશ્વિર ભવે હું દોષની ભીંશમાં,
મૂર્ખોનો સહવાસ નાથ પણ તું કલ્પે કરાવીશ માં.
દુસંગ સર્વ દુઃખોનું અત્યંત દૃઢ મૂલ છે.
બીજી પાપ તણી શિક્ષા, એની આગળ ધૂળ છે.
પક્ષીમાં પશુમાં અને જલવિષે જન્માય તો શું થયું ?
ભૂખે પ્રાણ તજાઇ જાય પલમાં આયુષ્ય તો શું ગયું ?
મારે ભોગવિલાસને હરિ હરી લેજે ભલે રીસમાં.
મૂર્ખોનો સહવાસ નાથ પણ તું કલ્પે કરાવીશમાં.
પાપના ફલ દેવાના, હોય તે દે ભલે હરિ !
પણ મુર્ખતણો સંગ ન કરાવીશ તું કદિ.
દેવો હોય દયાળુ દંડ મુજને તે દે ભલી ભાતથી,
સંકોચાય ન ચિત્ત કોઇ દીવસે બીજી બધી વાતથી;

ચેતાવું ચપલાપતિ પ્રથમથી ચિંતાવડે ચાસમાં,
મુર્ખોનો સહવાસ નાથ પણ તું કલ્પે કરાવીશમાં.

शाने सुकाय अमथो अमथो जवासा ?

वसंततिलका.

લીલી કરી અવનિ મંગલ મેઘરાજે,
તાજાં બધાં તરૂવરો વનમાં વિરાજે;
પુરા પડયા પ્રકટ નિરખ સર્વ પાસા,
શાને સુકાય અમથો અમથો જવાસા ?
આનંદ સર્વ વનમાં જનમાં જણાય
પાણીવડે પરમ પોષણ નિત્ય થાય;
જોને જરા જગતના નજરે તમાસા,
શાને સુકાય અમથો અમથો જવાસા ?
ઇર્ષ્યા તને અરર શું મનમાંહિ આવે ?
જીવાડનાર જલ તે તુજને ન ભાવે;
શું કોઇના કૃપણુ હાય પડયા નિશાસા ?
શાને સુકાય અમથો અમથો જવાસા ?
શું શોષનાર તુજને ક્ષયરોગ ચોટયો ?
વર્ષાદમાં ન થઇ તું શક કેમ મોટો ?
પ્યારા પડયા ન કદિ પોષણકાજ સાંસા.
શાને સુકાય અમથો અમથો જવાસા ?
જ્યારે સુકાય સઘળાં તરૂ તાપકાલે,
ત્યારે રસાલ થઈ રાય અરે અકાલે;
કયાંથી થયો અરર એકલપેટ લાસા ?
શાને સુકાય અમથો અમથો જવાસા ?
સંપી રહે સકલ જાતિવિષે વિવેકે,
ગાંડા ન રાખ અભિમાન લગાર ટેકે;
જોને જરા જગતના નજરે તમાસા,
શાને સુકાય અમથો અમથો જવાસા.
આવ્યો અરે દિવસ ઇશ્વરની કૃપાથી,
માને કર્યો સરસ લાભ વિશેષ આથી;

તું દે તજી અવર દુઃખદ સર્વ આશા,
શાને સુકાય અમથો અમથો જવાસા ?
શું સર્વને સુખ થવા તપ તું કરે છે ?
કે દુષ્ટ દુઃખ કરનારથકી ડરે છે ?
વીતી ગયા વિષમ કેશવ સર્વ વાસા,
શાને સુકાય અમથો અમથો જવાસા ?

સોરઠો.

અમથો કેમ સુકાય, આમ જવાસા એકલો;
થાય ન કોઇ સહાય, કોણ તને સંભાળશે ?

कुसंपथी सर्व विनाश थाय.

उपजाति.

બળ્યા કરે અંતર નિત્ય તાપે, વળ્યા કરે વૃત્તિ વિશેષ પાપે;
નિઃશ્વાસ નાંખી નયનો ભરાય, કુસંપથી સર્વ વિનાશ થાય;
ખવાય પીવાય ન કાંઇ ખાતે, ઘડી ન બેસાય મળી નિરાંતે;
ઉદ્વેગનાં બીજ બધાં વવાય, કુસંપથી સર્વ વિનાશ થાય;
કુવાક્યના માર કઠોર વાગે, સંબંધિઓ શત્રુસમાન લાગે;
શંકાવડે ભ્રાંતિ વધૂ ભરાય, કુસંપથી સર્વ વિનાશ થાય;
વિદ્યાકલા અંતરમાં ન બેસે, પદાર્થમાં પ્રેમ ન લેશ પેસે;
આનંદનો ઉત્સવ દૂર જાય, કુસંપથી સર્વ વિનાશ થાય;
સંપી રહો સર્વ કુટુંબી સાથે, થાતું ન હેરાન કદાપિ હાથે;
સંપેલને દૈવ કરે સહાય, કુસુંપથી સર્વ વિનાશ થાય;
સંબંધનો બંધ કદી ન તોડો, અંધા થઇને અવળા ન દોડો;
સંપે રહે દેશ સુખી સદાય, કુંસપથી સર્વ વિનાશ થાય;
સંપત્તિઓ સંપવડે થવાની, વિપત્તિઓ સંપવડે જવાની;
હળીમળી સ્વાર્થ ભલો સંધાય, કુસુંપથી સર્વ વિનાશ થાય;
છે કોણ ક્યાંથી અહિં સર્વ આવ્યા ? કોણે અરે આજસુધી નિભાવ્યા
વિવેકમાં સાર બોધ સમાય, કુસંપથી સર્વ વિનાશ થાય;
પડ્યાં રહે ધામ ધરા સુધારો, સંસારનો સાર જરા વિચારો;
અમૂલ્ય આ કેશવ કાલ જાય, કુસંપથી સર્વ વિનાશ થાય.

परघरवासविषे.

मालिनी तथा वसंत.

અપયશ અતિ ભારે થાયછે નાતજાતે,
નહિ પલ પણ પૂરૂં બેસવાનું નિરાંતે;
ગુણ અવગુણરૂપે લોક લેખે ધરાર,
પરઘર વસવું તે ખડ્ગની તીક્ષ્ણ ધાર;
વિદ્યા કલા કુશલતા પણ દૂર જાય.
ઉત્સાહથી કઠણ કામ ન કોઈ થાય;
જોને છછુંદર ગળી ન તજાય સાપે,
એવી દશા પ્રતિદિને હરિ હોય પાપે;
નય વિનયવિચારે ચાલિએ નિત્ય ચોંપે,
તદપિ ધનમદેથી અન્ન દેનાર કોપે;
કઠણ વચન લાગે કાળજામાં કટાર,
પરઘર વસવું તે ખડ્ગની તીક્ષ્ણ ધાર;
સંપી રહે સહનશીલ થઇ સદાય,
સંતોષરૂપ ગણવા ગરજે ઉપાય;
સદ્ધર્મ કર્મ પણ કોઇ ન સાવ દેખે,
રોગે તવાય તન તોપણ કોણ લેખે ?
ગરિબ જન ગણીને લોક સામાં લડે છે,
વખત કઠણ અવ્યે મોત માથે પડેછે;
પ્રતિવચન ન પાછું સાંભળે કોઇ વાર,
પરઘર વસવું તે ખડ્ગની તીક્ષ્ણ ધાર;
પિંડે રહેલ પુરુષાતન નાશ પામે,
ધીરે ન કોઇ પણ પાંચપચીશ નામે;
નીચાં કરી નયન-મસ્તક અન્ન તેવું,
આપીશમાં અરર ઈશ્વર દુઃખ એવું;
અરરરરર એથી ઠીક જો પેટ ફૂટે,
અરરરરર પાપી પ્રાણ કેમે ન છૂટે;
અતિશય મનમાંથી થાય એવા વિચાર,
પરઘર વસવું તે ખડ્ગની તીક્ષ્ણ ધાર;

સ્વાધીનતા હૃદયની પણ જાય છૂટી
માનપમાન પણ જાય બધાં વછૂટી;
દુઃખે સુખે દિવસ સર્વ સમાન લાગે,
ઉંઘ્યા છતાં પરવશે પડનાર જાગે.
મન વચન દબાવી દીનતાથી સદાય;
શમ–દમ–વિનયેથી યોગ સારો ધસાય.
પરજનપર રાચી રાખવો પુર્ણ પ્યાર,
પરઘર વસવું તે ખડ્ગની તીક્ષ્ણ ધાર.
ભૂખે મરાય કદિ ધામ ધરા તજાય;
પ્રેમે તપાય તપ જંગલમાં જવાય;
શસ્ત્રપ્રહાર પણ શત્રુતણો ખમાય,
હા હા તથાપિ પરઘેર ન વાસ થાય.
નરમ ગરમ ખાવાનાં નથી દાળભાત,
મખમલમય શય્યામાં સુવાની ન વાત;
નરવર અતિશૂરા થાય ત્યાંથી પસાર,
પરઘર વસવું તે ખડ્ગની તીક્ષ્ણ ધાર.
લાગે પવિત્ર જનને પરઘેર જેવું.
સંસારમાં અવર દુઃખ ન કોઈ એવું;
ઝીણો વિચાર કરતાં સઘળું સમાન,
શું ધીરતા વગર કેશવ ભૂલ માન.

ए सज्जनोनो सहज स्वभाव.

उपजाति.

ન્યાયે સદા નિર્મલવૃત્તિ રાખે, સદૈવ સર્વે સુખ–દુઃખ સાંખે;
તપે લગારે ન મમત્વતાવ, એ સજ્જનોનો સહજ સ્વભાવ.
ઉદારતા દાન દયા વિશેષ, સદૈવ સાદો સુખરૂપ વેશ;
સમાન સર્વે નર રંક–રાવ, એ સજ્જનોનો સહજ સ્વભાવ.
રહે સદા ઇન્દ્રિયવર્ગ વશ્ય, પુણ્યે વળી પ્રીતિ કરે અવશ્ય,
કામાદિમાં અંતરથી અભાવ, એ સજ્જનોનો સહજ સ્વભાવ.

સંભાળ રાખી રસ સર્વ જીતે, શોધે બધેથી સુખ કોઇ રીતે;
જે તેવડે નિત્ય કરે નિભાવ; એ સજ્જનોનો સહજ સ્વભાવ.
પરાર્થને સ્વાર્થ સમાન સર્વ, પરોપકારે ન જરાય ગર્વ;
વૈરાગ્યમાં જન્મથકી જમાવ, એ સજ્જનોનો સહજ સ્વભાવ.
સુધર્મનાં બીજ સદૈવ રોપે, ન કારણો હોય તથાપિ કોપે;
વિદ્યા ગણે જીવનનો વટાવ, એ સજ્જનોનો સહજ સ્વભાવ.
વર્ણાશ્રમોના સહુ ધર્મ પાળે, ન થાય તે કાયર કોઈ કાલે;
અત્યંત આનંદમય પ્રભાવ, એ સજ્જનોનો સહજ સ્વભાવ.
વળે ન આ વિશ્વવિષે વિરોધે, સુશાન્તને દાન્ત વિશાલ બોધે;
ભૂલે નહીં તોપણ ભક્તિભાવ, એ સજ્જનોનો સહજ સ્વભાવ.
સેવા અને દર્શન માત્ર થાતાં, નિશ્ચે રહે પાતક સર્વ જાતાં;
આપે કરી આત્મસમાન લ્હાવ, એ સજ્જનોનો સહજ સ્વભાવ.
ભારે તરે આ ભવસિંધુ ભાવે, ભવે ફરી ભૂલ કરી ન આવે;
દાબી દિએ **કેશવ** દેહદાવ, એ સજ્જનોનો સહજ સ્વભાવ.

હાય હાયરે હિંદુપણું જાય હાલ્યું.

મરશીયા.

હાય હાયરે હિંદુપણું જાય હાલ્યું; બુટ-પાટલૂને ઘરઘાલ્યું રે—હાય૦
ધર્મ-કર્મ ન શુદ્ધ કોઈ પાળે, ચડ્યા ચાતરી અવળે ચાળે;
અનાચારી થઈ ચિત્ત બાળે રે;— હાય હાય૦
પાયખાનામાં બીડીયો ફૂંકે, પાન ચાવતા ચાવતા થુંકે;
રીતભાતને માળવે મૂકે રે;— હાય હાય૦
ચડ્યા ચિત્તે વિચાર યૂરોપી, તજી પાઘડી પ્હેરી ટોપી;
વરમાળ ઉદ્ધતાએ રોપી રે;— હાય હાય૦
જુવો માથે ફિરંગી જેવા, કરે સુંદરીની એક સેવા;
હોય હૈયે હરામના હેવા રે,— હાય હાય૦
નથી ચામડી ગોરી થાતી, બન્યું બીજું બધુંય વિલાતી;
ખરી રમ્યતા તો રહી જાતી રે;— હાય હાય૦
શિખા-સૂત્રતણા એક વેરી, દુરાચારે લીધાં ઘર ઘેરી;
કયા પાપનાં એ ફલ ઝેરી રે?— હાય હાય૦

ગમે તેવા નવા વેશ ઘાલે, ચાહપાણી વિના નહિ ચાલે;
' ગુડમાર્નિંગ ' કહિ કર ઝાલે રે;— હાય હાય૦
કોટ જાકીટ કાળે રંગે અંગ તાણીને બાંધે તંગે;
ફરે ફેરવે શ્વાનને સંગેરે;— હાય હાય૦
બલે બોલે વિલાતી બોલી, મળી તેવતેવડાની ટોળી;
બધા દેશને નાંખ્યો ડોળી રે;— હાય હાય૦
સત્ય બોધનું બાવલું એઠું, હઠીલાઈનું લાકડું પેઠું;
ખાય એક બીજાનું એઠું રે;— હાય હાય૦
સ્નાન–ધ્યાનની છે ઘડી છેલી, પ્રીતિ રાગરંગ માથે રેલી;
કરે કામની સાથે કેલી રે;— હાય હાય૦
પાદ–પૂજન કયાં સાંભરે છે? ગુણ દોષથી કોણ ડરે છે ?
દેશ મેલીને દૂર ફરે છે રે;— હાય હાય૦
કોઇ શોધક થઇને બેસે, કોઈ પારકા પંથમાં પેસે;
કોઇ ઠાકરને દિયે ઠેસ રે;— હાય હાય૦
ગઇ આસ્થા સહુની ઉડી, થઈ બુદ્ધિ બધાની બુડી;
ખરી વાત જણાવે જુઠી રે;— હાય હાય૦
રાજ્ય જેવું થતા જાય તેવા, નહિં ઓળખાય જાતે કેવા;
કહ્યું માને ન અવળા એવા રે; હાય હાય૦
પિએ ખારનાં ખાટાં પાણી, બહુ બાટલીનાં બુચ તાણી;
પંડિતાઇ પર ફેરવે પાણીરે;— હાય હાય૦
શબ્દ બોલવામાં એક શૂરા, પિંડપાળવામાં માત્ર પૂરા;
સ્નેહ સંબંધ માંહિ અધૂરા રે;— હાય હાય૦
માત તાતનું માન ન રાખે ધન યોવન નીરમાં નાંખે;
અમે દીઠું અમારી આંખે રે;— હાય હાય૦
ગમે તેનું બધુંય ખપે છે, બર્ફ શર્બત આઇસ્ક્રીમ લે છે;
દામ દેહ વટલાવા દે છે રે;— હાય હાય૦
સાફ થાવાને સાબુ ચોળે, હાથ પાણિયારે જઈ બોળે;
વાંક એક બીજા પર ઢોળે રે;— હાય હાય૦
ભીંત ભૂલ્યા ન જાણે કોઇ, વાળ ઓળે આરીસા જોઇ;
રીત બાપદાદાની ખોઇ રે;— હાય હાય૦

લોકલાજના તો બાર વાગ્યા, વસ્ત્ર પ્હેરે છતાં હોય નાગા;
ભૂલ જાણ્યાવિના જાય ભાગ્યા રે;— હાય હાય૦
આગગાડિઓ ને આગબોટો, દેછે દેશ પરદેશમાં દોટો;
થયો સેળભેળ એથી મોટો રે;— હાય હાય૦
ચીજ હાડકાં ચામડાંવાળી, રંગ રૂપથી જોઈ રૂપાળી;
કોઈ રે'તું નથી મનવાળી રે;— હાય હાય૦
દવાદારૂમાં દેહ વટલાયા, દોષ દેખે નહીં દોઢડાહ્યા;
સમજાવતાં થાય સવાયા રે;— હાય હાય૦
વેદશાસ્ત્રની વાત ન માને, ભલે હોય કહ્યું ભગવાને;
જાય મરડાતા અભિમાને રે;— હાય હાય૦
કર્મયોગે વધેછે કુધારો, મને માની લહે તે સુધારો;
હદ મેલી ગયાછે હજારો રે;— હાય હાય૦
કહે **કેશવ** ક્યાં જઇ કહિએ? હાય હોળી બળે છે હૈયે;
મન મારીને મૂંગા રહિયે રે;— હાય હાય૦

प्राणथी अधिक प्रिय धन केम आपी शकाय?

इन्द्रविजय.

કષ્ટવડે કરતાં બહુ ઉદ્યમ જે ધન માંડ શકાય કમાઈ,
જે ધનથી પ્રિયપુત્ર—કલત્રવિશે સુખથી સચવાય સગાઈ;
જે ધનથી સઘળા વ્યવહારતણી રચના રહિ છે ઉભરાઇ,
જે ધન પ્રાણસમાન અતિપ્રિય તે ધન કેમ શકાય અપાઇ?
જે ધનમાંહિ ગણાય ઘણા ગુણ જે ધન હોય ન તો ગરિબાઇ,
જે ધન પાલન પોષણમાં પણ પૂર્ણ શકાય નહીં વપરાઈ;
જે ધન દૂરથકી નજરે પડતાં મન જાય જરૂર તણાઇ,
જે ધન પ્રાણસમાન અતિપ્રિય તે ધન કેમ શકાય અપાઇ?
તાપ હરે સઘળા તનના મનના વળી જે ધનની ગરમાઇ,
હોય પડ્યું ઘરમાં અતિદૂર ભલે પણ પોષણકારક ભાઇ;
જે ધન દુઃખદ થાય વૃથા કદિ જાય પડી કરમાંહિથિ પાઈ
જે ધન પ્રાણસમાન અતિપ્રિય તે ધન કેમ શકાય અપાઇ?

જે ધન ભોગવિલાસવિષે વિગતે પણ ખૂબ રહ્યું ખરચાઇ;
જે ધન ઇશ્વરથી પણ ઈશ્વિર એમ સદૈવ રહ્યું સચવાઈ;
જે ધન દુર્ભગને અતિ દુર્લભ ચિંતનથી તન જાય તણાઇ,
જે ધન પ્રાણસમાન અતિ પ્રિય તે ધન કેમ શકાય અપાઇ?

भवे भणेला पण भींत भूले.

उपजाति.

વિવેકવાળાં વચનો ન પાળે, માતાપિતાના મનને ઉકાળે;
વીંધે બધાને વળિ વાક્યશૂલે, ભવે ભણેલા પણ ભીંત ભૂલે,
નારીસમીપે નટ નાથ જેવા, સેવા કરે આદરહીન એવા;
ફંદે ફસાઇ ફૂટકેલ ફૂલે, ભવે ભણેલા પણ ભીંત ભૂલે.
નવું નવું નિત્ય મનાય સારૂં, જૂનું જુવે તે સમજે નઠારૂં;
ડાહ્યાપણું માત્ર ગણે દુકૂલે, ભવે ભણેલા પણ ભીંત ભૂલે,
કામાદિનો અંતરમાંહિ કાટ, અનીતિનો તો ન મળે ઉચાટ:
આયુષ્ય ઓછું કરતાં અમૂલે, ભવે ભણેલા પણ ભીંત ભૂલે.
સ્વધર્મમાં કેવલ કેશ રાખે, ગંધાય સાબૂ બહુ અંગ આખે;
ચડે દયા–દાનવિચાર ચૂલે, ભવે ભણેલા પણ ભીંત ભૂલે,
સન્માર્ગ શું તે સમજે ન શોધી, વિવેકના મૂલથકી વિરોધી.
દુરાગ્રહે કેશવ દેહ ડૂલે, ભવે ભણેલા પણ ભીંત ભૂલે.

सुधारे शुं कर्युं ?

*राजियो.

સંતો સધારે શું કર્યું? કરી જો જો વિચાર રે;
માઠી દશા થાય દેશની, ક્યાં કરિએ પુકાર રે? સંતો૦

* રાજીઆની માત્રાનો મેળ નથી. કોઈ કડીમાં વધારે તો કોઈમાં ઓછી માત્રા હોય છે અને માત્ર તેનો ઢાળ સરખી રીતે ચાલુ રહે છે. એમ અનુમાન કરી શકાય કે દોહરાનો વિકાર થઇને આ ઢાળ નીકળ્યો હશે. બીજા ઘણા રાગમાં આ કવિતા ગાઈ શકાય છે.

ધર્મ જાયછે ઢોલ વાગતો, વળી કર્મોની કાણુ રે;
શરમ નથી રહી આંખની, મર્મ પ્હોંચ્યો મસાણ રે: સંતો૦
લોક પરલોક માને નહીં, તીર્થઆદિનું તેમ રે;
શ્રાદ્ધ સંવત્સરી કરે નહીં, નથી પૂર્વજમાં પ્રેમ રે; સંતો૦
સ્નાન સંધ્યા વિસરાય છે, પાઠ પૂજન જાય રે;
વૈશ્વદેવની વાત ક્યાં રહી, તોયતર્પણ ન થાય રે: સંતો૦
બ્રહ્મભોજન કરતા નથી ખવરાવ્યાના ચોર રે;
ખાવું ગમે ખરૂં પેટમાં, કામ પાડયે કઠોર રે; સંતો૦
દેવદર્શન કરતા નથી, દંભ રાખે અપાર રે;
અન્ય અવતારની વાતને સાવ માને અસાર રે: સંતો૦
કર્તા ન માને કોઇને, ગણે વસ્તુસ્વભાવ રે;
શાસ્ત્રપુરાણ રખડી પડ્યાં. આસ્તમાંથે અભાવ રે; સંતો૦
નમનની રીત નીકળી ગઇ, કરે સર્વે સલામ રે:
સાહેબ કહીને બોલે બધા, એક બીજાના નામ રે: સંતો૦
મૂકયો મહારાજ શબ્દને છતાં ઉત્તમ આપ રે;
મન લલચાવ્યું મિસ્તરે. પડી ભાંગ્યો પ્રતાપ રે: સંતો૦
આચારનો અંતકાલ છે, સાવ વંઠ્યો વિવેક રે;
ઇશ્વરમાં આસ્થા નહીં, તર્ક આવે અનેક રે: સંતો૦
સંબંધમાં સમજે નહીં. ગયો જ્ઞાતિપ્રબંધ રે;
આડધંડ ધસી જાય છે. આંખ હોય તોય અંધ રે; સંતો૦
જૂનું બધું જૂઠું વદે, નવું સાચું મનાય રે;
નાતજાતને ધિક્કારતા, અનાચારે તણાય રે; સંતો૦
પંથપર ઉડે ચીંથરાં. ગયું દેશાભિમાન રે;
છલભેદ વધતા જાય છે, ગયા દયા દાન માન રે: સંતો૦
બોલે વિલાયતિ બોલિએ, બધું જાણ્યાનો ડોળ રે;
રીતભાતને વ્યવહારનો, રોજ થાય ઘમરોળ રે: સંતો૦
ભાષા ગઇ ગુજરાતની, વેશ લાગે વિચિત્ર રે;
સર્વે નિશાળિયા સામટા, એક બીજાના મિત્ર રે; સંતો૦
બ્રાસે ઘસે મશી દાંતને, પગે પ્હેરે સપાટ રે;
દર્પણમાં મુખ દેખતા, જુવે વાગ્યાની વાટ રે; સંતો૦

માથાં બધાનાં બોડકાં, શૂન્ય સહુનાં કપાળ રે;
શિખાસૂત્રે શરમાય છે. ગમે આગળ વાળ રે; સંતો•
બૂટ મોજાં પગમાં ગમે. હાથમાંહી રૂમાલ રે;
કોટ પાટલૂન જાકીટનો, ગણ્યો ઉત્તમ ચાલ રે; સંતો૦
કસકસતા કબજા કર્યા, બાંહ્ય વાંકી વળેલ રે;
ટાંકયાં બટન બંધબેસતાં, ચિત્ત જાણે ચળેલ રે; સંતો•
ઉપરથી આછાઈ છે, મનમાંહિ છે મેલ રે:
ભાષણ કરે ભય ટાળવા, શીંગમાંથી સળેલ રે; સંતો૦
શ્વાનસેવા સદાચારમાં, ચાહપાણી પિવાય રે;
ટિફિન ઉપર ટપકાવતા, ગુણો પોતાના ગાય રે; સંતો૦
સાબુ શરીરે ચોળવા, લૂગ્ગા ટુવાલે ડીલ રે;
ઉભાં ઉભાં વાળ ઓળવા, એજ સુંદર શીલ રે; સંતો૦
પ્રેમનું રૂપ ઓળખે નહીં, પંડિતાઇનો ડોળ રે;
પ્યારી પ્યારી કરતા ફરે, રંગમાંહિ રસબોળ રે; સંતો૦
ઘેર ઘેર ઘડિઆળો વધી, વધ્યું પટ્ટીપ્રદાન રે;
લાકીટ પાકીટ ટાંગતા, મને માને છે માન રે; સંતો૦
વીટે ગળામાં ગળપટા, અંગ તંગે તણાય રે;
પેરે પટાની ટોપિઓ, મિત્ર સાથે મણાય રે; સંતો૦
અંગે લપેટે લૂગડાં, અકડ ઇસ્ત્રી કરેલ રે,
છાંટે લવંડર છુટથી, ભાવ રાખી ભરેલ રે; • સંતો૦
હંસ જેવા ઉજળા ફરે, કામ કાળાં કરાય રે;
વિશ્વાસ કયાં કરવો હવે કોણુ સાચો સહાય રે; સંતો•
દેશની દાઝ દેખાડતા, ઘણું વાણીમાં જોર રે;
પારકું એઠું ખાયછે, થયું અંધારૂં ઘોર રે; સંતો•
પુનર્વિવાહના પંથમાં, લાભ લાગેછે ઠીક રે;
દોડી બતાવે દાખલા, ગઇ બાધા ને બીક રે; સંતો૦
જોગ્યા સમાજો સામટા થયા બહુ મતભેદ રે;
એક બીજાથી ઉલટા, ખરો કોઇનો ન ખેદ રે; સંતો૦
જ્ઞાનભંડાર ઘરમાં ભર્યો, જાય બીજાને હાથ રે;
પોતે રહે પેટ કૂટતા, જેમ અંધો અનાથ રે; સંતો૦

હિંદુ થતા જાય પારસી. પારસી, ઇંગરેજ રે;
ટાપટીપ આધક વધી પડી, દુઃખ આપે છે એજ રે; સંતો૰
કોણ સેવક કોણ સેવ્ય છે, ભેદ ભૂલ્યા ભણેલ રે;
ઉચ્ચ નીચની નોકરી કરે, કોઈ નહિ કુધરેલ રે ! સંતો૰
ગીત પરદેશનાં ગાયછે, અહીં દેખે છે દોષ રે;
દેશી વિચારપર દૂરથી, રોજ રાખે છે રોષ રે; સંતો૰
નારીઓ પણ નકટી થઈ, ફરે ફક્કડાઇ સાથ રે;
અંગનો રંગ દેખાડતી, નાથ ઝાલે છે હાથ રે; સંતો૰
ઝીણાં શરીરે લૂગડાં, અંગ આખાં દેખાય રે;
પાનની પટ્ટીઓ ચાવતી, નહિ લેશે લજાય રે; સંતો૰
ચોપાચોપ કયાંક ચોળિયો, કોક ઉઘાડે અંગ રે;
ઘાલે નહીં કોઇ ઘાઘરા, સાળુ ઝીણો સળંગ રે; સંતો૰
સ્વચ્છંદતા છલકી રહી, પિંડ ઉપર પ્યાર રે;
લાજમર્યાદ જાણે નહીં, આજકાલ નરનાર રે; સંતો૰
ચારપાનિયાં ચોળાય છે, છતે છાપાની છૂટ રે;
ચોંપે વિચાર ચરચાવવા, કરે રાતદિન કૂટ રે; સંતો૰
સ્નેહ સંબુધ પ્રમદા પરે, અન્ય સંબંધ દૂર રે;
હૈયાં હરામી થઈ ગયાં, વધ્યાં ફેલ ફિતૂર રે; સંતો૰
છાની છેક છપાય છે, છબી નારી સમેત રે;
શૃંગારનાં ગીત ગાય છે, નહિ હરિપદે હેત રે; સંતો૰
પ્રેમવાળા પરદેશીઓ, કરે આવીને બોધ રે;
ઠીક ઠીક તે સમજાય છે, નથી થાતો વિરોધ રે; સંતો૰
કોઇને કોઈ રોકે નહીં, સર્વે લોકો સ્વતંત્ર રે;
સત્ય શોધવાના પંથનો, મૂર્ખ જાણે ન મંત્ર રે; સંતો૰
જાયાનું જોર જણાય છે, જુઓ જઈ ઘેર ઘેર રે;
વ્હાલામાં વેર વધી પડયાં, ઝરે આંખોમાં ઝેર રે; સંતો૰
એક બીજાને બોલતાં, સદા દેખાડે સંપ રે;
પણ ઘરમાં સળગ્યા કરે, કષ્ટકારી કુસંપ રે, સંતો૰
સાળા બનેવીને સદા, ઘણો આનંદ થાય રે
સારાં લાગે છે સાસરાં, અન્ય નથિ અંતરાય રે; સંતો૰

ખર્ચ વધ્યાં ખાનપાનનાં, કયાંક અન્નના ઉચાટ રે;
સત્તા જણાવા સાચવે, કાચવાળાં કપાટ રે; સંતો૦
ઝુમ્મરો ઝળકે કાચનાં, હાંડિ તખ્તાની હાર રે,
નાગાં નમાલાં ચિત્રનો, વધ્યો વળી વ્યવહાર રે; સંતો૦
ચીનીખાતું ને ચીમની, પડે પૂરો પ્રકાશ રે;
ગાદી–ગલીચા પાથર્યા, થાય હૈયામાં હાશ રે; સંતો૦
કોચ ખુરશી ખડીયા વધ્યા, સ્ટૂલ ટેબલ પલંગ રે;
બાગ બગીચા બંગલા, પ્રિયા સાથે પ્રસંગ રે; સંતો૦
વાજાં વિશેષ વધી પડયાં, ગાય સુંદરિઓ સંગ રે;
સુંદર સતારથી રાતનો, રોજ જામે છે રંગ રે; સંતો૦
ઘોડાગાડી ઘરની થઈ, હવા ખાસી ખવાય રે;
દુર્બલનાં દુઃખ ટાળવા, નથી થાતો ઉપાય રે; સંતો૦
આઇસ્ક્રીમ હીમ આરોગતા, પિએ સોડા સુજાણ રે;
દેહ વટલાયા દારુએ, હાય હસવું ને હાણ રે; સંતો૦
દેશ સામું જોતા નથી, જવા દોડે વિદેશ રે;
પાણી તળે આવી ગયું, લક્ષ્ય રાખ્યું ન લેશ રે; સંતો૦
દેશી રમત દૂર જાય છે, રમે કોડે ક્રિકેટ રે;
પ્રેમવડે વપરાય છે, બહુ બહુ બોલ બૅટ રે; સંતો૦
ગંજીફા ચોપાટમાં, કાલ કાઢે વિશાલ રે;
એક પ્યાલે પાણી પિએ, વૃદ્ધ તરુણ તેમ બાલ રે; સંતો૦
કાગળ કલમ ને ટાંકણી, વધ્યા પીંછાં ને ચીપ રે;
કાતર છરી દોરા વધ્યા, વધી ગઈ ટાપટીપ રે; સંતો૦
અંધારું હાય હજી રહ્યું, વધ્યો ભૂપર ભાર રે;
તન મન ને વાણી તણા, વશ્ય કયાં છે વિકાર રે? સંતો૦
રંગભૂમિનાં નાટકે, વળી વાળ્યું નખોદ રે;
ભેળાં ભરાઈ નરનારિઓ, પૂર્ણ પામે પ્રમોદ રે; સંતો૦
ટાવરમાં ત્રણ લાખ દે, તોય ચિંતા ન હોય રે;
દેવમંદિરમાં દેહથી, દિયે દમડી ન કોય રે; સંતો૦
ઘર ફીટે ઘર જાયછે, જુઓ પ્રત્યક્ષ વાત રે;
લેવા જતાં લાભ સામટો, પડે સર્વે પછાત રે; સંતો૦

ઉદય થવાનું ઓચરે, તેમ આવે છે અસ્ત રે;
સારા વિચારના સજ્જનો, ખેદ પામે સમસ્ત રે; સંતો૦
ગુરુ ચેલા સરખા બધા, નથી ફેર લગારરે;
કોણ કોણને શુભ શીખવે, વર્ણ સરખા અઢાર રે; સંતો૦
માતા રૂએ કોઇ મેડિએ, પિતા મેલે છે પોક રે:
નારી રૂએ કયાંક એકલી, વધ્યો સંસારે શોક રે; સંતો૦
ચાકરી આકરી થાય છે, ન્યાય નાણે વેચાય રે;
નીતિ રીતિનું નામ જાય છે, પુણ્ય ઉપર દે પાય રે; સંતો૦
આગગાડી આગબોટમાં, ઢેઠ ભેળા ભરાય રે;
જાણે પરાણે સર્વનો, સદા સેળભેળ થાય રે સંતો૦
દેશ પરદેશમાં જઇ જુઓ, બધે લાગી છે લાઇ રે;
રાજા પ્રજા દુઃખ ભોગવે, જાય કાળજાં કપાઇ રે; સંતો૦
ઇશ્વરની એટલી કૃપા, હજી લાગે છે આજ રે:
દૂર દૂર જઇ પાછો વળે, હવે તાજો સમાજ રે; સંતો૦
કેશવ હરિ કરૂણા કરે, થાય તો તો કલ્યાણ રે;
નહિ તો અરે આ દેશનાં, બુડ્યાં બારેય વ્હાણ રે; સંતો૦

जे करवुं होय ते मनुष्यथी थई शके तेविषे.

कविराछंदनी चाल

જે કરશે તે થાશે જન તું જે કરશે તે થાશે રે,
આગળથી નહિ ચેત ચતુર તો પાછળથી પસ્તાશે રે; જે૦
ધામ ધરા ધન વૈભવ વિદ્યા, સદ્ગુણ સર્વ સધાશે;
કામ કુશલતા કીર્તિ કલામાં, અધિક બધેય વધાશે;— રે જે૦
નીતિ ન્યાય નિયમ અધિકારે, ચડશે તેમ ચડાશે;
પ્રીતિ પુણ્યમાં નહિ પેસે તો, હેઠું હાય પડાશે;— રે જે૦
વર્ણાશ્રમના ધર્મ-કર્મને, પૂર્ણ પણેજ પળાશે;
સત્સંગતિરતિ શમ-દમ સાધન, વિનય વિવેક વરાશે;— રે જે૦
આળસ મેલી ઉદ્યમ કરશે, તો કલ્યાણ કળાશે;
ભારે ભયકારક ભવસાગર, તારકવગર તરાશે;— રે જે૦

લાલચથી લોભાઈ ભવે જો ષડ્રિપુથી સપડાશે;
તો નિશ્ચય નાનાવિધ નરકે ઓથ વિના અથડાશે;-- રેજી૦
દયા દાનમાં દીન પણાએ, દેશે તે દેવાશે;
સારૂં નરતું સઘળું આગળ, લેશે તે લેવાશે,-- રેજી૦
અષ્ટસિધ્ધિ નવનિધિ પ્રયત્ને, હસ્તામલક કરાશે;
લોકપાલથી અધિક થઇને વિશ્વ વિષે વિચરાશે;-- રેજી૦
ભાવ હશે તો કેશવ હરિને, રાખી ભાન ભજાશે;
ભક્તિ જ્ઞાન વિરાગ વિચારે, જન્મ--મરણ--ભય જાશે. રેજી૦

परचूरण छप्पा.

શું વૃથા

વૃથા મૂર્ખને બોધ વૃથા નિષ્ઠુરને નારી,
વૃથા ક્ષુધિતને ભોગ મરણની જ્યાં તૈયારી,
વૃથા ઉખરમાં મેઘ વૃથા પથ્થર પર પાણી,
વૃથા દુષ્ટને દાન વિકલની આગળ વાણી.
છે વૃથા ભલું ભણુતર ભવે, શમદમ જો ન સધાય તો;
વળી કેશવ હરિ ભજવા વિના જીવન પણ જો જાય તો.

શું મિથ્યા ?

મિથ્યા વિદ્યાભ્યાસ પડે જો ટેવ નઠારી,
મિથ્યા છે ઘરસૂત્ર જડે જો અસતી નારી,
મિથ્યા છે મિત્રાઇ મૂર્ખની કામ ન આવે,
મિથ્યા પુત્ર-કલત્ર ન ભયમાં બચે બચાવે,
વળી કેશવ હરિભજવા વિના મિથ્યા માનવ તન ગયું;
અતિ પરાધીન પશુવત્સદા, જીવ્યા તો પણ શું થયું ?

શું સફલ ?

સફલ ધરા ધન ધામ હોય જો નિશ્ચય નીતિ,
સફલ અવસ્થા સર્વ પુણ્યમાં પેસે પ્રીતિ,
સફલ વિભવ ઘરબાર શ્રેષ્ટ સેવક સુત દારા,
સફલ સર્વ અભ્યાસ ગમે જો ગુણગણ સારા,

આ શરીર ધન જન કીર્તિ પણ, સફલ નિરંતર થાય તો;
કેશવ હરિવરનું ભ્રમ તજી ભાવે ભજન કરાય તો.

कोण हार्यो ?

હાર્યો જેને હોય ન વિદ્યા વશ કરનારી,
હાર્યો જેને હોય ન નરવી નિર્મલ નારી,
હાર્યો જેને હોય દુઃખ દેનારૂં દેણું;
હાર્યો જેને હોય ન સંબંધે શુભ લેણું,
વળિ **કેશવ** હરિ ભજતો નથી, શરીર મન બલહીન છે;
જે કઠણ કર્મના યોગથી, દુષ્ટ અને અતિદીન છે.
હાર્યો જેને હોય ન ધન ધર્મે વાવરવા,
હાર્યો જેને હોય ન કામ કરે શુભ કરવા,
હાર્યો જેને હોય ન કશીપણ પરની પરવા.
હાર્યો જેને હોય ન ગુણ પોતામાં ગરવા,
અતિ હાર્યો તે નર હોય જે, ઇન્દ્રિય ને આધિન ને;
વળિ **કેશવ** હરિને વીસરી, વિષયવિષે તલ્લીન છે.

शुं बळ्युं ?

બળ્યો રોગિયો દેહ બળી નિર્ધનતા બાળે,
બળ્યું બને જે પાપ વિના અનુભવે અકાળે,
બળ્યું પારકે ઘેર સ્વાર્થને સારૂ વસવું,
બળ્યો અન્ય અવતાર બળ્યું ખપટાણે ખસવું,
સદ્‌વિદ્યાવિણ જીવન બળ્યું, બળી આકરી ચાકરી;
વળિ **કેશવ** હરિ સંસારમાં, બળી ભીખની ભાખરી.

कोण जीत्यो ?

જીત્યો તે નર જાણ લોભમાં ભૂલ ન કીધી,
જીત્યો તે નર જાણ શીલ સરલાઈ લીધી,
જીત્યો તે નર જાણ ન લપટયો પરધન–દારે,
જીત્યો તે નર જાણ ભલપણે ભાવ વધારે,
વળિ જીત્યો તેને જાણવો પુણ્ય–ધર્મથી કેળવી;
કેશવ હરિવરના ચરણમાં, મન દીધું છે મેળવી.

કોણ ભૂલ્યો ?

ભૂલ્યો તે નર ભાઈ સદાચરણે જે ચૂકયો,
ભૂલ્યો તે નર ભાઈ સમયને વાંસે મૂકયો,
ભૂલ્યો તે નર ભાઈ નીતિની રીતિ ન જાણી;
ભૂલ્યો તે નર ભાઈ પ્રીતિ શુભ નહિ પ્રમાણી,
વળિ ભૂલ્યો તે ભવસાગરે, ભોગવિષે ભટકયા કર્યો;
કેશવ હરિવરના ભજનથી, વિનયવિના વટકયા કર્યો.

જે કરો તે પ્રથમ કરો.

ભલો કરો અભ્યાસ પછી કયારે કરવાના ?
ઠરો ઠરાવી ચિત્ત પછી કયારે ઠરવાના ?
ડરો રોગને ભોગથકી કયારે ડરવાના ?
ધરો દુઃખમાં ધૈર્ય પછી કયારે ધરવાના ?
તરવાને તન તરણી મળી, સદાચરણ શઢ ઠીક છે;
છે **કેશવ** હરિ હૈયાવિષે, બીજી શેની બીક છે ?

જે થયું તે થયું.

પડયો પડયો વિશ્વાસ ટેવ પણ પડી પડી તે,
થયું થયું તે કામ યુકિત જે જડી જડી તે,
થયો થયો તે ઘાટ વાન પણ વળ્યો વળ્યો તે,
વધી વધી તે બુદ્ધિ, લાભ પણ મળ્યો મળ્યો તે,
વળિ કેશવ હરિના ભજનનો, માનવ જન્મ મળ્યો મળ્યો;
જે જ્ઞાન ભકિત વૈરાગ્યમાં, રળ્યો તેજ અન્તે રળ્યો.
ધર્માર્થ કામ મોક્ષ સધાયા તેજ સધાયા,
સ્વાર્થ અને પરમાર્થ વધાર્યા તેજ વધાર્યા,
સદાચરણ ને શીલ વચન પણ પળ્યું પળ્યું તે,
વૈરી સાથે વૈર ઝેર પણ વળ્યું વળ્યું તે,
વળિ પુણ્ય ધર્મ ને દાન પણ, થયાં થયાં તે જાણજો;
વર કેશવ હરિના ચરણમાં, મન રાખીને માણજો.
નામ પડયું તે પડયું ફૂલ ફૂલ સડયું સડયું તે,
ઉદય સાધતાં કદિ વિઘ્ન પણ નડયું નડયું તે,
સદાચરણમાં મત્ત ચડયા તે ચડયા પ્રમાણો,

ધામ ધરા ધન દેહ જીવનું ચંચલ જાણો,
વળિ **કેશવ** હરિનો નીતિથી, એક મને આશ્રય કર્યો;
અતિ ઉત્તમ પદ સુખ ધામને, વિવેકવાળો તે વર્યો.
ગયો ગયો વિશ્વાસ ગયું કંકણ જે ફૂટયું,
ગયું વછૂટયું બાણ ગયું ફલ પાકી તૂટયું,
ગયા લાવ ને દાવ ન જો લેવાઈ શકાયા,
ગઈ અવસ્થા સર્વ ન જો કલ્યાણ કમાયા,
પણ **કેશવ** હરિનું હેતથી, કર્યું ભજન જાતું નથી;
તન ધન ચંચલ યૌવન જતાં, કુશલ કશું થાતું નથી.
વદ્યા વચન તે ગયું ગયું જીવન જે વીત્યું,
ગયો ગયો તે કાલ ન જેણે યૌવન જીત્યું,
ગયું ગયું તે સ્મરણ ગયું ધન પણ સચવાતાં.
આદરથી ન અપાય, ખવાય ન પણ લૂટાતાં,
વળિ **કેશવ** હરિ ભજવાવિના, જીવન ગાળ્યું તે ગયું;
આ વૃથા વિષયના ભોગમાં, ભટકયાથી ફલ શું થયું ?
ગયાં રૂપ ને રંગ નથી પાછાં મળવાનાં,
ગયાં દિવસને રાત નથી પાછાં વળવાનાં,
ગયો પ્રેમ તે ગયો નથી નિશ્ચય બંધાતો,
તૂટયો તે સંબંધ નથી સંપે સંધાતો,
વળિ કેશવ હરિ ભજવાવિના, સાધન સર્વ ગયાં ગયાં;
જે વિદ્યા ધન જન કીર્તિ તન, તે સર્વે નિષ્ફલ થયાં.

કઠિન શું ?

પ્રેમપંથ છે કઠણ કઠણ નિર્મલ મન વાણી,
કઠણ પુણ્યમાં પ્રીતિ કઠણ પિંડવિષે પાણી,
કઠણ પવિત્ર પ્રિયા કઠણ તન સાવ નિરોગી,
કઠણ ધર્મને દાન કઠણ કામો ઉપયોગી,
છે નિષ્કલંક યૌવન કઠણ. કઠણ કીર્તિ આ લોકમાં
વળિ કેશવ માનવ તન કઠણ, કઠણ શાન્તિ અતિ શોકમાં.
કઠણ નીતિની રીતિ કઠણ આચાર વિચારો,
કઠણ કહેવો સંપ સદા સંબંધે સારો,

કઠણુ પ્રજા વિદ્વાન સાનમાં સમજે તેવી,
કઠણુ અલૌકિક કોઇ સુકર્મ કુશલતા લેવી.
છે નૃપ સેવા કેશવ કઠણુ, કઠણુ ચાકરી કોકની;
વળી કઠણુ ભકિત હરિભજનમાં, કઠણુ પ્રાપ્તિ શુભલોકની,
કઠણુ વિવેક વિચાર કઠણુ નિર્ભયતા ભારે,
કઠણુ ખરો પરમાર્થ જેમ મીઠું જલ ખારે;
ઇન્દ્રિયનો જય કઠણુ કઠણુ સુખદુઃખે સમતા,
કઠણુ દીનતા દયા કઠણુ તજવી જે મમતા;
છે કઠણુ સિદ્ધિઓ કરવિષે કઠણુ જ્ઞાન વૈરાગ્ય છે;
વળિ કેશવ સદ્‌વિદ્યા કઠણુ, કઠણુ લાગને ત્યાગ છે.
કઠણુ શીલ સંતોષ સદા સદ્‌ગુણમાં પ્રીતિ,
કઠણુ પાળવું વેણુ કઠણુ વદવી જે નીતી;
ક્ષમા કઠણુ અપરાધ થતાં અંતરથી કરવી,
કઠણુ કઠણુ કાલમાં ખરી ધીરજ જે ધરવી.
કેશવ હરિદાસપણું કઠણુ ભલો ભાવ હરિભક્તિમાં.
વળિ તરવો ભવસાગર કઠણુ પ્રેમ વિશેષ વિરક્તિમાં.
કઠણુ રાજ્ય અધિકાર, તત્વ શાસ્ત્રોનું તેવું,
કઠણુ અહો ઔદાર્ય જગતમાં જોવા જેવું;
કઠણુ શૂરતા રણે કઠણુ પરદેશ વિચરવું,
કઠણુ દેશહિતવિષે પ્રેમથી પગલું ભરવું.
છે પૂર્ણ વયે મરવું કઠણુ, સર્વ મનોરથ મેળવી;
કેશવ હરિવરને પરખવા, કુશલપણે મન કેળવી.

શરીરની આરોગ્યતાવિષે.

દોહરા.

તન જેવું મન થાય છે, મન જેવું તન હોય;
અનુભવ ટાંણે એક છે, નથી અજાણ્યું કોય;
મન માંદુ જો હોય તો, તન પણ માંદુ માન;
તન માંદુ જો હોય તો, મન એવું અનુમાન;

સુખ મનને તો તન સદા, સુખમાં રહે અમંદ;
તનને સુખ તો મન મળી, આપે અતિ આનંદ;
તન–મન બન્ને એક છે, તોય વિશેષ શરીર;
શરીર બલ આરોગ્યની, વાત વડી ગંભીર;
વસ્ત્ર અલંકારો સરસ, ધારી ધૈર્ય ધરાય;
શરીરને સુખ હોય તો, ખાંતે અન્ન ખવાય,
શરીરને સુખ હોય તો, વિષયભોગ સુખરૂપ;
અનારોગ્યતા આવતાં, ભૂપર લોટે ભૂપ;
પ્રિય વૈભવ લાગે નહીં, ન ગમે ધંધો કોય;
પ્યારાં જન ગમતાં નથી, રોગ જરા જો હોય;
સ્ત્રી પુત્રાદિક સાંપડે, પ્રેમ બધે પથરાય;
શરીરને સુખ હોય તો, શુભ પુરુષાર્થ સધાય;
ધ્યાન ધર્મ શુભ કર્મ પણ, સુખિયા તનથી થાય;
પૂજા પાઠ પવિત્રતા સર્વે રીત રખાય;
વિદ્યાભ્યાસ વિચારમાં, રહે ચિત્ત તલ્લીન;
રાજ્ય અને અધિકાર પણ, તનસુખને આધીન;
ધીર વીર ગંભીરતા, પ્રબલ પરાક્રમ સર્વ;
અનારોગ્યતામાં રહે, ગુણ ગરવાનો ગર્વ;
સુખ શરીરને હોય તો, સહુ સાધન સચવાય;
અનુભવ પરમાનંદનો, લક્ષ્યવડે લેવાય;
પરમેશ્વરની પણ કૃપા, અનારોગ્યતા એક;
મન નિર્મલ વિદ્યા સુખદ, સારાસાર વિવેક;
અનારોગ્યતા આવતાં, જાય ટળી સહુ ટેક;
કેશવ હરિભજવા પડે, એ મોટો ગુણ એક.

વિશ્વાસ ક્યાં કરવો ?

હરિગીત.

વિદ્વાન મૂર્ખ સમગ્ર લોકો લોભમાં લલચાય છે,
છોટા અને મોટા બધા, જન લોભને વશ થાય છે;

ઉપરથકી આસ્તિક ઉદાર પરોપકારી થઈ ફરે,
આ વિશ્વના વ્યવહારમાં વિશ્વાસ ક્યાં કરવો અરે !
સારૂં નઠારૂં સમજનારો સેંકડોમાં કોક છે.
બહુનું બગાડી લાભ લઇ લેનાર લુચ્ચા લોક છે;
મનની પરીક્ષા માંહિથી હરિ કોણ આવીને કરે,
આ વિશ્વના વ્યવહારમાં વિશ્વાસ ક્યાં કરવો અરે !
વ્યવહાર ને પરમાર્થમાં પુરો પ્રપંચ રચાય છે,
રહિએ ભરોંસે જેમને તે ગુપ્ત ગાળી ખાય છે;
અન્યાય કે અપરાધથી અંતરવિષે ન જરા ડરે.
આ વિશ્વના વ્યવહારમાં, વિશ્વાસ ક્યાં કરવો અરે !
પોતાસમાન ન કોઈ પણ જોતું નથી જન કોઇને,
બળિયો કરે અપરાધ સામું પાત્ર નિર્બલ જોઇને
સમજે સરસ તે રીતિને નિજ સ્વાર્થ જે રીતે સરે.
આ વિશ્વના વ્યવહારમાં વિશ્વાસ ક્યાં કરવો અરે !
અધિકારિઓ અધિકારમાં અવળું કરે અંધા થઇ,
આનંદ માની લે સદા પરધામ—ધન લુંટી લઈ;
સંબંધિઓ ને સ્નેહિઓ પણ પાપનાં પગલાં ભરે,
આ વિશ્વના વ્યવહારમાં વિશ્વાસ ક્યાં કરવો અરે !
વિદ્યા–વિવેક–વિચારધારક ધર્મવંત અથોક છે.
પણ કોણ ? તે સમજી શકાય ન એજ અન્તે શોક છે;
છલકપટ ચારે કોર દેખી હાથમાં હૈયું ન રે'.
આ વિશ્વના વ્યવહારમાં વિશ્વાસ ક્યાં કરવો અરે !
પ્રિય મિત્ર પુત્ર કલત્ર પણ સંબંધ ભૂલી જાય છે,
સ્નેહી સહોદર સેવકો તે દુષ્ટ મનના થાય છે:
પામી પરાભવ પ્રીતિમાં ભેળાજનો નયનો ભરે
આ વિશ્વના વ્યવહારમાં વિશ્વાસ ક્યાં કરવો અરે,
પરિચયવિના ચાલે નહીં વ્યવહાર પણ કરવો પડે,
પરિણામ નહિ સમજાય તે ની બુદ્ધિ ચકડોળે ચડે;
કેશવ કશી કરૂણા નથી [illegible]ના કહો મન [illegible] ડરે ?
આ વિશ્વના વ્યવહારમાં [illegible]શ્વાસ ક્યાં કર[illegible] અરે !

૨

ભારે ભણેલા અભણ સર્વે મોહને આધીન છે,
મન-વચન-કર્મવડે વિશેષે લોભમાં તલ્લીન છે;
ભાળ્યા ઘણાને ભટકતા ભ્રમમાંહિ ભૂંડા હાલમાં,
વિશ્વાસ ક્યાં કરિએ કહો આ જગતની જંજાલમાં !
છલકપટ ચારે કોર છે બહુ જોર કામ–ક્રોધનું,
અંતર ભર્યું અજ્ઞાન બલ બહુએ બતાવે બોધનું
કેવું હશે કોનું હૃદય ન ભળાય અક્ષર ભાલમાં,
વિશ્વાસ ક્યાં કરિએ કહો આ જગતની જંજાલમાં !
સંપત્તિમાં સર્વે સગાં સંભાળ રાખે ભાવથી,
સંકટ સમયમાં દૂર નાશી જાય હાય અભાવથી,
નહિ કોઈનું પણ કોઇ હોય હિતૈષીજન આ કાલમાં,
વિશ્વાસ ક્યાં કરિયે કહો આ જગતની જંજાલમાં !
પોચું નિહાળી પારકું અધિકારિઓ પીડા કરે,
અન્યાયથી અંધા થઈ ધનમાલ હોંશવડે હરે;
હરિ હાય શું થાશે હવે મન જાય ફાટી ફાલમાં,
વિશ્વાસ ક્યાં કરિએ કહો આ જગતની જંજાલમાં !

દોહરો.

પાત્ર પાઠવો આપ, કેશવ હરિ વિશ્વાસનું;
ટળે બધા સંતાપ, અદ્દભુત આ સંસારના

धीरवीरने धन्यवाद.

हरिगीत.

પ્રિયમિત્ર પુત્ર કલત્રના સંબંધના સંતાપથી,
તપતા નથી તનમનવિષે સંસારના ત્રણ તાપથી;
વશમી વિપત્તિવિષે કદી ચંચલ થઈ ન જરા ચલે,
એ ધીરવીર ગભીરને છે ધન્ય આ ધરતીતલે.
કલિરૂપ કંચન–કામિનીની કામના કરતા નથી,
વૈભવ ભલા આ લોકના જેવું હૃદય હરતા નથી;

પરલોકના પણ ભોગનું જે નામ પણ લેશે ન લે,
એ ધીરવીર ગંભીરને છે ધન્ય આ ધરણીતલે.
જેને ગમે તેવી દશામાં સર્વદા સંતોષ છે;
જેના થકી દુર્બુધ્ધિકારક દૂર સર્વે દોષ છે;
પરમાર્થમાં પ્રીતિ પ્રગટ ભય હોય તે આવે ભલે,
એ ધીરવીર ગંભીરને છે, ધન્ય આ ધરણીતલે
જેણે કર્યો ષડ્વર્ગ વશ સંભાળથી સંસારમાં,
હારી ન જાય જરાય જાતે વિકટ આ વ્યહવારમાં,
પુરૂષાર્થમાં પુરા અને ધર્માચરણપન જે રળે;
એ ધીરવીર ગંભીરને છે ધન્ય આ ધરણીતલે
મન વચન વાણી એક રાખી ટેક રૂડી પાળતા,
સુખ–દુઃખમાં પણ સર્વને પોતાસમાન નિહાળતાં;
કારણ છતાં પણ કોઇ દિન વળતા નથી માઠે વળે,
એ ધીરવીર ગંભીરને છે. ધન્ય આ ધરણીતલે.
અંતર ઉદાર સદૈવ છે. છલકપટ લવ કરતા નથી,
નિજ દેશહિતમાટે કદી મરવા થકી ડરતા નથી;
નિર્બલ જનો જે હોય તે બળિયા બને જેને બલે,
એ ધીરવીર ગભીરને છે ધન્ય આ ધરણીતલે,
વરસાદ તડકો ટાઢ દેહે સહન જે કરતાં રહે;
સંગ્રામમાં સામે પગે સર્વ પ્રહાર સુખે રહે,
વિદ્યા-વિવેક-વિચારથી અજ્ઞાનતમ જેનું ટળે,
એ ધીરવીર ગંભીરને છે ધન્ય આ ધરણીતલે.
જેનાં પવિત્ર ચરિત્ર ચારેકોર રોજ ગવાય છે,
જેનાં પવિત્ર પરાક્રમોનાં નિત્ય વર્ણન થાય છે,
કેશવ મહા કલિકાલમાં હરિ ભજનમાં ભાવે ભળે,
એ ધીરવીર ગંભીરને છે ધન્ય આ ધરણીતલે.

વિભાગ ચોથો સમાપ્ત.

વિભાગ ૫ મો.

સ્ત્રીજનોપયોગી કાવ્યસંગ્રહ.

दोहरा.

પતિવ્રતાવ્રત જગતમાં, પ્રસરે ઘરઘર જેમ;
સુજ્ઞજનોએ સર્વદા, તત્પર રે'વું તેમ;
તત્પર રે'વું તેમ, પતિવ્રત વધવા કાજે;
એજ દેશનો ઉદય, થવાનો હેતુ ગાજે;
એજ સરસ કલ્યાણુ,—તણો શુભ પંથ મજાનો;
એજ પંથથી મળે, સદા સુખરુપ ખજાનો.

ते नारीनो संसारमां सुखरूप आ अवतार छे.

हरिगीत.

આળસ અને નહિ ઉંઘ જેને નિત્ય વ્હેલું જાગતી,
નિર્મલ થઇ ગુરુજન અને પતિને પગે પણ લાગતી;
સન્માનથી સહુને જમાડી જે પછી જમનાર છે,
તે નારિનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
મન–વચન–કર્મ વડે કરે સેવા સદા નિજ નાથની,
વિદ્યા–વિવેક-વિચારથી સંભાળ લેતાં સાથની;
જેને સદા સંતોષકારક એક નિજ ઘરબાર છે,
તે નારિનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
આજ્ઞા ન લોપે નાથની કોપે નહીં જે કોઇને,
ચાલે સદાચરણે સુખે જે સૂક્ષ્મ નજરે જોઇને;
વાંધો વગોણું વાદને જે જન્મથી તજનાર છે,
તે નારિનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
ઢંકાય સાવ શરીરને સચવાય મંગલ અંગનું,
સમજે પ્રયોજન એટલું શણુગારના શુભ સંગનું;
પતિપદવિના જેને સદા સંસાર સાવ અસાર છે,

તે નારિનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
સદ્ગુણવડે સુખ પામતી જે પ્રૌઢતા પ્યારી કરે,
આદરવડે ગુરૂજનવિષે સેવા વળી સારી કરે;
અપરાધ અજ્ઞજનોતણા જે ગુણવિષે ગણનાર છે,
તે નારિનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
અપરાધ થાતાં કાંઈ કરજોડી નમી ઉભી રહે,
સુખ-દુઃખ પડતાં પિંડપર સામે પગે સઘળાં સહે;
શુભવચનરચના વિનયથી વાણીવડે વદનાર છે,
તે નારિનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
છેદે ન મર્મસ્થાન કડવાં વેણ કાઢી કોકનાં,
કારણ બધાં કોરે કરે સંતાપનાં ને શોકનાં;
ઇશ્વરાવષે જેને સદા અંતરથકી આધાર છે,
તે નારિનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
સંતોષ પામે સર્વ જેને જોઇને સત્સંગમાં,
રાચે નહિ રતિમાત્ર પણ સંસારના જે રંગમાં;
બહુ દુઃખમાં પણ દીનઉપર જે દયા કરનાર છે,
તે નારિનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
પીડાય તન તો ત્યાં સદા નિજ નાથનું મુખ નામ છે,
જેને સદા નિજ નાથને સુખ આપવાનું કામ છે;
જેનો સદા અનુકૂલ અલ્પ વિહાર ને આહાર છે,
તે નારિનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
ઉંચી ન આંખ કરે કદી બોલે ન બરકીને બહુ,
હસવું રહે નિજ હોઠમાં સૌભાગ્યવંતી જે વહુ;
સંબંધમાં સર્વે પ્રકારે સંપ સાચવનાર છે,
તે નારિનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
નહિ જાય કોઇ સમાજ કે ઉત્સવવિષે પણ એકલી,
સર્વે પ્રકારે દીનતા જેને ભવે ભાસી ભલી,
દેખી અરે અવગુણ અવરના ખેદ જે કરનાર છે,
તે નારિનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
પતિનો વધારે પ્રેમ પુત્ર પવિત્ર જે પામેલ છે,

ઘર ધાન્ય ધન જન યૌવને જે જગતમાં જામેલ છે;
દુર્જનતણું દર્શનવડે જે હૃદયથી ડરનાર છે,
તે નારિનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
કુલ-જાતિના વર્ણાશ્રમોનાં ધર્મ-કર્મ કર્યા કરે,
ગુરૂજન અને પતિની અનુજ્ઞા પાળતાં પગલું ભરે;
સંસારની શુભ રીતભાત સમગ્ર જે ભણનાર છે,
તે નારિનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
સંપત્તિમાં કોમલ રહી સુખરૂપ સંપ વધારતી,
મદ મોહ કામ ક્રોધને મનમાંહિથી જે મારતી;
જુઠી ચપલતા ચતુરતા જે જન્મથી તજનાર છે,
તે નારિનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
સદ્બોધ આપી બાલકોને પ્રેમ પૂરે પાળતી,
પ્રારબ્ધથી જે સાંપડયું તેમાંજ મનને વાળતી;
સુખ-દુ:ખના દિવસોવિષે જે ધૈર્ય બહુ ધરનાર છે,
તે નારિના સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
ટાંણે કટાણે કયાંહિ સાથવિના કદી જાતી નથી,
નાચી નદીના તીરપર વસ્ત્રોવિના ન્હાતી નથી;
ન જણાય અંગ જરાય એવો વેશ જે ધરનાર છે,
તે નારીનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
વિદ્યા વિનોદ વિચાર શુભ ગુણ રૂપ યૌવન અંગના,
નિજ નાથસારૂ સર્વ અંતરમાં ગણે જે અંગના;
સાધન સજે સુખનાં અને શુભ સંપ જે કરનાર છે,
તે નારિનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
સખિઓતણા જે સાથમાં નવરી થઇ નાચે નહીં,
સંપત્તિના સુખભોગમાં મનમાં જરા રાચે નહીં;
વ્રત-નિયમ પાળી નાથને જે સર્વ સુખ દેનાર છે,
તે નારિનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
સત્તાપ્રમાણે ખરચ રાખે જે છકી ન જતાં બહુ,
ભૂલે નહીં જે ભાન નિજ-કુલ જાતિ-સદ્ગુણનું સહુ;
નિજ દોષને જાણી જઇને તરત જે તજનાર છે,

તે નારિનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
દેખી અવરનાં દુઃખને જે હૃદયમાં દુખાય છે,
સુખમાં નિહાળી સર્વને જે અધિક રાજી થાય છે;
સંબંધિઓના દોષને ગુણરૂપ જે ગાનાર છે,
તે નારિનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.
બહુ બાલકોને બોધ સદ્‌ગુણુ આવવા આપ્યા કરે,
અજ્ઞાનની જડ ગાંઠને જે જન્મથી કાપ્યા કરે;
પીડાવિના પતિપુત્રપ્હેલાં પ્રાણ પરહરનાર છે,
તે નારિનો સંસારમાં સુખરૂપ આ અવતાર છે.

તે સ્ત્રીનો જન્મ સફલજ છે.

ગીતિ.

સત્ય સરલતા સાથે, સદાચરણુમાં સદૈવ મન રાખે;
સદ્‌ગુણુથી શણુગારે, દુઃખ અને સુખ સમગ્ર જે સાંખે;
સંપ વધારે ભારે, ધર્મવિષે ધ્યાન જે ધરે સારૂં;
પ્રૌઢ રહે તન-મનથી, પુણ્ય કરે પ્રેમથી અતિ પ્યારૂં;
પતિવ્રતાવ્રત પાળે પ્રમદા જે પ્રેમથી સદા શાણી;
સફલ જન્મ છે તેનો, શાસ્ત્ર પુરાણો વદે એમ વાણી.

નગણી નારીઓને ચાબકા.

(ઓધવજીના મહિનાનો રાગ.)

રે ધિક્કાર તમોને નગણી નારિઓ,
પરનાં બાળો ચરચર ચિત્ત હમેશ જો;
દિલમાં લેશ દયાનો ડાઘ મળે નહિ,
કરવા રાજી ક્લેશ સદાય વિશેષ જો—રે ધિક્કાર૦
શા ભવકાજે કૂડાં કર્મ કરો તમે ?
ડરો નહીં દુર્ગુણુથી કેમ જરાય જો ?
પરનિંદા કરવામાં પ્રૌઢપણું ગણો,
સુજ્ઞ નારનાં એથી હૃદય કપાય જો—રે ધિક્કાર૦

બાખાબોલાં બહુ બાકી રાખો નહી,
કામકાજ પણ ઘરનું સર્વ સુકાય જો;
અમથાં અમથાં આળ કરોછો કોકની;
લાભ કહોને શો તેમાંથી થાય જો?—રે ધિક્કાર૦
આ ભવમાં તો કૂટી-પીટીને મરો,
પરભવમાં પણ દુઃખ થવાને કાજ જો;
ઘડો પાપનો પોતાને હાથે ભરો,
ઉડાવી દોછો આકાશે લાજ જો!— રે ધિક્કાર૦
ખોટાને સાચું માની બેસો તમે,
રોષે પડતાળો પોતાનાં બાલ જો;
નહિ કે'વાનાં વચન કહી નિજ કંથને,
થાકો ત્યારે કૂટો હાથ કપાળ જો!— રે ધિક્કાર૦
મર્યાદાનું મોઢું તો જોતાં નથી,
મલિનપણામાં મગ્ન રહો દિન રાત જો;
આળસ ઉંઘ વિશેષે તે તમને ગમે,
સદાચારની સ્વપ્ને ન રહે વાત જો!—રે ધિક્કાર૦
મેણાં મારી મુખ મલકાવીને જુઓ,
ચોસર ગુંથો ત્યાં લાગે નહિ થાક જો;
કાંઇ થતાં કાઢો છો વાંક કપાળનો,
નહિ સાચવવું જાણો જરિએ નાક જો!—રે ધિક્કાર૦
પોતાનું કીધેલું લેખો પાધરૂં,
વૃથાવાદમાં જાય દિવસ ને રાત જો;
કર્યાં હતાં કેવાં પાપો પેલે ભવે?
પડી રહે છે ચોખ્ખી તેની છાપજો!— રે ધિક્કાર૦
સંતાપો છો પિયર-સાસરાને સદા,
કાન્ત કહે તે કાને ન ધરો લેશ જો;
સમ ખાતાં ને દેતાં વાર કશી નહિ,
ભલો ભજાવો દુર્જનતાનો વેશ જો!—રે ધિક્કાર૦
ક્રોધ કામ ને લોભવિષે બુડયાં રહો,
એળે જાવા દોછો આ અવતાર જો;

બીજાનાં ધનધામવિષે ઇર્ષ્યા કરો !
અમૃતમાંથી વિષસમ શોધો સારજો !— રે ધિક્કાર૦
સ્વામી શીખામણ આપી થાકી મરે,
તો પણ કાને ન ધરો તે તલભાર જો;
કે'તાં કાંઇ સહજ વાતે કથળી પડો,
વિષ ખાવાની બ્હીક ન દેતાં વાર જો !— રે ધિક્કાર૦
જીભ તમારી કેમ કપાઈ જતી નથી ?
હૃદય તમારાં ફાટી કેમ ન જાય જો ?
પિયર-સાસરાને પીડો છો પાપણી,
નહિ સાંખે તે સર્વ જગતનો રાય જો !— રે ધિક્કાર૦
શીલપણું શું છે તેને સમજો નહિ,
સદ્‌ગુણ લાગે લેતાં કડવા ઝેર જો;
પેટ ભર્યાનું સમજો સાચું કામ છે.
પ્રૌઢપણાની સાથે જાણે વેર જો.— રે ધિક્કાર૦
પાંખાં પટકુલ પ્હેરી સઘળે સંચરો,
અંગ ઉઘાડાની નહિ લાજ લગાર જો;
તન-મન મેલાં રે'તાં સુગ થતી નથી,
સંતોષો નહિ કદિએ નિજ ભરથાર જો.— રે ધિક્કાર૦
બીજાનાં બાલકને ગાળો આપવી,
પોતાનાં બાલક તે વ્હાલા પ્રાણ જો;
તેનું પણ પોષણ કરતાં નહિ આવડે,
મરી જાય તો કાઢો મોટી કાણ જો.— રે ધિક્કાર૦
સંપ સગામાં રાખ્યાનું શીખ્યાં નથી,
દંભ તમોને વ્હાલો છે દિનરાત જો;
કાણી આંખ કરી હેરીહેરી જુવો,
જુગતે જાણી જોઇ વગોવો જાત જો— રે ધિક્કાર૦
નણંદ હશો ત્યાં ભાભીને ભાંડી હશો,
વહુ હશો ત્યાં સાસુને સંતાપ જો;
પરમ પુણ્યનો પંથ તમે પુછો નહિ,
પર ઉપકારે જાણો મોટું પાપ જો.— રે ધિક્કાર૦

પાપ પિંડનાં ધોવા અન્ય વ્રતો કરો,
સ્વામીની સેવાવિણ નિષ્ફલ જાય જો;
એ તો અંધાં અંતરમાં આવે નહિ,
સાંભેલું વાસીદે જેમ તણાય જો — રે ધિક્કાર૦
વિશ્વવિષે મારા સરખું કોઇ નથી.
રાતદિવસ એવી રીતે વહિ જાય જો;
આઠ બજે ઉઠો છો આંખ્યો ચોળતાં
કાચું પાકું બાર બજે રંધાય જો.— રે ધિક્કાર૦
બાલપણામાં ટેવ પડી ટળતી નથી,
વૃદ્ધ થતાં પણ શાની આવે સાન જો ?
કર્મ કરો છો તેવાં ફલને પામશો,
ધરતાં નથી લગારે તેનું ધ્યાન જો.— રે ધિક્કાર૦
ભારે ભવસાગર તરવા ઉદ્યમ કરો,
સુખ મેળવવા કરવા યત્ન અપાર જો;
સ્વામીનાથ કહે તે શિક્ષા માનજો.
સદાય કરજો સારાસાર વિચાર જો.— રે ધિક્કાર૦
માન્યામાં આવે તો શિક્ષા માનજો,
મારે કે'વાનો છે નહિ અધિકાર જો;
પણ મન બળવાથી બોલ્યો છું જે બધું,
કેશવ કરજો ક્ષમા કહું આવારજો.— રે ધિક્કાર૦

તે સ્ત્રીના જીવનનેજ ધન્ય !

શાર્દૂલવિક્રીડિત.

ચાલે ચોંપથકી સદાચરણમાં સૌભાગ્યથી શોભતી,
સ્વામીને સુખ આપવા પ્રતિદિને યત્નો કરે છે અતિ;
સંસારે સુખરૂપ એક નિજનો જે ધર્મ શોધી લહે,
તે નારીજનની શિરોમણિ સતીને શ્રેષ્ઠ સર્વે કહે.

વસંતતિલકા.

સૌભાગ્યનું સરસ ભૂષણ ઇચ્છનારી,
શોભા સદા શિયળની શુભ જાણનારી;

સાચે સદાચરણુને શુભ પંથ ચાલે,
લીધેલ જન્મ જુગતે કરીને ઉજાળે;
છે પ્રાણુનાથ પરમેશ સદાય જેને,
સેવ્યા કરે પરમપ્રીતિથિ નિત્ય તેને;
આજ્ઞા વહે પ્રણયથી નિજ ધર્મ જાણી,
તેણે કર્યું સફલ જીવિત તેજ શાણી;
રાખી સદા સરલ શાન્ત અતિ સ્વભાવ,
મેલી બધો દુખદ દુષ્ટ પ્રપંચ સાવ;
સંતોષ પ્રાણુપતિને પ્રતિવાક્ય આપે,
તે જન્મની પરમ દુ:ખદ દોર કાપે;
ચાહે સદા સરસ સદ્ગુણ રત્ન લેવા,
ત્યાગે સદા અવર દુર્ગુણ દુષ્ટ જેવા;
જે પ્રાણુનાથચરણે મન એક રાખે,
તે ઉત્તમોત્તમ સદા સુખ સર્વ ચાખે;
ચાલી સદાચરણને શુભપંથ સારે,
કલ્યાણુ નિત્ય નિજ નાથતણું વિચારે;
લજ્જાતણું પરમ જે સમજે સ્વરૂપ,
તેનેજ ધન્ય ધરણી પર તે અનુપ.

બોધ.

શાર્દૂલવિક્રીડિત.

સાચો જે શણગાર છે શિયળનો તેને ચહો સહુ તમે,
નિત્યે કલેશવિના કહો સરલ વાક્યો જે પતિને ગમે;
પોતાના પતિમાં મતિ નિશદિને રાખો ખરા પ્રેમથી,
એથી ઉત્તમ અન્ય ધર્મ અબલા માનો નકી કો નથી.

વસંતતિલકા.

રે'વુ સદા સુખવિષે મનથી વિચારી,
વિદ્યા વિવેક વિનયાદિકને વધારી;
લીધે જવો જગતની પરથી સુબોધ,

આવે ન જેમ પરમાર્થવિષે વિરોધ.
આભૂષણો સુખદ સદ્‌ગુણરૂપ સારાં,
એના વિના અવર ભૂષણ તે નઠારાં;
પ્યારાં કરો પરમ પટ્ફૂલ નીતિરૂપ,
જાણી સદા મનવિષે નિજનું સ્વરૂપ;
શીલસ્વભાવ સુખરૂપ વિચાર સર્વ,
રાખ્યા છતાં ન કરિએ તિલમાત્ર ગર્વ;
'હું કોણ આ સફલ જન્મ કરાય કેમ ?'
સત્કર્મ સાથ કરવો સુવિચાર એમ;
ઉંચા સદાચરણથી પ્રભુ વશ્ય થાય,
સદ્ધર્મ કર્મ સઘળાં સુખનો ઉપાય;
બીજા બધા વિષયમાં કરીને અભાવ,
વાણિ-ક્રિયા-મનવડે થઇ શુદ્ધ સાવ;
સેવા કરો પ્રણયથી રહિ શાન્ત દાન્ત,
સાચા સદૈવ પરમેશ્વર એક કાન્ત;
પાળી સદાચરણનો સખિ પંથ સારો,
પોતે તરી અવરને પણ તેમ તારો,

ભણતી બાળાઓને શિખામણની ગરબીઓ.

ગરબી ૧ લી.

(એક હતી મુસાફર ઘેલી રે સુણજો સાહેલી.) એ રાગ.

ઉઠો ચોંપે ચતુર બ્હેન વ્હેલાં રે, ભણતર ભણવાને૦
સહુ સાધનો મળ્યાં છે સ્હેલાં રે, ભણતર ભણવાને૦
થજો તત્પર માટે બ્હેની રે, ભણતર ભણવાને૦
વાટ જોઇને રે'વું કેની રે ? ભણતર ભણવાને૦
શીખ માત ને તાતની મગાવો રે, ભણતર ભણવાને૦
નહિ દિવસ રુડો કોઇ આવો રે, ભણતર ભણવાને૦
બ્હેન ચાલો નિશાળે જઇએ રે, ભણતર ભણવાને૦
સાથે લેખણ ખડિઓ લઇએ રે, ભણતર ભણવાને૦
રૂડી કલમ સિસાપેન પાળી રે, ભણતર ભણવાને૦

રાખવાં તે પાસે સંભાળી રે, ભણુતર ભણુવાને.
વળિ પાટીને પેન પણ લેવાં રે, ભણુતર ભણુવાને.
ધોઇ સાફ રૂપાળાં કરવાં રે, ભણુતર ભણુવાને.
કરો ખાંતે ખલેચી ખાસી રે, ભણુતર ભણુવાને.
ભરો ચોપડીઓ તેમાં તપાસી રે, ભણુતર ભણુવાને.
દેશીહીસાબના ત્રણ ભાગ રે, ભણુતર ભરવાને.
લહો સાથે તપાસી લાગ રે, ભણુતર ભણુવાને.
વળિ વ્યાકરણુની બુક સારી રે, ભણુતર ભણુવાને.
લહો ભાવે કરી સંભાળી રે. ભણુતર ભણુવાને.
તેમ અંકગણિત લ્યો સાથે રે, ભણુતર ભણુવાને
ભૂગોળને રાખજો માથે રે. ભણુતર ભણુવાને
બીજી ત્રીજી ચોપડીઓ બાંધો રે, ભણુતર ભણુવાને.
નહિ રાખો સખિ કાંઇ વાંધો રે, ભણુતર ભણુવાને
ખભે દફ્તર મોટું બાંધી રે, ભણુતર ભણુવાને.
જશું પાધરી સરડક સાંધી રે, ભણુતર ભણુવાને.
સાત વાગ્યા થજો તૈયાર રે, ભણુતર ભણુવાને
બ્હેન નીકળજો ઘરબાર રે, ભણુતર ભણુવાને
વિનવેછે **કેશવ** કર જોડી રે. ભણુતર ભણુવાને.
બ્હેન જઇએ નિશાળે દોડી રે, ભણુતર ભણુવાને.

ગરબી ૨ જી

(અચકો મચકો કારેલી) એ રાગ.

એક શિક્ષા સુણજો સારી બ્હેન, ભણુતર ભણુવાને જાતાં
હિતકારક એજ તમારી બ્હેન, ભણુતર ભણુવાને જાતાં.
ખોટી ઢાલાં નવ થઇએ બ્હેન, ભણુતર ભણુવાને જાતાં.
વચમાં ઉભાં નહિ રહિએ બ્હેન, ભણુતર ભણુવાને જાતાં.
દફ્તર પાટી સંભાળો બ્હેન. ભણુતર ભણુવાને જાતાં.
મન પાછું ન કદી વાળો બ્હેન, ભણુતર ભણુવાને જાતાં.
સંગત સારાંની કરવી બ્હેન, ભણુતર ભણુવાને જાતાં.
નરસી સંગત પરહરવી બ્હેન, ભણુતર ભણુવાને જાતાં

શાણી સખિ સાથે લેવી બ્હેન, ભણતર ભણવાને જાતાં.
શીખામણ સાચી દેવી બ્હેન, ભણતર ભણવાને જાતાં.
નીચી નજરેથી જોવું બ્હેન, ભણતર ભણવાને જાતાં
કંઈ મારગમાં નવ ખોવું બ્હેન, ભણતર ભણવાને જાતાં.
એક બિજાં સાથ ન લઢવું બ્હેન, ભણતર ભણવાને જાતાં.
હાલાંભુલાં ના રડવું બ્હેન, ભણતર ભણવાને જાતાં.
પોતાને પંથે પડવું બ્હેન, ભણતર ભણવાને જાતાં.
ના બીજાંસાથ અથડવું બ્હેન. ભણતર ભણવાને જાતાં.
રે'જો સાવધ તન-મનથી બ્હેન, ભણતર ભણવાને જાતાં.
સંપી ચાલી સહુ જનથી બ્હેન ભણતર ભણવાને જાતાં.
ટાઢે તડકે નહિ ડરિએ બ્હેન, ભણતર ભણવાને જાતાં.
કજીઓ જુઠા નહિ કરિએ બ્હેન, ભણતર ભણવાને જાતાં.
છોકરમતિ છાંડિ દઇએ બ્હેન, ભણતર ભણવાને જાતાં.
સહુ સાથે ડાહ્યાં રહિએ બ્હેન, ભણતર ભણવાને જાતાં.
ઉત્કંઠા અદકી રાખો બ્હેન, ભણતર ભણવાને જાતાં.
વિદ્યા સુખદાયક દાખો બ્હેન, ભણતર ભણવાને જાતાં.
સારો મારગ સહુ લઇએ બ્હેન, ભણતર ભણવાને જાતાં.
નરતાને મેલી દઇએ બ્હેન, ભણતર ભણવાને જાતાં.
તન-મનથી રાજી રહિએ બ્હેન, ભણતર ભણવાને જાતાં.
કેશવ કર જોડી કે' છે બ્હેન ભણતર ભણવાને જાતાં.
ડાહ્યાં તે મનમાં લેછે બ્હેન ભણતર ભણવાને જાતાં.

દોહરા

ભલે ભણે સ્ત્રીજન સહુ, બહુ પામે તે બોધ;
સઘળા સદગુણ મેળવી, કરે વળી શુભ શોધ.
ક્રોધ કામ મદ મોહ ને, લોભ તજે તત્કાલ;
મત્સરને જાણે મને, દુઃખદ કાલ કરાલ;
સંપ કરે સહુ સાથમાં, દહે દુર્ગુણો સર્વ;
તેમ તજે તન-મનથકી, અવગુણસાગર ગર્વ.
શાંત સદા મનમાં રહે, કહે કુવેણ ન કોય;

હિંમતને હારે નહીં, પડે દુઃખ શિર તોય.
કરે કામ ઘરનું બધું, ન વદે અદકું વેણુ;
સદાચરણમાં ચાલતાં, રાખે ન કશું કેણુ.
પ્રાણુનાથના પ્રેમને, વધવા કોડ ઉપાય
કરતાં વિઘ્ન નડે કદી, સુખે સહે તે કાય.
આછકડાં પ્હેરે નહીં, પટકુળ પણુ નિજ અંગ;
સત્યતણાં વ્રતનો જરા, કદિ કરે નહિ ભંગ.
મન રાખે પતિપદવિષે, દમ રાખે દિન રાત;
પતિવ્રતાવ્રતના વિના, અન્ય ન સમજે વાત.
કેળવણીનો અર્થ એ, એજ અર્થનો સાર;
એ ભણુતર ભણુવા થકી સુધરે આ સંસાર.

सद्गुणविनानी केळवणी मिथ्या छे.

(१)

होरी.

શીખ્યું સર્વ વૃથા વહિ જાય;
સાથે સદ્દગુણ જો ન સધાય. શીખ્યું૰
વાંચન લેખન અક્ષર સારા, ભાવે ભૂગોળ ભણાય;
ચિત્ર વિચિત્ર ભરાય ભભકથી, હેતે હિસાબ ગણાય,
ગણ્યાં ગીત સારાં ગવાય;— શીખ્યું૰
વાંચ્યા વળી ઇતિહાસ હજારો નામ છ્યોક છપાય;
સુંદર રૂપ અને વય સારૂં, તેમજ સરસ સહાય,
એથી ફલ શું શુભ થાય ?— શીખ્યું૰
કેશવ ભણુતરનું ફળ સદ્દગુણ, તે નહિ જો સમજાય;
તો સઘળું ધૂળ ઉપર લીંપણુ—જેવું જરૂર જણાય,
હીરો હાથમાંથી હરાય;— શીખ્યું૰

(૨)

(થિર ઠરીને કોઇ આ ઠામ, રે નહિ રેંવાનું—એ રાગ પ્રમાણે.)

શું કરશે સારૂં બ્હેન, કોરી કેળવણી;
સદ્દગુણની નહિ જો હોય, સાથે મેળવણી. ટેક.

વાંચન વિવિધ જાતનું શીખ્યાં, લખતાં શીખ્યાં બેશ રે;
ઇતિહાસોમાં ચૂક ન એકે, ચિત્ર વિચિત્ર વિશેષ.— કોરી૦
ગીતો સુંદર ગાતાં શીખ્યાં, ભૂગોળ ભણ્યાં ભાવે રે;
સારી વાકય જોડણી કરતાં, ચૂક ન એકે આવે— કોરી૦
મોતીના દાણા સરખા પણ, શીખ્યાં અક્ષર સારા રે;
ભૂત ભરમની વાતો ભૂલ્યાં, જાણ્યા જુગતે ધારા— કોરી૦
કદી રાંધતાં જમતાં શીખ્યાં, શીખ્યાં કદી પીરસવા રે;
સરખે સરખી સખિઓ સાથે, શીખ્યાં સુંદર હસવા— કોરી૦
પાંખાં પટકુળ પ્હેરી અંગે, ઘણાં ઘરેણાં ઘાલી રે;
દેશ દેશની વાતો કરતાં, શીખ્યાં પાડી તાળી— કોરી૦
દેશ-કાલને સમજી સઘળી, લાજ લગામ વિસારી રે;
શીખ્યાં કરવા સિદ્ધ વાત પણ, મનગમતી તે સારી— કોરી૦
ભરી સભામાં સન્મુખ ઉભી, શીખ્યાં ભાષણ કરતાં રે;
તેવતેવડાં સાથે લઇને, સુખમાં શીખ્યાં ફરતાં— કોરી૦
ગંજીફા ચોપાટ કાંકરી, એવી રમત અનેક રે;
રાત દિવસ રમવાને રાગે, અજાણ હોય ન એક.— કોરી૦
નાચ તમાસા ખાસા ખેલો, જોતાં ભાંડ ભવાઇ રે;
ચતુર થયાં પણ સગાંસાહિની, વિસરી ગયાં સગાઈ— કોરી૦
ખાટ પલંગ ખુરશિએ બેઠાં, મોજ મજા બહુ માણી રે;
દીનજનોને દુઃખીયાં દેખી દયા ન મનમાં આણી;— કોરી૦
સારૂં સારૂં ખાતાં લેતાં, શીખ્યાં સહુથી સારૂં રે;
સુજનપણું જવાનું જાણે. વાગે આજ નગારૂં.— કોરી૦
વિવેકિઓ ને વૃદ્ધજનોને, વિવેકિઓ પણ માને રે;
તપાવવા તેને પણ શીખ્યાં, ઉદ્ધતાઇ અપમાને — કોરી૦
લાંબી લાજ કાઢતાં શીખ્યાં, અથવા મેલી દેતાં રે;
કડવાં વેણ હાસ્યથી હરખી, શીખ્યાં સહુને કે'તાં.— કોરી૦
હક સ્વામીના સરખો લેતાં, દેતાં સહુને ડારો રે;
સ્વતંત્રતાનો સ્વાદ ચાખતાં, શીખ્યાં કેવો સારો— કોરી૦
મળે વિનય વિદ્યાથી એવાં, વચન વિવેકી કે' છે રે;
એ વચનોને ભણે ગણે છે, તેમ છતાં લજવે છે;— કોરી૦

ભણી ગણીને જે કરવાનું, તે તો રે' છે અળગું રે;
નહિ શીખ્યાનું તે શીખેછે, એવું સંકટ વળગું;— કોરી૦
સાર ભણીને જે લેવાનો, તે તો રે'છે દૂર રે;
દેશસુધારક નરનું તેથી, જાય ઉતરી શૂર— કોરી૦
કેળવણીનો અર્થ ન સમજે, આજકાલના લોકો રે;
તેથી પાછળથી પસ્તાઇ, પછી મેલશે પોકો;— કોરી૦
બાલ યુવા વૃદ્ધાવસ્થાને, સફલ કરે જો મ્હેનો રે;
તો આ વિશ્વવિષે લીધેલો, સફલ જન્મ છે તેનો;-- કોરી૦
સુખ થાવા સર્વે સજનીને, વાકય વિચારી કહું છું રે;
સમજી લેજો સાર સર્વનો, આશિષ એવી દઉં છું-- કોરી૦

साच जालववा विषे.

(१)

वणझारानो ढाळ.

સાચું સહુ બોલો મ્હેની, છે ખોટ ખલકમાં એની;
સાચેથી દુખડાં જાશે, આ જન્મ સફલ પણ થાશે;
જૂઠે જગદીશ્વર ખીજે, સાચેથી ચિત્તે રીઝે: સાચું૦
છે સાચ સદા સુખ કરતા,
તેને નહિ કોઇ વિસરતાં ,
રે'જો જૂઠાથી ડરતાં,
સુખ સંપત તેથી થાય, દોષ પણ જાય, ખુબી તે તેની; સાચું૦
પશુકરતાં સમજણ સારી,
પ્રભુએ સહુવિષે વધારી,
વિનયેથી વાત વિચારી,
સારૂં જો સાચ પળાય, લાભ જળવાય, જરૂર છે જેની; સાચું૦
ભણતરનો એ છે સાર,
એ તન-મનનો શણગાર,
સુધરે તેથી સંસાર,
કરજો સજની સુવિચાર, જનમ દેનાર, કૂખ છે કેની ? સાચું

(૨)

દેશરાગ-તાલ દાદરો.

રે, સખી સત્ય સદા સુખકારી રે.
એથી અધિક લાભ કોઈ નહિ ભારિ રે;— રે૦
સત્ય પળાય તેજ ટેવ એક સારિ રે,
પડે અન્ય ટેવ તે નકામ ન સારિ રે;— રે૦
સત્ય શણગારના થવું અધિકારિ રે,
વાત કૂડકપટની વિવેકથી વિસારિ રે;— રે૦
સત્યમાં સહાય પ્રભુ, ચાલવું વિચારિ રે,
સાચને ન આંચ કાંઈ કેશવ લગારિ;— રે૦

ગરબી ૧ લી

(ઓધવજીના મહિનાનો રાગ)

સાચી વાત કહું છું સુખને કારણે,
ધરજો ધ્યાનવિષે તે વારંવાર જો;
અનુભવ કરજો અંતરમાં એનો વળી,
સમજી લેજો સંભાળી શુભ સાર જો; સાચી૦
ઇન્દ્રિયને આધીન કદિ થાવું નહિ.
મન વશ રાખી કરવા કુશલ વિચાર જો;
લાજ અને મર્યાદા પ્રેમે પાળવા,
પુણ્યવડે આવ્યો છે આ અવતાર જો; સાચી૦
કામ ક્રોધ મહા રિપુ કોરે રાખવા,
લોભ અને લાલચને કરવાં દૂર જો;
આશા તૃષ્ણા સર્પણુ અળગી રાખવી,
ફૂંકી દેવાં ફોકટ ફેલ ફિતુર જો; સાચી૦
સંપ સદાચારે ચોંપે ચાલ્યાં જવું,
ધિરજ ધર્મ સહનતા સારો સંગ જો;
શીલ સરલતા સાચા ધનને સાચવી,
આ ઉત્તમ અવસરનો રાખો રંગ જો; સાચી૦

વિદ્યા પણ અક્ષરની કાંઇ ન કામની,
સાચી વિદ્યા સમજણમાંહિ સમાય જો;
દુઃખ ન ઉપજે તેને ક્યાંપણ લેખિએ,
પૂરા પ્રૌઢપણામાં લાભ સમજાય જો. સાચી૦
આ માનવ તન ભવસાગરનું વ્હાણ છે,
દૈવકૃપા છે પવન વળિ અનુકૂલ જો;
તરવાનું ભૂલે તો તેના ભોગ છે,
ભારે બીજી કોઈ ન એવી ભૂલ જો. સાચી૦
ધન યૌવન જાવાનાં તે રે'તાં નથી,
ક્ષણભંગુર આ તન પણ સાવ અસાર જો;
માટે સાર લહો શોધી સંસારમાં,
પોતાને હાથે નહિ ખોવી હોર જો; સાચી૦
વ્યવહારે કરવાનાં કામ કર્યાં જઇ,
ઉંઘ અને આળસની મેલી વાત જો;
નીતિનિયમથી નિષ્ઠા રાખી અંતરે,
કેશવ હરિનું ભજન કરો દિનરાત જો; સાચી૦
સાચું સુખ લેવાનું યત્ન કરો સદા,
ખોટા સુખમાં સાર નથી તલભાર જો;
માનવ જન્મ નથી પાછો મળવો કદી,
એમ કરે છે વેદ પુરાણ પુકાર જો. સાચી૦
વિષયોમાં સુખ લાગે તે ખોટાં બધાં,
સાચું છે નિજ અનુભવનું સુખ એક જો;
પોતાના સુખનો સર્વે આભાસ છે,
સમજો સાચો વિનય વિચાર વિવેક જો; સાચી૦
પશુ–પક્ષીના જન્મવિષે જંજાલમાં,
ખમવાં પડશે દેહે દુઃખ અપાર જો;
તેવે વખતે સાધન ક્યાંથી સૂઝશે ?
ભૂલોમાં ભારે પ્રભુનો ઉપકાર જો; સાચી૦
સુંદર વસ્ત્ર અને ભૂષણ શું કામનાં ?
જો નહિ સદ્ગુણનો સાચો શણગાર જો;

રંગ અને રૂપે પણ શાને રાચિએ,
એ ભારે ભયકારક ભૂંડો ભાર જો. સાચી૦

શિખામણના સાત વાર.
ગરબી ૧ લી.

(તમે રે નંદજી ગોકુલ સંચરો—એ દેશી)

અબલા અરજ ઉરે ધરજો તમે રે;—
રે'જો કંથતણાં થઇ દાસ જો.
પિયરપનોતાં નહિ થાવું કદી રે,
જો હોય અગણિત સુખની આશ જો:— અ૦
સોમે શાંત હૃદય રાખી રહી રે,
તજવા તન-મનના સહુ તાપ જો;
દેહે દુર્ગુણ મેલ બધો હરી રે,
લેજો સુખસંપત સહુ આપ જો;— અ૦
ભોમે ભાવ ધરી પતિપદ ભજો રે,
એથી ટળશે સહુનાં દુ:ખ જો;
લેશો લાભ અનેક સદાયના રે,
ભવની ભાગી જાશે ભૂખ જો;— અ૦
બુધ્ધે બાલપણું તજીએ બધું રે,
થઇએ પીઢ પરમ ગુણવાન જો;
કારણ ટેવ પડી ટળતી નથી રે,
બારે બુદ્ધિ સોળમે સાન જો;— અ૦
ગુરૂએ ગુરૂજનની સેવા કરો રે,
હરવા ભવસાગરની ભીડ જો;
અનુભવ હૃદયવિષે કરિએ બધો રે,
નિરખી નયનવડે પરપીડ જો;— અ૦
કવિએ કાર્ય કરો ઉત્તમ તમે રે;
જેથી યશ જનમાંહિ ગવાય જો;
કરિએ પ્રાણપતિને જે ગમે રે;
એ પતિમાં સુખ સર્વ સમાય જો;— અ૦

મંદે મદપણું નહિ રાખિએ રે,
સંપે રહિએ સહુની સાથ જો;
દુઃખ કદી નહિ દેવું કોઇને રે,
રીઝે જેમ જગતના નાથ જો;— અ.
રવિએ રે'વું મર્યાદાવિષે રે,
ચાલી સદાચારને પંથ જો;
દેહે મન—વચને ને વાણિએ રે,
રાજી કરિએ નિજના કંથ જો;— અ.
પ્રમદા જાતિતણી પ્રેમે કરી રે,
તજીએ ટેવ સદા દુખદેણ જો:
કેશવ સદાચરણમાં ચાલતાં રે;
કે'વા દેશો કોઇ ન કે'ણુ જો— અ..

ગરબી ૨ જી.

(આવોને નંદલાલ રમવા આવો ને રે) એ રાગ,

સાચી કહું છું વાત, સાંભળ સહિયર મારી;
આ સુખકારક સાત,—વાર લહે તું વિચારી;
સોમે સખી સુખરૂપ ગણી લે, માનવ જન્મ પ્રભાત; સાં૦
અન્ય કદી અવતાર મળત તો, સમજણ ક્યાંથી પમાત; સાં૦
ભોમે બધો ભય દૂર થવાને ઉદ્યમ કર દિનરાત; સાં૦
નીતિની રીતિવિષે પ્રીતિ રાખ્યે. રીઝે જગતનો તાત; સાં૦
બુધે સખિ શુદ્ધ બુદ્ધ બનીને, થા વિનયે વિખ્યાત; સાં૦
વિદ્યા વિવેક વિચાર વધારી. રોજ રહે રળિયાત; સાં૦
ગુરુએ ગ્રહણ કરિએ બોધ સારો; પડિએ ન બ્હેન પછાત; સાં૦
ગુરુજનને નિજ દૈવત જાણી, રાખિએ નિત્ય નિરાંત; સાં૦
શુક્રે સદા મન નિર્મલ રાખી, પુણ્યે થવું પ્રખ્યાત; સાં૦
સદ્‌ગુણ સંપતણી શુભ સંપત, સંઘરવી ભલી ભાત; સાં૦
મંદે ન ફંદ કશો પણ કરિએ, પરહરિએ પંચાત; સાં૦
શમદમ સાધન સાચવવાથી, કાલ ન મારે લાત; સાં૦
આદિત્યે અળગા સઉ કરવા, અંતરના ઉત્પાત; સાં૦
દાન દયા પ્રભુભકિત કરીને, જાતિમાં પાડવી ભાત; સાં૦

શીલ સદાચાર શુભ સરલાઈ, સફલ કરે કુલ જાત; સાં૦
કેશવ રાખ અખંડિત રીતે, કુલમર્યાદકનાત; સાં૦

ગરબી ૩ જી

(ઢાળ ઈશ્વરવિવાહ જેવો.)

સખિ ! સાંભળ તું એક વાત રે, ઉઠ આજ પડ્યું છે સ્હવાર રે;
વારંવાર ન આ તક આવે રે, નહિ ગુણિજન ગાંઠ ગુમાવે રે;
ચંદ્ર સમ શુભ શીતલ રહિએ રે, સુખદુઃખ પડે તે સહિએ રે;
નહિ બોલ્યામાં નવ ગુણ જાણી રે, ખેદકારક વદિએ ન વાણી રે;
માંડ મંગલ આ તન આવ્યું રે, ભગવાને કર્યું મન ભાવ્યું રે;
સદાચાર સદા શુભ પાળી રે, દેવો જન્મ જગતમાં ઉજાળી રે;
બુદ્ધ શુદ્ધ સ્વભાવથી થાવા રે, ભવસાગરનો ભય જાવા રે;
રોજ રાખિએ વિનય વિચાર રે, જાણી લેવા જગતનો સાર રે;
ગુરુજન જે બતાવે રીતિ રે, તેની ઉપર કરિએ પ્રીતિ રે;
માન આપવું આદર ભાવે રે જેમ અંતર કોઇ ન આવે રે;
શુક્રવાર અને કોઈ એવી રે, વ્હેમની વાત મનમાં ન લેવી રે;
શાણી સાચવ સરલ સ્વભાવ રે, પ્રાણનાથ ઉપર ધરી ભાવ રે;
શનિ જેવો સ્વભાવ વિસારી રે, સુખ સંપ સુજનતા વધારી રે;
રહી શાંતપણાથી શરણે રે, પ્રેમ રાખવો પતિને ચરણે રે;
ઉગ્યો આદિત્ય આનંદરૂપ રે, સત્ય સમજણનુંજ સ્વરૂપ રે;
વ્રત જપ તપ ખટપટ મેલી રે, ભજ પતિપદ ભાવ ભરેલી રે;
કામ શાન્તપણાથી કરતાં રે, માન મોટપ મનમાં ન ધરતાં રે;
ઘર સંભાળ ભાવથી કરિએ રે, ખોટી વાત બધી પરહરિએ રે;
શીલ શૃંગાર ધર તું શરીરે રે; સજ સદ્‌ગુણ સર્વ અધીરે રે;
મહામુલ્યની નથ મર્યાદ રે, ધરવાને ન કરિએ વાદ રે.
ન્યાય નીતિ કડાં કર કરનાં રે, રીતભાત ઘરેણાં ઘરનાં રે;
કંઠાભરણ પતિપર પ્રીતિ રે, ઘર ભાવથી રાખ ન ભીતિ રે;
સદાચરણવિષે સંચરતાં રે, જોઈ જોઇને ડગલાં ભરતાં રે;
પ્રાણનાથ કહે તે કરવું રે, ભવસાગર પાર ઉતરવું રે;
સમજુને કહું શું વધારે રે, સાનમાંહિ સમજવું તારે રે;
સુખ સર્વ સદા નિજ હાથે રે, ભાર મેલ નહીં કોઇ માથે રે;

ગરબી ૪ થી.

(રઘુપતિ રામ હૃદેમાં રે'જો રે,) એ રાગ.

સખિ ! વાત માનને તું મારી રે,
અંતે અત્યંત આનંદકારી;— સખિ૦
સોમે સંપ કરી સહુ રહિએ રે,
કોઇ કઠણુ વચન નહિ કહિએ રે;
કોઇ દેહને દુઃખ ન દઇએ,— સખિ૦
ભોમે ભૂલ કશી નહિ કરીએ રે,
આપ્યો અવસર હેતથી હરિએ રે,
નીતિ નાવથી આ ભવ તરિએ, સખિ૦
બુધ્ધે ધિરજ ધારિએ હૈયે રે,
આવે સંકટ તોપણુ સહિએ રે;
લાભ સરલપણાવડે લઇએ,— સખિ૦
રહી શાન્ત સદા ગુરુવારે રે,
થવું સદ્ગુણી સર્વ પ્રકારે રે;
વય ગાળવું વિનય વિચારે.— સખિ૦
શુક્રે સાર ગ્રહણુ કર સારો રે,
વારંવાર મળે નહિ વારો રે;
સત્ય સાચવ એજ સુધારો,— સખિ૦
મંદે દાન દયાદિક કરિએ રે,
માન મોટપને પરહરિએ રે;
ધ્યાન ધર્મની ઉપર ધરિએ.— સખિ૦
સૂર ઉગ્યો સમજ રાત વીતી રે,
પૂણ્ય ઉપર તું કર પ્રીતિ રે;
પ્રભુ ભજ ભવની જાય ભીતિ,— સખિ૦
ભાવ **કેશવ** હરિમાં વધારી રે,
સાત વારનો સાર વિચારી રે;
થાય પરમ સુખી નરનારી.— સખિ૦

ગરબી ૫ મી.

સોમે સજનીરે, સાચા સુખને સારૂં,
શમ દમ સાથે રે, ચોડો ચિત્ત તમારૂં,

ભણતાં ગણતાં રે, ધર્મ હૃદયમાં ધારી;
સદાચરણની રે, ચાલો ચાલ વિચારી;
મંગલવારે રે, મંગલ પદને માટે;
નીતિનિયમને રે, સાચવજો શિર સાટે;
સરલપણાથી રે, કુલની કીર્તિ વધારી;
સખિ સુખદુઃખે રે, રોજ રહો મન મારી;
બુધ્ધે બાલારે, બાલપણું પરહરજો;
વિનય વિવેકે રે, સંગતિ સારી કરજો,
વનિતા વેગે રે, મન-વાણી વશ રાખો;
શાન્તપણાથી રે, કઠણ વચનને સાંખો;
ગુરૂએ ગુણને રે, બદલે દોષ ન લેજો;
દીનજનોને રે, દાન દયાથી દેજો;
પૂજ્યજનોની રે, શિક્ષા શિરપર ધરજો;
તન-મન-વચને રે, શુભ પંથે સંચરજો;
શુક્રે કરજો રે, ઘરસંરક્ષણ માટે;
ન મદી જાશો રે, ધન યૌવનને માટે;
મર્યાદા છે રે, માનિનિ શોભા મોટી;
મેલી દેવી રે, બીજી ખટપટ ખોટી;
શનિએ સાચું રે, પરમ પતિવ્રત પાળો;
સંકટમાં પણ રે, શીલ સદા સંભાળો;
ચિંતામણિ છે રે, ચતુરા એ આ લોકે;
બાલપણાથી રે, બાંધો નિશદિન ડોકે;
રવિએ રામારે, સદ્ગુણ શોધી લેવા;
હોય હઠીલા રે, તજવા તે તે હેવા;
કેશવ હરિને રે, ભાવ ધરીને ભજવા:
દોષ હૃદયના રે, તત્વવિચારે તજવા.

શિખામણનીગરબીઓ,

ગરબી ૧ લી,

(મતરે રહશે રે એકાદશી, જળ જમુનાનાં જઈએ–એ રાગ.)

સુખની કહું એક વાત હું, સુણજો સહુ કાને;
કડિઓ કહું કેટલીક તે, ધરજો વળી ધ્યાને;

જ્યારે જવું થાય સાસરે, તજી તાતના ઘરને;
નમ્રપણું નિત્ય રાખવું, વા'લાં થાવાને વરને;
સંપ સદા સહુ સાથમાં, રાખિએ બહુ રૂડો;
સરલ સ્વભાવે રહી સદા, તજીએ પંથ કૂડો;
સમવય સાથે ન બેસિએ, વાતો કરવા નમાલી;
સમય મળ્યો જે અમૂલ્ય તે, નહીં ખાળિયે ખાલી;
શણગાર શીલતણો સજી, શોભા કરવી સદાની;
અન્ય ભૂષણ નહિ ઇચ્છિએ, એજ ટેવ મઝાની;
રાખવો રોજ લલાટમાં, ચાંદલો કંકુ કેરો;
કરિએ ઉદાસી ન કોઇ દિન, ચતુરા નિજ ચ્હેરો;
શાંતિવિના સુખ લેશ પણ, સમજે નહિ સજની;
શુદ્ધ વિચારવિષે સદા, ગાળવાં દિન-રજની:
ઘરથી બહાર જવું નહીં, નહીં નવરાં રહેવું;
હ્રદળ બળે એવું અન્યને, કોઇ વેણ ન કે'વું;
આછકડાં પેરવાં નહીં, પટકુળ કોઇ અંગે;
સાસુ જેવું સાથ લે જવું, જાવું હોય પ્રસંગે;
રીસાળ ટેવ જો હોય તો, થાય દુઃખ શરીરે;
ગંભીર મધુર અવાજથી, બોલ બોલિએ ધીરે:
હેતે હળીમળી સર્વથી, ઘરનું કામ કરિએ;
દોષ પોતાના પિંડનો, પ્રેમથી પરહરિએ:
સ્વામીમાં દોષ કદી પડે, કોઇ નયને કદાપિ:
ગણવો હ્રદય ગુણરૂપ તે, કુલવાને તથાપિ;
જેમ બને તેમ સાધનો, સુખનાં નિત્ય સજવાં;
દુઃખકારક સઘળાં વળી, કારણો પણ તજવાં;
સંસારમાં સુખ પામવા, મન હોય વધારે:
પ્રેમવિના પ્રાણનાથના, ન મળે તે લગારે;
તેની રજા લઇને બધાં, કામકાજને કરિએ;
એજ મારગપર ચાલતાં, દુઃખ થાય ન જરિએ:
સ્વચ્છ સદન ને વદન સદા, રાખવાં સતીઓએ:
મારે મેણાં કોઈ મૂર્ખિઓ મન ગણવાં ન કોયે;

સંતોષ રાખવો સર્વદા સતીએ સુખકારી;
વાત હ્રદયમાંહિ રાખવી, લાભકારી વિચારી;
પતિપદની પૂજાવડે, વનિતા શુદ્ધ થાય;
પ્રાણપતિના પ્રતાપથી, પુણ્ય પૂરાં પમાય;
સસરા–સાસુની સેવા કરો, માત–તાતના સરખી;
આશિષ ગુરુજનની સહુ, મેળવો મન હરખી;
નીચી નજર નિત્ય રાખવી, બલ કરવું ન મ્હેને;
દુઃખ હ્રદયમાં ઉપજે, તેવે ચડિએ ન વ્હેને;
ખરચ ઉપજ સમ રાખિએ ભભકાનું ન કામ;
વસ્ત્ર આભૂષણ કારણે, ઠાલાં ખરચો ન દામ;
સ્વામીને વશ કરવા તણો, એક મંત્ર મજાનો;
ઉપદેશ અંતરમાં ધરો આ કુશલ કવિતાનો;
પિયરપનોતાં થવું નહીં, પરણ્યા પછી કહિએ:
મદ–મત્સરના નિશાવડે, ન જરા પણ મદિએ;
ક્રોધ કામ લોભ મોહ ને, મદ મત્સર સઘળાં;
સદ્‌ગુણી શીલકટારથી થજો જીતવા સબળાં;
ગંભીર મન નિત્ય રાખવું, સર્વ વાતને જાણી;
સમવયની સખિઓ મળી, સાથે જાવું ન પાણી;
ઉંચે સ્વરે બહુ બોલતાં, લાજ હસતાં હરાય;
દુર્ગુણ મેલ ટળી જવા, સજો સરસ ઉપાય;
કંથ કહે તે સદા કરો, ઠરો સદ્‌ગુણ ઠામે;
સેવા સ્વામીની સદા કરો, જેથી સુખ સહુ જામે;
ઉપકાર કરવો અન્યનો, પુણ્યનો પંથ જાણી;
અપકાર પાપનું રૂપ છે, એવું મનમાં પ્રમાણી;
ઠેકડી ઠાલી કરી મુખે, જીભ કરવી ન મલકી;
અન્યની આગળ અન્યની, વાત કરવી ન હલકી,
પાપના પંથની રીતિઓ, સહુ નાંખવી તોડી;
કેશવ કલ્યાણકારણે, વિનવે કર જોડી.

ગરબી ૨ જી.

(લલના નહી થાય લગાર, કામણ મંત્ર કરો–એ રાગ,)

સહુ સુણજો એનો વાત, શીલતણી કાને;
નિજ પતિહિતકારી ઉપાય, પણ ધરજો ધ્યાને.— ટેક.

સંપ સગામાં રાખી સર્વથી, મન માયાળુ કરવું રે;
લોભ મોહ મદ મત્સર મેલી, સરલપણું સંઘરવું.— શી૦
નહિ નીતિને અળગી કરવી, પ્રીત કરી શુભ પંથે રે;
હોંશ કરી હૈયામાં ઝાઝી, કરો બતાવ્યું કંથે.— શી૦
પતિ તમારા પ્રાણ ખરેખર, એજ સદા સુખકારી રે;
એજ તમારૂં તન મન ધન છે, વિનયે જુવો વિચારી—શી૦
કલેશ ન લેશ કદી પણ કરીએ, ઠરિએ નિજને ઠામે રે;
નિજ વલ્લભની સેવા કરતાં, જેમ સદા સુખ જામે.— શી૦
ભણ્યાતણું ફ્લ નાથતણી જે. પ્રીત વધે શુભ રીતે રે;
ભણ્યાં ભલે પણ ગણ્યાં નહીંતો, સંકટ શિરપર વીતે. —શી૦
પ્રાણનાથની સેવા કરવી, એજ ધર્મ છે પ્હેલો રે;
આડો કે અણઘડ નહિ અવળો, સુખદ પંથ છે સ્હેલો—શી૦
પ્રાણનાથને પ્રસન્ન કરવા, કરવા કોડ ઉપાય રે,
એજ સદાચરણેથી રીઝે, સહજ જગતનો રાય— શી૦
કદિ કારણથી કોપ કરે જો, કંથ તમારે માથે રે;
તો રાજી કરવાને તેનો, ઉપાય છે નિજ હાથે— શી૦
ક્ષણભંગુર આ દેહથકી પણ, કરિએ જે શુભ કામરે;
અખિલવિષે તે અમર કરે છે, સદૈવ નિજનું નામ.— શી૦
નહિ સૂવું પ્રિયપતિની પ્હેલાં, તન મન ન રહો મેલાં રે;
તજી આળસ પ્રિય પ્રાણનાથથી, પ્રથમ ઉઠવું વ્હેલાં.— શી૦
કામકાજ ઘરનું સહુ કરવું, ડરવું દુર્ગુણ દેખી રે;
સદ્‌ગુણ ગ્રહણ કરો સહુ બ્હેનો, સુખદાયક બહુ લેખી.—શી૦
પ્રીતિ પ્રાણેશ્વરની વધવા, સૂઝે મારગ સાચો રે;
વિશ્વેશ્વર ઈશ્વરની પાસે, કર જોડીને જાચો.— શી૦
આપણના હાથમાં સમજવાં સુખ દુઃખ જે જે વીતે રે;
તેમજ વાવ્યું તેવું લણવું, સંસાર તણી રીતે.— શી૦
દીનજનોને દુઃખ ન દઈએ, મેંણાં મારી મુખથી રે;
બળતાંને ઓલવીએ બ્હેની, સુખદ વચનના સુખથી.— શી૦
સુખ લેવાની સહુને ઇચ્છા, હોય કદી મનમાંહિં રે;
તો વરતો શુભ પંથે પ્રેમે, સ્વર્ગ નરક છે આંહીં.— શી૦

ઉદાસિ ધમ વિષે નહિ ધરવી, કરવી ન કદી હાંસી રે;
પ્રાણુનાથની પાસે રે'વું, સદૈવનાં થઈ દાસી.— શી૦
નમિએ ગુરૂજનને શુભ ભાવે, નિશદિન રાજી રહિએ રે;
હરખે હાથ કંથને જોડી, શરણુ–ચરણુમાં જઇએ.— શી૦
ઇશ્વરના આપેલા ઇશ્વર, ખેદ ન પામે જરિએ રે;
પૂરો પ્રેમ ધરી પોતામાં, સદૈવ સેવા કરિએ — શી૦
નાથવિના છે આ ભવસાગર, શૂન્ય ખરેખર રાખ રે;
આંખ ઉઘાડી જોતાં સહુનાં, હૃદય પૂરશે શાખ.— શી૦
કોપ કરે જો કંથ લગારે, તો કોપ્યો કિરતાર રે;
હીન ભાગ્ય તે નાર બિચારી, પાપ કરેલ અપાર — શી૦
માટે પ્રાણુનાથને રાજી, કરવા દુઃખડાં હરવા રે;
કેશવ ભવસાગર આ ભારે, પરમ સુખેથી તરવા.— શી૦

ગરબી ૩ જી.

(અચકો મચકો કારેલી)—એ રાગ.

એક સખી શિખામણ દે છે બ્હેન, સાંભળજો સહિયર મારી.
હિતકારક તમને તે છે બ્હેન, સાંભળજો સહિયર મારી.
જાઓ સાસરિએ જ્યારે બ્હેન, સાંભળજો સહિયર મારી.
થાજો બહુ ડાહ્યાં ત્યારે બ્હેન સાંભળજો સહિયર મારી.
સજની અતિ પતિની પ્રીતે બ્હેન, સાંભળજો સહિયર મારી.
સેવા કરજો શુભ રીતે બ્હેન, સાંભળજો સહિયર મારી.
તેને મનગમતાં રહિએ બ્હેન, સાંભળજો સહિયર મારી.
કટુ વાકય વૃથા નહિ કહિએ બ્હેન, સાંભળજો સહિયર મારી.
અતિ સરલ બોલથી બોલો બ્હેન, સાંભળજો સહિયર મારી.
એ સઘળું હૃદયે તોલો બ્હેન, સાંભળજો સહિયર મારી.
કદિ વાદ વૃથા નહિ કરિએ બ્હેન, સાંભળજો સહિયર મારી.
શિખામણ હૃદયે ધરિએ બ્હેન સાંભળજો સહિયર મારી.
સાસુજી કે' તે કરિએ બ્હેન, સાંભળજો સહિયર મારી
કદિ કલેશ ન કરશો જરિએ બ્હેન સાંભળજો સહિયર મારી.
સઘળનોં નમતાં રે'જો બ્હેન, સાંભળજો સહિયર મારી.

બહુ લાત્ર સંપનો લેજો બ્હેન, સાંભળજો સહિયર મારી
દુર્ગુણ સઘળાને હરજો બ્હેન, સાંભળજો સહિયર મારી.
શુભ કર્મ કરે આદરજો બ્હેન, સાંભળજો સહિયર મારી.
મન કામાદિકમાં લોભે બ્હેન, સાંભળજો સહિયર મારી.
એ આપણને નહિ શોભે બ્હેન, સાંભળજો સહિયર મારી.
ગુરૂજનની કરજો સેવા બ્હેન, સાંભળજો સહિયર મારી.
શુભ મારગ શોધી લેવા બ્હેન, સાંભળજો સહિયર મારી.
મદ-મત્સર લેશ ન રાખો બ્હેન, સાંભળજો સહિયર મારી.
જુઠું નહિ મુખથી ભાખો બ્હેન, સાંભળજો સહિયર મારી.
મેણાં નહિ મારો મુખથી બ્હેન, સાંભળજો સહિયર મારી.
છે અનુભવ એવાં દુઃખથી બ્હેન, સાંભળજો સહિયર મારી.
સુવું નહિ પતિની પહેલાં બ્હેન, સાંભળજો સહિયર મારી.
નહિ રાખો તન-મન મેલાં બ્હેન, સાભળજો સહિયર મારી.
પરમેશ્વર પતિને માનો બ્હેન, સાંભળજો સહિયર મારી.
તેનાથી સુખ સહુ પામો બ્હેન, સાંભળજો સહિયર મારી.
એ ધર્મ આપણો પ્હેલો બ્હેન, સાંભળજો સહિયર મારી.
અતિ સરલ સુઘડ ને સ્હેલો બ્હેન, સાંભળજો સહિયર મારી.
કાને આ અરજી સુણજો બ્હેન, સાંભળજો સહિયર મારી.
કેશવને ભાવે ભણજો બ્હેન, સાંભળજો સહિયર મારી.

ગરબી ૪ થી

(રાગ અલબેલાના ગરબાનો)

શીખામણ દઉં આજની, ગુણ લેનારાં;
તે ગણો તમારા કાજની, બ્હેનો મારાં.
સંપ સજો સહુ સાથમાં. ગુણ લેનારાં;
શું કજીએ આવે હાથમાં ? બ્હેનો મારાં.
શાંત સ્વભાવે સદા રહો, ગુણ લેનારાં;
કેનેય નહિ કડવું કહો બ્હેનો મારાં.
મન નિર્મલ જો રાખશો ગુણ લેનારાં;
તો પુણ્યતણાં ફલ ચાખશો, બ્હેનો મારાં.

લપટાશો નહિ લોભમાં, ગુણુ લેનારાં;
કદિ ક્રૂર ન થાશો ક્રોધમાં, બ્હેનો મારાં;
અતિ અભિમાન ન મારિએ, ગુણુ લેનારાં;
કંદ દુખિયાંને ઉદ્ધારિએ, બ્હેનો મારાં;
શીલ સજો મનથી અતિ, ગુણુ લેનારાં;
પતિના પદમાં રાખી મતિ, બ્હેનો મારાં;
સદ્‌ગુણુ સમ એકે નહીં, ગુણુ લેનારાં;
આભુષણુ શુભ લે'કે અહીં, બ્હેનો મારાં;
દુર્ગુણુને દેખી ડરો, ગુણુ લેનારાં;
ભવસાગર શુભ કર્મે તરો, બ્હેનો મારાં:
પતિપદ સેવો પ્રેમથી, ગુણુ લેનારાં;
સુખ મેળવશો એ નેમથી, બ્હેનો મારાં;
તન–મન–ધન–કાયેથકી, ગુણુ લેનારાં;
માનો ઇશ્વર છે એ નકી, બ્હેનો મારાં;
મન વચને ને વાણિએ, ગુણુ લેનારાં;
પતિને નિજ દૈવત જાણિએ, બ્હેનો મારાં;
એજ તમારા ઇશ છે, ગુણુ લેનારાં;
વળિ ખરા એજ જગદીશ છે, બ્હેનો મારાં;
શું જપ તપ ને ધ્યાનથી, ગુણુ લેનારાં;
શમ દમ ને બીજાં દાનથી, બ્હેનો મારાં;
યમ ને નિયમ વળી કથા, ગુણુ લેનારાં;
પતિની પૂજાવિણુ તે વૃથા, બ્હેનો મારાં;
માટે કહું હું એટલું, ગુણુ લેનારાં;
સુણજો કાને સહુ તેટલું, બ્હેનો મારાં;
ઇશ્વર એ પતિને સુખે, ગુણુ લેનારાં;
રાખો સહુ એમ કહો મુખે, બ્હેનો મારાં;
જવું સાસરે જ્યારથી, ગુણુ લેનારાં;
નહિ દૂર જવું ઘરબારથી, બ્હેનો મારાં;
દેહે મન વચને તમે, ગુણુ લેનારાં;
કરજો પ્રિયપતિને જે ગમે, બ્હેનો મારાં;

પતિ તમારા પ્રાણ છે, ગુણ લેનારાં;
એની પૂજામાં લ્હાણ છે, બ્હેનો મારાં.
કડવા બોલ ન બોલિએ, ગુણ લેનારાં;
મુખ સરલ વચનથી બોલિએ, બ્હેનો મારાં.
સદાચાર સુખ ભોગવી, ગુણ લેનારાં;
કાયા કરજો યશની નવી, બ્હેનો મારાં.

ગરબી ૫ મી.

(ઓધવજીના મહિનાનો રાગ.)

સહિયર સાચી શિક્ષા મનમાં રાખજો,
ભારે ભવસાગર તરવાને કાજ જો;
લેવા લાભ અનેક ખરા સંસારમાં,
કહું છું હિત કરવાને એક અવાજ જો;— સહિ૦
બાલપણામાં ભણવું ગણવું ભાવથી,
માતપિતાને ઉપજાવી સંતોષ જો;
ઘરનું કામ કરે કરવા શીખો સહુ,
બાલપણાના મેલી સઘળા દોષ જો; સહિ૦
આજ્ઞા માતપિતાની નહિ ઉલ્લંઘવી,
ભરવું દળવું ને ચીતરવું કેમ જો;
પાણી ભરવું, સોવું, ધોવું, ખાંડવું,
રૂડું રાંધીને પીરસવું તેમ જો;— સહિ૦
નિત્ય નિયમથી થોડું પ્રિયકર બોલવું,
ઉંઘ અલ્પ ને બીજો, અલ્પાહાર જો;
ભરમવિના નિજ ધર્મ અને શુભ કર્મને,
શીખી લેવા તરત રહો તૈયાર જો;— સહિ૦
કોમલ વૃક્ષ હોય વાળ્યું ત્યારે વળે,
એજ ઉદાહરણેથી સમજો સાર જો;
કઠણ થયેથી કઠણ પડે છે વાળવું,
પાકે કુંભે કાંઠા ચડતાં વાર જો— સહિ૦

સ્વભાવને વશ આ આખો સંસાર છે,
પડે પ્રથમથી જેવી જેની ટેવ જો;
તેવી ટળતાં યત્ન ઘણા કરવાં પડે,
સરલ થાય જો સવળો સહુનો દેવ જો;— સહિ૦
એજ વિનંતી મારી છે સહુ બ્હેનને,
બાલપણામાં શીખો તે શિખાય જો;
જે દુર્ગુણ તજવા તે સહજ તજાય છે,
માતપિતાની જોડએ એક સહાય જો;— સહિ૦
પરણી પિયર ન રે'વા મન કરવું કદિ,
સદા કરો નિજ સાસરિયામાં વાસ જો;
નિજ ગુરુજનની ઉત્તમ આજ્ઞામાં રહો,
દુઃખ પડે તો ન થતાં લેશ ઉદાસ જો;— સહિ૦
પિયર રહીને જે સારૂં શીખ્યાં હશો,
તરત સાસરે તેનો છે ઉપયોગ જો;
બાકી શીખ્યાનું અનુભવથી શીખજો,
સુખ મેળવવા એ છે ઉત્તમ યોગ જો.— સહિ૦
પ્રાણનાથને મનગમતું કરજો સહુ,
નારીનું છે દૈવત નિજનો નાથ જો;
તે શીખામણ દે તે શાણાં શીખજો,
આજ્ઞા શિરપર લેજો જોડી હાથ જો;— સહિ૦
નારીના સાચા ઇશ્વર તો નાથ છે,
વેદ પુરાણો પણ પૂરે છે શાખ જો;
એ ઇશ્વરની સેવા શુભ રીતે કરો,
એવિણ અવર અખિલ છે કોરી રાખ જો;— સહિ૦
શાંત સ્વભાવવિષે રે'વું સહુએ સદા,
સંતોષે સુખ થાય સમજવું એમ જો;
દુઃખ અને સુખમાં સમતાને રાખવી,
લેવો એવો ઉત્તમ અબળા નેમ જો;— સહિ૦
અલંકાર સૌભાગ્યવિના બીજો નથી,
તે સાચવવા કરજો યત્ન અનેક જો;

સદ્‌ગુણુથી શોભા સંસારવિષે વધુ,
તે સંપાદન કરવા રાખો ટેક જો— સહિ૦
શીખામણુ અણુસમજૂને દેવી પડે;
પણુ સાને સમજે જે સમજૂ નાર જો;
કેશવ થોડામાં સઘળું સમજી જજો
ડાહ્યાને શું કે'વું વારંવાર જો— સહિ૦

ગરબી ૬ ઠી.

(વૈદર્ભી વનમાં વલવલે;—એ દેશી પ્રમાણે.)

અબલા અરજ આજ એટલી, ગણી ગુણુ કરનાર;
અંતરમાંહિ ઉતારજો; એથી સુખ છે અપાર:— અ૦
માતાપિતાએ પ્રેમથી, જેને સોંપ્યો છે હાથ;
એજ તમારો આધાર છે, એજ જગતનો નાથ;— અ૦
એજ તમારા રે ઈશ છે, વદે વેદ પુરાણુ;
એ સુખના કરનાર છે, એજ આપના પ્રાણુ;— અ૦
એજ તમારો રે હાર છે, શોભા સઘળીનો સાર;
સર્વસ્વ એ સંસારનું, એ સરસ શણુગાર;— અ૦
મૃગજલસમ સંસારમાં, દુઃખ દેશો ન લેશ;
વિનય વિવેકથી નાથને રાજી કરજો વિશેષ:— અ૦
છો તમે તેમને તો ખરાં પ્રાણુ પ્યારાં સદાય;
સમજી એવું નિજ અંતરે, કલેશ ન કરો જરાય;— અ૦
રીસ કરે પ્રાણુનાથ તો, ધરી ધિરજ અપાર;
શાંત કરો વચનામૃતે, સાચો એ ઉપચાર;— અ૦
તેના વિચાર ભર્યાતણું, તમે એક છો ઠામ;
એજ જ્યારે થાય ખોખરૂં, ત્યારે શું સરે કામ ?— અ૦
તેને તમે સુખ આપતાં, લાવ લેશો અનેક;
એમ નકી મન રાખજો, શાણાં સઘળો વિવેક— અ૦
બલ કરવું અબલા થઇ એવું શોભશે કેમ ?
અપરાધિ ઇશ્વરનાં થશો, અવળું કરવાથી એમ— અ૦

કેટલું દુઃખ છે નાથને, તે વિચારો ન કેમ ?
સેવા કરો શુભ રીતથી, સુખ ઉપજે જેનં !— અ૦
એને જરા દુઃખ જો થશે, તેનું લાગશે પાપ;
સંસારમાં દુઃખ પામશો, તનમાં લાગશે તાપ; અ૦
એને અનુકૂલ ચાલવા, સુખ આપવા કાજ;
બંધાયાં છો પ્રથમથકી, જોતાં સ્ઘળો સમાજ;— અ૦
અગ્નિ જમાન કરી તમે કીધા કોલકરાર;
અંતર આંખ ઉઘાડીને કરી જોજો વિચાર;— અ૦
પ્રાણપતિ કહે તે કરો, સુખ પામવા કાજ;
સામો ન બોલવો એમની. ઉંચો એકે અવાજ;— અ૦
પ્રેમ વધારજો નાથનો, રાખી સરલ સ્વભાવ;
મેળવવી કંથની કૃપા, એ સંસારનો લાવ; — અ૦
કરવું ન એની રજાવિના, કોઈ કામ જો હોય;
તેથી તમે યશ પામશો, કદી સમજશો કોય;— અ૦
હૃદય વિચારી જોશો તમે, તો વિનાભરથાર;
શૂન્ય ખરેખર લાગશે, આ સંસાર અસાર;— અ૦
નાથવિના જ્યારે છે વૃથા, મનમાનતા અર્થ;
શાને વિવાદ કરો તમે, જાતે નિશદિન વ્યર્થ ?— અ૦
સ્વામિનો બોલ ન સાંભળે, ન કરે લેશ વિચાર;
પ્રીતિ પરમ તેની પામવા, ન કરે યત્ન લગાર;— અ૦
શીખામણો નહિ સાંભળે, જાણે નહિ નિજ દોષ;
કંથની ઉપર જે કરે, કરડી નજરથી રોષ;— અ૦
સેવા ન સમજે નાથની, ન લહે સદ્દગુણ લેશ;
સમજે નહીં સમજાવતાં, વાતો કે'તાં વિશેષ;— અ.
તેના મને દુઃખ ઉપજે, એવું જે કરનારી;
સંતોષ આપે ન જે જરા, દુરભાગણી નારી— અ.૦
ધિક્કક એની કુલ-જાતને, બોળ્યું બાપનું નામ;
બુદ્ધિ બળી એની તો બધી, વિદ્યા આવે શું કામ ?— અ૦
જન્મ ગયો એળે એહનો, હાથે થઇ તે હેરાન;
પુષ્પ ઉપર પાણી ફેરવ્યું; એથી અન્ય શી હાણ ?— અ૦

પરભવમાં દુઃખ પામવા, પોતે ખોદવો પંથ;
ત્યારે પછી શા ઉપાયથી, આપે સુખ નિજ કંથ— અ૦
નારીના દુઃખથી નાવલો, અતિ મનમાં ઉદાસ;
ચિંતાના તાપથકી તપી, નાંખે ઉંડા નિશાસ;— અ૦
એવી વેળા અરે આવવા, અબળા દેશો ન કોય;
પુર્વનાં પુણ્યથી જો કશું, હૈયે ડાંપણ હોય;— અ૦
સંતાપ આપતાં સ્વામીને, શોક કરતાં વિશેષ;
એજ અચંબો ખરેખરો, ફાટે હૃદય ન લેશ;— અ૦
શાને મેળે મૂર્ખ થાઓ છો? ભુંડાં ભૂલીને ભાન;
બંધાયાં છો સુખ આપવા, રાખી દૈવ જમાન— અ૦
માટે તમે ચેતી ચિત્તમાં, કરજો સઘળો વિચાર;
તેને ચહો ચતુરાં સહુ, જે સંસારનો સાર;— અ૦
તેને તમે વશ જો થશો, તો તે તમને આધીન:
જો તન-મનથકી પૂજશો, તો તે તમમાં છે લીન;— અ૦
તન-મન-ધનથી આપને, આપે સુખ જે અપાર;
એ પ્રાણનાથનો કોઈ દિન, ભૂલો નહિ ઉપકાર;— અ૦
કેશવ કરગરીને કહે, થઈ સહુ ગુણવાન;
નિત્ય સદાચારમાં રહી, ધરો પતિપદે ધ્યાન;— અ૦

ગરબી ૭ મી.

(રઘુપતિ રામ હૃદયમાં રે'જો રે.)—એ રાગ.

સદાચાર પાળવો બહુ સારો રે, એજ ધર્મ ખરો છે તમારોઃ—સદાચાર૦
ધનવિદ્યાતણો મદ તજવો રે, સુખકારક મારગ સજવો રે;
પીડા પરને કરી નહીં પજવો;— સદા૦
સત્ય બોલવું ચાલવું ચોંપેરે, જેમ જગતપિતા નહીં કોપે રે;
એથી આપનું કુલ ઓપે;— સદા૦
સ્મૃતિ શાસ્ત્ર બતાવે જેવું રે, શુદ્ધ ચિત્ત કરી નિત્ય રે'વું રે;
અન્ય વાતમાં હૃદય ન દેવું— સદા૦
આશા તૃષ્ણા તજી કોઈ દે છે રે, શાંત થઇને સદા સુખ લે છે રે.
શુદ્ધ આનંદનું રૂપ તે છે; - સદા૦

પાળવો નિત્ય નિજનો ધર્મ રે, સાચો અંતરમાં લઈ મર્મ રે;
કરવાં યશકારક કર્મ;— સદા૦
ક્રોધ કામ સદા પરહરવા રે, લોભ મોહ વળી વશ કરવા રે;
મદ મત્સર દેવા ન ઠરવા;— સદા૦
અભિમાન ન લાવિએ લેશ રે, કદિ કરિએ નહીં કાંઈ કલેશ રે;
વદિએ નહીં વાક્ય વિશેષ;— સદા૦
પરનિંદા સદા પરહરવી રે; દયા દીનજનોપર કરવી રે;
નહિ નીતિની વાત વીસરવી;— સદા૦
નિત્ય તન-મન નિર્મલ કરજો રે, શિલચિંતામણી સંઘરજો રે;
દુષ્ટ દુર્ગુણ દૈત્યથી ડરજો;— સદા૦
ધર્મ-વા'ણ વિના સંસારે રે, અન્ય આવી નહીં કોઇ તારે રે;
એમ જાણવું નિશ્ચે તમારે;— સદા૦
નિત્ય નિર્મલ ચિત્ત કરીને રે, નિજ ધર્મને ધામે ઠરીને રે;
પામવું શુદ્ધ એક હરિને;— સદા૦
જ્યારે ઉત્તમ જન્મ મળ્યો છે રે, પુણ્યનો પુંજ તો ઉપજ્યો છે રે;
દૈવી ઇચ્છાથી દિવસ વળ્યો છે;— સદા૦
હાથ આવેલ હીરો ન હારો રે, ચતુરા કાંઈ ચિત્તે વિચારો રે;
શાણાં સફલ કરો જન્મવારો;— સદા૦
સેવા નારિએ નાથની કરવી રે, અન્ય વાત બધી પરહરવી રે;
તેમ પ્રીતિ સંપાદન કરવી;— સદા૦
દંપતીએ હળી મળી રે'વું રે, બીજા આશ્રમનું સુખ લેવું રે;
થાય નિંદા તેવું તજી દેવું;— સદા૦
ભાવે ઈશ્વરનું પદ ભજવું રે, કામ બંધનકારક તજવું રે;
સુખકારક સાધન સજવું;— સદા૦

ગરબી ૮ મી

(રાગ વણઝારાને મળતો.)

સાચી વાત કહું છું આજ, સુણો સહુ કાને રે;
તે છે હિતકરનાર સદાય, ધરો જો ધ્યાને રે;

રાખી શાંત સ્વભાવ સદૈવ, સરલ થઇ રે'વું રે;
દુઃખકારક વેણુ કઠોર, ન કોઇને કે'વું રે.
માન–અપમાનની નહીં વાત, કદિ ક્યાંહિ કરવી રે;
મને માની સદા સંતોષ, પીડા પરહરવી રે,
સાદાચારનો મારગ રોજ, લહી સંચરવું રે;
દુરાચાર થકી કુલવાન, દીકરિયે ડરવું રે.
બળી રીસ કર્યાની ટેવ, સદા લોહિ બાળે રે;
ક્ષમાવાન ખરી જે હોય, તરત તે ટાળે રે.
દંભ દેખતાં કરવો દૂર, સાચે ચિત્ત ચોડી રે,
અદેખાઇથી જે ભરપૂર, તેનું મૂલ કોડી રે.
સુજ્ઞલોક હસે નહીં જેમ, તેવી રીત સારી રે;
શીખવાને રહો તૈયાર, હૃદયમાં વિચારી રે.
નિંદે કોઇ નહીં જો જરાય, ખરી ચતુરાઇ રે;
જ્યારે ગુરૂજન આપે વડાઇ, ત્યારે સરસાઇ રે.
અભિમાનનો અંકુર લેશ, નહીં કાંઇ સારો રે;
મમતાનું ન જાય જો મૂલ, હાનિ તો હજારો રે,
નહિ બોલ્યામાં નવ ગુણ એમ, સમજવું સાચું રે.
વાણી વશ કરવાને સદાય, જોડી કર જાચ્યું રે,
ઘરકામ કર્યામાં રોજ, દિવસ સર્વ ગાળો રે;
આવે આળસ અંગે ન તેમ, સદા સંભાળો રે.
શાને જન્મ ધર્યો જનમાંહિ, સફલ કેમ થાશે રે?
કેમ આ ભવમાં નિજનામ, ગુણીજન ગાશે રે?
સુખ થાય નિરંતર કેમ, દૂરે દુઃખ જાશે રે;
નામ બેય કુલોનું કેમ, સરસ સચવાશે રે?
શો છે ધર્મ નારીનો નેક, વિવેક વિચારો રે;
ત્યારે સફલ થયો અવતાર, લીધેલો તમારો રે.

* ગરબી ૯ મી

(ઓધવજીના મહીનાનો રાગ)

પુત્રી પુણ્યતણો મારગ એ માનવો,
જેથી વિશ્વવિષે યશ શ્રેષ્ટ પમાય જો;
ઐહિક આમુષ્મિક કલ્યાણ વધે વળી,
સંસારવિષે સર્વોત્તમ સુખ થાય જો:— પુત્રી૦
સ્વામીને સુખ સર્વ પ્રકારે આપવું;
ચાલી ચોંપે સદાચરણને પંથ જો;
ડરવું દુર્ગુણથી નિશદિન ડાહ્યાં થઇ,
જેથી ક્રોધ કરે નહિ નિજનો કંથ જો;— પુત્રી૦
પત્નીએ પતિનાં વચનોને પાળવાં,
હોય હજાર ભલે ભારે શુભ કામ જો;
કરવી સેવા ઈશ્વરના સરખી સદા,
તન મન ને વાણીથી આઠે યામ જો;— પુત્રી૦
નારીના ઈશ્વર તો નિશ્ચે નાથ છે,
નિશદિન એ સઘળાં સુખના કરનાર જો;
એ નિગમાગમથી મનમાં જાણી લઇ,
રાજી કરવા યોજી સર્વ પ્રકાર જો;— પુત્રી૦
જપ તપ આદિક વ્રત કરવાની ના નથી,
ઇશ્વરપૂજન પણ કરવાની છુટ જો;
પણ તે સર્વે પતિના પ્રેમવડે ફળે,
માટે મેળવવો એ પ્રેમ અખૂટ જો;— પુત્રી૦
શોભા સૌભાગ્યવિના અન્ય ન ઇચ્છવી,
શીલતણું શુભ ભૂષણ ધરવું અંગ જો;
પ્રૌઢપણાનાં અનુપમ પટકુલ પ્હેરવાં,
સદગુણનો કરવો સાચો સત્સંગ જો;— પુત્રી૦

---

* જુની આવૃત્તિમાં ગરબી તેરમીમાં ફકત આ ગરબીમાંના પ્રથમ શબ્દ "પુત્રી" ને બદલે "પ્રમદા" હોઇ બાકીની ગરબી અક્ષરશઃ એકજ હોવાથી આ આવૃત્તિમાંથી તે કાઢી નાખી છે.

ક્રોધ કામ મદ મોહ લોભને જીતવા,
નહિ તો દુઃખ દિએ તે નિત્ય અપાર જો;
શમ-દમની સાંકળથી મનને બાંધવુ,
કરવો સફલ સદાચરણે સંસાર જો;— પુત્રી૦
લાજ અને મર્યાદા સખિઓ લેખવી
અવર જનોનું નારીને નહિ કામ જો;
વિનય—વિવેકવડે વાણી શણગારવી,
વૃથા વાદથી થાવું નિત્ય વિરામ જો;— પુત્રી૦
પોતાનું ડાંપણુ પણ નહિ પરખાવવું,
કરવું નહિ કુલ—જાતિતણું અભિમાન જો;
ધૈર્ય ધરી સુખ દુઃખે સમતા સાચવી,
પ્રેમે પતિપદંકરૂં ધરવું ધ્યાન જો;— પુત્રી૦
સુજ્ઞજનો આપણને જેમ હસે નહીં,
દુર્જન પણ નિંદે નહિ જનમાં જેમ જો;
નિજનું નામ અમર નર—નારીમાં રહે,
ઉદય થાય આપણનો કરવું એમ જો;— પુત્રી૦
શ્રીહરિમાં ને પતિમાં ફેર કશો નથી,
અંતરમાં અનુભવથી સમજી એમ જો;
પોતાના પતિનો શુભ પ્રેમ વધ્યા કરે,
પ્રતિદિન કરવા કુશલ ઉપાયો તેમ જો;— પુત્રી૦

ગરબી ૧૦ મી.

(માણીગર મોલે પધારો; એ ઢાળ.)

સુણજો બ્હેનો સહુ આજ, શિખામણ દઉં છુ સાચી;
સદ્‌ગુણી થાવા સદાય, જોડી કર લઉં છું જાચી, ટેક.
ભણીગણીને જ્ઞાનનો, ભરી ખૂબ ભંડાર;
અસાર આ સંસારનો, શોધી લેજો સરસ સહુ સાર;— શિ૦
સ્વતંત્રતા નહિ રાખિએ, પિયર—સાસરામાંહિ;
આજ્ઞા ગુરુજનની છતાં, ગણિએ સુખદ સદા મનમાંહિ;— શિ૦

રીસ કર્યાની ટેવને, ટાળો સહુ તત્કાલ;
દુઃખદ દુર્ગુણ દોરની, બાળો તરત જબર જે જાળ; શિ૦
સરલ સ્વભાવેથી રહી, સુખદ વદો શુભ વેણ;
બીજાને નહિ બાળિએ; કડવાં કાઢી નકામાં કેણ— શિ૦
સ્ત્રી જાતિના દોષને, કરશો જ્યારે દૂર;
ત્યારે સુખ સહુ પામશો, એમ જાણજો જાતે જરૂર;— શિ૦
યમ ને નિયમ વૃથા કથા, શું જપ તપ ને ધ્યાન ?
સ્વામીની સેવાવિના, માનો નિષ્ફળ સઘળાં સુદાન;— શિ૦
નીતિતણી શુભ રીતિથી, તજીએ કૂડો પંથ;
કરિએ પ્રેમે પલકમાં, હેતે હુકમ કરે જે કંથ;— શિ૦
શીલસમાન ન એક પણ, અલંકાર સુખરૂપ;
શોભા શુભ સૌભાગ્યની, સહુએ અંતર ગણજો અનુપ;— શિ૦
મલકી મુલક બધાતણી, બ્હેન ન કરિએ વાત;
કામકાજ કરવાવિષે, રાખો હૃદય તમે દિનરાત;— શિ૦
અદેખાઇ આળસ અને, અદકી છાંડે આળ;
પ્રીતતણું તનમન ધરો, સુખિયાં થાવા સદા તત્કાલ;— શિ૦
સ્વામીને સુખ ઉપજે, પુણ્ય પરમ પણ થાય;
તેવા યત્ન કર્યાથકી, દુઃખો દૂર સદાનાં જાય;— શિ૦
સદાચારને સમજિએ, મનમાં ધરી ઉમંગ;
પ્રસંગ પડતાં રાખિએ, બ્હેની સુજ્ઞ નારીનો સંગ;— શિ૦
સારાં થાવા ઇચ્છિએ, જગદીશ્વરની પાસ;
કેશવ આ કલિકાલમાં, પ્રસરે જેમ તમારી સુવાસ;— શિ૦

ગરબી ૧૧ મી.

(અલબેલી રે અંબેમાત, જોવાને જઈએ.)—એ રાગ.

સહિયર સાચી છે વાત, તે ધ્યાને ધરજો:
નિજહિત કરનાર વિચાર, રોજ તમે કરજો;
અભણપણું જાશે ભણવાથી, ગણતાં ગુણ બહુ થાશે રે;
આ સંસારતણાં દુઃખ સઘળાં, એ રીતેથી જાશે:— તે ધ્યાને૦

બાલપણુથી માતપિતાને, દેવો શુભ સંતોષ રે;
ટેવ પડે આપણુને તેનો, ન રહે તેને શોષ;— તે ધ્યાને૦
ભણીગણીને ડાંપણુ સઘળું, વિનયવડે સંઘરવું રે;
તરત સદા તન ને મનમાંથી, મલિનપણું પરહરવું;— તે ધ્યાને૦
કજિયો કે કંકાશ કશામાં, કોઈ દિવસ નહિ કરવાં રે;
આ સંસારવિષે સુખકારક, સદાચરણુ આચરવાં;— તે ધ્યાને૦
સદ્‌ગુણુથી સુખ થાય સદાનાં, દુર્ગુણુ દૂર રહે છે રે;
અંતરનું અભિમાન ટળીને, શાંત સદૈવ રહે છે;— તે ધ્યાને૦
સંપ સગાંમાં સહુની સાથે, સાચવશો તો સારૂં રે;
સારૂં કરતાં સુખ ઉપજેછે, નરતે થાય નઠારૂં;— તે ધ્યાને૦
કામકાજ સહુ શીખી લેવાં, વિનય વિવેક વધારી રે;
રીતભાત સારી સંઘરવી, તજવી ટેવ નઠારી;— તે ધ્યાને૦
સદાચરણુથી સુખ ઉપજેછે, જગતવિષે જય થાય રે;
તે સાથે વિદ્યા મળવાથી, સંકટ સઘળાં જાય;— તે ધ્યાને૦
દુર્જન નિંદે જેમ ન જનમાં, સુજનો હસે ન જેમ રે;
લોક વખાણે સુખ પણુ ઉપજે, કરવું નિશદિન તેમ;— તે ધ્યાને૦
સુંદર કપડાં ઘણાં ઘરેણાં, સુંદર તેમજ રૂપ રે;
સારી વિદ્યા ને શુભ ગુણુવિણુ, શું દેવો છે ધૂપ?— તે ધ્યાને૦
આછકડું અથવા અતિઝીણું, વસ્ત્ર ન અંગે ધરવું રે;
કામવિના કુલવાન દિકરિએ, ફોકટ ક્યાંહિ ન ફરવું;— તે ધ્યાને૦
પીઢ થઇ પરનિંદા તજવી, ભભકે નહિ ભરમાવું રે,
પોતાને ને પરને પીડે, તે વાતે શરમાવું;— તે ધ્યાને૦
માન અને અપમાન થયાની, વાત ન કરવી બીજે રે;
કરવાં કામ કુશલતા પામી, શરીરથી જે સીજે;— તે ધ્યાને૦
શીલ સદા સાચવવું સજની, મન માયાળુ કરવું રે;
સારૂં નરતું પ્રથમ વિચારી, કામ કુશલ આદરવું;— તે ધ્યાને૦
અંગ ઉઘાડું ન રહે એવાં, સાદાં કપડાં સારાં રે;
રૂપાળાં પણુ અંગ ન ઢાંકે, તે છે નકી નઠારાં;— તે ધ્યાને૦

ન્હાવું ધોવું ચોખુ રે'વું, પ્રભુમાં કરવી પ્રીતિ રે;
લાજ વધે પૃથ્વીમાં જેથી, સંઘરવી તે રીતિ;— તે ધ્યાને૦
નાચ તમાસા નાટક જોવા, ખેલ બને જે ખાસા રે;
અણુસમજૂ જન એ પંથેથી, સુખની રાખે આશા;— તે ધ્યાને૦
વિવિધ પ્રકારે મન વશ રાખી, કુશલપણે કેળવવું રે;
આપણને હાથે નહિ એકે, સુખ-દુખ સઘળું મળવું;— તે ધ્યાને૦
સુખમાં છકી ન જાવું સજની, ડરવું ન કદી દુઃખમાં રે;
પરને પીડે એવાં અવ્રિત, વચન ન આવે મુખમાં— તે ધ્યાને૦
વિના રજાએ કદી એકલાં, ઘરથી દૂર ન જાવું રે;
સંબંધીને સુખ ઉપજાવી, પોતે સુખિયાં થાવું;— તે ધ્યાને૦
શુભ મારગ લહિને સંચરતાં, આનંદે દિન વીને રે;
આ અવતાર અફલ ન જવા દે, જગતવિષે તે જીતે;— તે ધ્યાને૦

ગરબી ૧૨ મી*

(કહાં ગયા પેલો મોરલીવાળો)—એ રાગ,

સખિઓ સાચી વાત કહું છું, સાર લહી બહુ સારો રે;
ધારો ધ્યાન તમે જો તેમાં, સુધરે જન્મ તમારો રે;— સ૦
બાલપણામાં, માતપિતાને, વિનયવડે વશ રે'વું રે;
તન-મનનું તેની પાસેથી, મિક્ષણ સઘળું લેવું રે;— સ૦
ચંચલતા ને ચતુરપણાથી, કામ કુંવરિએ કરવું રે;
સદ્‌ગુણથી સંતોષ દઇને, દુર્ગુણથી બહુ ડરવું રે;— સ૦
માતપિતાના શુભ ઉપકારો, મનમાંથી ન વિસરિએ રે;
ઘરનાં કામ ઘણાં જે ઘટતાં, કુશલપણાથી કરિએ રે;— સ૦
યોગ્યપણે માતપિતા આપે, તેવા વરને વરિએ રે;
એ પતિને અનુકૂલ રહીને, આ ભવસાગર તરિએ રે;— સ૦
પતિનું ઘર પોતાનું થાતાં ભાર ઉપાડી લેવો રે;
વિનય-વિવેકવડે વશ રે'વું ધર્મ તમારો તેવો રે;— સ૦

* રાસડામાં, ઠુમરીમાં, પ્રભાતીયામાં, મરાઠી ચાલમાં, ઇન્દ્રિરાછંદ વિગેરે અનેક રાગમાં.

પિયર રહી જે શીખ્યાં તેનો, ઉપયોગ અહીં કરજો રે;
ઉપદેશ મળે જે જે બીજો, તે અંતરમાં ધરજો રે;— સ૦
સાસૂ સસરો જેઠ દિયરજી, એનું માન વધારો રે;
જેઠાણી દેરાણીને પણ, આદર દેવો સારો રે;— સ૦
ઘરસંસાર-નિશાળવિષેથી, ભણતર રૂડું ભણવું રે;
સંકટ શિરપર આવે તો તો, તે ગુણકારક ગણવું રે;— સ૦
માયાળુ મનથી સહુસાથે, પરિચય સારો કરવો રે;
મારૂં તારૂં મનથી તજવું, એ ગુણ ગણવો ગરવો રે;— સ૦
સહુનાં બાલક સરખાં ગણવાં, ભવમાં ભેદ ન સારો રે;
સંપ સરલતા રાખી સહુમાં; સુખ સંપૂર્ણ વધારો રે;— સ૦
મર્યાદા તન-મન-વચનોમાં, પ્રેમે પ્રતિદિન પાળો રે;
હોય કર્યાં જે આજ સુધીમાં, સુકૃત તે સંભાળો રે;— સ૦
હું કોણ અને મારે કરવું, શું તે સહજ વિચારો રે;
પતિની છાયા થઇને રહેવું, એ છે ધર્મ તમારો રે;— સ૦
પ્રિયહિત વચનો વદવાં મુખથી, વિનય વિવેકે નમતાં રે;
કામ કરો કરથી સહુ તેવાં, પતિ-ગુરુજનને ગમતાં રે;— સ૦
શીલ અને સૌભાગ્ય સદાનાં, શુભ આભૂષણ શોભે રે;
પ્રાણવિના તન જેવાં બીજાં, એમાં મન શું લોભે રે— સ૦
પ્રૌઢપણાનાં પટકુલ અંગે, પ્હેરો પ્રમદા પ્રીતે રે;
નાકતણું મોતી મર્યાદા, સાચવજો શુભ રીતે રે;— સ૦
નીતિ ન્યાય કડાં છે કરનાં, તે તનને શોભાવે રે,
આવો સમય સખી સંસારે, વારંવાર ન આવે રે;— સ૦
પતિના નામ તણો હીરાનો, હાર હૃદયમાં ધરવો રે;
આ રીતે સદ્‌ગુણ સઘળાનો, શણગાર રૂડો કરવો રે;— સ૦
જોડી જડી જે સજની તમને, એને ઇશ્વર માનોરે;
પત્નીના પરમેશ્વર પતિ છે, એમાં સંશય શાનો રે;— સ૦
સંસારવિષે સુખનાં સાધન, એ પતિને આધારે રે;
આ સંસારથકી અબલાને, અંતે એ પતિ તારે રે— સ૦

પ્રેમ કરીને સેવા કરવી, જન્મ વૃથા નહિ જાવા રે;
ગુરુજનને પણ આદર દેવો. પૂરાં પુણ્ય કમાવા રે:— સ૦
જપ તપ ઇશ્વરનું આરાધન, સાવધ થઇને કરવું રે;
કેશવ હરિનું અંતરમાંથી, નામ કદિ ન વિસરવું રે;— સ૦

ગરબી ૧૩ મી.

રાગ ઘોલ

પ્રાણનાથ કહે નિજ નારીને, આવ્યો ઉત્તમ આ અવતાર;
આનંદ અપાર;— સજો શણગારને૦
છડા છાબડા અણવટ વીંછીઆ, લાજ લંગર થાય ન ભાર;
સદા સુખકાર;— સજો શણગારને૦
કુલરીતિ જુઓ કટિમેખલા, સદાચાર ચૂડીની જોડ;
ખામી કે ન ખોડ;— સજો શણગારને૦
કામકાજ કરે વેઢ વીંટીઓ, સંપજંપ કડાંની જોડ;
હોંશે ધરી હોડ;— સજો શણગારને૦
ધ્યાન ધીરજ તે બાજુબંધ છે, કરુણામય કાનના કાપ;
આપે નહિ તાપ;— સજો શણગારને૦
દાન પુણ્ય ઉપરની પાંદડી, નથ નાકની નાથનું નામ;
સદા સુખધામ;— સજો શણગારને૦
પતિસેવન મંગળસૂત્ર છે, ચતુરાઇ છે ચંદનહાર;
વિવેક વિચાર;— સજો શણગારને૦
મન નિર્મલ મોહનમાલ છે, જવ માંદળીયાં યશરૂપ;
રહે બહુ રૂપ;— સજો શણગારને૦
શુભ સૌભાગ્ય સુંદર ચાંદલો, તાંત ત્રેવડી સુંદર શીલ;
ધરો નહિ ઢીલ;— સજો શણગારને૦
નમ્રભાવ નકી નાગફેણ છે, કેત કેવડો તત્વવિચાર;
તજી તકરાર;— સજો શણગારને૦
નીતિ ન્યાય વિચાર છે કંચુકી, માન સુંદર સાડીસમાન;
મેલી અભિમાન;— સજો શણગારને૦

ઘરરક્ષણ ઝાંઝર ઘુઘરા, પુરૂં પ્રૌઢપણું પગપાન;
જરાય ન જાન;-- સજો શણગારને૦
આવાં ભૂષણ ભામિની શોભશે, બીજા કેશવ કેવલ ભાર;
અસત્ય અસાર;-- સજો શણગારને૦

ગરબી ૧૪ મી.

(રાગ ઉપર પ્રમાણે)

આવો ઉતમ માનવ દેહ છે, કૂલજાતિ વળી અનુકૂલ;
મળ્યાં છે અમૂલ;-- ભૂલો નહિ ભામિની.
મન વાણી સદા વશ રાખવાં, શીલ સુંદર છે શણગાર;
વધે અધિકાર;-- ભૂલો નહિ ભામિની.
ચિન્ત ચોખું ખરી ચતુરાઈ તે, સત્ય સંપત સ્વામીની પ્રીતિ;
સદા શુભ રીતિ;-- ભૂલો નહિ ભામિની.
મન વાણી ક્રિયા એક રાખતાં, પ્રાણનાથ પ્રસન્ન કરાય;
મહાસુખ થાય;-- ભૂલો નહિ ભામિની.
લાજ મર્યાદા પ્રૌઢપણાવડે શીલભૂષણ સાધી શકાય;
રીઝે હરિરાય;-- ભૂલો નહિ ભામિની.
રાગ-દ્વેષની વાત વિસારીએ, વળી મારીએ મોહવિકાર;
વિવેકવિચાર;-- ભૂલો નહિ ભામિની.
રંગરૂપ તરંગસમાન છે, તન યૌવનનું પણ તેમ;
અનાદિથી એમ;-- ભૂલો નહિ ભામિની.
બાલા બોલિએ બોલ વિચારીને, કલેશ કંકાસનું નહિ કામ;
સદા સુખધામ;— ભૂલો નહિ ભામિની.
પતિસેવાપરાયણ થઈ રહી, નિજ ધર્મનું રાખતાં ધ્યાન;
તજો અભિમાન;— ભુલો નહિ ભામિની.
દેવપુજન વ્રત જપ નાથ છે, શીદ દોડીએ બાહ્ય બહાર;
ભલાં ઘરબાર;— ભૂલો નહિ ભામિની.
સંપ સંસારમાં સુખરૂપ છે, જંપ જાળવિએ દિનરાત;
સદૈવ નિરાંત;— ભૂલો નહિ ભામિની.

સુખ દુઃખ સહન કરવાં બધાં, ધરી ધિરજની શુભ ઢાલ;
વિશેષ વિશાલ;— ભૂલો નહિ ભામિની.
પ્રેમ રાખી સદાચાર પાળીએ, નમ્રભાવે રહી રળીઆત;
ઉજાળીએ જાત;— ભૂલો નહિ ભામિની.
કોઈ રાંક તવંગર છે નહિ, સ્વપ્નરૂપ ખરેખર ખેલ;
માયાનો રચેલ;— ભૂલો નહિ ભામિની.
શુભ રીતિથી સદ્ગુણ સંધરો, યશ પુણ્યપવિત્ર પમાય;
અનન્ય ઉપાય:— ભૂલો નહિ ભામિની.
દેખી આ દુનિઆના દાખલા, નિત્ય **કેશવ** લેવો સુબોધ;
વિસારી વિરોધ; ભૂલો નહિ ભામિની.

ગરબી ૧૫ મી

(રાગ ઉપર પ્રમાણે)

પાણી ગ્રહણ થયા પછી પ્રમદા, પરહરતાં પિયર સહવાસ;
ન થાય ઉદાસ;— પતિવ્રત એજ છે.
ભાવ રાખી ભજે ભરથારને, મન વચન કરી દઇ એક;
વિશેષ વિવેક;— પતિવ્રત એજ છે.
સુખ–દુઃખમાં સહનપણું ધરી, નહિ કષ્ટવડે કચવાય;
સમય સચવાય— પતિવ્રત એજ છે.
લાગે સંપૂર્ણ સુખમય સાસરૂં, દોષદષ્ટિ જરાય ન થાય;
હ્રદય હરખાય; પતિવ્રત એજ છે.
સ્નેહી સંબંધી કે જન કોઇને, નહિ કોઇ દિને અપમાન;
મળે બહુમાન;— પતિવ્રત એજ છે,
ગુરુજનની સરસ થાય સેવના સચવાય સદા કુલરીતિ;
પિયરપર પ્રીતિ;— પતિવ્રત એજ છે;
ઉંચો અક્ષર એક ન નીકળે, વ્હાલા વિનય–વિવેક–વિચારઃ
નિયમપર પ્યાર;— પતિવ્રત એજ છે,
અન્ય વિષય ન આવે અંતરે, લોભ મોહે ન મન લલચાય;
સંતોષ સદાય;— પતિવ્રત એજ છે.

જીવ જેવું સદા શીલ સાચવે, મન ઇન્દ્રિય પણ વશ હોય;
કપટ નહિ કોય;-- પતિવ્રત એજ છે,
દાન પુણ્ય અને દાક્ષિણ્યતા, થઈ નાથને નિત્ય સહાય;
પ્રેમે પથરાય;— પતિવ્રત એજ છે,
ચિત્ત વિત્તવિષે વળગે નહીં, વળી વૈભવ માંહિં અભાવ;
ભર્તાપર ભાવ;-- પતિવ્રત એજ છે,
નિત્ય આનંદ આપે નાથને, વશ વિદ્યા–કલાથી વિશેષ;
લજાય ન લેશ;-- પતિવ્રત એજ છે,
મન વચન ક્રિયાથી કામિની, થઈ છત્રની છાયા સમાન;
તજે અભિમાન;-- પતિવ્રત એજ છે,
દીન ઉપર દયા નિત્ય ધરે, કરે કોઇ ઉપર નહિ ક્રોધ;
સદૈવ સુબોધ;-- પતિવ્રત એજ છે,
પુણ્યરૂપ પવિત્ર પ્રભાવ છે, દુષ્ટ દ્રષ્ટિ કરે નહિ કોઇ;
ગમે તેમ હોય;— પતિવ્રત એજ છે,
નાના વયમાં સધારે પ્રૌઢતા, સત્ય સરલપણું નિજ અંગ;
સદા શુભસંગ;-- પતિવ્રત એજ છે,
અંગ કોઈ ઉઘાડું રહે નહિ, ટાપટીપ ગમે નહિ લેશ;
સુશોભિત વેશ;-- પતિવ્રત એજ છે,
ડર દુર્જનનો દૂરથી રહે, વશ્ય હોય બધો વ્યવહાર;
ભલાં ઘરબાર;-- પતિવ્રત એજ છે,
સદાચાર વિષે ચૂકે નહીં, હૈયે હોય છે નાથનું નામ;
કરે ઘરકામ;-- પતિવ્રત એજ છે,
નિત્ય આનંદ અંતરમાં રહે, આત્મ ભાવે હૃદય ભરપૂર;
સમયપર શૂર;-- પતિવ્રત એજ છે,
વાંચે કુશલ સદા નિજ કંથનું, ધારે ધિરજ ને નિજ ધર્મ;
કરે શુભકર્મ;— પતિવ્રત એજ છે૦
કહે **કેશવ** માનવ જન્મમાં, શુભ સાધન સર્વ સધાય;
રીઝે હરિરાય;— પતિવ્રત એજ છે૦

ગરબી ૧૬ મી

સખિઓ સાચી વાત કહું છું, સાર વિચારી સારો રે;
ધારો ધ્યાન તમે જો તેમાં, સુધરે જન્મ તમારો રે;— સ૦
પોતે પહેલાં વ્હેલાં ઉઠી. અરુણોદયને ટાણે રે;
ઉંઘ અને આળસને મેલી, શયન વિસરિએ વ્હાણે રે;— સ૦
સ્મરણ સહજ ઇશ્વરનું કરતાં, ધ્યાનપરાયણ થાવું રે;
શરીર ચિંતા દૂર કરીને, શીતલ જલથી ન્હાવું રે;— સ૦
વસ્ત્ર પવિત્ર ધરીને અંગે, અંતરમાંહિ ઉમંગે રે;
જાતે જાગૃત કરવા પતિને, હળવે વચન તરંગે રે;-- સ૦
દાતણપાણી પ્રથમ કરાવી, ન્હવરાવી શુભ નીરે રે;
પીતાંબરઆદિક ધરવાને, આગળ ધરવાં ધીરે રે;-- સ૦
ઇશ્વરસેવાને સામગ્રી, ચંદન પુષ્પ વગેરે રે;
તૈયાર કરી દેવાં ટાણે, જ્યાં પીતાંબર પહેરે રે;— સ૦
સંધ્યા સેવા સમયે પોતે, પાસે પ્રતિદિન રે'વું રે;
જે માગે મુખથી તે સમયે, તરત લયાવી દેવું રે;— સ૦
પૂજાથી પરવારે ત્યારે, તેની પૂજા કરવી રે;
અંતર્ગત ગુરૂજનની સેવા, વનિતાએ ન વિસરવી રે;— સ૦
દળવું પાણી ભરવું પ્રેમે, કરવી સરસ રસોઈ રે;
પ્રેમ કરી પોતે પીરસવું, સૂક્ષ્મ નજરથી જોઇ રે;— સ૦
સહુને પ્રથમ જમાડી દાડી; પાછળ પોતે જમવું રે;
હોય કશું જો કામ કદિક તો, ગુરૂજનને જઇ નમવું રે;—સ૦
કરતાં કામ નિરંતર ફરતાં, ભાવ વધારી ભારે રે;
મર્યાદા સચવાય નિરંતર, કરવું તેમ તમારે રે;— સ૦
કામ બધું ઘરનું પરવારી, પ્હેરી સુંદર સાળુ રે;
અંતઃપુરમાં બેસિ નિરંતર, ભરવું ભરત રૂપાળું રે;— સ૦
વાંચન નીતિવિષયનું વાંચી, સાર વિચારી લેવો રે;
ઉદ્યમ કરવો નિત્ય ઉમંગે, સુખ ઉપજાવે એવો રે;-- સ૦

જે સમયે પતિ ઘેર પધારે, આપી આસન પાણી રે;
સુખ ઉપજે એના અંતરમાં, એમ ઉચરવી વાણી રે;-- સ૦
એજ પ્રમાણે ગુરૂજનને પણ, કુલમર્યાદા રીતે રે;
માન વધારી આશિષ લે જે, જગતવિષે તે જીતે રે;-- સ૦
શીલ સદાચરણે ને સાચે, પરમેશ્વર વશ કરવા રે;
સમય મળ્યો છે સારો તમને, ભવસાગરને તરવા રે;— સ૦
પાલન-પોષણ ઘટતી રીતે, ઘરમાં સહુનું કરવું રે;
દુર્જન ને દુર્ગુણથકી તો, દૂરથકી પણ ડરવું રે;-- સ૦
દુ:ખ અને સુખ સહુને સરખાં, સમજે જે શુભ નારી રે;
પ્રાણીમાત્રતણું પ્રિય ઇચ્છે, તેની છે બલહારી રે;-- સ૦
જત તપ ઇશ્વરનું આરાધન, સાવધ થઇને કરવું રે;
કેશવ પ્રભુનું અંતરમાંથી, નામ કદી ન વિસરવું રે;-- સ૦

ગરબી ૧૭ મી

ઊપર પ્રમાણે

સખિઓ સાચી વાત કહું છું, સાર વિચારી સારો રે;
ધારો ધ્યાન તમે જો તેમાં, સુધરે જન્મ તમારો રે;-- સ૦
કોઈ પ્રસંગે કોઇ સમયમાં, ઘરમાં કે જલઘાટે રે;
સ્ત્રીજન પણ નિજ અંગ ન દેખે, જાતાં વળતાં વાટે રે;—સ૦
વાવ સરોવર નદિએ ન્હાવા, કુલવાને નહિ જાવું રે;
જરૂર જાવું કદિક પડે તો, નિર્મર્યાદ ન ન્હાવું રે;— સ૦
જરૂર પડે તો પ્રૌઢપણાથી, જાવું ગુરૂજન સંગે રે;
સરખે સરખાંની હાંસી પણ, ન કરો કોઇ પ્રસંગે રે;— સ૦
ધીરી ચાલ વિચારી ચાલો, નાકપઘોર નિહાળી રે;
રૂપ અને યૌવનના મદથી, મનને પાછું વાળી રે;-- સ૦
અજવાળે ઉભીને કપડાં, કોઈ દિવસ નહિ ધરવાં રે;
ધરવાં વસ્ત્રાભૂષણ તે પણ, જેમ ન લાગે વરવાં રે— સ૦

ઉંચાં નીચાં અંગ ન લાગે, ઓઢણુ ઓઢો એવાં રે;
આછકડાં ને અંગ ન ઢાંકે તજવાં કપડાં તેવાં રે;— સ૦
ઉંચે સ્વરથી વાત ન કરવી; હોઠ બહાર ન હસવું રે;
સદાચરણની સડક ઉપરથી, તલભાર નહીં ખસવું રે;— સ૦
બારે કે બારીમાં લટકી, જાતે કાંઈ ન જોવું રે;
જે તે વાતવિષે અણુસમજે, રીસ કરિ નહિ રોવું રે;— સ૦
પીડા થાય હૃદયમાં પરને, એવાં વચન નઠારાં રે;
સુખ ઉપજે ને આશિષ આપે, એવાં સમજો સારાં રે;— સ૦
ભાંડભવાઈ નાચ તમાસા, નયને નહિ નિરખિએ રે;
પોતાની કે પરની નિંદા, સાંભળવી નહિ સખિએ રે;— સ૦
નહિ ખાવા સમ દેવા ન કદિ, શાખ ન ખોટી ભરવી રે;
માન અને અપમાનતણી પણ, વાત ન બીજે કરવી રે;— સ૦
દળવા ભરવા કે આથડવા, પરને ઘેર ન જાવું રે;
દુઃખ અને સુખ જે પોતાને, ગાંડાં ક્યાંહિ ન ગાવું રે;— સ૦
મારે આમ અને આવું રે છે, વાત ઉઘાડી એવી રે;
હરખપદૂડાં થઇને પોતે, બીજાને નહિ કે'વી રે;— સ૦
શું કહું બ્હેનો સર્વ પ્રકારે, સદ્‌ગુણ સઘળા લેવા રે;
ગુરુજનને પતિનું પ્રિય કરવું, એ હરિહરની સેવા રે;— સ૦
મનન સદા પતિપદનું કરવું, ગુણ ઇશ્વરના ગાવા રે;
સુખ મેળવવા સઘળાં સાચાં, દુઃખ હૃદયનાં જાવા રે;— સ૦
જપ તપ ઇશ્વરનું આરાધન, સાવધ થઇને કરવું રે;
કેશવહરિનું અંતરમાંથી, નામ કદી ન વિસરવું રે; સ૦

સ્ત્રીજનોપયોગી બોધ.

(૧)

હોરી.

આવો સમય નહીં આવનારો રૂડો ઉદય સદા કરનારો. આવો ટેક.

માનવ જાતિવિષે શુભ આવ્યો,-અવતાર ભવતારનારો;
આયુષ્ય તેમ મળ્યું વળી તેવું હેતે હવે કંઈ વિચારો;
હીરો હાથ આવ્યો ન હારો; આવો૦
ગયા પલ પાછી મળે નવ નિશ્ચે, અંતરમાંહિ ઉતારો,
વિશ્વાસ કાલતણો નવ કરિએ, એનો અકલ પંથ ન્યારો;
ગયા ખાઇ ગોથાં હજારો; આવો૦
નિત્ય સ્વધર્મ પ્રમાણે વરતવા, પુણ્યમાં કરવા વધારો;
કરવો નહીં કોઇ દિવસ ઉધારો, લેવો પરમ પંથ સારો;
સદા ભવભય હરનારો; આવો૦
સદ્‌ગુણમાં શુભ ભૂષણ પ્હેરી શરીર સદા શણગારો.
દુર્ગુણ દૂર રહે નહિ તેવો, કરવો ન કદિ અણુસારો;
ભલે હોય લાભ હજારો; આવો૦
કંઠે ધરી શીલચિંતામણીને, શોભા સદૈવ વધારો;
સત્સંગ સાથ લઇ ગુણીજનનો, પુણ્યને પંથે પધારો;
વારંવાર આવે ન આરો; આવો૦
સાધન સુખ કરવાનાં સદાનાં, સમય સુધારી ઉગારો;
કૂડ કપટ ને અસત્ય ભરેલી, વાણીનો તજીએ લવારો;
ન બાંધિએ પાપનો ભારો! આવો૦
પ્રૌઢપણામાં કરી નિત્ય પ્રીતિ, નીતિનો કરવો વધારો;
વાણી અને મન વશ કરવામાં શમ દમ ઉત્તમ ધારો;
તેમાં રહ્યો ધર્મ તમારો; આવો૦
વાવવું સંપનું વૃક્ષ સદય થૈ, નિજ કૂલમાં કરી કયારો;
દેવું ન દુઃખ કદી દીનજનને, હેતેથી હરવો કુધારો;
સદા દુઃખ દઈ દમનારો; આવો૦
આ ક્ષણભંગુર દેહ સમજવો, જન્મ-મરણ ધરનારો;
ચેતી સહુ ચિત્તમાંહિ ચતુરનર, વેગે કરીને વિસારો;
વિષયવાસનાના વિકારો; આવો૦
લાવી દયા દીલમાંહિ વિશેષે, પરહરિ નિત્ય "હું" કારો;
આત્મસમાંન સમગ્ર ગણીને, કયાંહિ ન કરિએ તુંકારો;
જીભે રાખિએ જી જીકારો; આવો૦

આ ભવસાગર ભાવથી તરવા, શોધવા શ્રેષ્ઠ પ્રકારો
તેવિણુ કોને કહો કઈ રીતે, તાપ ત્રિવિધ ટળનારો ?
સદા મનમાં જલનારો; આવો૦
પાપને પંથ ચડે જે અધમ નર, નરકાવશે પડનારો;
હાથે કરીને હેરાન થવાને, યમની પુરીમાં જનારો;
આવે કેમ એનો કિનારો ! આવો૦
કેશવ હરિચરણે ચિત્ત રાખી, નરક જવાનું નિવારો;
વેદ અને શુભ શાસ્ત્રના વચને,-પાડવો નિત્ય પનારો;
અભિપ્રાય એવો અમારે; આવો૦

---

[૨]

પાળો નિત્ય સદાચાર સારો;
એજ ધર્મ ખરો છે તમારો.—પાળો. ૨૬૦
શીલ તણો શણગાર સજીને, શરીર સદા શણગારો;
પ્રૌઢપણાનાં ધરી વસ્ત્ર સારાં, શોભામાં કરવો વધારો;
કરી દુર્ગુણનો વિસારો; પાળો૦
યમ નિયમાદિકમાં કરી પ્રીતિ, મેલીએ માર્ગ નઠારો;
સદ્‌ગુણ ગ્રહણ કરી જ્ઞાન અંશે, પાપનો પંથ નિવારો;
આવ્યો આજ ઉત્તમ વારો; પાળો૦
દૈવે દીધેલ દયા કરી તમને, સફલ કરો જન્મ વારો;
નિઃસાર સંસારમાં સાર લેવા, નિત્યે વિવેકે વિચારો;
તજી તન-મનના વિકારો; પાળો૦
વાણી અને મન વશ કરવાનો, નિશ્ચે પ્રકાર છે સારો;
નિગમ અને આગમોના વચનમાં, આસ્તિકતાને વધારો;
જાણી કાલ વેગે જનારો; પાળો૦
ઉદય સદા કરનાર સહુનો, કામ કરે કરતા રો';
પ્રૌઢ અને પુણ્યકારક વાતો, ધ્યાને સદા ધરતા રો';
મહામદને હરનારો; પાળો૦
પર ઉપકાર કરો નિત્ય કોડે, સર્વે જનોપર સારો;
ભાવ ધરી ભવસાગર તરવા, કેશવ હરિ ભજતા રો';
અભિપ્રાય એજ અમારો; પાળો૦

૩

સદાચાર પાળવો બહુ સારોરે, એજ ધર્મ ખરો છે તમારો—સદા૦
ધન–વિદ્યાતણો મદ તજવો રે, સુખકારક મારગ સજવો રે;
પીડા પરને કરી નહિ પજવો;—સદા૦
સત્ય બોલવું ચાલવું ચોંપે રે, જેમ જગતપતિ નહિ કોપે રે;
એથી આપણનું કુલ ઓપે;—સદા૦
શુદ્ધ ચિત્ત કરી નિત્ય રે'વું રે, સ્મૃતિ શાસ્ત્ર બતાવે જેવું રે;
અન્ય વાતમાં ચિત્ત ન દેવું—સદા૦
આશા તૃષ્ણા તજી કોઈ દે છે રે, શાંત થઇને સદા સુખ લે છે રે;
શુદ્ધ આનંદનું રૂપ તે છે;—સદા૦
પાળવો નિત્ય નિજનો ધર્મ રે, તેનો અંતર જાણીને ભર્મ રે;
કરિએ યશકારક કર્મ;—સદા૦
કામ ક્રોધ સદા પરહરવા રે, લોભ મોહ વળી વશ કરવા રે;
મદ મત્સર દેવા ન ઠરવા;—સદા૦
અભિમાન ન કરવું લેશ રે; કદિ કરિએ નહિ કાંઇ કલેશ રે;
વદવું નહિ વાકય વિશેષ—સદા૦
પરનિંદા સદા પરહરવી રે, દયા દીન જનોપર કરવી રે;
નહિ નીતિની વાત વિસરવી;—સદા૦
નિત્ય તન-મન નિર્મલ કરજો રે; શીલ ચિંતામણી સંઘરજો રે;
દુષ્ટ દુર્ગુણ દૈત્યથી ડરજો;—સદા૦
ધર્મ–વ્હાણુ વિના સંસારે રે, અન્ય આવી નહિ કોઇ તારે રે;
એમ જાણવું નિશ્ચે તમારે;—સદા૦
નિત્ય નિર્મલ ચિત્ત કરીનેરે, નિજ ધર્મને ધામ ઠરીને રે,
પામવું શુદ્ધ એક હરિને;—સદા૦
જ્યારે ઉત્તમ જન્મ મળ્યો છે રે, પુણ્યનો પુંજ તો ઉપળ્યો છે રે;
દૈવ ઇચ્છાથી દિવસ વળ્યો છે;—સદા૦
હાથ આવેલ હીરો ન હારો રે, ચિત્તે કંઇક ચતુર વિચારો રે;
શાણા સફલ કરો જન્મ વારો;—સદા૦
સેવા નારીએ નાથની કરવી રે, અન્ય વાત બધી પરહરવી રે;
તેમ પ્રીતિ સંપાદન કરવી;—સદા૦

અન્યોઅન્ય હળીમળી રે'વુ રે, બીજા આશ્રમનું સુખ લેવું રે;
થાય નિંદા તેવું તજી દેવું;—સદા૦
ભાવે ઇશ્વરનું પદ ભજવું રે, કામ બંધનકારક તજવું રે;
સુખકારક સાધન સજવું.—સદા૦

*પત્નીપર પતિના પત્ર.

[૧]

હું છું આનંદમાંહિ સદાય તમે પણ ત્યાં હશો;
મારો દુરથી કરતાં વિચાર, ઉદાસ નહીં થશો.
નથી કાગળ બાગળ કાંઇ, પૂરા પ્રેમથી ભર્યો;
આવે આળસ અંતરમાંહિ, એવો વાંક શો કર્યો ?

* * *

સારા મારગ ઉપર રોજ, સખિ મન વાળજો;
મન વચન ક્રિયાનાં કામ, સદૈવ સંભાળજો;
લાજ મર્યાદમાં રહિ રોજ, ઉજાળવી જાતને;
જાણી લેવી જગતની તેમ, બધી રીતભાતને.
સાર બીજો નથી તલભાર, સંસાર અસારમાં;
ભૂલી ભામિની જોજો લગાર, ભૂલી જાતાં ભારમાં,
માંડ માંડ મળ્યું આ શરીર, સુજાણ સુખી થવા;
આવ્યો સમય સખી સુખરૂપ, ન દેવો વૃથા જવા.
પ્રભુ ભજવા કરી શુભ ભાવ, વ્રતાદિક સાધને;
ક્ષમા કરશે જગતનો નાથ, બધા અપરાધને.
છિએ દૂર તથાપિ સદૈવ, નથી દૂર આપણે;
મન નિત્ય રહ્યાં છે મળેલ, દેખી લેજો ડા'પણે.
દેહભાવથી લખવું આમ, ઘટે ઘડીવાર તે;
નહિ તો લખવું ઘટે શું કામ, લગાર વિચાર તે.

* આ પત્રો કર્તાના ખાનગી વ્યવહારના છે. સ્ત્રીવર્ગને સુબોધક ધારી આ વિભાગમાં લીધા છે. લિ૦ પ્રસિદ્ધકર્તા.

મારા વૈરાગ્યના જે વિચાર, લખ્યા નથી તે અહીં;
વેશ ભાવે ભજાવા કલેશ, કદાપિ કરૂં નહીં.

(૨)

દોહરા.

નાનું વય છે તોયપણ, મૂલ થકી મોટાઈ;
ગનગમતી માની લઈ, લીધી લોઢ વડાઇ;
સંબંધી જન સર્વને, આપ્યો છે સંતોષ;
સદા સુંદરી જાતના, દૂર કર્યાં છે દોષ;
પ્રેમ સદા પતિપદવિષે, રહ્યા કરે દિનરાત;
બાલપણામાં બુદ્ધિથી, અહો ઉજળી જાત;
બડાઇ રાખી બોધને. બ્હાર બતાવે લોક;
અંતરમાં સમજી લહે, તે તમ જેવું કોક;
સખી કરી રાખી રહ્યાં, લાજ અને મર્યાદ;
કોઈ દિવસ ઉંચો અમે, નથી સાંભળ્યો સાદ;
કામકાજમાં કુશલતા, સહનશીલ ને શાન્ત;
પૂર્વપુણ્યના યોગથી, અંતરમાં એકાન્ત;
સદ્‌ગુણ ભૂષણ સંધર્યાં, એજ પુણ્યનો પંથ;
જોરવિના પણ યુક્તિથી, વશ કીધા છે કંથ;
જેણે આપ્યો છે અરે, વિનય વિવેક વિચાર;
તે ઇશ્વરને ઓળખી, જીત્યો છે સંસાર;
જે જે કરતાં હો તમે, કુશલપણાનાં કામ;
રીતભાતથી ભામિની, લખજો તમે તમામ;
સર્વ વાતમાં સર્વદા, રાખીને સંભાળ;
બુદ્ધિબલેથી બાંધિએ, પાણી પ્હેલાં પાળ.

પતિના હિતમાટે ઈશ્વર પ્રાર્થના.

(વ્હાલા રે મારા પ્રાણથકી પ્યારા) એ રાગ.

કુશલ મારા કંથતણું કરજો, અંતરયામી અરજ ઉરે ધરજો.
દીનાનાથ દુઃખ બધાં હરજો; કુશલ॰

નથી જપ તપ મેં કશું કીધું, નથી દાન દીનને કંઇ દીધું,
નથી હરિનામ મુખે લીધું; કુશલ૦
નથી ભાવ ભકિત હરિ ચરણે, ચાલી નથી ચોંપે સદાચરણે;,
હવે હું છું આપતણે શરણે; કુશલ૦
કરી નથી પૂજનમાં પ્રીતિ, જાણું નહિ નીતિ તણી રીતિ;
ગયું વય એમજ આ વીતી; કુશલ૦
પ્રભુ આપનાજ પ્રતાપથકી, સદા સુખ પામે સહુ એ નકી;
વિશ્વંભર એવી મને છે વકી; કુશલ૦
નહિ કોઇ જાણે તમારી ગતિ, મારી કોણમાત્ર કહોને મતિ;
તમે ત્રિગુણાત્મક વિશ્વપતિ; કુશલ૦
ભૂધર ભવસાગર આ ભારે, આશા એક આપની છે મારે;
રહી આપને એક આધારે, કુશલ૦
કઠણ કાલકેરી ગતિ કે'છે, ધિરજ સર્વ જનની હરી લે તે;
શંકા કરવા અવસર એ દે છે; કુશલ૦

[૨]

(વૈદરભી વનમાં વલવલે) એ રાગ.

કરજો કુશલ મારા કંથનું. દીનનાથ દયાળ;
સુખમાં સુવાડી ઉઠાડજો, હે પ્રણતપ્રતિપાળ; કરજો૦
સાચાં પિતામાત છો તમે, આખા વિશ્વના ઇશ;
ત્યારે વિશેષ હું શું કહું, આપને જગદીશ; કરજો૦
શેષ સહસ્ર મુખેકરી, ગુણ ગાય અપાર;
મુનિવર મથન કરી મુઆ, પામ્યા તોય ન પાર; કરજો૦
જ્ઞાન અને ગુણ છે નહિ, નથી વિનય વિચાર,
એક મુખે શું હું વર્ણવું, આશુતોષ આ વાર ? કરજો૦
પામ્યા પરમસુખ કૈંક તો, પામ્યા કૈંક પ્રતાપ;
કરૂણાકટાક્ષ કરી તમે, ટાળ્યા કૈંકના તાપ; કરજો૦
રાયને રંક કર્યા તમે, રંકને તેમ રાય,
દીનજનોને સદા કરી. આપે અધિક સહાય; કરજો૦

ધામ ધરા ધન મેળવી, સૌખ્ય પામ્યા અનેક;
આપના પુણ્યપ્રતાપથી રહી કૈંકની ટેક; કરજો૦
આપની આપ મોટાઇને, જોઇને મહારાજ;
આશા દાસીની દયાનિધિ, પૂર્ણ કરવાને કાજ; કરજો૦

सुकन्या मळवी ते पुण्यनुंज फल छे.

સુકન્યા પુણ્ય થકીજ પમાય, સુકન્યા પુણ્ય થકીજ પમાય,
શીલ સ્વભાવ સદાચરણેથી, જે જનમાં વંખણાય; સુ૦
નીરખતાં જેને નયનોથી, માતપિતા હરખાય; સુ૦
વિનય વિવેક અને સદ્દગુણથી, પ્રૌઢપણે પરખાય; સુ૦
પિયર સાસરાના કુલમાં જે, મોટી મોટી મનાય; સુ૦
કલા કુશલતા આદિક જેના, ગુણ ગણતાં ન ગણાય; સુ૦
મિથ્યા વાદવિવાદવિષે જે, કલેશ કરે ન કદાય; સુ૦
સાચી સુખકારક જે સમજે, સત્સંગતિની સહાય, સુ૦
ભરમાવે એવા ભરમે જે, ભવમાં નહિ ભરમાય; સુ૦
જે નીતિના નિર્મલ જલમાં, નિઃશંકપણે ન્હાય; સુ૦
જે પતિપદ પ્રેમેથી સેવી, ગુણગંભીર થઇ ગાય; સુ૦
જેના જન્મ વડે યશ વાધે રિદ્ધિસમૃદ્ધિ સુહાય; સુ૦
જેના દર્શનથી દુઃખ નાસે પાપ સમગ્ર પળાય; સુ૦
જપતપ પૂજન પતિ સેવા, સમજે સુખદ સહાય; સુ૦
પ્રૌઢપણાના નિત્ય પ્રતાપે, ઉજ્વલ કીર્તિ કમાય; સુ૦

*स्त्री उपर जुलम न करवाविषे

(શું રે જીવું આ સંસારમાં) એ રાગ.

જુલમ કદિ નવ કીજીએ અબલા ઉપર લગાર;
રે'મ હૃદયવિષે રાખીએ કારણ નિરબળ નાર. જુ૦
કેળવણી દઇ કેળવોરે, હાથે ન થશો હેરાન;
સુખ સઘળું હાથમાં છતાં, થાય હસવું ને હાણ; જુ૦
વાંક દેખો અબલાવિષે રે, તેને લેશ નવ દેશો દોષ;
એ તો દોષ તો માતતાનનો, જાણી કરવો ન રોષ; જુ૦

* સં૦ ૧૯૩૪ ના કાર્તિક શુદ ૯ સોમે, ઉમર ૨૧.

છે નિત્ય આધાર આપનો રે, સુખ થાવાનો એજ;
કારણવિણ તરછોડવી એથી શું બીજું ભેજ? જુ૦
જ્યારે તમ આનંદમાં રે, એવું દેખે તે આંખ;
ત્યારે તમારી અર્ધાંગના, લાભ લેખશે લાખ: જુ૦
દૈવે દીધી તમ હાથમાં રે, સુખે પાળવા કાજ;
તેને દુઃખી દીલ દેખીને, કેમ આવે ન લાજ? જુ૦
પરણી આવે ઘેર આપનેરે મેલી માત ને તાત;
આપને માટ બધું તજે, એ થોડી નહિ વાત; જુ૦
જોર નહિ એ જાતમાં રે, નારી નબળી ગણાય;
આપને સુખથી સદા સુખી, એમ જોતાં જણાય; જુ૦
પ્રથમ હાથ લઇ તેમનોરે, પ્રીત બાંધવા માટ;
એજ વિચાર સરી જવા, ખોલો ન મન-કપાટ. જુ૦
વ્હેમ વાલા નવ રાખવો રે, વિનકારણ લેશ;
તેમાં તમે દુઃખ પામશો, તેમ કરતાં વિશેષ; જુ૦
મેળવી એક બીજા તણી રે, પ્રીતિ નિજ મનમાંય;
સંસારનાં સુખ ભોગવો, તો રાજી જગરાય; જુ૦
નશીબજોગે કદિ જો મળી રે, દુઃખકારક નાર;
તોય ન કલેશ જરા કરો, જાણી સઘળું થનાર; જુ૦
કલેશ કરીને કદિ ચહો રે, સુખ થાવા જરાય:
પણ તે વિચારી જુઓ તમે, શું એ રીતથી થાય? જુ૦
લાખો જનોની સામનેરે, રાખી અગ્નિ જમાન;
વેદવચનથકી પરણીયા, થઈ બહુ ગુલતાન; જુ૦
વિશ્વાસઘાત પછી કરો રે, એવી અજબની રીત!
શોધી કયા શાસ્ત્રમાં થકી, ચાલવા વિપરીત! જુ૦
મૂઢ ન થાઓ માનવી રે, ખોવા સુખડાંની લાણ;
સાંભળો નીતિની રીતને, વદે વેદ પુરાણ; જુ૦
પાષાણ પણ ગળી જાય જો રે, દેખે અબળાનાં દુઃખ;
ન ગળે અરે દિલ આપનાં એ કેવાં મજબુત? જુ૦
ડર રે રાખો કોઇ દેવનો રે, લેશે સરખો રે ન્યાય;
લાઈ લાગે કૂપ ખોદવો, એથી શું ફલ થાય? જુ૦
કોમલ ઝાડને વાળવું, એ છે પ્રથમથી કામ;
તે તો તમારા મનોરથો, પૂરા કરશે તમામ; જુ૦

એવી રીતે બધું સમજજો રે, કરી મનમાં વિચાર;
કેળવણી દઇ નારને, થજો સુખ કરનાર; જુ૦
દોષ પોતાના પંડનો રે, મન જાણે ન કોય;
અવગુણ અન્યના પેખવા, સહુએ તત્પર હોય; જુ૦
નવ ભરમાઓ ભલા તમે રે, શોધો સાચો રે પંથ;
કંકાસ લેશ નહીં કરો, થૈ નિજ નારિના કંથ; જુ૦
સમજણ દેઇ સમજાવશો રે, જો તેના તમે નાથ;
સમજી હૃદય દોષ નિજના, તો તે જોડશે હાથ; જુ૦
પ્રાણપતિ સ્વામી માહરા રે, માફી માગું છું આજ;
આ અપરાધ ક્ષમા કરી, રાજી કરો મુજ કાજ; જુ૦
એવાં કોમલ વચનોથકી રે, તનમનથી હમેશ;
સેવા તમારી બજાવશે, કલેશ કરશે ન લેશ; જુ૦
પણ તે પ્હેલું કામ આપનું રે, ખરું કરવાનું એક;
તન–મન–ધનથકી કેળવો, આપી અદકો વિવેક; જુ૦
શાને હીરો હાથ આવીઓ રે, ખોવા ખાંતથી આપ;
જનમસુધી જે દાસી થઇ, તેને ક્રિપજનો તાપ; જુ૦
સમજણ હોય જરા મને રે, સમજો સાનમાં એક;
પ્રેમ પરસ્પર બાંધવા, કરજો યત્ન અનેક; જુ૦
હાથ લીધો છે તમ્હારો રે, એવું ધરી અભિમાન;
સંસારમાંહી સુખી થવા, આપો તેમને માન; જુ૦
નબળી પરે સમજુ થઇ રે, જોર ન કરો જરાય;
નાથ થઈ અવળા થશો, ત્યારે શું તેથી થાય ? જુ૦
આંસુ પાડીને બેશી રહે રે. બોલે નવ કાંઇ મૂખ;
એનાં બધાં દુઃખ ટાળીને, આપો અનુપમ સુખ; જુ૦
બંધાયા છો તમે એથકી રે, નવ છૂટયે છૂટાય;
એ મતલબ મન આણીને, કરો દુઃખ જયમ જાય; જુ૦
એ છે ખરો ધર્મ આપનો રે, જન્મ લઇ જગમાંય;
એથી જગતપતિ રીઝશે, શંકા છે નવ કાંઇ;
જુલમ કદિ નવ કીજીઓ, અબલા ઉપર લગાર;
કારણ નિર્બલ નાર.—જુ૦

વિભાગ ૬ ઠો.

પરચુરણ કવિતાસંગ્રહ.

વર્ણન-પદો.

प्रभातवर्णन.

[१]

राग भैरव.

થયો અરુણોદય આ સમજાય, થયો અરુણો૦
બોલે કીર મયૂર કોકિલા, કમલ પ્રફુલ્લિત થાય; થયો૦
ફૂલે ફૂલ પડે ફલ પાકલ, તે મુનિજન લઇ જાય; થયો૦
મધુર સુગંધ લઇ ગણગણતા, ભ્રમર બહુ હરખાય થયો૦
મંદ સુગંધ સમીર લઇ આવે, ભૈરવ રાગ ગવાય; થયો૦
રાત્રિવિકાસી કમલ ઉઘડેલાં, ક્રમથી સહુ કરમાય; થયો૦
કરવા શોક ચકોર લાગિયાં, ચક્રવાક હરખાય; થયો૦
તિમિર જાય સંતાઇ ગુફામાં, તારક સર્વ લજાય; થયો૦
સ્નાન ધ્યાન કરવા કોઇ લાગે ભાવે વેદ ભણાય; થયો૦
ઉદ્યોગી જન સહુ ઉદ્યોગે, ધર્મ-કર્મમાં ધાય; થયો૦
સચરાચર નિદ્રાને મેલી, જાગ્રત થાતું જણાય; થયો૦

---

[२]

राग रामग्री.

અધિકપ્રતાપ પ્રભુ તમે, જાગો રાજાધિરાજ;
સાધન સર્વ તૈયાર છે, શિવપૂજન કાજ; અધિક૦
કમલ પ્રફુલ્લિત થાય છે, મંદ આવે સુગંધ;
ષટ્પદગણ ગુણ ગાય છે, આપના સત્યસંધ; અધિક૦
આતો વિયોગ વિચારીને, ચિંતા પામે ચકોર;
સંયોગથી આનંદમાં, ચક્રવાક કિશોર; અધિક૦

પુષ્પ સમિધને વીણવા, મુનિબાલક દોડે;
સ્નાન સંધ્યા સહુએ કરે, કરી સંકલ્પ કોડે; અધિક૦
શબ્દ સરોવરમાં રૂડા, કલહંસ કરે છે;
સ્નાન કરી કેટલાક તો, મુનિજન નીસરે છે; અધિક૦
મેના પોપટ કાબરો, મનહર બોલ બોલે;
પાકેલ તે ફલ ફૂલને, ચાંપે ચાંચથી ઠોલે; અધિક૦
વેદ ભણે જે ઋષિજનો, તેના સ્વર સંભળાય;
પોપટ આદિક પક્ષિઓ, તે પ્રમાણેજ ગાય; અધિક૦
ગોદોહનાદિક કામમાં, ઋષિપત્નીઓ લાગ્યાં;
ખેડ કરિ જીવનાર તે, ખેતરે જવા લાગ્યાં; અધિક૦
તિમિર ભરાય ગુફાવિષે તેજથી તાપ પામી;
તૃણને કમલના પાનમાં, મોતીડાં જાય જામી; અધિક૦
સચરાચર વિશ્વમાં બધે પસરી છે પ્રવૃત્તિ,
દિવસપતિના પ્રભાવથી, થાય નિર્મલ વૃત્તિ; અધિક૦
ઘંટ ઘટીયંત્ર વાગિયાં, ઉઠો દર્શન આપો;
દીનદયાલ દયાનિધિ, દીનનાં દુઃખ કાપો; અધિક૦

वसंतवर्णन.

काफी.

વધાવો વ્હાલ ધરીને, આ સુખરૂપ વસંત;
નીરખતાં નયને અંતરમાં, આનંદ થાય અનંત; વધાવો૦
નવપલ્લવ તરુવરમાં શોભે, લોભે વિવિધ વિહંગ;
મંદ સુગંધ પવન લઇ પ્રસરે, ઉડે અતિશય ભૃંગ; વધાવો૦
બાલ રસાલ કુંદ બોલસરી, જાતી જુઈ લવિંગ;
કસુમ કમલના કુંજ અલૌકિક, દેખતાં થઇએ દિંગ; વધાવો૦
શીતલ જલ સંપૂર્ણ સરોવર, તેમાં મંદ તરંગ;
તન મન તાપ ટળે દર્શનથી, દિનપતિ પૂરે રંગ; વધાવો૦
સ્ત્રીજન મંગલ ગાય નિરંતર, ઘરઘર આજ ઉમંગ;
અત્તર અબિલ ગુલાલ અરગજા, ઉડે વિધવિધ રંગ; વધાવો૦
શુભ આભૂષણ પુફલ પ્હેરી, સર્વ સમારે અંગ;
ખાય પિએ સુખ સંપત માણે, પ્રાણસખાને સંગ; વધાવો૦

છૂટે છે ચોમેર ફૂવારા, વાગે તાલ મૃદંગ ;
ધૂપ દીપ પૂજન અર્ચનનો, કોણુ ન લે આનંદ ? વધાવો૦
કેશવ હરિનું રુપ સકલ છે, તે કહું કેમ અનંગ;
અણુસમજુ સોનાને મેલી, બલમાં વોરે બંગ; વધાવો૦
ક્ષણભંગુર તન તોપણુ સહુએ, સુખની રાખે ખંત;
કહે **કેશવ** હરિની માયામાં, ક્યાં આશાનો અંત ? વધાવો૦

वर्षाऋतुनु वर्णन.

राग–देश.

વર્ષાઋતુ શી સુખકારી—
પ્રાણીનું પ્રિય કરનારી રે—–

ચ્રાટી મેઘ ઘટા આકાશે, નિજ વિસ્તાર વધારી;
પૃથ્વીતલની ઉપર પુષ્કલ, નિર્મલ વરસે વારી; રે વર્ષા૦
ચમકે ચપલા થાય કડાકા, વજ્રપતન ભય ભારી;
જલનાં કડકડ બિંદુ પડેછે, બંધ બધે ઘર-બારી; રે વર્ષા૦
ટપકે તરુપલ્લવ છત છાજાં, ખૂબ ગળે ભૂ ખારી;
ગરીબ લોકનાં ઘર ટપકે છે, પલળી જાય પથારી; રે વર્ષા૦
પાંથ ફરે છે ઘર પર પાછા, કામ કુશલ પરવારી;
પ્રમદા પતિના ચરણુ પખાળે, ઝટ કરમાં લઇ ઝારી; રે વર્ષા૦
ભીંજે પશુ પક્ષીને પર્વત, ભીંજે ગોખ અટારી;
ડોળાં જલ ખળખળ ચાલે છે, નિરખે છે નરનારી; રે વર્ષા૦
સરિતા સ્રોત સરોવર છલકે, સર્વ દિશા શણુગારી;
લીલાં તૃણુ પલ્લવ શિખરોની, શોભા થઇ અતિસારી; રે વર્ષા૦
શીતલ મંદ પવન પૃથ્વી જલ, શીતલ અંગ વિકારી;
ઉનાં ઉનાં ખાન પાનની, રોજ રહે તૈયારી; રે વર્ષા૦
ઝુલે ઝુલાખાટ ખટકતી, મનરંજન કરનારી;
ઓઢે શાલ દુશાલા અંગે, પોઢે પ્રિયતમ પ્યારી; રે વર્ષા૦
ભૂખ દુઃખ તાપ રોગાદિક, અહિત બધાં હરનારી;
જીવનને દેનાર જગતમાં, એજ પરમ ઉપકારી; રે વર્ષા૦
પ્રોષિતપતિકા એક બિચારી, દિન ગાળે દુખિઆરી;
લીલાલ્હેર બધાને લેખે, ઇશ્વરની ગતિ ન્યારી; રે વર્ષા૦

પશુ પક્ષી બહુ જાય ભરાઇ, જલકીચડથી હારી;
લાભ હાનિની ચિંતા કરતા, મંદોદ્યમ વેપારી; રે વર્ષા૦
રાગી વૈરાગી જન સર્વે, રીઝે દોષ વિસારી;
બેસે ઠામ ઠરી હરિ ભજતાં, ભક્ત અને ભિખારી; રે વર્ષા૦
કોઇ સમય અંબરમાં ઉગે, ઇન્દ્રધનુષ જયકારી;
મોર કરે ટહુકાર મજાના રાગ મલાર ઉચ્ચારી; રે વર્ષા૦
ખેડુ જાય ખેતરે ખંતે, ગાય બળદ હંકારી;
અતિ આનંદે રમે બાલકો, મોઈ ડાંડિયે મારી; રે વર્ષા૦
બોલે દદુર તમતમ તમરાં, રાત ઘણી અંધારી;
વનચર લોકો વંશ વગાડે, ગીત અનેક ઉતારી; રે વર્ષા૦
કેશવ હરિએ કરુણા કીધી, ધર્મ હૃદયમાં ધારી;
વર્ણન કરતાં અંત ન આવે, બળિયાની બલિહારી; રે વર્ષા૦

वसंत अने कोकिला

इन्द्रवज्रा.

આ કોકિલા વારવધૂ નિહાળું, ગાયે જુઓ ગાન ઘણું રૂપાળું
આવ્યા ખરે આજ વસંતરાય, આરામના મ્હેલવિષે જણાય.

उपेन्द्रवज्रा.

ભલે રહ્યો પંચમ તુંબરામાં, સતાર ને તેમજ સુંદરીમાં;
સુણ્યો નથી પંચમ નાદ તેવો, કરે વસંતે કલકંઠ જેવો.

उपजाति.

વસંત રૂડો ઋતુરાજ આવ્યો, પુષ્પે લતાવલ્લરીએ વધાવ્યો;
આ કોકિલ ગાયક શુદ્ધ ગાઇ, આપે સહુને શુભ તે વધાઇ.

वंशस्थ.

વસંતની રાજ્ય સભા ભરાય છે, સમાજની સુંદરતા રચાય છે;
ઉંચે સ્વરે કોકિલ ગાન ગાયછે, સતાર તે કીચક શબ્દ થાય છે,

चन्द्रवर्णन.

उपजाति.

આ ચંદ્રમાં ભૂષણ શુભ્ર ભાળું, નિશારૂપી નારનણું રૂપાળું;
અંકોટિની આકૃતિ વાહ ! સારી, વિધાત્રીએ ઠીક કરી વિચારી.

उपेन्द्रवज्रा.

નિશ્ચે નિશા સ્ત્રીજનનો અરીસો, તેજસ્વી આ ચંદ્ર જણાય લીસો;
માલીન્ય ભાસે કંઇ મધ્યભાગે, દેહાતણું એ પ્રતિબિંબ લાગે.
રાત્રિરૂપી સ્ત્રીજનનો નિહાળો, આ ચાંદલો ચંદનણો કરેલો;
સૌભાગ્યતા દર્શક ને રૂપાળો, લલ્લાડમાં લાયક તે ઠરેલો.

वंशस्थ.

યથા નિશાનાથ તથાપિ તે ક્ષયી, ભલે રહ્યા શીતલતા વિષે જથી.
જો ઇન્દ્રિયોને વશ રાખતા નથી, તો નિર્જરોનો પણ નાસ છે નકી.

उपजाति.

જાણે જગન્નાથતણો દડો છે, પિતામહે પ્રેમથકી ઘડ્યો છે;
દડ્યા કરે ઇશ્વરનો દડાવ્યો, અદ્યાપિ તે ઠામવિષે ન આવ્યો.

---

† प्रेमविषे विचार.

दोहरा.

દેખે કદી ન દોષને, પ્રથમ થનારો પ્રેમ;
કૂલ મૂલ લેખે નહીં, ન જુવે સારો નેમ.
સદ્ગુણથી નવ સાંપડે, સંપ થકી નવ થાય;
કોડ ઉપાય કરે કદી, મ્હેનતથી નવ થાય.
પૂર્વ જન્મમાં પૂણ્ય ને, અધિક વાસના એજ;
આ ઠેકાણે ઓળખો, સંધીકારણ તેજ.
સ્હેજ વારમાં થાય છે, પ્રીત પરમ પ્રખ્યાત;
એની કો જાણે નહીં, અંતર ઉંડી વાત.

---

† આ કવિતા સન ૧૯૩૨ ના અશાડ વદીમાં લખાએલી પાછળથી [illegible] આવવાં આ વર્ગમાં દાખલ કરેલી છે. લિ. પ્રસિદ્ધ કર્તા.

સુખ સન્મિત્રાદિતણું, મુખ વર્ણવ્યું ન જાય;
ભૂપર ભોગવનારને, ખરો અનુભવ થાય.
પ્રીત પરમ જેને હશે, પરસ્પરે બહુ પેર;
તેને સુખ-સંપત્તિની, સદાય લીલા લ્હેર;
જો નવ જડે જગતવિષે, પુત્ર મિત્ર ને નાર;
તો પોષેલા દેહના, જન્મવિષે ધિક્કાર.
પ્રીત પ્રેમ ને નેહ એ, સ્નેહ મિત્રતા નામ;
અર્થ એહનો એક છે, નામ જુજવાં આમ.

मरणना शोकसंबंधी पद्यो.

मातृमरणसंबंधी शोक.

શું આ નાટકમાં ધરેલ તુજનો તે વેશ પૂરો થયો ?
કે મારો સુખરૂપ સૂર્ય હમણાંથી અસ્ત પામી ગયો ?
મારા ઉપરનું મમત્વ પણ તે શું પ્રાણસાથે ગયું ?
શી રીતે સમજાય અંતરવિષે હે માત ! આ શું થયું ?
આ સંસાર અસાર અંતરવિષે માની ગઇ શું મરી ?
કે તારાં તનુજોથકી નહિ બની તારી ખરી ચાકરી ?
શ્રીવૈકુંઠથકી વિમાન તમને આવ્યું અહીં તેડવા ?
શું મેલી સઘળી ઉપાધિ સમજી ચાલી સુખી તું થવા ?
પાળી પ્રેમવડે હવે પરહરી પોઢી કહે કેમ તું ?
આ તારાં તનુજોતણું મનવિષે શું કાંઇ વાંકુ વસ્યું ?
જ્યારે હે જનની વિયોગ તુજનો આ બાળને બાળશે,
માતા તે સમયે પવિત્ર મનથી કે કોણ સંભાળશે ?
સેવા શુદ્ધ મને કરીશ મનમાં એવો હતો નિશ્ચય,
સાક્ષાત્ ઇશ્વર પૂજતાં જગતમાં પામે ન કોનો જય ?
આ પામી પદ આજ ઉત્તમ હવે તું ભાગ્યશાલી થઇ,
મારા અંતરની બધી મનવિષે આશા સમાઇ ગઈ.
તારો જે સુખરૂપ જીવ જનની તેતો સ્વધામે ગયો,
સેવા જો અમથી થઇ નહિ હવે તો જન્મ મિથ્યા થયો.

આ સંસાર વિષે દશા તનુજની થાશે હવે તે ખરી,
તું તારે સુખ પામજે પ્રયણુથી હૈયે ધરીને હરિ,
તું જાતાં જનની સદા સુખ ગયુ પ્રારબ્ધથી આ સમે,
ચારે કોર વિલોકતાં મનવિષે કાંઇ મને ના ગમે;
હું વાળીશ વિચારથી મન કદિ તોએ તમારી વહુ,
ખેદેયુકત સદાય કાલ મનમાં સંભારી રોશે બહુ,
બેઠી હત જો બાળકોપર કરી માયા ભલી ભાતથી,
તો સર્વે સુખમાં રહેત મનમાં માતા ભલી ભાતથી;
સેવા શ્રેષ્ટ કરી શકાત અમથી એ લાભ ભારે હતો,
ભૂલી જાત સદાયનો જનકનો જે શોક થાતો હતો.
તારાં આ તનુજોતણી જનનિ તું સર્વસ્વ સાચું હતી,
તે હાર્યો હરિ ! હાય હાય હમણાં તારી થતાં આ ગતિ:
ભાવિ ભાગ્યવિષે થનાર સઘળુ સર્વે પરાણે સહે,
ચિંતા લેશ કરીશમાં મનવિષે તું ત્યાં સુખેથી રહે.
આવે દુઃખ અપાર આજ અમને તો કલેશ પામીશમાં,
તારા અંતરથી સદૈવ કરજે તું એકતા ઇશમાં;
સ્વાર્થી સર્વ અમે સદૈવ રડશું તે સ્વાર્થસારૂં અરે,
દૈવાધીન દશાવિષે જગતમાં સંબંધ કે શું કરે ?
માતા આ મુજ ભાગ્યમાં ભવવિષે જેવું હતું માગણું,
તેવું આ ઘરમાં સદૈવ સુખમાં રે'વું થયું આપણું;
જ્યાં જા તું જનની સદૈવ સુખમાં ત્યાં તું ક્ષમા રાખજે,
માયા જે મનમાં હતી અમપરે તેવી સદા રાખજે.
તું પ્હોંચી શુભ ધામમાં વ્રતવડે ને ભકિતભાવે કરી,
માતા કાંઇ અમે નહિં કરિ કદિ કોડે કરી ચાકરી;
કયારે કયાં મળશું હવે પ્રભુપથી ? એનો નહિં નિશ્ચય,
હા હા નિર્દય દૈવ આમ અમથો શાને બને નિર્દય.
આ સંસાર અસાર ક્ષાર ન મળે શું શોક તેમાં કરૂં ?
ભાવિ ભાગ્યવિષે થનાર સમજી હુ ચિત વાળ્યા કરૂં;
દેહે આજ થઇ અદ્રસ્ય પણુ તું ચિત્તે રહે નિશ્ચલ,
આ તારા તનથી તજી જનનિ તું છુપી ન જાતી પલ,

માતા તાત પવિત્ર પુત્ર સઘળું અન્તે વૃથા થાયછે,
અજ્ઞાને અમથા જનો મનવિષે અત્યંત પીડાય છે;
ત્યારે અંતર રામ નામ ભજને શું શોક ઠાલો કરે ?
સાચ્યા ઇશ્વર એક અન્ય સઘળું છે સાવ ખોટું ખરે.
તત્ત્વોનું તન આ અહર્નિશ અહો જન્મે મરે તે જુવો,
આત્મા એક અખંડ જન્મ ન ધરે તે કેમ કયાંથી મુવો.
ખોટા ખેલવિષે ખરાબ થઇ શું આયુષ્ય ખાતે ખુવો ?
ચાલે આપણનું ન જે વિષયમાં તેમાં વૃથા શું રૂવો ?

પત્નીના મરણ પ્રસંગે લખાએલું પદ્ય.

वसंततिलका.

કયાં સાંભળું સરસ સદ્દગુણરૂપ વાણી ?
ખૂટી બધી કઠણ કેશવની કમાણી;
વિદ્યાવિનોદ રખડયો પણ સર્વ આમ.
રૂઠયા જગત્પતિ ચરાચરરૂપ રામ.
શો દીનતા-ચતુરતામય સુસ્વભાવ,
આવા અકાલ મરણે સહુનો અભાવ;
શું પ્રીતિ રીતિ પણ અદ્દભુત કાંઈ તેવી,
જોવા નથી જગતમાં હરિ હાય જેવી.

शार्दूल.

મેલી કામ સમસ્ત મોહમયીનું આવ્યો ઉમંગે કરી,
સાજુ જો ન થવાય તો કદિ હવે જાવું નહીં ત્યાં ફરી;
પ્હોંચ્યો પાસ અને વિશેષ વધતો વ્યાધિ થયો અંગમાં,
તેમાં આખર અંત ચૌદ દિવસે આવ્યો મમોત્સંગમાં;
આમાંથી હમણાં થશે સુખ તને એવું હતો જાણતો,
ત્યાં તારા તનમાંહીથી પરગજુ પોઢી ગયા પ્રાણ તો;
હું મારા મનના વિચાર સઘળા કોને જઇને કહું ?
આ સંસારવિષે અરે રખડતો શી રીતથી હું રહું ?
આ તારા ધનધામનો મનથકી મેલી દઇ આદર,
સ્વામીને પ્રિયપુત્રિને પણ તજ્યાં આવી જતાં આખર;

જોડ્યું તેં જગદીશમાં મન હવે તું ભાગ્યશાલી થઇ,
મારી તો મનની બધી મનવિષે આશા સમાઈ ગઇ.
બેઠી જો હત પાંચ વર્ષ ભર તું ખાતાં પિતાં ખાટલે,
માની લેત સમસ્ત હું સુખ ખરું તો બુદ્ધિ કેરે બલે;
દેખાડી પણ દેત આ જગતમાં સદ્ધર્મનો દાખલો,
તૂટે આભ પછી અરે નરહરિ ! ક્યાંથી મળે થાંભલો !
સ્વર્ગે પુત્ર જઈ વસ્યો પ્રથમથી ત્હેને ગમ્યું ભેટવું ?
શું લાગ્યું સુખરૂપ સેવન સતી માતાપિતાનું થવું ?
ત્યાં ત્હારૂં મળવું સમગ્ર જનને સંતોષવાળું થયું,
મારૂં જે સુખ સર્વ આ જગતમાં તે તો લૂટાઇ ગયું.
ધર્મોના ઉપદેશની વિવિધ જે વાતો વિચારી હતી,
એ વાતો વચમાં રહી રખડતી ત્હારી થતાં આ ગતિ;
જન્મીને જનજાતિમાં વિધિવડે આયુષ્ય એળે ગયું,
ચિંતા લેશ કરીશ માં મનવિષે થાવું હતું તે થયું.
લેણાદેવી લલાટમાં પ્રથમથી જેવી લખાણી સખિ !
તેવાં આપણ બેય બાલપણથી દુઃખી થયાં કે સુખી;
ભારે આ ભવસાગરે રખડવા રાખ્યો મને એકલો,
મારી મોર મરી ગઇ, મનવિષે સંતોષ છે એટલો.
પાળ્યું છે મનમાંહિથી પરમ મેં જે એક પત્નીવ્રત,
જાયા જો હત જીવતી જગતમાં તો તો ખરૂં શોભત;
પ્હોંચે છે પરલોકમાં પ્રણયથી જે આપીએ પ્રેતને,
તો વૈરાગ્યવડે વિલાપ મનથી ત્યાં મોકલું છું તને.
મોંઘી મૂલ કરી શકાય ન કશું શું હું વધારે કહું,
નિશ્વાસે નયનો ભરી હૃદયમાં હા ! હું વિચારી રહું;
રે રે નિર્દય દૈવ ! આમ સહુને શું દુઃખ દીધાં કરે ?
શું સર્વે જનના વિનાવિનયથી નિશ્વાસ લીધાં કરે ?
શું સંસાર અસાર જોઇ નજરે સ્વર્ગે જવું સાંભર્યું ?
મારે કાજ નિવાસના સ્થલવિષે ત્યાં તેં સખિ શું કર્યું ?
તું તારા મનથી તરી પણ હવે આ અંગને તારજે,
જ્યાંસુધી ન મળું તને પ્રણયથી ત્યાંસુધિ સંભારજે.

લોકે લાજ ઘટે ન તે થકી હવે દેવાય સંબોધન,
આ સંસારવિષે વિચાર કરતાં તું તો અમારૂં ધન;
વૈરાગે મન હોય તોપણ કદિ ભૂલ્યો નહીં ભામિની,
ધર્માર્થે સુખરૂપ એક મુજને તું તો હતી કામની.
પુત્રીને તુજની પ્રતિકૃતિ ગણી પાળીશ પ્રેમે કરી,
એની આ ભવમાં હવે પ્રતિદિને થાશે દશા તે ખરી;
ધાર્યું આપણનું ન થાય પલમાં સૌની દશા પાટલે,
જોને આપણની દશા હરિ હવે આવી ગઇ આટલે.
પાળ્યો તેં નિજધર્મ મર્મ સમજી ચાલી વિચારે કરી,
તેથી તું શુભ ધામમાં વહી ગઇ એવી ખરી ખાતરી;
મારો ધર્મ અને વિચાર સઘળો તો ધૂળધાણી થયો,
હીરો હાથ ચડેલ તે નરહરિ હા હાય જાતો રહ્યો.
પીડાતી બહુ તું હતી પરવશે તારૂં હતું તે તન,
સંકોચ્યું નહિ તોય કોઇ વિષયે હુંથી કદી તેં મન;
છુટી તું બહુ દુઃખથી પણ અરે આયુષ્ય ઓછે ગઇ,
રીબાઇ બહુ રોગથી પ્રતિદિને એ વાત ભારે થઈ.
મારો ઇન્દ્રિયવર્ગ આ તનવિષે એ એમનો એમ છે,
બુદ્ધિ, પ્રાણ, વિચાર, શકિત, મમતા તે તેમનાં તેમ છે;
સારૂં કામ, સહાય, પિંડ પણ આ સબંધ તે તેજ છે,
જાતાં એકજ અંગ હા નરહરિ તે સર્વ નિસ્તેજ છે.
જ્ઞાનીમાં નહિ હું અને પ્રથમથી અજ્ઞાનિઓમાં નહીં,
આ સંસારથકી બહાર નહિ ને સંસારમાંહી નહીં;
આથી જેમ થવું ઘટે મનવિષે તેવું થયે જાય છે,
જાણી હું ન શકું જરાય જુગતે જે અંતરે થાય છે.
કાંતો સિદ્ધ દશા શરીર મનમાં અદ્ભુત આવી હત,
કાં પામ્યો હત મૂર્ખતા મનવિષે તો શોક શાનો હત;
લોકોના કરતાં વિચિત્ર મુજનો છે પંથ ન્યારો નકી,
સર્વે વાત વિચારતાં મનવિષે ચિંતા થવાની વકી.
દીધું છે બહુ દુઃખ હે નરહરે એ જીવને તેં ઘણું,
તેમાં કારણરૂપ છેવટ વિધાતા કર્મને હું ગણું;
માગું છું પણ હે હવે નરહરે ત્યાં તો સુખી રાખજે,
તેના તે તનથી થએલ સઘળા જે વાંક તે સાંખજે.

જોયો સાર અસાર આ જગતનો શું શોક તેમાં કરૂં ?
વૈરાગ્યે મનને અહર્નિશ સખિ હું રોજ વાળ્યા કરૂં;
દ્રષ્ટિથી ગઇ દૂર જેમ મનમાંથી તેમ નાશી જજે,
રે'વું હોય કદાપિ વ્હાલિ મનમાં તો એક રૂપે થજે.
જન્મે તે સહુ જાય છે જગતમાં હું શોક શાને કરૂં ?
ભાવિભાગ્યથિ થનાર ન મટે દુઃખેથી શું ડરૂં ?
પહોંચાયું નહિ પૂર્ણ જે વિષયમાં સંતાપ તેનો થશે,
તે સંતાપ વિચારથી વિચરતાં રે કોઇ કાલે જશે
કોનાં પુત્ર કલત્ર કોઈ ન મળે છે ધુળના બાચકા,
અજ્ઞાની જન હોય તે જગતના ખોટા ખમે આચકા;
અંતે ઇશ્વિર એક તે વગર આ મિથ્યા બધું જાણવું,
ચાલે જ્યાં ન જરાય ત્યાં હૃદય શું ઓછું મને આણવું ?
થાશે કેમ કલત્ર પુત્ર સહુનું એવી ઉપાધિ ટળી.
બીજી વાત વિસારી બુદ્ધિ બમણી વૈરાગ્ય કોરે વળી;
સંબંધી જનની ઉપાધિ સઘળી સંબંધિઓ રાખશે,
તેનાં તે સુખ દુઃખ સર્વ મનમાં સંબંધિઓ સાંખશે,
તૂટયું બંધન આજ આ જબર જે ભારે હતું આ ભવે,
થાશે આત્મવિચાર એક મનથી હા હાશ હેતે હવે;
દેજો ઇશ્વર ભક્તિભાવ મુજને બીજું નથી માગતો,
ઉંઘ્યો હું બહુ હે હવે નરહરે તું રાખજે જાગતો.
આ એકાદશ ઇન્દ્રિઓ અવયવો ને સ્થૂલ જે દેહ છે,
જૂદો તે જડવર્ગથી સતત હું શો અન્ય સંદેહ છે;
હું તો શુદ્ધ સદૈવ એક રસ છું ને નિર્વિકારી અરે;
ત્યારે આ તનના વિકાર સઘળા કો'ને મને શું કરે ?
આત્મા એક અખંડ આ જગતમાં જે જીવરુપે રહે,
તેને સર્વ વિકારવાન મુખથી અજ્ઞાન લોકો કહે:
આવ્યું કોઇ નથી ગયું પણ નથી જે જેમનું તેમ છે.
દ્રષ્ટા એક અભિન્ન ચૈતન અહો તે તેમનું તેમ છે.

(૨)

(ઓધવજી સંદેશો કે'જો શ્યામને)—એ રાગ.

કેવો કોપ થયો આ કપટી કાલનો ?
એ બોલ્યાનો સમય ન આજ લગાર જો;

તું જાતાં હું છું પણ હોય હવે નથી,
શાને ઇશ્વર આપ્યો આ અવતાર જો ! કેવો૦
સદ્‌ગુણ તુંમાં બાલપણાથી શોભતા,
હૃદયથકી શી રીતે વિસરે આજજો;
હુંથી કાંઈ બની નહીં તારી ચાકરી,
પરવશતાનો કાઢું શું તેમાં વાંક જો; કેવો૦
આતે કેવી માયા ઇશ્વરની અરે ?
જેનો પાર પમાય ન હોય લગાર જો;
મોટા મોટા મોહવિષે બુડી મુવા,
મારા જેવાનો ત્યારે શો ભાર જો; કેવો૦
શું ઉપકારક ભગિનીને ભેળું થવા,
કે લેવા નિજ તનયતણી સંભાળજો;
માતા તાતતણી સેવા કરવી ગમી.
એથી શું મેલી ચાલી તત્કાલ જો: કેવો૦
" મારી માંદી મા ક્યાં છે લાવો મને-
ક્યાં તેડી જાશો તેની પાસ જો ? "
વ્હારી પુત્રી એવાં બોલ્યાં વેણુથી,
દેખું નજરે થાતાં નિત્ય ઉદાસ જો; કેવો૦
રાજી એને પણ શી રીતે રાખવી ?
શી રીતે તરવો સંસાર અસાર જો ?
જગતથકી વિપરીત વિચારો છે બધા,
એથી પણ અંતરમાં વાગે માર જો; કેવો૦
સમજણ વધતાં દુઃખ હૃદયમાં થાય છે.
જ્ઞાન વિચાર વળી વચમાં વિપરીત જો;
મોટા છોટા એમ મરણ પામી ગયા,
એવી અદ્‌ભુત હોય જગતની રીત જો; કેવો૦
માતપિતા કરતાં તું કાંઇ વધુ નથી,
પણ તારાથી જે જે ધર્મ પળાય જો;
તે તે ધર્મ હવે શી રીતે પાળવા,
પ્રેમ પરસ્પરનો પણ મિથ્યા થાય જો; કેવો૦

શું શોક કરૂં જન્મે તે સહુ જાય છે,
સરખા સઘળા શું રાજન શું રાંક જો;
આ સંસાર અસાર હૃદયમાં જાણતાં,
કોનો લેખું લિખિત વિષયમાં વાંક જો; કેવો૰
મમતા ને સમજણુથી મારૂં થાય છે,
કોનાં પુત્ર કલત્ર અને ધન ધામ જો;
ધુમાડાના અંતે સઘળા બાચકા,
તન યૌવન પણુ કાંઇ ન આવે કામ જો; કેવો૰
કોઇ નથી મરતું ને જન્મ ન કોઇનો,
આપણુના અંતરનો એ છે ભેદ જો;
પરિચય ને અજ્ઞાને પ્રાણીમાત્રને,
મનનું માન્યું જગત કરે છે કેદ જો; કેવો૰

શાસ્ત્રીજી શંકરલાલના પુત્ર મૂલશંકરના મૃત્યુવિષે.

શાર્દૂલવિક્રિડિત.

શાણા સદ્‌ગુરૂ પુત્ર તું નયનથી કયાં દૂર નાશી ગયો ?
લોભાવી અમને કરી રખડતાં કયાંનો નિવાસી થયો !
શું તારૂં વય શા વિચાર મનના શો લાભ લીધો હજી,
આ સંસાર અસારમાં સુજનને ચાલ્યો ગયો તું તજી.
વિદ્યાભ્યાસવિષે રહી સુજનની સાથે ન પુરો રમ્યો,
એવો બાલકવિ પ્રભાકર અરે તું ઉગતાં આથમ્યો;
પૂરા પૂજન પાઠ મંત્ર જપ તે સર્વે ગયું ફોકટ,
વૈદ્યોના ઉપચાર તે પણુ બધા મિથ્યા થયા છેવટ.
વિદ્યાભ્યાસ અપૂર્ણુ પૂર્ણ કરવા ક્યાં એકાએ તું ગયો,
મેલી સર્વ મમત્વ આ જગતનું કયાંનો પરોણો થયો;
આશા અંતરમાં હતી અધિક તે ઉડી ગઇ અંબરે,
તારો આજ વિયોગ અગ્નિ સરખો અત્યંત બાળ્યાં કરે.
તારી સુંદર આકૃતિ પ્રથમની પેઠે તરે આગળ;
તારા કોમલ બોલ માર્મિક બધા રે'તા નથી પાછળ;
તું જાણે લઇ પુસ્તકો કરવિષે વિદ્યાલયે જાય છે,
એનું એ સઘળું અરે હૃદયમાં પ્રત્યક્ષ દેખાય છે.

અંતે સ્વપ્નસમાન દર્શન બધું હાર્યાં અમે હાય રે.
હીરો હાથ ચડેલ દૈવ્યગતિથી પાછો વળ્યો જાય રે;
જ્યાં હો ત્યાં સુખ પામજે પરમ તું હે સત્પતિના ધન !
આ જંજાલ વિષે હવે જગતની રાખીશમાં તું મન.
તારો આમ વિયોગ પૂજ્ય જનને સ્વપ્ને ન થાવો ઘટે,
થાવાનું વિપરીત તે જગતમાં ક્યાં કોઈનાથી મટે;
અંધારૂં પ્રભુનેય ઘેર પણ તે દુર્ભાગ્યની વાત છે,
કાચી કોમળ કેળની પર અરે આ વજ્રનો પાત છે,
તું મોટો મરનાર અન્ય સઘળાં નાનાં હવે લેખવાં,
દુર્દૈવે ભયરૂપ સંકટ બધાં આ દ્રષ્ટિએ દેખવાં;
કાચું કોમલ વૃક્ષ કાલગજને કોપે કપાઈ ગયું,
તેજસ્વી કુલદીપ આજ ઠરતાં અત્યંત માઠું થયું।
રે રે દુષ્ટ કરાલ કાલ કપટી શું આ થયો નિર્દય ?
કાચા કોમલ ફૂલનો પલકમાં કીધો અકાલે લય ?
એના ભોગવનાર ભૃંગજનની શોકે દશા શી થશે,
તે તું નિષ્ઠુર કેમ આ જગતમાં જન્માવિના જાણશે ?
એની રાંક ગરીબ એક અબલા સામું ન જોયું હર,
એનાં માત પિતાતણાં ભજનને શું વિસર્યા શંકર;
ભોળા દીનદયાળ આજ અમને દિઙ્મૂઢ આપે કર્યાં,
અંતે બુદ્ધિ વિચાર ને બલ બધાં હા સર્વ વાતે હર્યાં;
રેવા બ્હેન મરી ગઇ પ્રથમ તું તે ભાગ્યશાલી ખરે,
કે જોવું ન પડયું તને જગતમાં આ પુત્રિનું દુઃખ રે;
તું જાણીશ હશે ખરે સુખવિષે મારી ભલી દીકરી;
દુર્દૈવે હતભાગ્યથી હરિ દશા આ કાલમાં શી કરી,
સ્નેહેથી મમતાવડે મનવિષે સંતાપ માતો નથી;
મિથ્યા સર્વ જણાય તોપણ અરે આ ખેદ જાતો નથી;
નિત્યાનિત્ય વિવેકથી નિરખતાં નિઃસાર સંસાર છે.
દૈવાધીન દશાવિશે જગત છે શો શોકમાં સાર છે.

દોહરા.

વાત વિસારે પાડવી, બીજો નથી ઉપાય;
ધૂમાડાના બાચકા ભરવાથી શું થાય ?

ભાવિ ભવે મટતું નથી, અનુભવની છે વાત;
સમર્થ પણ નહીં તો પછી, શામાટે પસ્તાત ?
જન્મ-મરણ યશ અપયશો, છે વિધિને આધીન;
સહન બધું કરવું પડે, પણ ન થવું તલ્લીન.
જગત નાટ્યશાળા જુવો, પાત્રવર્ગ છે લોક;
વેશ બધાય ભજાવવા, ત્યાં શું કરીએ શોક ?
કેશવ હરિને હાથ છે, હર્ષશોકનો ખેલ;
વિનય વિવેક વિચારથી, મન ચિંતાને મેલ.

विश्वनाथशास्त्री मांडवीवाळाना मरणप्रसंगे.

शार्दूलविक्रिडित.

સૌજન્યાર્જવ સિંધુ સદ્‌ગુણ ઘણા જેમાં હતા શોભતા,
સાચા વસ્તુવિચારથી સતત જે આનંદ લેતા હતા;
પોતે નિત્ય પરોપકાર મનમાં કર્તવ્ય પ્હેલું ગણે,
વિદ્યાસાગર વિશ્વનાથ નૃમણિ ખોયો ખરે આપણે.
પૂર્ણબ્રહ્મ વિચારમાં પ્રથમથી જે પ્રીતિવાળા હતા,
સંસાર-વ્યવહારમાં પ્રથમથી જે નીતિવાળા હતા;
પામ્યા આદર દેશકાલ સમજી જે દેહને ડાંપણે,
જાતાં એ નરરત્ન અંતર તણી પાણી પડે પાંપણે.
પ્રેમી પૂર્ણ પવિત્ર મિત્ર સહુના નેહી વિદેહી વડા,
જેના સદ્‌ગુણ સર્વ એક મનથી લોકો વખાણે ઘણા;
તેનો હાય વિયોગ આજ વશમો આવ્યો અકાલે અરે,
કર્માધીન બધાં જનો જગતમાં ત્યારે કહો શું કરે.

उपजाति

વિચિત્રતા વિશ્વવિષે નિહાળું, ભવે બધું ભૂલ ભરેલ ભાળું;
ન બોલવાનો અવકાશ લેશ, બન્યો નવો નાટકખેલ બેશ.

चर्पटपञ्जरिकानुं भाषान्तर.

हरिगीत.

ગોવિંદને ગોવિંદને ગોવિંદને ભજ મૂઢ રે;
આવ્યું કદી તુજ મરણ તો डुकृञ् નહીં રક્ષા કરે;

કર્તવ્ય કેમ વિસાર તું પલની ખબર પડશે નહીં,
મોંઘો સમય સમજ્યાવિના સુખ લેશ પણ જડશે નહીં;
ભજ ભજ ભલા ગોવિંદને આ કાલ મિથ્યા જાય છે,
આવે અચાનક મોત તો ભણતરવડે શું થાય છે ? ગોવિંદને૦
રાચી રહે છે રમતમાં બાલક અવસ્થા જ્યાંસુધી.
તરુણીવિષે તાકી રહે તું તરુણ રે'છે, ત્યાંસુધી;
ઘડપણવિષે ઘેરાય પણ ચિંતા સદૈવ કર્યા કરે,
પણ કોઇપણ ભગવાન પરમ બ્રહ્મને ન મને ધરે. ગોવિંદને૦
માથે પળી આવી પહોંચ્યાં અંગ અરર ગળી ગયું,
તેમાં વળી મુખ મૂર્ખ તારૂં દાંતવગર મળી ગયું;
ઘડપણવડે તું લાકડીનો ઓથ આપે અંગને,
તોપણ અરે તૃષ્ણાતણા તું તજ ન કેમ તરંગને. ગોવિંદને૦
ફરી ફરી જનમ ધરવો પડેછે મરણ થાય ફરી ફરી,
ફરી ફરી જનેતાના જઠરમાં શયન થાય અરે હરિ !
નિઃસાર આ સંસાર પારાવાર દુસ્તર માંહિથી,
લાવી દયા અંતરવિષે ઉદ્ધાર કરજો આંહીથી ગોવિંદને૦
દિન રાત સાંજ સવાર વારંવાર વીતી જાયછે,
હેમંત શિશિર વસંતનાં આવાગમન પણ થાય છે;
ક્રીડા કરેછે કાલ આયુષ નિત્ય ઓછું થાયછે,
તોપણ અરે આશા પવનમાં તું તણાતો જાય છે. ગોવિંદને૦
માથે જટા કે સાવ મુંડન કેશ લુંચન પણ કરે,
ભગવો બનાવી ભેખ વિવિધ પ્રકારના વેશો ધરે;
આંખો છતાં દેખે નહીં આ અંધ એવો લોક છે,
બહુ રૂપ રાખે પેટમાટે એજ અમને શોક છે. ગોવિંદને૦
વય વીતતાં તો નામ કામવિકારનું ન રહે નકી,
કાસાર કોઈ કહે ન જાલ સુકાઈ જતાં તે થકી;
નિર્ધન થયા તો તો પછી પરિવાર કોનાં છે અહીં ?
જાણ્યું જરૂર જો તત્ત્વ તો સંસાર સાગર છે નહીં. ગોવિંદને૦
આગળ બળે છે અગ્નિ પાછળ સૂર્યનો તડકો પડે,
ટાઢે વળેછે ટુંટિઆં રાતે ન ઓઢણ પણ જડે;
જમવા ન ઠામ મળે અને સૂવું સદા તરૂને તળે

તો પણ ન છોડો છેક આશાપાશ આપણુને પળે. ગોવિંદને૦
જાતે સમર્થ રહીશ તું ધન લાવવામાં જ્યાંસુધી
પરિવાર પણ તારો અરે અનુરક્ત રે'શે ત્યાંસુધી,
તન શિથિલ સાવ થઇ જશે ઘડપણવડે ઘેરાઇને
ઘરમાં પછી તો કોઈ પણ નહિ ભાવ પૂછે ભાઇને; ગોવિંદને૦
કંથા કરી તેં ચોવટાનાં ચીથરાં ભેળાં કરી,
શું પુણ્ય કે શું પાપની પણ વાટ તેં કીધી પરી;
તે તું નથી ને હું નથી ને લોક પણ આ છે નહીં,
છે આમ તેમ છતાં વૃથા તું શોક કેમ તજે નહીં ? ગોવિંદને૦
કરનાર મિથ્યા મોહનો આવેશ જે સહુ કોઇને,
એવાં અરે નારીતણાં સ્તન જઘન નયને જોઇને;
એ અવયવો તો માંસ મજ્જાના બનેલ વિકાર છે,
મનમાંહી વારંવાર એમ વિચાર કર તે સાર છે. ગોવિંદને૦
ગાવાં મુખે ગીતા, ગમાર! હજાર હરિના નામને,
ધરવાં સદા અંતર વિષે લક્ષ્મીરમણ નિજ રામને,
મેલી મનોરથ સર્વ મનને વાળવું સંતોષમાં,
દેવું દયાથી દીનને ધન આદિ દાન ઉમંગમાં. ગોવિંદને૦
ભગવાનના ગુણ રૂપ ગિતા નિત્ય ગાય લગાર જે,
ગંભાર ગંગાજલ જરા પ્રણયે થકી પીનાર જે;
નિજ આત્મરૂપ મુરારિની સેવા કરે સુખરૂપ જે.
એના વિષે યમરાજને અવળો ન અંકુર ઉપજે. ગોવિંદને૦
આ કાલમાં હું કોણ ને તું કોણ આવ્યો કયાં થકી ?
મારાં અરે માતા પિતા છે કોણ કયાં જાવું નકી ?
મેલી દઈ સોણાસમાન સદૈવ સર્વ વિચારને,
એ રીતથી તું જાણ સર્વ અસાર આ સંસારને. ગોવિંદને૦
વસવું સદા સુખરુપ ગંગા તીરના તરૂવર તળે,
સુવું ધરાપર પ્હેરવા મૃગચર્મ મન ગમતાં મળે;
તજવા પારગ્રહભોગ સુખ વૈરાગ્યથી મનકું મરે,
એવી સ્થિતિ પ્રતિદિવસ અંતરમાં ન સુખ કોને કરે ગોવિંદને૦
કયાં કોણ તારી કામની ને કોણ તારો પુત્ર છે ?
સંસારના સંબંધની વાતો વિશેષ વિચિત્ર છે;

કોનો અને તું કોણ આવ્યો કયાં થકી નર ટેકથી.
એ તત્ત્વનો સુવિચાર કર મનમાંહિ ભાઇ વિવેકથી. ગોવિંદને૦

नीतिसंबंधी परचुरण श्लोकोनुं भाषान्तर.

आशिर्वाद · मंगलाचरण.

शार्दूल.

મૂકયે દાઢવિષે રહેલિ વસુધા તે કયાંહિ નાશી જશે,
રોકયે કુક્ષિવિષે જગત્રય વળી તે ક્ષોભને પામશે;
એવા તર્કવડે બહુ મતિ મુંઝાવાથી ગળે લોટતા,
શ્વાસો તે તમને વરાહવપુના રક્ષા કરો સર્વદા.

भाषण शुं ?

हरिगीत.

અ'વર્યનું ભૂષણ સુજનતા વશ્ય વાણી શૌર્યનું,
ઉપરામ જ્ઞાનનું વિનય શ્રુતનું દાન પાત્રે દ્રવ્યનું;
અક્રોધ તપનું ક્ષમા પ્રભનું નિષ્કપટતા ધર્મનું,
પણ આ પરમ કારણ અને ભૂષણ શિયલ છે સર્વનું.

सत्संगतिविषे.

हरिगीत.

કુમતિ કરે છે દૂર મન નિર્મલ કરે સંસારમાં,
પૂર્વે કરેલાં પાપને પી જાય છે પલવારમાં;
આ ભૂતપ્રાણીમાત્રમાં કરુણા કરાવે છે અતિ,
કોને કહો કલ્યાણ શું કરતી નથી સત્સંગતિ ?

आत्मघातक कोण ?

अनुष्टुप.

પામી ઉત્તમ જે જન્મ, સર્વાંગે પૂર્ણ હોય જે;
ન જાણે નિજનું શ્રેય, આત્મઘાતક છેજ તે.

एकमां बीजानो अन्तर्भाव.

मनहर.

લોભ હોય તો અધિક દુર્ગુણ થકિ શું છે ?
પાતકથી શું વધારે પિશુનતા હોય તો !
સત્ય હોય તો પછીથી તપથી અધિક શું છે ?
તીર્થવડે શું અધિક શુદ્ધ મન હોય તો ?
સુજનતા હોય તો શું ગુણથી અધિક વળી ?
શું આભૂષણોથી વળી સુમહિમા હોય તો ?
સારી વિદ્યા હોય તો અધિક શું છે ધનવડે ?
મોતથકી શું અધિક અપયશ હોય તો ?

जन्मस्थानथी नहीं पण गुणथीज प्रसिद्धि थायछे.

કીડાથી કોશેય તેમ પથ્થરથી સોનું થાય,
દ્રોખડ ગાયનો રોમથકી સંભળાય છે;
કર્દમથકી કમલ ઉદધિથકી શશાંક,
નીલ કમલો તો વળી ગોમયથી થાય છે;
કાષ્ટથી અનલમણિ નાગની ફણાથી થાય,
ગોરોચન ગાયતણાં પિત્તથી કરાય છે;
જનમથકી ન કદિ વખણાય ગુણિજનો,
નિજગુણના ઉદયથી પ્રસિદ્ધ થાય છે.

शुद्ध कोण ?

उपजाति.

શમાદિથી અંતર શુદ્ધ જેનું, સદ્ભાષણોથી મુખ શુદ્ધ જેનું;
જે બ્રહ્મચર્યાદિથી શુદ્ધ કામ, ગંગાવિના તે નર શુદ્ધ ધામ.

उदयास्त.

आर्या.

કાપેલ વૃક્ષ ઉગે, ક્ષીણચંદ્ર પણ વળી વધે લોકે;
સંતો એમ વિચારી, તપે ન આ લોકમાં શોકે,

સાધુતાનો સ્વભાવ.

અનુષ્ટુપ.

દયા કરે સાધુજનો, નિર્ગુણી પ્રાણીની પર;
ન ચોરે ચાંદની ચંદ્ર, હોય ચાંડાલનું ઘર.

સંગ્રહ કરવાવિષે.

અનુષ્ટુપ.

પરલોકવિષે થાવા, સહાય અહીંથી જતાં;
સર્વ ભૂતપ્રાણિઓને, કોઇ રીતે ન પીડતાં.
થોડે થોડે મૃતિકાનો, કીડીઓ રાફડો કરે;
તેવીજ રીતિથી ધર્મ, ધીરે ધીરેજ સંઘરે.

સાધુ પુરુષોનો સ્વભાવ.

અનુષ્ટુપ.

ચિત્તમાં હોય તે બોલે, બોલે તેવી ક્રિયા કરે;
ચિત્ત વાણી ક્રિયામાંહી, સાધુઓ સમતા ધરે.

પરોપકારી સત્પુરુષોનો સ્વભાવ.

ઉપેન્દ્રવજ્રા.

ફલે ફળ્યાં વૃક્ષ નમી રહે ખરે, નવાંબુથી અંબુદ નમ્રતા ધરે;
ન ગર્વ લે સત્પુરુષો સમૃદ્ધિનો, સ્વભાવ છે એજ પરોપકારિનો.

મનુષ્યપશુ.

૧

ઉપજાતિ.

જેમાં ન વિદ્યા તપ ને ન દાન, ના સદ્‌ગુણોશીલ ન ધર્મ જ્ઞાન;
તે પૃથ્વીને કેવલ ભાર દેછે, મનુષ્યરૂપે પશુઓ ફરેછે.

૨

ઇન્દ્રવજ્રા.

સાહિત્ય સંગીત કલાવિહીન, સાક્ષાત્પશુ પુચ્છવિષાણહીન;
જીવે ન ખાએ પ્રિય ઘાસ તે તો, પશુતણું એ શુભ ભાગ્ય છે જો.

મેઘને વિનતિ.

अनुष्टुप.

આધારછો બપૈયાનો, નથી તે કોણ જાણતું ?
અમારાં દીન વાકયોની, વાટ જો કેમ મેઘ તું ?

બુદ્ધિવાનની બે સ્થિતિ.

अनुष्टुप.

પુષ્પના વૃંદની પેઠે, બે સ્થિતિ બુદ્ધિવાનની;
સર્વ લોક તણે માથે રહે કાં વિખરે વને.

શાન્ત કોણ ?

યૌવને શાન્ત તે શાન્ત, એવી છે મુજની મતિ;
સર્વ ધાતુક્ષય થયે, કોણ શાન્ત થતું નથી ?

એકમાં બીજાની શ્રેષ્ઠતાનો અન્તર્ભાવ.

गीति.

ક્ષાંતિ સમાન નથી તપ, તૃપ્તિતુલ્ય સુખ સંયમ નથી અન્ય;
તૃષ્ણાદિથી નહીં બીજો રોગ, દયાથી નથી ધર્મ અન્ય.

સંયમવિષે.

अनुष्टुप.

રહે વિનયમાં જેને, મનવાણી નિરંતર;
તપ ત્યાગ અને સત્ય, પામે પરમ તે નર,

સર્વ વસ્તુ યોગ્યતાથી શોભે છે.

अनुष्टुप.

શોભે વિદ્યાવડે વિપ્રો, ક્ષત્રિઓ વિજયશ્રિથી;
શ્રી શોભે પાત્રને આપ્યે, નારી કુલિન લાજથી.

સંતોષ તેમજ અસંતોષ શેમાં શેમાં જોઈએ.

अनुष्टुप.

સ્વદારે ભોજને દ્રવ્યે, સંતોષ ત્રણમાં કરો;
તપે અધ્યયને દાને, એ ત્રણે ન કદિ કરો.

धर्मनां आठ स्वरूप.

ઇજ્યા પઠન ને દાન, ધૈર્ય સત્ય તપઃ ક્ષમા;
અલોભ એ પ્રકારે આ, ધર્મ આઠ પ્રકારનો.

मंगळवाणी.

शालिनी.

અર્થી આપે દ્રવ્યને જે વધારે, કીર્તિ આપે પાપને જે નિવારે;
એવી ધેનુ ને વળી સત્ય વાણી, તેને ધીશ માનુ હું મંગળોની.

अन्योक्ति.

वसंततिलका.

છે સર્વ ગંધ થકી શુદ્ધ સુગંધ એવો,
કસ્તુરિ ગર્વ મનમાં ન જરાય લેવો;
સંતાય તોય ગિરિકંદરમાંહિ મારે,
તું તાહરા જનકને નિજ ગંધ સારે.

प्रासंगिक उद्गार.

आर्या.

સ્ત્રી સ્વાધીન છતાં પણ, લંપટ પરનારીમાં નીચ થાએ;
ભર્યું તળાવ ભલે પણ, કાક કુંભનું પાણી પીએ.

संपूर्ति.

दोहरा.

માનવ જાણે હું કરૂં, કરતલ બીજો કોય;
આરંભ્યું અધવચ રહે, હરિ કરે સો હોય.
લાખ ઉપાય કરોડમતિ, કરી જુવોને જોય;
આરંભ્યું અધવચ રહે. હરિ કરે સો હોય.

વિભાગ ૬ ઠો સમાપ્ત.

संपूर्णम्